ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા રવિવાર, તા. ૯-૭-૧૯૯૫ના રોજ સવારના ૧૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એન. વી. વસાણીએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૯-૭-૧૯૯૫
૧.	પ્રો. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. ચંદ્રકાંત એચ. મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	પ્રિ. એન. વી. રાવલ	હાજર
૭.	શ્રી. નરહરિભાઈ અમીન	હાજર
૮.	શ્રી. જગદીશભાઈ બી. ભાવસાર	હાજર
૯.	શ્રી. અરવિંદ શાહ	હાજર
૧૦.	ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૧૧.	પ્રો. વાય. ડી. વ્યાસ	હાજર
૧૨.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૩.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૪.	આચાર્ય દર્શનસિંગ મુસ્તાકસિંગ શીખ	હાજર
૧૫.	પ્રો. એન. કે. પાઠક	હાજર
૧૬.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૭.	ડૉ. આર. કે. પટેલ	હાજર
૧૮.	શ્રી. દેવેન્દ્રસિંહ બી. સોલંકી	હાજર
૧૯.	શ્રી. સુધીરભાઈ ઇન્દ્રવદન નાણાવટી	હાજર

૧. તા. ૪-૨-૧૯૯૫ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૪-૨-૧૯૯૫ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવામાં આવી :

બા.ક. ૪૪ના પરિશિષ્ટ 'ત' માં બી.એડ. ૧ અને એમ.એડ. પરીક્ષાના જે દરો ક્રમાંક ૧ થી ૬માં આપેલા છે તે પૈકી ક્રમાંક ૫ Honorarium for an Associate Examiner at B.Ed. Rs. 50-00 છે તે ૨૬ ગણી ક્રમાંક નં. ૬ને ક્રમાંક ૫ તરીકે ગણત્રીમાં લેવો.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨ (૧). નીચે દર્શાવેલ કૉલેજનું તેના નામ સામે દર્શાવેલ વિષય અને મુદ્દત માટેનું જાહેરનામું બહાર પાડ્યાનું :

[૧] એસ. વી. કૉમર્સ કૉલેજ, અમદાવાદ બી.કૉમ.(ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સના તા. ૧૫-૬-૧૯૯૪થી કાયમી

[૨] આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભાદરણ બી.કૉમ. (મુખ્ય)માં એડ.એકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ) એસ.પી. કૉમ્પ્યુટર સાયન્સ તા. ૧૫-૬-૧૯૯૪થી કાયમી

[૩] આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડા બી.એ. (ગૌણ) તત્ત્વજ્ઞાનમાં તા. ૧૫-૬-૧૯૯૫ થી કાયમી અને બી.એ.(ગૌણ) અંગ્રેજી તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધી.

૨ (૨). રાજ્ય સરકારશ્રી દ્વારા સંચાલિત ઇજનેરી કૉલેજ, ભૂજની જૂન, ૧૯૯૪થી નવું જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન સદરહુ સંસ્થાએ કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૪થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધીનું જોડાણનું જાહેરનામું તદર્થ ધોરણે બહાર પાડ્યાનું;

૨ (૩). જૂન, ૧૯૯૨, ૧૯૯૩ અને ૧૯૯૪થી ચાલુ જોડાણ માટે જુદી-જુદી કૉલેજો તરફથી આવેલી અરજીઓ પરત્વે (શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ) જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨ (૪). વાય. એસ. આર્ટ્સ ઍન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાની જૂન, ૧૯૯૪થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, હિંદી અને સંસ્કૃતના વિષયો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૪થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધીનું ચાલુ (તદર્થ ધોરણે) જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨ (૫). લૉ કૉલેજ, ગોધરાની જૂન, ૧૯૯૪થી ડિપ્લોમા ઇન લેબર લૉઝ ઍન્ડ પ્રેક્ટિસનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૪થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધીનું એડહોક ધોરણે જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨ (૬). શ્રી. ટી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલીની જૂન, ૧૯૯૪થી બી.એ. (પ્રિન્સિ.)માં હિંદીનો વિષય શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૪થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધીનું વધારાનું એડહોક ધોરણે જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨ (૭). સરદાર વલ્લભભાઈ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદની જૂન, ૧૯૯૪થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૪થી કાયમી જોડાણ માટેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨ (૮). જૂન,૧૯૯૫થી આ સાથે સામેલ યાદી મુજબની કૉલેજોમાં ચાલુ-વધારાના વિષયો શીખવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ અનુસાર સમયમર્યાદામાં-સમયમર્યાદા બાદ આવી છે પરંતુ શિક્ષણના સાતત્ય-વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસ-સમિતિ નીમ્યાનું;

૨ (૯). જૂન, ૧૯૯૫થી નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદ તરફથી અમદાવાદ ખાતે ઇજનેરી વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે જોડાણ મેળવવા માટેની જોડાણ અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩માં નિયત કરેલ સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ શિક્ષણના વિસ્તરણની દૃષ્ટિએ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર કુલપતિશ્રીએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨ (૧૦). અનુસ્નાતક મેડિકલના પ્રવેશના નિયમ નં. ૭-૧(૪) અંગે ડૉ. સબીયાસચી બેનર્જી અને બીજાઓએ ગુજરાતની વડી અદાલતમાં રિટ પિટિશન નં. ૨૩૪૫-૯૫થી દાદ માગેલ છે તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ રોક્યાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨ (૧૧). એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદમાં એમ.ફિલ. કક્ષાએ એકાઉન્ટન્સી તથા બિઝનેસ મૅનેજમેન્ટ વિષયનું શિક્ષણકાર્ય શરૂ કરવા નિમાયેલ સમિતિની તા. ૧૮-૪-૧૯૯૫ની ભલામણ અનુસાર કુલપતિશ્રીએ જૂન, ૧૯૯૫થી આ કૉલેજમાં બે વર્ષ માટે એમ.ફિલ. કક્ષાએ શિક્ષણકાર્ય શરૂ કરવાની મંજૂરી આપ્યાનું;

૨ (૧૨). કુ. ટ્વિન્કલ ટી. સોલંકી તરફથી પ્રથમ વર્ષ એમ.બી.,બી.એસ.માં અનામત જગ્યા પર પ્રવેશ સંબંધી હાઇકોર્ટમાં રિટ પિટિશન સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નંબર-૧૦૯૦૫- ૧૯૯૪ દાખલ થયેલી તે અંગે યુનિવર્સિટીના વકીલ રોક્યાનું અને તે અંગે થયેલ આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨ (૧૩). એપ્રિલ, ૧૯૯૪માં લેવાયેલ એમ.કૉમ. ભાગ-૨ પરીક્ષાના વિદ્યાર્થી બેઠક નંબર- ૭૩૫ શ્રી. રાણા ભૂપેન્દ્રસિંહ છત્રસિંહે નામદાર હાઇકોર્ટમાં સ્પે. રિટ-પિટિશન એપ્લિકેશન-૧૩૧-ઑફ ૧૯૯૫ કરેલ હોઈ તે અંગે યુનિવર્સિટી વતી એડવોકેટશ્રીને રોક્યાનું અને તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨ (૧૪). એપ્રિલ, ૧૯૯૩માં લેવાયેલ આ યુનિવર્સિટીની પરીક્ષાના સેકન્ડ બી.એ.ના વિદ્યાર્થી બેઠક નં. ૪૬૦૩એ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સ્પે. સિવિલ એપ્લિકેશન-૧૪૩૭૭-૯૩થી કરતાં યુનિવર્સિટી તરફથી એડવોકેટને રોક્યાના અને તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨ (૧૫). એપ્રિલ, ૧૯૯૪માં લેવાયેલ આ યુનિવર્સિટી પરીક્ષાના સેકન્ડ બી.એસસી.ના વિદ્યાર્થી બેઠક નં. ૩૭૬૮એ ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલ સ્પે. સિવિલ એપ્લિ. નં. ૯૪૮-૯૫થી કરતાં યુનિવર્સિટી તરફથી એડવોકેટને રોક્યાના અને તે અંગેના આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાના;

૨ (૧૬). એપ્રિલ, ૧૯૯૪માં લેવાયેલી ફર્સ્ટ એલએલ.બી.ની પરીક્ષામાં બેઠક નં. ૧૭૩૦થી બેઠેલા વિદ્યાર્થી શ્રી. શૈલુ જોને વેરિફિકેશન-ગુણચકાસણીના સંદર્ભમાં ગુજરાત હાઇકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિ. નં. ૧૦૨૦૨ કરતાં તે અંગે યુનિવર્સિટી દ્વારા એડવોકેટ રોક્યાનું તથા તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨ (૧૭). યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનના ક્લાર્ક-કમ-લેબ આસિ. તરીકે ફરજ બજાવતાં શ્રી. સ્નેહલ એ. શાહે કરેલ ટ્રિબ્યુનલના કેસ માટે કરેલ અરજીના અનુસંધાનમાં યુનિવર્સિટીવતી એડવોકેટ રોક્યાનું તથા તેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨ (૧૮). આ યુનિવર્સિટીના એજ્યુકેશનલ મિડિયા રિસર્ચ સેન્ટરના કાયમી હેલ્પર શ્રી. ગોવિંદસિંહ જે. સિસોદિયાએ તેઓના રૂ. ૭૫૦-૯૪૦ના પગારધોરણને બદલે રૂ. ૯૫૦-૧૫૦૦નું પગારધોરણ

આપવા માટે કરેલ ટ્રિબ્યુનલના કેસ માટે યુનિવર્સિટીવતી વકીલ રોક્યાનું તથા તેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૨ (૧૯). ખંડ સમયના રિસર્ચ એસોસિયેટ્સના વેતનના દરમાં તા. ૧-૪-૧૯૯૪થી વધારો સૂચવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧-૧૨-૧૯૯૪ના પરિપત્રનો સ્વીકાર કર્યાનું;

૨ (૨૦). રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક-વલભ-૧૧૯૫-૩૫૧-જ-તા. ૧૭-૪-૧૯૯૫ મુજબ તા. ૧-૧-૧૯૯૫થી મોંઘવારી ભથ્થાના દરમાં થયેલ વધારાનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓ, યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને, માન્ય સંસ્થાના તેમ જ લૉ કૉલેજોના કર્મચારીઓને આપ્યાનું;

૨ (૨૧). રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક-NVT-૧૧૯૪/GOI/૧૨/PI તા. ૧૯-૮-૧૯૯૪ મુજબ તા. ૧૬-૯-૧૯૯૩ કે ત્યારબાદ નિવૃત્ત થતા કર્મચારીઓની ગ્રેચ્યુઇટીની ગણતરીમાં મલતા, પગારના ૨૦% રકમ ડિયરનેસ પે ગણી ગ્રેચ્યુઇટી આપવાનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપવાનું મંજૂર કર્યાનું;

૨ (૨૨). રજાપ્રવાસ યોજના (LTC) ૧૯૯૨-૯૫ના બ્લોકનું રોકડમાં રૂપાંતર કરવા અંગેનો રાજ્ય સરકારનો ઠરાવ નં. મસભ-૨૧૯૫-૩૨૧-૪- તા. ૩૦-૩-૧૯૯૫નો સ્વીકાર કરી તેનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપ્યાનું;

૨ (૨૩). રાજ્ય સરકારના ઠરાવ ક્રમાંક-વલભ-૧૦૯૪-૧૨૨૦-જ- તા. ૧૩-૩-૧૯૯૫ અનુસાર તા. ૧-૭-૧૯૯૦થી તા. ૧-૭-૧૯૯૨ સુધીના મોંઘવારી ભથ્થાના હપ્તાઓ રૂ. ૩,૫૦૦થી વધુ પગાર મેળવતા કર્મચારીઓના ભવિષ્યનિધિ ખાતામાં જમા કરવાને બદલે તા. ૧-૩-૧૯૯૫થી એટલે માર્ચ, ૧૯૯૫ના પગારથી રોકડમાં ચૂકવવાનો સ્વીકાર કરી અમલ કર્યાનું;

૨ (૨૪). ૧૯૯૫-૯૬ના શૈક્ષણિક વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં બી.એડ.ના અભ્યાસક્રમોમાં જોડાવા માટેના બી.એડ. પ્રવેશ સમિતિએ પ્રવેશપાત્રતાનાં ધોરણો મંજૂર કર્યાનું;

૨ (૨૫). વર્ષ ૧૯૯૫-૯૭ના શૈક્ષણિક વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન (૧) એમ. એન. શુક્લ કૉલેજ ઑફ એજ્યુકેશન અને (૨) પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદમાં બી.એડ. (વૅકેશન) અભ્યાસક્રમમાં જોડાવા માટેના બી.એડ. પ્રવેશ સમિતિએ પ્રવેશ પાત્રતાનાં ધોરણો મંજૂર કર્યાનું;

૨ (૨૬). ઑર્ડિ. ૧૨૦-I અનુસાર એમ. એન. શુક્લ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદની જૂન, ૧૯૯૫થી અમદાવાદના શાહપુર વિસ્તારમાંથી થલતેજ વિસ્તાર ભાઈકાકા નગરમાં સ્થળાંતર કરવા માટે નિયુક્ત કરેલ સમિતિનો હેવાલ સ્વીકાર્યાનું અને તદનુસાર સ્થળાંતર માટે પરવાનગી આપ્યાનું;

૨ (૨૭). વર્ષ ૧૯૯૫-૯૭ના શૈક્ષણિક સત્રમાં બૅચેલર ઑફ એજ્યુકેશન (બી.એડ. વૅકેશન) અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીની શિક્ષણ વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજો પૈકી (૧) એમ. એન. શુક્લ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ અને (૨) પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદને કેન્દ્રીયકૃત ધોરણે પ્રવેશ આપવા શિક્ષણ વિદ્યાશાખાના અધ્યક્ષપણા હેઠળ પ્રવેશ સમિતિ નીમ્યાનું;

૨ (૨૮). વર્ષ ૧૯૯૫-૯૬ના શૈક્ષણિક સત્રમાં બૅચેલર ઑફ એજ્યુકેશનના અભ્યાસક્રમ માટે યુનિવર્સિટી-ની સંલગ્ન કૉલેજોમાં કેન્દ્રીયકૃત ધોરણે પ્રવેશ આપવા માટે કુલપતિશ્રીએ શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રીની અધ્યક્ષતા હેઠળ નીચે મુજબના સભ્યોની પ્રવેશ સમિતિ નીમ્યાનું :

૧. ડીનશ્રી, પ્રિ. નટુભાઈ વી. રાવલ, કન્વીનર, વૈદ્યશ્રી એમ. એમ. પટેલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
૨. ડૉ. વસંતભાઈ બી. દવે, સહકન્વીનર, વિવિકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૩. પ્રિ. લીલાબહેન કે. પટેલ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ
૪. પ્રિ. યશોમતીબહેન એફ. પટેલ, એમ. એન. કે. દલાલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ
૫. પ્રિ. બી. એમ. મોદી, પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૬. પ્રિ. યુ. બી. પાઠક, કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ (જિ. ખેડા)
૭. પ્રિ. રસિકભાઈ આર. દવે, એસ. ડી. શેઠિયા એજ્યુકેશન કૉલેજ, મુન્દ્રા (કચ્છ)
૮. પ્રિ. એ. એલ. પાઠક, એસ. ટી. ટી. કૉલેજ, ખેડા
૯. પ્રિ. અંજનીબહેન એ. મહેતા, એમ. એન. કોન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
૧૦. ડૉ. પી. આર. ભટ્ટ, આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, પાલડી, અમદાવાદ-૭
૧૧. પ્રા. જે. પી. પટેલ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.

૨ (૨૯). બી.એડ. વૅકેશન અભ્યાસક્રમ અંગેની સમિતિની ભલામણને અનુલક્ષીને (૧) પ્રકાશ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ; (૨) એમ. એન. શુક્લ એજ્યુકેશન કૉલેજ (વિશ્વભારતી) અમદાવાદને ૧૯૯૫થી ૧૯૯૭ સુધી બી.એડ. વૅકેશન અભ્યાસક્રમ શરૂ કરવા માટે મંજૂરી આપ્યાનું;

૨ (૩૦). એસ. એલ. યુ. આર્ટ્સ ઍન્ડ એચ. પી. ઠાકોર કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં શ્રીમતી પી. એમ. શાહને ટ્રિબ્યુનલના ચુકાદાને આધીન તા. ૨૭-૬-૧૯૮૪થી આચાર્ય તરીકે પશ્ચાદ્વર્તી માન્યતા આપ્યાનું;

૨ (૩૧). ઑર્ડિ. એમ.ફિલ. ૪(એ) નીચે મુજબ વંચાય તે રીતે સુધાર્યાનું :

"A candidate for being eligible for admission to M.Phil. Degree Course must have passed the Master's degree examination with 55% marks at first trial in the Faculties of Arts, Education, Science or Commerce of this University or an examination of any other University recognised as equivalent thereto."

૨ (૩૨). દસક્રોઈ તાલુકાના સિંગરવા ગામમાં ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કાર્યકારી પ્રેસ મૅનેજર શ્રી એસ. એચ. દેસાઈને પરવાનગી આપ્યાનું;

૨ (૩૩). ટેક્નોલોજી ઇન્કલુડિંગ એન્જિનિયરિંગ વિદ્યાશાખાના વિષયોમાં સંશોધન કરતા જુનિયર રિસર્ચ ફેલોના વેતનમાં તા. ૧-૪-૧૯૯૪થી સુધારો કરતા કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ, નવી દિલ્હીના તા. ૧૮-૧-૧૯૯૫ના પરિપત્રાંક ૧૩-૧-૯૪-ઇએમઆર-૧નો સ્વીકાર કર્યાનું;

૨ (૩૪). કૌલ વીણાબહેનનું માર્ચ-એપ્રિલ, ૧૯૯૪માં લેવાયેલ એમ.એ. ભાગ-૧નું પરિણામ રીએસેસમેન્ટમાં સુધરતાં એમ.એ. ભાગ-૨ (રેગ્યુલર)ના વર્ગમાં ખાસ કેસ તરીકે પ્રવેશ આપી પ્રથમ સત્રની તમામ અને બીજા સત્રની તા. ૧૨-૧-૧૯૯૫ સુધીની ખૂટતી હાજરી માફ કર્યાનું;

૨ (૩૫). વિદ્યાર્થી શ્રી ડાભી સૂર્યસિંહ લક્ષ્મણસિંહનું એપ્રિલ, ૧૯૯૪માં લેવાયેલ ટી.વાય.બી.એ. પરીક્ષાનું અનામત રખાયેલ પરિણામ તા. ૨૭-૯-૧૯૯૪ના જાહેરનામાથી જાહેર કરવામાં આવેલ હોઈ ખાસ કેસ તરીકે સદરહુ વિદ્યાર્થીની પ્રથમ વર્ષ લૉના મોન્સૂન સેમેસ્ટરની હાજરી માફ કર્યાનું;

૨ (૩૬). એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદમાં ફર્સ્ટ એલએલ.બી. વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી. પઠાણ સરતાજખાન ગુલાબખાનનું થર્ડ બી.કૉમ. પરીક્ષાનું પરિણામ પુનઃ મૂલ્યાંકનના કારણે સુધર્યું હોવાથી તેમનું ફર્સ્ટ એલએલ.બી.નું મોન્સૂન સેમેસ્ટર સત્ર ખાસ કેસ તરીકે મંજૂર કર્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ૨(૧)થી ૨(૩૬) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

(બા.ક. ૨(૩), ૨(૮), ૨(૨૧), ૨(૨૪), ૨(૨૫)નાં પરિશિષ્ટ ક/૧, ક/૨, ક/૩, ક/૪, ક/૫ તરીકે સામેલ છે.)

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક એફ-૯૧-૨/૯૫ (એસ.યુ.આઈ.) તા. ૧૦-૩-૧૯૯૫થી રૂ. ૩૮,૦૦,૦૦૦ (અંકે રૂપિયા આડત્રીસ લાખ પૂરા)નું ખાસ અનુદાન "for updating common laboratory facilities and infrastructure for scientific & technology departments" હેઠળ ઇક્વિપમેન્ટ (યુનિવર્સિટી લાઇબ્રેરી કૉમ્પ્યુટર સિસ્ટમ સહિત) ખરીદવા અંગે મંજૂર કરેલી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનનાં તા. ૧૦-૩-૧૯૯૫ના પત્રની સહર્ષ નોંધ લેવામાં આવી.

૪. ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફૉર ટેકનિકલ એજ્યુકેશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક ૧- ૭૮/સીડી-એસડીપી/૯૪-૯૫ તા. ૧૩-૩-૧૯૯૫થી તેઓની માન્ય સંસ્થાઓના શિક્ષકોનો ત્રણ અઠવાડિયાનો તાલીમ વર્ગ ઍકેડેમિક સ્ટાફ કૉલેજ મારફત યોજવા માટે રૂ. ૧,૪૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર પૂરા)નું અનુદાન મંજૂર કરેલું છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઑલ ઇન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન, ન્યૂ દિલ્હીના તા. ૧૩-૩-૧૯૯૫ના પત્રની સહર્ષ નોંધ લેવામાં આવી.

૫. ભારત સરકારશ્રીના પરમાણુ ઊર્જા વિભાગ, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક ડીએઇ/પી ઍન્ડ એઓ /એક/૪૮/૩/૯૫/૪૩૬ તા. ૮-૩-૧૯૯૫થી "Problem co-ordinator's camp for Western Region in the Mathematics department of Gujarat University, Ahmedabad" યોજવા અંગે રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)ની આર્થિક સહાય મંજૂર કરેલી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ભારત સરકારશ્રીના પરમાણુ ઊર્જા વિભાગ, ન્યૂ દિલ્હીના તા. ૮-૩-૧૯૯૫ના પત્રની સહર્ષ નોંધ લેવામાં આવી.

૬. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના તા. ૨૮-૧-૧૯૯૫ના પત્રોથી યુનિવર્સિટીના નીચેના નિવૃત્ત શિક્ષકોને માસિક રૂપિયા ૪,૦૦૦ના માનદ વેતન તેમ જ વાર્ષિક રૂ. ૨૦,૦૦૦ કન્ટિજન્સીની આર્થિક સહાયથી બે વર્ષની મુદત માટે ઇમેરિટ્સ ફેલોશિપ એવોર્ડ (મંજૂર) થયેલી છે, તેની નોંધ લેવા બાબત :

(૧) પ્રો. પી. એમ. મજમુદાર, નિવૃત્ત, પ્રોફેસર ઇન લેબર વેલફેર

(૨) પ્રો. ટી. એસ. નાન્દી, નિવૃત્ત, પ્રોફેસર ઇન સંસ્કૃત

(૩) પ્રો. એસ. ડી. વર્મા, નિવૃત્ત, પ્રોફેસર ઇન ફિઝિક્સ.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના તા. ૨૮-૧-૧૯૯૫ના પત્રોની સહર્ષ નોંધ લેવામાં આવી.

૭. નેશનલ બોર્ડ ઑફ એક્રિડેશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક એનબીએ : ૬૬૨-૧-૯૪ તા. ૧૬-૩-૧૯૯૫થી "Accredition Awareness" અંગે સેમિનાર યોજવા માટે રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર)ની આર્થિક સહાય મંજૂર કરેલી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નેશનલ બોર્ડ ઑફ એક્રિડેશન, ન્યૂ દિલ્હીના તા. ૧૬-૩-૧૯૯૫ના પત્રની સહર્ષ નોંધ લેવામાં આવી.

૮. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચશિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફથી આવેલા તા. ૮-૫-૧૯૯૫ના પત્રાંક ઉબક:ડી:પી:વ:૯૫-૯૬:ક-૧- ૬૪૮૯-૬૭૬૯ અન્વયે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન અને શિક્ષણની સંલગ્ન કૉલેજોમાં બિનશૈક્ષણિક જગ્યાઓ તા. ૩૦-૬-૧૯૯૫ સુધી ચાલુ રાખવા આવેલ પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરીના તા. ૮-૫-૧૯૯૫ના પત્રની સહર્ષ નોંધ લેવામાં આવી.

૯. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી ગુજરાત રાજ્ય તરફથી આવેલ તા. ૮-૫-૧૯૯૫ના પત્રાંક ઉબક:ડીપી:વ:૯૫-૯૬:ક-૧ ૬૬૭૦-૭૦૫૯માં દર્શાવ્યા અનુસાર સંલગ્ન બિનસરકારી ગ્રાન્ટપાત્ર આર્ટ્સ-કૉમર્સ, સાયન્સ અને લૉ કૉલેજોમાં જૂન, ૧૯૯૨થી નવા વર્ગો શરૂ કરવાના કારણે જે શૈક્ષણિક જગ્યાઓ તા. ૩૦-૪-૧૯૯૫ સુધી ચાલુ રાખવામાં આવી હતી તે જગ્યાઓ તા. ૩૦-૯-૧૯૯૫ સુધી કેટલીક શરતોને આધીન ચાલુ રાખવા અંગે આવેલ પત્રની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી, ઉચ્ચશિક્ષણ નિયામકશ્રીની કચેરીના તા. ૮-૫-૧૯૯૫ના પત્રની સહર્ષ નોંધ લેવામાં આવી.

૧૦. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના શિક્ષકો, ગ્રંથપાલ અને ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરના પગાર સિનિયર કર્મચારી કરતાં જુનિયર કર્મચારીઓનો પગાર વધુ થતો હોય તો પગારધોરણ નિયત કરવામાં "સ્ટેપિંગ-અપ"નો લાભ આપવા અંગે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૫-૫-૧૯૯૫ના ઠરાવ ક્રમાંક એમઆઈએસ/૧૧૯૦/જીઓએલ/૩૯/૯૨/૮૭૮/૯૦-ખ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૫-૫-૧૯૯૫ના ઠરાવનો સ્વીકાર કરવો અને તેનો લાભ યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના શિક્ષકો, ગ્રંથપાલ તથા ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરોને આપવો.

(શિક્ષણ વિભાગનો ઠરાવ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૧. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન હિંદી તરીકે ફરજ બજાવતા શ્રી. આર. બી. આરગડેનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૨૨-૧-૧૯૯૫ના રોજ પૂરો થતો હોઈ તા. ૨૩-૧-૧૯૯૫થી તેમને કાયમ કરવા બાબત.

યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં રીડર ઇન હિંદી તરીકે ફરજ બજાવતાં શ્રી. આર. બી. આરગડેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી આર. બી. આરગડેને રીડરના પગારધોરણમાં તા. ૨૩-૧-૧૯૯૫થી કાયમ કરવાં.

૧૨. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનમાં લેકચરર ઇન પોલિટિકલ સાયન્સ તરીકે ફરજ બજાવતા શ્રી. વાય. જી. માંકડનો બે વર્ષનો અજમાયશી સમય તા. ૧૨-૪-૧૯૯૫ના રોજ પૂરો થતો હોઈ તા. ૧૩-૪-૧૯૯૫થી તેમને કાયમ કરવા વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ તરીકે ફરજ બજાવતા શ્રી. વાય. જી. માંકડનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. વાય. જી. માંકડને લેક્ચરરના પગારધોરણમાં તા. ૧૩-૪-૧૯૯૫થી કાયમ કરવા.

૧૩. યુનિવર્સિટીનાં જુદાં જુદાં ભવનોમાં સેવાઓ આપતા નીચેના શૈક્ષણિક કર્મચારીઓને બે વર્ષનો અજમાયશી સમય પૂરો થતો હોઈ તેમના નામ સામે દર્શાવેલ તારીખથી કાયમી કરવા બાબત :

ક્રમ	કર્મચારીનું નામ	હોદ્દો	વિભાગ	જોડાયા તારીખ	અજમાયશી સમય પૂરો થયા તારીખ	કાયમી કરવાની તારીખ
૧.	શ્રી. એ. સી. બ્રહ્મભટ્ટ	રીડર	બી. કે. સ્કૂલ	૧૮-૩-૧૯૯૩	૧૭-૩-૧૯૯૫	૧૮-૩-૧૯૯૫
૨.	શ્રી. મીનુ શરાફ	લેક્ચરર	વિજ્ઞાન ભવન	૧૧-૧૧-૧૯૯૨	૧૦-૧૧-૧૯૯૪	૧૧-૧૧-૧૯૯૪
૩.	શ્રી. કૃષ્ણા ગોસ્વામી	લેક્ચરર	ભાષા-સાહિત્ય ભવન	૫-૧-૧૯૯૩	૪-૧-૧૯૯૫	૫-૧-૧૯૯૫

ઉપરોક્ત સભ્યોના બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને તે સંતોષકારક જણાતાં તેમના નામ સામે જણાવેલ જગ્યાના પગારધોરણમાં તેમનાં નામ સામે દર્શાવેલ તારીખથી કાયમ કરવાં.

૧૪. પરીક્ષા વિભાગમાં આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા શ્રી. બી. એલ. જાડાવાલાનો એક વર્ષનો અજમાયસી સમય તા. ૨૦-૫-૧૯૯૨ના રોજ પૂરો થાય છે તો તા. ૨૧-૫-૧૯૯૨થી તેમને તે જગ્યામાં કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

પરીક્ષા વિભાગમાં આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર તરીકે ફરજ બજાવતા શ્રી. બી. એલ. જાડાવાલાનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. બી. એલ. જાડાવાલાને આસિ. રજિસ્ટ્રારના પગારધોરણમાં તા. ૨૧-૫-૧૯૯૨થી કાયમ કરવા.

૧૫. યુનિવર્સિટીના ટાઇપ વિભાગમાં ટાઇપિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. ડી. એલ. ખેરને, પ્રથમ હાયર ગ્રેડમાં રૂ. ૧૨૦૦-૩૦-૧૫૬૦-ઈબી-૪૦-૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧૫૬૦ પછીનો કાર્યક્ષમતા- અંતરાય (ઇબી) તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

યુનિવર્સિટીના ટાઇપ વિભાગમાં ટાઇપિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. ડી. એલ. ખેરનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. ડી. એલ. ખેરને રૂ. ૧૨૦૦-૩૦-૧૫૬૦-ઈબી-૪૦-૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧,૫૬૦ પછીનો કાર્યક્ષમતા- અંતરાય તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૬. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રીમતી એસ. કે. દેસાઈને રૂ. ૯૫૦-૨૦-૧૧૫૦-ઇબી-૨૫-૧૫૦૦ના પગારધોરણમાં રૂ. ૧૧૫૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઇબી) તા. ૧-૫-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતાં શ્રીમતી એસ. કે. દેસાઈનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી એસ. કે. દેસાઈને રૂ. ૯૫૦-૨૦-૧૧૫૦-ઈબી-૨૫-૧૫૦૦ના પગારધોરણમાં રૂ. ૧૧૫૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧-૫-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૭. યુનિવર્સિટી કૉમ્પ્યુટર વિભાગમાં ED P. Superwiser તરીકે ફરજ બજાવતાં શ્રી. એમ. એ. મણિયારનો પ્રથમ હાયર ગ્રેડ રૂ. ૨૦૦૦-૬૦-૨૩૦૦-ઈબી-૭૫-૩૨૦૦-૧૦૦-૩૫૦૦ના પગારધોરણમાં રૂ. ૨૩૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય (ઇબી) તા. ૧-૫-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૮. યુનિવર્સિટી ગ્રંથાલય ભવનમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી પંડિત જ્યોત્સના કે., જેઓના પ્રથમ હાયર સ્કેલમાં રૂ. ૧૨૦૦-૩૦-૧૫૬૦-ઇબી-૪૦-૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧૫૬૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૧૨-૧-૧૯૯૪થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી જે. કે. પંડિતનો ખાનગી હેવાલ તપાસી ઘટતો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૯. યુનિવર્સિટી વિજ્ઞાનવિદ્યા ભવનના માઇક્રોબાયોલોજી વિભાગમાં ફરજ શ્રી. શૈલેષ આર. દવેને ફ્લેટ ખરીદવા તેમના પ્રોવિડંટ ફંડમાંથી સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે રૂ. ૨,૧૯,૦૦૦ની બાંધકામ લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. શૈલેષ આર. દવેને રૂ. ૨,૧૯,૦૦૦ની બિલ્ડિંગ લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેમના પ્રોવિડંટ ફંડ ખાતામાંથી આપવી.

૨૦. રાજ્યના તબીબોને વાર્ષિક ઍલાવન્સ મંજૂર કરવા અંગેનો રાજ્ય સરકારનો ઠરાવ ક્રમાંક જી.એમ.એસ. ૧૦૯૦-૩૪૦૫-૯૪-ત, તા. ૧૯-૮-૧૯૯૪નો સ્વીકારે કરી તેનો લાભ યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રના તબીબોને આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના તા. ૧૯-૮-૧૯૯૪ના ઠરાવનો સ્વીકાર કરવો અને તેનો લાભ યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્રના તબીબોને આપવો.

(રાજ્ય સરકારનો સદરહુ ઠરાવ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૧. યુનિવર્સિટીના બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં પ્લેશમેન્ટ ઑફિસર તરીકે ફરજ બજાવતાં શ્રીમતી અંજલીબહેન ડી. મહેતાને "INDO-SHSTRI CANADIAN FOUNDATION, DELHI" દ્વારા "DEVELOPMENT FELLOWSHIP" મળી હોવાથી તા. ૧૨-૨-૧૯૯૫ થી તા. ૩૦-૬-૧૯૯૫ સુધી Canada જવાનું હોવાથી તે સમયની Duty Leave આપવા વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી અંજલીબહેન ડી. મહેતાની તા. ૧૨-૨-૧૯૯૫થી તા. ૩૦-૬-૧૯૯૫ સુધીની રજાઓ (Duty Leave) તરીકે ગણવી.

૨૨. યુનિવર્સિટી વિજ્ઞાન ભવન ખાતે કેમિસ્ટ્રી વિભાગમાં જૂન, ૧૯૯૫થી

(૧) એમ.એસ.સી. બાયાકેમિસ્ટ્રી

(૨) પોસ્ટ ડિપ્લોમા કોર્સ ઇન ડ્રગ્સ ઍન્ડ ફાર્માસ્યુટિક્સ એનાલિસિસ તેમ જ

(૩) પોસ્ટ ડિપ્લોમા કોર્સ ઇન એનાલિસિસ ઑફ ડાઇઝ ઍન્ડ ધેર ઇન્ટરમિડીએટસ

અભ્યાસક્રમો નાણાકીય રીતે સ્વનિર્ભર યોજના (સેલ્ફ ફાઇનાન્સ સ્કીમ) હેઠળ શરૂ કરવા ઍકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૭-૫-૧૯૯૫ની સભામાં કરેલ ભલામણ કુલપતિશ્રીએ સ્વીકાર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપરના કાર્યની નોંધ લેવામાં આવી.

૨૩. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૫-૧૯૯૫ની સભામાં પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ અંગે નીચે મુજબ ભલામણ કરેલ છે તે અંગે વિચારણા કરવા સારુ :

ઠરાવ : પીએચ.ડી. ટ્રાન્સલેશન ટેસ્ટ અંગેના પ્રવર્તમાન ઑર્ડિ. ૩૧૫ને રદ કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી તથા એ અંગે આનુષંગિક જે કોઈ કાર્યો કરવાનાં થાય તેને માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણનો સ્વીકાર કરવો.

૨૪. ફર્સ્ટ બી.એસસી.ની ભૌતિકશાસ્ત્ર વિષયની પ્રાયોગિક પરીક્ષાનો સમય વધારવાની રજૂઆતના સંદર્ભમાં કુલપતિશ્રીએ નીમેલી સમિતિની ભલામણ મુજબ દરેક પ્રયોગદીઠ હાલ ક. ૧-૪૫ મિ. છે તેને બદલે ૩ કલાક રાખવા અને તેને લગતા રેગ્યુ. સાયન્સ-૧નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ સુધારવા અંગે :

Reg. Sc. 1 (Relevant Part)

	External	*Enternal*	*Duration of Exam.*
Optional 2. Physics I & II	70 each	60	3 hrs. each
	Pract. 70	30	6 hrs.

(નોંધ.-આ સમયવધારાથી વિદ્યાર્થીઓની પ્રત્યેક બેચનો સમય ૩-૫ કલાક છે તેને બદલે ૬ કલાક થશે તેથી પ્રાયોગિક પરીક્ષાના દિવસો અને પરીક્ષણ વગેરેનું આનુષંગિક ખર્ચ વધશે.)

આથી ઠરાવવામાં આવે છે કે સમિતિની ભલામણનો સ્વીકાર કરવો અને તે મુજબ રેગ્યુ. સાયન્સ-૧નો સંબંધકર્તા ભાગ સુધારવો.

૨૫. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીઓએ ગેરવાજબી ઇલાજો અજમાવ્યા અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યિકો-પરીક્ષકો નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યોને હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૨૫-૮-૧૯૯૪, ૨/૧૩/૧૬/૨૩/૨૮/૩૦-૯-૧૯૯૪, ૫/૭/૧૦/૧૧/૧૨/૧૪/૨૩-૧૦-૧૯૯૪ તેમ જ તા. ૧૧-૧-૧૯૯૫ના રોજ મળેલ પરીક્ષાશુધ્ધિ સમિતિની સભાઓની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષાશુધ્ધિ સમિતિની સભાઓની ભલામણોનો સ્વીકાર કરવો.

૨૬. ગુજરાત યુનિવર્સિટી કૅમ્પસ મંડળને ૧૯૯૪-૯૫ના વર્ષ માટે વિવિધ પ્રવૃત્તિઓ માટે રૂ. ૪,૦૦૦ (અંકે રૂપિયા ચાર હજાર પૂરા)ની આર્થિક સહાય આપવા કૅમ્પસ મંડળના મંત્રીશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.-તા. ૮-૧-૧૯૯૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં બાબત ક્રમાંક નં. ૧૩થી સને ૧૯૯૩-૯૪ના વર્ષ માટે રૂ. ૪,૦૦૦ની આર્થિક સહાય આપેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસ મંડળને વર્ષ ૧૯૯૪-૯૫ માટે વિવિધ પ્રવૃત્તિઓ માટે રૂ. ૪,૦૦૦ની આર્થિક સહાય આપવી.

૨૭. ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝના દિલ્હીમાં આવેલા મકાનનો મ્યુનિસિપાલિટીનો ટેક્ષ ભરવાનો હોઈ, દરેક સભ્ય યુનિવર્સિટીને (અંકે રૂપિયા દસ હજાર પૂરા) રૂ. ૧૦,૦૦૦ ફાળા તરીકે મોકલવા વિનંતી કરેલ છે તો સદરહુ બાબત અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે ઘટતો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૨૮. ડૉ. હરિવલ્લભ ભાયાણીને ગુજરાત યુનિવર્સિટીની ડીલિટની માનદ પદવી પ્રદાન કરવા માટે કે. એલ. સ્વાધ્યાય મંદિરના નિયામકશ્રી ડૉ. ચંદ્રકાંત ટોપીવાલા, ગુજરાત સાહિત્ય પરિષદના શ્રી. રઘુવીર ચૌધરી, શ્રી. ભોળાભાઈ પટેલ, શ્રી. હેમંતકુમાર મિસ્ત્રી, શ્રી. યશવંત શુક્લ તરફથી આવેલ દરખાસ્ત અંગે વિચારણા કરવા સારુ.

સદરહુ બાબત તા. ૧૧-૧૦-૧૯૯૩ની ઍકેડેમિક કાઉન્સિલની સભામાં મૂકવામાં આવી હતી. સદરહુ સભાએ બાબત નં. ૪થી ઠરાવેલ કે "પ્રસ્તુત બાબતે ઘટતો નિર્ણય લેવા સારુ કુલપતિશ્રીને સત્તા આપવી". સદરહુ બાબતે કુલપતિશ્રીએ ડૉ. ભાયાણીને માનદ પદવી આપવા સારુ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવાનો નિર્ણય લીધો હોઈ ડૉ. ભાયાણીને યુનિવર્સિટી ધારાની કલમ ૪૫ અનુસાર ડી. લિટની માનદ પદવી આપવા વિચારણા કરવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૨૯. સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે યુનિવર્સિટી તથા બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં શૈક્ષણિક જગ્યાઓમાં સીધી ભરતીમાં તા. ૧-૫-૧૯૯૪થી સમાન રીતે ૨૭ ટકા જગ્યાઓ અનામત રાખવાના રાજ્ય સરકારના તા. ૩-૮-૧૯૯૪ના પરિપત્ર ક્રમાંક પરચ : ૧૩૯૪-૧૩૧૨ પાર્ટ-ફાઇલ-ખ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારના તા. ૩-૮-૧૯૯૪ના પરિપત્રનો સ્વીકાર કરવો અને તેનો અમલ યુનિવર્સિટી તથા બિનસરકારી સંલગ્ન કૉલેજોમાં કરવાનું રાખવું.

(સદરહુ પરિપત્ર **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૩૦. ગુજરાત યુનિવર્સિટીના સુધારેલા કાયદાના પરિશિષ્ટ-૨ના સ્ટે. ૫ હેઠળ બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની રચના કરવા માટે તેની કલમ નં. ૫ પ્રમાણે ઍકેડેમિક કાઉન્સિલના ત્રણથી ઓછા નહીં તેવા સભ્યો સહિત સાત સભ્યોની નિયુક્તિ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ ઉપર ઍકેડેમિક કાઉન્સિલના ત્રણથી ઓછા નહીં તેવા સાત સભ્યોને નિયુક્ત કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩૧. યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગેના ઑર્ડિ. ૭ની કલમ-(૨) અન્વયે બંને વિભાગમાંથી એક એક આચાર્યશ્રી અને કલમ (૫) પ્રમાણે ચાર સભ્યો ત્રણ વર્ષ માટે અને કલમ (૬) અને (૭) પ્રમાણે અનુક્રમે એક-એક વ્યાયામ શિક્ષક તેમ જ એક-એક વિદ્યાર્થી પ્રતિનિધિ બંને વિભાગમાંથી એક વર્ષ માટે નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.-(૧) અમદાવાદ વિભાગ અને દક્ષિણ વિભાગ એમ બે વિભાગ છે.
(૨) આંતર યુનિવર્સિટી હરીફાઈઓમાં ભાગ લીધેલ હોય તેવા ખેલાડીઓને વિદ્યાર્થી પ્રતિનિધિ તરીકે નિયુક્ત કરવાના હોય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ઑફ સ્પોર્ટ્સમાં બંને વિભાગમાંથી એક-એક આચાર્યશ્રી તેમ જ ચાર સભ્યો ત્રણ વર્ષ માટે અને એક-એક વ્યાયામ શિક્ષક તેમ જ એક-એક વિદ્યાર્થી પ્રતિનિધિ એક વર્ષ માટે નીમવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૨. યુનિવર્સિટી દ્વારા સંલગ્ન કૉલેજોને વહીવટી કારણોસર અમુક કિસ્સાઓમાં તેઓનું ચાલુ જોડાણ તદર્થ ધોરણે લંબાવી આપવામાં આવે છે. આવા કિસ્સાઓમાં તદર્થ જોડાણની મુદત પૂરી થયે જે તે કૉલેજને જોડાણ લંબાવવા સારુ અરજી કરતા સમયે ઑર્ડિ. ૧૨૦ મુજબ નિયત ફીમાંથી મુક્તિ આપવાની જોગવાઈ ઉમેરવા વિચારણા કરવા સારુ.

(ઑર્ડિ. ૧૨૦ હેઠળ મૂકવાની થતી સૂચિત નોંધ નીચે મુજબ છે :
"No Application fee will be . . . . . by the University".)

આથી ઠરાવવામાં આવે છે કે હાલની જોગવાઈ પર્યાપ્ત છે, તેમાં કોઈ સુધારો કરવો નહીં. પરંતુ જરૂર જણાય ત્યાં રજૂઆતની ગુણવત્તા જોઈ ફીમાંથી મુક્તિ આપવા અંગેની સત્તા કુલપતિશ્રીને આપવી.

૩૩. ડૉ. અતુલ બી. ચોક્સી, ન્યૂ જર્સી તરફથી ૨૫૦૦ £ (એમેરિકન ડોલર) તા. ૨૮-૧૨-૧૯૯૪ના રોજ મળેલા છે જેની End ૧૬૩૫ તા. ૨૮-૧૨-૧૯૯૪ રસીદ બનાવવામાં આવી છે. તેઓએ નીચે પ્રમાણે ત્રણ ચંદ્રકો માટે પ્રદાન આપેલ છે :

(૧) ફર્સ્ટ એમ.બી.,બી.એસ., ફિઝિયોલોજી, શ્રી. બંસીલાલ ચોક્સી
(૨) થર્ડ એમ.બી.,બી.એસ., પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિન, શ્રી. ક્રિશ્ના ચોક્સી
(૩) ડી.એમ. નેફ્રોલોજી, શ્રી. એન. પી. શાહ

૩. ૭૫,૦૦૦ના પ્રદાનના વ્યાજમાંથી ઉપરોક્ત ચંદ્રકો આપવાના રહેશે.

(૧) "શ્રી. બંસીલાલ ચોક્સી ચંદ્રક" દર વર્ષે આ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી તબીબી વિદ્યાશાખાની પ્રથમ વર્ષની એમ.બી.,બી.એસ.ની યુનિવર્સિટી પરીક્ષામાં ફિઝિયોલોજી વિષયમાં સૌથી વધુ ગુણ મેળવીને પ્રથમ પ્રયત્ને પસાર કરનારને ઉપરોક્ત ચંદ્રક એનાયત કરવામાં આવશે.
(૨) "શ્રી. ક્રિશ્ના ચોક્સી ચંદ્રક" દર વર્ષે આ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી થર્ડ એમ.બી.,બી.એસ.ની પરીક્ષામાં પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિન વિષયમાં સૌથી વધુ ગુણ મેળવીને પ્રથમ પ્રયત્ને પસાર કરનારને એનાયત કરવામાં આવશે.
(૩) "શ્રી. એન. પી. શાહ ચંદ્રક" દર વર્ષે આ યુનિવર્સિટી તરફથી લેવામાં આવતી ડી.એમ. નેફ્રોલોજીની પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવીને પ્રથમ પ્રયત્ને પસાર કરનારને ઉપરોક્ત ચંદ્રક એનાયત કરવામાં આવશે.
(૪) સદરહુ ચંદ્રક એનાયત કરવાની શરતોમાં ગુજરાત યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનો અધિકાર રહેશે.
(૫) ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષ દાતાને તેની જાણ કરવામાં આવશે.
(૬) આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.
(૭) આ સખાવતની વાર્ષિક વ્યાજની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. અતુલ બી. ચોક્સી, ન્યૂ જર્સી, તરફથી ઉપરોક્ત ત્રણ ચન્દ્રકો માટે મળેલ પ્રદાનનો ઉપર્યુક્ત નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૩૪. ગુજરાત કેન્સર સોસાયટીના જનરલ સેક્રેટરી તરફથી રૂ. ૨૫,૦૦૦નું પ્રદાન "શ્રીમતી વિમલાદેવી અલમાલ" નામનો ચંદ્રક "ડી.એમ. મેડિકલ ઓનકોલોજી" વિષયમાં આપવા માટે મળેલા છે. જેની End રસીદ નં. ૧૬૬૯, તા. ૧૭-૪-૧૯૯૫ની બનાવવામાં આવી છે. દાન સ્વીકારવા અંગે અને નીચેના નિયમો મંજૂર કરવા અર્થે :

નિયમો

"(૧) શ્રીમતી વિમલાદેવી અલમાલ ડી.એમ. મેડિકલ ઓનકોલોજી ચંદ્રક કે જે પહેલી જાન્યુઆરીથી ૩૧મી ડિસેમ્બર વચ્ચે લેવાતી ડી.એમ. મેડિકલ એનકોલોજીની પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવીને પસાર કરનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે. જો એક કરતાં વધારે વિદ્યાર્થીઓ સરખા ગુણવાળા હોય તો વિદ્યાર્થીની ફાઈનલ એમ.બી.,બી.એસ.ના ગુણ ધ્યાનમાં લેવાશે. જો વિજેતા જાહેર કરવામાં કોઈ ગૂંચ ઊભી થાય તો કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

(૨) સદરહુ ચંદ્રક એનાયત કરવાની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ સુધારો, શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનો અધિકાર રહેશે.

(૩) ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષ દાતાને તેની જાણ કરવામાં આવશે.

(૪) આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

(૫) આ સખાવતની વાર્ષિક વ્યાજની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત કેન્સર સોસાયટીના 'જનરલ સેક્રેટરીશ્રી તરફથી "શ્રીમતી વિમલાદેવી અલમાલ ચન્દ્રક" માટે મળેલ પ્રદાનનો ઉપરોક્ત નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૩૫. બી.એસ.સી. (નર્સિંગ)ની પરીક્ષામાં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને (૧) સ્વ. પાર્વતીબહેન રતનજી દેસાઈ સ્મૃતિચંદ્રક અને (૨) સ્વ. મધુબહેન દિનકરરાય દેસાઈ નામના બે સુવર્ણચંદ્રકો નર્સિંગ પરીક્ષામાં એનાયત કરવામાં આવે છે. અત્યાર સુધી દર બે વર્ષે સદરહુ ડિગ્રીની પરીક્ષા લેવામાં આવતી હતી. પરંતુ ૧૯૯૩ના માર્ચ માસથી આ કોર્સને ચાર વર્ષનો કરવામાં આવેલ હોઈ નર્સિંગ કૉલેજના પ્રિન્સિપાલની ભલામણ અનુસાર હવેથી દર ચાર વર્ષનો બી.એસસી. (બેઝિક) નર્સિંગ કોર્સમાં પ્રથમ આવનારને ચંદ્રક આપવાનું અને દાતાને તે અંગેની જાણ કરવાની બાબત વિચારણા કરવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે બી.એસસી. નર્સિંગ કોર્સનો અભ્યાસક્રમ ચાર વર્ષનો થયો હોવાથી ઉપરોક્ત બંને ચંદ્રકો હવેથી ચોથા વર્ષની પરીક્ષાને અંતે આપવાનું રાખવું અને તેની જાણ દાતાને કરવાનું રાખવું.

૩૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૩૬ (૧). જૂન, ૧૯૯૫થી પટેલ જે. બી. રૂદેલવાલા આર્ટ્સ કૉલેજ, પટેલ એમ. એમ. રૂદેલવાલા કૉમર્સ કૉલેજ અને પટેલ જે. ડી. કે. દાવોલવાલા સાયન્સ કૉલેજ, બોરસદમાં બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ; બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ વિષયના વધારાનું જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિના હેવાલના સંદર્ભમાં મૂકવામાં આવેલી ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કર્યાનું.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.એ., બી.એસસી., બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ-મેથડ્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે મંજૂરી આપવામાં આવે છે :

૧. કૉમ્પ્યુટર મેથડ્સના સાયન્સ વિષય માટે (૧) એક પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે અને (૨) એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયો માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટર સાયન્સના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે,

૫. કૉમ્પ્યુટર સાયન્સના વિષય સંબંધી સામયિકો મંગાવવામાં આવે;

૬. ગુણવત્તાના ધોરણે અન્ય વિષયના કાર્યભારને અસર ન થાય તે રીતે પ્રથમ અને દ્વિતીય વર્ષમાં ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. પ્રતિમશીન બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે;

૮. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુલ રૂ. ૩૦૦ ફી સત્રદીઠ રાખવામાં આવે;

૯. કૉમ્પ્યુટરની પ્રયોગશાળામાં 'લેન' સિસ્ટમ ગોઠવી ઓછામાં ઓછા પાંચ નોડ મૂકવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગાર-ધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૧. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

૩૬ (૨). ખેડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાની જૂન, ૧૯૯૫થી બી.એ. (મુખ્ય)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે ખેડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં અર્થશાસ્ત્ર, ગુજરાતીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી કાયમી અને બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦ અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે ઉપરાંત ગ્રંથપાલ અને શારીરિક શિક્ષણના અધ્યાપકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયો માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

૩૬ (૩) નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદની જૂન, ૧૯૯૪થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ મંજૂર કર્યાનું :

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ, નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.એ., બી.એસસી., બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ-મેથડ્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૪થી કાયમી જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂરી આપેલ છે :

૧. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયો માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ

કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટર સાયન્સના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કૉમ્પ્યુટર સાયન્સના વિષય સંબંધી સામયિકો મંગાવવામાં આવે;

૬. ગુણવત્તાના ધોરણે અન્ય વિષયના કાર્યભારને અસર ન થાય તે રીતે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. પ્રતિમશીન બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે;

૮. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુલ રૂ. ૩૦૦ ફી સત્રદીઠ રાખવામાં આવે;

૯. હાલના પીસી/એક્સટી મશીન અપગ્રેડ કરાવી પર્યાપ્ત મેમરી સાથે એલએએન ગોઠવવામાં આવે અને ૧૦ એનઓડીઈ વસાવવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંન્ટ ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૧. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

૩૬ (૪). નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદની જૂન, ૧૯૯૫થી ઇજનેરી વિદ્યાશાખાની (ખાનગી કૉલેજ) શરૂ કરવા માટે આવેલી જોડાણ અરજીના સંદર્ભમાં જરૂરિયાત અને સ્થાનિક તપાસ સમિતિના હેવાલ પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું.

૩૬ (૫). આર્ટ્સ સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ખંભાતમાં જૂન, ૧૯૯૫થી બી.કૉમ. (ગૌણ)માં અને બી.એસ.સી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની ચાલુ જોડાણ અને બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્ઝનો અભ્યાસક્રમ શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ આવ્યો હોઈ તે ભલામણો ઍકૅડેમિક કાઉન્સિલવતી સ્વીકાર્યાનું અને તે જોડાણની શરતોનું પાલન કર્યું હોઈ જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડ્યાનું :

કૉમ્પ્યુટર મેથડ્સ તથા કૉમ્પ્યુટર સાયન્સ વિષય માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે મંજૂર કરેલ ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર. પી. આર્ટ્સ કે. બી. ઍન્ડ બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાત, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૬-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.એ.માં વધારાના વિષય તરીકે તેમ જ બી.એસસી., બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ મેથડ્સના અભ્યાસક્રમો શીખવવા માટેનું તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે ઍકૅડેમિક કાઉન્સિલે મંજૂરી આપેલ છે :

૧. કૉમ્પ્યુટર મેથડ્સના સાયન્સના વિષય માટે (૧) પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે અને (૨) ખંડ સમયના વ્યાખ્યાતાની તાત્કાલિક નિમણૂકો કરવામાં આવે;

૨. ગ્રંથાલયો માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટર સાયન્સના વિષયનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કૉમ્પ્યુટર સાયન્સના વિષય સંબંધી પ્રતિષ્ઠિત સામયિકો મંગાવવામાં આવે;

૬. ગુણવત્તાના ધોરણે અન્ય વિષયનાં કાર્યભારને અસર ન થાય તે રીતે વિદ્યાશાખાદીઠ ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૭. પ્રતિમશીન બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે અને ભવિષ્યમાં મશીનદીઠ એક વિદ્યાર્થી પ્રાયોગિક કાર્ય કરે તેમ આયોજન કરવામાં આવે;

૮. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુલ રૂ. ૩૦૦ ફી સત્રદીઠ રાખવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડંટ ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

૩૬ (૬). વાણિજ્ય વિદ્યાશાખાએ તેની તા. ૨૭-૧૦-૧૯૯૪ની સભામાં નિયુક્ત કરેલ પેટાસમિતિએ ઘડેલ પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન ઇન્વેસ્ટમેન્ટ ઍન્ડ ફાઇનાન્સ એનાલિસિસનો નવો અભ્યાસક્રમ જૂન, ૧૯૯૫થી શરૂ કરવા કુલપતિશ્રીને કરેલ ભલામણ સ્વીકાર્યાનું.

૩૬ (૭). એમ.વી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ શ્રી ગોસ્વામી એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામની જૂન, ૧૯૯૫થી બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાનનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીની મુદતનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડ્યાનું.

૩૬ (૮). ડી.સી.એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામની જૂન, ૧૯૯૫થી બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન, હિન્દી, સંસ્કૃત બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ અને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનું ચાલુ જોડાણ મેળવવા માટેની અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ નીચે મુજબ જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડ્યાનું :

(૧) બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, સંસ્કૃત, ગૃહવિજ્ઞાન ... તા. ૧૫-૬-૧૯૯૫થી

(૨) બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ ... તા. ૧૪-૬-૧૯૯૭ સુધી

(૩) બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ ... તા. ૧૫-૬-૧૯૯૫થી કાયમી

૩૬ (૯). સી.યુ.શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૫થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીની મુદતનું જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડ્યાનું.

૩૬ (૧૦). શ્રી. બી. કે. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીની જૂન, ૧૯૯૫થી બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, મનોવિજ્ઞાન અને ગૃહવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં. સમાજશાસ્ત્ર, હિંદી; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીની મુદતનું એડહોક ધોરણે જાહેરનામું બહાર પાડ્યાનું.

૩૬ (૧૧). જૂન, ૧૯૯૫થી નીચે દર્શાવેલ સંસ્થાઓની તેનાં નામ સામે દર્શાવેલ વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલી અરજી પરત્વે નીમવામાં આવેલી જરૂરિયાત અને સ્થાનિક તપાસ સમિતિના હેવાલ પર ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનુ :

ક્રમ	સંસ્થાનું નામ	વિદ્યાશાખા
(૧)	માધ્યમિક કેળવણી મંડળ, આંકલાવ	આર્ટ્સ કૉલેજ, આંકલાવમાં વાણિજ્યની વિદ્યાશાખા ઉમેરવા અંગે
(૨)	સંસ્કાર કેળવણી મંડળ, પીપલિયા	વિનયન-વાણિજ્ય
(૩)	શ્રી. કેળવણી મંડળ, સાઘલી	વિનયન
(૪)	ધોળકા એજ્યુકેશન સોસાયટી, ધોળકા	વિજ્ઞાન

૩૬ (૧૨). એમ. બી. કૉલેજ ઑફ કૉમર્સ ઍન્ડ જી. એમ. એન. આર્ટ્સ કૉલેજ, દહેગામની જૂન, ૧૯૯૫થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો વિષય શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કર્યાનું.

૩૬ (૧૩). જૂન, ૧૯૯૫થી તોલાણી કૉલેજ ઑફ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, આદિપુરમાં બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી અને બી.એ. (ગૌણ)માં ભારતીય સંસ્કૃતિના વિષયોનો અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાની જોડાણ માટેની અરજી પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું.

૩૬ (૧૪). જૂન, ૧૯૯૫થી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંખેડામાં બી.એ. (ગૌણ)માં તત્ત્વજ્ઞાન અને અંગ્રેજી

વિષયના અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાની જોડાણ માટેની અરજી પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું.

૩૬ (૧૫). જૂન, ૧૯૯૫થી ડી. સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામની બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી, સંસ્કૃત, ગૃહવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ અને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના વિષયના અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ-વધારાની જોડાણ માટેની અરજી પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું.

૩૬ (૧૬). વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૩થી બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને બી.એ. (ગૌણ)માં ભૂગોળનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કર્યાનું :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે વિવિકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૪-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન અને બી.એ. (ગૌણ)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૩થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી ખરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે,

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે,

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

૩૬ (૧૭). આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદની જૂન, ૧૯૯૪થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ અને આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ અરજી પરત્વેનો સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ આવ્યો હોઈ તે અંગેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કર્યાનું :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, આઈ. વી. પટેલ કૉમર્સ કૉલેજ, નડિયાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૪-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૪ થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એ ના સંદર્ભમાં આંકડાશાસ્ત્રના વિષયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે,

૨. કૉમ્પ્યુટરની પ્રયોગશાળામાં એક પી.સી. એક્સટી/પી.સી.એટી. વસાવવામાં આવે,

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે,

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે,

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી

નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે,

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત ૩૬(૧)થી ૩૬(૧૭) સુધીનાં કાર્યોની નોંધ લેવામાં આવી.

(બા.ક્ર. ૩૬(૪, ૫, ૬, ૧૧, ૧૨થી ૧૬) પરિશિષ્ટ ચ/૧, ચ/૨, ચ/૩, ચ/૪, ચ/૫, ચ/૬, ચ/૭, ચ/૮, ચ/૯, ચ/૧૦ તરીકે સામેલ છે.)

૩૭. યુનિવર્સિટીના હેલ્થ સેન્ટરમાં લેબ ટેક્નિશિયન તરીકે ફરજ બજાવતા શ્રી. આર. એમ. પરદેશીને પ્રથમ હાયર ગ્રેડ રૂ. ૧૬૦૦-૫૦-૨૩૦૦-ઈબી-૬૦-૨૬૬૦માં રૂ. ૨૩૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઇ.બી.) તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત વિચારણા અર્થે.

યુનિવર્સિટીના હેલ્થ સેન્ટરમાં લેબ ટેક્નિશિયન તરીકે ફરજ બજાવતા શ્રી. આર. એમ. પરદેશીનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. આર. એમ. પરદેશીને રૂ. ૧૬૦૦-૨૬૬૦ના પગારધોરણમાં રૂ. ૨૩૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવી.

૩૮. યુનિવર્સિટી પરીક્ષા વિભાગમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. જે. સી. શાહને પ્રથમ હાયર સ્કેલ રૂ. ૧૨૦૦-૩૦-૧૫૬૦-ઇબી-૪૦-૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧૫૬૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઇબી) તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત વિચારણા અર્થે.

યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. જે. સી. શાહનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. જે. સી. શાહને રૂ. ૧૨૦૦-૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧૫૬૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવી.

૩૯. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટાઇપિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. ચિમનલાલ જી. પટેલને પ્રથમ હાયર ગ્રેડમાં રૂ. ૧૨૦૦-૩૦-૧૫૬૦-ઇબી-૪૦-૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧૫૬૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઇબી) તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત વિચારણા અર્થે.

યુનિવર્સિટી ગ્રંથાલયમાં ટાઇપિસ્ટ તરીકે ફરજ બજાવતા શ્રી. ચિમનલાલ જી. પટેલનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. ચિમનલાલ જી. પટેલને રૂ. ૧૨૦૦-૨૦૪૦ના પગારધોરણમાં રૂ. ૧૫૬૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવી.

૪૦. યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ વિભાગમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. પરમાર ગણેશભાઈ એચ.ને પ્રથમ હાયર ગ્રેડ રૂ. ૭૭૫-૧૨-૯૫૫-ઇબી-૧૪-૧૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઇબી) તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવા અંગેની બાબત વિચારણા અર્થે.

યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ વિભાગમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. પરમાર ગણેશભાઈ એચ.નો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. પરમાર ગણેશભાઈ એચ.ને રૂ. ૭૭૫-૧૦૨૫ના પગાર-ધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવી.

૪૧. યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી. બાબુભાઈ બી. સોલંકીને પ્રથમ હાયર ગ્રેડ રૂ. ૭૭૫-૭૫-૧૨-૯૫૫-ઈબી-૧૪-૧૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઇબી) તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત વિચારણા અર્થે.

યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી. બાબુભાઈ બી. સોલંકીને ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં કરાવવામાં આવ્યું કે શ્રી બાબુભાઈ બી. સોલંકીને રૂ. ૭૭૫-૧૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૧-૬-૧૯૯૫થી ઓળંગવાની પરવાનગી આપવી.

૪૨. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્રના વિષયમાં ખાલી પડેલ પ્રોફેસરની એક જગ્યા ભરવા માટે વરણી સમિતિની તા. ૩-૭-૧૯૯૫ની ભલામણો અન્વયે તા. ૮-૭-૧૯૯૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણોનો સ્વીકાર કરી પ્રોફેસર ઑફ સોશિયોલોજીની એક જગ્યા માટે નવેસરથી જાહેરખબર આપવાનું રાખવું.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.

૪૩. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્ર વિષયના રીડરની ખાલી પડેલ બે જગ્યા (ઓપન અને શિડ્યુલ કાસ્ટ) ભરવા માટે તા. ૩-૭-૧૯૯૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો અન્વયે તા. ૯-૭-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

(આ બે જગ્યાઓ પૈકી ૧ જગ્યા ઓપન કેટેગરીની છે અને ૧ જગ્યા શિડ્યુલ કાસ્ટના ઉમેદવારની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી રીડર ઑફ સોશિયોલોજીની બિનઅનામત જગ્યા માટે નવેસરથી જાહેરખબર આપવાનું રાખવું જ્યારે રીડર ઇન સોશિયોલોજીની એક જગ્યા કે જે અનુસૂચિત જાતિ માટે અનામત છે તે જગ્યા ઉપર શ્રી. એમ. એચ. મકવાણાની નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૪૪. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના સમાજશાસ્ત્ર વિષયના વ્યાખ્યાતાની ખાલી પડેલ ચાર જગ્યા ભરવા માટે વરણી સમિતિની તા. ૩-૭-૧૯૯૫ના રોજ મળેલ સભાની ભલામણો અન્વયે તા. ૯-૭-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી લેક્ચરર ઇન સોશિયોલોજીની ચાર જગ્યાઓ પૈકી ત્રણ જગ્યાઓ ઉપર અનુક્રમે (૧) જાની ગૌરાંગ ટી. (૨) રાવલ ચંદ્રિકા કે. અને (૩) કુ. લીના જે. બાદશાહની નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી જ્યારે ચોથી જગ્યા માટે નવેસરથી જાહેરખબર આપવાનું રાખવું.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૪૫. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણ અને ફિલોલોફી ભવનમાં પ્રોફેસર ઑફ સાઇકોલોજીની એક જગ્યા ભરવા અંગે તા. ૧૦-૩-૧૯૯૫ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ અન્વયે તા. ૧૭-૫-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વરણી સમિતિની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર જગ્યાની પુનઃ જાહેરખબર આપવા સારુ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી પ્રોફેસર ઑફ સાઇકોલોજીની એક જગ્યા માટે નવેસરથી જાહેરખબર આપવાનું રાખવું.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૪૬. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણ અને તત્ત્વજ્ઞાન ભવનમાં રીડર ઇન એજ્યુકેશનની ખાલી પડેલ જગ્યા ભરવા માટે તા. ૬-૬-૧૯૯૫ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો અન્વયે તા. ૯-૭-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી રીડર ઇન એજ્યુકેશનની એક જગ્યા ઉપર શ્રી. મૂલશંકર લક્ષ્મીશંકર જોષીની નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી અને શ્રીમતી ધર્મિષ્ઠા હરિલાલ પંચાલનું નામ પ્રતિક્ષા યાદીમાં રાખવું.

(સદરહુ વરણી સમિતિની ભલામણો **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૪૭. યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા નિયામકની જગ્યા ભરવા માટે તા. ૧૮-૩-૧૯૯૫ના રોજ મળેલ સદરહુ વરણી સમિતિની ભલામણો અન્વયે તા. ૧૭-૫-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

તા. ૧૮-૩-૧૯૯૫ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો અન્વયે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ નીચે પ્રમાણે છે :

"આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૮-૩-૧૯૯૫ના રોજ મળેલ ઉપર્યુક્ત વરણી સમિતિની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર યુનિવર્સિટી પરીક્ષા નિયામકની જગ્યા પર શ્રી. સતીષ ભટ્ટની નિમણૂક કરવા સારુ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરી પરીક્ષા નિયામકશ્રીની જગ્યા ઉપર શ્રી. એસ. એ. ભટ્ટની નિયમાનુસાર એક વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણો **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૪૮. ફાઇનાન્સ સમિતિની તા. ૧૪-૬-૧૯૯૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૧૪-૬-૧૯૯૫ની સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ સભાની ભલામણો **પરિશિષ્ટ "ઢ"** તરીકે સામેલ છે.)

૪૯. ફાઇનાન્સ સમિતિની તા. ૧૭-૨-૧૯૯૫ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૧૭-૨-૧૯૯૫ની સભાની ભલામણોનો સ્વીકાર કરવો. (સદરહુ સભાની ભલામણો **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૫૦ કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૫૦ (૧). આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૫થી લાલદરવાજાથી એલિસબ્રિજ વિસ્તારમાં (એલ. એ. શાહ લૉ કૉલેજના મકાનમાં) સ્થળાંતર અને સમયમાં ફેરફાર માટેની અરજી પરત્વે તપાસ સમિતિ નીમ્યાનું અને સદરહુ સમિતિનો હેવાલ સ્વીકારી તે પરત્વે સ્થળાંતર અને સમયમાં ફેરફાર અંગે પરવાનગી આપ્યાનું,

૫૦ (૨). એમ. પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૫થી ફર્સ્ટ બી.એ. તથા ફર્સ્ટ બી.કૉમ.નું ચાલુ અને સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; સેકન્ડ બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર, ભૂગોળ, કૉમ્પ્યુટર મેથડ્સ, પ્રાકૃત; સેકન્ડ બી.કૉમ.માં એડ.એકા. ઍન્ડ ઓડિટિંગ, એડ. સ્ટેટિસ્ટિક્સ, બૅન્કિંગ અને ફાઇનાન્સ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.ના વિષયો શખવવા માટેની જોડાણ અરજી પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકાર્યાનું :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"એમ. પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ, ફૉર વિમેન, અમદાવાદ, આથી ઠરાવવામાં આવે છે કે નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; સેકન્ડ બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, અંગ્રેજી, આંકડાશાસ્ત્ર સંસ્કૃત; સેકન્ડ બી.કૉમ.માં એડ. એકા. ઍન્ડ ઓડિટિંગ, એડ. સ્ટેટિસ્ટિક્સ, બૅન્કિંગ અને ફાઇનાન્સ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.ના વિષયોનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦ અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલયો માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારી-ગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

૫૦ (૩). શૈક્ષણિક વર્ષ ૧૯૯૫-૯૬ના વર્ષ માટે સત્રોની ગોઠવણી ઑર્ડિ. ૭૫માં નિયત કરવામાં આવી છે તેને નિરપેક્ષ રહીને વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને એજ્યુકેશનની વિદ્યાશાખાનાં તેમ જ કાયદાની વિદ્યાશાખાનાં સત્રો નિયત કરી પરિપત્રિત કર્યાનું,

૫૦ (૪). બહારગામથી આવતા પરીક્ષકોના દૈનિક ભથ્થાના દરમાં ફેરફાર કરવા વિચારણા કરવા નીમેલ સમિતિની ભલામણો સ્વીકારી દૈનિક ભથ્થાના દરમાં નીચે પ્રમાણેનો ફેરફાર કરી તેનો અમલ માર્ચ-એપ્રિલ, ૧૯૯૫ની પરીક્ષાથી કર્યાનું :

વિગત	જૂનો દર	નવો દર
પરીક્ષકો માટે દૈનિક ભથ્થુ બોર્ડ/ફેકલ્ટીની મિટિંગમાં આવતા	રૂ. ૪૫	રૂ. ૭૦
બહારગામના સભ્યો માટે	રૂ. ૫૦	રૂ. ૭૦
યુનિવર્સિટી પરીક્ષા માટે બહારગામ જતા સભ્યોને	રૂ. ૩૦	રૂ. ૪૫
ઓબ્ઝર્વર	રૂ. ૫૪	રૂ. ૯૦
- કૉ. ઑર્ડિનેટર તથા ડમી સેન્ટરના ઇન-ચાર્જશ્રી	રૂ. ૬૬	રૂ. ૧૦૦

૫૦ (૫). ઑર્ડિ. ૧૪૯ દ્વારા ગુણચકાસણીની ફી નક્કી કરવામાં આવી છે તેમાં ફેરફાર કરીને પેપરદીઠ રૂ. ૧૫ (પંદર પૂરા) પ્રમાણે ગુણચકાસણીની ફી લેવા મંજૂરી આપ્યાનું,

૫૦ (૬). ઑર્ડિ. ૬૯ પ્રમાણે એનરોલમેન્ટ ફી રૂ. ૧૫ લેવામાં આવતી હતી, તેમાં ફેરફાર કરી રૂ. ૨૫ પ્રમાણે લેવા મંજૂરી આપ્યાનું,

૫૦ (૭). યુનિવર્સિટીની પરીક્ષાઓની મધ્યસ્થ મૂલ્યાંકનની વિવિધ કામગીરીઓ માટે અપાતા મહેનતાણાના દરમાં ફેરફાર કરવા નીમેલ સમિતિની નીચેની ભલામણો સ્વીકારીને તેનો અમલ માર્ચ/એપ્રિલ, ૧૯૯૫થી કરવા મંજૂરી આપ્યાના :

		હાલનો દર રૂ.	સુધારેલો દર રૂ.
(૧)	જવાબવહીઓ પર કાપલી ચોંટાડવાની કામગીરી હજાર સ્લિપ ચોંટાડવાના	૫૦-૦૦	૭૫-૦૦
(૨)	ડમી નંબર નાખવાની કામગીરી હજાર નંબર નાખવાના	૩૫-૦૦	૫૫-૦૦
(૩)	ડી-કોડિંગ કરવાની કામગીરી-હજાર નંબર નાખવાના	૩૫-૦૦	૫૫-૦૦
(૪)	રીડિંગ ૧૦૦ ટકાની કામગીરી	૫૦-૦૦	૮૦-૦૦
(૫)	ગુણચકાસણી-પ્રથમ ચેકિંગ કામગીરી	૧-૪૦	૨-૧૦
(૬)	સેકન્ડ ચેકિંગ કામગીરી	૧-૩૦	૨-૧૦

૫૦ (૮). યુનિવર્સિટી પરીક્ષાની સંચાલનની વિવિધ પ્રકારની કામગીરી માટે અપાતા મહેનતાણાના દરમાં ફેરફાર કરવા વિચારણા કરવા નીમેલ સમિતિની ભલામણ સ્વીકારીને આ કામગીરીઓ માટે આ સાથેના પરિશિષ્ટમાં જોડ્યા પ્રમાણેના નવા દર મંજૂર કરી તેનો અમલ માર્ચ/એપ્રિલ, ૧૯૯૫ની પરીક્ષાથી કર્યાનું,

૫૦ (૯). જૂન, ૧૯૯૬થી નવી કૉલેજ શરૂ કરવા માટેની નીચે જણાવેલ સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ અને ઑ. ૧૨૦ અનુસાર સમયમર્યાદામાં /સમયમર્યાદા બાદ આવી છે તે શિક્ષણના વિસ્તરણની દૃષ્ટિએ સ્વીકાર્યાનું કાર્ય :

ક્રમ	સંસ્થાનું નામ	વિદ્યાશાખા
૧.	રાજપૂત સેવા સમિતિ, અમદાવાદ	વિનયન
૨.	શિવશક્તિ સ્ટડી સર્કલ, રજિ. ટ્રસ્ટ, ભૂજ (કચ્છ).	વિનયન-વાણિજ્ય (મહિલા માટે)
૩.	શ્રી. ગાયત્રી કેળવણી મંડળ (સમયમર્યાદા બાદ) રસુલપુર, જિ. પંચમહાલ	વિનયન

૫૦ (૧૦). રાજ્ય સરકારના પેન્શનરોને ટેમ્પરરી ઇન્ક્રીઝ વધારાના ઠરાવ નં. એચજીવી-૫૪૯૫/૪૭૫/પી. ૧ તા. ૧૭-૪-૧૯૯૫નો સ્વીકાર કરી તેનો લાભ યુનિવર્સિટી પેન્શનરોને તા. ૧-૧-૧૯૯૫થી આપ્યાનું,

૫૦ (૧૧). ડૉ. ડી. જે. દવે તથા બીજાઓએ અનુસ્નાતક મેડિકલના પ્રવેશના મેરિટ લિસ્ટની ગણતરીના નિયમમાંથી ધો. ૧૨ના માર્ક્સની ગણતરી રદ કર્યા અંગે ગુજરાત યુનિવર્સિટી વિરુધ્ધ એલ.પી.એ. ૨૯૧/૧૯૯૫ તથા એસ.સી.એ. ૪૭૫૬/૧૯૯૫થી ગુજરાતની વડી અદાલતમાં દાદ માગેલ, તે માટે યુનિવર્સિટી વતી એડવોકેટ રોક્યાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરનાં ૫૦(૧)થી ૫૦(૧૧) સુધીનાં કાર્યોની નોંધ લેવામાં આવી.

(બા.ક. ૫૦(૩) અને (૮)ની વિગત **"પરિશિષ્ટ ત/૧ અને ત/૨"** તરીકે સામેલ છે.)

૫૧. યુનિવર્સિટી કાર્યાલયના પંટાવાળા ભાઈ શ્રી. ગણેશ ઠાકોરને પરીક્ષાની કામગીરી માટે જતાં તા. ૨૭-૪-૧૯૯૫ના રોજ હાઈવે ઉપર અકસ્માત નડતાં થયેલ તબીબી સારવારનો ખર્ચ મંજૂર કરવા વિચારણા કરવા બાબત :

(નોંધ.-પરીક્ષાની-કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓ/અધ્યાપકો માટે વીમો લેવામાં આવેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. ગણેશ ઠાકોરને ફરજ પર થયેલા અકસ્માતને કારણે થયેલ તબીબી સારવારનો ખર્ચ રૂ. ૧૧૬૧-૭૫નો મંજૂર કરવો. તબીબી સારવારના ખર્ચ પેટે જે રકમ વીમા કંપની મંજૂર કરે તે યુનિવર્સિટીમાં જમા લેવી.

૫૨. યુનિવર્સિટીના મનોવિજ્ઞાન, શિક્ષણ અને ફિલોસોફી ભવનમાં પ્રોફેસર ઑફ એજ્યુકેશનની ખાલી પડેલ એક જગ્યા ભરવા માટે તા. ૬-૬-૧૯૯૫ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ અન્વયે તા. ૯-૭-૧૯૯૫ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણો પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો અને પ્રોફેસર ઑફ એજ્યુકેશનની જગ્યા ઉપર શ્રી. એસ. ટી. કાપડિયાની નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણો **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૫૩. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી. મહેન્દ્ર સી. શાહને રૂ. ૭૭૫-૧૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઇ.બી.) તા. ૨૪-૧૨-૧૯૯૨થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત :

યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે ફરજ બજાવતાં શ્રી. મહેન્દ્ર સી. શાહનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી. મહેન્દ્ર સી. શાહને રૂ. ૭૭૫-૧૦૨૫ના પગારધોરણમાં રૂ. ૯૫૫ પછીનો કાર્યક્ષમતા અંતરાય તા. ૨૪-૧૨-૧૯૯૨થી ઓળંગવાની પરવાનગી આપવી.

૫૪. યુનિવર્સિટીનાં જુદાં જુદાં ભવનોમાં સેવા આપતા નીચેના શિક્ષક કર્મચારીઓનો બે વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોઈ દર્શાવેલ તારીખથી કાયમ કરવા બાબત :

ક્રમ	કર્મચારીનું નામ	હોદ્દો	વિભાગ	અજમાયશી સમય પૂરો થયા તારીખ	કાયમી કરવાની તારીખ
૧.	શ્રી. રંજના એમ. દ્વિવેદી	લેક્ચરર	ભાષા-સાહિત્ય ભવન	૧૨-૪-૧૯૯૫	૧૩-૪-૧૯૯૫
૨.	શ્રી. કીર્તિદા આર. જોષી	લેક્ચરર	ભાષા-સાહિત્ય ભવન	૧૪-૬-૧૯૯૫	૧૫-૬-૧૯૯૫
૩.	શ્રી. સી. ડી. ભાવસાર	લેક્ચરર	વિજ્ઞાન વિદ્યાભવન	૩૦-૬-૧૯૯૫	૧-૭-૧૯૯૫
૪.	શ્રી. એસ. વી. ઝાલા	લેક્ચરર	સમાજવિદ્યા ભવન	૧૮-૬-૧૯૯૫	૧૯-૬-૧૯૯૫

ઉપર જણાવેલ શિક્ષકોના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને તે સંતોષકારક જણાતાં લેક્ચરરની જગ્યાના પગારધોરણમાં તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવા.

૫૫. પ્રો. એ. એમ. મહેતાએ રૂ. ૨૫,૦૦૦નું પ્રદાન સેકન્ડ બી.કૉમ.ની પરીક્ષામાં એડવાન્સ્ડ એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગના પેપર-૨ અને ઉમાં સૌથી વધુ ગુણ મેળવનારને ચંદ્રક આપવા માટે આપેલું છે, જેની એન્ડોવમેન્ટ-૧૬૪૭ તા. ૧૩-૨-૧૯૯૫થી બનાવવામાં આવી છે. તો નીચેના નિયમોને આધીન પ્રદાન સ્વીકારવા ચર્ચાવિચારણા કરવા બાબત :

"પ્રો. એ. એમ. મહેતા અને શ્રીમતી જ્યોત્સનાબહેન મહેતા સુવર્ણચંદ્રક."

દાતાનું નામ તથા સરનામું : પ્રો. એ. એમ. મહેતા, ૬, નવસ્મૃતિ એપાર્ટમેન્ટસ, ટાગોરપાર્કની પાછળ, એસ. એમ. રોડ, આંબાવાડી, અમદાવાદ-૧૫.

પ્રદાનની રકમ : રૂ. ૨૫,૦૦૦ પૂરા

નિયમો

"(૧) પ્રો. એ. એમ. મહેતા, અને શ્રીમતી જ્યોત્સનાબહેન મહેતા સુવર્ણચંદ્રક" દર વર્ષે માર્ચ- એપ્રિલમાં લેવાતી સેકન્ડ બી.કૉમ.ની પરીક્ષામાં એડવાન્સ એકાઉન્ટિંગ અને ઓડિટિંગ પેપર- ૨ અને ઉમાં સંયુક્તપણે યુનિવર્સિટીની પરીક્ષામાં (બાહ્ય પરીક્ષા) સૌથી વધારે ગુણ મેળવે તેમ જ પ્રથમ પ્રયત્ને પ્રથમ વર્ગમાં પરીક્ષા પસાર કરે તેને આપવાનો રહેશે,

(૨) સદરહુ ચંદ્રક એનાયત કરવાની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરત ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનો અધિકાર રહેશે,

(૩) ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે તેમ જ દર વર્ષે દાતાને તેની જાણ કરવામાં આવશે,

(૪) આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી ૫ ટકા કપાત જનરલ ફંડમાં લઈ જવામાં આવશે,

(૫) આ સખાવતની વાર્ષિક વ્યાજની બચત રહે તે મૂળ રકમમાં ઉમેરવામાં આવશે."

આથી ઠરાવવામાં આવે છે કે પ્રૉ. એ. એમ. મહેતા તરફથી મળેલ "પ્રો. એ. એમ. મહેતા અને શ્રીમતી જ્યોત્સનાબહેન મહેતા સુવર્ણચંદ્રક" માટેના પ્રદાનનો ઉપર જણાવેલ નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૫૬. કર્મચારીગણના વહીવટી પ્રશ્નો પર વિચારણા કરવા અંગેની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ સ્થાયી સમિતિની તા. ૨-૩-૧૯૯૫ના રોજ મળેલ કાર્યવાહી અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૨-૩-૧૯૯૫ના રોજ મળેલ સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ સભાની ભલામણો **પરિશિષ્ટ "૬"** તરીકે સામેલ છે.)

૫૭. એસોશિયેસન ઑફ કોમનવેલ્થ યુનિવર્સિટી તરફથી આવેલા પત્રના અનુસંધાનમાં તા. ૧-૮-૧૯૯૫થી તા. ૩૧-૭-૧૯૯૬ સુધીનું વાર્ષિક લવાજમ ભરવા અંગે આવેલા તેઓશ્રીના તા. ૧-૭-૧૯૯૫ના પત્ર પર વિચારણા કરવા સારુ.

(નોંધ.-એક વર્ષનું વાર્ષિક લવાજમ ૮૦૦ પાઉન્ડ સ્ટર્લિંગ છે. જેની અંદાજી રકમ રૂ. ૪૦,૦૦૦ (અંકે રૂપિયા ચાલીસહજાર) જેટલી થવા જાય છે. અગાઉના વર્ષે એટલે કે સને ૧૯૯૪-૯૫ના વર્ષમાં ૮૫૦ સ્ટર્લિંગ પાઉન્ડ એટલે રૂ. ૪૧,૪૫૦ ભર્યા હતા, તે જાણ માટે...)

આથી ઠરાવવામાં આવે છે કે એસોશિયેશન ઑફ કોમનવેલ્થ યુનિવર્સિટીનું તા. ૧-૮-૧૯૯૫થી તા. ૩૧-૭-૧૯૯૬ સુધીના વાર્ષિક લવાજમ પેટે ૮૦૦ પાઉન્ડ સ્ટર્લિંગ ભરવાનું રાખવું.

૫૮. ૧૯૯૫-૯૬ના શૈક્ષણિક વર્ષથી આપણી યુનિવર્સિટી સાથે સંલગ્ન ૧૨ કૉલેજોને સ્નાતક કક્ષાએ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચાલુ કરવા માટે યુનિવર્સિટી ગ્રાંટ કમિશને આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન દ્વારા ૧૨ કૉલેજોને સ્નાતક કક્ષાએ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચાલુ કરવા આપેલ મંજૂરીની સહર્ષ નોંધ લેવી.

(સદરહુ યાદી **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૫૯. ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને રૂ. ૬૨-૫૦ સ્પેશિયલ પ્રેસ એલાવન્સ આપવામાં આવતું હતું, જે તા. ૧-૬-૧૯૮૭થી રાજ્ય સરકારે આપવાનું બંધ કર્યું હોવાથી યુનિવર્સિટી દ્વારા આપવાનું બંધ કરવામાં આવ્યું હતું, તે પ્રેસ એલાવન્સ રાજ્ય સરકારે તા. ૧-૬-૧૯૮૭થી આપવાનું શરૂ કર્યું હોઈ તે પ્રમાણેનો લાભ યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓને રાજ્ય સરકારના પ્રેસના ધોરણે અપાતું સ્પે. પ્રેસ એલાવન્સ તા. ૧-૬-૧૯૮૭થી બંધ કર્યું હતું જે રાજ્ય સરકારે તે તારીખથી પુનઃ ચાલુ કર્યું હોઈ, તેનો લાભ તા. ૧-૬-૧૯૮૭થી રાજ્ય સરકારના પ્રેસમાં જે તારીખ સુધી આપવામાં આવે તે તારીખ સુધી અને તેઓ જે દરે ચૂકવે તે દરે ચૂકવવાનું રાખવું.

કુલપતિશ્રીએ મંજૂર કરેલું નીચેનું કાર્ય (જાણ સારુ) :

૬૦. અનુસ્નાતક મેડિકલના પ્રવેશના મેરિટલિસ્ટ તૈયાર કરવાની ગણતરીની પદ્ધતિ દર્શાવતા નિયમ નં. ૭.૧ની પેટાકલમ (iv) જે નીચે મુજબ છે, તે મેડિકલ ફેકલ્ટીની તા. ૨૩-૫-૧૯૯૫ની સમિતિમાં લીધેલ નિર્ણય અનુસાર ૨૬ કર્યાનું કાર્ય :

૨૬ થતો નિયમ : ૭.૧(iv)

Percentage upto 2 decimals marks obtained by the candidate H.S.C. or equivalent examination in the subject of Physics, Chemistry, Biology and Mathematics, all theory only, multiplied by half.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરના કાર્યની નોંધ લેવી.

૬૧. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસમાં લેક્ચરર-ઇન-હિંદીની ખાલી પડેલ એક જગ્યા ભરવા માટેની તા. ૧૯-૬-૧૯૯૫ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો અન્વયે તા. ૯-૭-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો અને તદનુસાર લેક્ચરર-ઇન-હિંદીની જગ્યા ઉપર શ્રી. આલોકકુમાર સી. ગુપ્તાની નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૬૨. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસમાં પ્રોફેસર ઑફ હિંદીની ખાલી પડેલ એક જગ્યા ભરવા માટેની તા. ૧૯-૬-૧૯૯૫ની વરણી સમિતિની ભલામણ અન્વયે તા. ૯-૭-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો અને તદનુસાર પ્રોફેસર ઑફ હિંદીની જગ્યા ઉપર શ્રી. રઘુવીરભાઈ ડી. ચૌધરીની નિયમાનુસાર બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "પ"** તરીકે સામેલ છે.)

૬૩. યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનના ભૂગોળ વિષયમાં રીડર-ઇન-જોગ્રોફીનું પદ આપવા અંગે તા. ૨૦-૬-૧૯૯૫ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણો અન્વયે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૯-૭-૧૯૯૫ના રોજ મળેલ સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો અને શ્રી. એન. જી. દીક્ષિતને યુ.જી.સી.ના કેરિયર એડવાન્સમેન્ટની યોજના હેઠળ રીડર-ઇન જોગ્રોફીનું પદ આપવું.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "ફ"** તરીકે સામેલ છે.)

૬૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૬૪ (૧). મોતીલાલ નહેરુ લૉ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૫થી કૉલેજનો સમય સવારને બદલે સાંજનો કરવા માટેની અરજી પરત્વે ઑર્ડિ. ૧૨૦ એમ-અનુસાર સ્થાનિક તપાસ સમિતિ નિયુક્ત કર્યાનું તથા તે સમિતિની ભલામણો સ્વીકાર્યાનું કાર્ય.

૬૪ (૨). અનુસ્નાતક મેડિકલના પ્રવેશના નિયમ નં. ૭.૧, ૭.૯ તથા ૭.૧૧માં જે સુધારા થયા છે તે મુજબના સુધારા અનુસ્નાતક ડેન્ટલ (એમ.ડી.એસ.)ના પ્રવેશના નિયમ નં. ૭.૧, ૭.૯ તથા ૭.૧૧માં કર્યાના.

૬૪ (૩). ફાઇનાન્સ સમિતિની તા. ૧૭-૨-૧૯૯૫ની સભામાં એક્સટર્નલ પરીક્ષાઓની રજિસ્ટ્રેશન ફી સુધારવાના સંદર્ભમાં એમ.એ. તથા એમ.કૉમ.ની રજિસ્ટ્રેશન ફી વધારવાના કારણે જે તે પરીક્ષાના ફી અંગેના ઑર્ડિનાન્સ. ઑર્ડિનાન્સ એમ.એ. (એક્સ્ટર્નલ)-૫ તથા Ord. M.Com. Ext.-5 તથા 8 સુધાર્યાનું :

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત ૬૪(૧)થી ૬૪(૩) સુધીનાં કાર્યોની નોંધ લેવામાં આવી.

[બા.ક. ૬૪ (૨) અને (૩)ની વિગતો **પરિશિષ્ટ "બ/૧ અને બ/૨"** તરીકે સામેલ છે.]

૬૫. યુનિવર્સિટી સ્કૂલ ઑફ લેંગ્વેજીસમાં રીડર ઇન ઇંગ્લિશનું પદ આપવા અંગે તા. ૭-૧૦- ૧૯૯૪ના રોજ મળેલ વરણી સમિતિની ભલામણ અન્વયે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૭-૫-૧૯૯૫ના રોજ મળેલ સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત વરણી સમિતિની ભલામણ સ્વીકારવી અને તદનુસાર યુ.જી.સી.ની કેરિયર એડવાન્સમેન્ટની યોજના હેઠળ શ્રીમતી રંજના હરીશ દ્વિવેદી તથા શ્રીમતી ગોવિંદિનીબહેન ડી. શાહને રીડરનું પદ આપવા સારુ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો અને તદનુસાર શ્રીમતી રંજના હરીશ તથા શ્રીમતી ગોવિંદિનીબહેન ડી. શાહને યુ.જી.સી.ની કેરિયર એડવાન્સમેન્ટ યોજના હેઠળ રીડર ઇન ઇંગ્લિશનું પદ આપવું.

(સદરહુ વરણી સમિતિની ભલામણ **પરિશિષ્ટ "ભ"** તરીકે સામેલ છે.)

૬૬. અનુસ્નાતક અભ્યાસક્રમોની જુદી જુદી ફી અંગેના ઑર્ડિ. ૧૫૧-સીમાં એમ.ફિલ. અને પીએચ.ડી.ના અભ્યાસક્રમો માટે ભારતના તેમ જ પરદેશના વિદ્યાર્થીઓ માટે અલગ ફીનું ધોરણ દાખલ કરવા બાબત તથા એન.સી.એ. અને ડી.સી.એ.ની ફી અંગેની અલગ જોગવાઈ દાખલ કરવા બાબત તથા ઑર્ડિ. ૩૨૦માંથી પીએચ.ડી.ની સિનોપ્સીસ ફીની જોગવાઈ રદ કરી તેનો સમાવેશ ઑર્ડિ. ૧૫૧-સીમાં કરવા અંગે તા. ૯-૭-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત. (એ.કા. બા.ક. ૧૫)

તા. ૯-૭-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ઑર્ડિ. ૧૫૧-સી તથા ઑર્ડિ. ૩૨૦ સુધારવાની ભલામણ મંજૂર કરવામાં આવે છે.

(સુધારેલ ૧૫૧-સી અને ઑર્ડિ. ૩૨૦ની નકલ **પરિશિષ્ટ 'મ'** તરીકે સામેલ છે.)

૬૭. જૂન ૧૯૯૫થી યુ.જી.સી. દ્વારા તૈયાર કરવામાં આવેલ અને યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોમાં મંજૂર થયેલ નીચે દર્શાવેલ અભ્યાસક્રમો વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન વિદ્યાશાખાના ડીનશ્રીઓ તથા કુલપતિશ્રી દ્વારા નિયુક્ત તજ્જ્ઞોની સમિતિ દ્વારા આપણી યુનિવર્સિટીના સ્નાતક કક્ષાના અભ્યાસક્રમના માળખામાં સમાવિષ્ટ થાય તે રીતે જૂન ૧૯૯૫ થી અમલમાં આવે તે રીતે ઘડવામાં આવેલ અભ્યાસક્રમો શરૂ કરવા ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ કુલપતિશ્રીએ સ્વીકારી તેનો અમલ કર્યાની નોંધ લેવા બાબત :

વિનયન વિદ્યાશાખા	વાણિજ્ય વિદ્યાશાખા	વિજ્ઞાન વિદ્યાશાખા
(૧) એડવર્ટાઇઝિંગ સેલ્સ મૅનેજમેન્ટ	(૧) ઑફિસ મૅનેજમેન્ટ ઍન્ડ સેક્રેટરિયલ પ્રેક્ટિસ	(૧) ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી
(૨) ઑફિસ મૅનેજમેન્ટ ઍન્ડ સેક્રેટરિયલ પ્રેક્ટિસ	(૨) કૉમ્પ્યુટર એપ્લિકેશન	(૨) ઇન્ડ. માઇક્રોબાયોલોજી
(૩) કોમ્યુનિકેટિવ અંગ્રેજી	(૩) ફોરેન ટ્રેડ પ્રેક્ટિસ ઍન્ડ પ્રોસિજર	(૩) બાયો ટેક્નોલોજી.
	(૪) ટેક્ષ પ્રોસિજર ઍન્ડ પ્રેક્ટિસ	
	(૫) પ્રિન્સિ. ઍન્ડ પ્રેક્ટિસ ઑફ ઇન્સ્યોરન્સ.	

કુલપતિશ્રીના ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૬૮. ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી તરફથી મહેમદાવાદ ખાતે જૂન, ૧૯૯૫થી આર્ટ્સ અને કૉમર્સ વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટે આવેલ અરજી પરત્વે નીમવામાં આવેલ નીડ તથા સ્થાનિક તપાસ સમિતિના હેવાલ પર તા. ૧૭-૫-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત (ઍકા. બા.ક. ૧૨) :

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત નીડ તથા સ્થાનિક તપાસ સમિતિના હેવાલનો સ્વીકાર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

તા. ૧૭-૫-૧૯૯૫ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો.

(સ્થાનિક તપાસ સમિતિ તથા નીડ કમિટીના હેવાલની નકલ **પરિશિષ્ટ "ય"** તરીકે સામેલ છે.)

૬૯. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક : જી.એચ.એસ.-૧૦૯૪-૨૮૪૨-ત, તા. ૧૭-૧૦-૧૯૯૪થી રાજ્યની તબીબી સેવાઓમાં ફરજ બજાવતા અધિકારીઓ માટે સમયબદ્ધ બઢતીનો લાભ આપવાનું ઠરાવવામાં આવેલ છે તે ઠરાવનો લાભ ગુજરાત યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્રના ડૉક્ટરને આપવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ અંગે ઘટતો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૭૦. ઇન્ટરનેશનલ કૉમ્યુનિટી એજ્યુકેશન ઍસોસિયેશન (એશિયન રીજિયન)ની આઠમી આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સ થાઇલેન્ડ ખાતે જુલાઈ ૩૧થી ઑગસ્ટ ૪, ૧૯૯૫ દરમિયાન મળનાર છે તેમાં હાજરી આપવા કુલપતિશ્રીને નિમંત્રણ મળેલ છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઇન્ટરનેશનલ કૉમ્યુનિટી એજ્યુકેશન ઍસોસિયેશન (એશિયન રીજિયન)ની આઠમી આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સ થાઇલેન્ડ ખાતે જુલાઈ ૩૧થી ઑગસ્ટ ૪, ૧૯૯૫ દરમિયાન મળનાર છે તેમાં કુલપતિશ્રી પ્રો. એન. વી. વસાણીને યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે મોકલવા તથા તે અંગેની રજિસ્ટ્રેશન ફી, ઈન્ટરનેશનલ ટ્રાવેલ્સ તથા અન્ય આનુષંગિક ખર્ચ મંજૂર કરવો.

૭૧. શ્રી. અરવિંદ શાહ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી તરફથી આવેલ નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"સમાજમાં મોંઘવારી ઘણી જ વધી ગયેલ હોઈ યુનિવર્સિટીએ વિવિધ કામો માટે મહેનતાણાના દરો સુધાર્યા છે તે નજર સમક્ષ રાખીને ત્રીજા વર્ગના હંગામી-રોજિંદા કર્મચારીને રોજના રૂ. ૭૦ તથા ચોથા વર્ગના કર્મચારીને રૂ. ૫૦ તથા ફિક્સ પગારવાળા ત્રીજા વર્ગના કર્મચારીને માસિક રૂ. ૧૫૦૦ તથા ચોથા વર્ગના કર્મચારીને રૂ. ૧૦૦૦ તા. ૧-૪-૧૯૯૫થી ચૂકવવાનું આ સભા ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા સ્થાયી સમિતિમાં કરવાનું રાખવું, સ્થાયી સમિતિની ભલામણ આગામી સભા સમક્ષ રજૂ કરવી.

૭૨. શ્રી. અરવિંદ શાહ, એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી તરફથી આવેલા નીચેના પ્રસ્તાવ પર વિચારણા કરવા બાબત :

"એસ.એસ.સી. તથા સાદા સ્નાતક કર્મચારીઓને "સરખું કામ સરખું વેતન" સિદ્ધાંત મુજબ એક જ તારીખે નોકરીમાં જોડાયેલ સ્નાતક (ઓનર્સ) કર્મચારીની સમકક્ષ આ સાથે બીડેલ તા. ૨૮-૧૨-૧૯૮૨ના રોજ મળી ગયેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાએ બાબત-૩૧ ઉપર સર્વાનુમતે ઠરાવ પસાર કરીને ૧૦૯ જેટલા કર્મચારીઓને થયેલ અન્યાય દૂર કર્યો હતો અને આ ઠરાવથી જે તે કર્મચારીને મળેલ ઇજાફાનો લાભ તેમના પગારમાં યુનિવર્સિટીએ તેઓ નિવૃત્ત થયા ત્યાં સુધી આપ્યો છે અને જેઓ સેવામાં ચાલુ છે તેમને આપ્યે જાય છે, પણ ઇ.સી.ના આ ઠરાવની મંજૂરી યુનિવર્સિટીએ ૧૩ વર્ષ વીતી ગયાં હોવા છતાં રાજ્ય સરકાર પાસે મેળવી નહીં હોવાથી આ યાદીમાંના કર્મચારીઓ જેમ જેમ નિવૃત્તિના આરે પહોંચતા જાય છે તેમ તેમ રાજ્ય સરકાર કેટલાકના કેસમાં હજારો રૂપિયામાં અને કેટલાકના કેસમાં લાખો રૂપિયામાં તેમને મળતા નિવૃત્તિ લાભોમાંથી રીકવરી કરેલ છે અને કર્યે જાય છે. સાથેની યાદીમાંથી હાલમાં ૬૯ જેટલા કર્મચારીઓ હાલ સેવામાં ચાલુ છે. રાજ્ય સરકાર તેમની નિવૃત્તિ વખતે જેટલી રકમ રીકવર કરે તેટલી રકમ તેમને યુનિવર્સિટી તરફથી ચૂકવી આપવાનું તથા તે રકમ રીકવર થવાને કારણે બેઝિક પગાર જેટલો ઓછો નિયત થાય અને તેને કારણે પેન્શનની રકમ જેટલી ઓછી મળે તેટલી રકમનું પેન્શન પણ યુનિવર્સિટી તરફથી અલગ રીતે તે ૬૯ કર્મચારીઓને ચૂકવી આપવાનું આ સભા ઠરાવે છે."

ઉપરોક્ત પ્રસ્તાવ ઉપર લંબાણપૂર્વક ચર્ચાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ અંગે નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

નં. એક્ઝિ. કાઉન્સિલ ૧૪૮૦૨/૧૯૯૫
ગુજરાત યુનિવર્સિટી,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯
તા.૧૦-૧૦-૧૯૯૫

એમ. એસ. શાહ
કાર્યકારી કુલસચિવ

પરિશિષ્ટ 'ક/૧'

કામકાજ ક્રમાંક ૨(૩)

જૂન, ૧૯૯૨, ૧૯૯૩ અને ૧૯૯૪થી ચાલુ જોડાણ માટે કૉલેજો તરફથી આવેલ અરજીઓની યાદી

ક્રમ	કૉલેજનું નામ	વિષય	જોડાણનો પ્રકાર	જોડાણની મુદત
૧	૨	૩	૪	૫
૧.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (સ્પે.)માં ઇલેક્ટ્રોનિક્સ	ચાલુ એડહોક	તા. ૧૫-૬-૧૯૯૨ થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધી
૨.	એસ.એલ.યુ. આર્ટ્સ એન્ડ એચ. પી. ઠાકોર કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ, બિઝનેસ મૅનેજમેન્ટ, ઍડ. સ્ટેટિસ્ટિક્સ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.	"	"
૩.	અમદાવાદ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (ગૌણ)માં ભૂગોળ, તત્ત્વજ્ઞાન તથા બી.કૉમ. (મુખ્ય)માં ઍડ.ઍકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર	"	"
૪.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી	બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર	"	તા. ૧૫-૬-૧૯૯૩ થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધી
૫.	મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	"	"
૬.	વિવેકાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	"	"
૭.	કૉમર્સ કૉલેજ, ડભોઈ	"	"	"
૮.	વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	"	"
૯.	વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટ	"	"
૧૦.	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (ગૌણ)માં રિફેન્સ સ્ટડીઝ	"	"
૧૧.	વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (મુખ્ય)માં આંકડાશાસ્ત્ર,. બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	"	"
૧૨.	આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા	બી.એસસી. (સ્પે.)માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર; બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી	"	"
૧૩.	પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ	બી.કૉમ. (મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટ અને આંકડાશાસ્ત્ર, બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	"	તા. ૧૫-૬-૧૯૯૪ થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધી
૧૪.	આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	"	"
૧૫.	નવગુજરાત આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (ગૌણ)માં રિફેન્સ સ્ટડીઝ	"	"
૧૬.	નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (ગૌણ)માં ઍકા., બિઝનેસ મૅનેજમેન્ટ	"	"

પરિશિષ્ટ 'ક/૨'

કામકાજ ક્રમાંક ૨(૮)

જૂન, ૧૯૯૫થી ચાલુ-વધારાના જોડાણ મેળવવા માટે, આવેલ અરજીઓની યાદી

ક્રમ	કૉલેજનું નામ	વર્ષ-વિષય	જોડાણ
૧	૨	૩	૪
૧.	સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર	તૃતીય વર્ષ એલએલ.બી. (ડીટીપી, ડીએલપી)	ચાલુ વધારાનું
૨.	એફ. ડી. આર્ટ્સ કૉલેજ, ફૉર વિમેન, અમદાવાદ	થર્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી અર્થશાસ્ત્ર, હિંદી, અંગ્રેજી, ઉર્દૂ, ગૃહવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં પર્શિયન, સંસ્કૃત, અરેબિક, રાજ્યશાસ્ત્ર, મનોવિજ્ઞાન, ઇસ્લામિક કલ્ચર, ઇન્ડિયન કલ્ચર અને ઇતિહાસ, કૉમ્પ્યુટર મેથડ્સ	ચાલુ
૩.	શ્રી. જયઅંબે લલિતાબહેન કોટેચા આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કાંકણપુર	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર, ઇતિહાસ; બી.એ. (ગૌણ)માં હિંદી, અર્થશાસ્ત્ર; ફર્સ્ટ બી.કૉમ., સેકન્ડ બી.કૉમ.માં ઍડ.ઍકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર	ચાલુ
૪.	આર. ડી. શાહ આર્ટ્સ અને વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર	વધારાનું
૫.	એસ. વી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, માંડવી	બી.કૉમ. (ગૌણ)માં સહકાર	વધારાનું
૬.	ડી. સી. એમ. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વિરમગામ	બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, હિંદી, ગૃહવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ; બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ
૭.	આર. એચ. પટેલ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિંદી, ઇતિહાસ, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર; બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ અને આંકડાશાસ્ત્ર	ચાલુ
૮.	આદિવાસી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, સંતરામપુર	બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્ર, અંગ્રેજી, ગૃહવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ, આંકડાશાસ્ત્ર, ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ઉર્દૂ, રિફેન્સ સ્ટડિઝ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર	ચાલુ
૯.	એમ. પી. આર્ટ્સ અને એમ. એચ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ફર્સ્ટ બી.એ.માં ગુજરાતી, હિંદી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; ફર્સ્ટ બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, પ્રાકૃત, ભૂગોળ; ફર્સ્ટ બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. ઍકા. અને ઑડિટિંગ, બૅન્કિંગ ઍન્ડ ફાઇનાન્સ, ઍડ. સ્ટેટિસ્ટિક્સ; ફર્સ્ટ બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.; સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હીંદી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; સેકન્ડ બી.એ. (ગૌણ)માં અંગ્રેજી, માનસશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, સંસ્કૃત, ભૂગોળ, કૉમ્પ્યુટર સાયન્સ; સેકન્ડ બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. ઍકા. અને ઑડિટિંગ, ઍડ. સ્ટેટ., બૅન્કિંગ ઍન્ડ ફાઇનાન્સ; સેકન્ડ બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.	વધારાનું
૧૦.	આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ખંભાત	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ, બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ	ચાલુ વધારાનું

૧	૨	૩	૪
૧૧.	સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. ઍક્ષ. ઍન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં ઍડ. સ્ટેટિસ્ટિક્સ, એસ.પી., કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ
૧૨.	કે. સી. સેઠ આર્ટ્સ કૉલેજ, બીરપુર	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, સંસ્કૃત; બી.એ. (ગૌણ)માં અંગ્રેજી	વધારાનું
૧૩.	આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, સંખેડા	બી.એ. (ગૌણ)માં અંગ્રેજી	ચાલુ
૧૪.	એચ. એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ
૧૫.	કોઠંબા આર્ટ્સ કૉલેજ, કોઠંબા	ફર્સ્ટ બી.એ. ચાલુ; સેકન્ડ બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, ગુજરાતી, હિંદી; બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર	વધારાનું
૧૬.	તોલાણી આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર	બી.એ. (પ્રિન્સિ.)માં સિંધી, ઇતિહાસ; બી.એસસી. (સ્પે.)માં માઇક્રોબાયોલોજી	ચાલુ વધારાનું
૧૭.	સી. આર. ગાડી આર્ટ્સ કૉલેજ, મુનપુર	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિંદી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં ભૂગોળ	ચાલુ
૧૮.	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	બી.એ. (ગૌણ)માં તત્ત્વજ્ઞાન	ચાલુ
૧૯.	શેઠ પી. ટી. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર	વધારાનું
૨૦.	સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (સ્પે.)માં બોટની અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	
૨૧.	તોલાણી ફાર્મસી કૉલેજ, આદિપુર	ડિપ્લોમા ઇન ફાર્મસી	
૨૨.	નવજીવન આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દાહોદ	વિભાગીકરણની અરજી	
૨૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	બી.એ. (મુખ્ય)માં અર્થશાસ્ત્ર, બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર	
૨૪.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઓડ	ફર્સ્ટ/સેકન્ડ બી.એ., બી.કૉમ. ચાલુ; થર્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સમાજશાસ્ત્ર; સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી, સંસ્કૃત; બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર; થર્ડ બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ	વધારાનું
૨૫.	સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, હિંદી, ઇતિહાસ; બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.	ચાલુ
૨૬.	શ્રીમતી એ. પી. પટેલ આર્ટ્સ ઍન્ડ સ્વ. એન્. પી. પટેલ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, ગુજરાતી, હિંદી, સંસ્કૃત, ઇતિહાસ, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, કૉમ્પ્યુટર સાયન્સ, રિફ્રેન્સ સ્ટડિઝ; બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., સ્ટેટિસ્ટિક્સ, કૉમ્પ્યુટર સાયન્સ	
૨૭.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ (જિ. પંચમહાલ)	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, સમાજ-શાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન, બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, એસ.પી.	ચાલુ
૨૮.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ	બી.એ. (ગૌણ)માં અર્થશાસ્ત્ર, બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી	વધારાનું વધારાનું

૧	૨	૩	૪
૨૯.	ભક્ત વલ્લભધોળા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં હિંદી, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ઇતિહાસ, સંસ્કૃત અને રાજ્યશાસ્ત્ર; બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ, ઍડ. સ્ટેટિસ્ટિક્સ	
૩૦.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ	બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન	વધારાનું
૩૧.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દવગઢબારિયા	બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ	વધારાનું
૩૨.	આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ, બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ, બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	વધારાનું
૩૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી	બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન, બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર	ચાલુ
૩૪.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઝાલોદ	બી.એ. (પ્રિન્સિ.)માં અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, સંસ્કૃત; બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી	ચાલુ
૩૫.	આર્ટ્સ કૉલેજ, લિમખેડા	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, ઇતિહાસ	ચાલુ
૩૬.	આર્ટ્સ કૉલેજ, આંકલાવ	ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી, ગુજરાતી, અર્થશાસ્ત્ર; સેકન્ડ બી.એ. (ગૌણ)માં સંસ્કૃત	ચાલુ વધારાનું
૩૭.	રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	(હિંદી અને ગુજરાતી માધ્યમની કૉલેજ) સેકન્ડ બી.એ./બી.કૉમ. ચાલુ, થર્ડ બી.એ. (પ્રિન્સિ.)માં હિંદી, ગુજરાતી માનસશાસ્ત્ર; થર્ડ બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર	વધારાનું
૩૮.	પી. ડી. પંડ્યા મહિલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., ઍડ. સ્ટેટિસ્ટિક્સ	ચાલુ
૩૯.	નર્સિંગ કૉલેજ, અમદાવાદ	બેઝિક બી.એસસી. નર્સિંગ	ચાલુ
૪૦.	ટી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરેલી	બી.એ. (મુખ્ય)માં હિંદી, બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ
૪૧.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ	બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન, સંસ્કૃત, માનસશાસ્ત્ર	ચાલુ
૪૨.	મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગર	ફર્સ્ટ બી.એ. ચાલુ, સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન, અંગ્રેજી; સેકન્ડ બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, સમાજશાસ્ત્ર	વધારાનું
૪૩.	એમ. ઍન્ડ વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી	વધારાનું
૪૪.	ફિઝિકલ એજ્યુકેશન કૉલેજ, મહેમદાવાદ	પ્રથમ વર્ષ બી.પી.ઍડ. ચાલુ, બી.પી.ઍડ. (દ્વિતીય વર્ષ)	વધારાનું
૪૫.	સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ	ચાલુ
૪૬.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, સંસ્કૃત, હિંદી; બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ, બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ
૪૭.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર	બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, માનસશાસ્ત્ર, ઇતિહાસ, મનોવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન; બી.એ.	

૧	૨	૩	૪
		(ગૌણ)માં અંગ્રેજી, સહકાર, આંકડાશાસ્ત્ર; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર, કૉમ્પ્યુટર સાયન્સ	
૪૮.	સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ	ચાલુ
૪૯.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	બી.એ. (પ્રિન્સિ.)માં ઇતિહાસ	વધારાનું
૫૦.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દહેગામ	બી.એ. (પ્રિન્સિ.)માં મનોવિજ્ઞાન, બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ
૫૧.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ
૫૨.	આર્ટ્સ કૉલેજ, માલવણ	બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર, હિંદી; બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન,	ચાલુ
		બી.એ. (મુખ્ય)માં ઇતિહાસ	વધારાનું
૫૩.	આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભાદરણ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ	વધારાનું
૫૪.	આર્ટ્સ, ઍન્ડ કૉમર્સ કૉલેજ, સાવલી	બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી, મનોવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં હિંદી, બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર	
૫૫.	સરકારી ઇજનેરી કૉલેજ, ભુજ	ફર્સ્ટ ઇયર બી.ઈ., સેકન્ડ ઇયર બી.ઈ. ઇલેક્ટ્રિકલ મિકેનિકલ	
૫૬.	સરકારી ઇજનેરી કૉલેજ, ગાંધીનગર	ફર્સ્ટ ઇયર બી.ઈ., સેકન્ડ ઇયર બી.ઈ. કેમિકલ ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કેન્ટસેલ	
૫૭.	ફિઝિકલ એજ્યુકેશન કૉલેજ, મહેમદાવાદ	પ્રથમ વર્ષ બી.પી.ઍડ. ચાલુ, દ્વિતીય વર્ષ બી.પી.ઍડ.	વધારાનું
૫૮.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વસો	ફર્સ્ટ/સેકન્ડ/બી.એ./બી.કૉમ., થર્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર સંસ્કૃત અને હિંદી; બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર; થર્ડ બી.કૉમ.માં ઍડ./ઍકા./ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર અને બિઝનેસ મૅનેજમેન્ટ	ચાલુ
૫૯.	આર્ટ્સ, કૉમર્સ કૉલેજ, સાવલી	બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર, બી.એ. (પ્રિન્સિ.)માં ગૃહવિજ્ઞાન, બી.એ. (મુખ્ય); અંગ્રેજી, મનોવિજ્ઞાન, બી.એ. (ગૌણ)માં હિંદી, બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર	ચાલુ
૬૦.	કૉમર્સ કૉલેજ, પેટલાદ	બી.કૉમ. (મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટ, આંકડાશાસ્ત્ર; બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ
૬૧.	આર્ટ્સ કૉલેજ, પાવિજેતપુર	થર્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી; બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર, હિંદી	ચાલુ
૬૨.	આર્ટ્સ-કૉમર્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ખંભાત	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	
૬૩.	એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ
૬૪.	મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ	ચાલુ

પરિશિષ્ટ '૬/૩'

ક્રમાંક ૨(૨૧)

Treatment of portion of Dearness Allowance and Dearness Pay for purpose of Death-cum-Retirement Gratuity.

Government of Gujarat
Resolution No. NVT-1194/GOI/12/PI
Sachivalaya, Gandhinagar
Dated the 19th August, 1994

Read : 1. NVT-1187-GOI-41 (2)/PI dated 31-7-1987
2. GOI OM No. 7/2/93 P & PW (D) dated 19-10-1993
3. GOI OM No. 7/2/93 P & PW (D) dated 6-4-1994

RESOLUTION

At present the Death-cum-Retirement Gratuity admissible to the State Government employees is worked out on the basis of last pay drawn as defined under rule 9(39) (A) (1) of the BCSRs Vol. I, which a Government employee was drawing immediately before his retirement/death. After careful consideration, Government has decided that State Government employees who retire or die on or after 16-9-1993, a portion of the Dearness Allowance as linked to average CPI of 729.91 prevailing as on 1-3-1988, i.e. 20% of basic pay shall be treated as Dearness Pay. This Dearness Pay shall count for reckoning pay for the purpose of Death-cum-Retirement Gratuity.

2. Para 3.3 of the GR dated 31-7-1987 referred to at Sr. No. (1) in the preamble shall stand modified to this extent for the purpose of Death-cum-Retirement Gratuity.

3. The following clarifications are also made on certain points involved in dealing with the cases of Death-cum-Retirement Gratuity :

(a) 20% of basic pay should be treated as Dearness Pay for the purpose of reckoning Death-cum-Retirement Gratuity irrespective of different pay ranges existing for payment of Dearness Allowance.

(b) The existing maximum limit of the Gratuity, i.e. 16.5 times of pay or Rs. one lakh, whichever is less, shall not change.

(c) Gratuity should be calculated on the basis of pay as defined under rule 9(39) (A) (1) of the BCSRs Vol. I, 1959, which a Government employee was drawing immediately before his retirement/death, i.e. 20% of basic pay drawn by the employee at the time of retirement/death.

4. The department concerned should instruct Heads of Department/Heads of Offices under its control to forward Service Books of employees who have retired on or after 16th September, 1993 to the Director of Pension and Provident Fund, Gujarat State, Ahmedabad, for issue of revised Gratuity orders within a period of two months.

By order and in the name of the Governor of Gujarat,

A. C. SHAH
Deputy-Secretary to Government
Finance Department

All Association Government Servants recognised by Government.
All Associations of Retired Government Servants.
All Associations of Employees of Panchayat Services.

Treatment of portion of Dearness Allowance and Deafness Pay for the purpose of Death-cum-Retirement Gratuity.

Government of Gujarat
Finance Department
Addendum No. NVT-1194/GOI/12/PI
60 (P)

Sachivalaya, Gandhinagar
Dated.....1995

Read : G.R.F.D. No.NVT-1194/GOI/12/Pl, dated 19-8-1994.

ADDENDUM

The words 'Assistant Examiner, Local Fund Accounts', may be inserted after the existing words 'The Director of Pension and Provident Fund, Gujarat State, Ahmedabad' in para 4 of the Government Resolution referred to in the preamble.

The following para may be inserted as para 5 in the above cited Government Resolution.

5. These orders will apply to all employees of State Government, Panchayats employees, Secondary & Higher Secondary teaching and non-teaching staff and non-government grant-in-aid schools/colleges, universities and all other employees to whom the state pension scheme has been made applicable and pension scheme is in force.

By order and in the name of Governor of Gujarat,

(C. N. Patel)
Under Secretary to Government

Copy to :
The Registrar of all Universities of State.

પરિશિષ્ટ 'ક/૪'

કામકાજ ક્રમાંક ૨ (૨૪)

બી.એડ્.માં પ્રવેશ માટેના નિયમો

૧૯૯૫-૯૬

નોંધ.–સદર નિયમોનો અમલ જૂન, ૧૯૯૫થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટેના પ્રવેશથી થશે.

૧. પ્રવેશ અરજીઓની સ્વીકૃતિ અંગે :

(ક) એક પ્રવેશાર્થીએ એક જ પ્રવેશપત્ર ભરવું. એકથી વધારે પ્રવેશપત્ર ભરનાર પ્રવેશાર્થીનાં પ્રવેશપત્રો રદ થવાને પાત્ર છે.

(ખ) અરજીપત્રક સંપૂર્ણ ભરીને **બી.એડ્. પ્રવેશસમિતિ, મનોવિજ્ઞાન ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯–એ સરનામે જ નિયત કરેલી છેલ્લી તારીખ સુધીમાં મોકલવું. અન્યત્ર મોકલાયેલાં પ્રવેશપત્રો સ્વીકારાશે નહીં.**

(ગ) પ્રવેશપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ પછી રૂબરૂ કે ટપાલ દ્વારા આવેલાં પ્રવેશપત્રો માન્ય રાખવામાં આવશે નહીં.

(ઘ) અધૂરી અને / અથવા વિરોધાભાસી વિગતો ભરેલાં અરજીપત્રક રદ થશે.

(ચ) સ્નાતક થયેલા અથવા ચાલુ વર્ષે ફક્ત ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતકની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પ્રવેશપત્ર ભરી શકશે. ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતક પરીક્ષા આપનાર ઉમેદવારે તેના પરિણામ બાદ યુનિવર્સિટી ગુણપત્રકો જે તારીખે જે તે કૉલેજને મોકલે તે તારીખથી દિન દસમાં પોતાના ગુણપત્રકની પ્રમાણિત ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે. ચાલુ વર્ષે પરીક્ષામાં બેસનાર પ્રવેશાર્થીએ પ્રવેશપત્રની સાથે સ્નાતક કક્ષાએ જે મુખ્ય વિષય રાખ્યો હોય તે દર્શાવતું કૉલેજના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

(છ) પ્રવેશાર્થીએ અરજીપત્રક સાથે જરૂરી પ્રમાણપત્રો/ગુણપત્રકોની નકલો બીડેલી હોવી જોઈશે. વિષયો દર્શાવતું પાસિંગ સર્ટિફિકેટનું અડધિયું, ગુણપત્રક સાથે જોડેલું રાખીને ઝેરોક્ષ કરાવી મોકલવું જરૂરી છે. યોગ્ય અધિકારી હોય તેના સહી/સિક્કા ઝેરોક્ષ ખરી નકલ પર કરાવવા ફરજિયાત છે. જે યુનિવર્સિટીના માર્કશીટના પાછળના ભાગમાં વિષયો કે ગ્રેડના કોડ હોય તેઓએ માર્કશીટની બંને બાજુની ઝેરોક્ષ મોકલવી.

(જ) અન્ય યુનિવર્સિટીના પ્રવેશાર્થીઓ તેમ જ ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતક ડિગ્રી લીધા પછી અન્ય યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કરેલ હોય તેવા પ્રવેશાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટીમાંથી ૧૯૯૫-૯૬ માટેનું પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી તેની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અરજીપત્રક સાથે અવશ્ય જોડવાની રહેશે. પ્રવેશ અરજીની સાથે જ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ જોડવાનું રહેશે.૧૦+૨+૩ની પેટર્નમાં સ્નાતક થયેલાઓએ એલિજિબિલિટી મેળવવા ધો. ૧૨ તથા સ્નાતકનાં ગુણપત્રકો અને પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અસલની સાથે ગુજરાત યુનિવર્સિટીમાં જે તે વિભાગમાં રજૂ કરવાની રહેશે. ૧૧+૪ પેટર્નવાળાએ ધો. ૧૧ તથા સ્નાતકના પ્રમાણપત્ર/ગુણપત્રકની પ્રમાણિત નકલ અસલની સાથે જોડવાની રહેશે. તેવી જ રીતે ૧૦+૨+૨ પેટર્નવાળાએ જે તે યુનિવર્સિટીના સ્નાતક/અનુસ્નાતક પ્રમાણપત્રની તથા ગુજરાત યુનિવર્સિટીના છેલ્લા વર્ષના ગુણપત્રકની પ્રમાણિત નકલ અસલની સાથે રજૂ કરવાની રહેશે.

યુ.જી.સી. માન્ય યુનિવર્સિટીના સ્નાતક/અનુસ્નાતક ઉમેદવારો પ્રવેશપાત્ર ગણાશે. પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવવા માટે પ્રવેશસમિતિ સાથે પત્રવ્યવહાર કરવો નહિ.

પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટની નકલ વગરનું પ્રવેશપત્ર આપોઆપ અમાન્ય ઠરે છે. આ માટે પ્રવેશસમિતિ પત્રવ્યવહાર કરશે નહીં. આ સર્ટિફિકેટ ૧૯૯૫-૯૬ની સાલ માટેનું નહિ હોય તો પ્રવેશપત્ર અમાન્ય થશે.

૨. બેઠકોની ફાળવણી :

(ક) પ્રવેશાર્થીઓ પૈકી જેઓ પ્રવેશના વર્ષના અગાઉનાં વર્ષોમાં સ્નાતક થયા હશે તેમને કૉલેજની કુલ બેઠકો પૈકી ૯૦ ટકા બેઠકો ફાળવવામાં આવશે.

(ખ) બાકીની ૧૦ ટકા બેઠકો ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી જ સ્નાતકની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર પ્રવેશાર્થીઓને ફાળવવામાં આવશે.

૩. પ્રદેશ મુજબ અનામત અને બિનઅનામત બેઠકોની ફાળવણી :

(ક) ગુજરાત યુનિવર્સિટી સાથેની હાલ જિલ્લાની સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક કે અનુસ્નાતક થયેલા અનામત કે બિનઅનામત વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછા ૭૫ ટકા વિદ્યાર્થીઓ તે જ જિલ્લાની બી.એડ્. કૉલેજમાં પ્રવેશપાત્ર રહેશે.

વધુમાં વધુ ૧૫ ટકા બેઠકો ગુજરાત યુનિવર્સિટી સાથે હાલ સંલગ્ન એવી અન્ય જિલ્લાની કૉલેજોમાંથી સ્નાતક કે અનુસ્નાતક થયેલા અનામત કે બિનઅનામત વિદ્યાર્થીઓમાંથી ગુણાનુક્રમે ભરવામાં આવશે. આમ કુલ ૯૦ ટકા બેઠકો ગુજરાત યુનિવર્સિટીની હાલે સંલગ્ન કૉલેજમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે રહેશે.

(ખ) ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓના અરજદારો માટે ૮% (આઠ ટકા) બેઠકો રહેશે. (ઉત્તર ગુજરાત યુનિવર્સસિટી સાથે હાલ જે સંલગ્ન કૉલેજો છે તે કૉલેજોમાંથી હાલ કે અગાઉ સ્નાતક કે અનુસ્નાતક થનાર પ્રવેશાર્થીઓનો આ આઠ ટકામાં સમાવેશ થશે.)

(ગ) રાજ્ય બહારની અને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય કરેલ યુનિવર્સિટીમાંથી સ્નાતક કે અનુસ્નાતક થનાર પ્રવેશાર્થીનું પ્રમાણ વધુમાં વધુ ૨ (બે) ટકા રહેશે.

(ઘ) અનામત બેઠકોનું પ્રમાણ ગુજરાત યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર જાળવવામાં આવશે. અનામત બેઠકની કોઈ પણ કક્ષામાં પ્રવેશ મેળવવા માગતા પ્રવેશાર્થીએ ગુજરાત સરકારના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે જોડવાનું રહેશે. અધિકૃત પ્રમાણપત્ર નહિ હોય તો તેવા પ્રવેશાર્થીને બિનઅનામત કેટેગરીમાં મૂકવામાં આવશે. આનામત જગ્યાઓ ગુજરાત રાજ્યના ઉમેદવારોમાંથી જ ભરવામાં આવશે. ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર સામાજિક અને શૈક્ષણિક પછાતવર્ગની પ્રત્યેક કૉલેજમાં ૧૭ ટકા અને આર્થિક પછાતવર્ગની ૨ ટકા જગાઓ સંખ્યાધિક જગાઓ તરીકે પ્રત્યેક કૉલેજમાં પૂરવામાં આવશે. અનામત જગાઓ ગુજરાત યુનિવર્સિટી અને ગુજરાત સરકારના આદેશ અનુસાર ભરવામાં આવશે.

૪. જિલ્લાનું અર્થઘટન :

(ક) માધ્યમિક કક્ષાના વિષયો માટે પ્રવેશાર્થીએ જે જિલ્લાની કૉલેજમાંથી સ્નાતક પરીક્ષા પસાર કરી હશે તે તે જિલ્લાનો ગણાશે. તે જ રીતે ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિષયોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા પ્રવેશાર્થીએ અનુસ્નાતક પરીક્ષા જે જિલ્લામાંથી ઉત્તીર્ણ કરી હશે તે તે જિલ્લાનો ગણાશે.

(ખ) ગુજરાત યુનિવર્સિટીમાંથી એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે સ્નાતક કે અનુસ્નાતક પરીક્ષા ઉત્તીર્ણ કરનાર પ્રવેશાર્થી જો અમદાવાદ, ગાંધીનગર, ખેડા, કચ્છ, પંચમહાલ કે વડોદરા જિલ્લાના વતની હોય અને પોતાના જિલાલાની બી.એડ્. કૉલેજમાં પ્રવેશનો લાભ મેળવવા માગતા હોય તો તેમણે પોતાના વતનના જિલ્લાના સક્ષમ અધિકારીનું અધિનિવાસ (domicile)નું નિયત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. માધ્યમિક શાળાના વિષયોમાં સ્નાતક થયેલા એક્સટર્નલ ઉમેદવારો તેમ જ ઉચ્ચેતર માધ્યમિક શાળાના વિષયોમાં એકસ્ટર્નલ અનુસ્નાતક થયેલ ગુજરાત યુનિવર્સિટીના ઉમેદવારોને આ લાભ મળશે.

(ગ) ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજમાંથી સ્નાતક કે અનુસ્નાતક થયેલી બહેનોએ પ્રવેશ-અરજી સાથે અધિનિવાસ (domicile) પ્રમાણપત્ર જોડેલું હશે તો જ તેમને જે તે જિલ્લામાં મેરિટ અનુસાર પ્રવેશ આપવામાં આવશે.

(ઘ) જિલ્લાના કાયમી વતની પુરુષ સાથે લગ્ન કરેલ હોય તેવી સ્ત્રી-પ્રવેસાર્થીએ કે જેમણે જિલ્લા બહારની કૉલેજ કે યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની પદવી મેળવી હોય તેમણે અરજીપત્રક સાથે લગ્નનું અધિકૃત પ્રમાણપત્ર અથવા પ્રથમ કક્ષાના મેજિસ્ટ્રેટ સમક્ષનું સોગંદનામું અને પતિનું અધિનિવાસ (domicile) પ્રમાણપત્ર જોડેલું હશે તો જ તેમને જે તે જિલ્લાનો લાભ મળી શકશે.

નોંધ.– જે પ્રવેશાર્થીઓની માતૃભાષા ગુજરાતી નહીં હોય, તેઓ ગુજરાતી ભાષામાં વ્યાખ્યાનો સમજવાની, ચર્ચામાં ભાગ લેવાની, કૉલેજોના એસાઇનમેન્ટ કરવાની તથા શાળાઓમાં અધ્યાપનકાર્ય કરવાની પર્યાપ્ત ક્ષમતા ધરાવતા નહીં હોય તો આચાર્યને પ્રવેશ રદ કરવાની સત્તા રહેશે. આચાર્યે આવા કિસ્સામાં પ્રવેશ રદ કર્યાની જાણ પ્રવેશસમિતિને કરવાની રહેશે.

૫. મેરિટ ગુણની ગણતરી બાબત :

(ક) પ્રવેશાર્થીએ પ્રવેશપત્ર ભરતી વખતે જે પરીક્ષા પસાર કરી હશે તે ગુણાંક પરથી જ મેરિટ ગણવામાં આવશે. અનુસ્નાતક પરીક્ષાનું પરિણામ બાકી હોય તો ફોર્મ ભર્યા બાદ એ ગુણ ઉમેરવામાં આવતા નથી.

(ખ) ગુણવત્તા યાદી (Merit list) તૈયાર કરવા માટે નીચે પ્રમાણે ગુણાંકન (Merit Marks) ગણાશે :

(૧) ટી.વાય. (સ્નાતક) પરીક્ષાના ફક્ત એક્સ્ટર્નલ (External) ગુણોના ટકા.

(૨) સ્નાતક કક્ષાએ જે મુખ્ય વિષય લીધો હોય તે જ વિષયમાં ઓછામાં ઓછાં ચાર પેપર અનુસ્નાતક કક્ષાએ લીધાં હોય અને અનુસ્નાતક પ્રથમ અને દ્વિતીય એમ બંને ભાગની પરીક્ષાઓમાં પાસ થયેલ હોય તો કુલ ગુણના ૨૦ ટકા ઉમેરવામાં આવશે.

(૩) પ્રત્યેક સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમ માટે નિયત થયેલા પ્રયત્નો કરતાં જેટલા પ્રયત્નો વધુ થયા હોય તેવા વધારાના પ્રત્યેક પ્રયત્ન માટે એક ગુણાંક (મેરિટ માર્ક્સ) કપાત કરવામાં આવશે. વધુમાં વધુ પાંચ ગુણાંક કાપી શકાશે. વચ્ચે પરીક્ષા ન આપી હોય તેવા કિસ્સામાં આચાર્યનું પ્રથમ પ્રયત્નનું પ્રમાણપત્ર સામેલ રાખવું.

(૪) સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ પ્રાપ્ત કરેલ આંતરિક ગુણ (Internal marks) મેરિટ ગુણમાં ગણાશે નહિ.

(૫) બે કે તેથી વધુ પ્રવેશાર્થીઓના મેરિટ ગુણ એકસરખા થતા હશે તો તે પ્રવેશાર્થીઓનાં તેમણે પસાર કરેલ (અ) એસ.વાય. પરીક્ષાના ગુણની ટકાવારી ધ્યાનમાં લેવાશે. (આ) આમ છતાં જો બે ઉમેદવારોના ગુણ સરખા થતા હશે તો એફ.વાય. પરીક્ષાના ગુણની ટકાવારી લક્ષમાં લઈ મેરિટને આધારે પ્રવેશ નક્કી કરાશે.

(૬) મેરિટ કાર્ડની કેટલીક વિગતો સાથેનો સ્વીકારપત્ર (acknowledgement) પ્રવેશ પહેલાં પ્રવેશાર્થીને મોકલી આપવામાં આવશે. તેમાં જો કોઈ ક્ષતિ જણાય તો તે અંગેનો લેખિત વાંધો પ્રવેશસમિતિ સમક્ષ દિન સાતમાં નોંધાવવો. એ પછી આવેલ વાંધાઓ ધ્યાનમાં લેવાશે નહીં.

૬. વિષયપદ્ધતિ અનુસાર પ્રવેશ :

(૧) કૉલેજોમાં શીખવવામાં આવતી વિષયપદ્ધતિઓ પૈકીની જે એક વિષયપદ્ધતિમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષયો હોય તેવા પ્રવેશાર્થીઓને એ વિષયપદ્ધતિમાં મેરિટના ક્રમમાં પ્રથમ પ્રવેશ અપાશે.

૧૦+૨+૩ પેટર્નમાં ત્રીજા વર્ષની ડિગ્રી પરીક્ષા અથવા ૧૧+૪ની પેટર્નમાં ચોથા વર્ષની ડિગ્રી પરીક્ષા પસાર કરી હોય તે અથવા ૧૦+૨+૨ની પેટર્નમાં સ્નાતક ડિગ્રી પરીક્ષા પસાર કર્યા બાદ અનુસ્નાતક ડિગ્રી પરીક્ષા પસાર કરી હોય તેવા ઉમેદવારોને સ્નાતક સમકક્ષ ગણીને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

૧૦+૨+૨ની પેટર્નમાં ફક્ત સ્નાતક જ થયેલા વિદ્યાર્થીઓએ જે વિષયમાં ડિગ્રી પરીક્ષા પસાર કરી હોય તે વિષય સાથે આ યુનિવર્સિટી (ગુજરાત યુનિવર્સિટી)ની તૃતીય વર્ષની પરીક્ષા પસાર કર્યા બાદ જ તેવા વિદ્યાર્થીઓ બી.એડ્.માં પ્રવેશપાત્ર બનશે.

(૨) ઉપર (૧) મુજબ પ્રવેશ અપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના મેરિટ ગુણના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ અપાશે.

(૩) ઉપર (૧) અને (૨) મુજબ પ્રવેશ અપાયા બાદ જગ્યાઓ ખાલી રહેશે તો સ્નાતક કક્ષાએ દ્વિતીય ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના મેરિટ ગુણના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ અપાશે.

(૪) ઉપર (૧), (૨) અને (૩) મુજબ પ્રવેશ અપાયા બાદ ખાલી જગ્યા રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય કે ગૌણ વિષયો તરીકે નીચેના વિષયો ધરાવતા હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના મેરિટ ગુણના ક્રમ પ્રમાણે નીચે ગ્રુપ-૨માં જણાવ્યા પ્રમાણેની વિષયપદ્ધતિમાં પ્રવેશ અપાશે; આવો પ્રવેશ આપતી વખતે જિલ્લા અને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર અગ્રિમતા અપાશે.

પરિશિષ્ટ 'ક/૫'

કામકાજ ક્રમાંક ૨ (૨૫)

માહિતીપત્રક

પ્રવેશાર્થીએ નીચેની માહિતી બરાબર વાંચી–સમજીને પછી જ અરજીપત્રક ભરવું. પ્રવેશાર્થી જે શાળામાં કામ કરતા હોય તેના આચાર્યશ્રીએ પણ આ માહિતી વાંચીને જરૂરી પ્રમાણપત્ર આપવું.

૧. પ્રવેશ અંગેની યોગ્યતા :

(ક) ગુજરાત રાજ્યની સરકારમાન્ય પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે હાલ કામ કરતા હોય અને સ્નાતક-અનુસ્નાતક ડિગ્રી ધરાવતા હોય તેમને આ વૅકેશન કોર્સમાં પ્રવેશ માટે પાત્ર ગણવામાં આવશે.

(ખ) પ્રવેશ માટે ઓછામાં ઓછો એક વર્ષનો અનુભવ જરૂરી ગણાશે. અનુભવના પ્રમાણપત્રની ઝેરોક્ષ પ્રમાણિત નકલ બીડેલી હશે તો જ અનુભવ લક્ષમાં લેવાશે. (સેવાપોથીને આધારે)

(ગ) ઉચ્ચતર માધ્યમિક કક્ષાના અભ્યાસક્રમના વિષયોમાં પ્રવેશ લેવા માટે અનુસ્નાતક ડિગ્રી જરૂરી ગણાશે.

૨. સમયગાળો :

મે-જૂનના ઉનાળુ વૅકેશનમાં છ અઠવાડિયાં, ઑક્ટોબર-નવેમ્બર દિવાળી વૅકેશનમાં બે અઠવાડિયાં અને ડિસેમ્બરનાં નાતાલ વૅકેશનમાં એક અઠવાડિયું એમ મળીને નવ અઠવાડિયાંનું એક સત્ર ગણાશે. આ રીતે આખો વૅકેશન કોર્સ બે સત્રનો એટલે કે ૨૪ માસનો ગણાશે. મે, ૧૯૯૫ની બેચમાં પ્રવેશ મેળવનાર તાલીમાર્થી માર્ચ-એપ્રિલ, ૧૯૯૭ની બી.એડ્. પરીક્ષામાં બેસી શકશે.

૩. પ્રવેશ-અરજીઓની સ્વીકૃતિ :

(ક) પ્રવેશ માટેનાં અરજીપત્રકો સ્વીકારવાની ગુજરાત યુનિવર્સિટીએ જે છેલ્લી તારીખ નિયત કરી હશે તે તારીખ પછી રૂબરૂ કે ટપાલ દ્વારા આવેલ પ્રવેશપત્રો માન્ય રાખવામાં આવશે નહિ.

(ખ) પ્રવેશ-અરજીની સાથે જ જરૂરી ગુણપત્રકો અને અનુભવનાં પ્રમાણપત્રોની ઝેરોક્ષ પ્રમાણિત નકલો બીડવી અનિવાર્ય છે. પ્રવેશ-અરજીની સાથે જો ગુણપત્રકો અને અનુભવનાં જરૂરી પ્રમાણપત્રો બીડેલાં નહિ હોય તો પાછળથી કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકાશે નહિ. સર્વિસ બુકની પ્રમાણિત ઝેરોક્ષ નકલ બીડવી અનિવાર્ય છે.

(ગ) જરૂરી ગુણપત્રકો અને પ્રમાણપત્રો વિનાનાં અરજીપત્રકો અમાન્ય થવાથી રદ થવાને પાત્ર થશે. અપૂર્ણ વિગતોવાળાં કે વિસંગત માહિતીવાળાં અરજીપત્રકો રદ થશે.

(ઘ) અરજીપત્ર સંપૂર્ણ રીતે ભરીને મોડામાં મોડા તા. <u>૧૬-૪-૧૯૯૫</u> સુધીમાં <u>કન્વીનરશ્રી, બી.એડ્. વૅકેશન કોર્સ પ્રવેશ સમિતિ, મનોવિજ્ઞાન ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯ને</u> સરનામે રૂબરૂ અથવા રજિસ્ટર્ડ એ.ડી. ટપાલથી પહોંચાડવાનાં રહેશે. આ તારીખ પછી આવેલ ફોર્મ માન્ય રહેશે નહિ.

૪. બેઠકોની ફાળવણી :

(ક) સામાન્યતઃ આ અભ્યાસક્રમમાં ઉચ્ચતર માધ્યમિક શાળાના પ્રવેશાર્થીઓ અને માધ્યમિક શાળાના પ્રવેશાર્થીઓને અગ્રિમતા આપવામાં આવશે. અરજીપત્રકોની સંખ્યા અને માંગ જોઈને પ્રવેશસમિતિ વિવિધ સ્તરના શિક્ષકો માટે બેઠકોની વિષયવાર યોગ્ય ફાળવણી કરશે. જરૂરિયાત અનુસાર વિષયો અને સંખ્યામાં વધારો-ઘટાડો કરવાનો પ્રવેશ સમિતિને અધિકાર રહેશે.

(ખ) ગુજરાત યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો અનુસાર બેઠકોની ફાળવણી દરેક કૉલેજમાં કરવામાં આવશે.

(ગ) પ્રત્યેક કૉલેજમાં કુલ ૧૦૦ બેઠકો પર પ્રવેશ આપવામાં આવશે.

૫. ફીનાં ધોરણો :

(ક) વૅકેશન કોર્સની સત્રદીઠ ટ્યુશન ફી રૂ. ૬૨૫ તેમ જ સ્ટેશનરી ફી અને ટેસ્ટ ફીના રૂ. ૧૦૦ થઈને કુલ રૂ. ૭૨૫ રહેશે, જે કૉલેજની ઑફિસમાં નિયત કરેલ તારીખ સુધીમાં જ જમા કરાવવાની રહેશે.

(ખ) પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે આ અભ્યાસક્રમમાં સરકારશ્રી તરફથી ફી-માફી વગેરે આપવાની કોઈ જોગવાઈ ન હોવાથી તે વિદ્યાર્થીઓએ પોતાની પૂરી ફી ભરવાની રહેશે.

(ગ) બહેનો માટે પણ આ અભ્યાસક્રમમાં સરકારશ્રી તરફથી ફી-માફી વગેરે આપવાની જોગવાઈ ન હોવાથી તેઓએ પણ પોતાની પૂરી ફી ભરવાની રહેશે.

૬. મેરિટ ગુણની ગણતરી :

ગુણવત્તા યાદી તૈયાર કરવા માટે નીચે પ્રમાણે ગુણાંકન ગણવાના રહેશે :

(અ) ટી.વાય.ના જે ટકા હોય તે ટકા (ફક્ત External)

(બ) પ્રથમ અને દ્વિતીય ભાગની અનુસ્નાતક પરીક્ષાઓમાં પ્રાપ્ત થયેલા કુલ ગુણના ૨૦ ટકા.

(ગ) આ ઉપરાંત શિક્ષણના અનુભવના પ્રત્યેક વર્ષના બે ગુણ. આવા ગુણ વધુમાં વધુ ૨૦ સુધી ગણવામાં આવશે.

(ઘ) પ્રત્યેક અનુત્તીર્ણ પ્રયત્ને મેરિટ ગુણાંક (Merit Marks)માંથી બે ગુણાંક ઓછા ગણવામાં આવશે.

[નોંધ.-(૧) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ગુણાંકનની ગણતરીમાં આંતરિક ગુણાંક લક્ષમાં લેવાશે નહિ.

(૨) તમામ શૈક્ષણિક લાયકાતોની માર્કશીટની સુવાચ્ય પ્રમાણિત નકલો અરજીપત્રક સાથે જોડવાની રહેશે.]

૭. વિષયપદ્ધતિ અંગે :

(ક) વૅકેશન કોર્સમાં માન્ય કૉલેજોમાં ચાલતા વિષયોમાંથી જે કૉલેજમાં જે વિષય ચાલતો હશે તેમાં જ સામાન્ય રીતે પ્રવેશ આપી શકાશે.

(ખ) પ્રવેશાર્થી તે બે રીતોમાંથી જે પસંદ કરશે તેને આધારે પ્રવેશ મળી શકશે. પ્રવેશાર્થીએ સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ લીધેલ મુખ્ય વિષયને આધારે અથવા જે વિષયમાં ધો. પથી ૧૨ સુધીમાં પાંચ વર્ષ શિક્ષણકાર્ય કર્યું હશે તે વિષયમાં પ્રવેશ મળી શકશે. આ માટે જે વિષયમાં પાંચ વર્ષ શિક્ષણકાર્ય કર્યું હોય તે અંગેના આચાર્યશ્રીના પ્રમાણિત પ્રમાણપત્રને આધારે જ એ વિષયમાં પ્રવેશ મળી શકશે. તે માંટે આચાર્યશ્રીના પ્રમાણપત્રની પ્રમાણિત ઝેરોક્ષ નકલ બીડવી અનિવાર્ય છે.

(ગ) આમ, પ્રત્યેક પ્રવેશાર્થીને કાં તો સ્નાતક/અનુસ્નાતકના મુખ્ય વિષયને આધારે અથવા જે તે વિષયના શિક્ષણકાર્યના અનુભવના આચાર્યશ્રીના પ્રમાણપત્રને આધારે—બેમાંથી એક આધાર પર જ વિષયમાં પ્રવેશ મળી શકશે. અરજીપત્રકમાં એક વાર વિષયપસંદગી દર્શાવ્યા પછી તેમાં કોઈ પણ સંજોગોમાં ફેરફાર થઈ શકશે નહિ.

(ઘ) બી.એડ્.ના અભ્યાસક્રમ અનુસાર એક વિષયમાં ઉપરોક્ત નિયમો મુજબ પ્રવેશસમિતિ પ્રવેશ આપશે અને બીજો વિષય પ્રવેશ મળ્યા પછી કૉલેજો પોતાની અનુકૂળતા મુજબ તે સંસ્થામાં ચાલતા વિષયોમાંથી જ પ્રવેશાર્થીને પ્રવેશ આપી શકશે.

૮. શિક્ષણનું માધ્યમ :

શિક્ષણનું માધ્યમ ગુજરાતી ભાષા રહેશે અને વિષયપદ્ધતિના પાઠો આપવાની વ્યવસ્થા માત્ર ગુજરાતી માધ્યમવાળી શાળાઓમાં જ થઈ શકશે.

૯. અભ્યાસક્રમ :

(ક) બી.એડ્. પાર્ટ ૧ માં દરેક ૧૦૦ ગુણનાં એવાં પાંચ પ્રશ્નપત્રો શીખવવાનાં રહેશે અને તેને લગતું નિયત કરેલું સૈદ્ધાંતિક/પ્રાયોગિક કાર્ય કરવાનું રહેશે.

(ખ) બી.એડ્. પાર્ટ ૨ માટે : (ક) કૉલેજ—શિક્ષકના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ ઉનાળુ વૅકેશન દરમિયાન વધુમાં વધુ આઠ (દરેક પદ્ધતિમાં ૪) માઇક્રોપાઠ આપવાના રહેશે (ખ) ડિસેમ્બર માસના નાતાલના છ દિવસો દરમિયાન કૉલેજ—શિક્ષકના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ ઓછામાં ઓછા ૧૦ (બંને પદ્ધતિઓના થઈને) અલગ પાઠો (Stray lessons) પ્રત્યેક તાલીમાર્થીએ અમદાવાદની શાળાઓમાં આપવાના રહેશે.

(ગ) તાલીમાર્થીએ નિયામકે માન્ય કરેલી પોતાની અથવા બીજી માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં યુનિવર્સિટીમાન્ય શિક્ષકના માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ ૧૨ એકમ પાઠો (દરેક વિષયપદ્ધતિમાં ૬) આપવાના રહેશે.

(ઘ) દરેક તાલીમાર્થીએ અન્ય તાલીમાર્થીએ આપેલ ૬૦ પાઠોનું નિરીક્ષણ કરવાનું રહેશે.

(ચ) આ ઉપરાંત યુનિવર્સિટીએ બી.એડ્. તાલીમાર્થીઓ માટે નિયત કરેલ ફિલ્ડવર્ક, ટર્મ-પેપર્સ, એસાઇનમેન્ટ્સ, સહઅભ્યાસ પ્રવૃત્તિઓનું આયોજન અને વ્યવસ્થા, સત્ર પરીક્ષાઓ વગેરેની કામગીરી નિયામકને સંતોષ થાય તે રીતે દરેક તાલીમાર્થીએ કરવાની રહેશે.

(છ) શાળાના આચાર્યશ્રીએ તેમની શાળાનો તાલીમાર્થી દરેક વૅકેશનમાં સમયસર તાલીમમાં જોડાઈ શકે અને છેલ્લે તાલીમમાં હાજર રહી શકે તે માટેની જરૂરી સગવડ પૂરી પાડવાની રહેશે. ઉપરાંત બી.એડ્.

પાર્ટ ૧ (સૈદ્ધાંતિક) અને બી.એડ્. પાર્ટ ૨ (પ્રાયોગિક)ને લગતાં પ્રાયોગિક કાર્ય, પાઠો આપવા, પાઠોનું નિરીક્ષણ કરવું અને અન્ય સત્ર-કાર્યો પૂરાં કરવાં માટે જરૂરી સગવડો પૂરી પાડવામાં સહાયરૂપ થવાનું રહેશે.

૧૦. સામાન્ય નિયમો :

(ક) અન્ય યુનિવર્સિટીના પ્રવેશાર્થીઓ તેમ જ ગુજરાત યુનિવર્સિટીની સ્નાતક ડિગ્રી લીધા પછી અન્ય યુનિવર્સિટીમાંથી અનુસ્નાતક ડિગ્રી લીધી હોય અથવા બીજો અભ્યાસ શરૂ કર્યો હોય તો તેઓએ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટની પ્રમાણિત નકલ અરજીપત્રક સાથે અવશ્ય જોડવાની છે. (આવું સર્ટિફિકેટ ગુજરાત યુનિવર્સિટીના કાર્યાલયમાંથી મળશે.)

(ખ) અરજીપત્રક સાથે જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો અચૂક બીડવી. (ઝેરોક્ષ નકલો પણ પ્રમાણિત કરીને બીડવી.)

(ગ) અરજીપત્રકોની સાથે જ જરૂરી પ્રમાણપત્રો કે જરૂરી ગુણપત્રકોની નકલો બીડવી. પાછળથી કોઈ પણ સંજોગોમાં સ્વીકારી શકાશે નહિ.

(ઘ) પ્રવેશાર્થીને કૉલેજમાં પ્રવેશ અપાયા પછી નિયત સમયમર્યાદામાં કૉલેજમાં ફી ભરવાની રહેશે. તેમ નહીં કરવામાં આવે તો પ્રવેશ રદ થવાને પાત્ર થશે.

(ચ) પ્રવેશસંબંધી જો કોઈ પણ વિવાદ ઊભો થશે તો તે અંગે કુલપતિશ્રી, ગુજરાત યુનિવર્સિટીએ આપેલ નિર્ણય આખરી ગણાશે.

(છ) આપને જે કૉલેજમાં પ્રવેશ મળ્યો હશે તેમાં જ અભ્યાસ કરવાનો રહેશે. કૉલેજમાં કોઈ પણ રીતે પાછળથી ફેરફાર કરી આપવામાં આવશે નહિ.

(જ) કૉલેજમાં પ્રવેશ લેતી વખતે પ્રત્યેક પ્રવેશાર્થીએ જે તે કૉલેજમાં અસલ ગુણપત્રકો અને પ્રમાણપત્રો રજૂ કરવાનાં રહેશે. કૉલેજો ગુણપત્રકો અને પ્રમાણપત્રોને આધારે મેરિટ ગુણની ચકાસણી કરશે. મેરિટ ગુણ, ગુણપત્રકો, પ્રમાણપત્રો વગેરેની ચકાસણી કરતાં જો કોઈ ક્ષતિ માલૂમ પડશે તો પ્રવેશ રદ થવાને પાત્ર થશે અને પ્રવેશ સમિતિને જાણ કરી તેવા પ્રવેશાર્થીનો પ્રવેશ રદ કરી શકાશે.

(ઝ) બહારગામના તાલીમાર્થીઓએ આ કોર્સ ચાલુ હોય તે દરમિયાન અમદાવાદમાં રહેવાની તથા જમવાની સગવડ જાતે કરવાની રહેશે.

(ટ) પ્રવેશ મળ્યા બાદ નિયત તારીખ સુધીમાં પ્રવેશ-ફી જે સંસ્થામાં પ્રવેશ મળ્યો હોય ત્યાં ભરી દેવી. પ્રવેશ-ફી ભર્યા બાદ જો તાલીમાર્થી કૉલેજ છોડી દેશે અથવા પ્રવેશ રદ થવાના સંજોગોમાં ફીની રકમ પરત મળશે નહીં.

(ઠ) બી.એડ્. વૅકેશન કોર્સનું અરજીપત્રક ગુજરાત યુનિવર્સિટીના કો-ઑપરેટિવ સ્ટોર્સમાંથી રૂ. ૩૦ની કિંમતે મળી શકશે.

(ડ) પ્રવેશ આપતી સમયે પ્રવેશ સમિતિ સમક્ષ અરજદારે પોતાને ખર્ચે હાજર થવાનું રહેશે.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૧૦

Revision of pay scale of teachers, librarian and physical education personnel in Universities and colleges and other measures for maintenance of standards in High Education.

Goverpment of Gujarat
Education Department
Resolution No. MIS-1190-GOI-39/92(78/90)-KH
Dated the 5th May-1995..

Read (1) G.R.No. MIS-1187-55843-KH dated 14th September-1988.

RESOLUTION :

In G.R. No. MIS-1187-55843-KH dated the 14th September-1988 there is no provision of stepping up of senior employee in case his juniors' pay gets fixed higher than his own. After consultation with the Government of India, Ministry of Human Resource Development the State Government has decided as under :

"In cases, where a senior teacher promoted to a higher scale before the 1st day of January 1986 draws less pay in the revised scale than his junior who is promoted to the higher scale on or after the 1st day of January 1986. The pay of senior teacher should be stepped up to an amount equal to the pay as fixed for his juniors in that higher scale. The stepping up should be done with effect from the date of promotion of the junior teacher to the fulfilment of the following conditions, namely :

(a) both the junior and the senior teacher should belong to the same cadre and the posts in which they have been promoted should be identical in the same cadre.

(b) the pre-revised and revised scales of pay of the lower and higher posts in which they are entitled to draw pay should be indentical, and

(c) the anomaly should be directly as a result of the application of the provisions of Fundamental Rule 22-C or any other rule or order regulating pay fixation on such promotion in the revised scale. If even in the lower post, the junior teacher was drawing more pay in the pre-revised scale than the senior by virtue of any advance increments granted to him, provisions of this note need not be invoked to step up the pay of the senior teacher.

2. The stepping up should be done after the initial pay is verified.

3. This issues with the concurrence of F.D. vide its note dated 15-1-95, on this department file of even number.

By order and in the name of the Governor of Gujarat.

(C. J. BRAHMBHATT)
Section Officer,
Education Department.

પરિશિષ્ટ 'ગ'

કામકાજ ક્રમાંક ૨૦

રાજ્યના તબીબોને વાર્ષિક ઍલાવન્સ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્રમાંક : જીએમએસ-૧૦૯૦-૩૪૦૫-૯૪-ત,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૧૯-૮-૯૪

ઠરાવ :

૧. ઇનસર્વિસ ડૉક્ટર્સ ફેડરેશન તરફથી એવી રજૂઆત કરવામાં આવી છે કે તબીબી વિજ્ઞાન એક સતત વિકસતું વિજ્ઞાન છે અને તેમાં થતી નવી નવી શોધો તથા નવા નવા પ્રયોગોથી દરેક તબીબે માહિતગાર રહેવું જરૂરી છે. તબીબી વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રે થયેલ વિકાસ અને સંશોધન અંગે તબીબોને જાણકારી પ્રાપ્ત થાય તે હેતુથી તેઓએ જુદાં જુદાં સામયિકો, પુસ્તકો, પ્રકાશનો વગેરે ખરીદવાં પડે છે તથા તબીબી વિજ્ઞાન અંગેની કૉન્ફરન્સ કે સેમિનારમાં ભાગ લેવો પડે છે. આ હેતુસર રાજ્યના તબીબોને કેન્દ્ર સરકારના ધોરણે વાર્ષિક ઍલાવન્સ ચૂકવવું જોઈએ.

૨. ઇનસર્વિસ ડૉક્ટર્સ ફેડરેશનની આ માગણી લાંબા સમયથી સરકારની વિચારણા હેઠળ હતી. તે અંગે પુખ્ત વિચારણાને અંતે રાજ્યના તબીબોને રૂ. ૧,૨૦૦નું વાર્ષિક ઍલાવન્સ આપવાનું આથી ઠરાવવામાં આવે છે. આ ઍલાવન્સ આરોગ્ય અને તબીબી વિભાગ તથા કામદાર રાજ્ય વીમા યોજના હેઠળના તજજ્ઞો સહિતના વર્ગ-૧ તથા વર્ગ-૨ના બધા જ તબીબોને તા. ૧-૭-૧૯૯૪થી અમલમાં આવે તે રીતે રોકડમાં મળવાપાત્ર થશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા. ૭-૮-૧૯૯૪ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે.

(પી. ડી. પટેલ)
નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પરિશિષ્ટ 'ધ'

કામકાજ ક્રમાંક ૨૯

આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે શિક્ષણ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓ તથા બિનસરકારી કૉલેજોમાં શૈક્ષણિક અને બિનશૈક્ષણિક જગ્યાઓ ભરતી માટે અનામત રાખવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક : પરચ-૧૩૯૪-૧૩૧૨ (પાર્ટ-ફાઇલ)-ખ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૩-૮-૧૯૯૪

વંચાણે લીધા :

૧. શિક્ષણ વિભાગનો તા. ૯-૬-૧૯૭૮નો ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૦૭૮/,-ખ
૨. સમાજકલ્યાણ વિભાગનો તા. ૨૩-૨-૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : સશય/૪૩૯૪/૧૯૧/અ,
૩. સમાજકલ્યાણ વિભાગનો તા. ૪-૫-૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : સશય/૪૩૯૪/૧૯૧/અ.
૪. સમાજકલ્યાણ વિભાગનો તા. ૧૨-૭-૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : સશય/૪૩૯૪/૧૯/અ.
૫. સમાજકલ્યાણ વિભાગનો તા. ૧૨-૭-૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : સશય/૪૩૯૪/૧૯૧/(૨)અ.

ઠરાવ :

ઉપર આમુખમાં દર્શાવેલ ક્રમાંક ૧ સામેના આ વિભાગના તા. ૯-૬-૧૯૭૮ના ઠરાવથી આ વિભાગ હસ્તકની રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓમાં તથા બિનસરકારી કૉલેજોમાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગો માટે ભરતી માટે શૈક્ષણિક જગ્યાઓમાં ૫% અને બિનશૈક્ષણિક જગ્યાઓમાં ૧૦% જગ્યાઓ તા. ૧-૪-૧૯૭૮થી અનામત રાખવાનું ધોરણ ઠરાવવામાં આવેલ હતું, આમુખમાં ક્રમાંક ૪ અને ૫ સામે દર્શાવેલા સમાજકલ્યાણ વિભાગના તા. ૧૨-૭-૧૯૯૪ના ઠરાવોથી રાજ્ય સરકારે ગુજરાત સરકારની નોકરીઓમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે અનામતની પ્રવર્તમાન ટકાવારી સુધારીને સીધી ભરતીની નિમણૂકોમાં હવે વર્ગ-૧, ૨, ૩ અને ૪ની સેવાઓ તથા જગ્યાઓમાં ૨૭% જગ્યાઓ અનામત રાખવાનું ધોરણ ગુણવત્તામાં આવતાં ઉમેદવારોને અનામત જગ્યાઓ સામે નહીં ગણવાના સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા. ૨૦-૫-૧૯૯૩ના ઠરાવ ક્રમાંક : પવસ-૧૨૯૦-૨૨૨૨-ગ, ૪માં કરવામાં આવેલ જોગવાઈના લાભ સહિત લાગુ પાડવાનું આથી ઠરાવવામાં આવે છે.

સમાજકલ્યાણ વિભાગના તા. ૨૩-૨-૧૯૯૪ના ઠરાવમાં ઉપર મુજબ કરવામાં આવેલ આંશિક સુધારા પ્રમાણે ભરતીની નિમણૂકોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના જે ઉમેદવારો પસંદગીમાં ગુણવત્તામાં આવતા હોય તે ઉમેદવારોને વર્ગો માટેની અનામત જગ્યાઓ સામે ન ગણતાં બિન-અનામત જગ્યાઓ સામે ગણી તે વર્ગો માટે નિયત કરવામાં આવેલા ૨૭% અનામતની ટકાવારી તે વર્ગોના ગુણવત્તાના ધોરણે પસંદગી પામતા ઉમેદવારો ઉપરાંત લાગુ પાડવાની રહેશે.

૨. આથી ઠરાવવામાં આવે છે કે રાજ્યની શિક્ષણ વિભાગ હસ્તકની યુનિવર્સિટીઓ તથા બિન- સરકારી કૉલેજોમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે વર્ગ-૧, ૨, ૩ અને ૪માં સીધી ભરતીમાં તા. ૧-૫-૧૯૯૪થી સમાન રીતે ૨૭% અનામત જગ્યાઓ રાખવી.

આ ઉપરાંત અનુસૂચિત જાતિ, જનજાતિ, વિચરતી અને વિમુક્ત જાતિઓ તેમ જ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોમાં સમાવેશ ન થતો હોય તેવા આર્થિક રીતે પછાત વર્ગના લોકો કે જેમની કૌટુંબિક વાર્ષિક આવક રૂ. ૧૧,૦૦૦થી વધતી ન હોય અને ગરીબીની રેખાની નીચે જીવતા હોય તેવા આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે રાજ્યની શિક્ષણ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓ તથા બિનસરકારી કૉલેજોમાં ૨ (બે) ટકા અનામત જગ્યાઓ પણ રાખવી.

૩. ઉક્ત ઠરાવનો અમલ ન કરનાર યુનિવર્સિટી કે બિનસરકારી કૉલેજો અનુદાન મેળવવાપાત્ર રહેશે નહિ.

૪. યુનિવર્સિટીઓ તથા બિનસરકારી કૉલેજોમાં ઉપરોક્ત હુકમો મુજબ અનામત જગ્યાઓ રાખવામાં આવે તે શરતે ગ્રાન્ટની ચુકવણી કરવી. રાજ્યમાંની શિક્ષણ વિભાગ હેઠળની યુનિવર્સિટીઓ તથા બિનસરકારી કૉલેજોને જરૂરી સૂચના આપવા તેમજ પ્રસ્તુત હુકમોનો યોગ્ય રીતે અમલ થાય તે જોવા ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરે કાર્યવાહી કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમોથી અને તેમના નામે.

(શ્રીમતી આર. પી. જોષી)
ઉપસચિવ.
શિક્ષણ વિભાગ

પરિશિષ્ટ 'ચ/૧'

કામકાજ ક્રમાંક ૩૬ (૪)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે દર્શાવેલ ૧થી ૧૦ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૬-૧૯૯૫ સુધીમાં કરે તે શરતે તેને છઁજનેરી વિદ્યાશાખામાં ફર્સ્ટ ઇયર બી.ઈ.ના નીચે દર્શાવેલ અભ્યાસક્રમો (વિદ્યાર્થી સંખ્યા) શીખવવા માટે :

ક્રમાંક	અભ્યાસક્રમો (બ્રાન્ચ)	વિદ્યાર્થી સંખ્યા
૧.	કેમિકલ એન્જિનિયરિંગ	૬૦
૨.	મિકેનિકલ એન્જિનિયરિંગ	૪૦
૩.	ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ	૪૦
૪.	ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ	૪૦
૫.	ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન	૪૦
	કુલ	૨૨૦

તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીનું નવું જોડાણ આપવામાં આવે છે.

૧. એ.આઈ.સી.ટી.ઇ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગો ખંડો માટે, લેબોરેટરી માટે, વર્કશોપ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે, ગર્લ્સ રૂમ, બોઈઝ રૂમ, ટોઇલેટ્સ તથા અન્ય સુવિધાઓવાળા વગેરે) વ્યવસ્થા ૩૦ જૂન, ૧૯૯૫ સુધીમાં કરવામાં આવે.

૨. કૉલેજો માટે જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી, વર્કશોપ માટેના જરૂરી ઇક્વિપમેન્ટ્સ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ મુજબ વસાવવામાં આવે.

૩. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ-સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળી હૉસ્ટેલની તથા રમતગમત માટેના મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે.

૪. એ.આઈ.ટી.સી.ઈ. અને ગુજરાત સરકારનાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીગણની નિમણૂકો કરવાની છે.

૫. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ-સ્ટાન્ડર્ડઝ અનુસાર કૉમ્પ્યુટિંગ ફેસિલિટીઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અને જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષક કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, અમદાવાદનાં ધોરણે ઘરભાડા ભથ્થું તથા સિટી કોમ્પનસેટરી ઍલાઉન્સ તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે. તથા શિક્ષક તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના વાર્ષિક મૂળ પગારના પાંચ ટકાના દરે ગ્રેજ્યુઇટી-પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે.

૭. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને એ.આઈ.સી.ટી.ઈ. મુજબ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં સરકારનાં વખતોવખત નિયત કરેલ ધારોધોરણોનો અમલ કરવામાં આવશે, તે મુજબનું સંસ્થાનું બાંયેધરી પત્ર.

૯. આ યુનિવર્સિટીના સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટે (ઓપન) ઇન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે.

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસાર વરણી સમિતિ ઉપરાંતના સભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

૧૧. સંસ્થાએ રૂ. ૧૨ (બાર) લાખની રકમ તા. ૧૦-૬-૧૯૯૫ સુધીમાં ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝિટ ઓછામાં ઓછાં સાત વર્ષ યુનિવર્સિટીમાં જમા રહેશે.

૧૨. સંસ્થાએ છઁજનેરી વિદ્યાશાખા માટેનું નવું મકાન (એ.આઈ.સી.ટી.ઈ.ની ભલામણ મુજબની સુવિધાવાળુ) બે વર્ષમાં તૈયાર કરવામાં આવે.

૧૩. આ સાથે સામેલ તપાસસમિતિના હેવાલની ભલામણ ક્રમાંક-૩, ૪, ૫ અને ૬ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન દ્વારા જૂન, ૧૯૯૫થી ઇજનેરી કૉલેજ શરૂ કરવા માટેની અરજી અંગેની સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ

નિરમા એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ તરફથી તા. ૧૫-૫-૧૯૯૫ના રોજ અમદાવાદ ખાતે એક ઇજનેરી કૉલેજ જૂન, ૧૯૯૫થી શરૂ કરવા માટે અરજી યુનિવર્સિટીને મળી હતી.

તા. ૨૪-૫-૧૯૯૫ના રોજ ગુજરાત યુનિવર્સિટીની સમિતિએ ટ્રસ્ટીઓ અને ફાઉન્ડેશનના સભ્યો સાથે આ કૉલેજ તેઓ જે સ્થળે સ્થાપવા માંગે છે તે માટેના સૂચિત સ્થળની મુલાકાત લીધી હતી.

સંસ્થાએ મોકલેલ (૧) આ કૉલેજ માટેનો પ્રોજેક્ટ રિપોર્ટ, (૨) બિડાણ તરીકે મોકલેલ ગુજરાત રાજ્ય સરકારના ઠરાવો, (૩) અન્ય માહિતી અને રૂબરૂમાં થયેલ ચર્ચાઓ ઉપરથી સમિતિનો અભિપ્રાય છે કે ઉચ્ચ શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણને લગતા કેટલાક સર્વસામાન્ય મુદ્દાઓ તેમજ આ સંસ્થાને લગતા મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

(૧) હાલ ગુજરાત યુનિવર્સિટીમાં સંલગ્ન કૉલેજો બે પ્રકારની છે, સરકારી અને અનુદાનપાત્ર બિનસરકારી કૉલેજો. આ સૂચિત નવી વ્યવસ્થામાં કાયમી ધોરણે અનુદાન સિવાયની વ્યાવસાયિક સંસ્થાઓ શરૂ થશે.

(૨) સંસ્થાએ ઇજનેરી વિદ્યાશાખા માટેનું નવું મકાન (એ.આઈ.સી.ટી.ઈ.ની ભલામણ મુજબની સુવિધાવાળું) બે વર્ષમાં તૈયાર કરવામાં આવે.

(૩) ફીનું ધોરણ હાલની વ્યવસ્થામાં યુનિવર્સિટી નક્કી કરે છે. આ સૂચિત નવી વ્યવસ્થામાં ગુજરાત રાજ્ય સરકારના સચિવ, યુનિવર્સિટીના કુલપતિશ્રી તેમજ ડાયરેક્ટર ઑફ ટેકનિકલ એજ્યુકેશનની બનેલી સમિતિ વખતોવખત નક્કી કરશે.

(૪) ફીનું ધોરણ બે પ્રકારનું રહેશે. ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે બીજી સરકારી કે અનુદાનપાત્ર કૉલેજોમાં પ્રવર્તમાન ધોરણ પ્રમાણે રહેશે. જ્યારે બાકીના ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે ફીનું ધોરણ ઊંચું રહેશે. જેમાં સંસ્થાનો તમામ આવર્તક ખર્ચ ઉપરાંત અનાવર્તક ખર્ચનો પણ કેટલોક ભાગ-સમાવાય તેવી જોગવાઈ છે. ૫૦ ટકા બેઠકોને FREE SEATS કહેવામાં આવશે અને બાકીની ૫૦ ટકા બેઠકો 'PAYMENT SEATS' રહેશે. બંનેની ફીનાં ધોરણોમાં ઘણો મોટો તફાવત રહેશે.

(૫) અનામત વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે ગુજરાત યુનિવર્સિટીના નિયમો તથા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૮-૭-૧૯૯૫ ઠરાવ ક્રમાંક:જીઇસી-૧૧૯૩-૧૨૬૬-એસ તથા વખતોવખત નિયત કરેલાં ધારાધોરણો અનુસાર રહેશે.

(૬) ફીનાં બે ધોરણોને કારણે સંભવિત આનુષંગિક પ્રશ્નો અને તે માટેની જરૂરી વ્યવસ્થા કે જોગવાઈઓ અંગે વિચારણા.

ઉપરની સર્વસામાન્ય બાબતો સહિત સમગ્ર યોજનાને ધ્યાલમાં રાખી ઍકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આ સંસ્થાના જોડાણ અંગે વિચારણા કરી તેમાં નીચેની બાબતોને લક્ષમાં લે તેમજ નીચે દર્શાવેલ શરતોએ જોડાણની વિચારણા કરવા ની સમિતિ ભલામણ કરે છે :

૧. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગ ખંડો માટે, લેબોરેટરીઝ માટે, વર્કશોપ્સ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે, ગર્લ્સ રૂમ, બોઇઝ રૂમ, ટોઇલેટસ તથા અન્ય સુવિધાઓવાળા) વ્યવસ્થા ૩૦ જૂન, ૧૯૯૫ સુધીમાં કરવામાં આવશે.

૨. કૉલેજો માટે જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી, વર્કશોપ માટેનાં જરૂરી ઇક્વિપમેન્ટ્સ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ મુજબ વસાવવામાં આવે.

૩. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ-સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળી હૉસ્ટેલની તથા રમતગમત માટેના મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે.

૪. એ.આઈ.ટી.સી.ઈ.નાં નોર્મ્સ અને સ્ટાન્ડર્ડઝ અનુસાર જરૂરી શિક્ષક અને બિનશિક્ષક કર્મચારીગણની નિમણૂકો કરવાની છે.

૫. એ.આઈ.સી.ટી.ઈ.નાં નોર્મ્સ-સ્ટાન્ડર્ડઝ અનુસાર કૉમ્પ્યુટિંગ ફેસિલિટીઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અને જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા તથા પ્રોવિડંડ ફંડનો લાભ આપવામાં આવે. તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના પાંચ ટકાના દરે ગ્રેજ્યુઇટી-પેન્શન અને નિવૃત્તિ લાભો માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે.

૭. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને એ.આઈ.સી.ટી.ઈ. મુજબ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂંક ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં સરકારના વખતોવખત નિયત કરેલ ધારોધોરણોનો અમલ કરવામાં આવશે, તે મુજબનું સંસ્થાનું બાંયેધરી પત્ર.

૯. આ યુનિવર્સિટીના સ્થાનિક તપાસ સમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શિક્ષક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટે (ઓપન) ઇન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે.

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસાર વરણી સમિતિ ઉપરાંતના સભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોના નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાના રહેશે.

૧૧. સંસ્થાએ રૂ. ૧૨ (બાર) લાખની રકમ તા. ૧૦-૬-૧૯૯૫ સુધીમાં ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે, આ ડિપોઝિટ ઓછામાં ઓછા સાત વર્ષ યુનિવર્સિટીમાં જમા રહેશે.

ઉપરની સૂચિત સઘળી શરતો અનુસારની વ્યવસ્થા તા. ૩૦-૬-૧૯૯૫ સુધીમાં સંસ્થાએ કરવાની રહેશે.

તપાસસમિતિના સભ્યો

કે. એસ. શાસ્ત્રી

આર. એચ. વ્યાસ

ડી. એમ. શીખ

એ. આર. શાહ

એન. આર. દવે

એચ. એમ. દેસાઈ

ડૉ. આર. કે. પટેલ

પરિશિષ્ટ 'ચ/૨'

કામકાજ ક્રમાંક ૩૬ (૫)

આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ખંભાતમાં બી.કૉમ.માં કૉમ્પ્યુટર સાયન્સમાં કાયમી જોડાણ અંગે તેમજ વિજ્ઞાન અને વિનયન વિદ્યાશાખામાં કૉમ્પ્યુટર સાયન્સ વિષયના વધારાના જોડાણ અંગે

સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, ખંભાતની તા. ૧૦-૫-૧૯૯૫ના રોજ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન કાર્યકારી આચાર્યશ્રી પંડ્યાએ હાજર રહી માહિતી પૂરી પાડી હતી જે નીચે પ્રમાણે છે :

૧. વાણિજ્ય વિદ્યાશાખામાં કૉમ્પ્યુટર સાયન્સ ગૌણ વિષય ૧૯૯૪-૯૫થી દાખલ કરેલ હોઈ કૉમ્પ્યુટરની પ્રયોગશાળા તૈયાર કરવામાં આવી છે અને તેમાં ચાર (૪) એક્સટી તેમજ બે (૨) પ્રિન્ટર વસાવવામાં આવ્યાં છે.

૨. ચાલુ વર્ષે વાણિજ્ય વિદ્યાશાખામાં કૉમ્પ્યુટર સાયન્સના વિષયમાં પ્રથમ વર્ષમાં ૩૬ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યાં છે.

૩. આ વિષયનાં ૧૭ જેટલાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે, જ્યારે કોઈ સામયિકો મંગાવવામાં આવતાં નથી.

૪. પ્રાયોગિક કાર્ય પ્રતિ મશીન બે વિદ્યાર્થીઓની બૅચમાં કરવામાં આવે છે.

૫. પૂર્ણ સમયના પ્રોગ્રામર તરીકેની નિમણૂક થઈ નથી પરંતુ ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રી. કપિલ ગોસાઈ સેવાઓ આપે છે.

૬. આ વિષયને ગૌણ વિષય તરીકે વિનયન વિદ્યાશાખામાં દાખલ કરવાનો તેમનો પ્રસ્તાવ છે.

ઉપરોક્ત હકીકત જોતાં સમિતિ નીચે મુજબ ભલામણ કરે છે :

૧. કૉમ્પ્યુટર પ્રયોગશાળામાં એક સરવર (server) અને એક નોડ વસાવી તેમજ હાલના પીસી/એક્સટીને તેની સાથે જોડી કુલ પાચ નોડની LAN ગોઠવવામાં આવે.

૨. ભવિષ્યમાં પ્રાયોગિક કાર્ય પ્રતિ મશીન એક જ વિદ્યાર્થી કરી શકે તેવું લક્ષ રાખવામાં આવે.

૩. આ વિષયનાં પુસ્તકો પેટે તાત્કાલિક રૂ. ૫૦૦૦નું ખર્ચ કરવામાં આવે તેમજ ચાર જેટલાં પ્રતિષ્ઠિત સામયિકો નિયમિત રીતે મંગાવવામાં આવે.

૪. પુસ્તકો પેટે રૂ. ૨૦૦૦નું પ્રતિ વર્ષ આવર્તક ખર્ચ પણ કરવામાં આવે.

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે સ્ટાફની તાત્કાલિક નિમણૂક કરવામાં આવે.

ઉપરોક્ત સૂચનો અમલમાં મુકાય તે શરતે કૉમ્પ્યુટર સાયન્સ ગૌણ વિષયનું વાણિજ્ય વિદ્યાશાખામાં જોડાણ હાલ પૂરતું એક વર્ષ માટે લંબાવવામાં આવે અને વિનયન વિદ્યાશાખામાં ગૌણ વિષયનું તેમ જ વિજ્ઞાન વિદ્યાશાખામાં મરજિયાત વિષયનું વધારાનું કામચલાઉ જોડાણ એક વર્ષ માટે આપવામાં આવે.

પ્રા. એસ. બી. વોરા
શ્રી. આર. પી. સોની

પરિશિષ્ટ 'ચ/૩'

કામકાજ ક્રમાંક ૩૬ (૬)

POST-GRADUATE DIPLOMA IN INVESTMENT AND FINANCIAL ANALYSIS

Programme

Title : The programme shall be known as "Post graduate Diploma in Investment and Financial Analysis".

Duration : The programme shall be completed in one year having two semesters in an academic year. However, the required sessions in a course shall invariably be completed in both the semesters.

Course Structure and Sessions per Course : (i) There will be eight courses totally. Four courses shall be completed in each semester.

(ii) Each course shall consist of 40 sessions. However, in case of need, it can be extended by five sessions more. Each session shall be of one hour duration.

Participants and Admission criteria : (i) Any graduate with 50% or more marks at first attempt of a recognised university will be eligible for admission.

(ii) An admission test shall be devised and administered for the applicants eligible as per (i) above. Candidates in order of merit in test will be admitted to this course, in the following manner :

	Category	*% of seats*	*No. of seats proposed at present*
(i)	Graduates of Gujarat University	70	42
(ii)	Graduate of other Universities of Gujarat State	20	12
(iii)	Graduates of Universities outside Gujarat State	10	16
	Total	100	70

N.B. : (1) The total number of seats shall be 60 as indicated above.

(2) In case of seats not being filled up for any reason what so over in category (ii) and category (iii) mentioned above they shall automatically be convorted into seats for the candidates under category (i) mentioned above.

(3) It shall be necessary for graduates other than commerce graduates to undergo orientation programme covering 10 to 15 sessions to orient them about general commerce and economic environment for which a special fee of Rs. 500 will be charged. (Details are given separately).

Evaluation : (1) students will be evaluated at the end of each semester by the faculty associate with the programme only. They will be required to secure a minimum of 48% marks each paper in the written examination conducted at the end of each semester in addition to the following :

(a) a minimum attendance of 75% in all sessions taught in respect of each course.

(b) a satisfactory completion of assignments. Those students who fail to fulfill the conditions as in (a) and (b) mentioned above, will be detained in the first semester itself.

(2) The written examination shall be held twice in a year i.e., October/ November and March/April.

In addition, for those candidates, who have failed in any of the papers in the semester-end examination, an additional examination shall be held around May.

Finance : This programme is proposed to be self-financed. All fees collected from the students will be deposited with the University.

A suitable system of advancing money is urged to be devised to facilitate smooth implementation of the programme.

The details of the implications are given separately.

POST GRADUATE DIPLOMA IN INVESTMENT AND FINANCIAL ANALYSIS FINANCIAL IMPLICATIONS

Revenue :

60 students :

Total fees per student shall be Rs. 5,000 p. a.		Rs. 3,00,000
Expenses :		
Faculty remuneration :	Rs. 36,000	
360 sessions × 100 rupees (Rs. 70 + Rs. 30 conveyance)		
Project guidance remuneration	Rs. 5,000	
(10 groups - 10 projects) (Rs. 500 per project)		
Co-ordinator's remuneration	Rs. 6,000	
Reading Material cost	Rs. 75,000	
Library books and journals	Rs. 60,000	
Stationary & contingencies	Rs. 16,000	
Administrative cost	Rs. 12,000	
Capital Equipments	Rs. 90,000	
	Rs. 3,00,000	Rs. 3,00,000
	Surplus/Deficit	NIL

ORIENTATION PROGRAMME

Details of programme :

1. Accounting : Conceptualisation familiarising with published statements and the terms used in such statements in financial Accounting. Brief discussion on elements of cost and ascertaining cost for decision making Role of management accounting as a science in business.
2. Finance :
   (i) Concept of limited company, equity, debt, other borrowings.
   (ii) Concepts of fixed and fluctualiting capital.
   (iii) Financial market-security market - primary and secondary market - Different securities traded on market.
3. Banking : Commercial bank – its functions and role in business.
   Central bank – its position in economy.
4. Economics : Basic concepts and orientation to the general economy of the country.

NOTE : A separate fee of Rs. 500 will be charged for the orientation course for students other than those belonging to Commerce faculty.

PROPOSED COURSE - STRUCTURE
FOR
POST-GRADUATE DIPLOMA IN INVESTMENT AND FINANCIAL ANALYSIS

SEMESTER 1 : **COURSES**

1. Financial Management
2. Accounting for Managers
3. Business Economics and Quantitiative techniques.
4. Financial Markets and Financial services

SEMESTER 2 : **COURSES**

5. Security Analysis
6. Portfolio Management
7. Economic Legislation
8. Project Management

COURSE - I

FINANCIAL MANAGEMENT

1. Financial Management Overview
   - Goals of financial management
   - Finance Manger's role in a firm
   - Indian financial system
2. Financial Planning and Control
   - Financial Statements analysis
   - Fundflow statements
   - Cost volume profit analysis
3. Valuation concepts in financial decisions
   (i) Time value of money – compound value, future value, Net present value
   (ii) Present value of bonds and shares
   (iii) Risk and return – theory, evidence and applications.
   (iv) Capital budgeting decisions –
   Simple and complex decisions – capital budgeting decisions in undertainty.
   (v) Cost of capital
   (vi) Portfolio theory
4. Financing and dividend policies :
   (i) Financial and operating leaverage
   (ii) Capital structure and theories
   (iii) Divident theories and policies
5. Working capital Management
   (i) Principles of working capital
   (ii) Cash management
   (iii) Management of Accounts receivables
   (iv) Management of inventories
6. Long term finance :
   (i) Equity share capital - recent trends in equity finance.
   (ii) Debt as a source of finance
   Different kinds of debt
   Innovations in debt market
   Yield to maturity
   Debt refunding decision
   (iii) Warrants and Convertibles
   (iv) Lease financing
7. Short term finance :
   Bank finance and its regulations –
   recommendations of different committees.
   Present policies and regualtions.
8. Special topics in finance
   Mergers and Corporate control
   Internationa Financial Management

COURSE - II

ACCOUTING FOR MANAGERS

I. Accounting for Managers :
   (i) Accounting concepts, Conventions, Principles and Standards
   (ii) Preparation of Annual Financial Statements
   (iii) Legal requirements relating to the preparation of corporate annual financial statements.
   (iv) Analysis of corporate financial statements

(v) Accounting for the issue of securities
(vi) Inflation Accounting
(vii) Lease Accounting

II. Management Accounting :
(i) Meaning & scope of Management Accounting
(ii) Various concepts of cost and cost classification
(iii) Concept of relevant cost
(iv) Cost-volume-profit analysis
(v) Budgetary control
(vi) Evaluation of divisional performance

COURSE - III

BUSINESS ECONOMICS

I. (1) *Some Basic Concepts* (Demand, Supply consumption, Production, distribution, competition, monopoly, monopolistic competition, oligopoly, price, inflation, deficit).

(2) *Demand analysis* (Determinants of demand, demand function, elasticities of demand, demand forecasting and its methods).

(3) *Cost analysis* (cost concepts with special reference to conceptual differences in accountancy and economics, determinants of costs, cost and profit forecasting).

(4) *Production function* (meaning, least cost combination of inputs, Returns to scale, managerial uses of production function, cost output relationship, internal and external economics).

(5) *Pricing* (objectives, determinants of price, pricing under different market conditions, price discrimination, pricing methods in practice).

(6) *Business fluctuations* (phase, characteristics common to fluctuations, indicators of business fluctuations, policy measures to control them).

QUANTITATIVE TECHNIQUES

II. Descriptive statistics
Correlation
Regression-Multiple Regression
Sampling - Testing of Hypothesis
Time series
Index No.
Decision Theory
Functions
Probability
Calculus and optimisation
Emphasis on the application of Statistics in Managerial decision making is expected rather than calculation of mere illustrations.

COURSE - IV

FINANCIAL MARKET AND FINANCIAL SERVICES

A : **Financial Markets :**
- An overview of Financial Markets – Capital Markets and Capital Market Instruments.
- Money Market & Money Market Instruments – Recent Instruments in the Financial Market of India.
- Government Securities market
- Stock Market, OTCET & National Stock Exchange
- Securities Contracts (Regulation) Act and the role of SEBI in regulation and development of Capital Market

B : **Financial Services :**

Financial Services and Economic Environment

Leasing	–	Introduction-legal & tax aspects, financial Evaluation, Accounting & Reporting for leases, lease structuring & lease Agreement.
Hire purchase	–	Concepts & Features Flat & effective rates of interest Difference between Hire purchase & Lease
Factoring	–	Introduction & features Legal aspects, cost of factoring, Recent developments in the Indian context-factoring v/s Bill discounting
Real Estate	–	Overview of Financing Methods & Institutions, Mortgate - Traditional & Non-traditional - valuation of Real Estate & Measurement of Risk, Mortgage-backed bonds, collaterilised mortgage obligations - Real Estate financing in India.
Venture Capital	–	Concept & Characteristics-Evaluation of new project ideas & technology, innovation, Experience of V.C. Industry in USA, V.C. Industry in India, Venture capital schemes & guidelines, Tax & legal aspects.
Merchant	–	Functions of a Merchant Banker, Role of Merchant Banker, Modes of Raising capital from primary marketing pricing and marketing of public issues.
Consumer finance	–	Intrduction, credit cards, financing schemes for consumer durables.

FINANCIAL INSTITUTIONS

Financial Institutions & Economic Development

Commercial Banks (Asset Management, Liability Management, Control and Regulation).

Mutual funds (Organisation, Operation, Schemes, Marketing Performance, Regulation & Control in brief).

Integrated Finance Companies (Planning, Portfolio, Control and Regulation).

Terms Lending Institutions :

Other Financial Institutions like Insurance Co.

COURSE - V

SECURITY ANALYSIS

(1) Investment Avenues

(2) Market for Securities

(3) Framework of Risk & Return
- Security Return & Valuation
- Rist in Holding Securities

(4) Valuation of Equity Shares
- Economic Analysis
- Industry Analysis
- Company Analysis.

(5) Technical Analysis & efficient Market Theory

(6) Fixed Income Securities
Performance Evaluation of fixed Income securities.

(7) Options & futures
Black-scholes option Model

(8) Warrants & Convertibles.

(9) Public Sector - Disinevestment of shares and pricing of the same.

COURSE - VI

PORTFOLIO MANAGEMENT & MUTUAL FUNDS

Portfolio Management :

An overview of Traditional Theory

Behaviour of stock Market Prices

Efficient Market Theory

Modern Portfolio Theory
CAPM & Arbitrage Pricing Theory
Portfolio Analysis
Portfolio Selection - Risk & Investor Preference & Constructing the Best Portfolio
Portfolio Performance Analysis
Equity Portfolio Management
Bond Portfolio Management
Individual Portfolio Management

Mutual Funds :

Meaning, Types, functioning and Floation of MFS
Legal aspects of MFS
Accounting aspects of MFS
Investment Strategies
Marketing Strategies
Performance Appraisal
Regulation of MFS
Pension Funds
Offshore Mutual funds
Mutual Funds of NRIs

COURSE - VII
CORPORATE AND ECONOMIC LEGISLATION

1. Law relating to contracts - performance of contracts and damages in case of breach.
2. Negotiable instruments - main provisions
3. Companies Act-Main provisions - incorporation of a company - Capital Structure - Divident Administrations - procedure of transfer of shares - Bonus and right issues. Other provisions relating to Capital.
4. M.R.T.P. ACT - Main provisions.
5. FERA - main provisions relating to distribution of equity and dividend. (Provisions relating to NRI investment)
6. Income Tax Act -
   Provisions relating to companies and dividend
7. Security Contracts (Regulations) Act 1956 - Important provisions.

COURSE - VIII
PROJECT MANAGEMENT

Project Planning - Project Indentification & related issues
Market & Technical analysis
Project Financing
Financial Projections - Risk Analysis and hurdle rates
Appraisal Criteria
Net work Techniques
Project Review.
Tax implications.

પરિશિષ્ટ 'ચ/૪'

કામકાજ ક્રમાંક ૩૬ (૧૧)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે માધ્યમિક કેળવણી મંડળ, આંકલાવ, તા. બોરસદ, જિ. ખેડા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૯૫ સુધીમાં કરે તો તેને આંકલાવ ખાતે વિનયન વિદ્યાશાખાની કૉલેજમાં વાણિજ્ય વિદ્યાશાખા હેઠળના પ્રથમ વર્ષ વાણિજ્યના અભ્યાસક્રમો શીખવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીનું નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સલને ભલામણ કરવી :

૧. કાર્યભારના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે,

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :

(૧) વિદ્યાર્થીદીઠ ૮ ચોરસફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય એવા અભ્યાસ ખંડો;

(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો;

(૩) શિક્ષકો માટેનો ખંડ;

(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાનાં ઓછામાં ઓછા દશ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો);

(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો);

(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ-એક વાચનખંડ સહિત ગ્રંથાલય.

(૭) આચાર્ય માટેનો ખંડ;

(૮) કૉલેજના કાર્યાલય માટે એક ખંડ;

(૯) પીવાના પાણી માટેનો ખંડ;

(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ રૂ. ૧૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૧૦,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૨૫૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૨૫૦

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી જગા હોવી આવશ્યક ગણાશે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫ (અઢી) ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

૭. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૮. 'ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતો-વખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે' તે મુજબનું સંસ્થાનું બાંયધરી પત્ર;

૯. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસ સમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઓપન ઇન્ટર્વ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણી સમિતિ ઉપરાંતના સભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે, કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

૧૧. સંસ્થાએ આઠ લાખની રકમ ડિપૉઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે, આ ડિપૉઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે.

૧૨. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક-બિનશિક્ષક કર્મચારીની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં, તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

આંકલાવ આર્ટ્સ કૉલેજમાં વાણિજ્ય વિદ્યાશાખા ઉભેરવા અંગેની નીડ અને સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ

હાલમાં આંકલાવ આર્ટ્સ કૉલેજમાં કુલ ૧૪૦ વિદ્યાર્થીઓ છે, ભાદરણ, બોરસદ અને આણંદ આંકલાવથી ૨૫ કિલોમીટરની અંદર છે, પરંતુ કૉમર્સ વિદ્યાશાખાના શિક્ષણ માટે આ કેન્દ્રોમાં જતા વિદ્યાર્થીઓને ઘણી તકલીફ પડે છે. આ ઉપરાંત વાસદમાં ૮૦, ભેટાસીમાં ૪૦, કાનવાડીમાં ૩૦, કોઠિયાખાડમાં ૩૩, આસોદરમાં ૫૯, આંકલાવમાં ૧૧૨, અલારસામાં ૩૫ અને ગંભીરામાં ૫૫ મળી આ કેન્દ્રોમાંથી કુલ ૪૪૪ વિદ્યાર્થીઓ બારમા ધોરણની પરીક્ષામાં બેસે છે તે જોતાં કૉમર્સ વિદ્યાશાખાના શિક્ષણની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે.

આ કૉલેજ કૉમર્સ વિદ્યાશાખા માટે હવે યુનિવર્સિટીએ નિયત કરેલી જરૂરી ડિપૉઝિટ યુનિવર્સિટીમાં જમા કરાવે અને કૉમર્સ વિદ્યાશાખા માટે જરૂરી વર્ગ ખંડો, ટ્યુટોરિયલ ખંડો વગેરેની વ્યવસ્થા કરે અને કૉમર્સ વિદ્યાશાખા માટે જરૂરી પુસ્તકોની ખરીદી તા. ૧૫-૫-૧૯૯૫ સુધીમાં કરે અને યુનિવર્સિટીએ મૂકેલ અન્ય શરતોનું પરિપાલન કરે એ શરતે અમે આંકલાવ આર્ટ્સ કૉલેજની સાથે કૉમર્સ વિદ્યાશાખા ઉભેરવાની અને તેનું જોડાણ તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધી આપવાની ભલામણ કરીએ છીએ.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
આચાર્ય ડી. એમ. શીખ
આચાર્ય આર. એચ. વ્યાસ
પ્રો. એ. આર. શાહ.

* * *

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે **સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયા**, તા. વાઘોડિયા, જિ. વડોદરા, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૫-૧૯૯૫ સુધીમાં કરે તો તેને પીપલિયા ખાતે વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાઓ હેઠળ પ્રથમ વર્ષ વિનયન તથા પ્રથમ વર્ષ વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીનું નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવે;
(બ) કાર્યભારના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;
(ક) ગ્રંથપાલ અને વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
(૧) વિદ્યાર્થીદીઠ ૮ ચોરસફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય એવા અભ્યાસ ખંડો;
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો;
(૩) શિક્ષકો માટેનો ખંડ;
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો);
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો);
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ-કે વાચનખંડ સહિત ગ્રંથાલય;

(૭) આચાર્ય માટેનો ખંડ;

(૮) કૉલેજના કાર્યાલય માટે એક ખંડ;

(૯) પીવાના પાણી માટેનો ખંડ;

(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ રૂ. ૧૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે ... રૂ. ૧૦,૦૦૦

(૨) સામયિકો માટે ... રૂ. ૧,૨૫૦

(૩) સંદર્ભગ્રંથો માટે ... રૂ. ૧,૨૫૦

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫ (અઢી) ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. 'ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતો-વખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે' તે મુજબનું સંસ્થાનું બાંયધરી પત્ર;

૧૧. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસ સમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઓપન ઇન્ટર્વ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૨. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણી સમિતિ ઉપરાંતના સભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

૧૩. સંસ્થાએ રૂ. ૧૪ લાખની રકમ ડિપૉઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે, આ ડિપૉઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે;

૧૪. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં, તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

સંસ્કાર કેળવણી ટ્રસ્ટ સંચાલિત, પીપલિયા, તા. વાઘોડિયા ખાતેની સૂચિત આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ અંગેની નીડ અને સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ

સંસ્કાર કેળવણી મંડળ તરફથી પીપલિયા ખાતે વિનયન, વાણિજ્ય અને વિજ્ઞાન કૉલેજ શરૂ કરવા અંગે આવેલ અરજીના સંદર્ભમાં આ સૂચિત કૉલેજની મુલાકાત તા. ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના રોજ લીધી હતી. ટ્રસ્ટના પ્રમુખ ધીરજલાલ જયસ્વાલ તથા ટ્રસ્ટના અન્ય હોદ્દેદારોએ અમને જરૂરી માહિતી અને વિગતો પૂરી પાડી હતી.

આ સ્થળ ડભોઈથી ૨૮ કિલોમીટર અને સાવલીથી ૩૨ કિલોમીટર દૂર છે. આ સંસ્થા મિક્ષ કૉલેજ શરૂ કરવા માગે છે અને વડોદરા શહેર તેમ જ આસપાસના વિસ્તારોમાં રહેતા ઘણા વિદ્યાર્થીઓને વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં પ્રવેશ મળતો નથી એ હકીકત ધ્યાનમાં લેતાં વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે. હાલમાં અમે અહીં વિજ્ઞાન વિદ્યાશાખાની જરૂર જોતા નથી.

આ સૂચિત કૉલેજ માટે ટ્રસ્ટ યુનિવર્સિટીએ નિયત કરેલ જરૂરી ડિપૉઝિટની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવે અનેં વિનયન અને વાણિજ્ય કૉલેજ માટે જરૂરી વર્ગખંડો, ટ્યુટોરિયલ ખંડો, આચાર્યનો રૂમ, ઑફિસ રૂમ, અધ્યાપક ખંડ, લાઇબ્રેરી, રમતગમતનો ખંડ, ટોયલેટની વ્યવસ્થાવાળો લેડીઝરૂમ વગેરે જરૂરી ખંડોની વ્યવસ્થા કરે અને અન્ય જરૂરી શરતોનું પાલન તા. ૩૦-૫-૧૯૯૫ સુધીમાં કરે એ શરતે અમે આ સૂચિત કૉલેજને તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૫ સુધી ૧ વર્ષ માટે જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
આચાર્ય ડી. એમ. શીખ
આચાર્ય આર. એચ. વ્યાસ
પ્રો. એ. આર. શાહ.

* * *

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે **શ્રી. કેળવણી મંડળ, સાધલી,** શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૫-૧૯૯૫ સુધીમાં કરે તો તેને સાધલી ખાતે વિનયન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ વિનયનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીનું નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવે;
(બ) કાર્યભારના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;
(ક) ગ્રંથપાલ અને વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
(૧) વિદ્યાર્થીદીઠ ૮ ચોરસફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય એવા અભ્યાસ ખંડો;
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો;
(૩) શિક્ષકો માટેનો ખંડ;
(૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો);
(૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દશ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો);
(૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચનખંડ-કે વાચનખંડ સહિત ગ્રંથાલય;
(૭) આચાર્ય માટેનો ખંડ;
(૮) કૉલેજના કાર્યાલય માટે એક ખંડ;
(૯) પીવાના પાણી માટેનો ખંડ;
(૧૦) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ રૂ. ૧૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

(૧) પુસ્તકો માટે	...	રૂ. ૧૦,૦૦૦
(૨) સામયિકો માટે	...	રૂ. ૧,૨૫૦
(૩) સંદર્ભગ્રંથો માટે	...	રૂ. ૧,૨૫૦

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામા આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણી વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડંટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫ (અઢી) ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. 'ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતો-વખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે' તે મુજબનું સંસ્થાનું બાંયધરી પત્ર;

૧૧. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસ સમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઓપર્ન ઇન્ટર્વ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૨. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણી સમિતિ ઉપરાંતના સંભ્યો વરણી સમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

૧૩. સંસ્થાએ રૂ. ૧૨ લાખની રકમ ડિપૉઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડિપૉઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે;

૧૪. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં, તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

શ્રી. કેળવણી મંડળ સંચાલિત, સાધલી, (તા. સિનોર) ખાતેની સૂચિત આર્ટ્સ કૉલેજ અંગેની નીડ અને સ્થાનિક તપાસ સમિતિનો હેવાલ

શ્રી કેળવણી મંડળ તરફથી સાધલી ખાતે વિનયન અને વાણિજ્ય કૉલેજ શરૂ કરવા અંગે આવેલ અરજીના સંદર્ભમાં આ સૂચિત કૉલેજની મુલાકાત તા. ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૫ના રોજ લીધી હતી. ટ્રસ્ટના પ્રમુખ, ઉપપ્રમુખ અને અન્ય હોદ્દેદારોએ અમને જરૂરી માહિતી અને વિગતો પૂરી પાડી હતી.

આ સ્થળ ડભોઈથી ૨૩ કિલોમીટર દૂર છે. આ ટ્રસ્ટ શિક્ષણ કૉલેજ શરૂ કરવા માટે છે. હાલમાં ડભોઈ અને અન્ય કેન્દ્રોમાં વિનયન વિદ્યાશાખામાં પ્રવેશ મળતો નથી એ હકીકત ધ્યાનમાં લેતાં વિનયન વિદ્યાશાખાની કૉલેજની જરૂરિયાત પ્રસ્થાપિત થાય છે. હાલમાં અમે અહીં વાણિજ્ય વિદ્યાશાખાની જરૂર જોતા નથી.

આ સૂચિત કૉલેજ માટે ટ્રસ્ટ યુનિવર્સિટીએ નિયત કરેલ જરૂરી ડિપૉઝિટની રકમ યુનિવર્સિટીમાં જમા કરાવે અને વિનયન કૉલેજ માટે જરૂરી વર્ગખંડો, ટ્યુટોરિયલ ખંડ, આચાર્ય ખંડ, ઑફિસ ખંડ, અધ્યાપક ખંડ, ટોયલેટની વ્યવસ્થાવાળો લેડીઝરૂમ વગેરે જરૂરી ખંડોની વ્યવસ્થા કરે અને અન્ય જરૂરી શરતોનું પાલન તા. ૩૦-૫-૧૯૯૫ સુધીમાં કરે એ શરતે અમે આ સૂચિત કૉલેજને તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધી ૧ વર્ષ માટે જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
આચાર્ય ડી. એમ. શીખ
આચાર્ય આર. એચ. વ્યાસ
પ્રો. એ. આર. શાહ.

* * *

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે **ધોળકા એજ્યુકેશન સોસાયટી, ધોળકા**, જિ. અમદાવાદ, શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૫-૧૯૯૫ સુધીમાં કરે તો તેને ધોળકા ખાતે વિજ્ઞાનની અલગ કૉલેજની વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ વિજ્ઞાનમાં રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીનું નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવે;
(બ) કાર્યભારના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;
(ક) ગ્રંથપાલ અને વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણો પ્રમાણે કરવામાં આવે :
(૧) વિદ્યાર્થીદીઠ ૮ ચોરસફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય એવા અભ્યાસ ખંડો;
(૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો;
(૩) શિક્ષકો માટેનો ખંડ;

(૩) કૉમર્સ કૉલેજ, પેટલાદ	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્ઝ

(૧) આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભાદરણ :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભાદરણ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૯-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો વિષય શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી કાયમી અને બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્ઝના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

(૧) કૉમ્પ્યુટર મેથડ્ઝના વિષય માટે ઑર્ડિ. ૧૨૦-ઓ અનુસાર નિમણૂક કરવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પ્રયોગશાળામાં સરવર સાથે બીજા મશીનને અપગ્રેડ કરીને નેટસરવર+પનોડના સંપૂર્ણ સિસ્ટમ ગોઠવવામાં આવે;

(૪) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) પ્રાયોગિક કાર્ય માટે પ્રતિ મશીનદીઠ બે વિદ્યાર્થીઓની બેચ રાખવામાં આવે;

(૬) સદરહુ વિષય માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૭) યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

(૮) વિદ્યાર્થીદીઠ રૂ. ૩૦૦ની સત્રદીઠ ફી રાખવામાં આવે;

(૯) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી /ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

(૨) આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ :

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૯-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે

એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી નીચે મુજબ ભલામણ છે :

(૧) પ્રાયોગિક કાર્ય માટે પ્રતિ મશીનદીઠ બે વિદ્યાર્થીઓની બેચ રાખવામાં આવે;

(૨) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) સદરહુ વિષય માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૫) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગનાં તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

(૬) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

(૩) કૉમર્સ કૉલેજ, પેટલાદ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૯-૧૯૯૫ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (મુખ્ય)માં બિઝનેસ મૅનેજમેન્ટ, આંકડાશાસ્ત્ર અને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૫થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને નીચે પ્રમાણે ભલામણ કરવી :

(૧) ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

(૨) બિઝનેસ મૅનેજમેન્ટના વિષય માટે પ્રતિષ્ઠિત જર્નલ વસાવવામાં આવે;

(૩) પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૪) કૉમ્પ્યુટરના વિષય માટે પ્રતિષ્ઠિત સામયિક વસાવવામાં આવે;

(૫) કૉમ્પ્યુટરના વિષય માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

(૭) ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

[નોંધ.-એકેડેમિક કાઉન્સિલની તા. ૪-૯-૧૯૯૫ની સભા બાબત ક્રમાંક (૬) (તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "૬/૮"** તરીકે સામેલ છે.)

૨૦ (૯). જૂન ૧૯૯૫થી ચાલુ જોડાણ મેળવવા માટે નીચે દર્શાવેલ કૉલેજોની જોડાણ અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધી એડહોક ધોરણે જોડાણ આપ્યા અંગેનું જાહેરનામું બહાર પાડ્યાનું;

(સદરહુ જોડાણની યાદીની નકલ **પરિશિષ્ટ "ઠ/૯"** તરીકે સામેલ છે.)

૨૦ (૧૦). ધર્મસિંહ દેસાઈ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, નડિયાદની જૂન ૧૯૯૧થી સ્વાયત્તતા અંગે રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક એનજીસી/૧૫૮૮/જી.યુ.આઈ./૧૦૦/૮૯/૧૨૧- ૮૮/ખમાં દર્શાવેલ શરત ક્રમાંક ૧ અનુસાર નિયુક્ત કરેલ સમીક્ષા સમિતિના હેવાલમાં દર્શાવેલ ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું;

(સમીક્ષા સમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "ઠ/૧૦"** તરીકે સામેલ છે.)

૨૦ (૧૧). જૂન ૧૯૯૫થી નીચે દર્શાવેલ સંસ્થાઓ તરફથી તેના નામ સામે દર્શાવેલ વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવા માટે આવેલ જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરવામાં આવેલ જરૂરિયાત તથા સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકાર્યાનું.

ક્રમાંક	*સંસ્થાનું નામ*	*વિદ્યાશાખા*
૧.	ડૉ. બી. આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટી, ગાંધીનગર	વિનયન-વાણિજ્ય
૨.	માધ્યમિક કેળવણી મંડળ, ગરબાડા	વિનયન-વાણિજ્ય
૩.	ગુજરાત આદિવાસી પ્રગતિ પરિષદ, દાહોદ	વિનયન-વાણિજ્ય
૪.	ગૂર્જર ભારતી, દાહોદ	વિનયન (મહિલા માટે).

(હેવાલની નકલ **પરિશિષ્ટ "ઠ/૧૧"** તરીકે સામેલ છે.)

૨૦ (૧૨). સંલગ્ન કૉલેજોના માન્ય તથા અમાન્ય થયેલ શિક્ષકોની નીચે પ્રમાણેની યાદીઓની નોંધ લેવા બાબત :

(૧) માન્ય શિક્ષકોની યાદી

(૨) જોડાણની શરતોના સંદર્ભમાં થયેલ નિમણૂકોની યાદી

(૩) અમાન્ય શિક્ષકોની યાદી.

(સદરહુ શિક્ષકોની યાદી **પરિશિષ્ટ "ઠ/૧૨"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત ક્રમાંક ૨૦(૧)થી ૨૦(૧૨) સુધીનાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૨૧. ઇન્ટર્નલ ઑડિટર્સ મે. ભાખિયા એન્ડ કંપની તરફથી તેમના પત્ર તા. ૧૦-૮-૧૯૯૫થી ઑડિટ ફીના વધારા અંગેની રજૂઆતના સંદર્ભમાં કુલપતિશ્રીએ નીમેલી સમિતિની તા. ૪-૯-૧૯૯૫ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નીમેલ ઉપર્યુક્ત સમિતિની તા. ૪-૯-૧૯૯૫ની સભાની ભલામણો સ્વીકારવી.

ત્યાર બાદ શ્રી એમ. પી. જડિયા સભાગૃહમાં આવ્યા હતા.

૨૨. કેમિસ્ટ્રી વિભાગને "Crown Ethers Laser Dyes"ની પેટન્ટ રજિસ્ટર કરાવવા મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કેમિસ્ટ્રી વિભાગને ઉપરોક્ત પેટન્ટ રજિસ્ટર કરાવવા મંજૂરી આપવી.

૨૩. ફાઇનાન્સ સમિતિની તા. ૫-૮-૧૯૯૫ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૫-૮-૧૯૯૫ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો સ્વીકારવી.

(ફાઇનાન્સ સમિતિનો હેવાલ **પરિશિષ્ટ "ડ"** તરીકે સામેલ છે.)

૨૪. ફાઇનાન્સ સમિતિની તા. ૪-૯-૧૯૯૫ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૪-૯-૧૯૯૫નાં રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો સ્વીકારવી.

(ફાઇનાન્સ સમિતિનો હેવાલ **પરિશિષ્ટ "ઢ"** તરીકે સામેલ છે.)

૨૫. ફાઇનાન્સ સમિતિની તા. ૩૦-૯-૧૯૯૫ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩૦-૯-૧૯૯૫ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો સ્વીકારવી.

(ફાઇનાન્સ સમિતિનો હેવાલ **પરિશિષ્ટ "ણ"** તરીકે સામેલ છે.)

૨૬. ફાઇનાન્સ સમિતિની તા. ૩-૨-૧૯૯૬ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૩-૨-૧૯૯૬ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની સને ૧૯૯૫-૯૬ના વર્ષનું પુનર્નિર્મિત અંદાજપત્ર તેમ જ ૧૯૯૬-૯૭નું અંદાજપત્રની ભલામણ તેમ જ અન્ય ભલામણો સ્વીકારવી તથા

અંદાજપત્ર પરની ચર્ચા ઉપર શ્રી જગદીશ ભાવસારે રજૂ કરેલ સૂચનો પર થતો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવામાં આવી. અને તે બાદ અંદાજપત્ર આગામી કોર્ટની વાર્ષિક સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવાનું રાખવું.

(તા. ૩-૨-૧૯૯૬ના રોજની ફાઇનાન્સ સમિતિની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૨૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૨૭ (૧). રાજ્ય સરકારના નાણાવિભાગના ઠરાવ વલભ-૧૧૯૫-૧૦૬૫-જ, તા. ૧૬-૧૧-૧૯૯૫ મુજબ મંજૂર થયેલ મોંઘવારી ભથ્થાનો વધારાનો હપ્તો તા. ૧-૭-૧૯૯૫થી યુનિવર્સિટીના કર્મચારીઓને તથા સંલગ્ન કૉલેજોના કર્મચારીઓને ચૂકવવાનું ગ્રાહ્ય રાખ્યાનું;

૨૭ (૨). રાજ્ય સરકારના સરકારી ઠરાવ ક્રમાંક : પગર-૧૯૫-૬૩-મ, નાણાવિભાગના તા. ૧-૮-૧૯૯૫ મુજબ મૂળ માસિક પગારના ૧૦ ટકા ઓછામાં ઓછા પ્રતિમાસ રૂ. ૧૦૦ વચગાળાની રાહત તા. ૧-૪-૧૯૯૫થી ચૂકવવા અંગેનો ઠરાવ સ્વીકાર્યાનું અને તેનો લાભ યુનિવર્સિટીના-સંલગ્ન કૉલેજોના, લૉ કૉલેજોના તથા માન્ય સંસ્થાના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને આપ્યાનું;

૨૭ (૩). યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને ગુજરાત સરકારશ્રીના નિયમો મુજબ અનાજ એડવાન્સ (લોન) રૂ. ૫,૬૦,૦૦૦ (રૂપિયા પાંચ લાખ સાઈઠ હજાર) ભરપાઈ કરવાની શરતે મંજૂર કર્યાનું;

૨૭ (૪). યુનિવર્સિટી કાર્યાલયના એસ્ટેટ વિભાગના કર્મચારી શ્રી અમૃતલાલ એસ. પટેલને તથા યુનિવર્સિટી પ્રેસના કર્મચારી શ્રી વિક્રમભાઈ પટેલના પુત્રને અકસ્માત થતાં ખાનગી હૉસ્પિટલ (દવાખાના)માં કરાવેલ સી.ટી. સ્કેનના ખર્ચના અનુક્રમે રૂ. ૧,૦૦૦ તથા રૂ. ૩,૩૦૦નાં બિલો ચૂકવવાનું મંજૂર કર્યાના. [નોંધ.-આ સવલત વા. સા. હોસ્પિટલમાં નથી તેમ જ ઉપરોક્ત દર સિવિલ હોસ્પિટલના દર જેટલો જ છે.]

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત ક્રમાંક ૨૭(૧)થી ૨૭(૪) સુધીનાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૨૮. યુનિવર્સિટીના એસ્ટેટ વિભાગના નાયબ ઇજનેર (ઇલેક્ટ્રિકલ) શ્રી જે. સી. પટેલ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં નાયબ કુલસચિવની જગ્યા પર તા. ૧-૯-૧૯૯૦થી એક વર્ષ માટે લિયન પર ગયેલ, તે લિયનના સમય દરમિયાન એટલે (જૂન, ૧૯૯૧)માં તેમને નિયમિત ઇજાફો મળવાપાત્ર હતો તે મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી જે. સી. પટેલને જૂન, ૧૯૯૧થી તેમના પગારધોરણ ઉપર જે નિયમિત ઇજાફો મળવાપાત્ર હતો તે કાલ્પનિક (નોશનલ) રીતે મંજૂર કરવો.

૨૯. સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પિપલિયા (તા. વાઘોડિયા) દ્વારા હાલ વિનયન અને વાણિજ્યની કૉલેજો ચાલુ છે, તેમાં જૂન, ૧૯૯૬થી વિજ્ઞાનની વિદ્યાશાખા ઉમેરવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ તા. ૧૪-૧૧-૧૯૯૫ના રોજ આવી છે, તો સદરહુ અરજી સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે થતો નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૩૦. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટે. ૯૦ અનુસાર તા. ૩૧મી માર્ચ, ૧૯૯૫ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના ૪૫મા વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ અને સ્ટે. ૯૦ અન્વયે ૩૧મી માર્ચ, ૧૯૯૫ના રોજ પૂરા થતા વર્ષના ૪૫માં વાર્ષિક હેવાલનાં મુસદ્દાને મંજૂર રાખવો તથા તે આગામી યુનિવર્સિટી કોર્ટની વાર્ષિક સભામાં વિચારણા માટે રજૂ કરવો.

૩૧. ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કાયદા વિદ્યાશાખાની કૉલેજોના નિરીક્ષણ સારુ બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીએ લીગલ એજ્યુકેશન કમિટીની રચના કરી છે, તેની નોંધ લેવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત બાબત લૉ ફેકલ્ટીનો અભિપ્રાય મેળવીને પુનઃ રજૂ કરવી.

(બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના પત્રની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૩૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યો (જાણ સારુ) :

૩૨ (૧). યુનિવર્સિટી પ્રેસના કર્મચારીઓનું EPF+FPF પગાર વત્તા મોંઘવારીની રૂ. ૩૫૦૦ની રકમની મર્યાદામાં કાપવામાં આવતું હતું. તેમાં કેન્દ્ર સરકારના શ્રમ મંત્રાલયના તા. ૨૩-૯-૧૯૯૪ના નોટિફિકેશનથી તેની મર્યાદા રૂ. ૫,૦૦૦ કરવામાં આવેલ છે, તેના અમલીકરણ અંગે વિચારણા કરવા બાબત.

૩૨ (૨). રિજિયોનલ પી.એફ. કમિશનરના પરિપત્ર નં. GJ/PF/-/પેન્શન-૯૫, તા. ૧૬-૧૧-૧૯૯૫ અનુસાર પ્રૉવિડન્ટ ફંડમાંથી ફેમિલી પેન્શનના ફાળાની કપાત રદ કરવાનું તથા પ્રેસ કર્મચારીઓ જેઓની

ફેમિલી પેન્શન ફાળાની કપાત થતી નથી તેઓ પેન્શન યોજનામાં જોડાયાનો વિકલ્પ અમલી અંગેની બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત ક્રમાંક ૩૨(૧) અને ૩૬ (૨)નાં કાર્યોની નોંધ લેવામાં આવી.

(સદરહુ પરિપત્રની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૩૩. ગ્રંથાલય સમિતિની મુદત તા. ૩૧-૧૨-૧૯૯૫ના રોજ પૂરી થયેલ હોવાથી ઑર્ડિ. ૨૨ અનુસાર ત્રણ સભ્યો નિયુક્ત કરવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.- ઑર્ડિ.-૨૨ નીચે મુજબ છે :

"The Library Committee shall consist of the Vice-Chancellor, Deans of Faculties, Heads of the University Schools, the University Librarians if any and three members to be nominated by the Executive Council."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે વર્તમાન કાર્યકારી કુલપતિશ્રીને સત્તા આપવી તથા નિયમાનુસાર રચવાપાત્ર થતી અન્ય સમિતિઓની પણ રચના કરી તેની જાણ સભાની આગામી બેઠકમાં કરવાનું રાખવું.

૩૪. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનું કાર્ય (જાણ સારૂ) :

માર્ચ-એપ્રિલ, ૧૯૯૫માં લેવાયેલ વિવિધ પરીક્ષાનાં પરિણામો જુદા જુદા જાહેરનામાથી જાહેર કરવામાં આવેલ, તે વિદ્યાર્થીઓ પૈકી જે વિદ્યાર્થીઓનાં પરિણામો, ગુણચકાસણી, પુનર્મૂલ્યાંકન કે અન્ય કારણોસર સુધરેલ છે તે વિદ્યાર્થીઓને ખાસ કેસ તરીકે જે તે સંલગ્ન કૉલેજોમાં પ્રવેશ આપ્યાનું તેમ જ તેઓની ખૂટતી હાજરી માફ કર્યા અંગેનું :

ક્રમ	*વિદ્યાર્થીનું નામ*	*પ્રવેશ મેળવેલ વર્ગ*	*કૉલેજનું નામ*
૧.	શ્રી સાલ્વી મિત્તલ હીરાલાલ	સેકન્ડ બી.એસસી.	ગુજરાત કૉલેજ, અમદાવાદ
૨.	શ્રી પટેલ કલ્પેશ જમનારાયણ	થર્ડ બી.એસસી.	જે. ઍન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ
૩.	શ્રી સોલંકી ગિરીશકુમાર રામજીભાઈ	સેકન્ડ બી.એ.	સરસપુર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૪.	શ્રી જોશી બીન્દેશ આઈ.	થર્ડ બી.કૉમ.	જી. બી. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૫.	શ્રી રાવલ ધર્મેન્દ્ર બી.	સેકન્ડ બી.એસસી.	જે. ઍન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ
૬.	શ્રી ચૌહાણ દિલીપકુમાર કે.	થર્ડ બી.કૉમ.	સાબરમતી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૭.	શ્રી લુઈ મારિયો રિસોઝા	સેકન્ડ બી.એ.	અમદાવાદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮.	શ્રી ફારૂકી મોઈન મુસ્તાકઅહેમદ	થર્ડ બી.કૉમ.	સી. સી. શેઠ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૯.	શ્રીમતી વિહોલ ગીતા બિજલભાઈ	થર્ડ બી.કૉમ.	ગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૦.	શ્રીમતી રાવલ કિંજા હરસુમનરાય	થર્ડ બી.કૉમ.	સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૧૧.	શ્રીમતી શાહ સોનલ નવીનચંદ્ર	થર્ડ બી.કૉમ.	સી. યુ. શાહ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૨.	શ્રીમતી અસ્મિતા એ. પટેલ	સેકન્ડ બી.કૉમ.	આર્ટ્સ, સાયન્સ અને આર. એ. પટેલ કૉમર્સ કૉલેજ, ભાદરણ
૧૩.	શ્રી ભાવસાર જતિન પ્રવીણસિંહ	થર્ડ બી.કૉમ.	સહજાનંદ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૪.	શ્રીમતી ગોહિલ મનહરબહેન બહાદુરસિંહ	થર્ડ બી.એ.	આર. ડી. શાહ આર્ટ્સ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૩૫. ગુજરાત યુનિવર્સિટીના અનુદાન (ગ્રાન્ટ)ને લગતા સરકારી ઑડિટ હવાલા વર્ષ ૧૯૮૭-૮૮ તથા ૧૯૮૮-૮૯ના કાર્યાલયે તૈયાર કરેલાં જવાબો જોઈ જવા માટે કુલપતિશ્રીએ નીમેલી સમિતિની સભા તા. ૧૯-૧૨-૧૯૯૫ તથા તા. ૩૦-૧-૧૯૯૬ના રોજ મળેલ તે સમિતિની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ ઉપરોક્ત સમિતિની ભલામણો સ્વીકારવી.

૩૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન વિદ્યાર્થીએ ગેરવાજબી ઇલાજો અંજમાવ્યા અંગેના કેસો ઉપર તેમ જ પ્રાધ્યિકો, પરીક્ષકો, નિરીક્ષકો અને કાર્યાલયના સભ્યો હસ્તક થયેલ ભૂલો અંગેના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧૪-૭, ૨૧-૭, ૨૮-૭, ૪-૮, ૧૭-૮, ૨૫-૮-૧૯૯૫, તા. ૧, ૮, ૧૫, ૨૨, ૨૯-૯-૧૯૯૫, તા. ૫, ૬, ૧૩-૧૦-૧૯૯૫, તા. ૧૦, ૨૪-૧૧-૧૯૯૫, તા. ૮-૧૨-૧૯૯૫, તા. ૧૨-૧-૧૯૯૬, તા. ૧૯-૧-૧૯૯૬, તા. ૨૫-૧-૧૯૯૬ અને તા. ૨-૨-૧૯૯૬ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની ભલામણો મંજૂર કર્યાના યુનિવર્સિટીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત તારીખોએ મળેલ પરીક્ષા શુદ્ધિસમિતિની ભલામણોનો સ્વીકાર કરવો.

૩૭. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોનો યુવક મહોત્સવ યોજવા માટે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલ સમિતિની તા. ૮-૮-૧૯૯૫ના રોજ મળેલ સભામાં કરવામાં આવેલ નીચેની ભલામણના અનુસંધાને ઑર્ડિનન્સ ૧૭૦માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

ભલામણ

"યુવક મહોત્સવ માટે વિભાગોને યુનિવર્સિટી તરફથી આપવામાં આવતી આર્થિક સહાય ઘણી જ ઓછી પડતી હોઈ જે તે યજમાન કૉલેજને આર્થિક બોજ વધારે પ્રમાણમાં રહેતો હોઈ આવતા વર્ષથી યુવક મહોત્સવની વિદ્યાર્થીદીઠ ઉઘરાવવામાં આવતી ફીમાં વધારો કરી હાલ સત્રદીઠ રૂ. ૨ની ફી વિદ્યાર્થીદીઠ ઉઘરાવવામાં આવે છે, તેમાં સુધારો કરી રૂ. ૫ની ફી વિદ્યાર્થીદીઠ ઉઘરાવવાનું રાખવું, તેમ આ કમિટી ભલામણ કરે છે. જેથી યુવક મહોત્સવના ખર્ચને પહોંચી શકાય અને યજમાન કૉલેજને આર્થિક બોજ વધુ પડતો વહન કરવો પડે નહીં. તે ધ્યાનમાં લેતાં ઑર્ડિ. ૧૭૦માં જરૂરી સુધારો કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ નિયુક્ત કરેલું ઉપર્યુક્ત સમિતિની ભલામણોનો સ્વીકાર કરવો તથા પરિશિષ્ટ તરીકે સામેલ ઑર્ડિ. ૧૭૦ મંજૂર કરવો.

(સુધારેલ ઑર્ડિ. ૧૭૦ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૩૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય (જાણ સારૂ) :

૩૮ (૧). 'શેઠ દામોદરદાસ વાણિજ્ય વિદ્યાભવનમાં નવા શરૂ કરાયેલા પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા અભ્યાસક્રમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સિયલ એનાલિસિસ સેમેસ્ટર (૧થી ૪) મહેનતાણું એમ.કૉમ.ના ધોરણે પેપર સેટરને રૂ. ૧૭૦ તેમ જ પરીક્ષકને ઉત્તરવહી તપાસવા અંગેના રૂ. ૪ ચૂકવવાનું મંજૂર કર્યાનું;

૩૮ (૨). યુનિવર્સિટીના બી.બી.એ. અભ્યાસક્રમમાંની ભવિષ્યની વિકાસ યોજનાઓ માટે સને ૧૯૯૪-૯૫થી પ્રત્યેક વર્ષ દરમિયાન ખરેખર ખર્ચ કરતાં આવકના વધારાની રકમ બી.બી.એ. ડેવલપમેન્ટ ફંડ ખાતે લઈ જવાનું તેમ જ વર્ષની આખરે રિકરિંગ આવક/ખર્ચનું એડજસ્ટમેન્ટ ફંડ ખાતે કરવાનું મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત ક્રમાંક ૩૮(૧) અને ૩૮ (૨)નાં કાર્યોની નોંધ લેવી.

૩૯. કૉલેજો તથા માન્ય સંસ્થાઓમાં ગ્રંથપાલની લાયકાતનાં ધોરણો, પગારધોરણો વગેરે વર્ષોથી યુ.જી.સી., કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર નક્કી કરે છે અને શિક્ષકોની સાથે જ તેમને આવરી લે છે. ગ્રંથાલય અને માહિતીશાસ્ત્ર સેવા શૈક્ષણિક કામગીરી ગણાય છે. આ સંદર્ભમાં ગ્રંથપાલોને નોન-વેકેશનલ ઍકેડેમિક સ્ટાફ ગણવા અંગે તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણનો સ્વીકાર કરવો.

૪૦. ઑર્ડિ. ૧૨૦ ∧ ૩ -(૩) માં નીચે પ્રમાણેનો સુધારો ઉમેરવા અંગેની ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત :

Note : 3(i) & 3 (ii) above shall apply only to the subjects or Department where no new recruitment has taken place after 12-6-79.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સ્વીકારવી.

૪૧. એમ.એસસી. ફિઝિક્સ સાથે પાસ થયેલ જે શિક્ષક કૉલેજમાં ઇલેક્ટ્રોનિક્સ વિષય ભણાવતા હોય તેમને લેક્ચરર ઇન ઇલેક્ટ્રોનિક્સની માન્યતા આપવામાં આવે છે. જેના બદલે હવે લેક્ચરર ઇન ફિઝિક્સ (ઇલેક્ટ્રોનિક્સ)ની માન્યતા આપવા અંગે ઍકેડેમિક કાઉન્સિલની તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સ્વીકારવી.

૪૨. તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની બેઠકમાં ફેકલ્ટી ઑફ ઇજનેરી ઍન્ડ ટેકનોલોજીની કાર્યવાહી નોંધ પરત્વેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સ્વીકારવી.

(ફેકલ્ટી ઑફ ઇજનેરી ઍન્ડ ટેકનોલોજીની ભલામણ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૪૩. યુનિવર્સિટી વિજ્ઞાન ભવનના ગણિત વિભાગમાં રીડર તરીકે ફરજ બજાવતા શ્રી આઈ. ડી. પટેલને તેમના મકાનમાં રિપેરિંગ તથા ફેરફારો અંગે સ્ટેચ્યુટ ૧૮૮ (૨) પ્રમાણે તેમના પ્રોવિડંટ ફંડમાંથી રૂ. ૨,૨૦,૦૦૦ (રૂપિયા બે લાખ વીસ હજાર પૂરા)ની લોન આપવા અંગે વિચારણા બાબત.

(નોંધ.-ઉપરોક્ત રકમમાંથી હાલ ચાલુ રહેતી બિલ્ડિંગ લોન અને વ્યાજની રકમ કાપીને લોન ચૂકવવામાં આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આઈ. ડી. પટેલને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડમાંથી રૂ. ૨,૨૦,૦૦૦ની લોન મંજૂર કરવી.

૪૪. કર્મચારીના વહીવટી પ્રશ્નો પર વિચારણા કરવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલી સ્થાયીસમિતિની તા. ૧૩-૧૦-૧૯૯૫ ના રોજ મળેલ સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૩-૧૦-૧૯૯૫ના રોજ મળેલ સ્થાયી સમિતિની ભલામણો સ્વીકારવી.

(સ્થાયી સમિતિની તા. ૧૩-૧૦-૧૯૯૫ની સભાની ભલામણો **પરિશિષ્ટ "પ"** તરીકે સામેલ છે.)

૪૫. ગુજરાત યુનિવર્સિટીના નીચેના કર્મચારીને તેમના નામ સામે જણાવેલ કારણોસર મકાન બાંધકામ-મરામત કરવા અંગે સ્ટે.૧૮૮(૨) પ્રમાણે પ્રોવિડંડ ખાતામાંથી લોન આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	*કર્મચારીનું નામ અને હોદ્દો*	*લોનની રકમ રૂ.*	*સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે અગાઉ લોન લીધી છે ?*	*કયા કારણસર લોનની માંગણી કરી છે?*
૧.	શ્રી કે. જે. મહેતા (આસિસ્ટન્ટ)	૧,૫૦,૦૦૦/-	ના	મકાન ખરીદવા માટે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી કે. જે. મહેતાને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી રૂ. ૧,૫૦,૦૦૦ની લોન મંજૂર કરવી.

૪૬. ઑર્ડિ. ૬૨-એ. અન્વયે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૩૦-૪-૧૯૯૪ની સભાની બાબત ૨(૧૬) હેઠળ રચાયેલી ફાઇનાન્સ સમિતિના ત્રણ સભ્યો પૈકી ખાલી પડેલી જગ્યા ઉપર એક સભ્યની નિમણૂક કરવાની છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતે ઘટતો નિર્ણય લેવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૪૭. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારૂ) :

૪૭ (૧). તા. ૩-૨-૧૯૯૬ના રોજ અનુસ્નાતક મેડિકલ પ્રવેશ સમિતિની ભલામણ અનુસાર ઑર્ડિનન્સ એમ.ડી., એમ.એસ. ૧૪ હેઠળના નિયમ નં. ૫ સુધાર્યાનું;

[નોંધ.- સુધારેલ નિયમ ક્રમાંક ૫ તથા સમિતિની ભલામણો **પરિશિષ્ટ "ફ"** તરીકે સામેલ છે.]

૪૭ (૨). તા. ૧-૧-૧૯૯૫થી તા. ૩૧-૧૨-૧૯૯૫ સુધીમાં જે તે વિદ્યાર્થીઓને પીએચ.ડી. પદવી માટે લાયક ગણ્યાનું; (વિદ્યાર્થીઓનું લિસ્ટ **પરિશિષ્ટ "બ"** સામેલ છે).

૪૭ (૩). યુનિવર્સિટી રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં લેક્ચરર તરીકે ફરજ બજાવતા શ્રી બી. એચ. ત્રિવેદીએ તેમની લેક્ચરરની જગ્યા પરથી આપેલ રાજીનામું તા. ૧૦-૪-૧૯૯૬ થી મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત ક્રમાંક ૪૭(૧) થી ૪૭(૩) સુધીનાં કાર્યોની નોંધ લેવી.

૪૮. યુનિવર્સિટીના વિજ્ઞાન ભવનના ઝૂલોજી વિભાગમાં રીડર ઇન લાઇફ સાયન્સની એક ખાલી પડેલ જગ્યા ભરવા અંગે તા. ૧૧-૯-૧૯૯૫ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણો અન્વયે તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ એકેડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો તથા તદનુસાર કેમિસ્ટ્રી વિભાગમાં રીડર ઇન લાઈફ સાયન્સની એક જગ્યા ભરવા માટે પુનઃ જાહેરખબર આપવી.

(વરણીસમિતિની નકલ **પરિશિષ્ટ "ભ"** તરીકે સામેલ છે.)

૪૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય (જાણ સારુ) :

પુનર્મૂલ્યાંકનને કારણે નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં એમ.એ. ભાગ-૧ પરીક્ષાનાં પરિણામ સુધરતાં તેમની એમ.એ. ભાગ-૨ ની પ્રથમ સત્રની તેમ જ બીજા સત્રની પ્રવેશ મળે ત્યાં સુધીની હાજરી માફ કર્યાનું :

ક્રમ	વિદ્યાર્થીનું નામ	વિષય	કૉલેજનું નામ
(૧)	તીથે આરતી. એસ.	અર્થશાસ્ત્ર	સમાજવિદ્યા ભવન
(૨)	સૈફુદીન મોહંમદ	અંગ્રેજી	ભાષા-સાહિત્ય ભવન
(૩)	પટેલ ગીરા બી.	સંસ્કૃત	ભાષા-સાહિત્ય ભવન
(૪)	લીનું ભાટી	હિન્દી	ભાષા-સાહિત્ય ભવન
(૫)	જામગરિયા શામજી આર.	સંસ્કૃત/ગુજરાતી	એચ. કે. આર્ટ્સ
(૬)	સુથાર જયશ્રી બી.	અર્થશાસ્ત્ર	એલ. ડી. આર્ટ્સ
(૭)	ખાંટ રમેશ સી.	હિન્દી	એલ. ડી. આર્ટ્સ
(૮)	ભટ્ટ હીના જી.	ગુજરાતી/સંસ્કૃત	સરસપુર આર્ટ્સ કૉલેજ.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૫૦. ટ્રસ્ટીશ્રી, સરદાર પટેલ વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી એમ. એ. (ફાઇનલ)ની પરીક્ષામાં અર્થશાસ્ત્ર વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને ચંદ્રક આપવા માટે મળેલ પ્રદાન રૂ. ૨૫,૦૦૦ નીચેની શરતોને આધીન સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત :

[જેની રસીદ ઈ.એન.ડી. ૧૮૩૮, તા. ૬-૨-૧૯૯૬થી બનાવેલ છે.]

"શ્રી ચિમનભાઈ જીવાભાઈ પટેલ ચંદ્રક"

દાતાનું નામ : 'ટ્રસ્ટીશ્રી સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ', રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

પ્રદાનની રકમ : રૂ. ૨૫,૦૦૦

દાનનો પ્રકાર : એક ચંદ્રક.

શરતો

૧. એમ.એ. (ફાઈનલ)ની પરીક્ષામાં અર્થશાસ્ત્ર વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને ચંદ્રક આપવાનો થશે.

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવાની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરતો ઉમેરવાનો કે તેમાં સુધારો કરવાનો અધિકાર રહેશે.

૩. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને દાતાને તેની જાણ કરવામાં આવશે.

૪. આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી બચત રહે તો તો મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી મળેલ "શ્રી ચિમનભાઈ જીવાભાઈ પટેલ ચંદ્રક" માટેના પ્રદાનનો ઉપર જણાવેલ નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૫૧. ટ્રસ્ટીશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી તૃતીય વર્ષ બી.એ.ની પરીક્ષામાં અર્થશાસ્ત્ર વિષયમાં સૌથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીને ચંદ્રક આપવા માટે મળેલ પ્રદાન રૂ. ૨૫,૦૦૦ નીચેની શરતોને આધીન સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત :

[જેની રસીદ ઈ.એન.ડી./૧૮૩૮ તા. ૬-૨-૧૯૯૬થી બનાવેલ છે.]

"શ્રી ચિમનભાઈ જીવાભાઈ પટેલ ચંદ્રક"

દાતાનું નામ : 'ટ્રસ્ટીશ્રી સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ', રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

પ્રદાનની રકમ : રૂ. ૨૫,૦૦૦.

દાનનો પ્રકાર : એક ચંદ્રક.

શરતો

૧. તૃતીય વર્ષ બી.એ.ની પરીક્ષામાં અર્થશાસ્ત્ર વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને ચંદ્રક આપવાનો થશે.

૨. સદરહુ ચંદ્રક એનાયત કરવાની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરતો ઉમેરવાનો કે તેમાં સુધારો કરવાનો અધિકાર રહેશે.

૩. ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને દાતાને તેની જાણ કરવામાં આવશે.

૪. આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી બચત રહે તો તો મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી મળેલ "શ્રી ચિમનભાઈ જીવાભાઈ પટેલ ચંદ્રક" માટેના પ્રદાનનો ઉપર જણાવેલ નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૫૨. ટ્રસ્ટીશ્રી સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી ગુજરાત રાજ્યના કોઈ પણ અર્થશાસ્ત્રના અધ્યાપક કે અધ્યાપકો દ્વારા કોઈ પણ એક કેલેન્ડર વર્ષ દરમિયાન અર્થશાસ્ત્ર વિષયમાં તૈયાર કરેલ શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતું રિસર્ચ પેપર અંગે રૂ. ૫,૦૦૦ (પાંચ હજાર પૂરા)નો પુરસ્કાર નીચેની શરતોએ સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત :

[આ માટે રૂ. ૫૦,૦૦૦ ૨. નં. ઇ.એન.ડી. ૧૮૩૮ તા. ૬-૨-૧૯૯૬થી બનાવેલ છે.]

દાતાનું નામ : 'ટ્રસ્ટીશ્રી સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ', રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧.

પ્રદાનની રકમ : રૂ. ૫૦,૦૦૦

દાનનો પ્રકાર : રોકડ પુરસ્કાર.

શરતો

૧. યુનિવર્સિટી દ્વારા નિયુક્ત થયેલ કમિટી દ્વારા પસંદગી પામેલા અધ્યાપક કે અધ્યાપકોને રોકડ આ પુરસ્કાર આપવામાં આવશે.

૨. સદરહુ પુરસ્કાર એનાયત કરવાની શરતોમાં ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરતો ઉમેરવાનો કે તેમાં સુધારો કરવાનો અધિકાર રહેશે.

૩. પુરસ્કાર વિજેતાનું નામ જે તે પદવીદાન સમારંભ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને દાતાને તેની જાણ કરવામાં આવશે.

૪. આ સખાવતની વાર્ષિક વ્યાજની આવકમાંથી બચત રહે તો તો મૂળ રકમમાં ઉમેરવામાં આવશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

૬. યુનિવર્સિટી નક્કી કરે તે કેલેન્ડર વર્ષ દરમિયાન સંશોધન કાર્ય (પેપર) હોવું જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે સરદાર વલ્લભભાઈ પટેલ એજ્યુકેશન ટ્રસ્ટ તરફથી મળેલ પ્રદાનનો ઉપર જણાવેલ નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૫૩. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

ઑર્ડિ. ૧૨૯-બીના સંદર્ભમાં લેઇટ ફી નક્કી કરવામાં આવી છે તેમાં માર્ચ-એપ્રિલ, ૧૯૯૬ની પરીક્ષા પૂરતો ફેરફાર કરીને લેઇટ ફી સ્વીકાર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી.

૫૪. તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની સભામાં રજૂ કરવામાં આવેલ પ્રિ. વાડીભાઈ બી. પટેલના પ્રસ્તાવ પરત્વે ઍકેડેમિક કાઉન્સિલના નીચેના ઠરાવની નોંધ લેવા બાબત :

"સદરહુ પ્રસ્તાવ ઉપર ચર્ચા બાદ ઠરાવવામાં આવ્યું કે ઉપર્યુક્ત કોર્ટ ચુકાદાના સંદર્ભમાં સંકળાયેલ તમામ પાસાઓ અને મુદ્દાઓનો સર્વગ્રાહી અભ્યાસ કરી હેવાલ આપવા સારુ નીચે જણાવેલ સભ્યોની એક સમિતિની રચના કરવી :

(૧) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૨) ડૉ. વાય કે. અગ્રવાલ
(૩) પ્રિ. ડી. એમ. શીખ
(૪) પ્રિ. વાડીભાઈ પટેલ
(૫) ડૉ. યોગેન્દ્ર વ્યાસ.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકેડેમિક કાઉન્સિલના ઉપરોક્ત ઠરાવની નોંધ લેવામાં આવી.

૫૫. તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની સભામાં ઠરાવ્યા અનુસાર યુનિવર્સિટીના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના શ્રી ધીરેન અવાશિયાને ગુજરાત ટૅક્નૉલૉજી ભવન ખાતે ૩ વર્ષની મુદત માટે પ્રતિનિયુક્તિ પર ફાળવવા બાબતની નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ધીરેન અવાશિયાને ઉપર્યુક્ત સંસ્થામાં પ્રતિનિયુક્તિ પર જવા માટે

મંજૂરી આપવી તથા તેની શરતો અને અન્ય આનુષંગિક બાબતો અંગે લેવા કુલપતિશ્રીને સત્તા આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ એકૅડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણનો સ્વીકાર કરવો.

૫૬. એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટર (ઈ.એમ.આર.સી.)નાં અમુક કર્મચારીઓ દ્વારા શરૂ કરવામાં આવેલાં આમરણાંત ઉપવાસ દ્વારા શરૂ કરવામાં આવેલાં આંદોલનની જાણ કુલપતિશ્રીએ સભ્યશ્રીઓને કરી અને ચર્ચા-વિચારણાને અંતે સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે પ્રસ્તુત બાબતે સર્વગ્રાહી હેવાલ કુલસચિવશ્રી રજૂ કરે.

૫૭. ગુજરાત યુનિવર્સિટી અન્યાય પ્રતિકારક મંડળના સભ્યો તેમની માગણીઓનાં સંદર્ભમાં ઉપવાસ પર ઊતર્યા હોવાની જાણ કુલપતિશ્રીએ સભ્યશ્રીઓને કરી અને તે પરત્વે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આ કર્મચારીઓની માગણીઓ અન્વયે સંબંધિત પ્રશ્નો સ્થાયી સમિતિ સમક્ષ રજૂ કરવા.

૫૮. આગામી એપ્રિલ, ૧૯૯૬થી શરૂ થનાર યુનિવર્સિટીની પરીક્ષાઓ અંગે સમગ્ર આયોજનલક્ષી કાર્યક્રમ રજૂ કરવા પરીક્ષા નિયામકશ્રીને જણાવવા ઠરાવવામાં આવ્યું.

એકૅડેમિક કાઉ./ ૧૧૪૩ /૧૯૯૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૧૭-૫-૧૯૯૬.

એમ. પી. જડિયા
કુલસચિવ

પરિશિષ્ટ 'ક/૧'

કામકાજ ક્રમાંક ૨(૬)

ગુજરાત યુનિવર્સિટી

(અ) ૧૯૯૬ના વર્ષની જાહેર રજાઓ

ક્રમ	તહેવાર	તારીખ	વાર
૧.	પ્રજાસત્તાકદિન	૨૬મી જાન્યુઆરી, ૧૯૯૬	શુક્રવાર
૨.	મહાશિવરાત્રી	૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૬	શનિવાર
૩.	રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર)	૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૬	બુધવાર
૪.	હોળી-બીજો દિવસ (ધુળેટી)	૫મી માર્ચ, ૧૯૯૬	મંગળવાર
૫.	ચેટીચાંદ	૨૦મી માર્ચ,૧૯૯૬	બુધવાર
૬.	રામનવમી	૨૮મી માર્ચ, ૧૯૯૬	ગુરુવાર
૭.	મહાવીરજયંતી (મહાવીર જન્મકલ્યાણક)	૧લી એપ્રિલ, ૧૯૯૬	સોમવાર
૮.	ગુડ ફ્રાઈડે	૫મી એપ્રિલ,૧૯૯૬	શુક્રવાર
૯.	બકરી ઈદ (ઈદ-ઉલ-અઝા)	૨૯મી એપ્રિલ,૧૯૯૬	સોમવાર
૧૦.	મહોરમ	૨૮મી મે, ૧૯૯૬	મંગળવાર
૧૧.	ઈદ-એ-મિલાદ-ઉન્નબી (મહમંદ પયગંબરનો જન્મદિન)	૨૯મી જુલાઈ, ૧૯૯૬	સોમવાર
૧૨.	સ્વાતંત્ર્યદિન	૧૫મી ઑગસ્ટ, ૧૯૯૬	ગુરુવાર
૧૩.	પારસી નૂતન વર્ષ દિન	૨૨મી ઑગસ્ટ,૧૯૯૬	ગુરુવાર
૧૪.	રક્ષાબંધન (નાળિયેરી પૂર્ણિમા)	૨૮મી ઑગસ્ટ,૧૯૯૬	બુધવાર
૧૫.	જન્માષ્ટમી (કૃષ્ણ જયંતી)	૫મી સપ્ટેમ્બર, ૧૯૯૬	ગુરુવાર
૧૬.	સંવત્સરી (ચતુર્થી પક્ષ)	૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૬	મંગળવાર
૧૭.	મહાત્મા ગાંધીનો જન્મદિન	૨જી ઑક્ટોબર, ૧૯૯૬	બુધવાર
૧૮.	દશેરા	૨૧મી ઑક્ટોબર, ૧૯૯૬	સોમવાર
૧૯.	સરદાર વલ્લભભાઈ પટેલનો જન્મદિન	૩૧મી ઑક્ટોબર, ૧૯૯૬	ગુરુવાર
૨૦.	(૧) નૂતન વર્ષ દિન	૧૨મી નવેમ્બર, ૧૯૯૬	મંગળવાર
	(૨) ભાઈબીજ	૧૨મી નવેમ્બર, ૧૯૯૬	મંગળવાર
૨૧.	યુનિવર્સિટી સ્થાપનાદિન	૨૩મી નવેમ્બર, ૧૯૯૬	શનિવાર
૨૨.	ગુરુ નાનકનો જન્મદિન	૨૫મી નવેમ્બર, ૧૯૯૬	સોમવાર
૨૩.	નાતાલ	૨૫મી ડિસેમ્બર, ૧૯૯૬	બુધવાર

[નોંધ.-(૧) નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે જાહેર રજાના દિવસ તરીકે જાહેર કરેલ નથી :

૧. મકરસંક્રાંતિ	૧૪મી જાન્યુઆરી, ૧૯૯૬	રવિવાર
૨. ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મદિન	૧૪મી એપ્રિલ, ૧૯૯૬	રવિવાર
૩. દિવાળી	૧૦મી ઑક્ટોબર, ૧૯૯૬	રવિવાર

(૨) ઉપર જાહેર કરેલી મુસ્લિમોની કોઈ પણ રજા જાહેર કરેલા દિવસે આવતી ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે યુનિવર્સિટીના મુસ્લિમ કર્મચારીઓને મરજિયાત રજા આપી શકાશે.]

(બ) ૧૯૯૬ના વર્ષની મરજિયાત રજાઓ

ક્રમ	તહેવાર	તારીખ	વાર
૧.	ખ્રિસ્તી નૂતન વર્ષ દિન	૧લી જાન્યુઆરી, ૧૯૯૬	સોમવાર
૨.	વાસી ઉત્તરાયણ (મકરસંક્રાંતિ પછીનો દિવસ)	૧૫મી જાન્યુઆરી, ૧૯૯૬	સોમવાર
૩.	વિશ્વકર્મા જયંતી (મહા વદ ૧૩)	૨જી ફેબ્રુઆરી, ૧૯૯૬	શુક્રવાર
૪.	રમજાન ઈદ (ઈદ-ઉલ-ફિત્ર) (૨જો સવ્વાલ) (મુસ્લિમ સુન્ની અને શિયા)	૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૬	બુધવાર
૫.	ગુડી પડવો	૨૦મી માર્ચ, ૧૯૯૬	બુધવાર
૬.	જમશેદજી નવરોઝ (શહેનશાહી અને પારસી કદમી)	૨૧મી માર્ચ, ૧૯૯૬	ગુરુવાર
૭.	ચૈત્ર સુદ ૧૫ (પૂનમ)	૩જી એપ્રિલ, ૧૯૯૬	બુધવાર
૮,	પેશાચ (પ્રથમ દિવસ)	૪થી અપ્રિલ, ૧૯૯૬	ગુરુવાર
૯.	શ્રી જગદ્‌ગુરુ આદ્ય શંકરાચાર્ય જયંતી	૨૩મી એપ્રિલ, ૧૯૯૬	મંગળવાર
૧૦.	જરથોસ્તનો દિશો (પારસી કદમી)	૨૯મી એપ્રિલ, ૧૯૯૬	સોમવાર
૧૧.	બુદ્ધ પૂર્ણિમા	૩જી મે, ૧૯૯૬	શુક્રવાર
૧૨.	ગુરુ અર્જુનદેવનો શહીદ દિન	૨૧મી મે, ૧૯૯૬	મંગળવાર
૧૩.	શબાથ	૨૪મી મે, ૧૯૯૬	શુક્રવાર
૧૪.	આશુરા અથવા નવમો મહોરમ (મુસ્લિમ શિયા અને સુન્ની)	૨૮મી મે, ૧૯૯૬	મંગળવાર
૧૫.	જરથોસ્તનો દિશો (પારસી શહેનશાહી)	૨૯મી મે, ૧૯૯૬	બુધવાર
૧૬.	શહાદત-એ-ઈમામ-હસન (મુસ્લિમ શિયા)	૧૫મી જુલાઈ, ૧૯૯૬	સોમવાર
૧૭.	રથયાત્રા (અષાઢી બીજ)	૧૭મી જુલાઈ, ૧૯૯૬	બુધવાર
૧૮.	ગાથા ગહમ્બર (ગાથા ત્રીજ) (પારસી કદમી)	૨૦મી જુલાઈ, ૧૯૯૬	શનિવાર
૧૯.	પારસી નૂતન વર્ષના આરંભ પૂર્વનો દિવસ (ગાથા-૫) (પારસી શહેનશાહી)	૨૨મી જુલાઈ, ૧૯૯૬	સોમવાર
૨૦.	પારસી નૂતન વર્ષ દિન (પારસી કદમી)	૨૩મી જુલાઈ, ૧૯૯૬	મંગળવાર
૨૧.	થીશાબીબ	૨૫મી જુલાઈ, ૧૯૯૬	ગુરુવાર
૨૨.	ઈદ-એ-મિલાદ (મુસ્લિમ શિયા)	૩જી ઑગસ્ટ, ૧૯૯૬	ગુરુવાર
૨૩.	ગાથા ગહમ્બર (ગાથા ત્રીજ) (પારસી શહેનશાહી)	૧૯મી ઑગસ્ટ, ૧૯૯૬	સોમવાર
૨૪.	પારસી નૂતન વર્ષના આરંભ પૂર્વનો દિવસ (ગાથા-૫) (પારસી શહેનશાહી)	૨૧મી ઑગસ્ટ, ૧૯૯૬	બુધવાર
૨૫.	ખોરદાદ સાલ (પારસી શહેનશાહી)	૨૭મી ઑગસ્ટ, ૧૯૯૬	મંગળવાર
૨૬.	નંદ ઉત્સવ (જન્માષ્ટમી પછીનો દિવસ) (નોમ-પારણાં)	૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૬	શુક્રવાર
૨૭.	શ્રાવણ વદ-૧૩ પર્યુષણ પર્વનો પ્રારંભ (ચતુર્થી પક્ષ)	૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬	મંગળવાર
૨૮.	શ્રાવણ વદ-૧૪ પર્યુષણ પર્વનો આરંભ (પંચમી પક્ષ)	૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૬	બુધવાર
૨૯.	(૧) રોશ હોશાના (પ્રથમ દિવસ)	૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૬	શનિવાર
	(૨) મહાવીર જન્મ વાચન	૧૪મી સપ્ટેમ્બર, ૧૯૯૬	શનિવાર
૩૦.	ગણેશ ચતુર્થી	૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૬	સોમવાર
૩૧.	સંવત્સરી (પંચમી પક્ષે)	૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૬	બુધવાર
૩૨.	કિપ્પુર	૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૬	સોમવાર
૩૩.	સુક્કોથ (પ્રથમ દિવસ)	૨૮મી સપ્ટેમ્બર, ૧૯૯૬	શનિવાર
૩૪.	ધનતેરસ (આસો વદ-૧૩)	૮મી નવેમ્બર, ૧૯૯૬	શુક્રવાર
૩૫.	કાળી ચૌદશ (આસો વદ-૧૪)	૯મી નવેમ્બર, ૧૯૯૬	શનિવાર
૩૬.	કારતક સુદ-૧૧	૨૫મી નવેમ્બર, ૧૯૯૬	સોમવાર
૩૭.	ગીતા જયંતી	૨૦મી ડિસેમ્બર, ૧૯૯૬	શુક્રવાર
૩૮.	(૧) બોક્સિંગ ડે (નાતાલ પછીનો બીજો દિવસ)	૨૬મી ડિસેમ્બર, ૧૯૯૬	ગુરુવાર

(૨) શબ-એ-બારાત (મુસ્લિમ સુન્ની અને શિયા) ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૬ ગુરુવાર

[નોંધ.-(૧) નીચેની રજાઓ રવિવારે આવતી હોવાથી તે મરજિયાત રજાના દિવસ તરીકે જાહેર કરી નથી :

૧. શબ-એ-બારાત (મુસ્લિમ શિયા અને સુન્ની) ૭મી જાન્યુઆરી, ૧૯૯૬
૨. શહાદત-એ-હઝરત અલી (મુસ્લિમ શિયા) ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૬
૩. મહાપ્રભુજીનો પ્રાગટ્યોત્સવ (વલ્લભાચાર્ય જયંતી) ૧૪મી એપ્રિલ, ૧૯૯૬
૪. ખોરદાદ સાલ (પારસી કદમી) ૨૮મી જુલાઈ, ૧૯૯૬
૫. કિપ્પુરના આરંભ પૂર્વનો દિવસ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૬

(૨) યુનિવર્સિટી કર્મચારીઓ પોતાની પસંદગી પ્રમાણે ધાર્મિક સંપ્રદાયના બાધ વિના ઉપર જણાવેલ તહેવારના પ્રસંગોએ વધુમાં વધુ બે મરજિયાત રજાઓ ભોગવી શકશે. આવી મરજિયાત રજા ભોગવવા અંગેની પરવાનગી માટે અગાઉથી લેખિત અરજી કરવી જોઈશે અને સામાન્ય રીતે પરચૂરણ રજા મંજૂર કરનાર યોગ્ય અધિકારી યુનિવર્સિટી કામકાજની અગત્ય જોઈને પરવાનગી આપશે. યુનિવર્સિટી કર્મચારીઓએ તેમની પસંદગી પ્રમાણેના આ બે તહેવારોની લીધેલી રજા તેમના પરચૂરણ રજાઓના હિસાબમાં ઉધારવામાં આવશે નહીં.

(૩) ઉપર જાહેર કરેલા મુસ્લિમોના કોઈ પણ તહેવારો જાહેર કરેલા દિવસે આવતા ન હોય તો તે તહેવાર જે દિવસે ખરેખર ઉજવાય તે દિવસે યુનિવર્સિટીના મુસ્લિમ કર્મચારીઓને તેમણે પસંદ કરેલી રજા જાહેર કરેલી રજાના બદલે તે દિવસ મરજિયાત રજા તરીકે આપી શકાશે.]

પરિશિષ્ટ 'ક/૨'

કામકાજ ક્રમાંક ૨(૩૪)

૧. આર્ટ્સ કૉલેજ, બીરપુર	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર
૨. જય અંબે લલીતાબહેન કોટેચા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાંકણપુર	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, અંગ્રેજી, ઇતિહાસ; સેકન્ડ બી.કૉમ.માં ઍડ. એકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર
૩. એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ
૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઓડ	ફર્સ્ટ બી.એ., સેકન્ડ બી.એ., ફર્સ્ટ બી.કૉમ., સેકન્ડ બી.કૉમ., થર્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સમાજશાસ્ત્ર; સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, સંસ્કૃત; બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર; બી.કૉમ.માં ઍડ. એકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ, ઍડ. સ્ટેટિસ્ટિક્સ; બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્ઝ, ઍડ. સ્ટેટિસ્ટિક્સ
૫. વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં તત્ત્વજ્ઞાન (તા. ૧૫-૬-૧૯૯૩થી કાયમી); બી.એ. (ગૌણ)માં ભૂગોળ; બી.એ. (પ્રિન્સિ.)માં ભૂગોળ (તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધી)
૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ	બી.એ. (પ્રિન્સિ.)માં માનસશાસ્ત્ર, ગૃહવિજ્ઞાન, સંસ્કૃત
૭. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; બી.કૉમ.માં ઍડ. એકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર
૮. આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોરસદ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્ઝ; બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ; બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ
૯. આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ડાકોર	બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ; બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ

પરિશિષ્ટ 'ખ'

કાર્યસૂચિ ક્રમાંક ૧૨

Confidential :

A meeting of the Selection Committee for recommendation of candidates for appointment to the post of Registrar, Gujarat University was held on friday, the 8th September, 1995 at 11.oo a.m. at the office of the Gujarat University, Ahmedabad-9. Prof. N.V.Vasani. Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee Members was as under :

1.	Prof . N. V. Vasani, Vice-Chancellor	Present
2.	Dr. C. H. Mehta, Pro-Vice-Chancellor	Present
3.	Prof. K. S. Shastri	Present
4.	Prin. D. M. Sikh	Present
5.	Prin. H. M. Desai	Present
6.	Dr. R. K. Patel	Present

The following cnadidates were called for interview :

1.	Shri D. P. Chhaya	Absent
2.	Shri N. R. Jani	Absent
3.	Shri R. H. Gandhi	Present
4.	Shri K. H. Dave	Absent
5.	Shri M. P. Jadia	Present
6.	Shri S. P. Gosai	Absent
7.	Shri D. B. Chaturvedi	Present
8.	Shri M. S. Parmar	Present
9.	Shri D. D. Barad	Absent

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the committee recommends as under :

Shri M. P. Jadia found suitable and recommeded for the appontment.

N. V. Vasani
C. H. Mehta
K. S. Shastri
D. M. Shikh
H. M. Desai
R. K. Patel

પરિશિષ્ટ 'ગ'

કામકાજ ક્રમાંક ૧૩

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the post of Reader in Psychology in the University School of Psychology, Education and Philosophy, Gujarat University, Ahmedabad-380 009 was held on Tuesday, the 12th September 1995 at 12 Noon. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee Members was as under :

1.	Prof. N. V. Vasani, Vice-Chancellor	Present
2.	Prof. Chandrakant H. Mehta, Pro-Vice-Chancellor	Present
3.	Dr. N. S. Pathak	Present
4.	Dr. Pramod Kumar	Present
5.	Dr. B. A. Parikh	Absent
6.	Smt. P. H. Raval (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Shri B. M. Contractor	Absent
2.	Shri A. J. Yajnik	Present
3.	Shri S. N. Dave	Present
4.	Shri D. R. Shah	Present
5.	Shri G. R. Joshi	Present
6.	Shri S. K. Majmudar	Present
7.	Shri M. A. Shah	Present

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee recommends under :

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. Chandrakant Mehta
(Pro-Vice-Chancellor)
Dr. N. S. Pathak
Dr. Pramod Kumar

પરિશિષ્ટ 'થ'

કાયદાની ફેકલ્ટી ૧૪

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to two open post of Lecturer-in-Law in the University School of Law, Gujarat University, Ahmedabad-380 009 was held on Thursday, the 21st December-1995 at 1-00 p.m. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University, presided.

The attendance of the Selection Committee Members was as under :

1. Prof. N. V. Vasani, Vice-Chancellor	Present
2. Prof C. H. Mehta, Pro-Vice-Chancellor	Present
3. Hon. Justice N. H. Bhatt	Present
4. Prof. H. C. Dholakia	Present
5. H. S. Pathak (Invitee)	Present

The following candidates were called for interview :

1. Shri Jadeja M. J.	Present
2. Shri Pathak L. S.	Present
3. Shri Rathor S. P.	Present
4. Shri Gupta D. P.	Absent
5. Shri Vyas P. C.	Absent
6. Shri Raval K. C.	Present
7. Shri Jani N. R.	Present
8. Shri Sheth N. S.	Present

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee recommends as under :

Following two are recommded for apointment :

(1) Rathor Subhaschandra P.

(2) Raval Kaushikkumar Chimanlal.

While Shri Jani Nalinkumar R. is kept in waitining.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. Chandrakant Mehta
(Pro-Vice-Chancellor)
Shri N. H. Bhatt
Shri H. C. Dholakia

પરિશિષ્ટ 'ચ'

કામકાજ ક્રમાંક ૧૫

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to two open posts of Reader in Commerce in the University School of Commerce, Gujarat University, Ahmedabad - 380 009, was held on Friday, the 22nd December 19995 at 1-00 p.m. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee Members, was as under :

1.	Prof. N. V. Vasani, Vice-Chancellor	**Present**
2.	Dr. Chandrakant Mehta, Pro-Vice-Chancellor	**Present**
3.	Prof. B. D. Ghonasgi	**Present**
4.	Prof. I. P. Vyas	**Present**
5.	Prof. S. M. Shah	**Present**
6.	Prof. B. H. Desai (Invitee)	**Present**

The following candidates were called for interview :

1.	Shrimati Chari Vijaylaxmi	**Present**
2.	Shri Panchal K. V.	**Absent**
3.	Shrimati Pathak B. V.	**Present**
4.	Shri Patel D. A.	**Present**
5.	Shri Bhatt G. R.	**Present**

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee recommends as under :

Following Candidates ate recommended for appointment :

Dr. Vijayalaxmi Chari

Shrimati Pathak B. V.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. Chandrakant Mehta
(Pro-Vice-Chancellor)
Prof. B. D. Ghonasgi
Prof. I. P. Vyas
Prof. S. M. Shah.

પરિશિષ્ટ 'છ'

કામકાજે ક્રમાંક ૧૬

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the posts of Lecturer in Commerce (Reserved for candidates belonging to Scheduled Caste) in the University School of Commerce, Gujarat University, Ahmedabad - 380 009, was held on Friday the 22nd December-1995 at 3–00 p.m. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee Members was as under :

1. Prof. N. V. Vasani, Vice-Chancellor	Present
2. Dr. Chandrakant Mehta, Pro-Vice-Chancellor	Present
3. Prof. B. D. Ghonasgi	Present
4. Prof. I. P. Vyas	Present
5. Prof. B. H. Desai (Invitee)	Present

The following candidates were called for interview :

1. Shri Solanki K. H.	Present
2. Shri Barot D. M.	Present

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee recommends as under :

Nobody is founded suitable.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. Chandrakant Mehta
(Pro-Vice-Chancellor)
Prof. B. D. Ghonasgi
Prof. I. P. Vyas

પરિશિષ્ટ 'જ'

કામકાજ ક્રમાંક ૧૭

Confidential :

A meeting of the Selection Committee for recommending name for appointment to the post of Professor of Labour Welfare in the University School of Social Sciences, Gujarat University. Ahmedabad - 380 009, was held on Tuesday, 2–1–1995 at 1–00 p.m. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee Members was as under. :

1.	Prof. N. V. Vasani, Vice-Chancellor	**Present**
2.	Dr. Chandrakant Mehta, Pro-Vice-Chancellor	**Present**
3.	Prof. N. R. Sheth	**Present**
4.	Prof. Sumantbhai Majmudar	**Present**
5.	Dr. (Mrs.) Varshaben Anjaria	**Present**

The following candidate was called for interview :

Dr. Jayshreeben B. Thakore	**Present**

After interviewing the candidate who remained present for the interview and considering her relative merits, the Committee recommends as under :

Dr. Jayshreeben B. Thakore is recommended for selection.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. Chandrakant Mehta
(Pro-Vice-Chancellor)
Prof. N. R. Sheth
Prof. Sumantbhai Majmudar
Dr. (Mrs.) Varshaben Anjaria

પરિશિષ્ટ 'ઝ'

સામાન્ય ક્રમાંક ૧૮

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the posts of Lecturer in Labour Welfare Department in the University School of Social Sciences, Gujarat University. Ahmedabad - 380 009, was held on Tuesday, 2–1–1995 at 3–00 p.m. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee Members was as under :

1. Prof. N. V. Vasani, Vice-Chancellor	Present
2. Dr. Chandrakant Mehta, Pro-Vice-Chancellor	Present
3. Prof. N. R. Sheth	Present
4. Prof. Sumantbhai Majmudar	Present
5. Dr. (Mrs.) Jayshreeben Thakore (Invitee)	Present

The following candidates were called for interview :

1. Mr. Pande M. S.	Present
2. Mr. Jani A. I.	Absent
3. Mrs. Onatia Sujatha Sony	Absent
4. Mr. Patel R. C.	Absent
5. Mr. Panigrahi Padmfan	Absent
6. Mr. Yadav S. C.	Absent
7. Mrs. Tilwani M. P.	Present
8. Mr. Dave D. J.	Absent.

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee recommends as under :

Committee recommends Mrs. Tilwani M. P. for the selection.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. Chandrakant Mehta
(Pro-Vice-Chancellor)
Prof. N. R. Sheth
Prof. Sumantbhai Majmudar

પરિશિષ્ટ '૮/૧'

કામકાજ ક્રમાંક ૧૯

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the Reserved posts of Lecturer in Psychology (Reserved for Scheduled Caste candidates) in the University School of Psychology, Education and Philosophy, Gujarat University, Ahmedabad - 380 009, was held on Tuesday, 12th September, 1995 at 2–00 p.m. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee Members was as under :

1. Prof. N. V. Vasani, Vice-Chancellor	Present
2. Dr. Chandrakant Mehta, Pro-Vice-Chancellor	Present
3. Prof. N. S. Pathak	Present
4. Dr. Pramod Kumar	Present
5. Smt. P. H. Raval (Invitee)	Present

The following candidates were called for interview :

1. Shri S. M. Makwana	Present
2. Shri J. J. Parmar	Present
3. Shri A. B. Jansari	Present
4. Shri A. V. Parmar	Present
5. Shri [redacted] N. Parmar	Present
6. Shri Vinayak Chauhan	Present

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee recommends as under :

Shri A. B. Jansari is recommended for selection.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. Chandrakant Mehta
(Pro-Vice-Chancellor)
Dr. N. S. Pathak
Dr. Pramod Kumar

પરિશિષ્ટ '૨/૨'

કામકાજ ક્રમાંક ૧૯

Confidential :

A meeting of the Selection Committee for recommending names for appointment to the posts of Lecturer in Psychology in the University School of Psychology, Education and Philosophy, Gujarat University, Ahmedabad - 380 009, was held on Tuesday, 12th September, 1995 at 2–00 p.m. Prof. N. V. Vasani, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee Members was as under :

1.	Prof. N. V. Vasani, Vice-Chancellor	Present
2.	Dr. Chandrakant Mehta, Pro-Vice-Chancellor	Present
3.	Prof. N. S. Pathak	Present
4.	Dr. Pramod Kumar	Present
5.	Smt. P. H. Raval (Invitee)	Present

The following candidates were called for interview :

1.	Smt. Gupta Sudhakumari	Present
2.	Shri Chauhan V. A.	Present
3.	Shri Kumar R. N.	Present
4.	Shri Bhardwaj N. V.	Absent
5.	Shri Mathur Kamayani	Present
6.	Shri Chakravorty T. A.	Present
7.	Shri Naik D. G.	Present
8.	Shri Joshi J. H.	Present
9.	Shri Saxena A. R.	Present
10.	Shri Dholakia K. C.	Present
11.	Shri Patel B. K.	Present
12.	Shri Bilgi A. A.	Present
13.	Shri Ashtaputra S. P.	Absent
14.	Shri Mehta H. S.	Absent
15.	Shri Anand R.	Absent
16.	Shri Pandya M. V.	Absent
17.	Shri Yagnik A. J.	Present
18.	Shri Vyas B. R.	Present
19.	Shri Jadav H. L.	Present
20.	Shri Shastri K. B.	Present
21.	Shri Sinha Neeta	Absent
22.	Shri Trivedi B. S.	Present
23.	Shri Singh S. N.	Present
24.	Shri Srivastva Alka	Absent
25.	Shri Arya Sadhana	Absent
26.	Shri Parmar V. A.	Absent

After interviewing the candidates who remained present for the interview and considering their relative merits, the Committee recommends as under :

Mathur Kamayani is recommended for appointment and Chakravorty T. A. is kept on waiting list.

Prof. N. V. Vasani
(Vice-Chancellor)
Dr. Chandrakant Mehta
(Pro-Vice-Chancellor)
Dr. N. S. Pathak
Dr. Pramod Kumar

પરિશિષ્ટ '૮/૧'

કામકાજ ક્રમાંક ૨૦(૧)

રાજ્ય સરકારના પેન્શનરો/કુટુંબ પેન્શનરોને વચગાળાની રાહત મંજૂર કરવા બાબત

ગુજરાત સરકાર, નાણા વિભાગ, સરકારી ઠરાવ ક્રમાંક : એનવીટી-૧૧૯૫

જીઓઆઇ-૭-૫, સચિવાલય, ગાંધીનગર. તા. ૮-૮-૧૯૯૫

વંચાણમાં લીધો : ભારત સરકારના આદેશ ક્રમાંક : ૪૨-૧૮-૯૫-પીએન્ડપી ડબલ્યુજી, તા. ૧૪-૭-૧૯૯૫.

ઠરાવ

રાજ્ય સરકારના પેન્શનરો/કુટુંબ પેન્શનરોને વચગાળાની રાહત મંજૂર કરવાનો પ્રશ્ન વિચારણામાં હતો.

૧. વિચારણાને અંતે સરકારે, વચગાળાની રાહત રાજ્ય સરકારના બધા પેન્શનરો/કુટુંબ પેન્શનરોને માસિક રૂપિયા પચાસ અને તે ઉપરાંત મૂળ પેન્શનના ૧૦ ટકા, પરંતુ ઓછામાં ઓછા રૂ. ૫૦ ને આધીન તા. ૧-૪-૧૯૯૫થી મંજૂર કરવાનું ઠરાવેલ છે.

૨. આ વચગાળાની રાહતની રકમને એકમાત્ર રાહત (Sui-Generis) ગણાશે. આ વચગાળાની રાહત ઉપર હંગામી વધારો, ભથ્થાં કે રાહત મળવાપાત્ર નથી.

૩. રૂપિયાનો અપૂર્ણાંક હોય તેવી વચગાળાની રાહતની ચુકવણી તરત પછીના રૂપિયામાં ફેરવવી.

૪. એક કરતાં વધુ પેન્શન મેળવનારાના કિસ્સામાં, બધા પેન્શનની એકત્રિત રકમ ઉપર વચગાળાની રકમની ગણતરી કરવાની રહેશે.

૫. આ હુકમો પંચાયતના પેન્શનરો/કુટુંબ પેન્શનરો, સરકારી શાળાઓ, કૉલેજો, મહાવિદ્યાલયો અને બિનસરકારી અનુદાન મેળવતી શાળાઓ, કૉલેજો, મહાવિદ્યાલયો જેને રાજ્ય સરકારની પેન્શન યોજના લાગુ પડતી હોય અને પેન્શન યોજના અમલમાં હોય તેવી અન્ય સંસ્થાઓના પેન્શનરો/કુટુંબ પેન્શનરોને લાગુ પડશે.

૬. તિજોરી, પેટા-તિજોરી અધિકારીઓ, એકાઉન્ટન્ટ જનરલ અને અધિકૃત જાહેર સાહસોની બૅંકોને આ હુકમો અનુસાર પેન્શનરોને વચગાળાની રાહત ચૂકવવા માટે અલાયદી સૂચનાઓની રાહ જોયા સિવાય ચુકવણી કરવા અધિકૃત કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. વી. વાયેલા

નાયબ સચિવ, નાણાં વિભાગ.

પરિશિષ્ટ '૬/૨'

કામકાજ ક્રમાંક ૨૦(૨)

તા. ૨૪-૭-૧૯૯૫ના રોજ મળેલ સમિતિની નોંધ

ઑર્ડિ. એમ.એ.-૧(એ), એમ.એસસી.-૧(એ), એમ.કૉમ.-૧(એ) તથા અનુ. નિયમ નં. ૩(એ) તથા અનુસ્નાતક શિક્ષણની આનુષંગિક બાબતોની વિચારણા કરવા માટેની સમિતિ તા. ૨૪-૭-૧૯૯૫ના રોજ બપોરે ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચે મુજબના સભ્યો હાજર રહ્યા હતા :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૨. પ્રો. એસ. બી. વોરા	હાજર
૩. ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૪. પ્રિ. ડી. એમ. શીખ	ગેરહાજર
૫. પ્રિ. આર. એચ. વ્યાસ	ગેરહાજર

સભાનું પ્રમુખસ્થાન પ્રો. કે. એસ. શાસ્ત્રીએ લીધું હતું. લંબાણ ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે :

૧. ખૂટતી હાજરી માફ કરવાના અનુસ્નાતક નિયમ નંબર-૩(એ)માં કોઇ ફેરફાર કરવો નહીં. પ્રથમ સત્રના અંતે કુલ વ્યાખ્યાનના ૨૫ ટકાથી ઓછી હાજરી હોય તેવા વિદ્યાર્થીઓની જ યાદી મંગાવવી અને બીજા સત્રના અંતે સત્ર મંજૂર થયું હોય તેવા વિદ્યાર્થીઓની તેમ જ ખૂટતી હાજરી અનુ. નિયમ નં. ૩(એ) મુજબ માફ કરી હોય તેવા અને ખૂટતી હાજરી માફ ન કરી હોય તેવા તેમ જ જેમની ખૂટતી હાજરી માફ કરવાની સત્તા કુલપતિશ્રીને છે તેવા વિદ્યાર્થીઓની યાદી મંગાવવી.

૨. આંતરિક પરીક્ષા માટેનો ઑર્ડિ. એમ.એ.૧(એ), એમ.એસસી.-૧(એ), તથા એમ.કૉમ.-૧(એ) નીચે મુજબ સુધારવા ભલામણ કરવામાં આવે છે :

In the case of Examinations leading to the courses for two terms, the University Departments and the post-graduate centres in their respective subjects may hold a test exmaination at the end of each term and inform the University about the performance of students at the end of year.

૨૭. માઇક્રોબાયોલોજીના યુ. જી. સી. ના મેજર રિસર્ચ પ્રોજેકટ સબંધી સાધનસામગ્રી ખરીદવા અંગે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(નોંધ.—આ અંગે સાધનસામગ્રી પેટે રૂ. એક લાખની ગ્રાન્ટ યુ.જી.સી. તરફથી મળેલી છે.)

વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગના ડૉ. યાદવની યુ.જી.સી.ની મેજર રિસર્ચ પ્રોજેકટ માટે સાધનસામગ્રી ખરીદવા આવેલ ટેન્ડરો પૈકી સાથેના પરિશિષ્ટ 'બ' (છાપેલ નથી)માં દર્શાવેલ સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીઓ પાસેથી સાધનસામગ્રી ખરીદવાનું રાખવું. અને તે અંગે થનાર અંદાજી ખર્ચ રૂપિયા ૪૨;૦૪૭-૬૦ પૈસા મંજૂર કરવો.

(૨૭-એ.) યુનિવર્સિટીના નવા બોર(ટયૂબવેલ)માટે ૪૦ હોર્સ પાવરનો કેબલ સાથેની સબમર્સિબલ પમ્પસેટ તેમ જ સ્ટાર્ટર ખરીદવાની જરૂરિયાત છે, તે અંગે રાજ્ય સરકારશ્રીના બાંધકામ વિભાગના પત્ર તા. ૫-૭-૧૯૯૫ મુજબના તેઓ સાથે થયેલા રેટ કૉન્ટ્રાકટ પ્રમાણે ગુજરાત વોટર રિસોર્સિસ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર, પાસેથી ૪૦ હોર્સ પાવરનો સાબર પમ્પસેટ કેબલ સહિત (૩ × ૨૫ એમએમ) રૂ. ૫૧,૫૭૯-૪૦ પૈ.ની કિંમતે તેમ જ મે. ઇલેકટ્રોમેક ઇન્ડસ્ટ્રિઝ, અમદાવાદ પાસેથી જ્યોતિ બનાવટનું એટીએસ ટાઇપનું સ્ટાર્ટર રૂ. ૧૬,૧૪૦-૫૫ પૈસાની કિંમતે ખરીદવા માટે થનાર અંદાજી ખર્ચ રૂ. ૬૭,૭૧૯-૯૫ પૈ. અંગે વિચારણા કરવા બાબત.

આથી એકિઝકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટીના નવા બોર(ટયૂબવેલ)માટે સબમર્સીબલ પમ્પસેટ તેમ જ સ્ટાર્ટર ખરીદવા માટે રાજ્ય સરકારશ્રી સાથે રેટ કૉન્ટ્રાકટ થયેલો છે, તે વેપારી

ગુજરાત વોટર રીસોર્સિસ ડેવલપમેન્ટ કૉર્પોરેશન લિ. ગાંધીનગર પાસેથી ૪૦ હોર્સ પાવરનો સાબર પમ્પસેટ કેબલ સહિત રૂ. ૫૧,૫૮૦ના ભાવે ખરીદવો તેમ જ મે. ઇલેકટ્રોમેક ઇન્ડસ્ટ્રીઝ, અમદાવાદ પાસેથી જ્યોતિ બનાવટનું એટીએસ ટાઇપનું સ્ટાર્ટર રૂ. ૧૬,૧૪૧નું ખરીદવું અને આ અંગે થનાર કુલ અંદાજી ખર્ચ રૂ. ૬૭,૭૨૦ સુધીનો મંજૂર કરવો.

૨૮. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગમાંના યુજીસી ડી.એસ.એ. પ્રોગ્રામ હેઠળના ક્લિનિકલ ફંડમાંથી વોટર ફિલ્ટર-કમ-પ્યોરિફાયર મે. યુરેકા ફોર્બ લિમિટેડ જેઓ મેન્યુફેક્ચરર છે, તેઓ પાસેથી ખરીદવા અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૫,૬૪૦ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે વોટર ફિલ્ટર-કમ-પ્યોરિફાયર મે. યુરેકા ફોર્બ લિમિટેડ, કે જેઓ મેન્યુફેક્ચરર છે, તેઓની પાસેથી ખરીદવું અને આ અંગે રૂ. ૫,૬૪૦નું અંદાજી ખર્ચ મંજૂર કરવું.

૨૯. ભારત સરકારશ્રીના ઇલેકટ્રોનિક વિભાગની ઇલેકટ્રોનિક મેઇલ સર્વિસ યોજના યુનિવર્સિટીના તમામ વિભાગોની સંદેશાઓની આપલેની સુવિધાઓને અનુકૂળ હોવાનું જણાવીને વાર્ષિક રૂ. ૨૫,૦૦૦ના અંદાજી ખર્ચ મંજૂર કરવા અંગે કૉમ્પ્યુટર સેન્ટરના ડાયરેકટરશ્રીની આવેલ દરખાસ્ત તા. ૪-૩-૧૯૯૫ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓશ્રીના સૂચન મુજબ શરૂઆતમાં રૂ. ૨૫,૦૦૦નો ખર્ચ બી.બી.એ.ના બજેટમાંથી પાડી શકાશે.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ભારત સરકારના ઇલેકટ્રોનિક વિભાગની ઇલેકટ્રોનિક મેઇલ સર્વિસ યોજના અંગે વાર્ષિક રૂ. ૨૫,૦૦૦ સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો અને તે યોજનાનો અમલ પહેલા તેના ઉપયોગ તેમ જ ગેરઉપયોગ ટાળવા અંગેની એક સર્વગ્રાહી યોજના કૉમ્પ્યુટર સેન્ટરના ડાયરેકટરશ્રીએ મંજૂરી માટે રજૂ કરવી.

૩૦. યુનિવર્સિટીના બી.બી.એ. વિભાગ માટે ૨૦૦ નંગ લાકડાની બેન્ચ અને ૭ નંગ બ્લેક બોર્ડ અંગે એડલ્ટ ટ્રેઇનિંગ સેન્ટર ફૉર બ્લાઇન્ડનું ભાવપત્રક તારીખ ૩૧-૮-૧૯૯૫ પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી સ્પેસિફિકેશન મુજબ એક બેન્ચનો ભાવ રૂ. ૨૧૫૦ છે તે મુજબ ૨૦૦ નંગ બેન્ચના રૂ. ૪,૩૦,૦૦૦ તેમ જ એક બ્લેક બોર્ડનો ભાવ રૂ. ૫૨૮૦ છે તે મુજબ ૭ નંગના રૂ. ૩૬,૯૬૦ મળીને કુલ અંદાજી ખર્ચ રૂ. ૪,૬૬,૯૬૦ થવા જાય છે, આ ખર્ચ બી.બી.એ.ના બજેટ હેડ નીચે પડશે, જ્યાં પૂરતી બજેટ જોગવાઇ છે.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના બી.બી.એ. વિભાગ માટે ૨૦૦ નંગ લાકડાની બેન્ચ અને ૭ નંગ બ્લેક બોર્ડ અંગે મે. એડલ્ટ ટ્રેઇનિંગ સેન્ટર ફૉર બ્લાઇન્ડ, અમદાવાદ પાસેથી નમૂના મુજબ એક બેન્ચનો ભાવ રૂ. ૨૧૫૦ પ્રમાણે તેમ જ બ્લેક બોર્ડના ભાવ રૂ. ૫,૨૮૦ પ્રમાણે ખરીદવાનું રાખવું અને તે અંગે થનાર કુલ અંદાજી ખર્ચ રૂ. ૪,૬૬,૯૬૦ (અંકે રૂપિયા ચાર લાખ છાસઠ હજાર નવસો સાઇઠ પૂરા) મંજૂર કરવું.

૩૧. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગની સંશોધન લેબોરેટરી માટે ડબલ ડીસ્ટીલર (ગ્લાસ કન્ડેન્સર) આનુષંગિક સાધનસામગ્રી સહિત ભાવનું સાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટસ કંપની પ્રા. લિમિટેડ, બેંગલોર, જેઓ મેન્યુફેક્ચરર છે, તેઓ પાસેથી ખરીદવા અંગે રૂ. ૪૫,૦૦૦ના અંદાજી ખર્ચ અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—ઉપરોક્ત અંદાજી ખર્ચ કેમિસ્ટ્રી લેબોરેટરી ખર્ચના હેડ નીચે પડશે, જ્યાં ૧૯૯૫—૯૬ના વર્ષ માટે રૂ. ૪,૦૦,૦૦૦ બજેટ જોગવાઇ છે.)

આથી એક્ઝિકયુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણશાસ્ત્ર વિભાગની સંશોધન લેબોરેટરી માટે મે. ભાનું સાયન્ટિફિક ઇન્સ્ટ્રુમેન્ટસ કંપની પ્રા. લિ. બેંગ્લોર કે જઓ આ અંગેના મેન્યુફેક્ચરર છે તેમની પાસેથી ડબલ ડીસ્ટીલર (ગ્લાસ કન્ડેન્સર) આનુષંગિક સાધનસામગ્રી સહિત ખરીદવું અને આ અંગે રૂ. ૪૫,૦૦૦ (અંકે રૂપિયા પૈંતાલીસ હજાર પૂરા) સુધીનો થનાર અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૩૨. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગની લેબોરેટરીઝ માટે બરફની સતત જરૂરિયાત છે, જેથી ૧૯૯૫-૯૬ના વર્ષ માટે વાર્ષિક રેટ કૉન્ટ્રાકટથી બરફની ખરીદી માટે મંગાવેલા ટેન્ડરોનો નિકાલ કરવા બાબત

(નોંધ.—કુલ વાર્ષિક અંદાજી ખર્ચ રૂ. ૧૫,૦૦૦ થનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગની લેબોરેટરીઝ માટે સને ૧૯૯૫-૯૬ના વર્ષ માટે બરફ ખરીદવા આવેલ ભાવપત્રકોમાંથી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી કૃષ્ણા આઇસ ડીપો, અમદાવાદ પાસેથી એક કિલોના રૂ. ૧-૦૦ ના ભાવે રેટ કૉન્ટ્રાકટ કરવો અને આ અંગે રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) સુધીનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૩૩. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગ તેમ જ માઇક્રોબાયોલોજી વિભાગ માટે એસોસીએટ પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૫૦,૦૦૦ થનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, રસાયણ વિભાગ અને માઇક્રોબાયોલોજી વિભાગ માટે સને ૧૯૯૫-૯૬ના વર્ષ દરમિયાન મે. ત્રિવેદી રોલવાલા એસોશિયેટસ પાસેથી જરૂરિયાત મુજબ પેટ્રોલ ખરીદવું અને આ અંગેનો રૂ. ૫૦,૦૦૦ સુધીનો થનાર અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૩૪. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ) :

૧. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગમાંના ટાઇપ રાઇટર મશીનોનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૧-૧૯૯૫થી તા. ૩૧-૧૨-૧૯૯૫ સુધી શ્રી. કે. એન. શીંગાળાને આપવાનું મંજૂર કર્યાનું;

૨. ગુજરાત યુનિવર્સિટીના થર્ડ એમ.બી.,બી.એસ.ની નવેમ્બર-૧૯૯૪માં લેવાયેલ પરીક્ષાનું પરિણામ તૈયાર કરવાની કામગીરી રૂ. ૧૧૬૫૦ + સ્ટેશનરી ચાર્જના ભાવે 'કોમ્પ્યુવિઝન'ને સોંપવાનું અને તે મુજબ ખર્ચ મંજૂર કર્યાનું;

૩. ગુજરાત યુનિવર્સિટીની એન્જિનિયરિંગ પરીક્ષાની માર્કશીટ તથા ઑફિસ રજિસ્ટર્ડ વગેરે ખરીદવા રૂ. ૧૬,૬૦૦નો ખર્ચ મંજૂર કર્યાનું;

૪. ગુજરાત યુનિવર્સિટી પ્રેસને કાગળો ખરીદવા માટે રૂ. ૬૪,૨૦૦ નો ભાવ વધારો મંજૂર કર્યાનું;

૫. ગુજરાત યુનિવર્સિટી પ્રેસને એફ.વાય.બી.એ., એસ.વાય.બી.એ., ટી.વાય.બી.એ.ના પ્રોસ્પેકટસ છાપવા અંગે રૂ. ૧૭,૧૬૫ નો ખર્ચ મંજૂર કર્યાનું;

૬. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના એરકૂલ્ડ પેકેજ પ્લાન્ટનો સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૩-૧૯૯૫થી તા. ૩૧-૩-૧૯૯૬ સુધીના સમયગાળા માટે મે. બાટલીબોય ઍન્ડ કંપનીને રૂ. ૧૯,૯૩૩ ના ખર્ચે સોંપ્યાનું;

૭. રીડર્સ ક્વાર્ટર્સ પાસેના ટ્યુબવેલનો 'કલામા' બનાવટનો સબમર્સિબલ પંપ સેટ રિપેરિંગ કરાવવા માટે રૂ. ૯,૮૭૯-૧૦ પૈસાનો ખર્ચ મંજૂર કર્યાનું;

૮. એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના 'કેનન' બનાવટના કોપિયર મશીનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૭-૧૯૯૫ થી તા. ૩૦-૬-૧૯૯૬ સુધી રિન્યુ કરવા રૂ. ૫,૫૦૦ નો ખર્ચ મંજૂર કર્યાનું;

૯. એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના મેટાડોર રિપેરિંગના થયેલ વધારાનો ખર્ચ રૂ. ૨,૨૧૨નો ખર્ચ મંજૂર કર્યાનું;

૧૦. ગુજરાત યુનિવર્સિટીના પ્રેસને ૧૯૯૫-૯૬ના વર્ષની ડાયરી માટેના કાગળો ખરીદવા અંગે રૂ. ૧૦,૧૬૮નો ખર્ચ મંજૂરી કર્યાનું;

૧૧. યુનિવર્સિટીના નવા બોર (ટ્યુબવેલ) માટે ચાર ઇંચ ડાયામીટરની 'સી' કલાસ હેવી પાઇપ (જીએસટી) કુલ ૯૬ મીટર પાઇપ એક મીટરના રૂ. ૩૨૧-૫૪ પૈસા પ્રમાણે ગુજરાત સ્ટીલ ટ્યુબ લિ. અમદાવાદના ઓથોરાઇઝ એજન્ટ જયંત - પાઇપ સિન્ડિકેટ અમદાવાદ પાસેથી ખરીદવા માટે થનાર ખર્ચ રૂ. ૩૨,૧૫૪-૦૦ મંજૂર કર્યાનું;

૧૨. યુનિવર્સિટી કાર્યાલય તેમ જ પ્રેસના મોદી ઝેરોક્ષ બનાવટના કોપિયર મશીનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૭-૧૯૯૫ થી ૩૦-૬-૧૯૯૬ સુધી રૂ. ૮,૦૦૦ નો ખર્ચ મંજૂર કર્યાનું તેમ જ બી.કે.સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ તથા ઍકેડેમિક સ્ટાફ કૉલેજ માટે કોપી દીઠ રૂ. ૨૨ પૈસા લેખે સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવાનું મંજૂર કર્યાનું;

૧૩. યુનિવર્સિટી પ્રેસના કેનના બનાવટના કોપિયર મશીન માટે માલ સામાન ખરીદવા રૂ. ૫,૮૩૦ નો ખર્ચ મંજૂર કર્યાનું;

૧૪. યુનિવર્સિટીનાં જુદાં જુદાં મકાનોના નિભાવ કામ માટે રંગ ખરીદવા માટે ભરાવેલ ભાવ પત્રકોમાંથી સૌથી ઓછા ભાવ ભરનાર રુષભ, કૉર્પોરેશન, અમદાવાદ પાસેથી રૂ. ૧૨,૨૭૬ની અંદાજી કિંમતના રંગ ખરીદવાનું મંજૂર કર્યાનું;

૧૫. યુનિવર્સિટીના બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ માટે સ્ટોરવેલ કબાટ (૨૦ ગેજ ૭૮" × ૩૪" × ૧૮") આશરે ચાર પાર્ટીશન સહિતના રૂ. ૩,૯૦૦ના ભાવે ત્રણ સ્ટોરવેલ કબાટો ખરીદવા માટે થનાર અંદાજી ખર્ચ રૂ. ૧૧,૭૦૦ મંજૂર કર્યાનું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પ. જડિયા
કા. કુલસચિવ.

પરિશિષ્ટ "ણ"

કામકાજ ક્રમાંક ૨૫

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૩૦-૯-૧૯૯૫ ને શનિવારના રોજ બપોરના ૧-૪૫ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સદરહુ સભાનું પ્રમુખસ્થાન પ્રો. એન.વી.વસાણીએ સંભાળ્યું હતું, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબની હતી :

૧. પ્રો. એન. વી. વસાણી, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી, સભ્ય	હાજર
૪. પ્રિ. ડી. એમ. શીખ, સભ્ય	હાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તારીખ ૪-૯-૧૯૯૫ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૪-૯-૧૯૯૫ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૨. એજ્યુકેશન મીડીયા રિચર્સ સેન્ટરના વિડિયો કેસેટ રેકોર્ડર માટે પિન્ચ રોલર એસેમ્બલી (સ્પેરપાર્ટ્સ) નંગ-૩ બદલવા અંગે મે. ટેલીરેડ, અમદાવાદ, જેઓ જાપાનની સોની કંપનીના અધિકૃત વિક્રેતા છે, તેઓ પાસેથી ખરીદવા અંગે રૂ. ૧૦,૪૧૬ના થનાર અંદાજિત ખર્ચ (કરવેરા સહિત) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટર માટે પિન્ચ રોલર નંગ-૩ મે. ટેલીરેડ, અમદાવાદ પાસેથી ખરીદવા અંગે રૂ. ૧૦,૪૧૬/- સુધીનું થનાર અંદાજી ખર્ચ મંજૂર કરવું.

૩. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી તરફથી 'For updating common laboratory facilities and infrastructure for scentific and technology departments' માટે મળેલ રૂ. ૩૧,૫૦,૦૦૦ (અંકે રૂપિયા એકત્રીસલાખ પચાસ હજાર પૂરા)ની ગ્રાન્ટમાંથી ૭૫%ની મર્યાદામાં સાધનસામગ્રીઓ ખરીદવા માટે જાહેરખબર દ્વારા મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે

(અ) ઝૂલોજી વિભાગ માટે આવેલ ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી મે.બ્રધર બાયો રેડ પાસેથી પીસીઆર સિસ્ટમ બાયો-રેડ મેઇક તેમ જ મે. લેબટ્રોનિક પાસેથી Ino-analyser with Meter electrodes and other accessories Orion make ખરીદવા અંગે અનુક્રમે થનાર અંદાજી ખર્ચ રૂ. ૧,૭૧,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ ઈકોતેર હજાર પૂરા) તેમ જ રૂ. ૧,૫૬,૧૧૧/-(અંકે રૂપિયા એક લાખ છપ્પન હજાર એકસો અગિયાર પૂરા) મંજૂર કરવો.

(બ) વિજ્ઞાન વિદ્યાભવનના કાર્યાલય માટે આવેલ ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી " Compuserve System પાસેથી એક બાઇન્ડર ખરીદવા થનાર અંદાજી ખર્ચ રૂ. ૧૬,૯૪૦/-(અંકે રૂપિયા સોળ હજાર નવસો ચાલીસ પૂરા) મંજૂર કરવું.

(ક) બોટાની વીભાગ માટે સાધનસામગ્રી ખરીદવા માટે મંગાવેલાં અને આવેલ ભાવપત્રકો પૈકી આ સાથેના દર્શાવેલા પરિશિષ્ટ "અ" (છાપેલ નથી.) મુજબ સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીઓ પાસેથી ખરીદવા અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૨,૩૨,૬૦૧/-(અંકે રૂપિયા બે લાખ બત્રીસ હજાર છસો એક પૂરા) મંજૂર કરવું.

(ડ) જોગ્રોફી વિભાગ માટે આવેલ ભાવપત્રકો પૈકી વેપારી મે. અક્ષરે એન્ટરપ્રાઇઝ પાસેથી ગુણવત્તા ધ્યાનમાં રાખીને વિડિયોકોન બનાવટના ૨૧"ના ટી.વી. રીમોટ કંટ્રોલ અને વી.સી.આર. ખરીદવા અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૩૬,૮૦૦/-(અંકે રૂપિયા છત્રીસ હજાર આઠસો પૂરા) મંજૂર કરવું.

(ઇ) સ્ટેટિસ્ટિક્સ, મેથેમેટિક્સ અને જોગ્રોફી વિભાગ તેમ જ રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટર માટે કૉમ્પ્યુટરો ખરીદવા અંગે આવેલાં ટેન્ડરો અંગેની બાબતોનો તુલનાત્મક અભ્યાસ કરીને રિપોર્ટ મેળવવાની કામગીરી શ્રી આર.પી.સોની રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરને સોંપવી અને તે ઉપરથી હવે પછી આગામી ફાઇનાન્સ સમિતિમાં નિર્ણય લેવાનું રાખવું.

(ચ) જોગ્રોફી વિભાગ, બોટની વિભાગ તેમ જ વિજ્ઞાન વિદ્યાભવનના કાર્યાલય માટે ત્રણ કોપિયર મશીનો ખરીદવા અંગે તેમ જ માઇક્રોબાયોલોજી વિભાગ માટે PC based spectophotometer ખરીદવા અંગે આવેલાં ટેન્ડરોના સંબંધી તમામ વેપારીઓને નીચેની કમિટી સમક્ષ રૂબરૂ બોલાવીને ભાવો સંબંધી વાટાઘાટો કરવી અને તે અંગેનો રિપોર્ટ હવે પછીની આગામી ફાઇનાન્સ સમિતિ સમક્ષ મૂકવાનું રાખવું :

પ્રિ. ડી. એમ. શીખ (સભ્ય)
શ્રી એમ. પી. જડીયા (રજિસ્ટ્રાર)
ડૉ. (મિસ) એન. જે. ચિનોય (અધ્યક્ષ, વિજ્ઞાન વિદ્યાભવન)

(છ) ફિઝિક્સ વિભાગ માટે Data aquisition system and accessories અંગે આવેલ ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી મેઘા સ્ટાર અમદાવાદ પાસેથી તેઓ EMD રૂ. ૫,૦૦૦/- ભરે તે શરતે ખરીદવું અને C -band microwave bench ઈન્ડયન ટ્રેડિંગ કોર્પોરેશન પાસેથી ખરીદવી અને તે અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૧,૧૫ ,૨૦૦/- (અંકે રૂપિયા એક લાખ પંદર હજાર બસો પૂરા) મંજૂર કરવો.

(જ) વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે રેડિયોમીટર આઈઓન મીટર મે. રેડિયોમીટર કાંપર હેગોન ડેન્માર્કના ઓથોરાઈઝડ ડીલર્સ જે.ઇન્સ્ટ્રમેન્ટ, મુંબઈ પાસેથી રૂ. ૧,૧૫,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા)ની કિંમતે ખરીદવું.

૪. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગના બી.પી.એલ. બનાવટના ઝેરોક્ષ મશીન માટે ડ્રમ ક્લીનિંગ બ્લેડ તથા ડ્રમ ડેવલપર સ્પેરપાર્ટ્સ ખરીદીને નાખવા અંગે બી.પી.એલ. કંપનીના ભાવપત્રક મુજબ રૂ. ૬,૯૯૬/-નો થનાર અંદાજી ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ:-સદરહુ ખર્ચ આંકડાશાસ્ત્રની યુ.જી.સી.ની કોસિસ્ટ યોજના હેઠળ પડશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના આંકડાશાસ્ત્ર વિભાગના ઝેરોક્ષ મશીન માટે જરૂરી સ્પેરપાર્ટ્સ બી. પી. એલ. કંપનીના ભાવ મુજબ ખરીદવા અને આ અંગે રૂ. ૭,૦૦૦ સુધીનો થનાર ખર્ચ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગેનો ખર્ચ આંકડાશાસ્ત્રની યુ.જી.સી.ની કોસિસ્ટ યોજના હેઠળ પાડવાનો રહેશે.

૫. યુનિવર્સિટીના ઇન્ટરકોમ ટેલિફોન એક્સચેન્જનો વાર્ષિક સેર્વિસ કોન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૯૫થી તા. ૩૧-૩-૧૯૯૬ સુધીમાં મે. એસ. જે. કોર્પોરેશન, અમદાવાદ સાથે ગત વર્ષના ભાવે રિન્યુ કરવા અંગે થનાર ખર્ચ, રૂ. ૭,૦૦૦/- મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ઇન્ટરકોમ ટેલિફોન એક્સચેન્જનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૯૫થી તા. ૩૧-૩-૧૯૯૬ સુધીનો મે. એસ. જે. કોર્પોરેશન, અમદાવાદ સાથે કરવો અને આ અંગે રૂ. ૭,૦૦૦/- સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના માઈક્રોબાયોલોજી વિભાગને વૉટર એનાલિસિસ લેબોરેટરી ઊભી કરવા તથા પ્રાઈવેટ સંસ્થા કે વ્યક્તિઓ પાસેથી વૉટર એનાલિસિસ કરી આપવા બદલ ચાર્જ લેવાની બાબત પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના માઈક્રોબાયોલોજી વિભાગમાં વૉટર એનાલિસિસ લેબોરેટરી ઊભી કરવા તથા ખાનગી સંસ્થા કે વ્યક્તિ પાસેથી વૉટર એનાલિસિસ કરી આપવા બદલ ચાર્જ નક્કી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગમાંના મોદી ઝેરોક્ષ અંગે વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ માટે થનાર વાર્ષિક અંદાજી ખર્ચ રૂ. ૬,૦૦૦/- અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગના મોદી ઝેરોક્ષ મશીનનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કંપની સાથે કરવો અને આ અંગે રૂ. ૬,૦૦૦/- સુધીનો થનાર ખર્ચ મંજૂર કરવો.

૮. કોમ્પ્યુટર સેન્ટરની રૂલ્ડ-બ્લેન્ક કન્ટિન્યુઅર્સ સ્ટેશનરી ખરીદવા અંગે આવેલાં ભાવપત્રકો પરત્વે તમામ વેપારીઓ સાથે ભાવો અંગે વાટાઘાટો કરવા નીમેલી કમિટી દ્વારા હાજર રહેલા વેપારીઓએ આપેલા સુધારેલાં ભાવપત્રકો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે રૂલ્ડ-બ્લેન્ક કન્ટિન્યુઅસ સ્ટેશનરી ખરીદવા અંગે રૂબરૂ બોલાવેલ બધી જ પાર્ટીઓમાંથી હાજર રહેલ પાર્ટીઓએ આપેલ ભાવ પૈકી સૌથી ઓછા રીવાઈઝ્ડ ભાવ આપનાર વેપારી મે. માધુરી કોર્પોરેશન પાસેથી રૂ. ૧,૭૪,૦૦૦/-ના અંદાજી ખર્ચથી ખરીદવાનું રાખવું.

૯. સલામતી વિભાગના ચોકીદાર કર્મચારીઓના સને ૧૯૯૫-૯૬ના વર્ષ માટે બે જોડ ગણવેશ ખરીદવા અંગે મેળવેલ ભાવપત્રકો પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.-ખાખી કલરનું રેમન્ડ "ટવીન" જાતનું કાપડ ખરીદવા અંગે અંદાજી ખર્ચ રૂ. ૨૬,૨૫૦/- થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના સલામતી વિભાગના ચોકીદારો માટે આવેલ ભાવપત્રકો પૈકી વળતર સાથે ઓછા ભાવ ભરનાર વેપારી "સમમક ટેક્ષટાઈલ, અમદાવાદ" પાસેથી ગણવેશનું કુલ ૧૭૫ મીટર કાપડ રેમન્ડ ટ્રેવીલાઈન નંબર ૩૦૨૮૨૪ સેલ્ડ ૧૯૫ નંબરનું રૂ. ૧૫૦ના મીટરના ભાવે બાદ કેશ ૧૦ ટકા ડિસ્કાઉન્ટના ભાવે ખરીદવું.

૧૦. પ્રથમ વર્ષથી તૃતીય વર્ષ સુધીની આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની અંગ્રેજી તેમ જ કૉમર્શિયલ કૉમ્યુનિકેશનની વર્કબુકોના છાપકામ અંગે જાહેરખબરથી મંગાવેલા ભાવપત્રકો પરત્વે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(નોંધ.—કુલ ૧,૦૨,૦૦૦ અંદાજી નકલો છપાવવાની થાય છે).

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સની પ્રથમ વર્ષથી તૃતીય વર્ષ સુધીની અંગ્રેજી તેમ જ કૉમર્શિયલ કૉમ્યુનિકેશનની વર્કબુકો અંગે આવેલ ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી "ફાર્માલેબ, નવા વાડજ, અમદાવાદ" પાસેથી છપામણીનું કામ કરાવવાનું રાખવું અને તે અંગે થનાર ખર્ચ રૂ. ૫,૮૭,૬૮૭/- મંજૂર કરવું.

૧૧. સને ૧૯૯૫-૯૬ના વર્ષની પરીક્ષાઓની ઉત્તરવહીઓ તૈયાર કરવાની બાબત અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે વીસ લાખ પાનાની ઉત્તરવહીઓ તૈયાર કરવા માટે અંદાજી ખર્ચ રૂ. ૩૦,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રીસ લાખ પૂરા) થશે. અગાઉ આ કામગીરી ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ કૉ-ઑપ. સ્ટોર લિમિટેડ પાસેથી કરાવેલ હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મુલતવી રાખવી.

૧૨. યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સના જુદી જુદી ટાઈપના રહેઠાણનાં મકાનોમાં કડિયાકામ તથા કલરવૉશ કરવા માટે ફાઈનાન્સ સમિતિની તા. ૧૪-૬-૧૯૯૫ની સભામાં ઠરાવવામાં આવેલ હતું તે સદર કામ શરૂ કરાવતા સ્ટાફ ક્વાર્ટર્સના રહીશો તરફથી કલરવૉશને બદલે વ્હાઈટવૉશ (ચૂનો) કરી આપવાની માગણી પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી સ્ટાફ ક્વાર્ટર્સનાં લેક્ચરર્સ અને રીડર્સ-રો-હાઉસ, લેક્ચરર્સ અને રીડર્સ ફ્લેટ્સ તેમજ "બી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સના મકાનોમાં કલરવૉશને બદલે વ્હાઈટવૉશ કરવાનું રાખવું.

[નોંધ.—(૧) કલરવૉશ (ચૂનાના કામમાં કલર પેસ્ટ) માટે રૂ. ૫૨,૯૦૦નું ખર્ચ અગાઉ મંજૂર થયેલ તેના બદલે હવે ખર્ચ રૂ. ૫૧,૦૦૦/- (અંકે રૂપિયા એકાવન હજાર પૂરા) પૂરા થશે.

(૨) કલરવૉશને બદલે વ્હાઈટવૉશ કરવાનું નક્કી કરવાથી સૌથી ઓછો ભાવ ટાંકનાર વેપારી બદલાતાં નથી.]

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એન. ડી. ભટ્ટ
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ત"

કામકાજ ક્રમાંક ૨૬

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૩-૨-૧૯૯૬ને શનિવારના રોજ ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સદરહુ સભાનું પ્રમુખસ્થાન ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતાએ સંભાળ્યું હતું, જેમાં સભ્યોની હાજરી નીચે મુજબની હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૩-૨-૧૯૯૬
૧.	એન. વી. વસાણી, કુલપતિશ્રી	ગેરહાજર
૨.	ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી, સભ્ય	હાજર
૪.	પ્રિ. ડી. એમ. શીખ, સભ્ય	હાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૩૦-૯-૧૯૯૫ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાનસ સમિતિની તા. ૩૦-૯-૧૯૯૫ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ-૪૯ તેમજ સ્ટેચ્યૂટ ૮૯ અન્વયે સને ૧૯૯૫-૯૬માં તૈયાર કરેલ પુનર્નિર્મિત અંદાજપત્ર તેમ જ સને ૧૯૯૬-૯૭ના તૈયાર કરેલ અંદાજપત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ધારાની કલમ-૪૯ તેમ જ સ્ટેચ્યૂટ-૮૯ અન્વયે સને ૧૯૯૫-૯૬માં તૈયાર કરેલ પુનર્નિર્મિત અંદાજપત્ર તેમ જ સને ૧૯૯૬-૯૭ના તૈયાર કરેલ અંદાજપત્ર મંજૂર કરવું.

૩. વાણિજ્ય વિદ્યાભવન માટે એક નવું ઝેરોક્ષ મશીન ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત. (નોંધ.–'કેપિટલ ઈક્વિપમેન્ટ' બજેટ હેઠળ રૂ. ૯૦,૦૦૦ની બજેટ જોગવાઈ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૪. યુનિવર્સિટી ટીચર્સ ક્વાર્ટર્સ પાસે આવેલ ટ્યુબવેલનું વીજળી જોડાણ નંબર ૩૧૦૩૬૨ પાણીની ટાંકીએ નવા તૈયાર કરેલ ટ્યુબવેલ પાસે ખસેડવા માટેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે અંદાજે ખર્ચ રૂ. ૫૧,૦૫૦/- (રૂપિયા એકાવન હજાર પચાસ પૂરા)નો ખર્ચ થશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ટીચર્સ ક્વાર્ટર્સ પાસે આવેલ ટ્યુબવેલનું વીજળી જોડાણ નંબર ૩૧૦૩૬૨ પાણીની ટાંકીએ નવા તૈયાર કરેલ ટ્યુબવેલ પાસે ખસેડવું અને તે માટે થનાર ખર્ચ રૂ. ૫૧,૦૫૦/- (અંકે રૂપિયા એકાવન હજાર પચાસ પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૫. યુનિવર્સિટીએ પાણીની ટાંકી પાસે નવા તૈયાર કરેલ ટ્યુબવેલ માટે જી.ડબલ્યુ.આર.ડી.સી.એ વધારાનો ખર્ચ રૂ. ૨૦,૧૫૦/- (અંકે રૂપિયા વીસ હજાર એકસો પચાસ પૂરા) માગેલ છે. જે મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

[નોંધ.– કુલ ખર્ચની રકમ ... રૂ. ૪,૫૦,૧૪૯-૬૩ પૈસા
કરેલ એડવાન્સ પેમેન્ટ ... રૂ. ૪,૩૦,૦૦૦-૦૦ પૈસા
બાકી રહેતી પેમેન્ટના રકમ ... રૂ. ૨૦,૧૪૯-૬૩ પૈસા
મળેલ અનુદાનની રકમ ... રૂ. ૬,૨૭,૫૦૦-૦૦ પૈસા].

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીએ પાણીની ટાંકી પાસે નવા તૈયાર કરેલ ટ્યુબવેલ માટે જી.ડબલ્યુ.આર.ડી.સી.એ માંગેલ વધારાનો રૂ. ૨૦,૧૫૦/- (અંકે રૂપિયા વીસ હજાર એકસો પચાસ પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૬. યુનિવર્સિટી "બી" ટાઈપ સ્ટાફ ક્વાર્ટર્સ (૨૬ યુનિટ) લેક્ચરર રો-હાઉસીસ (૧૬ યુનિટ), લેક્ચરર્સ ફ્લેટ (૪ યુનિટ), રીડર્સ રો-હાઉસ (૧૬ યુનિટ) અને રીડર્સ ફ્લેટ (૪ યુનિટ)ને વ્હાઈટવૉશ કરાવવા મે. દિવ્ય જ્યોતિ ડેકો. બિલ્ડર્સ પાસે તા. ૯-૭-૧૯૯૫ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તથા ફાઈનાન્સ સમિતિની તા. ૧૪-૬-૧૯૯૫ની ભલામણ મુજબના ભાવે કરાવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મોકૂફ રાખવી.

૭. ઝૂલોજી વિભાગના એનિમલ હાઉસ અને લેબોરેટરી પાસે ૧.૫ ટનના કાર્યક્ષમતાવાળા ચાર અને હેલ્થ સેન્ટર માટે એક વિન્ડો એરકન્ડિશનર ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.–આ અંગે રૂ. ૧,૫૦,૦૦૦/-(અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા) જેટલો ખર્ચ થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ઝૂલોજી ડિપાર્ટમેન્ટના એનિમલ હાઉસ અને લેબોરેટરી માટે વૉલ્ટાસ બનાવટના ૧.૫ ટન કાર્યક્ષમતાવાળાં ચાર નંગ વિન્ડો એરકન્ડશનર્સ મશીનો નંગ દીઠ રૂ. ૨૮,૧૫૦/- પ્રમાણે ડી.જી.એસ. એન્ડ ડી. રેટ કૉન્ટ્રાક્ટ ભાવે મે. વૉલ્ટાસ લિ. પાસેથી ખરીદવા કુલ ખર્ચ રૂ. ૧,૧૨,૬૦૦/- (અંકે રૂપિયા એક લાખ બાર હજાર પૂરા)નું ખર્ચ મંજૂર કરવું (આનો ખર્ચ પુછ્છી ડીસીએ પ્રોગ્રામ ફેઝ-૨માં પડશે).

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર માટે એક નંગ વૉલ્ટાસ બનાવટનું ૧.૫ ટન કાર્યક્ષમતાવાળું વિન્ડો એરકન્ડિશનર મશીન ડીજીએસ એન્ડ ડી રેટ કૉન્ટ્રાક્ટ ભાવે મે. વૉલ્ટાસ લિ. પાસેથી રૂ. ૨૮,૧૫૦/- ખરીદવું.

૮. ગુજરાત યુનિવર્સિટી પ્રેસના ૧૯૯૫-૯૬ના વર્ષની પરીક્ષાઓની ઉત્તરવહીઓ તૈયાર કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૦/- લાખ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીની ૧૯૯૬ના વર્ષની પરીક્ષાઓની ૨૦ પાનાંની ડમી ઉત્તરવહીઓ ૧૬,૦૦,૦૦૦ (સોળ લાખ) તથા ચાર પાનાની પુરવણી/પ્રેક્ટિકલ ઉત્તરવહીઓ ૧૬,૦૦,૦૦૦ સોળ લાખ તૈયાર કરાવવા માટે ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક : મોલ .સી. ૭૫૭૩/૧૯૯૫ તા. ૯-૧૧-૧૯૯૫થી તેઓની ઉત્તરવહીઓ તૈયાર કરવા છપામણી તેમજ કાગળના જે ભાવો મંજૂર કરેલાં છે તે જ ધોરણ ધ્યાનમાં લઈને ચર્ચાવિચારણા બાદ એક ઉત્તરવહી તૈયાર કરવાના છપામણી તેમ જ કાગળ સહિતના, યુનિવર્સિટી ડિલિવરી સુધીના ભાવ રૂ. ૧-૪૫ તેમજ ૪ પાનાંની પુરવણી/પ્રાયોગિક એક ઉત્તરવહી તૈયાર કરવાના ભાવ રૂ. ૦-૩૦ પૈસાથી સદરહુ જરૂરિયાત મુજબની ઉત્તરવહીઓ તૈયાર કરવાની ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝયુમર્સ સ્ટોર્સને દર વર્ષની જેમ સોંપવાનું મંજૂર કરવું.

૯. "ઝૂલોજી વિભાગને" ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપિક કેમિકલ્સ અને સપ્લાઈઝ મે. વીગોન કૉર્પોરેશન, અમદાવાદ પાસેથી ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

[આ અંગે અંદાજી રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા) જેટલો ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગને "ઈલેક્ટ્રોન માઈક્રોસ્કોપિક કેમિકલ્સ" અને સપ્લાઈઝ મે. વીગોન કૉર્પોરેશન અમદાવાદ પાસેથી ખરીદવા અને તે થનાર રૂ. ૧૦,૦૦૦/- પૂરા (અંકે રૂપિયા દસ હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૧૦. ઝૂલોજી વિભાગ માટે ચાર ગેસ કનેક્શનો મે. હરીશ ગેસ એજન્સી દ્વારા ખરીદવા માટેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ અંગે અંદાજિત રૂ. ૧૧,૦૦૦/-(અંકે રૂપિયા અગિયાર હજાર પૂરા) જેટલો ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગને માટે ચાર ગેસ કનેક્શનો મે. હરીશ ગેસ એજન્સી દ્વારા ખરીદવા અને તે માટે રૂ. ૧૧,૦૦૦/- પૂરા (અંકે રૂપિયા અગિયાર હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરેલ.

૧૧. ઝૂલોજી વિભાગનો બેકમેન મોડેલ ૫૫૦૦ ગેબા કાઉન્ટરનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રેક્ટ મે. બ્રીપો અમદાવાદ સાથે કરવા માટે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ અંગે રૂ. ૯,૦૦૦/- (અંકે રૂપિયા નવ હજાર પૂરા)નો ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગના બેકમેન મોડેલ ૫૫૦૦ ગેબા કાઉન્ટરનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ અગાઉના વર્ષના ભાવે મે. બ્રીપો, અમદાવાદ સાથે કરવો.

૧૨. માઈક્રોબાયોલોજી વિભાગને માટે ચાર ગેસ કનેક્શનો મે. હરીશ ગેસ એજન્સી મારફતે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.- આ અંગે અંદાજે રૂ. ૭,૦૦૦/- (અંકે રૂપિયા સાત હજાર પૂરા) જેટલો ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે માઈક્રોબાયોલોજી વિભાગને માટે ચાર ગેસ કનેક્શનો મે. હરીશ ગેસ એજન્સી દ્વારા ખરીદવા અને તે માટે રૂ. ૭,૦૦૦/- (અંકે રૂપિયા સાત હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૧૩. માઈક્રોબાયોલોજી વિભાગને માટે જરૂરી સાધનો ખરીદવા માટેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.-આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧,૪૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર પૂરા.) થશે]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે માઈક્રોબાયોલોજી વિભાગને માટે પરિશિષ્ટ "બ" (છાપેલ નથી.) મુજબના જરૂરી સાધનો ખરીદવા અને તે માટે રૂ. ૧,૪૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ ચાલીસ હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૧૪. વનસ્પતિ વિભાગને માટે ચાર ગેસ કનેક્શનો મે. હરીશ ગેસ એજન્સી દ્વારા ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ અંગે અંદાજે રૂ. ૧૧,૦૦૦/- (અંકે રૂપિયા અગિયાર હજાર પૂરા) જેટલો ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે વનસ્પતિ વિભાગને માટે ચાર ગેસ કનેક્શનો મે. હરીશ ગેસ એજન્સી મારફતે ખરીદવા અને તે માટે રૂ. ૧૧,૦૦૦/- પૂરા (અંકે રૂપિયા અગિયાર હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૧૫. કેમિસ્ટ્રી વિભાગને માટે રેમી ક્લિનિકલ સેન્ટ્રીફ્યુઝરેમિસેલ્સ ઍન્ડ એન્જિનિયરિંગ લિમિટેડ કે જેઓ એક માત્ર મેન્યુફેક્ચરર હોવાથી તેમની પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

[નોંધ.— આ અંગે રૂ. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) જેટલો ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે કેમિસ્ટ્રી વિભાગને માટે રેમી ક્લિનિકલ સેન્ટ્રીફ્યુઝ રેમી સેલ્સ ઍન્ડ એન્જિનિયરિંગ લિમિટેડ કે જેઓ એક માત્ર મેન્યુફેક્ચરર હોવાથી તેમની પાસેથી ખરીદવું અને તે માટે રૂ. ૧૫,૦૦૦/- (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) જેટલો ખર્ચ મંજૂર કરવો.

૧૬. બી.બી.એ. તથા એમ.બી.એ. વિભાગ માટે કૉમ્પ્યુટર સોફ્ટવેર ખરીદવા અને તેના જરૂરી મંગાવેલ ટેન્ડરોની નિકાલ કરવા બાબત.

[નોંધ.—આ અંગે અંદાજ રૂ. ૧૧,૦૦,૦૦૦ (અંકે રૂપિયા અગિયાર લાખ પૂરાની) ખર્ચ થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે બી.બી.એ. એમ.બી. એ. માટે કૉમ્પ્યુટર ઇક્વિપમેન્ટ તેમ જ સોફ્ટવેર ખરીદવા મંગાવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ આપનાર નીચેના વિક્રેતાઓ પાસેથી ખરીદ કરવાનું રાખવું.

૧. હાર્ડવેર : મે. હેકમી કૉમ્પ્યુટર્સ પાસેથી એક પેન્ટીયમ સર્વર,એક મલ્ટિમીડિયા નોડ,મલ્ટિમીડિયા કીટ,૩૦ નંગ ૩૮૬ ડીસ્કલેસ નોડ,એક ડોટમેટ્રીક્સ પ્રિન્ટર,એક લેસર પ્રિટર અને એક ૧૦ KVA નું CVT ઓક્ટ્રોય તેમજ અન્ય ટેક્સ સાથે કુલ રૂ. ૧૦,૩૮ ,૦૦૪/-ના ખર્ચે ખરીદવા.

૨. એક્ષ્યાર : મે. પીસીએલ પાસેથી નોબલ નેટવર્ક ૩. ૧૨ ૫૦ યુઝર માટે (રૂ. ૫૫,૫૫૦/-), એએલપી (ALP) લેન્ગ્વેજ પ્રોફેસર (રૂ. ૪૧૦૦/-) ઓએસ/૨ વાર્પ (રૂ. ૫૦૫૦/-) અને વીન્ડોઝલ્પ (રૂ. ૫,૮૦૦/-) કુલ રૂ. ૭૦,૫૦૦/- (ઑક્ટ્રોય અલગ)ના ખર્ચે ખરીદવા.

૧૭. ગુજરાત યુનિર્સિટી કાર્યાલય તથા વિભાગોમાં ફરજ બજાવતા ચોથા વર્ગના કર્મચારીઓ માટે એક ગરમ કોટ અને એક ગરમ પેન્ટ આપવા માટે ગરમકાપડ ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે અંદાજી રૂ. ૫૫,૦૦૦/-(અંકે રૂપિયા પંચાવન હજાર પૂરા) થશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત મંજૂર કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૮. ગુજરાત યુનિવર્સિટીના પદવીદાન સમારંભ માટેના ડિગ્રી સર્ટિફિકેટો ટપાલ દ્વારા મોકલવા માટેના કવરો ખરીદવા માટે મંગાવવામાં આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

[નોંધ.—આ અંગે અંદાજી રૂ. ૨૧૦૦૦/- (અંકે રૂપિયા એકવીસ હજાર પૂરા)નો ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વિચારણા કરવા મુલત્વી રાખવી.

૧૯. બી.બી.એ.ના અભ્યાસક્રમ માટેની બેન્ચો બ્લાઈન્ડ સ્કુલ પાસેથી ખરીદવા માટે થયેલ રૂ. ૫૮,૦૦૦/- (અંકે રૂપીયા અઠ્ઠાવન હજાર પૂરા)ના વધારાના ખર્ચની મંજૂરી આપવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—આ અંગે અગાઉ તા. ૪-૯-૧૯૯૫ની ફાઇનાન્સ સમિતિમાં કુલ રૂપિયા ૪,૩૦,૦૦૦/-નો ખર્ચ મંજૂર થયેલ છે. તેથી આ વધારાના પ્રશ્ને લઇને કુલ રૂ. ૪,૮૮,૦૦૦/- થશે. અગાઉ એક બેન્ચનો ભાવ રૂ. ૨૧૫૦/- હતો તે વધીને હવે રૂ. ૨૪૪૦/- પૂરા થયેલ છે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બી.બી.એ.ના અભ્યાસક્રમ માટેની બેન્ચો ખરીદવા માટે થયેલ રૂ. ૫૮,૦૦૦/-(અંકે રૂપિયા અઠ્ઠાવન હજાર પૂરા)નો વધારાનો ખર્ચ મંજૂર કરવો.

૨૦. બી. કે. સ્કુલની લાયબ્રેરીમાં ફર્નિચરમાં સુધારાઓ કરવા તથા યુનિવર્સિટી કાર્યાલયમાંથી ખુરશીઓ રીપેરિંગ વગેરે કરાવવા માટે રૂ. ૧૨,૪૭૦/- (અંકે રૂપિયા બાર હજાર ચારસો સિત્તેર પૂરા)નું ખર્ચ મંજૂર કરવા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બી. કે. સ્કુલની લાઇબ્રેરીમાં ફર્નિચરમાં સુધારાઓ કરવા તથા યુનિવર્સિટી કાર્યાલયમાંની રાખેલ ખુરશીઓના રીપેરિંગ વગેરે કરાવવા માટે રૂ. ૧૨,૪૭૦/- પૂરા (અંકે રૂપિયા બાર હજાર ચારસો સિત્તેર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૨૧. [illegible]નવિદ્યા ભવનની બારીઓ તથા કામના વગેરેનું રીપેરિંગના કામ માટે રૂ. ૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા હાલ મુલતવી રાખવી.

૨૨. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયને વર્તમાનપત્રો, સામયિકો, ફાટેલાં પુસ્તકો, તથા અન્ય પસ્તી વેચાણ માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી ગ્રંથાલય તથા યુનિવર્સિટીનાં વિવિધ ભવનો માંથી વર્તમાનપત્રો, સામયિકો, સૂચિપત્રો, ચોપાનિયા, ફાટલાં પુસ્તકો તથા અન્ય પસ્તી ઉપાડવા માટે મહાલક્ષ્મી વેસ્ટ પેપર્સ સપ્લાયર્સ, કલાપીનગર અમદાવાદના ભાવો સૌથી ઊંચા હોઈ સને ૧૯૯૬ના વર્ષ દરમ્યાન પસ્તી ઉપાડવા માટેની નક્કી કરેલ શરતોને આધીન રહી કૉન્ટ્રાક્ટ મંજૂર કરવામાં આવે છે.

૨૩. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયને ગ્રંથાલય કૉમ્પ્યુટરાઈઝેશન માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મળેલ રૂ. ૬.૫ લાખની મર્યાદામાં રહીને પીસીએલ(પટેચ કૉમ્પ્યુટર્સ લિમિટેડ) અમદાવાદના ભાવો ઓક્ટ્રોય એબ્સોર્બ કરવાની શરતે સૌથી નીચા હોઈ મંજૂર કરવામાં આવે છે.

આથી વધુમાં ભલામણ કરવામાં આવે છે કે મળેલ ગ્રાન્ટની મર્યાદામાં અંદર ઈન્ફલીબનેટની લેખિત અનુમતિ મેળવીને કૉમ્પ્યુટર સાધનસામગ્રી ઇત્યાદિ ખરીદીની કાર્યવાહી કરવી.

૨૪. ગુજરાત યુનિવર્સિટી ગ્રંથાલયને ઇન્સડોકની સેવાના વાર્ષિક લવાજમના રૂ. ૨૭૦૦૦/- (અંકે રૂપિયા સત્તાવીસ હજાર પૂરા) ભરપાઈ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયના વાચકો માટે ઇન્ડોકને કેપ્સ(કન્ટેન્સ, એબસ્ટ્રેક્ટ ઍન્ડ ફોટોકોપી સર્વિસ)ના સને ૧૯૯૬ના વર્ષના લવાજમ પેટે રૂ. ૨૭૦૦૦/-(અંકે રૂપિયા સત્તાવીસ હજાર પૂરા) ભરવાનું મંજૂર કરવું.

૨૫. ગુજરાત યુનિવર્સિટી પ્રેસને ફર્સ્ટ બી.એ., બી.એસસી., "એ' સ્ટ્રીપની વર્કબૂકો છાપવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

[આ અંગે રૂપિયા ૫૧,૬૦૦/- (અંકે રૂપિયા એકાવન હજાર છસો પૂરા)નો ખર્ચ થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી પ્રેસને ફર્સ્ટ બી.એ. બી.એસસી. 'એ' સ્ટ્રીપની વર્કબૂકો છપાવવા અંગે રૂ. ૫૧,૬૦૦/- પૂરા (અંકે રૂપિયા એકાવન હજારને છસો પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૨૬. ઝૂલોજી વિભાગને RIA Kits(T_3T_4TSH) પરીક્ષાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

[આ અંગે રૂપિયા ૮,૦૦૦/-(અંકે રૂપિયા આઠ હજાર પૂરા)નો ખર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગે RIA Kits(T_3T_4TSH) પરીક્ષાઓને માટે રૂ. ૮૦૦૦/-(અંકે રૂપિયા આઠ હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૨૭. કેમિસ્ટ્રી વિભાગને કેમિકલ્સ ખરીદવા માટે આવેલ એક જ ક્વોટેશન ઉપર વિચારણા કરવા બાબત.

[આ અંગે રૂ. ૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર પૂરા) જેટલો થર્ચ થશે.]

આથી ઠરાવવામાં આવે છે કે કેમિસ્ટ્રી વિભાગને સિગ્મા પાસેથી કેમિકલ્સ ખરીદવા અને તે માટે રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૨૮. યુનિવર્સિટીના બી.બી.એ.ના નવા મકાન માટે બે માઇક્રોબાયોલોજી ડિપાર્ટમેન્ટ અને આરોગ્ય કેન્દ્ર માટે એક એક નંગ વૉટરકૂલર મળી કુલ ચાર નંગ વૉટરકૂલર DGS and GD rate Contract ભાવે ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

[આ અંગે રૂ. ૧,૨૨,૨૧૪ (અંકે રૂપિયા એક લાખ બાવીસ હજાર બસો ચૌદ પૂરા)નો ખર્ચ થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હાલ યુનિવર્સિટી બી.બી.એ.ના નવા મકાન માટે બે નંગ વૉટરકુલર 'બ્લ્યુસ્ટાર' બનાવટના ડીજીએસ એન્ડ ડી રેટ કોન્ટ્રાક્ટ ભાવે બ્લ્યુસ્ટાર લિ. પાસેથી નંગ દીઠ રૂ. ૩૪,૩૩૭/- પ્રમાણે બે નંગ વૉટરકૂલર એસ.ટી.૮૧૫૦ મોડલ ખરીદવા રૂ. ૬૮,૭૪૬/-મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે.

૨૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યો (જાણ સારુ) :-

૧. એમ.બી.,બી.એસ.ની નવેમ્બર-૧૯૯૪માં લેવાયેલ પરીક્ષાનું પરિણામ તૈયાર કરવા માટેની કામગીરી [illegible]ને રૂ. ૧૧,૬૫૦/- વત્તા સ્ટેશનરી ખર્ચના સોપેલ તે મંજૂર કર્યાનું.

૩૦. આગામી માર્ચ/એપ્રિલ ૧૯૯૬ની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે જરૂરી ઇન્ટર્નલ-શીટ છપાવવા માટે રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરે મંગાવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવને ભલામણ કરાવામાં આવે છે કે ઇન્ટર્નલ-શીટ છપાવવા માટે આવેલા ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ આપનાર પાર્ટી મેસર્સ "ટેકનો કરીશ્મા" પાસેથી રૂ. ૩૭,૬૦૦-૨૫ પૈસા (ટેક્સ સહિત) છપાવીને ખરીદવા.

૩૧. આગામી માર્ચ/એપ્રિલ, ૧૯૯૬ની યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે માર્કસ્ટેટમેન્ટ, ઑફિસ રજિસ્ટર તેમ જ કૉલેજ કોપીઓ છપાવવા માટે રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટર દ્વારા મંગાવવામાં આવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

[નોંધ.—વર્તમાનપત્રોમાં (૧) 'ગુજરાત સમાચાર' તથા (૨) 'ટાઈમ્સ ઑફ ઇન્ડિયા'માં તા. ૪-૧૨-૧૯૯૫ના રોજ જાહેરખબર આપવા ઉપરાંત લિસ્ટ ઉપરના કુલ ૧૭ (સત્તર) ઉત્પાદકોને ભાવો આપવા જણાવ્યા છતાં ફક્ત બે જ (૨) પાર્ટીઓએ ભાવ આપેલ છે અર્નેસ્ટ મની ડિપોઝિટ ભરેલી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે બન્ને પાર્ટીઓને નીચેના સભ્યોની સમિતિ સમક્ષ રૂબરૂ બોલાવી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) ઉપકુલપતિશ્રી
(૨) ડૉ. દર્શનસિંગ શીખ
(૩) શ્રી. એમ. પી. જડિયા.

૩૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યો (જાણ સારુ) :

(૧) થર્ડ એમ.બી.,બી.એસ.ની નવેમ્બર-૧૯૯૪માં લેવાયેલ પરીક્ષાનું પરિણામ તૈયાર કરવા માટેની કામગીરી મે. કૉમ્પ્યુવિઝનને રૂ. ૧,૧૪,૬૫૦/- વત્તા સ્ટેશનરી ચાર્જના ખર્ચ સોપેલ તે મંજૂર કરવા કર્યાનું;

(૨) યુનિવર્સિટીની પાણીની ટાંકીએ આવેલ કે.એસ.બી. સબમર્સિબલ પંપસેટની મોટરને રિપેર કરાવવા માટે રૂ. ૧૫,૧૮૦/-(રૂપિયા પંદર હજાર એકસોએંસી પૂરા)નો ખર્ચ મંજૂર કર્યાનું;

(૩) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોમાં રહેલ ટાઈપ રાઈટરોના મશીનોનો સર્વિસ કૉન્ટ્રાક્ટ શ્રી કે. એસ. શિંગાળાને તા. ૧-૧-૧૯૯૬થી તા. ૩૧-૧૨-૧૯૯૬ સુધીનો કૉન્ટ્રાક્ટ એક વર્ષ માટે માસિક રૂ. ૧,૦૦૦ (અંકે રૂપિયા એક હજાર પૂરા)ના ઉચ્ચક વેતનથી આપવા અંગેનો ખર્ચ મંજૂર કર્યાનું;

(૪) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના તથા વિભાગોના ઉપયોગ માટે તથા પરીક્ષાઓ તથા ઇલેક્શનના કામ માટે ઝેરોક્ષના કાગળના પચાસ પેકેટો ખરીદવા માટે રૂ. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પૂરો)નો ખર્ચ મંજૂર કર્યાનું;

(૫) ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના તથા વિભાગોના ઉપયોગ માટે તથા પરીક્ષાઓ તથા ઇલેક્શનના કામ માટે ડુપ્લિકેટિંગ કાગળોના સો પેકેટો ખરીદવા માટે રૂ. ૧૨,૦૦૦/- (અંકે રૂપિયા બાર હજાર પૂરો)નો ખર્ચ મંજૂર કર્યાનું;

૩૩. યુનિવર્સિટીના બી.બી.એ.ના નવા મકાન માટે વધુ ૨૦૦ નંગ બેંચીસ અંધશાળા પાસેથી નંગ દીઠ રૂ. ૨,૨૪૦/- પ્રમાણે ખરીદવા કુલ ખર્ચ રૂ. ૪,૮૮,૦૦૦/-નું થાય છે, જે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—અગાઉ તા. ૪-૯-૧૯૯૫ની ફાઈનાન્સ સમિતિમાં ૨૦૦ નંગ બેંચીસ ખરીદવા રૂ. ૪,૮૦,૦૦૦/-નું ખર્ચ મંજૂર કરવામાં આવેલ હતું જે જાણ સારુ.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે.બી.બી.એ. અભ્યાસક્રમના નવા મકાન માટે વધુ ૨૦૦ નંગ બેંચીસ નંગ દીઠ રૂ. ૨,૪૪૦ પ્રમાણે અંધશાળા પાસેથી ખરીદવા અંગે કુલ ખર્ચ રૂ. ૪,૮૮,૦૦૦નું મંજૂર કરવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કા. કુલસચિવ.

પરિશિષ્ટ "થ"

કામકાજ ક્રમાંક ૩૧

THE BAR COUNCIL OF INDIA

STBC (Cir. No. 28...1995)

21, Rouse Avenue Institution Area,
NEW DELHI.
23rd November, 1995

To,

The Registrars of all the Universities
Imparting Law...

Sir,

The Legal Education Committee at its meeting held on 16-9-1995 has resolved that the members of the legal education committee shall have the right to make surprise inspection of any law college in the country and submit the report to the Bar Council of India, The names, addresses, telephone numbers of the members of Legal Education Committee and the resolution be sent to all the law colleges in the country for their information, The Bar Council of India at its Meeting held on 4th November, 1995 has confirmed the same.

Hence, I am sending you herewith the list of the members of the legal education committee, I request you to circulate the same to all the law colleges running under your University for their information.

Thanking you,

Yours faithfully
C. M. BALARAMAN
(Officiating Secretary)

LIST OF THE MEMBERS OF THE LEGAL EDUCATION COMMITTEE OF THE BAR COUNCIL OF INDIA (AS ON 5TH MAY 1995)

1. Mr. Justice K. N. Saikia Retired Judge, Supreme Court of India & Chairman, Legal Education Committee of the Bar Council of India, 17, Lodhi Estate NEW DELHI-110 003. Tel. No. 4632113
2. Mr. Justice N. N. Mathur Judge, 3, Judges Bungalow, Bodakdeo, AHMEDABAD-380054. Tel. No. 6751582.
3. Dr. Inder-jit Khanna, Secretary, University Grants Commission, Bahadur Shah Zafar Marg, NEW DELHI, Tel. No. 3818849.
4. Dr. P. C. Rao, Law Secretary, Govt. of India, Ministry of Law. Justice & Company Affairs, Department of Legal Affairs, Shastri Bhavan, NEH DELHI, Tel. No. 3384777 (Off)
5. Dr. Ranbir Singh, Prof. & Head, Department of Law, Maharshi Dayanand University, Rohtak. Tel. No. 32634 (office), 31436 (Res.)
6. Shri O. P. Sharma, Chairman, Bar Council of India 162, Vaishali, Pitampura DELHI-110 034 (Special Invitee) Tel.No. 7433107 (Res) 335167 (Offi.) STD-011
7. Shri Dhairyasheel V. Patil Advocate, 40, Camp, SATARA-415001 (MAHARASHTRA). Tel. No. 31401, STD-62162.
8. Shri Jagannath Patnaik Advocate Sutahat, Cuttack-753001 ORISSA. Tel.No. 23897. STD-067
9. Shri D. C. Subba Rao, Advocate, 7/22/3, Sanjeevaiah Nagar, Vishakapatnam-530 003. Tel. No. 563653 & 555360. STD : 0892
10. Shri Girish D. Bhatt, Advocate, Patel Blocks, Rajdeep Compouny, Near High Court, Beside Railway Crossing. Navjivan P. O. Area, AHMEDABAD-380 014 (Gujarat). Tel. No. 6568973, STD . 079
11. Shri Ram Chandra Jha, Sr. Advocate, 76/B, Ashiana Nagar, PATNA-800 025 (BIHAR).
12. Shri Ashok Kumar Deb, Advocate, 44/3, M. G. Road, CALCUTTA-700 009. Tel. No. 3503506, STD : 033 (Special Invitee).

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૩૨

EMPLOYEES PROVIDENT FUND ORGANISATION (CENTRAL OFFICE)
9TH FLOOR, MAYUR BHAVAN, CONNAUGHT CIRCUS, NEW DELHI–110 001.

No. Coord. 8 (5) 93/ Date :

To,

All Members,
Central Boards of Trustees,
Employees Provident Fund.

Subject : Amendment to para 2 (f) (ii) of the Employees Provident Fund Scheme to enhance the ceiling on wages for employees to become members of the fund and consequontial amendmnt in para 26 (6), 26A (2) proviso of EPF Scheme, 1952.

Sir,

A copy of the Notification No. B-63011/1/94-ss. II anted 25-9-1994 issued by the Ministry of Labour, Government of India, New Delhi for being published in part-II Section 3 (i) of the Gazette of India is enclosed herewith for your kind information.

Yours Faithfully,
(S. RAGHURAM)
Regional Provident Fund Commissioner (Hqrs.)
For : Contral Provident Fund Commissiner

(TO BE PUBLISHED IN THE GAZETTEE OF INDIA,
PART II, SECTION 3 (i) EXTRA-ORDINARY)

Government of India, Bharat Sarkar
Ministry of Labour, Shram Mantralaya

New Delhi, Dated : 23-9-1994

NOTIFICATION

G.S.R._____ in exercise of the powers conferred by Section 5, read with sub-section (1) of Section 7 of the Employees Provident Fund and Miscellaneous provisions Act, 1952 (19 of 1952) the Central Government hereby makes the following Scheme further to amend the Employees' Provident Fund Scheme, 1952, namely :

1. (1) This Scheme may be called the Employees' Provident Fund (Second Amendment) Scheme, 1994.
   (2) It Shall come into force on and from the 1st October, 1994.
2. In the Employees' Provident Fund Scheme, 1952 (i) is sub-clause (ii) of clause (f) of paragraph 2, for the words 'Theree thousand and five hundred rupees' the words 'Five thousand rupees' shall be substituted :
   (ii) in sub-pararaph 6 of paragraph 26, for the words 'Three thousand and five hundred rupees' the words 'five thousand rupees' shall be substitute
   (iii) in the proviso to sub-paragraph (2) of paragraph 26 A, for the words 'three thousand and five hundred rupess', wherever they occur the words 'Five thousand rupees' shall be substituted.

No. S-63011/1/94-ss.II)

SHASHI JAIN
JOINT SECRETARY TO THE GOVT. OF INDIA

OFFICE OF THE REGIONAL PROVIDENT FUND COMMISSIONER, GUJ. STATE,
'BHAVISHYANIDHI BHAVAN,' NR. INCOME TAX CIRCLE,
ASHRAM ROAD, AHMEDABAD–380 014

NO. GJ/GENT/C-2/837 Date : 27-10-1994.

Copy forwared for necessary information and action to :

(1) All Assistant Provident Fund Commissioners.

(2) All Assistant Accounts Officers. Enforcement Officers.
(3) All Head Clerks.
(4) P.A. to Regional Commissioner (I),
P.A. to Regional Commissioner (R),
P.A. to Regional Commissioner (F & A).
(5) Public Relations Officer.
(6) Hindi Officer.

J. R. Sharma
Assistant Provident Fund Commissioner,
Gujarat State, Ahmedabad.

EMPLOYEES' PROVIDENT FUND ORGANIZATION
REGIONAL OFFICE - GUJARAT

No. GJ. Pension. 95/ Date : 16-11-95

To,

All Employers,

Subject : Employees' Pension Scheme, 1995 Implementation Regarding.

Sir,

As you are aware the Employees' Pension Scheme, 1995 came to force with effect from 16-11-1995. This replaces the Employees' Family Pension Scheme, 1971 which ceased to operate and get merged with Employees' Pension Scheme, 1995. The membership / Contribution / Benefit etc. under the New Employees' Pension Scheme, 1995 are as under :

MEMBERSHIP

All members of Employees' Family Scheme, 1971 as on 15-11-1995 would be members of the new Employees' Pension Scheme,1995 automaticallay. All new entrants to Provident Fund (exempted/unexempted) with effect from 16-11-1995 are to be enrolled as members of the Scheme compulsorily.

OPTION JOIN THE SCHEME

(a) Those Provident Fund members who are not members of old Employees' Family Pension Scheme, 1971 can join the Scheme from 1-3-1971 by option They have to contribute to Employees' Family Pension Scheme, 1971 from this date.

(b) Those Family Pension Scheme, 1971 members who are out of employment on or after 1-4-1993 can also join the Scheme from their date of exit from Scheme by option. (The widow/widower of Family Pension Fund members who died while in service during the period 1-4-1993 to 15-11-1995 can also exercise the option.) They have to refund the Family Pension Scheme benefit with interest, if already received.

The option at (a) & (b) above shall be exercised or before 15-5-1996.

CONTRIBUTION

Upto 15-11-1995 Family Pension Scheme.1971 Contribution @1 $\frac{1}{2}$ % of pay (Employees'/ Employer's Share) should be remitted in E.P.F. A/c. No. 10. Contribution to Employees' Pension Scheme,' 1995 @ 8 $\frac{1}{3}$ % of pay is to be diverted from Employer's share of Provident Fund with effect from 16-11-1995. Maximum pay limit for contribution is Rs. 5,000/- Where Provident Fund Contribution is @ 10% the remaining 1.67% (10%-8.33%) will continue in Employer's shall of contribution in the Provident Fund Account of the employee.

So also where the employer contributes to Provident Fund beyond the pay Rs. 5,000/- such contribution will remain in Employers' share of Provident Fund Account of the Employee (The maximum contributions to Employee's Pension Scheme, 1995 would be Rs. 417/- Per Month per employee). The contributions should be remitted in Employees' Pension Fund A/C. No. 10 through challan and monthly returns should be sent in From 12-A/From 6-A(Exenpted). The words 'Family Pension Fund' appearing in the challans/forms may be corrected as 'Employee's Pension Fund.'

MEMBERS WHO CONTINUE IN SERVICE BEYOND THE AGE OF 58 YEARS :

No contributions is to be pald to Employees' Pension Scheme in respect of these members beyond the age of 58 years where as the Employer's contribution shall be merged to their Provident Fund Account. Such of these members can draw the pension if they have to years

eligible service espective of their continuance in Service/Provident Fund. If they have less than 10 years service. they can get withdrawal benefit under Employees' pension scheme.

Nature of benefits	*Conditions*	*Eligibility*	*From of Application*
1. Member Pension Return of Capital (Option)	10 years eligible service (including Service Under Family Pension Scheme 71)	On anaining the age of 58 years or on retirment before that but not earlier than the age of 50 years at reduced rate	Form–10 D
2. Disablement Pension	1 months Contribution the to the Scheme	From the date following the date of disablement	–do–
3. Widow/Widower/ Children/Orphan Pension	1 month's contribution to the Scheme	On death of the members while in Service / out of employment / affter recerving reting pension	–do–
4. Scheme Certiticate (This will enable the members to count previous Sevice if he leaves one establish-menit and joins new establishment.)	On leaving Service before attaining the age of 50 or 58 years.	On option by members	–do–
5. Withdrawal Benefit	On leaving service, before 10 years eligible Service	On Option by members alternatively Scheme Certificate can be obtained	Form 10 - c
6. Option Form to join the Employees' Pension Scheme, 1995			From 1

You are requested to comply with the provisions of the Scheme forthwith. You are further requested to bring the contents of the Scheme to the members of your establishment. For further details contact our Offices at Ahmedabad/Surat/Baroda/Rajkot and the local Provident Fund inspectorate.

Yours faithfully

S/D

(K. S. A. NAIR)

REGIONAL PROVIDENT FUND COMMISSIONER–II

6

3

પરિશિષ્ટ "ધ"

કામકાજ ક્રમાંક ૩૭

O. 170 :

"EVERY student admitted to an affiliated college, recognised institution and University Department shall pay a fee of a Rs. 5.00 per term towards the expenses for organising cultural activities in the university, out of which Rs. 3.00 per student shall be remitted to the university by the college/institution/University Department within one month from the date of commenced of the term. The amount shall be used by the University towards the expenditure incurred in the organisation on the cultural activities of the university students community and the remaining amount of Rs. 2.00 per student per term can be retained and shall be used by the college/ Institution/University Department for promotion of the cultural activities of the respective college/ Institute/University Department."

પરિશિષ્ટ "ન"

ઠરાવ ક્રમાંક ૪૨

The faculty meeting for engineering and technology was held on 31-1-1996 at 4-00 p.m.in University office. The following were present :

1.	Dr. M. C. Chhabria	Dean
2.	Prof. D. J. Bhatt	Member
3.	Prof. G. N. Gandhi	Member
4.	Prof. R. R. Patel	Member
5.	Dr. H. V. Trivedi	Invitee
6.	Prof. D. M. Shah	Invitee
7.	Prof. R. V. Dave	Invitee
8.	Prof. J. S. Shah	Invitee
9.	Prof. D. J. Patel	Invitee
10.	Prof. J. P. Sharma	Invitee
11.	Prof. A. B. Patel	Invitee.

1. The minutes of previous faculty meeting (18-10-1995) were approved.
2. ACTION TAKEN ON FACULTY MEETING OF 18-10-1995 :
   With reference to minutes of previous faculty meeting, the following was decided :
   (a) Analysis of results of all semesters should be put in faculty meeting within one month of declaration of results. All Principals to follow up.
   (b) The information about dates and other details regarding revision of all courses (i.e., B.E., P.D.D.C., M.E., M.C.A.) be compiled by March-31. Prof. D. J. Patel to co-ordinate.
   (c) Rationalisation of B.E. Semester III Elect./EC/IC/CE subjects to be reviewed. Prof. D. J. Patel to co-ordinate
   (d) Topic wise weightage of first year subjects to be finalised by 28-2-1996. All principals to follow up.
   (e) Regarding P. G. Diploma, more information from I.I.T.S./Other institutes be made available. Then this be taken for proposal to AICTE. Prof. P. S. Desai to co-ordinate.
3. The teaching and exaamination scheme for B.E. (Civil) Construction Technology & Management as recommended by board of studies in Civil Engg. is approved.
4. The revision of syllabi of various subjects as recommended by board of studies in civil engineering is approved.
5. The teaching and examination scheme for B.E. (Information Technology) as recommended by adhoc boards of studies meeting of (a) Computer Engineering and (b)Electronics and Communication is approved. Normaly first year scheme is common for all branches of engineering. However, it was decided that the first year subject scheme of the course be considered as a special case due to interdisciplinary character of the course and should not be a policy for all other courses.
6. The revision in syllabus of Mathematics of first year is approved. The revised syllabus will be effective from academic year 96-97.
7. It is recommended that the various existing courses on mathematics be renamed as under w.e.f. academic year 96-97 :

Year/Semester	Old Title	New Title
First year (all)	Mathematics	Mathematics–I
Third Semester (all)	Mathematics–III	Mathematics–II
Fourth Semester	Mathematics–IV	Mathematics–IIII

8. REVISION OF SCHEME FOR FIRST YEAR :
   The scheme for all branches for undergraduate courses for semester III onwards have been revised after 1991-92. But due to common subjects being taught by various departments, the scheme of first year is not revised since long. It was unanimously felt that it is high time to review the first year scheme for all braches.

9. Dean strongly expressed need for quality upgradation in teaching as well as in examination work as a whole.
10. It was decided to have at least four faculty meetings in one year. For this year the proposed dates for next faculty meetings are 18-5-1996, 28-9-1996, 21-12-1996. The time of meeting will be 3-30 p.m.

The meeting ended with vote of thanks to chair.

Dr. M. C. Chhabria
Dean, Faculty of Engg. & Tech.
Gujarat University.

TEACHING AND EXAMINATION SCHEME
B.E. (Civil) Construction Technology and Management

Sub. No.	*Name of subject*	*Teaching scheme*		*Examination sceme*					
		Theory	*Tut./. Pract*	*Theory marks*	*Hrs.*	*Sess. marks*	*Pract./ Oral marks*	*Term work*	*Total*
I Year									
101	Mathematics-I	3	-	100	4	50	-	-	150
102	Surveying-I	2	2	100	3	50	-	50	200
103	Engg. Mech.	2	1	100	3	50	-	25	175
104	Strength of Material	2	1	100	3	50	-	25	175
105	Engg. Materials	2	-	100	3	50	-	-	150
106	Engg. Drawing	3	4	100	4	50	-	50	200
107	Heat Power	2	1	100	3	50	-	25	175
108	Elect. Circuit & Electronics	2	1	100	3	50	-	25	175
109	Workshops	-	2	-	-	-	-	50	50
		18	12	800		400	-	250	1450
III Year									
301	Adv. Surveying	4	2	100	3	50	25	25	200
302	Fluid Mechanics	4	2	100	3	50	25	25	200
303	Elements of Geotechnical Engg.	4	2	100	3	50	25	25	200
304	Mathematics-III	4	0	100	3	50	-	-	150
305	Adv. Construction Materials	4	0	100	3	50	-	-	150
306	Software Packages	0	4	-	-	-	50	50	100
		20	10	500	15	250	125	125	1000
IV Year									
401	Building Construction	4	2	100	3	50	25	25	200
402	Town Planning & Housing	4	0	100	3	50	-	-	150
403	Structural Analysis-I	4	2	100	3	50	25	25	200
404	Computer Applications	3	2	100	3	50	25	25	200
405	Concept Technology	3	2	100	3	50	25	25	200
406	Elements of Civil Engg. Drafting	0	4	-	-	-	50	50	100
		18	12	500	15	250	150	150	1050
V Year									
501	Adv. Construction	4	2	100	3	50	25	25	200
502	Public Health Engg.	4	2	100	3	50	25	25	200
503	Highway & Traffic Engg.	4	2	100	3	50	25	25	200
504	Harbour and Airport Engg.	4	0	100	3	50	-	-	150
505	Structural Analysis - II	4	2	100	3	50	25	25	200
506	Field Visits-I	0	2	-	-	-	25	25	50
		20	10	500	15	250	125	125	1000

Sub. No.	Name of subject	Teaching scheme Theory	Tut./ Pract	Examination sceme Theory marks	Hrs.	Sess. marks	Pract./ Oral marks	Term work	Total
VI Year									
601	Irrigation Engg.	4	0	100	3	50	-	-	150
602	Railway and Bridge Engg.	4	0	100	3	50	-	-	150
603	Soil and Foundation Engg.	4	2	100	4	50	25	25	200
604	Design of Structures	4	4	100	4	50	25	50	250
605	Valuation and Financial Analysis	4	2	100	3	50	25	25	200
606	Field Visits - II	0	2	-	-	-	25	25	50
		20	10	500	16	250	125	125	1000
VII Year									
701	Engg. Contracts, Tendering & Arbitration	4	0	100	3	50	-	-	150
702	Design of Reinforced and Prestressed Conc. Structures	4	4	100	4	50	50	50	250
703	Quantity Surveying Estimating and Specifications	4	4	100	3	50	50	50	250
704	Construction Management-I	3	0	100	3	50	-	-	150
705	Project Management-I	3	0	100	3	50	-	-	150
706	Project - I	0	4	-	-	-	50	50	100
		18	12	500	16	250	150	150	1050
VIII Year									
801	Construction Plants and Equip.	4	2	100	3	50	25	25	200
802	Design of Steel, Masanary and Timber Structures	4	4	100	4	50	50	50	250
803	Construction Management-II	3	0	100	3	50	-	-	150
804	Project Management-II	3	0	100	3	50	-	-	150
805	Projects - II	0	6	-	-	-	75	75	150
806	Maintainance & Rehabitation	0	4	-	-	-	50	50	100
		14	16	400	13	200	200	200	1000

TEACHING AND EXAMINATION SCHEME FOR B.E. (INFORMATION TECHNOLOGY)

III Year									
301	Mathematics-II	4	2	100	3	50	0	0	150
302	Circuit Theory	4	2	100	3	50	50	50	250
303	Electrical Engineering	4	2	100	3	50	25	25	200
304	Business Data Processing	4	2	100	3	50	25	25	200
305	Electronics Engineering	4	2	100	3	50	25	25	200
		20	10	500	15	250	125	125	1000
IV Year									
૭. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારીઓ દ્વારા યુનિવર્સિટીની માર્ચ/એપ્રિલ, ૧૯૯૬ની પરીક્ષા કાર્યના બહિષ્કાર અંગેના આંદોલનના સંદર્ભમાં જરૂરી પગલાં લેવા વિચારણા કરવા બાબત.

શરૂઆતમાં કુલપતિશ્રીએ ગુજરાત રાજ્ય કૉલેજ બિનશિક્ષક કર્મચારી મહામંડળના માનનીય શિક્ષણમંત્રીશ્રીને ઉદ્દેશીને લખાયેલ તા. ૧૧-૩-૧૯૯૬ના આવેદનપત્રમાંના તેઓના પડતર પ્રશ્નોની સમજ આપેલી અને સંલગ્ન કૉલેજના કેટલાક આચાર્યશ્રીઓ તરફથી આ સંજોગોમાં પરીક્ષા લઈ શકાય તેમ ન હોવાથી યુનિવર્સિટીનું માર્ગદર્શન પણ માંગેલું છે તેનો ઉલ્લેખ કરીને ઉદ્ભવેલ પરિસ્થિતિ હલ કરવાના હવે પછીના ઉપાયી પગલાં અને ગોઠવણ અંગે ચર્ચા વિચારણા કરી અને યુનિવર્સિટીએ પણ આ સંદર્ભમાં રાજ્ય સરકારને લખેલ પત્રની માહિતી આપી હતી.

પ્રસ્તુત બાબતે લંબાણપૂર્વક ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે સદરહુ આંદોલનને કારણે ઊભી થનાર પરિસ્થિતિના અનુસંધાને જરૂરી નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./ ૧૧૪૪ /૧૯૯૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૧૮-૫-૧૯૯૬.

એમ. પી. જડિયા
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

બાબત ક્રમાંક ૧(૨)

બોર્ડ ઑફ એકાઉન્ટ્સ

બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ વર્ષ દરમિયાન યુનિવર્સિટીના હિસાબો અંગેનો અહેવાલ તૈયાર કરવા માટે એક સભા તા. ૪-૩-૧૯૯૬ના રોજ મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

ક્રમ	સભ્યોના નામ
૧.	પ્રો. ડી. એન. ત્રિવેદી
૨.	પ્રિ. પી. સી. ઉપાધ્યાય
૩.	પ્રિ. સૌરભભાઈ ચોક્સી.

સભાનું પ્રમુખસ્થાન પ્રો. ડી. એન. ત્રિવેદીએ સંભાળ્યું હતું :

અહેવાલના વર્ષ દરમિયાન બોર્ડ ઑફ એકાઉન્ટ્સના સભ્યોએ એકાઉન્ટ્સ ઑફિસર સાથે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોની મુલાકાત લીધી હતી અને સંબંધિત સાધનિક દફતરોની આંશિક ચકાસણી બાદ નીચે મુજબની નોંધ મૂકવામાં આવે છે :

પરીક્ષા અંગેની માહિતી તથા આવક ખર્ચ :

ગુજરાત યુનિવર્સિટી વિસ્તાર જુદી જુદી કૉલેજો અને વિદ્યા સંકુલો થઈને કુલ્લે ૧૪૫ની સંખ્યા છે. છેલ્લા ચાર વર્ષમાં વિદ્યાર્થી સંખ્યા અને પરીક્ષાની સંખ્યા દર્શાવતી વાસ્તવિક પરિસ્થિતિ નીચે મુજબ છે :

ક્રમ	વર્ષ	કૉલેજોની સંખ્યા	વિદ્યાર્થી સંખ્યા	પરીક્ષાની સંખ્યા
૧.	૧૯૯૧-૯૨	૧૨૮	૧,૭૨,૬૭૪	૧૬૪
૨.	૧૯૯૨-૯૩	૧૩૦	૧,૮૧,૭૯૨	૧૬૪
૩.	૧૯૯૩-૯૪	૧૩૬	૨,૦૭,૮૨૬	૧૭૪
૪.	૧૯૯૪-૯૫	૧૪૫	૨,૧૯,૦૬૦	૧૭૪

ઉપરોક્ત વિગતો જોતાં આ યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સંખ્યાનું પ્રમાણ જે રીતે વધી રહ્યું છે તે ખાસ ધ્યાન ખેંચે છે.

પરીક્ષા ફીની આવક-ખર્ચના હિસાબો જોતાં આવક કરતાં ખર્ચ વધુ થાય છે. આમ વધતો જતો ખર્ચ અટકાવવા માટે કરકસરના પગલાં લેવા જરૂરી બને છે. આ સંજોગોમાં યુનિવર્સિટીની વિવિધ પરીક્ષાઓમાં બેસતા વિદ્યાર્થીઓની પરીક્ષા ફીમાં વધારો કરવો આવશ્યક બન્યો છે. તે સંદર્ભમાં બોર્ડ ઑફ એકાઉન્ટ્સની આ સભાએ તેમ જ ભૂતકાળમાં અનેક વખત આ સમિતિએ પરીક્ષા ફીમાં વધારો કરવાનું જે સૂચન કરેલ છે તે હવે આજને તબક્કે સ્વીકારવું જ પડશે એવી પરિસ્થિતિ નિર્માણ થઈ રહી છે. આથી સમિતિના સભ્યોનું માનવું છે કે પરીક્ષા ફીમાં તાકીદે વધારો સૂચવાય તે જરૂરી છે.

વધુમાં યુનિવર્સિટી દ્વારા લેવામાં આવેલી જુદી જુદી પરીક્ષાઓના પરીક્ષકોના પેમેન્ટની નીચેનાં વર્ષોની ચૂકવણી બાકીમાં છે તે તાકીદે થાય તે જરૂરી છે :

ક્રમ	પરીક્ષાનું નામ
૧.	ઑક્ટોબર-નવેમ્બર, ૧૯૯૪
૨.	માર્ચ-એપ્રિલ, ૧૯૯૫
૩.	ઑક્ટોબર-નવેમ્બર, ૧૯૯૫

આવક-ખર્ચ :

યુનિવર્સિટીના આવક-ખર્ચના હિસાબો તપાસતાં છેલ્લા ૩ વર્ષની આવક-ખર્ચની વિગતો નીચે પ્રમાણે છે :

ક્રમ	વર્ષ	આવક રૂ.	ખર્ચ રૂ.	ખાધ રૂ.
૧.	૧૯૯૨-૯૩	૭,૬૩,૨૦,૮૧૦	૭,૭૨,૩૧,૮૯૫	૯,૧૧,૦૮૫
૨.	૧૯૯૩-૯૪	૭,૦૭,૪૮,૫૯૩	૮,૨૨,૫૨,૨૫૦	૪૫,૦૩,૬૫૭
૩.	૧૯૯૪-૯૫	૯,૦૪,૧૨,૭૮૪	૯,૪૧,૬૬,૮૧૨	૩૭,૫૪,૦૨૮

આવક ખર્ચની છેલ્લા ત્રણ વર્ષની વિગતો જોતાં ખાધનું પ્રમાણ દિનપ્રતિદિન સતત વધતું છે. તે અટકાવવું જરૂરી અને આવશ્યક અને સંસ્થાના હિતમાં છે. આથી હજી પણ જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ત્યાં ફીમાં વધારો કરવો જરૂરી છે. આ અંગે અગાઉની સમિતિઓએ વારંવાર સૂચન કર્યા છતાં હજુ ધાર્યો તેને પ્રતિસાદ મળ્યો નથી તે દુ:ખદ છે.

ગ્રાન્ટ :

ગ્રાન્ટ રજિસ્ટરની ચકાસણી કરતાં નીચેના નમૂના ૩૫ કિસ્સાઓમાં યુનિવર્સિટી તરફથી વારંવાર પત્રો લખ્યા હોવા છતાં પણ રાજ્ય સરકારશ્રી તરફથી માન્ય ખર્ચાઓ ઉપરની કાયદેસરની ગ્રાન્ટ પણ મળેલ નથી. તે મેળવવા ઘટતાં પગલાં લેવા હવે આવશ્યક બને છે, જેથી બાકીનું પ્રમાણ ઓછું થાય.

(૧)	પેન્શન	... રૂ. ૨૦,૬૬,૭૩૧
(૨)	૧૯૯૧-૯૪ના ત્રિવાર્ષિક વર્ષના અંતિમ નિભાવ અનુદાન	... રૂ. ૧૭,૫૭,૩૧૮
(૩)	૧૯૯૧-૯૪ના ત્રિવાર્ષિક વર્ષના મોંઘવારી ભથ્થાની ગ્રાન્ટ	... રૂ. ૨૫,૪૦,૯૧૬
(૪)	લીવ ટ્રાવેલ કન્સેશન	... રૂ. ૯,૯૨,૧૪૪
(૫)	મરામત અને જાળવણી ખર્ચ	... રૂ. ૩,૩૮,૬૦૬
(૬)	યુ.જી.સી.ની સાતમી યોજના હેઠળ ભરાયેલી જગ્યાઓના ફિક્સેટ ખર્ચની ગ્રાન્ટ	... રૂ. ૫૨,૫૬,૭૩૧

સસ્પેન્સ એકાઉન્ટ :

યુનિવર્સિટીના સસ્પેન્સ એકાઉન્ટ તપાસતાં તેની છેલ્લા ૩ વર્ષની પરિસ્થિતિ નીચે પ્રમાણે છે :

ક્રમ	વર્ષ	રકમ રૂ.
૧.	૧૯૯૨-૯૩	૧૨,૩૫,૨૫૨
૨.	૧૯૯૩-૯૪	૪,૯૯,૭૮૩
૩.	૧૯૯૪-૯૫	૫,૦૪,૭૫૫

ઉપરોક્ત વિગતો જોતાં હિસાબોની કામગીરી વ્યવસ્થિત થાય તે જોવા ભલામણ છે.

એડવાન્સ એકાઉન્ટ :

ક્રમ	વર્ષ	રકમ રૂ.
૧.	૧૯૯૨-૯૩	૧,૨૦,૭૮,૭૫૭
૨.	૧૯૯૩-૯૪	૧,૯૫,૮૨,૪૨૭
૩.	૧૯૯૪-૯૫	૨,૦૦,૮૨,૨૮૧

ઉપરોક્ત પરિસ્થિતિ જોતાં એડવાન્સના હિસાબોનું એડજસ્ટમેન્ટ તેમજ વસૂલાતની કાર્યવાહી ઝડપી કરવા એક ખાસ સેલ ઊભો કરવા અમારી ભલામણ છે. જે તે વિભાગ કે વ્યક્તિ એડવાન્સનો હિસાબ ચાલુ વર્ષના ૩૧ માર્ચ પહેલાં લેવાય તે જરૂરી છે.

યુવક કલ્યાણ પ્રવૃત્તિ :

યુવક કલ્યાણ પ્રવૃત્તિ વિભાગના હિસાબોની જાત તપાસ કરતાં માલૂમ પડેલ છે કે અનેક કૉલેજોએ ૧૯૯૦-૯૧થી ૧૯૯૫-૯૬ સુધી જુદાં જુદાં સત્રોની સાંસ્કૃતિક કાળાની રકમ હજુ સુધી મોકલી નથી જે ગંભીર બાબત છે. સાંસ્કૃતિક કાળાની રકમ વસૂલ લેવાની કાર્યવાહી તાકીદે પૂરી કરવા સૂચન છે. તેમ જ આ કામગીરી સંબંધિત અધિકારી/કર્મચારી પાસેથી તા. ૩૦મી જૂન, ૧૯૯૬ સુધીમાં પૂર્ણ કરાવી લેવા પણ સૂચન કરવામાં આવે છે.

સ્પોર્ટ્સ ફી :

વિવિધ કૉલેજો દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવેલ યુનિવર્સિટી સ્પોર્ટ્સ ફી નિયમિત જમા કરવામાં આવતી નથી તેમજ વિદ્યાર્થીઓની સંખ્યા સાથે કોઈ મેળવણું કરવામાં આવતું નથી. આ કાર્યવાહી સંબધિત અધિકારી કર્મચારી પાસેથી તા. ૩૦-૬-૧૯૯૬ સુધીમાં પૂર્ણ કરાવી લેવા સૂચન કરવામાં આવે છે.

એન.એસ.એસ. :

એન.એસ.એસ. વિભાગની પ્રોજેક્ટ ગ્રાન્ટ તેમજ શિબિર ગ્રાન્ટના હિસાબો સંબંધિત કૉલેજ પાસેથી નિયમિત મેળવી લેવા સૂચન છે. સરકાર પાસેથી આ અંગેની ગ્રાન્ટ કૉલેજોને નિયમિત મોકલવામાં આવે તેવી આ સભાની ભલામણ છે.

ઑડિટ અહેવાલ :

• ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯ (૨) માં સ્પષ્ટ જોગવાઈ હોવા છતાં સિન્ડિકેટ દ્વારા છેલ્લા પાંચ વર્ષના ઑડિટ થયેલા હિસાબો તથા તેનો ઑડિટ અહેવાલ, જેની વિગતો નીચે જણાવી છે, તે યુનિવર્સિટીની કૉર્ટ સમક્ષ રજૂ કરવામાં આવેલ નથી. તથા તે અંગેનો કોઇ દુરસ્ત રિપોર્ટ જે તે સત્તાવાળાઓને મોકલવો જોઈએ તે મોકલવામાં આવ્યો નથી. યુનિવર્સિટીના હિસાબો અંગે સરકારી ઑડિટ અહેવાલની આવી ઉપેક્ષા થાય તે અતિ ગંભીર બાબત ગણાય. આવા કૉર્ટ સમક્ષ નહીં મૂકવામાં આવેલ હિસાબો અને ઑડિટ રિપોર્ટ હવે પછીની સભા

સમક્ષ રજૂ થાય તેવી વ્યવસ્થા કરવા ભલામણ છે :

ક્રમ	હિસાબી વર્ષ
૧	૧૯૮૮-૮૯
૨	૧૯૮૯-૯૦
૩	૧૯૯૦-૯૧
૪	૧૯૯૧-૯૨
૫	૧૯૯૨-૯૩

વધુમાં યુનિવર્સિટીના આંતરિક ઑડિટના અહેવાલ બાબતમાં જણાવવાનું કે, યુનિવર્સિટીના આંતરિક ઑડિટર મે. લાખિયા ઍન્ડ કંપની તરફથી ૧૯૯૩-૯૪ના વર્ષનો હેવાલ તા. ૧-૪-૧૯૯૫ની આસપાસ મળ્યો છે, જેમાં દર્શાવેલ અનિયમિતતાઓ અંગે જે નોંધ મૂકવામાં આવી છે. જેની પૂર્તતા કરવાનું સૂચન કરવામાં આવે છે.

૧૯૯૪-૯૫ના વર્ષનો અહેવાલ મળી શકેલ નથી. આથી તેની ચકાસણી કરી શકાઈ નથી. આ અહેવાલ તાકીદે મેળવી લેવાનું રાખવું.

વહીવટી બાબત :

અહેવાલવાળા વર્ષમાં યુનિવર્સિટીનો વહીવટ સારી રીતે ચાલે તે માટે મુખ્ય અને મહત્ત્વની ખાલી રહેલી કુલસચિવશ્રીની અને પરીક્ષા નિયામકશ્રીની બે જગ્યાઓ ઘણા લાંબા સમયથી ખાલી હતી તે પૂરવામાં આવી તે ઘણા જ આનંદની વાત છે. પરંતુ હવે નીચે મુજબની રહેલી જગ્યાઓ તાકીદે પુરાય તેવી ઘટતી કાર્યવાહી હાથ ધરાય તો યુનિવર્સિટીના વહીવટી કાર્યમાં સરળતા પ્રાપ્ત થાય અને વહીવટ સરળ બને.

ક્રમ	ખાલી જગ્યાનું નામ
૧	પ્રેસ-મૅનેજર
૨	યુનિવર્સિટી એન્જિનિયર
૩	મદદનીશ કુલસચિવ
૪	ડેવલપમેન્ટ ઑફિસર
૫	ચીફ એકાઉન્ટ્સ ઑફિસર

વધુમાં યુનિવર્સિટીમાં આજે અંદાજે ૧૭૨ જેટલી આનુષંગિક જગ્યાઓ ખાલી પડી છે, તે પણ યુનિવર્સિટીના વહીવટ પર સીધી જ વિપરીત અસરકર્તા છે. તે ધ્યાનમાં રાખીને આ જગ્યાઓ પણ તાકીદે પૂરવા માટે ભલામણ છે. આની બીજી વિપરીત અસર હિસાબી કામગીરી પર થાય છે. હિસાબો નિયમિત રીતે અને સમયસર તૈયાર થતા નથી અને આ બાબત ગંભીરરૂપ ધારણ કરે તેવી ભીતિ વર્તાય છે. તે તરફ ધ્યાન દોરીને ઘટતી કાર્યવાહી કરવા ભલામણ છે.

જનરલ :

નીચેની વિવિધ આવકો અંગે વિદ્યાર્થી સંખ્યા અને મળેલ ફીની આવકની રકમનું જે તે વિભાગ દ્વારા મેળવણું કરવામાં આવતું નથી તે બરાબર નથી. આથી તેની મેળવણી થાય તે ખૂબ જ જરૂરી છે :

ક્રમ	વિગત
૧	એનરોલમેન્ટ ફી
૨	સ્પોર્ટ ફી
૩	યુવક કલ્યાણ પ્રવૃત્તિ ફી
૪	પરીક્ષા ફી
૫	રીચેકિંગ અને રીએસેસમેન્ટ ફી
૬	ભવનોની ટ્યુશન ફી
૭	પ્રકાશનોની સ્ટોક મેળવણી

યુનિવર્સિટીના હિસાબો તથા અન્ય તમામ કામગીરીનું કૉમ્પ્યુટરાઈઝેશન થાય તે જરૂરી છે.

અમો આ તબક્કે અમારી કામગીરીમાં સાથ સહકાર પૂરો પાડીને જે માહિતી તથા માર્ગદર્શન આપ્યા તે બદલ યુનિવર્સિટી કાર્યાલયના સ્ટાફનો આભાર માનીએ છીએ.

પ્રો. ડી. એન. ત્રિવેદી
પ્રિ. પી. સી. ઉપાધ્યાય
પ્રિ. સૌરભભાઈ ચોક્સી

પરિશિષ્ટ "ખ"

બાબત ક્રમાંક ૩

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૧૯-૩-૧૯૯૬ને મંગળવારના રોજ બપોરના ૪-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સદરહુ સભાનું પ્રમુખસ્થાન પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી, કુલપતિશ્રી	હાજર
૨. ડિ. દર્શનસિંગ શીખ, સભ્ય	હાજર
૩. શ્રી. નરહરિભાઈ અમીન, સભ્ય	હાજર
૪. ડૉ. વાય. કે. અગ્રવાલ, આમંત્રિત	હાજર

ફાઇનાન્સ સમિતિની તા. ૩-૨-૧૯૯૬ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી.

૧. વિજ્ઞાન વિદ્યાભવનના પી.જી. ડિપ્લોમા ઇન ડ્રગ ફાર્માસ્યુટિકલના અભ્યાસક્રમ માટે Magnetic Stirrer તેમ જ Electrodes વેપારી ઇક્વીપ પ્રોનીક્સ, મુંબઈ જેઓ મેન્યુફેક્ચરર છે, તેઓ પાસેથી ખરીદવા અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર) મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પી.જી. ડિપ્લોમા ઇન ડ્રગ ફાર્માસ્યુટિકલના અભ્યાસક્રમ માટે Magnetic Stirrer તેમ જ Electrodes મે. ઇક્વીપ પ્રોનીક્સ, મુંબઈ જેઓ મેન્યુફેક્ચરર છે, તેઓ પાસેથી ખરીદવા અંગે રૂ. ૧૫,૦૦૦ સુધીનું થનાર અંદાજી ખર્ચ મંજૂર કરવું.

૨. જૂની ઉત્તરવહીઓના નિકાલ અંગે આવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરાવામાં આવે છે કે આપેલ જાહેરખબરના અનુસંધાને મળેલ તમામ ટેન્ડરોના તુલનાત્મક પત્રક મુજબ જે વેપારીઓએ ટેન્ડર શરત મુજબ ડિપોઝિટની રકમ જમા કરાવી છે તેમાંથી સૌથી વધુ ભાવ ભરનાર વેપારી મહાવીર પેપર બેગ એન્ડ પસ્તી ભંડાર, અમદાવાદને જૂની ઉત્તરવહીઓનું નિકાલનું કામ એક કિલોના રૂ. ૧૧-૫૧ પૈસા એ ભાવે સોંપવાનું મંજૂર કરવું.

૩. યુનિવર્સિટી કાર્યાલયના ફેક્ષ મશીનનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કેનન કંપની સાથે રૂ. ૩,૦૦૦ (અંકે રૂપિયા ત્રણ હજાર પૂરા)ના અંદાજી ખર્ચ સાથે તા. ૧૫-૮-૧૯૯૫થી તા. ૧૪- ૮-૧૯૯૬ સુધીનો હતો તેના બદલે કેનન કંપનીએ સદરહુ કોન્ટ્રાક્ટનો ગાળો તા. ૧૫-૨-૧૯૯૬થી તા. ૧૪-૨-૧૯૯૭ સુધીનો કરી આપેલો છે તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૪. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારૂ).

(અ) યુનિવર્સિટીના ટ્યુબવેલનો સબમર્સિબલ પંપસેટ અંગેનું રિપેરિંગનું કામકાજ મે. કે. એસ. એન્જિનિયરિંગ વર્કસ, અમદાવાદ પાસેથી કરાવવા અંગે થનાર ખર્ચ રૂ. ૫,૯૧૫ (અંકે રૂપિયા પાંચ હજાર નવસો પંદર પૂરા) મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૫. યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલ, ૧૯૯૬ની પરીક્ષાઓ માટેની ઉત્તરવહીઓ તેમ જ પુરવણીઓ તૈયાર કરવા અંગે આવેલાં ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરાવામાં આવે છે કે જાહેરખબરના અનુસંધાને આવેલાં ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી મિરર ઈમેજ, અમદાવાદ તરફથી તેઓના પત્ર તા. ૧૬-૩-૧૯૯૬થી સદરહુ કામ કરવાની અશક્તિ દર્શાવીને ટેન્ડર પરત ખેંચ્યું હોવાથી તે પછીના સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી સ્તવન સ્ટેશનરી ડિસ્ટ્રિબ્યુટર, અમદાવાદને ઉત્તરવહીઓ તેમ જ પુરવણીઓ નિયત સમયમર્યાદામાં તૈયાર કરવાનું કામ ટેન્ડરની શરતો મુજબ સોંપવાનું મંજૂર કરવું અને સદરહુ વેપારી પણ કામગીરી કરી શકે તેમ ન હોય ત્યારે તેવા સંજોગોમાં તેઓની નિયમાનુસાર ડિપોઝિટ જપ્ત કરીને કામની અગત્યતા તેમ જ સમયમર્યાદાને ધ્યાનમાં રાખીને પછીના ક્રમાનુવર્તી વેપારી શ્રી બાલાજી ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘને નિયત સમયમર્યાદામાં સદરહુ કામ ટેન્ડરની શરતો મુજબ સોંપવાનું મંજૂર કરવું અને તે અંગે થનાર અંદાજી ખર્ચ મંજૂર કરવું.

(ટેન્ડરોની યાદી આ સાથે સામેલ છે).

૬. માઇક્રોબાયોલોજી વિભાગના ડૉ. એન. કે. યાદવના યુ.જી.સી. પ્રોજેક્ટમાંથી સાધનસામગ્રી ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરો અંગે વિચારણા કરવા બાબત.

(આ અંગે અંદાજી ખર્ચ ટેક્ષ સહિત રૂ. ૫૯,૩૭૧-૨૦ પૈસા થનાર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સાધનસામગ્રી ખરીદવા ફરીથી ભાવો મંગાવવાનું રાખવું.

૭. સ્ટેટિસ્ટિક્સ, મેથેમેટિક્સ અને જોગ્રોફી વિભાગો અને રોલવાલા કોમ્પ્યુટર સેન્ટર માટે કોમ્પ્યુટર ખરીદવા અંગેનાં આવેલાં ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(નોંધ:—ફાઇનાન્સ સમિતિની તા. ૩૦-૯-૧૯૯૫ની સભામાં આવેલાં ટેન્ડરોનો તુલનાત્મક અભ્યાસ કરી

રિપોર્ટ આપવાની કામગીરી શ્રી આર. પી. સોની, રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરને સોંપેલ હતી, તેના અનુસંધાને તેઓનો તા. ૧૨-૨-૧૯૯૬ના પત્રથી અહેવાલ આવેલ છે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના જુદા જુદા વિભાગો માટે કૉમ્પ્યુટર ઇક્વિપમેન્ટ અને સોફ્ટવેર ખરીદવા મંગાવેલા ભાવોના તારણ પરથી નીચે પ્રમાણે જે તે સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી પાસેથી તેમણે દર્શાવેલ કિંમત અને શરતો પ્રમાણે ઇક્વિપમેન્ટ ખરીદવાનું રાખવું :

ગણિત વિભાગ

ક્રમ આઈટેમ	*કિંમત રૂ.*	*પાર્ટીનું નામ*
૧. ૪૮૬ એટી	૬૬,૧૫૦	જી.એસ.આઈ.સી.
૨. પ્રિન્ટર ૧૦૫૦+રીબન સાથે	૨૫,૫૦૦	ઈટી એન્ડ ટી
૩. ૧૪.૪ કેબીપીસ મોડેમ (મલ્ટીટેક)	૧૧,૦૦૦	ઈટી એન્ડ ટી
૪. સીડીરોમ ડ્રાઈવ	–	સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી પાસેથી

આંકડાશાસ્ત્ર વિભાગ

૧. ૪૮૬ એટી	૮૩,૩૦૦	પાર્થ કૉમ્પ્યુટર્સ
૨. ૩૮૬ ડીસ્કલેસ નોડ, ૬ નંગ	૨૫,૩૮૦ (પ્રતિ નંગ)	પાર્થ કૉમ્પ્યુટર્સ
૩. મેટલેબ, ડોસ ૬.૨	૪૯,૯૯૫	અદિત માઈક્રોસીસ
વીન્ડોઝ ૩.૧	૧,૫૯૫	
સોફ્ટવેર	૨,૪૯૫	
૪. લેસર પ્રિન્ટર	૩૦,૬૦૦	ઇન્ડિયન ટ્રેડિંગ કૉર્પોરેશન

ભૂગોળ વિભાગ

૧. ૪૮૬ એટી	૪૧,૫૦૦	પાર્થ કૉમ્પ્યુટર્સ
૨. પ્રિન્ટર	૧૨,૮૦૦	પરટેક કૉમ્પ્યુટર્સ

આથી ઠરાવવામાં આવે છે કે વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્યમાં વધુ સવલત મળે તે માટે વિજ્ઞાન વિદ્યાભવન તરફથી રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરને ફાળવવામાં આવેલ રૂ. ૩ લાખની મર્યાદામાં એક સર્વર અને શક્ય તેટલા વધુમાં વધુ નોડ ખરીદી શકાય તે રીતે સ્પેસિફિકેશન તૈયાર કરી ભાવો ફરીથી મંગાવવા અધ્યક્ષશ્રીને જણાવવું.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના પી. જી. ડિપ્લોમા ઇન ડ્રગ ફાર્માસ્યુટિકલના અભ્યાસક્રમ માટે **Hollow Cathod Lamps** વેપારી મે. કેમીટો-તોશનીવાલ બ્રધર્સ જેઓ સોલ મેન્યુફેક્ચરર્સ છે તેઓની પાસેથી ખરીદવા અંગે અંદાજ રૂ. ૬૫,૦૦૦ (અંકે રૂપિયા પાંસઠ હજાર પૂરા) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત સાધન મે. કેમીટો-તોશનીવાલ બ્રધર્સ, જેઓ સોલ મેન્યુફેક્ચરર્સ છે, તેઓ પાસેથી ખરીદવું અને થનાર અંદાજ ખર્ચ રૂ. ૬૫,૦૦૦ (અંકે રૂપિયા પાંસઠ હજાર પૂરા) મંજૂર કરવું.

૯. કુલપતિશ્રીના કાર્યની નોંધ (જાણ સારુ) :

રોલવાલ કૉમ્પ્યુટર સેન્ટરની યુ.જી.સી. કૉમ્પ્યુટર ઇક્વિપમેન્ટ અંગે વેરહાઉસિંગ તેમ જ અન્ય ખર્ચ પેટે મે. લાલભાઈ ટ્રેડિંગ કંપનીને રૂ. ૨૯,૯૧૦ની ચુકવણી કર્યાનું.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૦. ઝૂલોજી વિભાગના યુ.જી.સી. ડી.એસ.એ.ફેઝ-૨ તેમ જ યુ.જી.સી. મેજર રિસર્ચ પ્રોજેક્ટ (ડૉ. એચ. ઓના, હાઈલેન્ડ)માંથી સાધનસામગ્રી ખરીદવા અંગે ફાઈનાન્સ સમિતિની તા. ૫-૮-૧૯૯૫ની સભામાં મંજૂર થયેલ નીચેના વેપારીઓ તરફથી વિનિમય દરના કારણે ભાવ વધારો થતાં સાધનો પૂરા પાડવાની અશક્તિ દર્શાવેલ હોવાથી ઝૂલોજી વિભાગના વડાના તા. ૧૧-૧-૧૯૯૬ના પત્ર મુજબની ભલામણો મુજબના વેપારીઓના ટેન્ડરો અંગે તેમ જ Oso Mometer અંગે વિનિમયદરના વધારાની બાબત અંગે વિચારણા કરવા બાબત :

ક્રમ	*ભાવપત્રક મંજૂર થયેલ વેપારીનું નામ*	*આઈટમનું નામ*	*ભરેલ ભાવ રૂ.*
1.	M/s. Spinco Biotech, Madras	Lyophilizer	2,30,784
2.	M/s. Wipro Biomed, Bombay	Micro-Centrifuge	49,792

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત વેપારીઓ પછીના નીચેના વેપારીઓ પાસેથી ભાવોની ચકાસણીના આધારે ઉપરોક્ત સાધનસામગ્રી ખરીદવા અંગે નીચે મુજબ થનાર ખર્ચ મંજૂર કરવું :

ક્રમ	*વેપારીનું નામ*	*આઈટમનું નામ*	*અંદાજ ખર્ચ રૂ.*
1.	**M/s. S. V. Instruments Analytica Pvt. Ltd., New Delhi**	Lyophilizer	2,20,000

2. M/s. S. V. Instruments Analytica Pvt. Ltd., New Delhi	Micro-Centrifuge 2 nos. (એક યુજીસી ડીએસએ પ્રોગ્રામ અને એક યુજીસી મેજર (રિસર્ચ પ્રોજેક્ટ)	90,000 (રૂ. ૪૫,૦૦૦ એક નંગના)

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૫-૮-૧૯૯૫ની સભામાં વેપારી Weecon Instrument Inc., Madras જેઓ પાસેથી Osomometer ખરીદવાનું મંજૂર કરેલું, તેઓના પત્ર તા. ૨૫-૧૧-૧૯૯૫ મુજબ ૭,૦૦૦ ડી.એમ. પ્રમાણે Osomometer ખરીદવા અંદાજી ખર્ચ રૂ. ૧,૭૫,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પંચોતેર હજાર પૂરા) મંજૂર કરવું.

૧૦. યુ.જી.સી.ની ખાસ ઇક્વિપમેન્ટ ગ્રાન્ટમાંથી જોગ્રોફી, બોટાની તેમ જ વિજ્ઞાનવિદ્યા ભવનના કાર્યાલય માટે ત્રણ કોપિયર મશીનો ખરીદવા તથા માઇક્રોબાયોલોજી વિભાગ માટે PC based spectophotometer ખરીદવા અંગે આવેલાં ટેન્ડરો અંગે ફાઇનાન્સ સમિતિની તા. ૩૦-૯-૧૯૯૫ની સભામાં નિયુક્ત થયેલ કમિટીની ભલામણો અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત અંગે નિયુક્ત થયેલ કમિટીની તા. ૯-૧૦-૧૯૯૫ની ભલામણો સ્વીકારવી અને તે મુજબ સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી મોદી ઝેરોક્ષ પાસેથી કોપિયર મશીન ખરીદવું અને તે અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૧,૨૩,૨૬૪ મંજૂર કરવો. તેમ જ PC based Spectophotometer પણ સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી મે. લેબટોનિક, અમદાવાદ પાસેથી ખરીદવું અને તે અંગે ટેન્ડર મુજબ થનાર ખર્ચ મંજૂર કરવો.

૧૧. માર્ચ-એપ્રિલ, ૧૯૯૬ દરમિયાન લેવાનારી જુદી જુદી પરીક્ષાઓનાં કેન્દ્રો ઉપર નિરીક્ષકો મોકલવા અને પરીક્ષા માટેની આનુષંગિક વ્યવસ્થા માટે ભાડેથી ટેક્ષીઓ મેળવવા માટે જાહેરખબરના અનુસંધાને આવેલાં ટેન્ડરો પરત્વેની યુનિવર્સિટી નિયુક્ત કરેલી સબ-કમિટીની મીટિંગ તા. ૧૮-૩-૧૯૯૬ના હેવાલ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ સબ-કમિટીની તા. ૧૮-૩-૧૯૯૬ની ભલામણો મંજૂર કરવી અને તે અનુસાર શ્રી પી. એમ. પુરોહિતને સદરહુ કામ દર્શાવેલ શરતો અને દરે સોંપવાનું મંજૂર કરવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જરિયા
કુલસચિવ.

ફાઈનાન્સ સમિતિ કામકાજ ક્રમાંક ૫

ફાઇનાન્સ સમિતિની તા. ૧૯-૩-૧૯૯૬ની સભાની બાબત ક્રમાંક ૫ અન્વયેનું પરિશિષ્ટ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ

વર્ષ ૧૯૯૬ માટે ૨૦ પાનાની ડમી ઉત્તરવહી અને ૪ પાનાની પુરવણી-પ્રાયોગિક ઉત્તરવહી માટે મંગાવેલ ટેન્ડરનું તુલનાત્મક પત્રક

ક્રમ	પ્રેસનું નામ-સરનામું	૨૦ પાનાની ડમી ઉત્તરવહી નંગ-૧નો ભાવ	૪ પાનાની પુરવણી પ્રાયો. ઉત્તરવહી નંગ-૧નો ભાવ	કુલ રકમ (૨૦ પેજ ઉત્તરવહી અને પુરવણી
૧.	એચ. બી. એ. કોર્પોરેશન, ઓ/૮, ન્યુ ગીરધર પાર્ક, આંબાવાડી, અમદાવાદ-૬.	૧-૩૭	૦-.૩૨૫	૨૧,૯૨,૦૦૦-૦૦ ૫,૨૦,૦૦૦-૦૦ ૨૭,૧૨,૦૦૦-૦૦

શરતો– (૧) બન્ને પ્રકારની ઉત્તરવહીમાં શ્રેયાંસ તથા તેના જેવી ગુણવત્તાવાળો જે કાગળ સ્ટોકમાં હશે તેનો ઉપયોગ કરવામાં આવશે.
(૨) કાગળમાં shade variation ચલાવી લેવાનું રહેશે.
(૩) યુનિવર્સિટી પ્રેસ ટેન્ડરની શરત નં. ૧૫ અને ૧૬ મુજબ ઓર્ડર મળ્યા બાદ ૧૫ દિવસમાં ડમી ઉત્તરવહી અને પ્રાયોગિક-પુરવણી ઉત્તરવહી પુરી પાડવાની અને સમયમર્યાદા પછીના દરેક દિવસ માટે રૂ. ૫,૦૦૦/- દંડ ભરવા બાબતની શરત માન્ય નથી.
(૪) યુનિવર્સિટી પ્રેસ ટેન્ડર શરત નં. ૧૬ મુજબ ઉત્તરવહીઓની તમામ ડિલિવરી મળ્યા બાદ ૩૦ દિવસ બાદ બિલની ચેક દ્વારા પતાવટ કરવામાં આવે, તે શરત માન્ય નથી.
નોંધ.-ડિપોઝિટ ભરી નથી.

૨.	મહાલક્ષ્મી ઓફસેટ પ્રિન્ટર્સ, ૧/બી, આતિથ્ય પાર્ક, વૈશાલી સિનેમા રોડ, નડિયાદ.	૨-૫૦	૦.૨૯૫	૪૦,૦૦,૦૦૦-૦૦ ૪,૭૨,૦૦૦-૦૦ ૪૪,૭૨,૦૦૦-૦૦

શરતો– (૧) દર પાંચ લાખ ઉત્તરવહી અને પુરવણીની ડિલિવરી વખતે રૂ. ૨,૦૦,૦૦૦/- ચુકવવાના રહેશે.
(૨) જો ૩૦ દિવસમાં પેમેન્ટ ચુકવાશે નહિ તો પ્રતિ એક દિનના દંડ પેટે રૂ. ૫,૦૦૦/- લેવામાં આવશે.
(૩) ઉત્તરવહી (મુખ્ય) દિન ૪૫ અને પુરવણીની ૨૦ દિવસમાં ડિલિવરી કરવામાં આવશે.

૩.	શ્રી વિમલ પ્રિન્ટિંગ પ્રેસ, ૧૨૩૯, ખોડી આંબલી, કાલુપુર, અમદાવાદ-૧.	૨-૩૦	૦-૬૦	૩૬,૮૦,૦૦૦-૦૦ ૯,૬૦,૦૦૦-૦૦ ૪૬,૪૦,૦૦૦-૦૦

શરતો– (૧) કુલ કામની રકમના ૮૦% પેમેન્ટ એડવાન્સમાં કરવાનું રહેશે.
(૨) સમયમર્યાદા બાબતે રૂબરૂ મુલાકાતની માંગણી કરેલ છે.

૪.	કિશોર રૂલીંગ વર્કસ, પાંચકુવા, કડીયાવાડી, અમદાવાદ-૧.	(A) ૧-૪૨ (B) ૧-૩૪	૦-૩૧ શ્રેયાંસ ૦-૨૯ મુકેરિયન	શ્રેયાંસ મુકેરિયન	૨૨,૭૨,૦૦૦-૦૦ ૪,૯૬,૦૦૦-૦૦
				(A)	૨૭,૬૮,૦૦૦-૦૦
					૨૧,૪૪,૦૦૦-૦૦
					૪,૬૪,૦૦૦-૦૦
				(B)	૨૬,૦૮,૦૦૦-૦૦

શરતો– (૧) EMD મુક્તિ માટે લઘુઉદ્યોગનું પ્રમાણપત્ર (ઝેરોક્ષ) બીડેલ છે.
(૨) ૯૦% પેમેન્ટ ડિલિવરી સમયે અને ૧૦% પેમેન્ટ ત્યારબાદના ૧૫ દિવસમાં કરવાનું રહેશે.
(૩) પેમેન્ટની ઉપરોક્ત શરત પ્રમાણે પાર્ટ-ડિલિવરી પણ સ્વીકારવાની રહેશે.
(૪) ઓર્ડર મળ્યા બાદ ૪૫ દિવસમાં ડિલિવરી મળશે દરમ્યાન પાર્ટ-ડિલિવરી મળશે.
(૫) રૂબરૂ કોઈપણ જાતનું નેગોશિયેશન કરવા આવવા તૈયારી છે.
નોંધ.-ડિપોઝિટ ભરી નથી.

૫. વિકાસ નોટબુક મેન્યુ. ૧-૫૩ ૦-૩૩ ૨૪,૪૮,૦૦૦-૦૦
૨૧૭/૩૧/૧, ગુજરાત જીનિંગ મીલ ૫,૨૮,૦૦૦-૦૦
કંપાઉન્ડ, અમદાવાદ-૧. ૨૯,૭૬,૦૦૦-૦૦

શરતો– (૧) પેમેન્ટ અગેન્સ્ટ ડિલિવરી ઉપર ૬% કેશ વળતર.
(૨) પેમેન્ટ સાત દિવસમાં આપશો તો ૪% કેશ વળતર.
(૩) નેગોશિયેશન માટે રૂબરૂ મુલાકાતની તૈયારી છે.

૬. શ્રી બાલાજી ખાદી ગ્રામોદ્યોગ ૧-૩૬ ૦-૨૯ ૨૧,૭૬,૦૦૦-૦૦
વિકાસ સંઘ, ૨૬-૧૫૨, જીવન- ૪,૬૪,૦૦૦-૦૦
પ્રભાત કો. ઓ. હાઉ. સો., ૨૬,૪૦,૦૦૦-૦૦
વિજયનગર ફ્લેટ, નારણપુરા,
અમદાવાદ

શરતો. –તેઓ તરફથી કોઈપણ શરતો દર્શાવેલ નથી.

૭. સ્તવન સ્ટેશનરી ડિસ્ટ્રિબ્યુટર ૧-૨૧ ૦-૨૫૫ ૧૯,૩૬,૦૦૦-૦૦
૨૩૨/૩, કાલીદાસ શોપિંગ ૪,૦૮,૦૦૦-૦૦
સેન્ટર, અમદાવાદ-૬૧ ૨૩,૪૪,૦૦૦-૦૦

શરતો. –ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની ઉત્તરવહી ચાલુ સાલ પુરી પાડેલ છે તે અંગેના પુરાવા બતાવવાની તૈયારી દર્શાવેલ છે.
–તેઓ તરફથી અન્ય કોઈપણ શરત મૂકેલી નથી.

૮. મિરર ઇમેજ ૧-૧૬ ૦-૨૩ ૧૮,૫૬,૦૦૦-૦૦
૪૯/૨૬૪, વિજયનગર, ૩,૬૮,૦૦૦-૦૦
નારણપુરા, અમદાવાદ-૧૩ ૨૨,૨૪,૦૦૦-૦૦

શરતો. –તેઓ તરફથી કોઈપણ શરત મુકેલી નથી (તેઓએ તા. ૧૬-૩-૧૯૯૭થી પત્ર દ્વારા કામ કરવા ના પાડેલ છે તેમ જ ડિપોઝિટ પરત માગેલ છે. પત્ર સાથે છે.)

૯. દિપ જ્યોત ટ્રેડર્સ, ૧-૭૫ ૦-૪૫ ૨૮,૦૦,૦૦૦-૦૦
૨૩૩૫, સૈયદ મસ્જિદ, ૭,૨૦,૦૦૦-૦૦
સારંગપુર, અમદાવાદ-૧ ૩૫,૨૦,૦૦૦-૦૦

શરતો. –ઉત્તરવહીનો તમામ જથ્થો કરારનામ થયાના ૭૫ દિવસમાં બનાવીને આપવામાં આવશે.
–અનિવાર્ય-હડતાળ, હુલ્લડ સમયનો વિલંબ થાય તો કોઈપણ દંડ ભરવાની તૈયારી નથી.
–કાગળ ખરીદી માટે ઑર્ડર વખતે ૭૫% પેમેન્ટ ઍડવાન્સમાં આપવાનું.
–ડિલિવરીનો સમય ૭૫ દિવસનો કાગળ માટે ઍડવાન્સ રકમ અપાય ત્યારથી ગણવાનો.

૧૦. સાહિત્ય મુદ્રણાલય ૨-૧૭ ૦-૪૨ ૩૪,૭૨,૦૦૦-૦૦
૬,૭૨,૦૦૦-૦૦
૪૧,૪૪,૦૦૦-૦૦

શરતો. –તૈયાર માલની સામે ૯૦% પેમેન્ટ
–બાકીના ૧૦% ડિલિવરી બાદ ૩૦ દિવસમાં
–તેઓની બૅંક ગેરેન્ટી આવ્યે, જો કાગળની ૧૦૦% રકમ ઍડવાન્સમાં આપવામાં આવે તો ૩% વળતર આપવામાં આવશે.
–તેઓની ટેન્ડરમાં જણાવેલ શરતો જોવી.)

પરિશિષ્ટ "ગ"

બાબત ક્રમાંક ૫

અનુસ્નાતક ડેન્ટલના પ્રવેશ નિયમોમાં સુધારા કરવા સારુ તા. ૭-૩-૧૯૯૬ના રોજ મળેલ ડેન્ટલ પ્રવેશ સમિતિની બેઠકમાં નીચેના સભ્યો હાજર હતા :

(૧) ડૉ. કેતનભાઈ દેસાઈ, ડીનશ્રી, મેડિકલ ફેકલ્ટી
(૨) ડૉ. કે. એચ. શાંહ, ડીનશ્રી, ડેન્ટલ કૉલેજ
(૩) ડૉ. સી. એ. દેસાઈ
(૪) ડૉ. જી. જે. દવે
(૫) ડૉ. એ. એન. પટેલ
(૬) ડૉ. કે. એફ. જોષી
(૭) ડૉ. વી. કે. પટેલ.

સદરહુ બેઠકમાં અનુસ્નાતક ડેન્ટલના પ્રવર્તમાન નિયમોમાં નીચે મુજબ સુધારો કરવા માટે ભલામણ કરવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું :

(૧) ગુજરાત હાઈકોર્ટમાં ડૉ. શેખડાએ કરેલ રિટ પિટિશનના સંદર્ભમાં હાઈકોર્ટે યુનિવર્સિટીને જરૂરી વિચારણા કરી નિર્ણય લેવા માટે જે સૂચના આપેલ છે તે પરત્વે ઠરાવવામાં આવ્યું કે ૧૯૯૪ના વર્ષમાં બે વાર પ્રવેશ માટેનો જે ઠરાવ કરવામાં આવેલો હતો. તદનુસાર ૧૯૯૬થી વર્ષમાં બે વાર પ્રવેશ આપવાની પદ્ધતિ અમલમાં મૂકવી. ઑર્ડિ. M.D.S. ૭૭ હેઠળના સુધારેલ ૩.૧ અને ૩.૨ પરિશિષ્ટ કરીકે સામેલ છે. આ મુજબ ઑલ ઇન્ડિયા ક્વોટાની બેઠકો બાદ કરીને બાકીની સીટોનું વિભાગીકરણ રેગ્યુલર બૅચમાં ૭૫% તથા રીપીટર બૅચમાં ૨૫% બેઠકો ફાળવવી. ૧૯૯૬ના પ્રવેશકાર્યની કાર્યવાહી તાત્કાલિક શરૂ કરવા ડીનશ્રી, સરકારી ડેન્ટલ કૉલેજને જણાવવું.

(૨) અનુસ્નાતક ડેન્ટલના ઑર્ડિ. એમ.ડી.એસ.-૭૭ હેઠળના પ્રવર્તમાન રૂલ્સ ૧.૬, ૪.૧, ૪.૮, ૫.૦, ૫.૪, ૭.૧(૫), ૭.૭ અને ૭.૯ આ સાથે સામેલ પરિશિષ્ટ મુજબ સુધારવો અને તેનો અમલ ૧૯૯૬ની બૅચથી કરવા ભલામણ કરવામાં આવે છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ડૉ. કેતન દેસાઈ
અધ્યક્ષશ્રી

M.D.S. 77–Rules :

1.6 A candidate who, in the past, selected and joined to any P.G. Medical course of this or any other University or equivalent body and did not complete that course, is not eligible.

4.1 Preference shall be given to candidates of not more than 1 year standing after completion of internship, graduating from this University.

4.8 Seats can only be utilised in the same academic year and vacancy in any one academic term can be utilised any time subsequent term of the same academic year only.

5.4 Number of unreserved resident seats will be increased in the same subject against the number of seats utilised under Rule 5.0 as per existing policy of Registration.

7.1(v) The percentage in above calculation should be modified by deduction of 1.5 for each unsuccessful trial in the concerned examination. "Unsuccessful trial" includes the number of terms he has lost after he has become due, irrespective of his appearence, provided that the non-appearance is not as a result of reasons beyond his control.

7.7 All the candidates admitted to Post-Graduate Courses will have to join within 7 days from the date given for joining Post-Graduate Course. Any candidate who fails to join within this time will loose the admission.

7.9 Deleted.

3.1 For this purpose selection will be done once in each academic term.
First Academic Term : 1st January to 30th June.
Second Academic Term : 1st July to 31st December.

3.2 Allocation of seats under rule 3.0 will be in the ratio of 3.1 for regular and repeater batch respectively.

Rule 5.0 (as per App. "A").

APPENDIX 'A'

Rule 5.0 of O. M.D.S.-77 :

"7% of seats available for PG degree under Rule 3 will be reserved for candidates belonging to S.C. 14% of degree seats will be similarly reserved for ST candidates and 27% of degree seats will be similarly reserved for candidates belonging to Socially & Educationally Backward Class (SEBC) students including widows and orphan children. In Difference between the marks obtained by the SEBC students including widows and orphans students seeking admission against the reserved seats and those obtained by the students seeking admissions from the open merit list should not be more than 5% at each branch. Only those marks which are considered for determining merit order of the candidate will be considered for determining percentage differemce under the rule. This is applicable to those who have graduated from Gujarat University only. The students desiring admissions under SEBC category will have to bring a certificate that they are not included in the creamy layer from the competent authority as prescribed by the Govt. of Gujarat from time to time along with the applications."

Due to shortage of time for forthcoming interview, the candidates be allowed to bring the above certificate at the time of interview. While in future this certificate will have to be attached along with the application.

પરિશિષ્ટ "ધ"

કામકાજ ક્રમાંક ૬

મેડિકલ ફેકલ્ટી તથા અનુસ્નાતક પ્રવેશ સમિતિની સંયુક્ત બેઠક તા. ૭-૩-૧૯૯૬ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેનું પ્રમુખસ્થાન ડૉ. કેતનભાઈ દેસાઈએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

(૧) ડૉ. કેતનભાઈ દેસાઈ, ડીનશ્રી, મેડિકલ ફેકલ્ટીઝ
(૨) ડૉ. એચ. એસ. શાહ, ચેરમેનશ્રી, પ્રવેશ સમિતિ
(૩) ડૉ. એસ. સી. કુકેટી
(૪) ડૉ. આર. કે. પટેલ
(૫) ડૉ. યુ. એચ. શાહ
(૬) ડૉ. સી. એ. દેસાઈ
(૭) ડૉ. સુનિલભાઈ કાનવિન્દે
(૮) ડૉ. એ. ડી. દવે
(૯) ડૉ. આર. ડી. ભટ્ટ
(૧૦) ડૉ. એચ. ડી. ત્રિવેદી
(૧૧) ડૉ. વી. પી. ભટ્ટ (આમંત્રિત).

અનુસ્નાતક પ્રવેશમાં ડિગ્રી તથા ડિપ્લોમાના રજિસ્ટ્રેશન અલગ અલગ આપવા બાબતે વિદ્યાર્થીઓની રજૂઆત પરત્વે નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે :

"Rule 4.7 was discussed in view of the representation of the students and it was unanimously decided that this rule which was framed long back should be continued as it is."

રાજ્ય સરકારના નિયમાનુસાર બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ ખાતે સુપરન્યુમરી બેઠકો ઊભી કરવા અંગે જે પદ્ધતિ છે તે મુજબ એન. એચ. એલ. મ્યુનિસિપલ મેડિકલ કૉલેજ ખાતે પણ સુપરન્યુમરી બેઠકો ઊભી કરવા અંગે નીચે મુજબ ભલામણ કરવામાં આવે છે :

"This faculty unanimously recommends to the Municipal Corporation, Ahmedabad, to accept the policy of creating supernumerary seats against the utilised residencies by reserved category students, depending upon the availability of the registration, as practised in B. J. Medical College as per the State Govt. policy."

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ડૉ. કેતન દેસાઈ
અધ્યક્ષ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, ચલરંગપુરા, અમદાવાદ—૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા ગુરુવાર, તા. ૩૦-૫-૧૯૯૬ના રોજ સવારના ૧૦-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કાર્યકારી કુલપતિશ્રી ડૉ. ચંદ્રકાન્ત એચ. મહેતાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૩૦-૫-૧૯૯૬
૧.	ડૉ. ચંદ્રકાન્ત એચ. મહેતા, કાર્યકારી કુલપતિશ્રી	હાજર
૨.	ઉચ્ચતર શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૩.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	હાજર
૪.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	પ્રિ. બી. એમ. મોદી (ડીન, એજ્યુકેશન ફેકલ્ટી)	હાજર
૬.	શ્રી. નરહરિ હીરાલાલ અમીન	ગેરહાજર
૭.	શ્રી જગદીશભાઈ ભાવસાર	હાજર
૮.	શ્રી. અરવિંદ શાહ	હાજર
૯.	ડૉ. વાય. કે. અગ્રવાલ	ગેરહાજર
૧૦.	પ્રો. વાય. ડી. વ્યાસ	હાજર
૧૧.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૨.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૩.	આચાર્ય દર્શનસિંગ મુક્તાકસિંગ શીખ	હાજર
૧૪.	પ્રો. એન. કે. પાઠક	હાજર
૧૫.	શ્રી. કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૬.	ડૉ. આર. કે. પટેલ	હાજર
૧૭.	શ્રી. દેવેન્દ્રસિંહ બી. સોલંકી	હાજર
૧૮.	આચાર્ય વાડીભાઈ બી. પટેલ	હાજર
૧૯.	પ્રો. એસ. બી. વોરા	હાજર
૨૦.	શ્રી. સુધીરભાઈ ઇન્દ્રવદન નાણાવટી	ગેરહાજર.

૧. (૧) તા. ૭-૨-૧૯૯૬ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

(૨) તા. ૨૦-૩-૧૯૯૬ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૭-૨-૧૯૯૬ અને તા. ૨૦-૩-૧૯૯૬ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવામાં આવી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેના કાર્યો (જાણ સારુ) :

૨. (૧) રાજ્ય સરકારના નાણા ખાતાના ઠરાવ નં. બનસ :૧૦૯૫:૫૧૩:ચ તા. ૨૩-૪-૧૯૯૬ અન્વયે રૂ. ૩,૫૦૦ સુધીનું મળતર મેળવતા કર્મચારીઓને રૂ. ૨,૫૦૦ સુધીની મર્યાદામાં એડહોક બોનસનો લાભ યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ તથા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને આપવાનું મંજૂર કર્યાનું;

૨. (૨) રાજ્ય સરકારના નાણાં ખાતાના ઠરાવ નં. વલભ-૧૧૯૬-૩૨૨-જ તા. ૨૩-૪-૧૯૯૬ અન્વયે તા. ૧-૧-૧૯૯૬થી વધારવામાં આવેલ મોંઘવારી ભથ્થાનો લાભ યુનિવર્સિટીના શિક્ષક અને બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ તથા સંલગ્ન કૉલેજો અને માન્ય સંસ્થાઓને આપ્યાનું,

૨. (૩) ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ તરફથી તા. ૨-૩-૧૯૯૬ના ઠરાવ પત્રાંક પરચ-૧૫૯૫-૨૨૬૩-ખ મુજબ બિનસરકારી અનુદાનપાત્ર સંલગ્ન વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓ ચાલુ નોકરીમાં મૃત્યુ પામે તો તેમના આશ્રિતોને રહેમરાહે નિમણૂક આપવા અંગેના પ્રવર્તમાન નિયમોમાં સુધારો કર્યાની બાબત (જાણ સારુ);

૨. (૪) યુનિવર્સિટી કાર્યાલયના પરીક્ષા વિભાગમાં સીનિયર આસિસ્ટન્ટ તરીકે સેવા આપતા શ્રી કે. કે. શ્રોફની બિલ્ડિંગ લોનની સ્ટે. ૧૮૮(૨) અન્વયે રૂ. ૯૦,૦૦૦ (અંકે રૂપિયા નેવું હજાર પૂરા)ની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર તેઓના પ્રૉવિડંટ ફંડમાંથી મંજૂર કર્યાના;

૨. (૫) નીચે જણાવેલ સંસ્થાઓ તરફથી જૂન ૧૯૯૭થી નવી કૉલેજો શરૂ કરવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑ. ૧૨૦ અનુસાર સંમયમર્યાદામાં અને જરૂરી ફી સાથે આવી હોઈ સદરહુ અરજીઓ સ્વીકાર્યાનું અને તે પરત્વે "જરૂરિયાત સમિતિ" નીમ્યાનું :

(૧) બી. આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ	ગાંધીનગર	વિનયન અને વાણિજ્ય
(૨) સ્વ. મુક્તાગૌરી એમ. ઠક્કર કેળવણી મંડળ, ગાંધીનગર	ગાંધીનગર	વિનયન અને વાણિજ્ય
(૩) શ્રીમતી એસ. એમ. એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, ખંભાત	ખંભાત	વિનયન અને વાણિજ્ય (મહિલા માટે)

૨. (૬) જૂન, ૧૯૯૭થી નીચે જણાવેલ કૉલેજોની તેમનાં નામ સામે જણાવેલ વિષયો શીખવવા માટેની જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદામાં જરૂરી ફી અને વિગતો સાથે આવી છે. સદરહુ અરજીઓ સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું :

કૉલેજનું નામ	વિષય-અભ્યાસક્રમ
(૧) ડી. સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામ	બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાન, સંસ્કૃત અને હિન્દી બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્ઝ ફર્સ્ટ ઇયર બી.ઈ. (ચાલુ), સેકન્ડ ઇયર બી.ઈ. કેમિકલ, મિકેનિકલ ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ ઍન્ડ ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન
(૨) નિરમા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, અમદાવાદ	

૨. (૭) વર્ષ ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક સત્રમાં બૅચેલર ઑફ એજ્યુકેશન અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાં કેન્દ્રીયકૃત ધોરણે પ્રવેશ આપવા માટે કુલપતિશ્રીએ શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રીની અધ્યક્ષતા હેઠળ નીચે મુજબના સભ્યોની પ્રવેશ સમિતિ નીમ્યાનું :

૧. પ્રો. એસ. ટી. કાપડિયા (કન્વીનર)	યુનિવર્સિટી સ્કૂલ ઑફ સાયકોલોજી, ફિલોસોફી અને એજ્યુકેશન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯
૨. પ્રિ. બી. એમ. મોદી (ડીનશ્રી)	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૩. ડૉ. લીલાબહેન પટેલ	એ. જી. ટીચર્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ-૯
૪. પ્રિ. યશોમતીબહેન પટેલ	એમ. એન. કે. દલાલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ-૬
૫. પ્રિ. આર. આર. દવે	એસ. ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા-કચ્છ
૬. પ્રિ. અરુણભાઈ પાઠક	એસ. ટી. ટી. કૉલેજ, ખેડા
૭. પ્રો. કેશુભાઈ સુથાર	બી. સી. જે. એજ્યુકેશન કૉલેજ, ખંભાત
૮. પ્રિ. અંજનીબહેન મહેતા	એમ. એન. કોન્ટ્રાક્ટર કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ
૯. પ્રિ. દુષ્યંતભાઈ શુક્લ	એમ. એન. શુક્લ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૦. પ્રિ. કે. એસ. પટેલ	એસ. યુ. જી. કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૧. પ્રો. રાજકુમાર શર્મા	વિવેકાનંદ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ
૧૨. પ્રો. જે. પી. પટેલ	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.

૨. (૮) મેડિકલ ફેકલ્ટીની તથા અનુસ્નાતક પ્રવેશ સમિતિની સંયુક્ત બેઠક તા. ૨૨-૩-૧૯૯૬ના રોજ મળેલ તેમાં ડૉ. ધર્મેશ પટેલની રિટ અન્વયે હાઈકોર્ટના આવેલા ચુકાદાના સંદર્ભમાં અનુસ્નાતક મેડિકલના

ઑર્ડિ. એમ.ડી., એમ.એસ.-૧૪ના નિયમ નં. ૫.૫માં નીચે મુજબનો સુધારો કરવા સમિતિએ ભલામણ કરેલી તે એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી મંજૂર કર્યાના :

5.5 (a) In case the seats reserved under Rules 5.0 remain vacant due to non-availability of the candidates of the specified category upto Rules 4.2 selection, they shall be treated as unreserved seats and will be filled up by the candidates on the basis of merit from those who are eligible as per Rules 4.1 & 4.2.

(b) of these, unfilled seats will be subsequently re-reserved after operation of Rules 4.2 and if some seats remain vacant due to non-availability of candidates from Merit list of reserved candidates, these will be again unreserved after operation of Rules 4.3.

૨. (૯) ડૉ. ભાવિન એમ. લશ્કરીએ અનુસ્નાતક મેડિકલના પ્રવેશના નિયમ નં. ૪.૧ તથા ૪.૨ અંગે ગુજરાતની વડી અદાલતમાં એસ.સી.એ. નં. ૨૧૦૦-૯૬થી ગુજરાત યુનિવર્સિટી વિરુદ્ધ દાદ માંગેલ છે તેના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટી વતી કાર્યવાહી કરવા એડવોકેટ રોક્યાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ૨(૧)થી ૨(૯) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૩. નીચેના બંને કર્મચારીઓને તેઓનાં નામ સામે બતાવેલ પગાર અને તારીખથી કાર્યક્ષમ અંતરાય (Efficiency Bar) ઓળંગવા અંગેની પરવાનગી આપવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	*કર્મચારીનું નામ*	*હોદ્દો*	*તારીખ*	*પગાર*
૧.	શ્રીમતી જ્યોતિકા આર. દોશી	ટેક. આસિ.	૩-૪-૧૯૯૬	૨૮૦૦ પછીનો
૨.	શ્રી એસ. જે. માસ્ટર	એરકન્ડિ. ઓપરેટર	૩-૪-૧૯૯૬	૧૫૬૦ પછીના

ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતાં શ્રીમતી જ્યોતિકા આર. દોશીનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રીમતી જ્યોતિકા આર. દોશીને ટેકનિકલ આસિસ્ટન્ટના પગારધોરણમાં રૂ. ૨૮૦૦ પછીનો કાર્યક્ષમતા-અંતરાય તા. ૩-૪-૧૯૯૬થી ઓળંગવાની પરવાનગી આપવી અને એરકન્ડિશન ઓપરેટર તરીકે ફરજ બજાવતા શ્રી એસ. જે. માસ્ટરને કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા અંગેની પરવાનગી આપવા માટેની બાબત મુલતવી રાખવાનું ઠરાવવામાં આવ્યું.

૪. નીચે દર્શાવ્યા મુજબ જુદા જુદા વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓના તેઓનાં નામ સામે દર્શાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થાય છે. તો તેઓને તે પછીની દર્શાવેલ તારીખથી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત :

ક્રમાંક	*કર્મચારીનું નામ*	*હોદ્દો*	*વિભાગ*	*તારીખ*
૧.	શ્રીમતી કમળાબહેન એસ. ઠાકોર	ફ્યૂન-કમ-વૉટર બેરર	હિસાબ	૧-૩-૧૯૯૬
૨.	શ્રી દશરથ જે. પારેખ	ફ્યૂન-કમ-વૉટર બેરર	હિસાબ	૧-૩-૧૯૯૬
૩.	શ્રી કોકિલા કે. શાહ	ફ્યૂન-કમ-વૉટર બેરર	પરીક્ષા	૧-૩-૧૯૯૬
૪.	શ્રી કેતન આર. શાહ	ટાઇપિસ્ટ	ટાઈપ	૧-૩-૧૯૯૬
૫.	શ્રી નટવર એફ. થરમાર	સ્વીપર	સમાજ વિદ્યાભવન	૧-૩-૧૯૯૬
૬.	શ્રી ભવાનસિંહ જે. વાઘેલા	ફ્યૂન-કમ-વૉટર બેરર	ભાષા ભવન	૧-૩-૧૯૯૬.

ઉપરોક્ત સભ્યોના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને તે સંતોષકારક જણાતાં તેમનાં નામ સામે જણાવેલ જગ્યાના પગારધોરણમાં તેમનાં નામ સામે જણાવેલ તારીખથી કાયમ કરવા.

૫. પ્રિન્સિપાલ, એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ તરફથી એમ.ફાર્મ.ની પદવી પરીક્ષામાં ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી વિષયમાં સૌથી વધુ ગુણાંક સાથે પ્રથમ પ્રયત્ને પાસ કરનારને "શ્રી ડૉ. એમ. બી. દેવાણી સ્મૃતિ ચંદ્રક" આપવા માટે રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)નું પ્રદાન નીચેની શરતોએ સ્વીકારવા વિચારણા કરવા બાબત :

શરતો

૧. ડૉ. એમ. બી. દેવાણી સ્મૃતિચંદ્રક આ યુનિવર્સિટીની માર્ચ-એપ્રિલની એમ.ફાર્મ.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને યુનિવર્સિટી પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ વર્ગમાં પ્રથમ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. સદરહુ ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને શક્ય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે તેમ જ પ્રતિવર્ષ દાતાને જાણ કરવામાં આવશે.

૩. સદરહુ ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ રાખવામાં આવશે નહીં.

૪. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરતો ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવા અબાધિત અધિકાર રહેશે.

૫. આ પ્રદાન મળ્યેથી ઓછામાં ઓછા ૧૨ માસ પૂરા થયા બાદ તે પછી યોજાનાર પદવીદાન સમારંભમાં ચંદ્રક એનાયત કરવાની શરૂઆત કરવામાં આવશે.

૬. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસીના પ્રિન્સિપાલ તરફથી "ડૉ. એમ. બી. દેવાણી સ્મૃતિચંદ્રક" માટે મળેલ પ્રદાનનો ઉપરોક્ત નિયમોને આધીન સાભાર સ્વીકાર કરવો.

૬. માંગલ્ય સોફટેક લિ. કું. તરફથી બી.કૉમ.ની પરીક્ષામાં સૌથી વધુ ગુણ મેળવી સર્વ પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનારને 'માંગલ્ય સોફટેક' મેડલ એનાયત કરવા માટે રૂ. ૨૫,૦૦૦ના પ્રદાનનો નીચેની શરતોને આધીન સ્વીકાર કરવા બાબત :

શરતો

૧. માંગલ્ય સોફટેક મેડલ આ યુનિવર્સિટીની બી.કૉમ.ની પદવી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ વર્ગમાં પ્રથમ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે.

૨. સદરહુ ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે અને શક્ય હશે ત્યાં સુધી પદવીદાન સમારંભ વખતે એનાયત કરવામાં આવશે.

૩. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરતો ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવા તેને અધિકાર રહેશે.

૪. સદરહુ ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત, જાત કે વર્ગનો ભેદ રાખવામાં આવશે નહીં.

૫. આ પ્રદાન મળ્યેથી ઓછામાં ઓછા ૧૨ માસ પૂરા થયા બાદ તે પછી યોજાનાર પદવીદાન સમારંભમાં ચંદ્રક એનાયત કરવાની શરૂઆત કરવામાં આવશે.

૬. આ પ્રદાનની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત વહીવટી ખર્ચ પેટે યુનિવર્સિટીના જનરલ ફંડમાં લેવામાં આવશે.

(નોંધ.–સદરહુ પ્રદાન માટે રૂ. ૨૫,૦૦૦, રસીદ ક્રમાંક ૧૮૪૨, તા. ૧-૩-૧૯૯૬થી જમા થયેલું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે માંગલ્ય સોફટેક લિ. કું. તરફથી "માંગલ્ય સોફટેક મેડલ" માટે મળેલ પ્રદાન સ્વીકારવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક એફ-૧૦-૧/૯૬(EA/E/e/cos.I) તા. ૨૭-૩-૧૯૯૬થી ભૌતિકશાસ્ત્ર વિભાગમાં એમ.એસસી. ઈલેક્ટ્રોનિક માટે તા. ૧-૪-૧૯૯૬થી પાંચ વર્ષના સમયગાળા માટે રૂ. ૩૮.૫૦ લાખની ગ્રાન્ટ નીચે જણાવેલ બજેટ મુજબ મંજૂર કરેલ છે, જેની નોંધ લેવા બાબત :

Sr. No.	*Item Non-Recurring*	*Amount Approved Rs. in Lakhs*	*Total Amount Approved Rs. in Lakhs*
1.	Equipment	20.00	20.00
2.	Books & Journals	1.00	1.00
3.	Building	7.50	7.50
Sr. No.	*Item Recurring (Recurring) p.a.*	*Amount Approved Rs. in Lakhs*	*Total Amount Approved Rs. in Lakhs*
1.	Books & Journals	0.50	2.50
2.	Seminar/Conference Working Expenses	0.50	2.50
3.	Guest/Visiting faculty	1.00	5.00
4.	Faculty		
	(a) Professor/Reader	One	Actual to be paid
	(b) Lecturer	Two	Actual to be paid
		30.50	38.50

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન, ન્યૂ દિલ્હીનાં પત્ર ક્રમાંક એફ-૧૦-૧/૯૬ તા. ૨૭-૩-૧૯૯૬ની સાભાર નોંધ લેવામાં આવી.

૮. કુલપતિશ્રીના મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારૂ) :

૮. (૧) જૂન, ૧૯૯૬થી નવી કૉલેજો શરૂ કરવા માટે સંસ્થાઓ તરફથી આવેલ અરજીઓ પરત્વે તે અંગે નિયુક્ત કરેલ સમિતિની તા. ૪-૩-૧૯૯૬ની સભાએ નીચે દર્શાવ્યા મુજબની કાર્યવાહીની નોંધ તથા તેની સાથે શરતોનો મુસદ્દો મંજૂર કર્યાનું;

(કાર્યવાહીની નોંધ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૮. (૨) તોલાણી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, આદિપુરની જૂન, ૧૯૯૫થી બી.એ. (પ્રિન્સિ.)માં સિંધી, ઇતિહાસ, અંગ્રેજી; બી.એ. (ગૌણ)માં ભારતીય સંસ્કૃતિ અને બી.એસસી. (સ્પે.)માં માઈક્રોબાયોલોજી વિષયના અભ્યાસક્રમો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ અંગેની શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીની મુદ્દતનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૮. (૩) ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાની જૂન, ૧૯૯૭થી બી.એ. (પ્રિન્સિ.)માં સમાજશાસ્ત્રનો વિષય શીખવવા માટેની અરજી ઑર્ડિ. ૧૨૦ અને ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદામાં આવી છે. સદરહુ અરજી એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૮. (૪) જૂન; ૧૯૯૬થી નીચે જણાવેલ કૉલેજો તરફથી તેમનાં નામ સામે જણાવેલ વિષયો માટેનું ચાલુ/વધારાનું/કાયમી જોડાણ મેળવવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. પરંતુ શિક્ષણના સાતત્ય/વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું; (જોડાણ માટેની યાદી **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૮. (૫) સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૬થી બી.એસસી. (સ્પે.) બોટાની અને બી.એસસી. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સના વિષયો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું; (હેવાલની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૧૯૯૬ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં બોટાની અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો વાર્ષિક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. બોટાની અને કૉમ્પ્યુટર સાયન્સના વિષય માટે ચાર સામયિકો વસાવવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે./આવશે;

૭. પ્રતિ મશીન હાલમાં બે વિદ્યાર્થીઓને પ્રાયોગિક કાર્ય માટે બૅચ બનાવવામાં આવે. ભવિષ્યમાં પ્રતિ મશીન એક વિદ્યાર્થી પ્રાયોગિક કાર્ય કરી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

૮. (૬) પી. ડી. પંડ્યા મહિલા કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૬થી બી.કૉમ. (મુખ્ય)માં એડવાન્સ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ, બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને ઍડ. સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણઅરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું.

(હેવાલની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે પી. ડી. પંડ્યા મહિલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦-૬-૧૯૯૬ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (પ્રિન્સિ.)માં એડવાન્સ ઍકાઉન્ટિંગ અને બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. અને ઍડ. સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦ અનુસાર જરૂરી નિમણૂકો કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ગ્રંથાલયનાં પુસ્તકો માટે જરૂરી આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે./આવશે;

૮. (૭) ડી. સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામની જૂન, ૧૯૯૭થી બી.એ. (મુખ્ય)માં હિન્દી, ગૃહવિજ્ઞાન અને સંસ્કૃત; બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્ઝના અભ્યાસક્રમો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું; (હેવાલની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે ડી. સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦-૬-૧૯૯૬ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં હિન્દી, ગૃહવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૨૦૦૦ સુધીનું ચાલુ જોડાણ અને બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત અને બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળા યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર સુસજ્જ કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. હિન્દી અને ગૃહવિજ્ઞાનના વિષયો માટે વિષયદીઠ રૂ. ૧૦,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;
૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે./આવશે;

૮. (૮) ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરની જૂન, ૧૯૯૬થી બી.એ. (પ્રિન્સિ.)માં ભૂગોળનો વિષય શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે નિયુક્ત કરેલ સમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું.

(હેવાલની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૧૯૯૬ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;
૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;
૪. ભૂગોળ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;
૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;
૬. ભૂગોળના સુસજ્જ પ્રાયોગિક ખંડની જરૂરી ફરનીચર સહિતની વ્યવસ્થા કરવામાં આવે;
૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે./આવશે;
૮. ભૂગોળના વિષય માટે રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે; (સાધનો, ઇક્વિપમેન્ટ, નકશા ઇત્યાદિ માટે).
૯. જરૂરી કદ, હવાઉજાસ સાથેનો પ્રાયોગિક સાધનોથી સુસજ્જ અલાયદો પ્રાયોગિક ખંડ કાયમી ધોરણે કરવો;
૧૦. ભૂગોળ માટે રૂ. ૧૫,૦૦૦નાં પુસ્તકો વસાવી તેની યાદી યુનિવર્સિટીને મોકલવી;

૮. (૯) એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદની જૂન, ૧૯૯૬થી ડિપ્લોમા ઇન ટેક્સેશન ઍન્ડ લૉઝ ઍન્ડ પ્રેક્ટિસનો વિષય શીખવવા માટેની જોડાણઅરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું :

(હેવાલની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે એમ. એસ. ભગત અને સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૮-૨-૧૯૯૬ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી ૧૪-૬-૧૯૯૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રૅચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્માદ્દિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે./આવશે;

૮. (૧૦) નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદની જૂન, ૧૯૯૬થી બી.એસસી. (સ્પે.)માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્રના વિષયો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું :

(હેવાલની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૬-૧૯૯૬ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર અને પ્રાણીશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવા અંગે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે, ઉપરોક્ત ચાર વિષયો દ્વિતીય વર્ષમાં મુખ્ય વિષય તરીકે આપવામાં આવતાં આ વિષયોના જરૂરી સંદર્ભગ્રંથો તથા સામયિકો માટે વિષયવાર રૂ. બે હજારનો ખર્ચ કરવામાં આવે;

.૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડંટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. કૉલેજના કૅમ્પસમાં વિદ્યાર્થીઓ માટે અલાયદો રૂમ રાખવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે/આવશે;

૭. સદરહુ વિષયોને કારણે રસાયણશાસ્ત્રના શૈક્ષણિક-બિનશૈક્ષણિક કર્મચારીઓને છૂટા કરવામાં નહીં આવે તેવી બાંયધરી આપવામાં આવે.

૮. (૧૧) વર્ષ ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટી બી.એડ. વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં 'બી.એડ.' પ્રવેશ સમિતિએ પ્રવેશપાત્રતાનાં ધોરણો મંજૂર કર્યાનું;

(પ્રવેશપાત્રતાનાં ધોરણો **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૮. (૧૨) તા. ૨૭/૨૮-૩-૧૯૯૬ના રોજની કોર્ટ (સેનેટ)ની સભા સમક્ષ સને ૧૯૯૪-૯૫નો વાર્ષિક હેવાલ મંજૂરી માટે મૂકવામાં આવ્યો હતો, પરંતુ ગણપૂર્તિ (કોરમ)ના અભાવે મંજૂર થઈ શક્યો નથી જેની નોંધ લેવા (જાણ સારુ).

૮. (૧૩) રાજ્ય સરકારેના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૯૧-૧૫૭૫-જ તા. ૧૦-૮-૧૯૯૧ અનુસાર રજા પ્રવાસ રાહતની યોજનાનો લાભ યુનિવર્સિટી કર્મચારીઓને આપવા સારુ તા. ૧૦-૮-૧૯૯૧ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલના ઠરાવ ક્રમાંક ૧૯થી સ્વીકાર કરવામાં આવેલ. તેનો લાભ યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજો તથા માન્ય સંસ્થાઓના કર્મચારીઓને પણ આપવા મંજૂરી આપ્યાનું.

૮. (૧૪) વિજ્ઞાન વિદ્યાશાખાની વિવિધ પ્રેક્ટિકલ પરીક્ષાઓના મહેનતાણાનાં દર માર્ચ-એપ્રિલ, ૧૯૯૫થી અમલી બને તે રીતે સુધાર્યાનું.

(સુધારેલા દર **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત ક્રમાંક ૮(૧)થી ૮(૧૪) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૯. બોર્ડ ઑફ એક્સ્ટ્રાઓર્ડિનરી સ્ટડીઝની તા. ૬-૩-૧૯૯૬ના રોજ મળેલ સભાની મિનિટ્સની બાબત ક્રમાંક ૬ અને ૭(૨) નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત,

બાબત ક્રમાંક ૬ : સભાની ભલામણો

૧૯૯૫-૯૬ના વર્ષથી આ વર્ષનું યુનિવર્સિટી વ્યાખ્યાન યોજના આકર્ષક બને તે હેતુથી વ્યાખ્યાતાને પુરસ્કારના રૂ. ૨૫૧ અને મુસાફરી ખર્ચ પેટે કૉલેજે ચૂકવેલ રકમના ૫૦ ટકા વધુમાં વધુ રૂ. ૫૦૦ આર્થિક સહાય યુનિવર્સિટી તરફથી આપવાનું એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૪-૨-૧૯૯૫ની સભામાં મંજૂર કરવામાં આવ્યું જેની નોંધ લેવા બાબત.

ઉપરોક્ત બાબતની સભ્યો તરફથી સહર્ષ નોંધ લેવામાં આવી અને વધુમાં ઠરાવવામાં આવ્યું કે વિદ્યા વિસ્તાર વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનો યોજવામાં જે મંદતા આવી છે તે દૂર કરવા માટે વક્તાને હાલમાં જે યુનિવર્સિટી તરફથી એક વ્યાખ્યાન માટે રૂ. ૫૦ (અંકે રૂપિયા પચાસ) માનદ વેતન આપવામાં આવે છે તેના બદલે રૂ. ૨૫૧ એક વક્તાને માનદ વેતન આપવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું અને આ યોજના પ્રમાણે અગાઉની યોજના પ્રમાણે કૉલેજના પોતાના જ પ્રોફેસર-આચાર્યશ્રી તેઓની આજુબાજુનાં ગામોમાં વધુમાં

વધુ બે વ્યાખ્યાનો યોજી શકશે. અને જે લોકભોગ્ય શ્રેણીના હશે. એક કૉલેજમાં ફક્ત બે જ વ્યાખ્યાતા વ્યાખ્યાન આપી શકશે. જ્યારે મુસાફરી ખર્ચ જે તે કૉલેજે ભોગવવાનો રહેશે.

ઉપરોક્ત બાબત કુલપતિશ્રી તથા એક્ઝિક્યુટિલ કાઉન્સિલને મંજૂર કરવા ભલામણ છે.

બાબત ક્રમાંક ૭(૨) :

યુનિવર્સિટી વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનની સમજૂતી માટે તથા અન્ય કૉલેજની શિક્ષણપૂરક પ્રવૃત્તિઓની સમજ આપવા માટે યુનિવર્સિટી સંલગ્ન કૉલેજના આચાર્યશ્રીઓનું એક સંમેલન બોલાવવાની શક્યતા ઊભી કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૬-૩-૧૯૯૬ના રોજ મળેલ સભાની મિનિટ્સની બાબત નં. ૬ની નોંધ લેવામાં આવી અને બાબત નં. ૭(૨)ની ભલામણ પર વિચારણા કરી નિર્ણય લેવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૦. અનુસ્નાતક કક્ષાએ ફાર્મસી ફેકલ્ટીમાં મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગેના હાલના ઑર્ડિ. ૬૫-એમ(૨)(૨)માં નીચે જણાવ્યા મુજબનો સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત :

Rules regarding recognition as an Assistant Post-Graduate teachers in the subjects comprised under the Faculty of Pharmacy.

Bachelor's Degree	*Master's Degree in the subject or Equivalent*	*Doctorate Degree in the subject*	*Teaching Experience in Degree classes as a Lecturer or Research experience in the subject 3 Years*
First OR Second	Second OR First	Ph.D.	5 Years

(હાલનો ઑર્ડિ. ૬૫-એમ (૨)(૨)નો પાઠ નીચે મુજબ છે) :

Rules regarding recognition as a Post-Graduate Teachers in the subjects Comprised under the Faculty of Pharmacy.

Bachelor's Degree	*Master's Degree in the subject or Equivalent*	*Doctorate Degree in the subject*	*Teaching Experience in Degree classes as a Lecturer or Research experience in the subject*
Second	Second	—	5 Years

અનુસ્નાતક કક્ષાએ ફાર્મસી ફેકલ્ટીમાં મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા મેળવવા અંગેના હાલના ઑર્ડિ. ૬૫-એમ (૨)(૨)માં ઉપર જણાવ્યા મુજબનો સુધારો કરવાનું ઠરાવવામાં આવે છે.

૧૧. સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સિદ્ધપુરને ઑર્ડિ. એમ.બી.બી.એસ.-૧૮ અને ૧૯ મુજબ ફરજિયાત રોટેરિંગ હાઉસમેનશિપ માટેની માન્યતા આપવા બાબતમાં નિમાયેલ સ્થાનિક તપાસસમિતિની નીચે મુજબની ભલામણ પર વિચારણા કરવા બાબત :

"While inspecting the hospital Facilities available, OT, LR, Laboratories, Daily OPD indoor patients we feel that inspite of begining of this hospital is in a position no provide training Maximum 3 (Three) intern at a time one for obstetrics and Gynaecology and one for Surgery and one for Medicine keeping this figure annually maximum 12 rotating houseman can be posted (3) three intern at a time for every 3 months."

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાનિક તપાસસમિતિની ભલામણનો સ્વીકાર કરવો અને તદનુસાર સામૂહિક આરોગ્ય કેન્દ્ર, સિદ્ધપુરને ઑર્ડિ. એમ.બી.,બી.એસ. ૧૮ અને ૧૯ મુજબ ફરજિયાત રોટેરિંગ હાઉસમેનશિપ માટેની માન્યતા આપવી.

૧૨. વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં પૂર્વસ્નાતક કક્ષાએ વિદ્યાર્થી પ્રવેશમાં અનામત અંગેના ઑર્ડિ. ૧૨૦ (બી)ની કંડિકા (૯) તથા અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થી પ્રવેશમાં અનામત અંગેના પી.જી. રૂલ ૧(એ)(૪) સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ અને કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં પૂર્વસ્નાતક કક્ષાએ વિદ્યાર્થી પ્રવેશમાં અનામત અંગેના ઑર્ડિ. ૧૨૦(બી)ની કંડિકા (૯) તથા અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થી પ્રવેશમાં અનામત અંગેના પી.જી. રૂલ ૧(એ)(૪) આ સાથે સામેલ કર્યા પ્રમાણે સુધારવાં.

(નોંધ–સુધારેલા ઉપરોક્ત નિયમ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

૧૩. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યો (જાણ સારુ) :

૧૩. (૧) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૬થી બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્ઝનો વિષય શીખવવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૧૩. (૨) આર. ડી. શૉહ આર્ટ્સ ઍન્ડ વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકાની જૂન, ૧૯૯૭થી બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટેની ચાલુ જોડાણ-અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદામાં આવી છે. સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૧૩. (૩) ગુજરાત યુનિવર્સિટીની એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં સીનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી કે. આઈ. ભટ્ટની શિસ્ત અને વર્તણૂક અંગેના પ્રાથમિક તપાસ હેવાલના સંદર્ભમાં તેઓને તા. ૨૨-૪-૧૯૯૬થી ફરજ-મોકૂફી હેઠળ (સસ્પેન્શન હેઠળ) મૂક્યાના;

૧૩. (૪) ગુજરાત યુનિવર્સિટીની વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગમાં લેબોરેટરી આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી બી. આર. ત્રિવેદીની શિસ્ત અને વર્તણૂક અંગેના પ્રથમિક તપાસ હેવાલના સંદર્ભમાં તેઓને તા. ૧-૫-૧૯૯૬થી ફરજ-મોકૂફી હેઠળ (સસ્પેન્શન હેઠળ) મૂક્યાના;

૧૩. (૫) ગુજરાત યુનિવર્સિટીની એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરમાં જુનિયર ક્લાર્ક તરીકે ફરજ બજાવતા શ્રી પરેશ એન. દેસાઈની શિસ્ત અને વર્તણૂક અંગેના પ્રાથમિક તપાસ હેવાલના સંદર્ભમાં તેઓને તા. ૬-૫-૧૯૯૬થી ફરજ-મોકૂફી હેઠળ (સસ્પેન્શન હેઠળ) મૂક્યાના;

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત ક્રમાંક ૧૩(૧)થી ૧૩(૫) સુધીનાં કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૧૪. શ્રી કે. આઈ. ભટ્ટ, સીનિયર ઑસિસ્ટન્ટ સામે ગેરશિસ્ત અને ગેરવર્તણૂકના ગંભીર પ્રકારના આક્ષેપો અંગે પ્રથમદર્શી પુરાવાઓ હોઈ તેમની સામે યુનિવર્સિટી સર્વિસ ટ્રિબ્યુનલ ઍક્ટ કલમ-૧૪ હેઠળ ધારાધોરણ અનુસાર શિસ્તભંગનાં પગલાંની કાર્યવાહી કરવા માટે ડિસિપ્લિનરી ઓથોરિટી તરીકેના અધિકારનું કુલપતિશ્રીને સંપ્રદાન (ડેલિગેશન) કરવા બાબત.

[નોંધ.—ઉપરોક્ત પગલાંના ભાગ તરીકે સંબંધિત કર્મચારીને તા. ૨૨-૪-૧૯૯૬થી કારણદર્શક નોટિસ આપીને આક્ષેપોની જાણ કરીને તેમનો ખુલાસો મંગાવવામાં આવ્યો હતો. શ્રી. કે. આઈ. ભટ્ટે તેમના તા. ૭-૫-૧૯૯૬ના પત્રથી આપેલ ખુલાસો સંતોષકારક જણાતો નથી. તથા તેમાં પ્રતિ આક્ષેપો કરવામાં આવ્યા હોવાનું જણાય છે જેથી તેમની સામે વિધિસરની ખાતાકીય તપાસ કરવાનું અનિવાર્ય જણાયું હોવાથી કુલપતિશ્રીએ યુનિવર્સિટી ઍક્ટની કલમ ૧૧(૪) નીચેની આપત્તકાલીન સત્તાઓનો ઉપયોગ કરીને શ્રી આર. એ. દેસાઈ-એડવોકેટ તથા ભૂતપૂર્વ કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તપાસ અધિકારી કરીકે નિયુક્તિ કરી છે. તેની નોંધ લેવા વિનંતી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી કે. આઈ. ભટ્ટ, સીનિયર આસિસ્ટન્ટ સામે ગેરશિસ્ત અને ગેરવર્તણૂકના ગંભીર પ્રકારના આક્ષેપો અંગે પ્રથમદર્શી પુરાવાઓ હોઈ તેમની સામે યુનિવર્સિટી સર્વિસ ટ્રિબ્યુનલ ઍક્ટ કલમ-૧૪ હેઠળ ધારાધોરણ અનુસાર શિસ્તભંગનાં પગલાંની કાર્યવાહી કરવા માટે ડિસિપ્લિનરી ઓથોરિટી તરીકેના અધિકારનું કુલપતિશ્રીને સંપ્રદાન (ડેલિગેશન) કરવાની બાબતની તથા યુનિવર્સિટી એક્ટની કલમ-

૧૧(૪) હેઠળની આપત્તકાલીન સત્તાઓનો ઉપયોગ કરીને કુલપતિશ્રીએ શ્રી કે. આઈ. ભટ્ટ સામે વિધિસરની ખાતાકીય તપાસ કરવા માટે શ્રી આર. એ. દેસાઈ, એડવોકેટ તથા ભૂતપૂર્વ કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તપાસ અધિકારી તરીકે નિયુક્તિ કરી છે તેની નોંધ લેવામાં આવી.

૧૫. શ્રી ભરત આર. ત્રિવેદી, લેબોરેટરી આસિસ્ટન્ટ સામે ગેરશિસ્ત અને ગેરવર્તણૂકના ગંભીર પ્રકારના આક્ષેપો અંગે પ્રથમદર્શી પુરાવાઓ હોઈ તેમની સામે યુનિવર્સિટી સર્વિસ ટ્રિબ્યુનલ ઍક્ટ કલમ-૧૪ હેઠળ ધારાધોરણ અનુસાર શિસ્તભંગનાં પગલાંની કાર્યવાહી કરવા માટે ડિસિપ્લિનરી ઓથોરિટી તરીકેના અધિકારનું કુલપતિશ્રીને સંપ્રદાન (ડેલિગેશન) કરવા બાબત.

[**નોંધ.**—ઉપરોક્ત પગલાંના ભાગ તરીકે સંબંધિત કર્મચારીને તા. ૧-૫-૧૯૯૬થી કારણદર્શક નોટિસ આપીને આક્ષેપોની જાણ કરીને તેમનો ખુલાસો મંગાવવામાં આવ્યો હતો. શ્રી. ભરત આર. ત્રિવેદીએ તેમના તા. ૧૩-૫-૧૯૯૬ના પત્રથી આપેલ ખુલાસો સંતોષકારક જણાતો નથી. તથા તેમાં પ્રતિ-આક્ષેપો કરવામાં આવ્યા હોવાનું જણાય છે. જેથી તેમની સામે વિધિસરની ખાતાકીય તપાસ કરવાનું અનિવાર્ય જણાયું હોવાથી કુલપતિશ્રીએ યુનિવર્સિટી ઍક્ટની કલમ ૧૧(૪) નીચેની આપત્તકાલીન સત્તાઓનો ઉપયોગ કરીને શ્રી આર. એ. દેસાઈ-એડવોકેટ તથા ભૂતપૂર્વ કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તપાસ અધિકારી કરીકે નિયુક્તિ કરી છે, તેની નોંધ લેવા વિનંતી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ભરત આર. ત્રિવેદી, લેબોરેટરી આસિસ્ટન્ટ, સામે ગેરશિસ્ત અને ગેરવર્તણૂકના ગંભીર પ્રકારના આક્ષેપો અંગે પ્રથમદર્શી પુરાવાઓ હોઈ તેમની સામે યુનિવર્સિટી સર્વિસ ટ્રિબ્યુનલ ઍક્ટ કલમ-૧૪ હેઠળ ધારાધોરણ અનુસાર શિસ્તભંગનાં પગલાંની કાર્યવાહી કરવા માટે ડિસિપ્લિનરી ઓથોરિટી તરીકેના અધિકારનું કુલપતિશ્રીને સંપ્રદાન (ડેલિગેશન) કરવાની બાબતની તથા યુનિવર્સિટી ઍક્ટની કલમ-૧૧(૪) હેઠળની આપત્તકાલીન સત્તાઓનો ઉપયોગ કરીને કુલપતિશ્રીએ શ્રી ભરત આર. ત્રિવેદી સામે વિધિસરની ખાતાકીય તપાસ કરવા માટે શ્રી આર. એ. દેસાઈ, એડવોકેટ તથા ભૂતપૂર્વ કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તપાસ અધિકારી તરીકે નિયુક્તિ કરી છે તેની નોંધ લેવામાં આવી.

૧૬. શ્રી પરેશ એન. દેસાઈ, જુનિયર ક્લાર્ક સામે ગેરશિસ્ત અને ગેરવર્તણૂકના ગંભીર પ્રકારના આક્ષેપો અંગે પ્રથમદર્શી પુરાવાઓ હોઈ તેમની સામે યુનિવર્સિટી સર્વિસ ટ્રિબ્યુનલ ઍક્ટ કલમ-૧૪ હેઠળ ધારાધોરણ અનુસાર શિસ્તભંગનાં પગલાંની કાર્યવાહી કરવા માટે ડિસિપ્લિનરી ઓથોરિટી તરીકેના અધિકારનું કુલપતિશ્રીને સંપ્રદાન (ડેલિગેશન) કરવા બાબત.

[**નોંધ.**—ઉપરોક્ત પગલાંના ભાગ તરીકે સંબંધિત કર્મચારીને તા. ૬-૫-૧૯૯૬થી કારણદર્શક નોટિસ આપીને આક્ષેપોની જાણ કરીને તેમનો ખુલાસો મંગાવવામાં આવ્યો હતો. શ્રી. પરેશ. એન. દેસાઈએ તેમના તા. ૧૮-૫-૧૯૯૬ના પંત્રથી આપેલ ખુલાસો સંતોષકારક જણાયો નથી. તથા તેમાં પ્રતિ-આક્ષેપો કરવામાં આવ્યા હોવાનું જણાય છે. જેથી તેમની સામે વિધિસરની ખાતાકીય તપાસ કરવાનું અનિવાર્ય જણાયું હોવાથી કુલપતિશ્રીએ યુનિવર્સિટી ઍક્ટની કલમ ૧૧(૪) નીચેની આપત્તકાલીન સત્તાઓનો ઉપયોગ કરીને શ્રી આર. એ. દેસાઈ-એડવોકેટ તથા ભૂતપૂર્વ કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તપાસ અધિકારી તરીકે નિયુક્તિ કરી છે, તેની નોંધ લેવા વિનંતી છે.]

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી પરેશ એન. દેસાઈ, જુનિયર ક્લાર્ક સામે ગેરશિસ્ત અને ગેરવર્તણૂકના ગંભીર પ્રકારના આક્ષેપો અંગે પ્રથમદર્શી પુરાવાઓ હોઈ તેમની સામે યુનિવર્સિટી સર્વિસ ટ્રિબ્યુનલ ઍક્ટ કલમ-૧૪ હેઠળ ધારાધોરણ અનુસાર શિસ્તભંગનાં પગલાંની કાર્યવાહી કરવા માટે ડિસિપ્લિનરી ઓથોરિટી તરીકેના અધિકારનું કુલપતિશ્રીને સંપ્રદાન (ડેલિગેશન) કરવાની બાબતની તથા યુનિવર્સિટી ઍક્ટની કલમ-૧૧(૪) હેઠળની આપત્તકાલીન સત્તાઓનો ઉપયોગ કરીને કુલપતિશ્રીએ શ્રી પરેશ એન. દેસાઈ સામે વિધિસરની ખાતાકીય તપાસ કરવા માટે શ્રી આર. એ. દેસાઈ, એડવોકેટ તથા ભૂતપૂર્વ કુલસચિવ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની તપાસ અધિકારી તરીકે નિયુક્તિ કરી છે તેની નોંધ લેવામાં આવી.

૧૭. એફ. ડી. આર્ટ્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદની જૂન, ૧૯૯૬થી જમાલપુર ચકલા, અમદાવાદથી જમાલપુર દરવાજા, ટેલિફોન એક્સચેન્જ અમદાવાદ ખાતે સ્થળાંતર માટેની અરજી ઑર્ડિ. ૧૨૦-જે અનુસાર સમયમર્યાદા બાદ આવી છે. સદરહુ અરજી સ્વીકારવી કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—સદરહુ અરજી સ્વીકારીએ તો ઑર્ડિનન્સમાં કરેલ જોગવાઈ મુજબ સ્થળાંતર અંગેની સમિતિ નીમવાની થાય છે.]

આથી ઠરાવવામાં આવે છે કે એફ. ડી. આર્ટ્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદની જૂન, ૧૯૯૬થી જમાલપુર ચકલા, અમદાવાદથી જમાલપુર દરવાજા, ટેલિફોન એક્સચેન્જ, અમદાવાદ ખાતે સ્થળાંતર માટેની અરજી ઑર્ડિ. ૧૨૦-જે અનુસાર સ્વીકારવી.

૧૮. ફાઇનાન્સ સમિતિની તા. ૧૨-૪-૧૯૯૬ અને તા. ૨૪-૪-૧૯૯૬ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

'આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૧૨-૪-૧૯૯૬ અને તા. ૨૪-૪-૧૯૯૬ની સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(નોંધ.–સદરહુ સભાની ભલામણો **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૧૯. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૬થી બી.એસસી. (સ્પે.)માં વનસ્પતિશાસ્ત્ર અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના વિષયો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૬થી કાયમી જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૬થી બી.એસસી. (સ્પે.) વનસ્પતિશાસ્ત્ર અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના વિષયો શીખવવા માટેની જોડાણ-અરજી પરત્વે મૂકવામાં આવેલી શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૬થી કાયમી જોડાણ આપવું.

૨૦. શ્રી બી. જી. તલસાણિયા, સ્ટોરકીપર, એજ્યુકેશનલ મીડિયા રિસર્ચને રૂ. ૧૪૦૦-૨૩૦૦ના પગારધોરણમાં રૂ. ૧૮૦૦ પછીનો કાર્યક્ષમ-અંતરાય (Efficiency Bar) તા. ૧૫-૨-૧૯૯૬ પછી ઓળંગવા અંગેની પરવાનગી આપવા બાબત.

એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરમાં સ્ટોરકીપર તરીકે ફરજ બજાવતા શ્રી બી. જી. તલસાણિયાને કાર્યક્ષમતા-અંતરાય ઓળંગવા અંગેની પરવાનગી આપવા માટેની બાબત મુલતવી રાખવાનું ઠરાવવામાં આવ્યું.

૨૧. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરના અમુક કર્મચારીઓ દ્વારા શરૂ કરવામાં આવેલા આંદોલન તેમજ આમરણાંત ઉપવાસ બાબતે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૭-૨-૧૯૯૬ની બાબત ક્રમાંક ૫૬ અન્વયે કુલસચિવશ્રીએ રજૂ કરેલ સર્વગ્રાહી હેવાલ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરના અમુક કર્મચારીઓ દ્વારા શરૂ કરવામાં આવેલા આંદોલન (ડિસેમ્બર, ૧૯૯૫થી જાન્યુઆરી, ૧૯૯૬ દરમિયાન) પરત્વે અગાઉ યુનિવર્સિટીના કર્મચારીઓ દ્વારા થયેલાં આંદોલનનો સમય જે રીતે નિયમિત કરવામાં આવેલો હોય તે રીતે એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરના કર્મચારીઓનો આંદોલનનો સમય નિયમિત કરવાનું રાખવું.

૨૨. એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૭-૨-૧૯૯૬ની બાબત ક્રમાંક ૫૮ અન્વયે આગામી એપ્રિલ, ૧૯૯૬ની યુનિવર્સિટી પરીક્ષાઓ અંગે પરીક્ષા નિયામકશ્રી દ્વારા સમગ્ર આયોજનલક્ષી કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો છે તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પરીક્ષા કાર્યક્રમની સાભાર નોંધ લેવી.

૨૩. સને ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષના પ્રવેશકાર્ય અંગે વિચારણા કરવા બાબત.

પ્રવેશ સંદર્ભે શિક્ષક-બિનશિક્ષક સ્ટાફની મંજૂરી તથા પ્રવેશ આનુષંગિક બાબતો અંગે ઘટતું કરવા આર્થ્યો-બિનશિક્ષક કર્મચારી મહામંડળ તરફથી યુનિવર્સિટી સમક્ષ રજૂઆતો થતી રહી છે તે લક્ષમાં લઈ પ્રવેશ અંગે કુલપતિશ્રીને મદદરૂપ થવા તથા ઉપરોક્ત બાબતોના નિકાલમાં સેતુરૂપ બનવા ચાલુ વર્ષના પ્રવેશકાર્ય સંબંધે નીચેના સદસ્યોની કમિટી રચવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવે છે :

(૧) કુલપતિશ્રી
(૨) ડીનશ્રી, આર્ટ્સ
(૩) ડીનશ્રી, કૉમર્સ
(૪) ડીનશ્રી, સાયન્સ
(૫) પ્રિ. ડી. એમ. શીખ
(૬) શ્રી સુધીરભાઈ નાણાવટી
(૭) શ્રી અરવિંદ શાહ.

ત્યારે બાદ સભાનું કામકાજ પૂરું થયું.

નં. એક્ઝિ. કાઉ./૧૨૦૮/૧૯૯૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૨૧-૮-૧૯૯૬.

એમ. પી. જડિયા
કુલસચિવ.

પરિશિષ્ટ "ક"

બાબત ક્રમાંક ૮(૧)

જૂન, ૧૯૯૬થી નવી કૉલેજો શરૂ કરવા માટે નિયુક્ત કરેલ સમિતિનો હેવાલ

જૂન, ૧૯૯૬થી નવી કૉલેજ શરૂ કરવા માટેની જરૂરિયાત (નીડ) નક્કી કરવા નિયુક્ત કરેલ સમિતિની સભા પ્રો. કે. એસ. શાસ્ત્રીના અધ્યક્ષપદે તા. ૪-૩-૧૯૯૬ના રોજ મળી હતી. તેમાં નીચેના સભ્યો હાજર હતા :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૨. પ્રો. એસ. બી. વોરા
૩. પ્રો. વાય કે. અગ્રવાલ
૪. પ્રિ. ડી. એમ. શીખ
૫. આચાર્યશ્રી એચ. એમ. દેસાઈ હાજર રહી શક્યા ન હતા.

જૂન, ૧૯૯૬થી નવી કૉલેજ શરૂ કરવા માટે નીચે દર્શાવેલ સંસ્થાઓ તરફથી અરજીઓ આવી હતી :

ક્રમાંક	સંસ્થાનું નામ	વિદ્યાશાખા
૧.	રાજપૂત સેવા સમિતિ, અમદાવાદ	વિનયન
૨.	શિવશક્તિ સ્ટડી સર્કલ, રજિ. ટ્રસ્ટ (ભૂજ-કચ્છ)	વિનયન-વાણિજ્ય (મહિલા માટે)
૩.	શ્રી ગાયત્રી કેળવણી મંડળ, રસુલપુર (જિ. પંચમહાલ)	વિનયન
૪.	સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયા (એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં વિચારણા માટે મૂકી છે.)	વિજ્ઞાન
૫.	ઓડ એજ્યુકેશન સોસાયટી, ઓડ	ઇજનેરી
૬.	ઉમિયા પરિવાર ચેરિટી ટ્રસ્ટ, ચંદ્રાલા	વિનયન
૭.	ઑડ એજ્યુકેશન સોસાયટી, ઓડ	વિજ્ઞાન
૮.	ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ	વિનયન-વાણિજ્ય
૯.	દીપ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ	ફાર્મસી
૧૦.	મહિલા વિદ્યાલય, વડોદરા	વિનયન-શિક્ષણ
૧૧.	વકીલ કે. એમ. એજ્યુકેશન સોસાયટી, કઠલાલ	વિનયન-વાણિજ્ય
૧૨.	સ્વામી વિવેકાનંદ સેવા ટ્રસ્ટ, અમદાવાદ	વિનયન-વાણિજ્ય
૧૩.	એસ. એમ. એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, ખંભાત	વાણિજ્ય (મહિલા માટે)

સદરહુ અરજીઓ પૈકી નીચે દર્શાવેલ સંસ્થાઓને તા. ૧૮-૩-૧૯૯૬ના રોજ ૩-૩૦ કલાકે જરૂરી માહિતી સાથે રૂબરૂમાં બોલાવવાનું ઠરાવવામાં આવ્યું છે :

૧. ઉપર દર્શાવેલ ક્રમાંક-૧થી ૩ની અરજીઓ એક્ઝિક્યુટિવ કાઉન્સિલે સ્વીકારેલ હોઈ તેમને તારીખ ૧૮-૩-૧૯૯૬ના રોજ બોલાવવા :

(૧) રાજપૂત સેવા સમિતિ, અમદાવાદ
(૨) શિવશક્તિ સ્ટડી કેળવણી સર્કલ, રજિ. ટ્રસ્ટ (ભૂજ-કચ્છ)
(૩) શ્રી ગાયત્રી કેળવણી મંડળ, રસુલપુર (જિ. પંચમહાલ).

૨. ક્રમાંક-૪ સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયાની અરજી સ્વીકારવા અંગે તા. ૭-૨-૧૯૯૬ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં કુલપતિશ્રીને સત્તા આપી હતી તે પરત્વે કુલપતિશ્રીએ તે અરજી સ્વીકારવાનો નિર્ણય લીધો હોઈ તેમને પણ તા. ૧૮-૩-૧૯૯૬ના રોજ બોલાવવા.

૩. ક્રમાંક-૮ ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદે (૧૯૯૫-૯૬) ગત વર્ષે અરજી કરી હતી. ગત વર્ષે નીડ નહીં સ્વીકારતાં સંસ્થાએ તેમની અરજી ૧૯૯૬-૯૭ માટે ગ્રાહ્ય રાખવા તા. ૯-૧૧-૧૯૯૫ના પત્રથી કરેલ ભલામણનો નીડ સમિતિએ સ્વીકારી અને તેમને પણ તા. ૧૮-૩-૧૯૯૬ના રોજ બોલાવવા ઠરાવેલ.

૪. આ સાથે સામેલ મુસદ્દો કે જે નીડ સમિતિના સભ્યશ્રીઓએ તૈયાર કરેલ છે, તેમાં દર્શાવેલ શરતો અને વિગતો સાથે ઉપરોક્ત સંસ્થાઓને તા. ૧૮-૩-૧૯૯૬ના રોજ રૂબરૂ મુલાકાત સારુ બોલાવવાનું ઠરાવવામાં આવેલ.

કૉલેજના મકાન અંગેની માહિતી :

૧. સંસ્થાનું અલાયદું મકાન (પ્રત્યેક ખંડના માપ સહિતની માહિતી આપવી.)

૨. કૉલેજ માટે શાળાનું મકાન ઉપયોગમાં લઈ શકાશે નહીં, તેથી પ્રસ્તુત કૉલેજ માટે શાળાનું મકાન ઉપયોગમાં લેવાના છો ?

૩. રમતગમતનું મેદાન ૧૦,૦૦૦ ચો.વાર હોવું જોઈએ તે અંગેની વિગતો.

નાણાકીય સાધનો :

૧. કૉલેજ માટેની સાધનસામગ્રી—બેન્ચ, ટેબલ, પંખા, ખુરશી, વૉટરકુલર વગેરે ગ્રંથાલય માટેનાં પુસ્તકો વગેરે માટે ઓછામાં ઓછા રૂપિયા ત્રણ લાખની જોગવાઈ હોવી જોઈએ, આ માટે આપની પાસે શી જોગવાઈ છે, તેની સવિસ્તર જાણ કરશો.

૨. એક વિદ્યાશાખાવાળી કૉલેજ હોય તો પ્રથમ વર્ષ માટે ઓછામાં ઓછા રૂપિયા આઠ લાખ વાર્ષિક પગાર ખર્ચ માટે હોવા જોઈએ અને બે વિદ્યાશાખાવાળી કૉલેજ હોય તો રૂપિયા દસ લાખ પગાર ખર્ચ માટે હોવા જોઈએ, તે શરતના પરિપાલન અંગે શી જોગવાઈ કરી છે, આ રકમ ઋણમુક્ત અસ્કયામત છે તે અંગેનું સર્ટિફિકેટ સાથે લેતા આવશો.

૩. કૉલેજને જોડાણ આપવાનું યુનિવર્સિટી વિચારશે તો એક વિદ્યાશાખા હોય તો રૂ. ૧૮ લાખ અને બે વિદ્યાશાખા હોય તો રૂ. ૨૧ લાખ યુનિવર્સિટીમાં ડિપોઝિટ તરીકે મૂકવાના રહેશે, જેનું વ્યાજ તે ડિપોઝિટમાં બૅન્કના નિયમો અનુસાર ઉમેરાતું જશે, કૉલેજ ગ્રાન્ટેબલ ન થાય ત્યાં સુધી આ ડિપોઝિટ યુનિવર્સિટીમાં રહેશે.

(નોંધ.—નં. ૧ અને ૨માં દર્શાવેલ રકમ ઉપરાંતની આ રકમ રહેશે.)

પરિશિષ્ટ "ખ"

બાબત ક્રમાંક ૮(૪)

જૂન, ૧૯૯૬થી કૉલેજનાં નામ સામે જણાવેલ વિષયો માટેનું ચાલુ/વધારાનું/કાયમી જોડાણ મેળવવા માટેની જોડાણઅરજી :

૧. સી. યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદ	બી.એસસી. (સ્પે.)માં વનસ્પતિશાસ્ત્ર, બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ
૨. એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ	ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ
૩. આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત	બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી
૪. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા	બી.એ.(મુખ્ય)માં અંગ્રેજી, સંસ્કૃત; બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર
૫. સાયન્સ કૉલેજ, દાહોદ	બી.એસસી. (સ્પે.)માં ગણિતશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર
૬. સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાત	તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમો (૧૯૯૧થી)
૭. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (ગૌણ)માં ઍડ. બિઝનેસ મૅનેજમેન્ટ
૮. જે. ઍન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદ	બી.એસસી. (સ્પે.)માં બાયોકેમિસ્ટ્રી
૯. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ	બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ
૧૦. ઉમૌ આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર	બી.એ. (ગૌણ)માં ભૂગોળ
૧૧. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ	બી.એસસી. (સ્પે.)માં માઈક્રોબોયોલોજી
૧૨. આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત	બી.એસસી. (સ્પે.)માં માઈક્રોબોયોલોજી
૧૩. આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ભાદરણ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ
૧૪. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, પીપલિયા	ફર્સ્ટ બી.એ./બી.કૉમ. ચાલુ સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; સેકન્ડ બી.કૉમ.(મુખ્ય)માં ઍડ. ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; સેકન્ડ બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર; સેકન્ડ બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, ઇતિહાસ; ફર્સ્ટ બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી, હિન્દી
૧૫. એમ. પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ	ફર્સ્ટ બી.એ./બી.કૉમ. (ચાલુ) થર્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, અર્થશાસ્ત્ર અને સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, ભૂગોળ, આંકડાશાસ્ત્ર; થર્ડ બી.કૉમ.માં ઍડ. ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., બૅન્કિંગ ઍન્ડ ફાઈનાન્સ, ઍડ. સ્ટેટિસ્ટિક્સ
૧૬. નિરમા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, અમદાવાદ	ફર્સ્ટ ઇયર બી.ઈ. ચાલુ, સેકન્ડ ઇયર બી.ઈ. સિવિલ, કેમિકલ, મિકેનિકલ, ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ, ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન; ફર્સ્ટ-સેકન્ડ બી.ઈ. કન્સ્ટ્રક્શન ટેકનોલોજી ઍન્ડ મૅનેજમેન્ટ.
૧૭. જે. એલ. કે. આર્ટ્સ ઍન્ડ અસો. એસ. એચ. ગાંધી કૉમર્સ કૉલેજ, કાંકણપુર	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, હિન્દી, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, ઇતિહાસ, અર્થશાસ્ત્ર; બી.કૉમ.માં ઍડ. ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં કૉમપ્યુટર મેથડ્સ અને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ
૧૮. કે. સી. શેઠ આર્ટ્સ કૉલેજ, બીરપુર	બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, સંસ્કૃત, ગુજરાતી, અંગ્રેજી; બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર.
૧૯. સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર	થર્ડ એલએલ.બી. સુધીના અભ્યાસક્રમો

૨૦. સાયન્સ કૉલેજ, ધોળકા	ફર્સ્ટ બી.એસસી. (ચાલુ), સેકન્ડ બી.એસસી. (સ્પે.)માં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, ગણિતશાસ્ત્ર, વનસ્પતિવિજ્ઞાન, ઝૂલોજી
૨૧. આર્ટ્સ કૉલેજ, સાધલી	ફર્સ્ટ બી.એ. (ચાલુ), સેકન્ડ બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; સેકન્ડ બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર
૨૨. ગુજરાત કૉલેજ, (સાંજની) અમદાવાદ	–
૨૩. એફ. ડી. આર્ટ્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી, હિન્દી, ઉર્દૂ; બી.એ. (ગૌણ)માં પર્શિયન, સંસ્કૃત, અરેબિક, મનોવિજ્ઞાન, ઇસ્લામિક કલ્ચર અને કૉમ્પ્યુટર મેથડ્સ
૨૪. આર્ટ્સ કૉલેજ, મુનપુર	બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી, સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં ભૂગોળ
૨૫. આર્ટ્સ કૉલેજ, કોઠંબા	બી.એ. (પ્રિન્સિ)માં ગુજરાતી, સંસ્કૃત (વધારાનું), હિન્દી; બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર (ચાલુ)
૨૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન, બી.કૉમ.માં એડ. એકાઉન્ટિંગ એન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., આંકડાશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં અર્થશાસ્ત્ર (વધારાનું)
૨૭. ઇજનેરી કૉલેજ, ભૂજ	ફર્સ્ટ ઇયર/સેકન્ડ ઇયર બી.ઈ. ચાલુ, થર્ડ ઇયર બી.ઈ. મિકેનિકલ એન્ડ ઇલેક્ટ્રિકલ (વધારાનું)
૨૮. એ. પી. આર્ટ્સ એન્ડ સ્વ. એન. પી. પટેલ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સ.)માં અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, ઇતિહાસ, સમાજશાસ્ત્ર; બી.એ.(ગૌણ)માં રિફેન્સ સ્ટડીઝ, કૉમ્પ્યુટર મેથડ્સ, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર; બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. આંકડાશાસ્ત્ર, કૉમ્પ્યુટર સાયન્સ
૨૯. આર્ટ્સ કૉલેજ, પાવી-જેતપુર	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર, અંગ્રેજી; બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત (વધારાનું); બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર, સંસ્કૃત, માનસશાસ્ત્ર, હિન્દી
૩૦. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઓડ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, રાજ્યશાસ્ત્ર, કૉમ્પ્યુટર, મેથડ્સ, આંકડાશાસ્ત્ર; બી.કૉમ. (મુખ્ય)માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, કૉમ્પ્યુટર સાયન્સ
૩૧. આર્ટ્સ, સાયન્સ કૉલેજ, બોરસદ	બી.એસસી. (સ્પે.)માં માઇક્રોબાયોલોજી
૩૨. સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ
૩૩. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ	બી.એસસી. (સ્પે.)માં માઇક્રોબાયોલોજી
૩૪. સહજાનંદ વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ	બી.કૉમ.માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એડ. સ્ટેટિસ્ટિક્સ, એસ.પી. કૉમ્પ્યુટર સાયન્સ
૩૫. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડા	બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર
૩૬. આર્ટ્સ કૉલેજ, લિમખેડા	બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, હિન્દી; બી.એ. (ગૌણ)માં સંસ્કૃત, ઇતિહાસ
૩૭. આર. એચ. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, હિન્દી, ઇતિહાસ અને અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર; બી.એ. (મુખ્ય)માં એડ. એકા. એન્ડ ઑડિટિંગ, આંકડાશાસ્ત્ર
૩૮. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ધંધુકા	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ
૩૯. આર્ટ્સ કૉલેજ ફોર વિમેન, ગાંધીનગર	ફર્સ્ટ બી.એ./સેકન્ડ બી.એ. (ચાલુ) થર્ડ બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાન, અંગ્રેજી, ગુજરાતી

૪૦. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, આદિપુર	બી.એ. (પ્રિન્સિ.)માં અંગ્રેજી, બી.એસ.સી. (સ્પે.)માં માઇક્રોબાયોલોજી
૪૧. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વસો	બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર, હિન્દી; બી.કૉમ.માં ઍડ. ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, બિઝનેસ મૅનેજમેન્ટ
૪૨. આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર	બી.એ. (પ્રિન્સિ.)માં સંસ્કૃત, અંગ્રેજી, સમાજશાસ્ત્ર, ઇતિહાસ, ગૃહવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, કૉમ્પ્યુટર મેથડ્સ, કૉ-ઓપરેશન, રાજ્યશાસ્ત્ર; તત્ત્વજ્ઞાન, ઉર્દૂ, ડીફેન્સ સ્ટડીઝ; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, એસ.પી., કૉમ્પ્યુટર સાયન્સ
૪૩. માલવણ આર્ટ્સ કૉલેજ, માલવણ	બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, ગુજરાતી, સમાજશાસ્ત્ર, હિન્દી; બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન
૪૪. ડી. સી. એમ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામ	બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, હિન્દી, ગૃહવિજ્ઞાન; બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ
૪૫. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલી	બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ
૪૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઝાલોદ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, સંસ્કૃત; બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.; બી.એ. (મુખ્ય)માં હિન્દી
૪૭. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	બી.એ. (મુખ્ય)માં ગૃહવિજ્ઞાન
૪૮. રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ (હિન્દી-ગુજરાતી માધ્યમ)	બી.એ. (પ્રિન્સ.)માં હિન્દી, ગુજરાતી, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર; બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી. આંકડાશાસ્ત્ર
૪૯. સાબરમતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., ઍડ. સ્ટેટિસ્ટિક્સ; બી.એ. (પ્રિન્સ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં માનસશાસ્ત્ર, હિન્દી, ઇતિહાસ
૫૦. પી. ડી. પંડ્યા મહિલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ.માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી., ઍડ. સ્ટેટિસ્ટિક્સ
૫૧. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુવાલ	બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્ર; બી.કૉમ.માં ઍડ. ઍકા.; બી.કૉમ. (ગૌણ)માં એસ.પી.
૫૨. ફિઝિકલ ઍજ્યુકેશન કૉલેજ, મહેમદાવાદ.	બી.પી.ઇ.ના અભ્યાસક્રમો
૫૩. સરકારી ઇજનેરી કૉલેજ, ગાંધીનગર	સેકન્ડ બી.ઇ.માં કેમિકલ, ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ થર્ડ બી.ઇ.માં કેમિકલ, ઇલેક્ટ્રિકલ ઇન્સ્ટ્રુમેન્ટેશન ઍન્ડ કન્ટ્રોલ
૫૪. વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	બી.કૉમ. (મુખ્ય)માં આંકડાશાસ્ત્ર; બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સ

(નોંધ:- નંબર ૩૫ અને ૪૪ રદ ગણવો.)

પરિશિષ્ટ "ગ"

બાબત ક્રમાંક ૮(૫)

સી.યુ. શાહ સાયન્સ કૉલેજ, અમદાવાદમાં કૉમ્પ્યુટર સાયન્સ મરજિયાત વિષયનું જોડાણ આપવા અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમે સ્થાનિક તપાસસિમિતિના સભ્યો તરીકે સી.યુ. શાહ સાયન્સ કૉલેજની તા. ૮-૨-૧૯૯૬ના રોજ મુલાકાત લીધી હતી. પ્રિન્સિપાલ ડૉ. આચાર્યે હાજર રહી પૂરી પાડેલી માહિતી નીચે પ્રમાણે છે :

૧. કૉમ્પ્યુટરની પ્રયોગશાળામાં બે ૩૮૬, એક ૨૮૬, ચાર એક્સ ટી અને એક પ્રિન્ટર મશીનો વસાવવામાં આવ્યાં છે.

૨. શ્રી એસ.એમ. પટેલ ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે અને શ્રી અનિલ એમ. કૉન્ટ્રાક્ટર પ્રોગ્રામર તરીકે સેવાઓ આપે છે.

૩. આ વિષયનાં આશરે ૧૧૪ જેટલાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે.

૪. આ વિષય પ્રથમ અને દ્વિતીય વર્ષ બી.એસસી.માં મરજિયાત વિષય તરીકે શીખવવામાં આવે છે અને પ્રવેશની મહત્તમ મર્યાદા ૩૦ વિદ્યાર્થીઓની છે.

ઉપલબ્ધ સવલતો તેમ જ સ્ટાફ પૂરતો જણાતાં સમિતિ નીચેની શરતોએ કૉમ્પ્યુટર સાયન્સ વિષયનું કાયમી જોડાણ આપવા ભલામણ કરે છે :

૧. પુસ્તકોપેટે વાર્ષિક રૂપિયા ૨૦૦૦નો અવર્તક ખર્ચ કરવામાં આવે.

૨. આ વિષયનાં પ્રતિષ્ઠિત ચાર જેટલાં સામયિકો નિયમિત મંગાવવામાં આવે.

૩. પ્રાયોગિક કાર્ય પ્રતિમશીન ફક્ત બે વિદ્યાર્થીઓની બૅચ બનાવી કરવામાં આવે અને ભવિષ્યમાં પ્રતિમશીન એક જ વિદ્યાર્થી પ્રમાણે પ્રાયોગિક કાર્ય કરવાનું લક્ષ રાખી ગોઠવણ કરવામાં આવે.

(સહી)
ડૉ. આર. પી. સોની
રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટર
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

(સહી)
ડૉ. ઓ. પી. સક્સેના
હેડ, બોટાની વિભાગ
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

પરિશિષ્ટ "છ"

બાબત ક્રમાંક ૮(૬)

પી. ડી. પંડ્યા મહિલા કૉમર્સ કૉલેજ (થોડાસર) વટવા, અમદાવાદની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમે ઉપરોક્ત કૉલેજની તા. ૩૦-૪-૧૯૯૬ના રોજ રૂબરૂ મુલાકાત લીધી હતી, કૉલેજના આચાર્યશ્રી પંડ્યા સાહેબે રૂબરૂ હાજર રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી અને કાયમી જોડાણ આપવા વિનંતી કરી હતી.

(૧) કૉલેજ અત્યારે મુખ્ય વિષય તરીકે "ઍડવાન્સ ઍકાઉન્ટિંગ ઍન્ડ ઑડિટિંગ" અને ગૌણ વિષય તરીકે "એસ.પી." અને "એડવાન્સ સ્ટેટિસ્ટિક્સ" વિષયના શિક્ષણનું જોડાણ શૈક્ષણિક વર્ષ ૧૯૯૫-૯૬ સુધીનું ધરાવે છે, આ સાથે કૉલેજને ત્રણ વર્ષ પૂરાં થાય છે.

(૨) કૉલેજ પાસે પોતાનું જરૂરી બધી જ સગવડો સાથેનું મકાન છે અને મકાનની પાસે જ તેમનું પોતાનું ખુલ્લું મેદાન પણ છે..

(૩) કૉલેજ પાસે ગ્રંથાલય અને વાચનખંડ પણ છે, કૉલેજે ગ્રંથાલયમાં આવર્તક ખર્ચપેટે ત્રણ વર્ષમાં રૂ. એક લાખ જેટલો ખર્ચ કર્યો છે.

(૪) પ્રથમ વર્ષ બી.કૉમ.થી થઈ બી.કૉમ. સુધીના અભ્યાસક્રમ અંગે કૉલેજની વિદ્યાર્થી-સંખ્યા ધ્યાનમાં લેતાં કુલ કાર્યભાર ગણતાં જરૂરી શિક્ષકગણમાં ખૂટતા અધ્યાપકો માટેની મંજૂરી કૉલેજે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરીમાંથી મેળવેલી છે, જે મુજબની કાર્યવાહી કૉલેજે કરી જૂન, ૧૯૯૬થી શરૂ થતા નવા વર્ષ-સત્રથી નિમણૂકો કરવાની છે.

કૉલેજ પાસેની ઉપરોક્ત ઉપલબ્ધ સગવડો જોતાં કૉલેજને નીચેની શરતોએ કાયમી જોડાણ આપવાની અમારી ભલામણ છે :

(૧) કૉલેજે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી તરફથી મંજૂરી અનુસારની શિક્ષકગણની પૂર્ણ સમયના અધ્યાપકોની અને ખંડ સમયના અધ્યાપકોની નિમણૂકો માટે સમયસર જરૂરી કાર્યવાહી કરી નિમણૂકો કરવામાં આવે.

(૨) ગ્રંથાલય અંગે જરૂરી આવર્તક ખર્ચ કરવામાં આવે.

સહી

પ્રિ. ડી. એમ. શીખ

પ્રિ. આર. એચ. વ્યાસ

પ્રો. એ. આર. શાહ

* * * * *

પરિશિષ્ટ "ચ"

બાબત ક્રમાંક ૮(૭)

દેસાઈ સી. એમ. આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, વિરમગામની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ઉપર્યુક્ત કૉલેજે સંસ્કૃત, હિન્દી, ગૃહવિજ્ઞાન તથા કૉમ્પ્યુટર વિષયમાં કાયમી જોડાણ માગ્યું છે તો તે સંદર્ભમાં અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યોએ સ્થળતપાસ કરી હતી. કૉલેજના આચાર્યશ્રી બી. આર. પટેલ તથા સંચાલકમંડળના પ્રમુખશ્રી એસ. કે. વોરાએ હાજર રહી બધી માહિતી પૂરી પાડી હતી.

હાલમાં એફ.વાય. બી.એ.માં 'ગૃહવિજ્ઞાન'માં ૪૨, હિન્દીમાં ૮૫, સંસ્કૃતમાં ૨૯ વિદ્યાર્થીઓ છે. જ્યારે કૉમપ્યુટર વિષયમાં એફ.વાય. બી.એ.માં ૨૨, એફ.વાય. બી.કૉમ.માં ૧૬ તથા એસ.વાય. બી.કૉમ.માં ૭ વિદ્યાર્થીઓ છે.

ગૃહવિજ્ઞાન વિષય માટે જરૂરી પ્રયોગશાળા બાંધવા માટે કૉલેજને ખાસ દાન મળ્યું છે એમ અમોને જણાવવામાં આવ્યું હતું. આ વિષયના તજ્ઞોની સલાહ પ્રમાણે પ્રયોગશાળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

કૉલેજનો પોતાનો કૉમ્પ્યુટર ખંડ છે તથા ચાર કૉમ્પ્યુટરો પણ છે. ફક્ત વિષયના પ્રાધ્યાપક હાજર ન હોવાથી યુનિવર્સિટીને નિર્ધારીત પ્રયોગ કરવામાં આવ્યા છે કે નહીં તેની માહિતી મળી શકી ન હતી.

આ સમિતિ ભલામણ કરે છે કે ગૃહવિજ્ઞાન તથા હિન્દી વિષયમાં કૉલેજને ત્રણ વર્ષ માટે જોડાણ આપવું. બંને વિષયમાં રૂ. ૧૦,૦૦૦ સુધીનાં પુસ્તકો વસાવવાં તથા જલદીથી ગૃહવિજ્ઞાનની પ્રયોગશાળાને કાર્યાન્વિત કરવી.

સંસ્કૃત તથા કૉમ્પ્યુટર વિષયમાં વિદ્યાશાખાને દિલચસ્પી ઓછી છે. આ બંને વિષયમાં પણ રૂ. ૧૦,૦૦૦ની કિંમતનાં આધારભૂત પુસ્તકો વસાવવાં. આ બંને વિષયો માટે એક વર્ષનું જોડાણ આપવા ભલામણ છે.

પ્રો. એસ. બી. વોરા

પ્રો. આર. કે. જોષી

પરિશિષ્ટ "છ"

બાબત ક્રમાંક ૮(૮)

ઉમા આર્ટ્સ કૉલેજ તથા નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર માટેની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીએ પત્રાંક નં. ઍકેડેમિક/૨૧/૨૪૫૬૪/૧૯૯૬ અન્વયે ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર, ઉમા આર્ટ્સ કૉલેજ તથા નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર માટે ભૂગોળ વિષયને મુખ્ય વિષય તરીકે માન્યતા અને જોડાણ મળે તે માટે સર્વશ્રી (૧) ડૉ. એન. જી. દીક્ષિત, રીડર ભૂગોળ ભવન, ગુજરાત યુનિવર્સિટી, (૨) આચાર્યશ્રી એ. યુ. પટેલ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, નવરંગપુરા, અમદાવાદ તથા (૩) આચાર્યશ્રી એન. યુ. રાજગુરુ, સુશીલાબહેન મહેતા આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદના સભ્યપદ સાથેની એક સ્થાનિક તપાસસમિતિની રચના કરી, આ વિષય અંગે તપાસ કરી હેવાલ રજૂ કરવા લેખિત જાણ ઉપરોક્ત પત્રાંકથી કરેલી, તેના અનુસંધાનમાં સમિતિના ત્રણેય સભ્યોએ તા. ૪-૩-૧૯૯૬ના રોજ સવારે ૧૦-૩૦થી ૧૨-૩૦ દરમિયાન ઉમા આર્ટ્સ કૉલેજની રૂબરૂ મુલાકાત લઈ સઘળી બાબતની જાતતપાસ કરી હતી.

આ તપાસ દરમિયાન સદરહુ કૉલેજ તરફથી (૧) સંચાલન સમિતિના માનદ મંત્રીશ્રી માણેકભાઈ પટેલ (૨) આચાર્યશ્રી ડૉ. એસ. સી. પટેલ તથા (૩) ભૂગોળ વિષયનાં ખંડ સમયનાં અધ્યાપિકા શ્રીમતી ફાલ્ગુની પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં તથા સમિતિના સભ્યોએ પૂછેલા પ્રશ્નોના ઉત્તરો તથા માગેલી માહિતી પૂરી પાડી હતી.

સમિતિની તપાસ દરમિયાન નીચેની હકીકત સ્પષ્ટ થઈ હતી જેની નોંધ સર્વાનુમતે આ સાથે કરવામાં આવી છે :

૧. કૉલેજમાં હાલ ભૂગોળ વિષયનું અધ્યાપનકાર્ય એફ.વાય.બી.એ. કક્ષાઓ દ્વિતીય ગૌણ વિષય તરીકે કરવામાં આવે છે. તે માટે કૉલેજે ૦૬ તાસ માટે શ્રીમતી ફાલ્ગુની પટેલને ખંડ સમયનાં અધ્યાપિકા તરીકેની નિમણૂક આપેલી છે.

૨. કૉલેજના આચાર્યશ્રીએ રૂબરૂ આપેલી માહિતી અનુસાર સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગરમાં ભૂગોળ વિષયમાં એફ.વાય.બી.એ.માં મુખ્ય વિષયમાં ૭૮, પ્રથમ ગૌણમાં ૩૬૫, એસ.વાય.બી.એ.માં મુખ્ય વિષયમાં ૩૫, પ્રથમ ગૌણમાં ૧૯૧ અને ટી.વાય.બી.એ.માં ૪૦ વિદ્યાર્થીઓની સંખ્યા છે.

ઉપરની સંખ્યાને ધ્યાનમાં લેતાં આર્ટ્સ કૉલેજને ભૂગોળ વિષયનું જોડાણ આપવાથી તે કૉલેજની સંખ્યા ઉપર કોઈ વિપરીત અસર પડે તેમ નથી, તેવો મત બાંધી શકાય છે. આ ઉપરાંત પ્રથમ ગૌણ માટે દર્શાવેલી વધુ સંખ્યાને ધ્યાનમાં લઈએ તો ઉમા આર્ટ્સ તથા નાથીબા કૉમર્સ કૉલેજને જૂન, ૧૯૯૬થી પ્રથમ અને દ્વિતીય વર્ષમાં મુખ્ય વિષય તરીકે ભૂગોળ વિષયનું જોડાણ આપવાથી ન્યૂનતમ સંખ્યા તથા સ્ટાફની નિમણૂક થયાં પછી પણ સંખ્યાનો કોઈ પ્રશ્ન રહેવાનો નથી.

૩. કૉલેજના આચાર્યશ્રી તથા મૅનેજમેન્ટના માનદ મંત્રીશ્રીએ જરૂરી ખર્ચ કરી, સમિતિ ખર્ચ અંગેની જે શરતો મૂકે તે જૂન ૧૯૯૬ સુધીમાં પૂરી કરવાની મૌખિક ખાતરી આપી છે.

૪. સમિતિએ પુસ્તકાલય તથા ભૂગોળ વિષય માટેનો સૂચિત પ્રાયોગિક ખંડ જાતે તપાસ્યો હતો અને જરૂરી ફર્નિચર માટે અન્ય સૂચનો કર્યાં હતાં.

૫. સમિતિએ હાલના પુસ્તકાલયની રૂબરૂ મુલાકાત લીધી હતી અને ભૂગોળ વિષયનાં કેટલાં પુસ્તકો છે તેની ચકાસણી કરી હતી. તેના અનુસંધાને જોડાણની શરતોના ભાગરૂપે ન્યૂનતમ પુસ્તકો ખરીદવા માટેનું સૂચન સામેલ કર્યું છે.

ઉપરોક્ત માહિતીના અનુસંધાનમાં આ સમિતિની એક બેઠક વધુ ચર્ચાવિચારણા માટે એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ ખાતે મળી હતી. આ સમિતિ નીચેની શરતોનું પાલન સદરહુ કૉલેજ જૂન, ૧૯૯૬ સુધીમાં કરે તો કૉલેજને આગામી જૂન, ૧૯૯૬થી શરૂ થતા શૈક્ષણિક વર્ષથી જૂન, ૧૯૯૭ સુધીના એક વર્ષ માટે એફ.વાય. તથા એસ.વાય. બી.એ.ના વર્ગોમાં ભૂગોળ વિષય માટેનું મુખ્ય તથા પ્રથમ ગૌણ વિષય તરીકેનું જોડાણ તથા માન્યતા આપવા માટે યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રીને સર્વાનુમતે ભલામણ કરે છે.

જૂન ૧૯૯૬થી ભૂગોળ વિષય શરૂ કરવા માટે સદરહુ કૉલેજે અમલમાં મૂકવાની શરતો

(૧) સદરહુ કૉલેજે તા. ૧૫-૬-૧૯૯૬ પહેલાં ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણો મુજબ, ભૂગોળ વિષય માટે જરૂરી કદ, ફરનિચર, હવાઉજાસ સાથેનો વિદ્યાર્થીઓ જરૂરી પ્રાયોગિક કાર્ય કરી શકે તેવો અલાયદો પ્રાયોગિક ખંડ કાયમી ધોરણે ફાળવી તેની વિગતો સત્ર શરૂ થાય તે પહેલાં રજિસ્ટ્રાર, ગુજરાત યુનિવર્સિટીને જાણ કરશે.

(૨) સદરહુ કૉલેજ તા. ૧૫-૬-૧૯૯૬ સુધીમાં પ્રવેશકાર્ય શરૂ કરે તે પહેલાં ઓછામાં ઓછી રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર)ની રકમ ખર્ચ કરીને ભૂગોળ વિષયને લગતાં પુસ્તકો ગ્રંથાલયમાં વસાવશે અને તેની જાણ પુસ્તકોની યાદી સાથે રજિસ્ટ્રારને કરશે.

(૩) સદરહુ કૉલેજ તા. ૧૫-૬-૧૯૯૬ સુધીમાં પ્રવેશકાર્ય શરૂ કરે તે પહેલાં ભૂગોળ વિષય માટે ફાળવેલ અલાયદા પ્રાયોગિક ખંડમાં વિદ્યાર્થીઓ સાનુકૂળતાથી બેસી શકે તેવું જરૂરી ફર્નિચર વસાવીને, તે ખર્ચ ઉપરાંત ભૂગોળ વિષય માટે જરૂરી બધાં સાધનો, ઇક્વિપમેન્ટ્સ, નકશા વગેરે રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચાસ હજાર)ના ખર્ચે વસાવીને તેની લેખિત જાણ ગુજરાત યુનિવર્સિટીને કરશે.

(૪) પ્રથમ વર્ષ/દ્વિતીય વર્ષમાં ભૂગોળના મુખ્ય, પ્રથમ ગૌણ તથા દ્વિતીય ગૌણ વર્ગોમાં આગામી શૈક્ષણિક સત્ર માટે પ્રવેશકાર્ય શરૂ થાય તે પહેલાં, સદરહુ કૉલેજના આચાર્યશ્રીએ આપેલી માહિતી અનુસાર, ૨૧ વ્યાખ્યાનો તથા ૬ પ્રેક્ટિકલ સેશન્સનો કાર્યભાર થાય છે, તેના અનુસંધાને ગુજરાત યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસારની લાયકાત ધરાવતા ભૂગોળ વિષયના પૂર્ણ સમયના બે વ્યાખ્યાતાઓની નિમણૂક જૂન, ૧૯૯૬ પહેલાં કરીને ગુજરાત યુનિવર્સિટીને જાણ કરવાની રહેશે.

સમિતિના સભ્યોની સહી

ડૉ. એન. જી. દીક્ષિત

આચાર્યશ્રી એ. યુ. પટેલ

આચાર્યશ્રી એન. યુ. રાજગુરુ

પરિશિષ્ટ "જ"

બાબત ક્રમાંક ૮(૯)

એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ માટે નિયુક્ત સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

૧. સાદર—ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદના આચાર્યશ્રીએ એક અરજી નિયતપત્રકમાં યુનિવર્સિટીને પાઠવી, તેમની કૉલેજમાં હાલમા હંગામી જોડાણના ધોરણે ચાલતા "ડિપ્લોમા ઇન ટેક્સેશન લૉ ઍન્ડ પ્રેક્ટિસ"ના અભ્યાસક્રમો માટે કાયમી જોડાણની મંજૂરી આપવા વિનંતી કરી હતી.

૨. આ અંગે કુલપતિશ્રીએ સંદર્ભમાં નિર્દેશ કરેલ પત્રથી સ્થાનિક સમિતિ ઉપર મારી તથા પ્રો. એન. કે. પાઠક—એમ બે સભ્યોની નિમણૂક કરી, લૉ કૉલેજ, નડિયાદની અરજીની નકલ તથા સ્થાનિક સમિતિએ તપાસ માટે લક્ષમાં લેવાની સૂચનાઓ ઇત્યાદિ પત્રોની નકલ આપી, તે કૉલેજની તપાસ કરી અમારો હેવાલ યુનિવર્સિટીને મોકલવા જણાવ્યું હતું.

૩. તદનુસાર સ્થાનિક સમિતિના અમે બંને સભ્યો ગુરુવાર, તા. ૧૮-૧-૧૯૯૬ના રોજ ઉપરોક્ત તપાસ અર્થે લૉ કૉલેજ, નડિયાદની મુલાકાતે ગયા હતા.

૪. એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ પાસે પ્રથમ, દ્વિતીય અને તૃતીય એલએલ.બી.ના અભ્યાસક્રમના વર્ગો ચલાવવા માટે કાયમી જોડાણ અંગેની યુનિવર્સિટીની મંજૂરી છે.

૫. નડિયાદ લૉ કૉલેજમાં ઉપર જણાવેલ ડિપ્લોમાનો અભ્યાસક્રમ ચલાવવા યુનિવર્સિટીએ તા. ૧૫-૬-૧૯૯૨થી તા. ૧૪-૬-૧૯૯૬ સુધીના સમય માટે જોડાણ આપેલ છે. હવે તે કૉલેજે સદર ડિપ્લોમા ચલાવવા કાયમી જોડાણ યુનિવર્સિટી પાસે માગ્યું છે.

૬. નડિયાદ લૉ કૉલેજ પાસે યુનિવર્સિટીના નિયમોનુસાર પૂરતી સગવડતાવાળું મકાન છે, ડિપ્લોમાનો વર્ગ ચલાવવા માટે એક વધારાના રૂમની કૉલેજ પાસે વ્યવસ્થા છે અને સદર ડિપ્લોમા વિદ્યાર્થીઓ હાલ તે રૂમમાં બેસે છે.

૭. આ ડિપ્લોમાના શૈક્ષણિક સ્ટાફમાં હાલ લૉ કૉલેજના આચાર્ય, એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા તથા એક ખંડ સમયના વ્યાખ્યાતા છે; જેઓને ડિપ્લોમા અભ્યાસક્રમ માટે યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે કાર્યભાર ફાળવેલ છે.

૮. યુનિવર્સિટીની મંજૂરી પ્રમાણે શૈક્ષણિક વર્ષ ૧૯૯૨-૯૩, ૧૯૯૩-૯૪ અને ૧૯૯૪-૯૫ એમ છેલ્લાં ત્રણ વર્ષથી ડિપ્લોમા અભ્યાસક્રમ લૉ કૉલેજ, નડિયાદમાં ચાલે છે. આ ડિપ્લેમાના વિદ્યાર્થીઓએ વર્ષાન્તે આપેલ યુનિવર્સિટીની પરીક્ષાઓનાં પરિણામોની માર્ક્સની ટકાવારીમાં વર્ષવાર ઉત્તરોત્તર વૃધ્ધિ જોવા મળી છે. આ બાબતે સંસ્થાના આચાર્યશ્રીનો પત્ર સામેલ છે. (અત્રે નથી)

૯. આ કૉલેજમાં શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનો કોઈ ક્લેઇમ સંસ્થા પાસે બાકી પડતો નથી. આ બાબતે સંસ્થાના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર આ સાથે સામેલ છે અને તે અંગે રૂબરૂ ખાતરી કરી છે.

૧૦. નડિયાદ લૉ કૉલેજમાં ચાલતા પ્રથમ, દ્વિતીય, અને તૃતીય, એલએલ.બી.ના વર્ગો માટેનો શૈક્ષણિક કાર્યભાર આ ડિપ્લોમાના શૈક્ષણિક કાર્યભારની વ્યવસ્થા કરતાં કોઈ શિક્ષકનો કાર્યભાર યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર વધવો જોઈએ નહીં અને જો તે વધતો હોય તો વધારાના શિક્ષક રાખવા જોઈએ અથવા વધારાનો કાર્યભર અદા કરતા શિક્ષકને વધારાનું વેતન આપવું જોઈએ.

બિનશિક્ષક કર્મચારીઓને પણ ડિપ્લોમા લેતા લૉ કૉલેજ નડિયાદને ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉ ઍન્ડ પ્રેક્ટિસનો અભ્યાસક્રમ ચલાવવા માટે કાયમી જોડાણની મંજૂરી આપવા સ્થાનિક સમિતિના અમો બંને સભ્યો સર્વાનુમતે યુનિવર્સિટીને ભલામણ કરીએ છીએ.

આભારસહ.

બિડાણ:-ઉપર પ્રમાણે.

આપનો વિશ્વાસુ,
બી. સી. પટેલ
એન. કે. પાઠક

પરિશિષ્ટ "ઝ"

બાબત ક્રમાંક ૮(૧૦)

નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ, જિ. પંચમહાલની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

૧૯૯૫-૯૬ના વર્ષે સાયન્સ કૉલેજમાં વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૨૮૬ જેટલી છે, તૃતીય વર્ષમાં ફક્ત રસાયણશાસ્ત્રનું મુખ્ય વિષય તરીકે અધ્યયન કરાવવામાં આવે છે, તૃતીય વર્ષમાં વિદ્યાર્થીઓની સંખ્યા આશરે ૮૫ છે, ઉપરાંત એમ.એસસી. કક્ષાએ રસાયણશાસ્ત્રના અધ્યયનની સુવિધા છે.

મુખ્ય વિષય તરીકે રસાયણશાસ્ત્ર તથા ગૌણ વિષયો ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, બોટાની તથા પ્રાણીશાસ્ત્રના અધ્યયનની પૂરતી સગવડતા છે.

સ્થાનિક તપાસસમિતિ નીચે પ્રમાણે ભલામણ કરે છે :

૧. રસાયણશાસ્ત્ર વિભાગના એક પણ સ્ટાફ મેમ્બરને છૂટા ન કરવામાં આવે તે શરતે ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, બોટાની તથા પ્રાણીશાસ્ત્ર ચારેય વિષયોની દ્વિતીય વર્ષમાં મુખ્ય વિષય તરીકે ભણાવવાની શૈક્ષણિક વર્ષ ૧૯૯૬-૯૭ જૂનથી કાયમી મંજૂરી આપવામાં આવે. આ પ્રમાણે મંજૂરી આપવાથી સ્ટાફની નવી નિમણૂક કરવાની જરૂરિયાત ઉપસ્થિત થતી નથી.

૨. તૃતીય વર્ષમાં મુખ્ય વિષય તરીકે ઉપરોક્ત વિષયોના અધ્યયન માટે યુનિવર્સિટીએ સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરવી અને તપાસસમિતિની ભલામણ મુજબ જોડાણની કાર્યવાહી કરવી.

૩. ઉપરોક્ત ચાર વિષયોને વર્ષ ૧૯૯૬-૯૭થી દ્વિતીય વર્ષમાં મુખ્ય વિષયો તરીકે આપવામાં આવે તે ધ્યાનમાં રાખી કૉલેજના પુસ્તકાલયમાં વિષયોના સંદર્ભે પુસ્તકો વસાવવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. સંદર્ભ પુસ્તકો માટે કૉલેજ તરફથી અમારો સંપર્ક સાધવામાં આવશે તો આ કાર્ય માટે મદદ કરવામાં અમને આનંદ થશે.

૪. કૉલેજના કેમ્પસમાં વિદ્યાર્થિનીઓ માટે પૂરતો અલાયદો ખંડ રાખવામાં આવે અને લાઇબ્રેરીમાં વિજ્ઞાન વિષયને લગતાં સામયિકો અને જર્નલો કૉલેજ મંગાવે તેવી ભલામણ છે.

પ્રિ. સી. બી. ગેમાવત
પ્રિ. એન. આઈ. દાણી
પ્રો. યુ. એમ. રાવલ

પરિશિષ્ટ "૮"

બાબત ક્રમાંક ૮(૧૧)

બી.એડ્.માં પ્રવેશ માટેના નિયમો

૧૯૯૬-૯૭

નોંધ:-સદર નિયમોનો અમલ જૂન, ૧૯૯૬થી શરૂ થતા શૈક્ષણિક વર્ષ માટેના પ્રવેશથી થશે.

૧. પ્રવેશ અરજીઓની સ્વીકૃતિ અંગે :

(ક) એક પ્રવેશાર્થીએ એક જ પ્રવેશપત્ર ભરવું. એકથી વધારે પ્રવેશપત્ર ભરનાર પ્રવેશાર્થીનાં પ્રવેશપત્રો રદ થવાને પાત્ર છે.

(ખ) અરજીપત્રક સંપૂર્ણ ભરીને બી.એડ્. પ્રવેશસમિતિ, મનોવિજ્ઞાન ભવન, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯–એ સરનામે જ નિયત કરેલી છેલ્લી તારીખ સુધીમાં મોકલવું. અન્યત્ર મોકલાયોલાં પ્રવેશપત્રો સ્વીકારાશે નહીં.

(ગ) પ્રવેશપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ પછી રૂબરૂ કે ટપાલ દ્વારા આવેલાં પ્રવેશપત્રો માન્ય રાખવામાં આવશે નહીં.

(ઘ) અધૂરી અને/અથવા વિરોધાભાસી વિગતો ભરેલાં અરજીપત્રક રદ થશે.

(ચ) સ્નાતક થયેલા અથવા ચાલુ વર્ષે ફક્ત ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતકની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ પ્રવેશપત્રો ભરી શકશે. ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતક પરીક્ષા આપનાર ઉમેદવારે તેના પરિણામ બાદ યુનિવર્સિટી ગુણપત્રકો જે તારીખે જે તે કૉલેજને મોકલે તે તારીખથી દિન દશમાં પોતાના ગુણપત્રકની પ્રમાણિત ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે. ચાલુ વર્ષે પરીક્ષામાં બેસનાર પ્રવેશાર્થીએ પ્રવેશપત્રની સાથે સ્નાતક કક્ષાએ જે મુખ્ય વિષય રાખ્યો હોય તે દર્શાવતું કૉલેજના આચાર્યશ્રીનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે.

(છ) પ્રવેશાર્થીએ અરજીપત્રક સાથે જરૂરી પ્રમાણપત્રો/ગુણપત્રકોની નકલો બીડેલી હોવી જોઈશે. વિષયો દર્શાવતું પાર્સિંગ સર્ટિફિકેટનું અડધિયું, ગુણપત્રક સાથે જોડેલું રાખીને ઝેરોક્ષ કરાવી મોકલવું જરૂરી છે. યોગ્ય અધિકારી હોય તેના સહી/સિક્કા ઝેરોક્ષ ખરી નકલ પર કરાવવા ફરજિયાત છે. જે યુનિવર્સિટીના માર્કશીટના પાછળના ભાગમાં વિષયો કે ગ્રેડના કોડ હોય તેઓએ માર્કશીટની બંને બાજુની ઝેરોક્ષ મોકલવી.

(જ) અન્ય યુનિવર્સિટીના પ્રવેશાર્થીઓ તેમ જ ગુજરાત યુનિવર્સિટીમાંથી સ્નાતક ડિગ્રી લીધા પછી અન્ય યુનિવર્સિટીમાં અભ્યાસ શરૂ કરેલ હોય તેવા પ્રવેશાર્થીઓએ ગુજરાત યુનિવર્સિટીમાંથી ૧૯૯૬-૯૭ માટેનું પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવી તેની પ્રમાણિત ઝેરોક્ષ નકલ અરજીપત્રક સાથે અવશ્ય જોડવાની રહેશે. પ્રવેશ અરજીની સાથે જ પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ જોડવાનું રહેશે. ૧૦+૨+૩ની પેટર્નમાં સ્નાતક થયેલાઓએ એલિજિબિલિટી મેળવવા ધો. ૧૨ તથા સ્નાતકનાં ગુણપત્રકો અને પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ અસલની સાથે ગુજરાત યુનિવર્સિટીમાં જે તે વિભાગમાં રજૂ કરવાની રહેશે. ૧૧+૪ પેટર્નવાળાએ ધો. ૧૧ તથા સ્નાતકના પ્રમાણપત્ર/ગુણપત્રકની પ્રમાણિત નકલ અસલની સાથે જોડવાની રહેશે. તેવી જ રીતે ૧૦+૨+૨ પેટર્નવાળાએ જે તે યુનિવર્સિટીના સ્નાતક/અનુસ્નાતક પ્રમાણપત્રની તથા ગુજરાત યુનિવર્સિટીના છેલ્લા વર્ષના ગુણપત્રકની પ્રમાણિત નકલ અસલની સાથે રજૂ કરવાની રહેશે.

યુ.જી.સી. માન્ય યુનિવર્સિટીના સ્નાતક/અનુસ્નાતક ઉમેદવારો પ્રવેશપાત્ર ગણાશે. પ્રોવિઝનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ મેળવવા માટે પ્રવેશસમિતિ સાથે પત્રવ્યવહાર કરવો નહીં. આ સર્ટિફિકેટ ગુજરાત યુનિવર્સિટી કાઢી આપે છે.

પ્રોવિઝનલ અલિજિબિલિટી સર્ટિફિકેટની નકલ વગરનું પ્રવેશપત્ર આપોઆપ અમાન્ય ઠરે છે. આ માટે પ્રવેશસમિતિ પત્રવ્યવહાર કરશે નહીં. આ સર્ટિફિકેટ ૧૯૯૬-૯૭ની સાલ માટેનું નહિ હોય તો પ્રવેશપત્ર અમાન્ય થશે.

૨. બેઠકોની ફાળવણી

(ક) પ્રવેશાર્થીઓ પૈકી જેઓ પ્રવેશના વર્ષના અગાઉનાં વર્ષોમાં સ્નાતક થયા હશે તેમને કૉલેજની કુલ બેઠકો પૈકી ૯૦ ટકા બેઠકો ફાળવવામાં આવશે.

(ખ) બાકીની ૧૦ ટકા બેઠકો ચાલુ વર્ષે ગુજરાત યુનિવર્સિટીની સંલગ્ન કૉલેજોમાંથી જ સ્નાતકની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર પ્રવેશાર્થીઓને ફાળવવામાં આવશે.

૩. **પ્રદેશ મુજબ અનામત અને બિનઅનામત બેઠકોની ફાળવણી :**

(ક) જિલ્લાની ગુજરાત યુનિવર્સિટી સાથેની હાલ સંલગ્ન કૉલેજોમાંથી સ્નાતક કે અનુસ્નાતક થયેલા અનામત કે બિનઅનામત વિદ્યાર્થીઓ માટે ઓછામાં ઓછા ૭૫ ટકા વિદ્યાર્થીઓ તે જ જિલ્લાની બી.એડ્. કૉલેજમાં પ્રવેશપાત્ર રહેશે.

વધુમાં વધુ ૧૫ ટકા બેઠકો ગુજરાત યુનિવર્સિટી સાથે હાલ સંલગ્ન એવી અન્ય જિલ્લાની કૉલેજોમાંથી સ્નાતક કે અનુસ્નાતક થયેલા અનામત કે બિનઅનામત વિદ્યાર્થીઓમાંથી ગુણાનુક્રમે ભરવામાં આવશે. આમ કુલ ૯૦ ટકા બેઠકો ગુજરાત યુનિવર્સિટીની હાલ સંલગ્ન કૉલેજમાં અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓ માટે રહેશે.

(ખ) ગુજરાત રાજ્યની અન્ય યુનિવર્સિટીઓના અરજદારો માટે ૮% (આઠ ટકા) બેઠકો રહેશે. (ઉત્તર ગુજરાત યુનિવર્સિટી સાથે હાલ જે સંલગ્ન કૉલેજો છે તે કૉલેજોમાંથી હાલ. કે અગાઉ સ્નાતક કે અનુસ્નાતક થનાર પ્રવેશાર્થીઓનો આ આઠ ટકામાં સમાવેશ થશે.)

(ગ) રાજ્ય બહારની અને ગુજરાત યુનિવર્સિટીએ માન્ય કરેલ યુનિવર્સિટીમાંથી સ્નાતક કે અનુસ્નાતક થનાર પ્રવેશાર્થીનું પ્રમાણ વધુમાં વધુ ૨ (બે) ટકા રહેશે.

(ઘ) અનામત બેઠકોનું પ્રમાણ ગુજરાત યુનિવર્સિટીનાં પ્રવર્તમાન ધારાધોરણ અનુસાર જાળવવામાં આવશે. અનામત બેઠકની કોઈ પણ કક્ષામાં પ્રવેશ મેળવવા માગતા પ્રવેશાર્થીએ ગુજરાત સરકારના સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે જોડવાનું રહેશે. અધિકૃત પ્રમાણપત્ર નહિ હોય તો તેવા પ્રવેશાર્થીને બિનઅનામત કેટેગરીમાં મૂકવામાં આવશે. અનામત જગ્યાઓ ગુજરાત રાજ્યના ઉમેદવારોમાંથી જ જગ્યાઓ તરીકે પ્રત્યેક કૉલેજમાં પૂરવામાં આવશે. અનામત જગ્યાઓ ગુજરાત યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો અનુસાર ભરવામાં આવશે.

૪. **જિલ્લાનું અર્થઘટન :**

(ક) માધ્યમિક કક્ષાના વિષયો માટે પ્રવેશાર્થીએ જે જિલ્લાની કૉલેજમાંથી સ્નાતક પરીક્ષા પસાર કરી હશે તે તે જિલ્લાનો ગણાશે. તે જ રીતે ઉચ્ચતર માધ્યમિક કક્ષાના વિષયોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા પ્રવેશાર્થીએ અનુસ્નાતક પરીક્ષા જે જિલ્લામાંથી ઉત્તીર્ણ કરી હશે તે તે જિલ્લાનો ગણાશે.

(ખ) ગુજરાત યુનિવર્સિટીમાંથી એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે સ્નાતક કે અનુસ્નાતક પરીક્ષા ઉત્તીર્ણ કરનાર પ્રવેશાર્થી જો અમદાવાદ, ગાંધીનગર, ખેડા, કચ્છ, પંચમહાલ કે વડોદરા જિલ્લાના વતની હોય અને પોતાના જિલ્લાની બી.એડ્. કૉલેજમાં પ્રવેશનો લાભ મેળવવા માગતા હોય તો તેમણે પોતાના વતનના જિલ્લાના સક્ષમ અધિકારીનું અધિનિવાસ (domicile)નું નિયત પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. માધ્યમિક શાળાના વિષયોમાં સ્નાતક થયેલા એક્સ્ટર્નલ ઉમેદવારો તેમ જ ઉચ્ચતર માધ્યમિક શાળાના વિષયોમાં એક્સ્ટર્નલ અનુસ્નાતક થયેલ ગુજરાત યુનિવર્સિટીના ઉમેદવારોને આ લાભ મળશે.

(ગ) ગુજરાત યુનિવર્સિટી વિસ્તારમાં આવેલી એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી સંલગ્ન કૉલેજમાંથી સ્નાતક કે અનુસ્નાતક થયેલી બહેનોએ પ્રવેશ-અરજી સાથે અધિનિવાસ (domicile) પ્રમાણપત્ર જોડેલું હશે તો જ તેમને જે તે જિલ્લામાં મેરિટ અનુસારે પ્રવેશ આપવામાં આવશે.

(ઘ) જિલ્લાના કાયમી વતની પુરુષ સાથે લગ્ન કરેલ હોય તેવી સ્ત્રી-પ્રવેશાર્થીએ કે જેમણે જિલ્લા બહારની કૉલેજ કે યુનિવર્સિટીમાંથી સ્નાતક/અનુસ્નાતકની પદવી મેળવી હોય તેમણે અરજીપત્રક સાથે **લગ્નનું અધિકૃત પ્રમાણપત્ર અથવા પ્રથમ કક્ષાના મેજિસ્ટ્રેટ સમક્ષનું સોગંદનામું અને પતિનું અધિનિવાસ (domicile) પ્રમાણપત્ર અથવા પોતાના નામનું અધિનિવાસ જોડેલું હશે તો જ તેમને જે તે જિલ્લાનો લાભ મળી શકશે.**

નોંધ :- જે પ્રવેશાર્થીઓની માતૃભાષા ગુજરાતી નહીં હોય, તેઓ ગુજરાતી ભાષામાં વ્યાખ્યાનો સમજવાની, ચર્ચામાં ભાગ લેવાની, કૉલેજોના એસાઇનમેન્ટ કરવાની તથા શાળાઓમાં અધ્યાપનકાર્ય કરવાની પર્યાપ્ત ક્ષમતા ધરાવતા નહીં હોય તો આચાર્યને પ્રવેશ રદ કરવાની સત્તા રહેશે. આચાર્યે આવા કિસ્સામાં પ્રવેશ રદ કર્યાની જાણ પ્રવેશસમિતિને કરવાની રહેશે.

૫. **મેરિટ ગુણની ગણતરી બાબત :**

(ક) પ્રવેશાર્થીએ પ્રવેશપત્ર ભરતી વખતે જે પરીક્ષા પસાર કરી હશે તે ગુણાંક પરથી જ મેરિટ ગણવામાં આવશે. અનુસ્નાતક પરીક્ષાનું પરિણામ બાકી હોય તો ફોર્મ ભર્યા બાદ એ ગુણ ઉમેરવામાં આવતા નથી.

(ખ) ગુણવત્તા યાદી (Merit list) તૈયાર કરવા માટે નીચે પ્રમાણે ગુણાંકન (Merit Marks) ગણાશે :

(૧) ટી.વાય. (સ્નાતક) પરીક્ષાના ફક્ત એક્સ્ટર્નલ (External) ગુણોના ટકા.

(૨) સ્નાતક કક્ષાએ જે મુખ્ય વિષય લીધો હોય તે જ વિષયમાં ઓછામાં ઓછાં ચાર પેપર અનુસ્નાતક કક્ષાએ લીધાં હોય અને અનુસ્નાતક પ્રથમ અને દ્વિતીય એમ બંને ભાગની પરીક્ષાઓમાં પાસ થયેલ હોય તો કુલ ગુણના ૨૦ ટકા ઉમેરવામાં આવશે.

(૩) પ્રત્યેક સ્નાતક/અનુસ્નાતક અભ્યાસક્રમ માટે નિયત થયેલા પ્રયત્નો કરતાં જેટલા પ્રયત્નો વધુ થયા હોય તેવા વધારાના પ્રત્યેક પ્રયત્ન માટે એક ગુણાંક (મેરિટ માર્ક્સ) કપાત કરવામાં અવશે. વધુમાં વધુ પાંચ ગુણાંક કાપી શકાશે. વચ્ચે પરક્ષા ન આપી હોય તેવા કિસ્સામાં અચાર્યનું પ્રથમ પ્રયત્નનું પ્રમાણપત્ર સામેલ રાખવું.

(૪) સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ પ્રાપ્ત કરેલ આંતરિક ગુણ (Internal marks) મેરિટ ગુણમાં ગણાશે નહી.

(૫) બે કે તેથી વધુ પ્રવેશાર્થીઓના મેરિટ ગુણ એકસરખા થતા હશે તો તે પ્રવેશાર્થીઓના તેમણે પસાર કરેલ (અ) એસ.વાય. પરીક્ષાના ગુણની ટકાવારી ધ્યાનમાં લેવાશે. (આ) આમ છતાં જો બે ઉમેદવારોના ગુણ સરખા થતા હશે તો એફ.વાય. પરીક્ષાના ગુણની ટકાવારી લક્ષમાં લઈ મેરિટને આધારે પ્રવેશ નક્કી કરાશે.

(૬) **મેરિટ કાર્ડની કેટલીક વિગતો સાથેનો સ્વીકારપત્ર (Acknowledgement) પ્રવેશ પહેલાં પ્રવેશાર્થીને મોકલી આપવામાં આવશે. તેમાં જો કોઈ ક્ષતિ જણાય તો તે અંગેનો લેખિત વાંધો પ્રવેશસમિતિ સમક્ષ દિન સાતમાં નોંધાવવો. એ પછી આવેલ વાંધાઓ ધ્યાનમાં લેવાશે નહીં.**

૬. વિષયપદ્ધતિ અનુસાર પ્રવેશ :

(૧) કૉલેજોમાં શીખવવામાં આવતી વિષયપદ્ધતિઓ પૈકીની જે એક વિષયપદ્ધતિમાં સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને એ વિષયપદ્ધતિમાં મેરિટના ક્રમમાં પ્રથમ પ્રવેશ અપાશે.

૧૦ + ૨ + ૩ પેટર્નમાં ત્રીજા વર્ષની ડિગ્રી પરીક્ષા અથવા ૧૧ + ૪ની પેટર્નમાં ચોથા વર્ષની ડિગ્રી પરીક્ષા પસાર કરી હોય તે અથવા ૧૦ + ૨ + ૨ની પેટર્નમાં સ્નાતક ડિગ્રી પરીક્ષા પસાર કર્યા બાદ અનુસ્નાતક ડિગ્રી પરીક્ષા પસાર કરી હોય તેવા ઉમેદવારોને સ્નાતક સમકક્ષ ગણીને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.

૧૦ + ૨ + ૨ની પેટર્નમાં ફક્ત સ્નાતક જ થયેલા વિદ્યાર્થીઓએ જે વિષયમાં ડિગ્રી પરીક્ષા પસાર કરી હોય તે વિષય સાથે આ યુનિવર્સિટી (ગુજરાત યુનિવર્સિટી)ની તૃતીય વર્ષની પરીક્ષા પસાર કર્યા બાદ જ તેવા વિદ્યાર્થીઓ બી.એડ્.માં પ્રવેશપાત્ર બનશે.

(૨) ઉપર (૧) મુજબ પ્રવેશ અપાયા બાદ ખાલી જગ્યાઓ રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પ્રથમ ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના મેરિટ ગુણના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ અપાશે.

(૩) ઉપર (૧) અને (૨) મુજબ પ્રવેશ અપાયા બાદ જગ્યાઓ ખાલી રહેશે તો સ્નાતક કક્ષાએ દ્વિતીય ગૌણ વિષય હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના મેરિટ ગુણના ક્રમ પ્રમાણે એ વિષયપદ્ધતિમાં પ્રવેશ અપાશે.

(૪) ઉપર (૧), (૨) અને (૩) મુજબ પ્રવેશ અપાયા બાદ ખાલી જગ્યા રહે તો સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ મુખ્ય કે ગૌણ વિષયો તરીકે નીચેના વિષયો ધરાવતા હોય તેવા પ્રવેશાર્થીઓને તેમના મેરિટ ગુણના ક્રમ પ્રમાણે નીચે ગ્રુપ-૨માં જણાવ્યા પ્રમાણેની વિષયપદ્ધતિમાં પ્રવેશ અપાશે; આવો પ્રવેશ આપતી વખતે જિલ્લા અને યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર અગ્રિમતા અપાશે.

વિષયપદ્ધતિ–વિભાગ બીજો (Group II)

મુખ્ય/ગૌણ વિષયો માટે	નક્કી થયેલ વિષયપદ્ધતિ
૧. પ્રાકૃત, અર્ધમાગધી	સંસ્કૃત
૨. અરેબિક, પર્શિયન	ઉર્દૂ
૩. સોશિયોલોજી, ફિલોસોફી, સાઇકોલોજી, પોલિટિકલ સાયન્સ, ઇન્ડિયન કલ્ચર, હિસ્ટ્રી ઑફ રોમ (બી.એ.)	ઇતિહાસ
૪. બૅંકિંગ, પબ્લિક એડમિનિસ્ટ્રેશન (એમ.કૉમ., એમ.એ.)	વાણિજ્ય
આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયા, જિ. વડોદરા સંચાલિત વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની કૉલેજનું નામાભિધાન "ખેતીવાડી ઉત્પાદન બજાર સમિતિ આર્ટ્સ ઍન્ડ સ્વ. નિરૂબહેન ચંદ્રહાસ ઝવેરી કૉમર્સ કૉલેજ, પીપલિયા" રાખવા મંજૂરી આપવી.

૧૪. ઍસોસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ, નવી દિલ્હી તરફથી ૧૯૯૬-૯૭ના વર્ષ માટેનું લવાજમ રૂ. ૨૦,૦૦૦ (અંકે રૂપિયા વીસ હજાર પૂરા) મોકલી આપવા તેઓના આવેલા તા. ૧૦-૭-૧૯૯૬ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે એસાસિયેશન ઑફ ઇન્ડિયન યુનિવર્સિટીઝ, નવી દિલ્હીનું ૧૯૯૬-૯૭ના વર્ષ માટેનું વાર્ષિક લવાજમ રૂ. ૨૦,૦૦૦ મંજૂર કરવું.

૧૫. આગામી ઑક્ટોબર, ૧૯૯૬ની પરીક્ષાઓથી યુનિવર્સિટી પરીક્ષા વિભાગમાં લેવાતી ફીના માળખા અંગેની ચર્ચા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત બાબતે નીચેના સભ્યશ્રીઓની સમિતિ નિયુક્ત કરવામાં આવે છે અને તેણે એક્ટોબર-નવેંબર-ડિસેંબર, ૧૯૯૬માં યોજાનાર પરીક્ષાઓની પરીક્ષા ફી યથાવત રાખવી :

(૧) કુલપતિશ્રી
(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૩) પ્રો. વાય. કે. અગ્રવાલ
(૪) પ્રિ. ડી. એમ. શીખ
(૫) પ્રિ. એસ. બી. વોરા
(૬) પ્રિ. વાડીભાઈ પટેલ
(૭) શ્રી સુધીરભાઈ નાણાવટી
(૮) શ્રી નરહરીભાઈ અમીન અને
(૯) શ્રી જગદીશભાઈ ભાવસાર

વધુમાં ઠરાવવામાં આવ્યુ કે સંલગ્ન કૉલેજોમાં ઑર્ડિ. ૧૫૯ મુજબ ટ્યુશન ફી સિવાયની ઇતર પ્રવૃત્તિઓ વગેરે માટે જે ફી નિયત થયેલ છે તેમાં કોઈ ફેરફાર જરૂરી હોય તો તે સૂચવવા પણ સદરહુ સમિતિને જણાવવું.

(તા. ૧૯-૮-૧૯૯૬ના રોજ ૩ વાગ્યે મળેલી કમિટીની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ 'થ' તરીકે સામેલ છે.)

૧૬. યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી સતીષચંદ્ર અંબાલાલ ભટ્ટનો એક વર્ષનો અજમાયશી સમય તા. ૨૧-૮-૧૯૯૬ના રોજ પૂરો થતો હોઈ તેમને તા. ૨૨-૮-૧૯૯૬થી કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટી કાર્યાલયમાં પરીક્ષા નિયામક તરીકે ફરજ બજાવતા શ્રી એસ. એ. ભટ્ટનો બાનગી બેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે તેમને રૂ. ૨,૨૦૦-૫૦-૨૫૦૦ના પગારધોરણમાં સદરહુ જગ્યા ઉપર તા. ૨૨-૮-૧૯૯૬થી કાયમ કરવા.

૧૭. ગુજરાત યુનિવર્સિટીના પાંચ વર્ષનાં બી.બી.એ./એમ.બી.એ. અભ્યાસક્રમ અંગેની હાઇ-પાવર કમિટિની તા. ૧૫-૨-૧૯૯૬ તથા તા. ૨૪-૭-૧૯૯૬ની સભાની નોંધ તેમજ નિયુક્ત પેટાસમિતિની તા. ૨૧-૮-૧૯૯૬ની ભલામણો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બંને કમિટીઓની તથા પેટાસમિતિની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ સમિતિની ભલામણોની નોંધ **પરિશિષ્ટ 'દ'** તરીકે સામેલ છે.)

૧૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્યો :

૧૮ (૧). અનુસ્નાતક મેડિકલ પ્રવેશના નિયમ અંગે કરમસદ મેડિકલ ઍસોસિયેશને એસ.સી.એ. નં. ૫૬૫૦-૯૬થી ગુજરાતની વડી અદાલતમાં દાદ માગેલ છે. તે પરત્વે ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટશ્રી રોક્યાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૮ (૨). અનુસ્નાતક મેડિકલ પ્રવેશના નિયમ નં. ૧.૧ અંગે ડૉ. મનિષ એસ. પટેલે ગુજરાત યુનિવર્સિટી વિરુદ્ધ એસ.સી.એ. નં. ૫૪૫૧-૯૬થી ગુજરાતની વડી અદાલતમાં દાદ માગેલી છે તે પરત્વે ગુજરાત યુનિવર્સિટી વતી એડવોકેટશ્રી રોક્યાનું અને તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૮ (૩). બી.એડ.માં પર્શિયન વિષયના વિદ્યાર્થીઓને દાખલ કરવાના સંદર્ભમાં શ્રી ગૌતમ શાહે નામદાર હાઈકોર્ટમાં રિટ પિટિશન એસ.સી.એ. ક્રમાંક ૪૫૧૪-૯૬થી દાદ માગેલી છે તે પરત્વે વકીલશ્રી રોક્યાનું તેમ જ તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૮ (૪). શ્રી એસ. પી. પટેલ આર્ટ્સ કૉલેજ, સિમલિયા, જિ. પંચમહાલની જૂના, ૧૯૮૫થી કૉલેજનું જોડાણ ચાલુ રાખવા હાઇકોર્ટમાં સ્પે. રિટ પિટિશન નં. ૩૬૮-૯૬થી દાખલ થયેલી છે, તેના સંદર્ભમાં એડવોકેટ રોક્યાનું તેમ જ થયેલ આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૮ (૫). સિમલિયા કૉલેજના વિદ્યાર્થી શ્રી હિતેશ આર. મંકોડે વિદ્યાર્થીઓનાં પરીક્ષા ફોર્મ્સ ન સ્વીકારતાં ગુજરાત યુનિવર્સિટી વિરુધ્ધ હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૧૪૯૦-૯૬થી દાદ માગેલ તેના અનુસંધાનમાં ગુજરાત યુનિવર્સિટી વતી વકીલ રોક્યાનું અને તે અંગે થયેલ ખર્ચ મંજૂર કર્યાનું;

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત ક્રમાંક ૧૮ (૧) થી ૧૮ (૫) સુધીના કુલપતિશ્રીએ મંજૂર કરેલાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૧૯. યુનિવર્સિટી ગ્રંથાલયમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી મહેરિયા નીરુભાઈ અંબાલાલને તેઓએ માગેલ બિલ્ડિંગ લોન સ્ટે. ૧૮૮-૨ પ્રમાણે પ્રોવિડંટ ફંડ ખાતામાં રૂ. ૭૨,૬૦૮ જમા છે તેને આધારે રૂ. ૭૫,૦૦૦ માગેલી લોન છે તેને બદલે રૂ. ૭૨,૦૦૦ લોન મંજૂર કરવા વિચારણા અર્થે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી મહેરિયા નીરુભાઈ અંબાલાલને રૂ. ૭૨,૦૦૦ની આંશિકમ લોન તેમના પ્રોવિડન્ટ ફંડ ખાતામાંથી સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે મંજૂર કરવી.

૨૦. ફાઇનાન્સ સમિતિની તા. ૫-૭-૧૯૯૬ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૫-૭-૧૯૯૬ના રોજ મળેલ સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ સભાની ભલામણો **પરિશિષ્ટ 'ધ'** તરીકે સામેલ છે.)

૨૧. ફાઇનાન્સ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૬ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૬ના રોજ મળેલ સભાની ભલામણોનો સ્વીકાર કરવો,

(સભાની ભલામણો **પરિશિષ્ટ 'ન'** તરીકે સામેલ છે.)

૨૨. ઍસોસિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટી તરફથી આવેલ પત્રનાં અનુસંધાનમાં તા. ૧-૮-૧૯૯૬થી તા. ૩૧-૭-૧૯૯૭ સુધીનું વાર્ષિક લવાજમ ભરવા અંગે આવેલા તેઓશ્રીના તા. ૧-૭-૧૯૯૬ના પત્ર પર વિચારણા કરવા સારુ.

[નોંધ.—એક વર્ષનું વાર્ષિક લવાજમ £ ૮૦૦ (૮૦૦ પાઉન્ડ) છે જેની અંદાજી રકમ રૂ. ૪૪,૪૮૦ (અંકે રૂપિયા ચુમ્માલીસ હજાર ચારસો એંશી પૂરા) જેટલી થવા જાય છે. અગાઉના વર્ષ એટલે કે ૧૯૯૫-૯૬ના વર્ષમાં રૂ. ૪૩,૨૦૦ ભર્યા હતા તે જાણ માટે.]

આથી ઠરાવવામાં આવે છે કે ઍસોશિયેશન ઑફ કૉમનવેલ્થ યુનિવર્સિટીનાં વાર્ષિક લવાજમની રકમ રૂ. ૪૪,૪૮૦ મંજૂર કરવી.

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી :

૨૩. એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યશ્રી અરવિંદ શાહના નીચેના પ્રસ્તાવ ઉપર વિચારણા કરવા બાબત :

"આજની આ સભા ૧૯૭૩-૭૪ના વર્ષ દરમિયના ગુજરાત યુનિવર્સિટીની યુવા શક્તિએ સફળ બનાવેલ નવનિર્માણ આંદોલનના પ્રતીક રૂપે યુનિવર્સિટી કેમ્પસ ખાતે મનોવિજ્ઞાન ભવન પાસે બનાવેલ શહીદ સ્મારકની જગ્યામાં કાયમી પ્રતીક તરીકે યુવાશક્તિના વિકાસ માટે એક સેમિનાર હોલ બનાવવાનું સર્વાનુમતે ઠરાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ પ્રસ્તાવ ફાઇનાન્સ સમિતિ સમક્ષ વિચારણા સારુ રજૂ કરવામાં આવે.

૨૪. ગુજરાત યુનિવર્સિટી કોર્ટ ઉપરની વિદ્યાર્થી સંઘના પ્રતિનિધિઓની કુલ અગિયાર બેઠકોની તથા બોર્ડ ઑફ સ્ટુડન્ટ વેલફેરની ચૂંટણીના ઉમેદવારીપત્રમાં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોધ.—હાલના ઉમેદાવારીપત્રમાં ફોટો, ઘરનું સરનામું અને ફોન નંબર લખવાની જોગાવાઈ નથી, જે આ નવા ફોર્મમાં જોગવાઈ કરવામાં આવી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે બિડાણ તરીકે સામેલ નમૂના મુજબ ઉમેદવારીપત્રમાં સુધારો કરવામાં આવે.

૨૫. આ વર્ષે અમદાવાદ ખાતેની યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના પ્રથમ વર્ષમાં પ્રવેશ અંગે જે પ્રશ્નો ઉપસ્થિત થયા હતા તે પરત્વે.

સભ્યશ્રીઓ તરફથી રજૂઆત આવતાં ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવ્યું કે આવતા વર્ષથી એટલે કે જુન, ૧૯૯૭માં અમદાવાદની કૉલેજોમાં પ્રવેશ આપવા અંગેની કાર્યપદ્ધતિ સરળ અને અસરકારક બનાવવા એક સમિતિની રચના કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૨૬. એક્ઝિક્યુટિવ કાઉન્સિના સભ્યશ્રીઓ તરફથી રજૂઆત કરવામાં આવી કે પેટ્રોલના ભાવવધારાને કારણે યુનિવર્સિટી તરફથી હાલ જે રૂ. ૩૦ કન્વેયન્સ ઍલાવન્સ આપવામાં આવે છે તેમાં જરૂરી વધારો કરવામાં આવે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની વિવિધ સમિતિઓમાં હાજરી આપવા સારુ તથા અનુસ્નાતક કેન્દ્રોમાં મુલાકાતી વ્યાખ્યાતાઓને જે કન્વેયન્સ, ઍલાવન્સ રૂ. ૩૦ હાલમાં ચૂકવવામાં આવે છે તેનો દર તારીખ ૧-૯-૧૯૯૬થી રૂ. ૪૦નો કરવો.

૨૭. ટ્રસ્ટીશ્રી, ઘનશ્યામભાઈ બી. પરીખ મેમોરિયલ ટ્રસ્ટ તરફથી એમ.એડ. (M.Ed.) પરીક્ષામાં સૌથી વધારે ગુણ મેળવનાર વિદ્યાર્થીને ચંદ્રક આપવા માટે મળેલ પ્રદાન રૂ. ૨૫,૦૦૦ નીચેની શરતોને આધીન સ્વીકારવા અંગે ઠરાવ કરવા બાબત :

દાતાનું **નામ** : ટ્રસ્ટીશ્રી, પ્રિ. જી. બી. પરીખ મેમોરિયલ ટ્રસ્ટ, વાસણા, અમદાવાદ.

ચંદ્રકનું **નામ** : પ્રિ. ઘનશ્યામભાઈ બી. પરીખ મેમોરિયલ ચંદ્રક.

પ્રદાનની રકમ : રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા).

દાનનો પ્રકાર : એક ચંદ્રક.

શરતો

(૧) એમ.એડ. માટેની માર્ચ-એપ્રિલમાં લેવાતી પરીક્ષામાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવનારને આપવાનો રહેશે.

(૨) સંજોગોવશાત એમ.એડ.ની પરીક્ષામાં એક કરતાં વધુ ઉમેદવારો સરખા ગુણાંક મેળવી ઉત્તીર્ણ થતા હોય તો આ ઉમેદવારો પૈકી બી.એડ. ભાગ-૧ની પરીક્ષામાં જેને વધારે ગુણ હોય તેને ચંદ્રક આપવા.

(૩) વિજેતાને કોઈ પણ નાત, જાત કે વર્ગોના ભેદભાવ વિના ચંદ્રક આપવાનો રહેશે.

(૪) ઉપરોક્ત શરતોમાં ગુજરાત યુનિવર્સિટી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત શરતો ઉમેરવાનો કે સુધારવાનો અધિકાર રહેશે.

(૫) આ પ્રદાનની વાર્ષિક વ્યાજની આવકમાં બચત રહે તો તે મૂળ રકમમાં ઉમેરવાની રહેશે.

(૬) આ પ્રદાનની વાર્ષિક વ્યાજની આવકમાંથી ૫ ટકા કપાત યુનિવર્સિટીના જનરલ ફંડ ખાતે લઈ જવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી ઘનશ્યામભાઈ બી. પરીખ મેમોરિયલ ટ્રસ્ટ તરફની પળેલ રૂ. ૨૫,૦૦૦નું પ્રદાન ઉપર જળાવેલ નિયમોને આધીન સ્વીકારવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૧૧૧૧/૧૯૯૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૨૭-૧૧-૧૯૯૬.

એસ. ડી. સ્વામિનારાયણ
કાર્યકારી કુલસચિવ

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૨(૭)

આર્ટ્સ કૉલેજ, લીમખેડાની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

સ્થાનિક તપાસસમિતિએ આર્ટ્સ કૉલેજ, લીમખેડાની સ્થળ પર રૂબરૂ મુલાકાત તા. ૨૬-૫-૧૯૯૬ના રોજ લીધી હતી. કૉલેજના આચાર્યશ્રી શર્માએ ઉપસ્થિત રહી જરૂરી માહિતી અને વિગતો પૂરી પાડી હતી.

સંસ્થા પાસે પૂરતી સુવિધાવાળું પોતાનું મકાન કૉલેજની જરૂરિયાત માટેના ખંડો સાથેનું છે. કૉલેજે ગ્રંથાલયમાં યુનિવર્સિટીએ નિયત કરેલ રકમ કરતાં પણ વધુ રકમ આવર્તક ખર્ચ પેટે ખર્ચી છે.

આ કૉલેજે નીચેના વિષયોમાં નીચે દર્શાવેલ શરતોએ કાયમી જોડાણ આપવા અમારી ભલામણ છે. (કૉલેજને જોડાણ વખતે પાંચ વર્ષ પૂરાં થયાં છે) :

મુખ્ય વિષયો : હિન્દી અને ગુજરાતી; પ્રથમ ગૌણ : ઇતિહાસ અને સંસ્કૃત; દ્વિતીય ગૌણ : સંસ્કૃત અને ઇતિહાસ.

શરતો

૧. કૉલેજના જુદા જુદા વર્ગોમાં વિદ્યાર્થી સંખ્યા અને કાર્યભારને અનુલક્ષીને નીચે મુજબની વ્યાખ્યાતાની જગ્યાઓ જરૂરી કાર્યવાહી કરી ભરવાની રહેશે :
   (૧) સંસ્કૃતના એક ખંડ સમયના વ્યાખ્યાતા (નવ તાસ માટે)
   (૨) ઇતિહાસના એક ખંડ સમયના વ્યાખ્યાતા (ચાર તાસ માટે)
   (૩) ગુજરાતીના એક ખંડ સમયના વ્યાખ્યાતા (છ તાસ માટે)

૨. બિનશૈક્ષણિક કર્મચારીઓની પણ નીચેની બાકીની જગાઓ જરૂરી કાર્યવાહી કરી ભરવાની રહેશે :
   (૧) ગ્રંથપાલ ... ૧; (૨) હેડક્લાર્ક ... ૧; (૩) પટાવાળા ... ૨; (૪) વૉચમૅન ... ૧.

પ્રા. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શાખ
પ્રા. એ. આર. શાહ
પ્રિ. આર. એચ. વ્યાસ
સ્થાનિક તપાસસમિતિના સભ્યો.

પરિશિષ્ટ "ખ"

કામકાજ ક્રમાંક ૨(૮)

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુવાલ, તા. પાદરા, જિ. વડોદરાની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુવાલ, જિ. વડોદરાની તા. ૧૦-૫-૧૯૯૬ના રોજ રૂબરૂ મુલાકાત લીધી હતી.

આ કૉલેજને થર્ડ બી.એ. અને થર્ડ બી.કૉમ. સુધીનું ત્રણેય વર્ષનું જોડાણ અપાયું છે. એમાં વિનયન વિભાગમાં ગુજરાતી અને અર્થશાસ્ત્ર મુખ્ય વિષયો તથા એ ઉપરાંત સમાજશાસ્ત્ર ગૌણ વિષય તરીકે શીખવવાની જોગવાઈ છે. વાણિજ્ય વિભાગમાં એડવાન્સ એકાઉન્ટન્સી મુખ્ય વિષય તરીકે શીખવવાની જોગવાઈ છે. કૉલેજને જૂન, ૧૯૯૭ સુધી ચાલુ જોડાણ તેમજ નવું જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

કૉલેજ હાલ પૂરતી શાળામાં ચાલે છે અને જરૂરી ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે. કૉલેજનું નવું મકાન બંધાઈ રહ્યું છે.

૧૯૯૬-૯૭ના વર્ષ માટે નીચે પ્રમાણે જગ્યાઓ ભરવાની રહેશે :

(૧)	અંગ્રેજી	એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા	છ તાસ
		એક ખંડ સમયના વ્યાખ્યાતા	
(૨)	અર્થશાસ્ત્ર	એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા	છ તાસ
		એક ખંડ સમયના વ્યાખ્યાતા	
(૩)	ગુજરાતી	એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા	છ તાસ
		એક ખંડ સમયના વ્યાખ્યાતા	સાત તાસ
(૪)	કૉમર્સ/એકાઉન્ટન્સી	એક પૂર્ણ સમયના વ્યાખ્યાતા	
(૫)	વેપારી કાયદો	એક ખંડ સમયના વ્યાખ્યાતા	ત્રણ તાસ
(૬)	આંકડાશાસ્ત્ર	એક ખંડ સમયના વ્યાખ્યાતા	ત્રણ તાસ

(૭) બિનશૈક્ષણિક વર્ગ (૩) એક હેડ ક્લાર્ક, બે સીનિયર ક્લાર્ક, એક ગ્રંથપાલ

(૮) બિનશૈક્ષણિક વર્ગ (૪) એક પટાવાળો, બે સીનિયર ક્લાર્ક, બે ચોકીદાર.

કૉલેજે એપ્રિલ, ૧૯૯૬ સુધીનો પગાર તથા આનુષંગિક ભથ્થાં ચૂકવી આપ્યા છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. દર્શનસીંગ શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
પ્રો. એ. આર. શાહ.
સમિતિના સભ્યો

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૨(૯)

શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કૉલેજ, મુનપુરની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

એમ. જી. એસ. કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી સી. આર. ગાર્ડી આર્ટ્સ કૉલેજ, મુનપુર તારીખ ૧૫-૬-૧૯૯૧થી શરૂ થઈ છે અને પ્રતિવર્ષ એને એડહોક જોડાણ આપવામાં આવ્યું છે. તેઓએ જૂન, ૧૯૯૬થી કાયમી જોડાણ માટે અરજી કરી છે.

અમે તા. ૧૧-૬-૧૯૯૬ના રોજ મુનપુર ખાતે કૉલેજની રૂબરૂ મુલાકાત લીધી હતી. આચાર્યશ્રીએ જરૂરી માહિતી આપી હતી.

સંસ્થાએ પોતાનું સ્વતંત્ર મકાન તૈયાર કર્યું છે અને આચાર્યશ્રીનો ખંડ, કાર્યાલય, ગ્રંથાલય, અભ્યાસખંડો, ટોયલેટ્સ, પીવાના પાણીની સગવડ વગેરે ભૌતિક સુવિધાઓ ઉપલબ્ધ છે.

તેઓએ ગ્રંથાલય માટે જરૂરી પુસ્તકો પાંચ વર્ષમાં રૂ. ૬૧૨૩૩-૨૦ પૈસાનાં વસાવ્યાં છે.

૧૯૯૫-૯૬ના વર્ષમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૪૧૫ છે, જેમાં ૩૦૬ ભાઈઓ અને ૧૦૯ બહેનો છે.

આ કૉલેજમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ષમાં ગુજરાતી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે અને આ ત્રણેય ઉપરાંત હિન્દી ગૌણ વિષય તરીકે શીખવાય છે.

૧૯૯૬-૯૭ના વર્ષ માટે નીચે પ્રમાણે શિક્ષકગણની નિમણૂક કરવાની રહેશે :

૧. સમાજશાસ્ત્ર	ખંડ સમયના વ્યાખ્યાતા	નવ તાસ
૨. સંસ્કૃત	ખંડ સમયના વ્યાખ્યાતા	ત્રણ તાસ
૩. હિન્દી	ખંડ સમયના વ્યાખ્યાતા	ત્રણ તાસ
૪. અંગ્રેજી	ખંડ સમયના વ્યાખ્યાતા	ત્રણ તાસ.

બિનશૈક્ષણિક કર્મચારીગણની આવશ્યક બધી જ નિમણૂકો થઈ છે.

અમે આ કૉલેજને કાયમી જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

પ્રા. કે. એસ. શાસ્ત્રી
પ્રા. એ. આર. શાહ
પ્રિ. દર્શનસીંગ શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ

પરિશિષ્ટ "ઘ"

કામકાજ ક્રમાંક ૨(૧૦)

એમ. પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ, અમદાવાદની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

શ્રી મહીપતરામ રૂપરામ આશ્રમ સંચાલિત એમ. પી. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, રાયપુર દરવાજા બહાર, અમદાવાદે ૧૯૯૬-૯૭ના વર્ષ માટે પ્રથમ અને દ્વિતીય વર્ષનો ચાલુ જોડાણ ઉપરાંત તૃતીય વર્ષ બી.એ. અને બી.કૉમ. માટેના જોડાણની અરજી કરી છે.

આ કૉલેજની અને તા. ૧૧-૪-૧૯૯૬ના રોજ પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. કૉલેજને પોતાનું સ્વતંત્ર મકાન છે અને આચાર્ય ખંડ, કાર્યાલય, કૉમ્પ્યુટર, ગ્રંથાલય, અભ્યાસખંડો તથા આવશ્યક ભૌતિક સુવિધાઓ પર્યાપ્ત છે.

કૉલેજમાં જે વિષયોનું મુખ્ય તથા ગૌણ તરીકેનું પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષમાં જોડાણ હતું તે ચાલુ રાખવાની તથા ત્રીજા વર્ષમાં પણ મુખ્ય વિષયો તરીકે ચાલુ રાખવાની ભલામણ છે. તૃતીય વર્ષ બી.એ.માં અર્થશાસ્ત્ર વિષયમાં બે વિકલ્પ પ્રશ્નપત્રો સહકાર અને મૅનેજરિયલ અર્થશાસ્ત્ર શીખવાની પરવાનગી આપવા માટે આચાર્યશ્રીએ મૌખિક વિનંતી કરી હતી. આ વિનંતીનો સ્વીકાર કરવાની ભલામણ કરવામાં આવે છે.

કૉલેજને બૅન્કિંગ શીખવતા પ્રા. કનુભાઈ એમ. સુતરિયાને અર્થશાસ્ત્રના શિક્ષક તરીકે યુનિવર્સિટીએ માન્ય કર્યા નથી, તેથી તેઓને વાણિજ્ય વિદ્યાશાખામાં વાણિજ્યના વિષયો તેમની પાત્રતા અનુસાર શીખવવા સોંપવા સૂચના છે.

ત્રણેય વર્ષના બધા જ વિષયોનો કાર્યભાર ધ્યાનમાં લઈને શૈક્ષણિકગણની જગ્યાઓ ભરવાની રહેશે.

પ્રા. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. દર્શનસીંગ શીખ
પ્રિ. આર. એચ. વ્યાસ
પ્રા. એ. આર. શાહ.

પરિશિષ્ટ "ચ"

કામકાજ ક્રમાંક ૨(૧૧)

(૧) ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે સંસ્કાર કેળવણી ટ્રસ્ટ, પીપલિયા તરફથી શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલી શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૯૬ સુધીમાં કરે તો તેને પીપલિયા ખાતે વિજ્ઞાનની અલગ કૉલેજ માટે વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ વિજ્ઞાનના રસાયણશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, જીવવિજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીનું નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરી.

૧. (અ) આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવે.
   (બ) કાર્યભારના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે.
   (ક) ગ્રંથપાલ અને વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થી દીઠ ૮ ચોરસ ફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય એવા અભ્યાસ ખંડ.
   (૨) વર્ગખંડો અને ટ્યૂટોરિયલ માટેના જરૂરી ખંડો.
   (૩) શિક્ષકો માટેનો ખંડ.
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો).
   (૫) વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલયો સહિત સુવિધાઓ સહિતનો).
   (૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકી સાથે બેસીને વાંચી શકે તેટલી જ સગવડવાળો સુસજ્જ વાચનખંડ કે વાચનખંડો સહિત ગ્રંથાલય.
   (૭) આચાર્ય માટેનો ખંડ.
   (૮) કૉલેજના કાર્યાલય માટેનો એક ખંડ.
   (૯) શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા.

૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવ;

૪. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૧૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
   (૧) પુસ્તકો માટે ... રૂ. ૧૦,૦૦૦
   (૨) સામાયિકો માટે ... રૂ. ૧,૨૫૦
   (૩) સંદર્ભગ્રંથો ... રૂ. ૧,૨૫૦

૫. રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર અને જીવવિજ્ઞાન વિષયો માટેની પ્રયોગશાળા માટે નીચે મુજબ વ્યવસ્થા કરવામાં આવે :
   (અ) ભૌતિકશાસ્ત્રના વિષય માટે ૩૦ વિદ્યાર્થીઓની બૅચ માટેની યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારની પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે;
   (બ) રસાયણશાસ્ત્રના વિષય માટે ૩૦ વિદ્યાર્થીઓની બૅચ માટેની યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારની પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે;
   (ક) જીવવિજ્ઞાનનાના વિષય માટે ૨૫ વિદ્યાર્થીઓની બૅચ માટેની યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસારની પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે:
   (ડ) ભૌતિકશાસ્ત્રની પ્રયોગશાળા માટે-૨, રસાયણશાસ્ત્રની પ્રયોગશાળા માટે-૮ અને જીવવિજ્ઞાનની પ્રયોગશાળા માટે-૬, વૉશબેઝીનની વ્યવસ્થા કરવામાં આવે.

૬. ઓછામાં ઓછા ૧૦ હજાર ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી જગા હોવી આવશ્યક ગણાશે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૮. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૯. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે, તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫૦ (અઢી) ટકાના દરે ગ્રૅચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે;

૧૦. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૧. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવા યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવશે તે મુજબનો સંસ્થાનો બાંયધરી પત્ર;

૧૨. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે, (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઓપન ઈન્ટર્વ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૩. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે;

૧૪. સંસ્થાએ રૂ. આઠ લાખની રકમ તા. ૨૪-૬-૧૯૯૬ સુધીમાં ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે, ત્યાર બાદ શરતોને આધીન જોડાણ આપવામાં આવશે. આ ડિપોઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે. ઉપરોક્ત ડિપોઝિટની સાથે આર્ટ્સ-કૉમર્સની રૂપિયા ચૌદ લાખ ડિપોઝિટ ધ્યાનમાં લેવામાં આવેલ છે;

૧૫. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક/બિનશિક્ષક વર્ગના કર્મચારીની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

* * * * *

(૨) નીડ અને સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

નીડ અને સ્થાનિક તપાસસમિતિએ તા. ૧૦-૫-૧૯૯૬ના રોજ સંસ્કાર કેળવણી ટ્રસ્ટ દ્વારા સંચાલિત પીપલિયા ખાતેની આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ સાથે નવી વિજ્ઞાનશાખા જોડવાની અરજીના સંદર્ભમાં સદર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજની મુલાકાત લીધી હતી. મુલાકાત વખતે ટ્રસ્ટીશ્રી જયસ્વાલ તેમજ કૉલેજના આચાર્યશ્રી હાજર રહ્યા હતા, અને સમિતિને જરૂરી માહિતી અને વિગતો પૂરી પાડી હતી.

વડોદરા અને તેની આસપાસ ઘણાં ઔદ્યોગિક સાહસો આવેલ છે, વિજ્ઞાન વિદ્યાશાખામાં અભ્યાસ કરેલ લોકોની માગમાં સતત વધારો થતો જાય છે, અને વડોદરા યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાશાખામાં પ્રવેશ ઇચ્છતા તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકતી નથી, અને તેથી ઘણા વિદ્યાર્થીઓને પ્રવેશથી વંચિત રહેવું પડે છે, વડોદરાની આસપાસ બીજી કોઈ વિજ્ઞાન કૉલેજ નથી.

ઉપરની સઘળી બાબતો ધ્યાનમાં લેતા પીપલિયા ખાતે વિજ્ઞાન વિદ્યાશાખાની જરૂર આ સમિતિ સ્વીકારે છે અને તેથી આ ટ્રસ્ટને પ્રથમ વર્ષ વિજ્ઞાનના "એ" ગ્રુપમાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી, મેથેમેટિક્સ અને "બી" ગ્રુપમાં ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બાયોલોજીના વિષયો ભણાવવાનું જોડાણ યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર આપવાની અમે ભલામણ કરીએ છીએ.

વધુમાં ભલામણ કરીએ છીએ કે :

૧. કૉલેજે એક માસ દરમિયાન ૮૦૦ ચોરસફૂટનો એક વધારાનો વર્ગ ખંડ બાંધવાનો રહેશે;

૨. કેમિસ્ટ્રી માટે એક બેલેન્સ રૂમ અને સ્ટોર રૂમ તૈયાર કરવાનો રહેશે;

૩. ફ્યુમિંગ ચેમ્બર બનાવવાની રહેશે;

૪. બાયોલોજી માટે એક સ્પેસીમેન વ્યવસ્થા ઊભી કરવી પડશે;

૫. ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બાયોલોજીની લેબોરેટરીઓ તૈયાર કરવાની રહેશે.

હાલમાં આર્ટ્સ અને કૉમર્સ કૉલેજનો સમય ૧૧-૦૦થી ૩-૦૦ વાગ્યાનો છે, સંચાલકોએ આર્ટ્સ અને સાયન્સનો સમય બપોરે ૧૧-૩૦થી ૪-૦૦ વાગ્યાનો અને કૉમર્સનો સમય સવારનો રાખવાની વિનંતી કરી છે,

સાયન્સ વિદ્યાશાખા શરૂ થતાં આ કૉલેજ ત્રણ વિદ્યાશાખાવાળી કૉલેજ બનશે તેથી તેના આચાર્યની નિમણૂક વહેલામાં વહેલી તકે કરવાની પણ ભલામણ કરીએ છીએ. વધુમાં વિજ્ઞાન વિદ્યાશાખા શરૂ કરવા માટેની પ્રયોગશાળા, ગ્રંથાલય તથા અન્ય ભૌતિક સગવડોની શરતોનું પરિપાલન તા. ૨૪-૭-૧૯૯૬ સુધીમાં કરી તેની જાણ કરે તે શરતે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજને વિજ્ઞાન વિદ્યાશાખા પણ ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષથી એક વર્ષ માટે યુનિવર્સિટી જોડાણ આપે તેના સાત દિવસમાં રૂપિયા આઠ લાખ સંસ્થા યુનિવર્સિટીમાં જમા કરાવેથી આપવાની ભલામણ કરીએ છીએ.

પ્રા. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રો. વાય. કે. અગ્રવાલ
પ્રો. એસ. બી. વોરા
(સમિતિના સભ્યો)

* * * * *

(૩) વિજ્ઞાન કૉલેજ, પીપલિયાના નીડ તથા સ્થાનિક તપાસસમિતિના હેવાલ અંગે.

ઉપર જણાવેલ બાબત પરત્વે જણાવવાનું કે, જૂન ૧૯૯૬થી પીપલિયા ખાતે વિજ્ઞાનની કૉલેજ શરૂ કરવા માટે જે નીડ અને સ્થાનિક તપાસસમિતિનો હેવાલ જે આપ્યો છે, તેમાં ફકરો પાંચ—"હાલમાં આર્ટ્સ-કૉમર્સ.....થી ભલામણ કરીએ છીએ" તેને રદ ગણવા તથા તેની નીચેના છેલ્લા ફકરામાં—

"સાયન્સ વિદ્યાશાખા શરૂ થતાં આ કૉલેજ ત્રણ વિદ્યાશાખાવાળી બનશે, તેથી તેના આચાર્યની નિમણૂક વહેલામાં વહેલી તકે કરવાની પણ ભલામણ કરીએ છીએ, વધુમાં વિજ્ઞાન વિદ્યાશાખા શરૂ કરવા માટેની પ્રયોગશાળા, ગ્રંથાલય તથા અન્ય ભૌતિક સગવડોની શરતોનું પરિપાલન તા. ૨૪-૭-૧૯૯૬ સુધીમાં કરી તેની જાણ કરે તે શરતે આર્ટ્સ અને કૉમર્સ કૉલેજને વિજ્ઞાન વિદ્યાશાખા પણ ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષથી એક વર્ષ માટે આપવાની ભલામણ કરીએ છીએ. યુનિવર્સિટી જોડાણ આપે તેના સાત દિવસમાં રૂપિયા આઠ લાખ સંસ્થા યુનિવર્સિટીમાં જમા કરાવે."

તેના બદલે નીચે મુજબ વંચાણ લેવા આથી ભલામણ કરવામાં આવે છે :

"વિજ્ઞાન વિદ્યાશાખાની અલગ કૉલેજ શરૂ થતાં તેના આચાર્યશ્રીની નિમણૂક વહેલામાં વહેલી તકે કરવાની ભલામણ કરીએ છીએ.

વધુમાં અલગ વિજ્ઞાન વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવા માટેની અલગ પ્રયોગશાળા, ગ્રંથાલય તથા અન્ય ભૌતિક શરતોનું પરિપાલન તા. ૨૪-૭-૧૯૯૬ સુધીમાં કરી તેની જાણ કરે તે શરતે નવી વિજ્ઞાન કૉલેજ ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષથી એક વર્ષ માટે યુનિવર્સિટીને જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ. સંસ્થાએ તા. ૨૪-૬-૧૯૯૬ સુધીમાં રૂપિયા આઠ લાખની ડિપોઝિટ યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
આચાર્ય ડી. એમ. શીખ
પ્રો. એસ. બી. વોરા
પ્રો. વાય. કે. અગ્રવાલ
(નીડ સ્થાનિક તપાસસમિતિના સભ્યો)

પરિશિષ્ટ "છ"

કામકાજ ક્રમાંક ૨(૧૨)

કપડવંજ કૉલેજને બી.એ.ના અભ્યાસક્રમમાં "અંગ્રેજી" ગૌણ/મુખ્ય વિષય રાખવા દેવાની તે કૉલેજની અરજી પરની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

ગુજરાત યુનિવર્સિટીના પત્ર ક્રમાંક : એકૅડેમિક/૨૧/૭૩૩/૧૯૯૬, તા. ૧૫-૪-૧૯૯૬થી ઉપરોક્ત વિષયના પત્રના સંદર્ભમાં કપડવંજની શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજની રૂબરૂ મુલાકાત મંગળવાર, તા. ૧૪-૫-૧૯૯૬ના રોજ લેવામાં આવી હતી. કૉલેજના આચાર્યશ્રી શાહ સાહેબ તથા અંગ્રેજી વિભાગના વડા પ્રો. એસ. એલ. દવે સાથે રૂબરૂ મુલાકાત થઈ હતી. કૉલેજે યુનિવર્સિટીને આપેલી સમગ્ર માહિતી તથા રૂબરૂ મુલાકાતના આધારે આ કમિટી નીચે મુજબની ભલામણ/ભલામણો કરે છે :

(૧) ઉપરોક્ત કૉલેજને બી.એ.ના અભ્યાસક્રમમાં "અંગ્રેજી" ગૌણ વિષય તરીકે શરૂ કરવાની પરવાનગી/મંજૂરી આપવી. અર્થાત્ કૉલેજને એફ.વાય.બી.એ. અને એસ.વાય.બી.એ.ના "અંગ્રેજી" ગૌણ વિષય તરીકે શરૂ કરવાની પરવાનગી/મંજૂરી આપવી.

(૨) રૂબરૂ મુલાકાત દરમિયાન આચાર્યશ્રીએ તથા અંગ્રેજી વિષયના વડાએ એફ.વાય.બી.એ.માં "અંગ્રેજી" મુખ્ય વિષય તરીકે પણ શરૂ કરવાની મંજૂરી મેળવવા જણાવ્યું હતું. જો કૉલેજ ઈચ્છે તો કૉલેજને જૂન, ૧૯૯૬થી એફ.વાય.બી.એ.માં "અંગ્રેજી" મુખ્ય વિષય તરીકે આપવાની પણ કમિટી ભલામણ કરે છે.

કમિટીએ ઉપરોક્ત ભલામણો કરતાં મુખ્યત્વે નીચેની બાબતો ધ્યાનમાં રાખી છે :

(૧) જોડાણના અરજીપત્રકમાં દર્શાવેલી વિગતો
(૨) મકાનની પૂરતી સુવિધા
(૩) ગ્રંથાલયમાં પુસ્તકોની સંખ્યા
(૪) ક્વોલિફાઈડ સ્ટાફ છે.
(૫) વિદ્યાર્થી સંખ્યા જરૂરી પ્રમાણમાં રહે તેમ છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
આચાર્ય ડી. એમ. શીખ
પ્રો. એસ. બી. વોરા
પ્રો. વાય. કે. અગ્રવાલ

પરિશિષ્ટ "જ"

કામકાજ ક્રમાંક ૨(૧૩)

(૧) એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે (૧) આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ (૨) પટેલ જે. બી. આર્ટ્સ, પટેલ એ. એમ. આર. કૉમર્સ કૉલેજ ઍન્ડ પટેલ જે. ડી. કે. દાવોલવાલા સાયન્સ કૉલેજ, બોરસદ અને (૩) આર. પી. આર્ટ્સ, કે. બી. કૉમર્સ ઍન્ડ બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતમાં નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૯૬ સુધીમાં કરે તો તેને બીએસ.સી. (સ્પે.)માં માઈક્રોબાયોલોજીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬- ૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું વધારાનું ક્રમશ: જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;
૨. સદરહુ વિષય માટે લેબોરેટરી ટેક્નિશિયનની નિમણૂક કરવામાં આવે;
૩. સદરહુ વિષય માટે યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર પ્રયોગશાળા સુસજ્જ કરવામાં આવે;
૪. સદરહુ વિષય માટે પ્રયોગશાળાનાં સાધનો, કેમિકલ્સ, પુસ્તકો, ઇત્યાદિ અંગે રૂ. ૪થી ૫ લાખનો ખર્ચ કરી જાણ કરવામાં આવે;
૫. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, અને ગ્રેચ્યુઈટી આપવામાં આવે તથા તેમને છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી. તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૯. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થીપ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવે છે/આવશે";

૧૦. સદરહુ વિષયમાં ફક્ત ૨૦ વિદ્યાર્થીઓને ગુણવત્તાના ધોરણે પ્રવેશ આપવામાં આવે;

૧૧. સદરહુ વિષય શરૂ થવાને કારણે ચાલુ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક વર્ગના કર્મચારીઓને તથા આપની કૉલેજમાં શીખવવામાં આવતા અન્ય વિષયોને અસર થશે નહીં તેની બાંયધરી આપવામાં આવે.

* * * * *

(2) Local Inquiry Committee on an application of Arts and Science College, Petlad

The LIC Committee has visited the R. K. Parikh Arts and Science College Petlad on 20th May, 1996.

The committee has taken a round of the laboratories, Library and also met the staff members of the college :

(1) At present the college has a separate equipped laboratory Microscope, autoclavers, counter etc., with a capacity of 45 students.

(2) It has been observed that offer F.Y.B.Sc. most of the students has to take the admission either at Nadiad or Ahmedabad college since there is only one Principle subject T.Y.B.Sc. Chemistry.

(3) The Management has sufficient fund to equipped the laboratory (Evidences in encl. 1) (અત્રે છાપેલ નથી).

(4) The college has plan to construct a New Laboratory for microbiology. The construction plan is attach, herewith (Encl. 2) (અત્રે છાપેલ નથી).

(5) The management has also given a declaration that they will not terminate the services of any staff member eventhough the intake of the students is less is less in other subject microbiology.

Recommendation :

There is a sufficient infra-structure facilities for microbiology. Looking to the needs of the society the committee recommended that the necessary permission may be granted to start a microbiology course from July, 1996 with a intake of *20 students only with a* group subject *to fullfillment of this University conditions (e.g. to equip the laboratories, purchase of chemicals apparatus worth of 4-5* lakhs and appointment of the staff.)

Prof. Y. K. Agrawal
Dr. S. R. Dave

* * * * *

(3) Local Inquiry Committee on an application of Arts, Commerce & Science College, Borsad

The LIC Committee has visited the Patel J. B. Rudelwala Arts, Patel A. M. Rudelwala Commerce and Patel J. D. K. Davolwala Science College, Borsad on 20th May, 1996 :

(1) The College has a separate Laboratory for microbiology with a capacity of 30 students.

(2) There is also a separate room for aspect laboratory and staff.

(3) The management has shown the evidences for the financial comitment for starting the microbiology in S.Y.B.Sc. (Encl. 1). (અત્રે છાપેલ નથી).

(4) The management has also given the declarating that if the permission for microbiology subject is granted by the University these no staff will be terminated even if the enrolment of the students is less (Encl. 2) (અત્રે છાપેલ નથી).

(5) There is a sufficient intake of the student in F.Y.B.Sc. However at the S.Y.B.Sc. only Chemistry as a Principle subject is there and hence most of the students have to go for other groups at S.Y. to other college.

Recommendation :

The college has the infrastructure facilities and financial potentialities to bear the expenses of microbiology.

It is recommended that the permission may be granted to start the Microbiology at S.Y.B.Sc. level with the intake *20 students only with* B group *(Biology Group) from June, 1996 subject to fullfillment of the conditions. e.g. purchase of the equipments, chemical, library (worth of 4-5 lakhs) and appointment of the staff.*

Prof. Y. K. Agrawal
Dr. S. R. Dave

* * * * *

(4) Local Inquiry Committee on an application of Arts, Science & Commerce College, Cambay

The LIC Committee has visited the Arts, Science & Commerce College, Cambay, R. K. Parikh Arts and Science College, Petlad, Arts, Science & Commerce College, Borsad on 20th May, 1996 :

(1) The College has a separate Laboratory for microbiology with a capacity of 30 students.

(2) There is also a separate room for aspect laboratory and staff.

(3) The management has shown the evidences for the financial comitment for starting the microbiology subject in S.Y.B.Sc. (Encl. 1). (અત્રે છાપેલ નથી).

(4) The management has also given the declarating that if the permission for microbiology subject is granted by the University the staff will not be terminated even if the enrolment of the students is less (Encl. 2) (અત્રે છાપેલ નથી).

(5) There is a sufficient intake of the student in F.Y.B.Sc. However at the S.Y.B.Sc. only Chemistry as a Principle subject is there and hence most of the students hope to go for other groups at S.Y. to other college.

Recommendation :

The college has the infrastructure facilities and financial potentialities to bear the expenses of microbiology.

It is recommended that the permission may be granted to start the Microbiology at S.Y.B.Sc. with the intake *20 students only with* B group *(Biology Group) from June, 1996 subject to fullfillment of the conditions. e.g. purchase of the equipments, chemical, library (worth of 4.5 lacks) and appointment of the staff.*

Prof. Y. K. Agrawal
Dr. S. R. Dave

પરિશિષ્ટ "ઝ"

કામકાજ ક્રમાંક ૨(૧૪)

આથી ઠરાવવામાં આવે છે કે સમર્પણ સેવા ટ્રસ્ટ, વાસન, જિ. ગાંધીનગર તરફથી શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તારીખ ૩૧-૭-૧૯૯૬ સુધીમાં કરે તો તેને ગાંધીનગર ખાતે વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ વિનયન તથા પ્રથમ વર્ષ વાણિજ્યના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીનું નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) આચાર્યશ્રીની નિમણૂક કરવામાં આવે,
   (બ) કાર્યભાર સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે,
   (ક) ગ્રંથપાલ અને વ્યાયામ શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીનાં પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :
   (૧) વિદ્યાર્થીદીઠ ૮ ચોરસફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય એવા અભ્યાસખંડો,
   (૨) વર્ગખંડો અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો,
   (૩) શિક્ષકો માટેનો ખંડ,
   (૪) વિદ્યાર્થીઓ માટેનો ખંડ (કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો),
   (૫) વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા દસ ટકા જેટલી વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધાઓ સહિતનો),
   (૬) પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકીસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળો સુસજ્જ વાચન ખંડ કે વાચન ખંડો સહિત ગ્રંથાલય,
   (૭) આચાર્ય માટેનો ખંડ,
   (૮) કૉલેજના કાર્યાલય માટેનો ખંડ,
   (૯) પીવાના પાણી માટેનો ખંડ,
   (૧૦) શૌચાલય વગેરેની વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ રૂ. ૧૨,૫૦૦નો અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :
   (૧) પુસ્તકો માટે ... રૂ. ૧૦,૦૦૦
   (૨) સામયિકો માટે ... રૂ. ૧,૨૫૦
   (૩) સંદર્ભગ્રંથો ... રૂ. ૧,૨૫૦.

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચોરસવાર જેટલી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રોવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫૦ (અઢી) ટકાના દરે ગ્રેચ્યુઈટી ફંડ ઊભું કરવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવા યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવશે તે મુજબનો સંસ્થાનો બાંયધરી પત્ર.

૧૧. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે, (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેનાં ઓપન ઈન્ટર્વ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૨. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે;

૧૩. સંસ્થાએ રૂ. ૨૧ લાખની રકમ ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં તા. ૨૬-૬-૧૯૯૬ સુધીમાં જમા કરાવવાની રહેશે, ત્યાર બાદ શરતોને આધીન જોડાણ આપવામાં આવશે. આ ડિપોઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે.

૧૫. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક/બિનશિક્ષકવર્ગના કર્મચારીની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

* * * * *

(૨) નીડ અને સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

સમર્પણ સેવા ટ્રસ્ટ, મુ. વાસન, જિ. ગાંધીનગર દ્વારા ગાંધીનગર ખાતે જૂન, ૧૯૯૬થી નવી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ શરૂ કરવા અંગે ગુજરાત યુનિવર્સિટીને અરજી કરી છે.

અમે તા. ૧૦-૬-૧૯૯૬ના રોજ સદર ટ્રસ્ટે સૂચવેલ કૉલેજ માટેના સ્થળ વસંતકુંવરબા વિદ્યાલય, ગાંધીનગર ખાતે પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. ટ્રસ્ટના સંચાલક મંડળે રૂબરૂ હાજર રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી.

૧. આ સંસ્થા પાસે વસંતકુંવરબા વિદ્યાલયમાં કૉલેજના વર્ગો તથા કાર્યાલય અને જરૂરિયાતો માટે ભૌતિક સુવિધાઓ પર્યાપ્ત છે. આ ઉપરાંત તેઓ પાસે ૧૦,૦૦૦ ચોરસવાર જમીનનું મેદાન છે.

૨. સદર વિદ્યાલયના સંચાલકોએ આ વિદ્યાલયનું મકાન તથા મેદાન વાપરવા આપવાની લેખિત બાંયધરી આપી છે.

૩. ટ્રસ્ટના સંચાલકોએ ફિક્સ્ડ ડિપોઝિટ પેટે રૂ. દશ લાખ સ્ટેટ બૅન્ક ઑફ ત્રાવણકોર, એલિસબ્રિજ, અમદાવાદમાં જમા કરાવ્યા છે.

૪. ગાંધીનગરમાં સરકારી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં અંગ્રેજી માધ્યમની જોગવાઈ નથી. આ સંસ્થા અંગ્રેજી અને ગુજરાતી માધ્યમની જોગવાઈ કરવા માગે છે. વળી આ કૉલેજ મિશ્ર કૉલેજ શરૂ કરવા માગે છે.

૫. ગાંધીનગરમાં સરકારી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજમાં વિદ્યાર્થી-સંખ્યા બહુ જ મોટા પ્રમાણમાં હોવાથી પ્રવેશ મેળવવાનું કઠિન છે. ખાસ કરીને પ્રથમ વર્ષ બી.એ.માં તો ૧૯૯૫-૯૬માં હજારથી વધુ વિદ્યાર્થીઓની સંખ્યા હતી. ગાંધીનગરમાં અન્ય બે કૉલેજો મહિલા કૉલેજો છે અને તેથી વિદ્યાર્થીઓના ધસારાને પહોંચી વળી શકાતું નથી.

ઉપરની સઘળી બાબતો ધ્યાનમાં લેતાં અને શૈક્ષણિક વર્ષ ૧૯૯૬-૯૭થી ઉપરોક્ત ટ્રસ્ટને પ્રથમ વર્ષ બી.એ. તથા બી.કૉમ.ના વર્ગો શરૂ કરવા એક વર્ષ માટે નીચેની શરતોએ ભલામણ કરીએ છીએ :

૧. યુનિવર્સિટી જોડાણ આપે એના સાત દિવસ સુધીમાં રૂપિયા એકવીસ લાખ સંસ્થા યુનિવર્સિટીમાં જમા કરાવે.

૨. પ્રથમ વર્ષ બી.એ.માં ગુજરાતી અને અર્થશાસ્ત્ર મુખ્ય વિષય તરીકે, તથા આ બંને ઉપરાંત સમાજશાસ્ત્ર અને મનોવિજ્ઞાન ગૌણ વિષયનું જોડાણ આપવા ભલામણ કરીએ છીએ, જ્યારે પ્રથમ વર્ષ બી.કૉમ.માં મુખ્ય વિષય તરીકે ઍડવાન્સ ઍકાઉન્ટિંગ અને ઑડિટિંગ તથા ગૌણ વિષયો તરીકે ઍડવાન્સ સ્ટેટિસ્ટિક્સ અને સેક્રેટરિયલ પ્રેક્ટિસ વિષયોનું જોડાણ આપવા ભલામણ છે.

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવાની રહેશે. ગ્રંથાલય માટે આવર્તક અને અનાવર્તક ખર્ચ કરવાનો રહેશે, અને ભૌતિક સવલતો પૂરી પાડવાની રહેશે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રો. વાય કે. અગ્રવાલ
પ્રો. એસ. બી. વોરા

પરિશિષ્ટ "ટ"

કામકાજ ક્રમાંક ૨(૧૫)

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાની અરજી પરનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમોએ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયાની મુલાકાત તા. ૨૯-૬-૧૯૯૫ના રોજ લીધી હતી. આ કૉલેજે વિનયન વિદ્યાશાખા માટે અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત વિષયના કાયમી જોડાણ માટે અરજી કરી હતી, જ્યારે વાણિજ્ય વિદ્યાશાખામાં કૉમ્પ્યુટર સાયન્સ ગૌણ વિષય માટે કાયમી જોડાણની અરજી કરી હતી. કૉલેજના આચાર્યશ્રી ગિરીશભાઈ પંડ્યા તથા કૉલેજ સ્ટાફ સાથે પણ મુલાકાત કરી હતી. કૉલેજ લાઇબ્રેરી, વર્ગખંડો, જરૂરી સ્ટાફ અને વિદ્યાર્થી-સંખ્યા વગેરે બાબતોની પૃચ્છા આચાર્યશ્રી સાથે કરી હતી. અમો નીચેની શરતોનું કૉલેજ દ્વારા પરિપાલન કરવામાં આવે એ શરતે કૉલેજે માગેલ જોડાણ માટેના વિષયોનું ચાલુ જોડાણ તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીની સમયમર્યાદા માટે આપવા ભલામણ કરીએ છીએ :

શરતો

૧. કૉલેજ દ્વારા પ્રત્યેક વિષય માટે રૂ. ૪,૦૦૦-૦૦ (અંકે રૂપિયા ચાર હજાર)નાં પુસ્તકો અને મૅગેઝિન માટે આવર્તક ખર્ચ કરવામાં આવે.

૨. કૉમ્પ્યુટર સાયન્સ માટે ખંડ સમયના વ્યાખ્યાતા તેમ જ પૂર્ણ સમયના પ્રોગ્રામરની તાત્કાલિક નિમણૂક કરવામાં આવે.

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૨(૧૬)

શ્રી બી. કે. પટેલ આર્ટ્સ અને શ્રીમતી એલ. એમ. પટેલ કૉમર્સ કૉલેજ, સાવલીની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટીના આદેશ અનુસાર અમે તા. ૨૩-૯-૧૯૯૫ના રોજ સાવલી કૉલેજની મુલાકાત લીધી હતી, કૉલેજના આચાર્યશ્રી પી. સી. ઉપાધ્યાય તથા શિક્ષકગણ સાથે મુક્તમને ચર્ચા કરી હતી. કૉલેજે વાણિજ્ય વિદ્યાશાખામાં ગૌણ વિષય તરીકે આંકડાશાસ્ત્રના વિષય માટે કાયમી ધોરણે તથા વિનયન વિદ્યાશાખામાં અંગ્રેજી, મનોવિજ્ઞાન, હોમસાયન્સ વિષયોમાં મુખ્ય વિષય તરીકે કાયમી તથા હિંદી, સંસ્કૃત તથા સમાજવિદ્યાના વિષયમાં ગૌણ વિષય તરીકે કાયમી જોડાણની માગણી કરી છે.

આ સંદર્ભમાં સમિતિ નીચેની ભલામણ કરે છે :

વાણિજ્ય વિદ્યાશાખામાં આંકડાશાસ્ત્ર વિષયનું ગૌણ વિષય તરીકે અને વિનયન વિદ્યાશાખામાં ગૌણ વિષય તરીકે હિંદી, સંસ્કૃત તથા સમાજવિદ્યામાં કાયમી જોડાણ આપવું.

વિનયન વિદ્યાશાખામાં અંગ્રેજીના વિષયમાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઓછી છે, ટી.વાય.બી.એ.માં માત્ર ૪ જ વિદ્યાર્થી છે, છતાં અન્યથા વાતાવરણ અનુકૂળ હોઈ કાયમી ધોરણે જોડાણ આપવા ભલામણ છે.

હોમસાયન્સના વિષયમાં ગયા વર્ષના એફ.વાય.બી.એ.માં ૧૪ વિદ્યાર્થિનીઓએ પ્રવેશ લીધેલો હતો. ચાલુ વર્ષે માત્ર એક જ વિદ્યાર્થિનીએ પ્રવેશ લીધો છે. એસ.વાય.બી.એ.માં એકપણ વિદ્યાર્થિનીએ પ્રવેશ લીધો નથી. આ સંદર્ભમાં મુખ્ય વિષય તરીકે હોમસાયન્સમાં કાયમી જોડાણ આપવાની ભલામણ કરી શકાય નહીં.

મનોવિજ્ઞાન વિષયની બાબતમાં નીચે પ્રમાણે ભલામણ છે :

૧૯૯૬-૯૭ના વર્ષ માટે મનોવજ્ઞાનનું મુખ્ય વિષય તરીકેનું હંગામી જોડાણ તૃતીય વર્ષ માટે તા. ૧૫-૬-૧૯૯૬ના રોજ નીચેની શરતો પરિપૂર્ણ થાય તો અને તો જ ૧૯૯૬-૯૭ના વર્ષ માટે જોડાણ આપવું એવી અમારી ભલામણ છે :

૧. મનોવિજ્ઞાનની પ્રયોગશાળા માટે અલગ ખંડ ફાળવવો.

૨. વિદ્યાર્થીદીઠ ટેબલ-ખુરશી અને પ્રયોગ માટેના અન્ય ફર્નિચરની વ્યવસ્થા કરવી.

૩. જે પ્રયોગો અભ્યાસક્રમમાં છે તે માટેનાં સાધનોના ઓછામાં ઓછા બે સેટ જૂન, ૧૯૯૬ પહેલાં ખરીદી લેવા.

૪. અત્યારે કૉલેજમાં એક પૂર્ણ સમયના તેમ જ એક ખંડ સમયના અધ્યાપક છે, તૃતીય વર્ષ બી.એ.માં કાર્યભાર વધતાં નિયમો પ્રમાણે જરૂરી નિમણૂક તા. ૧૫-૬-૧૯૯૬ સુધીમાં કરવી.

૫. તૃતીય વર્ષ બી.એ.ના મનોવિજ્ઞાનના અભ્યાસક્રમ માટે ગુજરાતી/અંગ્રેજીનાં નિયત કરેલાં પાઠ્યપુસ્તકો તે જ જરૂરી સંદર્ભગ્રંથો તા. ૧૫-૬-૧૯૯૬ પહેલાં વસાવી લેવા તે ઉપરાંત દરેક વિષયમાં પર્યાપ્ત પ્રમાણમાં પુસ્તકો વસાવવાં આવશ્યક છે.

એસ. બી. વોરા
એમ. વી. બક્ષી
આર. બી. ત્રીવેદી

પરિશિષ્ટ "ડ"

કામકાજ ક્રમાંક ૨ (૧૭)

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

અમોએ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલની મુલાકાત તા. ૨૯-૭-૧૯૯૫ના રોજ લીધી હતી. આ કૉલેજે વાણિજ્ય વિદ્યાશાખા માટે કૉમ્પ્યુટર સાયન્સના ગૌણ વિષયનું ચાલુ જોડાણ મેળવવા માટે અરજી કરી છે. અમારી મુલાકાત દરમિયાન કેળવણી મંડળના હોદ્દેદારો, આચાર્યશ્રી સુતરિયા તથા કૉલેજ સ્ટાફ હાજર રહ્યો હતો. કૉમ્પ્યુટર સાયન્સ માટેનો ખંડ, કૉમ્પ્યુટર, વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલ માટેની વ્યવસ્થા, લાઇબ્રેરી, વિદ્યાર્થી-સંખ્યા વગેરે બાબત અંગે આચાર્યશ્રી સાથે ચર્ચા કરી હતી, અને જરૂરી માહિતી પણ એકત્રિત કરી હતી. અમો નીચેની શરતોનું કૉલેજ દ્વારા પરિપાલન કરવામાં આવે એ શરતે કૉમ્પ્યુટર સાયન્સનું જોડાણ તા. ૧૫-૬-૧૯૯૫થી તારીખ ૧૪-૬-૧૯૯૭ સુધીના સમય માટે આપવા ભલામણ કરીએ છીએ :

શરતો

૧. કૉલેજ દ્વારા વર્ષદીઠ કૉમ્પ્યુટર સાયન્સ વિષય માટે રૂ. ૨,૦૦૦નાં પુસ્તકો તથા સંદર્ભ ગ્રંથ ખરીદવા અંગે કરવામાં આવે.

૨. કૉમ્પ્યુટર સાયન્સ માટે ખંડ સમયના વ્યાખ્યાતા અને પૂર્ણ સમયના પ્રોગ્રામરની તાત્કાલિક નિમણૂક કરવામાં આવે.

પરિશિષ્ટ "ઢ"

કામકાજ ક્રમાંક ૨ (૧૮)

[૧] શ્રી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદની નીડ અને સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

શ્રી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ જિ. ખેડાએ જૂન, ૧૯૯૬થી નવી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. આ સંદર્ભમાં કુલપતિશ્રીએ નિમેલ નીડ અને સ્થાનિક તપાસસમિતિએ તા. ૧૦-૫-૧૯૯૬ના રોજ સંસ્થાની સ્થળ ઉપર મુલાકાત લીધી હતી.

સમિતિ નીચેનાં કારણોસર આ સૂચિત નવી કૉલેજને જોડાણ આપવાની ભલામણ કરતી નથી :

૧. મહેમદાવાદની નજીક ખેડામાં આર્ટ્સ અને કૉમર્સ કૉલેજના પ્રથમ વર્ષ બી.એ.માં કુલ ૧૩૫ વિદ્યાર્થીઓ જ્યારે પ્રથમ વર્ષ બી.કૉમ.માં માત્ર ૪૫ વિદ્યાર્થીઓ ૧૯૯૫-૯૬ના વર્ષમાં હતા અને કૉલેજની બંને વિદ્યાશાખામાં બધા વર્ગોમાં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૩૪૭ની હતી.

૨. મહેમદાવાદ અને ખેડા વચ્ચેનું અંતર માત્ર ૧૨થી ૧૩ કિલોમીટર જેટલું છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રો. વાય. કે. અગ્રવાલ
આચાર્ય ડી. એમ. શીખ
પ્રો. એસ. બી. વોરા

* * * * *

[૨] શ્રી શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટ, ભુજ (કચ્છ)નો નીડ અને સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

શ્રી શિવશક્તિ સ્ટડી સર્કલ ટ્રસ્ટે, ભુજ (કચ્છ) ખાતે જૂન, ૧૯૯૬થી નવી મહિલા આર્ટ્સ તેમ જ કૉમર્સ કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે.

આ સંદર્ભમાં કુલપતિશ્રીએ નીમેલ નીડ અને સ્થાનિક તપાસસમિતિએ તા. ૮-૬-૧૯૯૬ના રોજ સ્થળ ઉપર રૂબરૂ મુલાકાત લીધી હતી અને ટ્રસ્ટના સંચાલકોએ રૂબરૂ ઉપસ્થિત રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી.

સંચાલકોએ અમને લેખિત પત્ર દ્વારા જણાવ્યું છે કે જૂન, ૧૯૯૬થી તેઓ વાણિજ્ય વિદ્યાશાખા શરૂ કરવા માગતા નથી. (પત્ર સામેલ છે.) તેથી વાણિજ્ય વિદ્યાશાખાના જોડાણ અંગે કંઈ વિચારવાપણું રહેતું નથી.

વિનયન વિદ્યાશાખાના જોડાણની ઉપરોક્ત ટ્રસ્ટે કરેલી માગણી સંદર્ભે ભુજમાંની સરકારી કૉલેજમાં વિનયન વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ બી.એ.માં ૧૯૯૫-૯૬ના વર્ષની બહેનોની સંખ્યા જોતાં, જો ભુજ ખાતે બહેનોની વિનયન વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવામાં આવે તો વિપરિત અસર પડે તેવું સમિતિને લાગે છે. આથી આ ટ્રસ્ટને નવી વિનયન વિદ્યાશાખાવાળી બહેનોની કૉલેજનું જોડાણ ન આપવા અમારી ભલામણ છે.

સમિતિના સભ્યો
દર્શનકુમાર શીખ
એસ. બી. વોરા

પરિશિષ્ટ "ણ"

કામકાજ ક્રમાંક ૨ (૨૦)

પી.જી.ડી.એફ.ના અભ્યાસક્રમ ચલાવવા માટે ૧૯૯૬-૯૭ના વર્ષમાં જરૂરી બજેટની મંજૂરી તથા વહીવટી બાબતોની વિચારણા કરવા માટે એક સમિતિની બેઠક આજરોજ બપોરના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ડૉ. ચંદ્રકાન્ત એચ. મહેતા, કુલપતિશ્રી	હાજર
૨. પ્રિ. દર્શનસિંગ શીખ	હાજર
૩. પ્રિ. એસ. બી. વોરા	હાજર
૪. પ્રા. આર. એચ. વ્યાસ	હાજર
૫. પ્રા. બી. એચ. દેસાઈ, કૉ-ઑર્ડિનેટર	હાજર.

૧. ૧૯૯૬-૯૭ના વર્ષનું બજેટ મંજૂર કરવા બાબત.
આથી ઠરાવવામાં આવે છે કે આ સાથેના **પરિશિષ્ટ 'અ'** મુજબનું બજેટ મંજૂર કરવું. વધુમાં ઠરાવવામાં આવે છે કે મંજૂર થયેલ બજેટ અંગે ખર્ચ કરવા માટે યુનિવર્સિટીના નિયમ મુજબ પ્રથમ મંજૂરી મેળવવાની રહેશે.

૨. ૧૯૯૫-૯૬ના વર્ષમાં થયેલ આવક અને જાવકનો હિસાબ કૉ-ઑર્ડિનેટરશ્રીએ રજૂ કરેલ છે જે મંજૂર રાખવામાં આવેલ છે. Appendix 'A' મુજબ.

૩. ૧૯૯૬-૯૭ના વર્ષ માટે એડમિશન ટેસ્ટ લેવા માટે એજન્સી નક્કી કરવાનું તથા આ અંગે રૂ. ૧૨,૦૦૦ (રૂપિયા બાર હજાર પૂરા) સુધીનું ખર્ચ મંજૂર કરવું અને આ અંગે નિર્ણય કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૪. એડમિશન ટેસ્ટ અને એડમિશન માટે ફૉર્મ મંગાવવાની જાહેરાત ગુજરાત સમાચાર અને ટાઇમ્સ ઑફ ઇન્ડિયાની અમદાવાદની આવૃત્તિમાં આ સાથેના મંજૂર કરેલા મુસદ્દા પ્રમાણે આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

* * * * *

APPENDIX "A"

Post Graduate Diploma in Investment & Financial Analysis

Statement Shoing the income & Expenditure Budgeted 1996-97

Income	*Rs.*	*Expenditure*	*Rs.*
Income from sale of admission forms	-	*Consultancy charges	12,000
200 forms × Rs. 125	25,000	Conducting of Admission test	2,000
Income from fees	-	Faculty remuneration 360 sessions X Rs. 100 each	36,000
60 students		Remuneration-Project guidance	5,000
Rs. 5,000 each	3,00,000	Remuneration for Assessment of Assignments	4,800
		Co-Ordinator's Ramuneration	6,000
		Reading material cost : including Zerox charges	45,000
		Library books a journals	70,000
		Stationary	16,000
		Postage	1,000
		Contingencies	11,200
		Administrative cost	15,000
		Capital equipment cost	1,01,000
		Deficit/Surplus	Nil
Total ...	3,25,000	Total ...	3,25,000

પરિશિષ્ટ "થ"

કામકાજ ક્રમાંક ૧૫

તા. ૧૯-૮-૧૯૯૬ના રોજ બપોરના ૩ વાગ્યે માનનીય કુલપતિશ્રીની ચેમ્બરમાં યુનિવર્સિટીની આગામી ઑક્ટોબર-નવેમ્બરની પરીક્ષા ફીના માળખા અંગેની ચર્ચા માટે મીટિંગ મળી હતી, જેમાં નીચેના સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા :

૧. કુલપતિશ્રી
૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૩. પ્રિ. ડી. એમ. શીખ
૪. પ્રિ. એસ. બી. વોરા
૫. પ્રિ. વી. બી. પટેલ

ઉપર્યુક્ત મીટિંગમાં એવું ઠરાવવામાં આવ્યું કે આ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં રજૂ કરવી.

પરિશિષ્ટ "ક"

કામકાજ ક્રમાંક ૧૭

ગુજરાત યુનિવર્સિટી સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

એમ.બી.એ.ના પાંચ વર્ષના ઇન્ટીગ્રેટેડ અભ્યાસક્રમ અંગેની હાઈપાવર સમિતિની સભા તા. ૧૫-૨-૧૯૯૬ના રોજ સાંજે ૪ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

૧.	ડૉ. ચંદ્રકાન્ત મહેતા	કુલપતિશ્રી
૨.	ડૉ. એમ. એન. દેસાઈ	
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	
૪.	ડૉ. બિહારીભાઈ કનૈયાલાલ	
૫.	શ્રી નરહરિભાઈ એમ. પરીખ	નિયામકશ્રી
૬.	શ્રી આર. એચ. વ્યાસ	નાયબ નિયામકશ્રી

શ્રી કે. સી. પરીખ અને શ્રી ડી. એમ. શીખ હાજર રહી શક્યા ન હતા.

નીચે મુજબની બાબતો અંગે સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યા હતા :

૧. વર્ગખંડો માટેના અત્યાર સુધીમાં ખરીદવામાં આવેલા ફર્નિચરની કિંમતની અને કૉમ્પ્યુટરની ખરીદી અંગે ફિનાન્સ સમિતિએ કરેલ નિર્ણય મુજબ ખરીદી કરી તેની પણ તાત્કાલિક ચુકવણીઓ કરવી અને તે ઉપરાંત આગામી વર્ષ દરમિયાનના નીચે મુજબના મૂડી ખર્ચા અંગેનાં નાણાંની અલગ વ્યવસ્થા કરવી.

વર્ગખંડો, કાર્યાલય, પુસ્તકાલય વગેરે માટે ફર્નિચર માટે રૂ. ૧૨ લાખ,

ગ્રાઉન્ડ ફ્લોરના એરકન્ડિશનિંગ માટે (દરેક રૂમમાં ૩ તથા કૉમ્પ્યુટર રૂમમાં ૪ એરકન્ડિશનર માટે) રૂ. ૮ લાખ,

કૉમ્પ્યુટર રૂમમાં ફોલ્સ સીલિંગ અને ફ્લોરિંગ વગેરે અંગે ૫ લાખ,

બુક્સ જર્નલ્સ માટે રૂ. ૨ લાખ.

૨. હાલના મકાનમાં વધારાના બે માળ તથા ટોયલેટ બ્લોકનું બાંધકામ કરવાની તાત્કાલિક કાર્યવાહી હાથ ધરવામાં આવે અને તેની કાર્યવાહી માટે નીચેના સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી :

(૧) ડૉ. બિહારીભાઈ (૨) શ્રી કે. સી. પરીખ

(૩) શ્રી નરહરિભાઈ પરીખ (૪) રજિસ્ટ્રાર-શ્રી એમ. પી. જડિયા (મેમ્બર સેક્રેટરી)

૩. પ્રથમ વર્ષ એમ.બી.એ. અભ્યાસક્રમમાં શૈક્ષણિક વર્ષ, ૧૯૯૫-૯૬ દરમિયાન ૧૯૫ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવેલ છે જેની વિગતો નીચે પ્રમાણે છે :

	કેટેગરી	વિદ્યાર્થીઓની સંખ્યા	ફીનું ધોરણ વાર્ષિક રૂપિયા
૧.	ગુજરાત એચ.એસ.સી. બોર્ડની મેરિટ પ્રમાણે ઓપન કેટેગરી (ગુજરાત રાજ્યના નિયમો અનુસાર રીઝર્વેશન સીટ સાથે).	૯૦	૬,૦૦૦
૨.	સેન્ટ્રલ બોર્ડ ઑફ સેકન્ડરી એજ્યુકેશન તથા આઈ.એસ.સી. બોર્ડની (ગુજરાત રાજ્યમાં સ્થાપિત જે સ્કૂલ હોય તે)	૧૦	૬,૦૦૦
૩.	પેમેન્ટ સીટ (ગુણવત્તાના ધોરણે ક્રમાંક ૧ તથા ૨ મુજબ)	૫૦	૩૦,૦૦૦
૪.	એન.આર.આઈ./એન.આર.આઈ. (સ્પોન્સર્ડ/ઇન્ડિયન સિટિઝન કેટેગરી ગુણવત્તાના ધોરણે)	૪૦	૧,૦૦,૦૦૦
૫.	બીજા રાજ્યના વિદ્યાર્થીઓ માટે (ગુણવત્તાના ધોરણે)	૫	૩૦,૦૦૦
		કુલ ૧૯૫	

૪. ત્રીજા વર્ગના બિનશૈક્ષણિક કર્મચારીઓના મહેકમમાં ચાર પૂર્ણ સમયના ત્રીજા વર્ગના કર્મચારીઓ નીમવા, જેમાં એક એકાઉન્ટન્ટની કક્ષાના અને એક હેડ ક્લાર્ક-સિનિયર ક્લાર્કની કક્ષાના રાખવા અને પાંચ પૂર્ણ સમયના ચોથા વર્ગના કર્મચારીઓ પણ નીમવા. આ જગ્યાઓના નામાભિધાન અને નોકરીની શરતો, પગારધોરણ વગેરે અંગે નિર્ણય કરવાનું નીચે (૫)માં સૂચવેલ સમિતિને સોંપવું.

૫. શૈક્ષણિક સ્ટાફની નીચે મુજબની નિમણૂકો ત્રણ વર્ષની ટેન્યોર પોસ્ટ પર કરવી અને આવી નિમણૂકોનું નામાભિધાન તથા નોકરીની શરતો, પગાર, પગારધોરણ વગેરે અંગેનો નિર્ણય કરવા નીચે મુજબના સભ્યોની સમિતિની રચના કરવામાં આવી :

(૧) ડૉ. ચંદ્રકાન્ત મહેતા વાઇસ ચાન્સેલરશ્રી
(૨) પ્રો. કે. એસ. શાસ્ત્રી
(૩) શ્રી કે. સી. પરીખ
(૪) શ્રી એન. એમ. પરીખ

માન્ય કરવામાં આવેલ શૈક્ષણિક જગ્યાઓ :

(૧)	એકાઉન્ટન્સી વિષયમાં	... એક
(૨)	મૅનેજમેન્ટ વિષયમાં	... બે
(૩)	મૅથેમેટિક્સ વિષયમાં	... એક
(૪)	સ્ટેટિસ્ટિક્સ વિષયમાં	... એક
(૫)	અંગ્રેજી વિષયમાં	... એક
(૬)	અર્થશાસ્ત્ર વિષયમાં	... એક
(૭)	કૉમ્પ્યુટર વિષયમાં	... બે
(૮)	કૉમ્પ્યુટર પ્રોગ્રામર્સ	... બે
(૯)	કૉમ્પ્યુટર્સ ઑપરેટર્સ	... બે

૬. હવેથી દરેક વર્ષની જે ફી યુનિવર્સિટીને આ અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ પાસેથી મળતી રકમ અલગ બૅન્ક ખાતામાં આ અભ્યાસક્રમની નાણાકીય જરૂરિયાતો માટે મૂકવી. આવા અલગ બૅન્ક ખાતામાં રાખેલ રકમમાંથી નાણાનો ઉપાડ કરવા માટે એક સહીશ્રી એન. એમ. પરીખ (નિયામકશ્રી) અને બીજી એક સહી ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી અથવા રજિસ્ટ્રારશ્રીની રાખવી.

૭. નિયામકશ્રી એન. એમ. પરીખ તથા નાયબ નિયામકશ્રી આર. એચ. વ્યાસના ઓનરેરિયમ નક્કી કરવાનું ડૉ. બિહારીભાઈ તથા શ્રી કે. સી. પરીખને સોંપવાનું ઠરાવવામાં આવ્યું હતું.

એન. એમ. પરીખ

* * * * *

એમ.બી.એ.ના પાંચ વર્ષના ઈન્ટિગ્રેટેડ અભ્યાસક્રમ અંગેની હાઈ પાવર કમિટીની સભા તા. ૨૪-૭-૧૯૯૬ના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	ડૉ. ચંદ્રકાન્ત મહેતા	હાજર
૨.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	ગેરહાજર
૪.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	ગેરહાજર
૫.	પ્રો. કે. સી. પરીખ	હાજર
૬.	પ્રિ. ડી. એમ. શીખ	ગેરહાજર
૭.	શ્રી એન. એમ. પરીખ	હાજર
૮.	પ્રો. આર. એચ. વ્યાસ, નાયબ નિયામક	હાજર.

૧. બી.બી.એ.ના અભ્યાસક્રમના મુલાકાતી પ્રાધ્યાપકોના મહેનતાણા વધારવા અંગેની બાબત પરત્વે વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે બી.બી.એ.ના અભ્યાસક્રમના મુલાકાતી પ્રધ્યાપકોને એક કલાકના વ્યાખ્યાન માટે હાલનું મહેનતાણું રૂ. ૭૫-૦૦ મળે છે તેમાં વધારો કરીને વ્યાખ્યાન દીઠ રૂ. ૧૦૦ મંજૂર કરવાનું રાખવું અને તે મુજબ જરૂરિયાત પ્રમાણે મુલાકાતી પ્રધ્યાપકો નીમવાની સત્તા ડાયરેક્ટરશ્રીને આપવી.

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે માસિક નિયત વેતન રૂ. ૧૫૦૦થી ૨૦૦૦ની મર્યાદામાં મુલાકાતી પ્રાધ્યાપક દરરોજ નિયત સમય માટે આવે તે રીતે નિમવાની ભલામણ કરવાની સત્તા ડાયરેક્ટરશ્રીને આપવી. (ક્રમાંક-૫ મુજબ શૈક્ષણિક સ્ટાફની નિમણૂક થાય ત્યાં સુધી).

૨. બી.બી.એ./એમ.બી.એ. કોર્સના નીચેના પ્રધ્યાપકોને કો-ઑર્ડિનેટર તરીકે નિમવા અંગેના નિયામકશ્રીના તા. ૧૨-૭-૧૯૯૬ના પત્ર અન્વયેની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત :

૧.	પ્રો. સરલા અચ્યુતન	બી. કે. સ્કૂલ
૨.	પ્રો. એ. બી. બ્રહ્મભટ્ટ	બી. કે. સ્કૂલ
૩.	પ્રો. ડી. આર. પટેલ	બી. કે. સ્કૂલ
૪.	ડૉ. ગોપાલ કિશ્ન	બી. કે. સ્કૂલ

૫.	પ્રો. જોબનપુત્રા	બી. કે. સ્કૂલ
૬.	પ્રો. આર. પી. સોની	રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટર
૭.	શ્રી. કે. વી. લકુમ	હાલમાં કૉમર્સ ભવનમાં મુલાકાતી અધ્યાપક છે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત તમામ અધ્યાપકોને કો-ઑર્ડિનેટર તરીકે ચાલુ શૈક્ષણિક વર્ષ માટે નીમવા અને તે પેટે માસિક રૂ. ૧૫૦૦ મહેનતાણું મંજૂર કરવું.

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કો-ઑર્ડિનેટરશ્રીઓને વ્યાખ્યાનદીઠ રૂ. ૧૦૦ માનદ વેતન આપવાનું મંજૂર કરવું.

૬. બી.બી.એ. તેમ જ એમ.બી.એ.ના અભ્યાસક્રમની કૉમ્પ્યુટરની કામગીરી માટે કામ કરતાં શ્રી સંજય ગાંધી અને કુ. અમી ભટ્ટના માસિક માનદ વેતનમાં વધારો કરવા અંગે નિયામકશ્રીની તા. ૧૨-૭-૧૯૯૬ના પત્ર સાથેની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા અંગે :

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે શ્રી સંજય ગાંધીને માસિક માનદ વેતન રૂ. ૩,૦૦૦ અને કુ. અમી ભટ્ટને માસિક માનદ વેતન રૂ. ૨,૫૦૦ મંજૂર કરવાનું રાખવું.

૧૩. બાંધકામ સમિતિની તા. ૮-૧૦-૧૯૯૬ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બાંધકામ સમિતિની તા. ૮-૧૦-૧૯૯૬ની ભલામણોનો સ્વીકાર કરવો.

(સદરહુ સમિતિની ભલામણ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૧૪. બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર ચૂંટાયેલા વિદ્યાર્થી સભ્યોની તા. ૩૦-૮-૧૯૯૬ના રોજ મળેલ બેઠકમાં જે વિદ્યાર્થીઓ બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર સતત ત્રણ વર્ષ સુધી ચાલુ રહે તેમને ત્રીજા વર્ષે યુનિવર્સિટી તરફથી બ્લેઝર આપવા અંગેના વિદ્યાર્થીઓ તરફથી થયેલ સૂચન પરત્વેની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે બોર્ડ ફોર સ્ટુડન્ટ્સ વેલ્ફેર પર ચૂંટાયેલા વિદ્યાર્થી સભ્યોની તા. ૩૦-૮-૧૯૯૬ના રોજ મળેલ બેઠકમાં વિદ્યાર્થીઓ તરફથી થયેલા સુચન પરત્વેની દરખાસ્ત સ્વીકારી શકાય તેમ નથી.

૧૫. યુનિવર્સિટીના ભૂગોળ ભવનમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી હરીશ કે. સોલંકીને રૂ. ૭૫૦-૧૨-૮૭૧ ઈ.બી. ૧૪-૧૦૨૫ના પગારધોરણમાં રૂ. ૮૭૧-૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઈ.બી.)ના તા. ૨-૯-૧૯૯૬થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

યુનિવર્સિટીના ભૂગોળ ભવનમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા શ્રી હરીશ કે. સોલંકીનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો, તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે શ્રી હરીશ કે. સોલંકીને ૭૫૦-૧૨-૮૭૧ ઈ.બી. ૧૪-૧૦૨૫ના પગારધોરણમાં રૂ. ૮૭૧-૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય સપ્ટેંબર, ૧૯૯૬થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૬. ફાઈનાન્સ સમિતિની તા. ૮-૧૦-૧૯૯૬ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૮-૧૦-૧૯૯૬ના રોજ મળેલ સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(સભાની ભલામણોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૧૭. સી. એન. પી. એફ. આર્ટ્સ ઍન્ડ ડી. એન. સાયન્સ કૉલેજ, ડભોઈની જૂન, ૧૯૯૬થી બી.એસસી. (સ્પે.)માં માઈક્રોબાયોલોજીનો વધારાનો વિષય દાખલ કરવા માટેની અરજી પરત્વે ઍકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે સી. એન. પી. એફ. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૨-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એસસી. (સ્પે.)માં માઇક્રોબાયોલોજીના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. (અ) ઑર્ડિ. ૧૨૦ અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;
(બ) સદરહુ વિષય માટે લેબ. ટેકનિશિયનની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. સદરહુ વિષયની અલગ લેબોરેટરી કરવામાં આવે;

૪. સદરહુ વિષયના લેબોરેટરીના સાધનો ઓવન, ફર્નિચર, માઇક્રોસ્કોપિંગ વગેરે અંગે રૂ. ૭ લાખનો ખર્ચ કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. સદરહુ વિષય માટે ગ્રંથાલયમાં અલગ વ્યવસ્થા કરવામાં આવે અને સદરહુ વિષયના પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવે છે—આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ પરત્વે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો.

૧૮. બાંધકામ સમિતિની તા. ૮-૧-૧૯૯૬ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાંધકામ સમિતિની ભલામણો પૈકી ભલામણ ક્રમાંક ૨ મંજૂર કરવી.

૧૯. ગુજરાત યુનિવર્સિટી સ્ટાફ સ્પોર્ટ્સ ઍન્ડ રીક્રિયેશન-ક્લબ ને આંતર-યુનિવર્સિટી ક્રિકેટ ટુર્નામેન્ટ યોજવા માટે રૂ. ૨૦,૦૦૦ (અંકે રૂપિયા વીસ હજાર)ની આર્થિક સહાય આપવા માટે ક્રિકેટ મંત્રીના તા. ૫-૧૨-૧૯૯૬ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—"અન્ય કલ્યાણ પ્રવૃત્તિ માટેના યુનિવર્સિટી ફંડના સદર હેઠળ ખર્ચ" પડશે જ્યાં ૧૯૯૬-૯૭ના વર્ષમાંની જોગવાઈ રૂ. ૧૨,૦૦૦ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે સ્ટાફ સ્પોર્ટ્સ ક્લબને રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા) આર્થિક સહાય મંજૂર કરવી અને ૧૯૯૬-૯૭ના અંદાજમાં "અન્ય કલ્યાણ પ્રવૃત્તિ માટે"ના બજેટ હેડ (સદર) નીચે રૂ. ૧૫,૦૦૦ની બજેટ જોગવાઈ વધારવી.

ત્યારબાદ સમયના અભાવે બાકીની બાબતો હાથ ધરી શકાઈ નહિ.

ત્યારબાદ સભાનું કામકાજ પુરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./ ૧૩૪૦ / ૧૯૯૭

એસ. ડી. સ્વામિનારાયણ
કાર્યકારી કુલસચિવ

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૯-૨-૧૯૯૭.

પરિશિષ્ટ " ક "

કામકાજ ક્રમાંક ૨(૪૪)

Govrnment Science College, Gandhinagar

The Committee has visited the Government Science College, Gandhinagar on 27th August, 1996 at 3-00 p.m.

On meeting with the Principal Shri H. C. Patel and other staff members of the Mathemetics Department, it is noticed that since last two years there is no students have applied for M.Sc. Mathematics Course and since 1992 till 1996 not even a single student have passed. There are not sufficient recognised P.G. Teachers in the college.

Looking to the recognised staff position and students availability committee recommends the discontinuation of the M.Sc. Mathematics Course in Govt. Science College, Gandhinagar.

I. H. Sheth
Prof. & Head,
Dept. of Mathematics
Prof. Y. K. Agrawal
Head, Chemistry Department

પરિશિષ્ટ " ખ "

કામકાજ ક્રમાંક ૯

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક એનજીસી/૧૫૯૬/૧૯૪૯/ખ, સચિવાલય ગાંધીનગર, તા. ૨૭-૬-૧૯૯૬.

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગના તા. ૧૫-૧૧-૧૯૮૯નો ઠરાવ ક્રમાંક એનજીસી/૧૫૮૯/એમ/૧૦૨૬/ખ

(૨) શિક્ષણ વિભાગના તા. ૨૩-૧૨-૧૯૯૧નો ઠરાવ ક્રમાંક એનજીસી/૧૫૮૯/૪૦૨૨/૫૯/૫૮/ખ

(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૮-૭-૧૯૯૫નો સમાનાંકી ઠરાવ.

ઠરાવ :

શિક્ષણ વિભાગના તા. ૨૩-૧૨-૧૯૯૧ના ઠરાવ તથા રાજ્ય સરકારની કરકસરની નીતિને ધ્યાનમાં લેતાં શિક્ષણ વિભાગે તા. ૨૮-૭-૧૯૯૫નો ઠરાવ કરતાં બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને અધ્યાપક કૉલેજોનાં બિનશૈક્ષણિક કર્મચારી મહામંડળ તરફથી થયેલ રજૂઆતોને ધ્યાને લઈ રાજ્ય સરકારે આ પ્રશ્ને એક સબકમિટીની રચના કરેલ હતી. જે સબ કમિટીએ કરેલ ભલામણો ઉપર પુખ્ત વિચારણાને અંતે બિનસરકારી કૉલેજોનાં સહાયક ગ્રાન્ટના માળખામાં તથા બિનશૈક્ષણિક કર્મચારીઓનાં મહેકમના માપદંડ અંગે આ સાથે પત્રક 'ક' તથા 'ગ' અનુસાર વર્ગ-૩ તથા વર્ગ-૪ના કર્મચારીઓનું મહેકમ તથા શરતો રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) તા. ૨૮-૭-૧૯૯૫નો ઠરાવ જેનો અમલ અગાઉ મોકૂફ રાખવામાં આવ્યો હતો તેને આથી રદ કરવામાં આવે છે.

(૨) તા. ૨૩-૧૨-૧૯૯૧ના ઠરાવથી નિયત કરાયેલ માપદંડમાં ૧૦ ટકાનો કાપ કરી તે મુજબ મળવાપાત્ર જગ્યાઓમાં ઘટાડો કરવાનો રહેશે અને આ કાપને લીધે જે જગ્યાઓ ઘટે તે જગ્યાઓ હવે પછી મળવાપાત્ર જગ્યાઓ સામે ગણના કરવાની રહેશે.

(૩) જે કૉલેજોમાં ૨,૦૦૦ (બે હજાર) કરતાં વધારે વિદ્યાર્થી સંખ્યા હોય ત્યાં વર્ગ-૩નો વધારાનું મહેકમ મંજૂર કરવાને બદલે દર ૩૫૦ વિદ્યાર્થી દીઠ વહીવટી કામગીરી માટે પ્રતિવર્ષ રૂ. ૯,૦૦૦ (દસ માસના પ્રતિમાસ રૂ. ૯૦૦ લેખે). ક્લેરિકલ કામગીરી માટે સંસ્થાને ઉચ્ચક અનુદાન આપવાનું રહેશે. આ રકમમાંથી કોઈ કાયમી મહેકમ/નિમણૂક કરી શકાશે નહીં.

(૪) જે કૉલેજમાં ૨,૦૦૦ કરતાં વધારે વિદ્યાર્થી સંખ્યા હોય ત્યાં દર ૩૫૦ વિદ્યાર્થી દીઠ વર્ગ-૪ની જગ્યા માટે પ્રતિવર્ષ રૂ. ૬,૦૦૦ (૧૦ માસનાં પ્રતિ માસ રૂ. ૬૦૦ લેખે)નું ઉચ્ચક અનુદાન સંસ્થાને આપવાનું રહેશે. આ રકમમાંથી કોઈ કાયમી મહેકમ/નિમણૂક કરી શકાશે નહીં.

૨. આ ઠરાવ શિક્ષણ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણાં વિભાગની તા. ૨૪-૬-૧૯૯૬ની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી
(આઈ. એમ. કુરેશી)
સેકશન અધિકારી, શિક્ષણ વિભાગ

પત્રક - ક

બિનસરકારી આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ કૉલેજોનાં કાર્યાલયમાં જરૂરી કર્મચારી મહેકમ-(સેટઅપ) કેટોગરી, ક્લાર્ક્સ, લાયબ્રેરીયન

વિદ્યાર્થી સંખ્યા	ઑફિસ સુપ્રિ.	હેડક્લાર્ક	હિસાબનીસ	સીનિ.ક્લાર્ક એકા. ક્લાર્ક /સ્ટોરકીપર	જુનિ. ક્લાર્ક /કમ-ટાઈપિસ્ટ કેશિયર /લાયબ્રેરી ક્લાર્ક	લાયબ્રેરીયન	કુલ	રિમાર્ક્સ
૧થી ૨૫૦	–	–	–	૧	૨	૧	૪	–
૨૫૧થી ૫૦૦	–	૧	–	૧	૨	૧	૫	–
૫૦૧થી ૭૦૦	–	૧	–	૨	૧	૧	૫	–
૭૦૧થી ૯૦૦	–	૧	૧	૨	૧	૧	૬	–
૯૦૧થી ૧૧૦૦	–	૧	૧	૨	૨	૧	૭	–
૧૧૦૧થી ૧૩૦૦	૧	૧	૧	૩	૨	૧	૯	–

નોંધ.–વિદ્યાર્થી સંખ્યા ૧,૩૦૧ કે તેથી ઉપર હોય તો વધારાના દર ૩૫૦ વિદ્યાર્થીદીઠ ૧ જુનિ. ક્લાર્ક મળવાપાત્ર થશે. વિદ્યાર્થી સંખ્યા ૨,૦૦૦ કે તેથી ઉપર હોય તો દર ૩૫૦ વિદ્યાર્થીદીઠ વહીવટી કામગીરી માટે પ્રતિવર્ષ રૂ. ૯,૦૦૦ (દસ માસના પ્રતિમાસ રૂ. ૯૦૦ લેખે કારકુનની કામગીરી માટે સંસ્થાને અનુદાન તરીકે આપવામાં આવશે. સંસ્થાએ આ રકમમાંથી વહીવટી કામગીરી સંભાળવાની વ્યવસ્થા કરવાની રહેશે. આ રકમમાંથી કોઈ કાયમી મહેકમ કે નિમણૂક કરી શકશે નહીં.

પત્રક - ગ

બિનસરકારી કૉલેજોનાં ચોથા વર્ગના કર્મચારીઓનું મહેકમ - (સેટઅપ) દર્શાવતું પત્રક

વિદ્યાર્થી સંખ્યા	પ્રિન્સિ.ની કચેરી માટે	ઑફિસ માટે	લાયબ્રેરી માટે	પટાવાળા	સફાઈ કામદાર	ચોકીદાર	કુલ	રિમાર્ક્સ
૧થી ૧૦૦૦	૧	૧	૧	૧	૧	૨	૭	એક કરતાં વધારે મકાનમાં કૉલેજ બેસતી હોય તો સફાઈ કામદાર તથા ચેકીદારની સંખ્યા મકાનની સંખ્યા જેટલી રાખવી
૧૦૦૧થી ૧૩૦૦ સંખ્યા થાય તો ઑફિસ, લાયબ્રેરી તથા પાણીવાળા માટે એક વધારાના પટાવાળાની જગ્યા મંજૂર રાખવી. ૧૩૦૧ની સંખ્યા બાદ દર ૩૫૦ વિદ્યાર્થીએ ૧ (એક) વધારાના પટાવાળાની જગ્યા મંજૂર રાખવી.	–	૧	૧	૧	–	–	૩	બે ચેકીદારમાં એક દિવસ માટે અને એક રાત માટે એક રાખવી

નોંધ.–૨,૦૦૦ કે તેથી ઉપર વિદ્યાર્થી સંખ્યા થાય તો દર ૩૫૦ વિદ્યાર્થીદીઠ વર્ગ-૪ની કામગીરી માટે પ્રતિવર્ષ રૂ. છ હજાર (૧૦ માસના પ્રતિમાસ રૂ. ૬,૦૦૦ લેખે) વર્ગ-૪ની કામગીરી માટે સંસ્થાને અનુદાન તરીકે આપવામાં આવશે. સંસ્થાએ આ રકમમાંથી વર્ગ-૪ની કામગીરી વ્યવસ્થા કરવાની રહેશે. આ રકમમાંથી કોઈ કાયમી મહેકમ કે નિમણૂક કરી શકશે નહીં.

પરિશિષ્ટ " ગ "

કામકાજ ક્રમાંક ૧૦

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક એનજીસી/૧૫૮૮-ખ-૯૬૧/(૫૯/૮૮)/ખ, સચિવાલય ગાંધીનગર, તા. ૨૮-૬-૧૯૯૬.

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૫-૧૧-૧૯૮૯નો ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૫૮૯-એમ-૧૦૨૬-ખ.

(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૬-૮-૧૯૯૦નો ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૫૮૯-એમ-૧૦૨૬-૯૦-ખ.

(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૨-૮-૧૯૯૧નો ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૫૮૯-એમ-૧૦૨૬-૯૦-ખ.

(૪) શિક્ષણ વિભાગનો તા. ૨૦-૪-૧૯૯૩નો તથા તા. ૨૩-૭-૧૯૯૩નો ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૫૮૯-એમ-૧૦૨૬-૯૦-ખ.

(૫) શિક્ષણ વિભાગનો તા. ૯-૬-૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૫૮૯-એમ-૧૦૨૬-૯૦-ખ.

(૬) શિક્ષણ વિભાગનો તા. ૨૭-૭-૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૫૮૯-એમ-૧૦૨૬-૯૦-ખ.

(૭) શિક્ષણ વિભાગનો તા. ૨૮-૬-૧૯૯૫નો સરકારી ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૫૮૯-એમ-૧૦૨૬-ખ.

ઠરાવ :

આમુખ (૬)માં દર્શાવેલ આ વિભાગના તા. ૨૮-૬-૧૯૯૫ના ઠરાવ ક્રમાંક : એનજીસી/૧૫૮૯-એમ-૧૦૨૬-ખના અનુસંધાને બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને અધ્યાપનની કૉલેજો માટે ગ્રાન્ટ પેટર્ન અંગના આ વિભાગના તા. ૧૫-૧૧-૧૯૮૯ના ઠરાવમાં શૈક્ષણિક કર્મચારી વર્ગના સંખ્યાબળની ગણતરીના હેતુ માટે વ્યાખ્યાતાનો કાર્યભાર સપ્તાહદીઠ ટ્યુટોરિયલ સિવાય ૧૮ માસ (પીરિયડ)ની જોગવાઈનો અમલ સને ૧૯૯૬-૯૭ વધુ-૧ (એક) શૈક્ષણિક વર્ષ માટે સ્થગિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ હુકમો આ વિભાગની સરખા-ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. ૨૭-૬-૧૯૯૬ના રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઈ. એમ. કુરેશી)
સેક્શન અધિકારી, શિક્ષણ વિભાગ

પરિશિષ્ટ " ધ "

કામકાજ ક્રમાંક ૧૨

ગુજરાત યુનિવર્સિટીની બાંધકામ સમિતિની એક સભા તા. ૨૨-૫-૧૯૯૬ને બુધવારના રોજ બપોરના ૧-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. કુલપતિશ્રી ચંદ્રકાન્ત મહેતાએ સંભાળ્યું હતું. તેમાં નીચે મુજબ હાજરી હતી :

૧.	કુલપતિશ્રી અને ઉપકુલપતિશ્રી	હાજર
૨.	શ્રી સુધીરભાઈ નાણાવટી	ગેરહાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	પ્રિ. શ્રી ડી. એમ. શીખ	ગેરહાજર
૫.	ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	હાજર
૬.	ચીફ એન્જિનિયર વતી એક્ઝિક્યુટિવ એન્જિનિયરશ્રી શ્રી વી. એમ. પટેલ (પી.ડબલ્યુ.ડી.)	હાજર.

૧. યુનિવર્સિટીમાં બી.બી.એ.ના મકાન ઉપર વધુ બે માળ બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરાવવામાં આવે છે કે, હાલના બી.બી.એ.ના મકાનની ઉપર માળ બાંધી શકવાની શક્યતા નથી એ પ્રમાણેના એક્ઝિક્યુટિવ એન્જિનિયરશ્રીના અભિપ્રાયને તથા ડૉ. બિહારીભાઈએ લીધેલ આસરપોટા ઍન્ડ આસરપોટાના આવેલ એ જ પ્રમાણેના અભિપ્રાયને ધ્યાનમાં લેતાં અન્ય યોગ્ય સ્થળે આ મકાન બાંધવા તથા નવા બંધાનાર મકાનમાં ગ્રાઉન્ડ ફ્લોર તથા ફર્સ્ટ ફ્લોર બાંધવા પણ બીજો માળ બાંધી શકાય એવી વ્યવસ્થા રાખવાનું મંજૂર કરવું.

૨. યુનિવર્સિટીના બી.બી.એ.ના મકાન માટે ટોયલેટ બાંધવા અંગે વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત બાબત નં. ૧નો ઠરાવ જોતાં આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, હાલના મકાન પર વૉટર પ્રૂફિંગ, પેરાપેટ તથા ટોયલેટ બ્લોકના કામ અંગે પી.ડબલ્યુ.ડી. તરફથી આવેલ અંદાજ રૂપિયા ૫,૮૦,૦૦૦-૦૦ મંજૂર કરી તથા કામ તાત્કાલિક ચાલુ કરવા એક્ઝિક્યુટિવ એન્જિનિયરશ્રીને જણાવવાનું મંજૂર કરવું.

૩. યુનિવર્સિટીનાં જુદાં જુદાં મકાનો ઉપર વોટર પ્રૂફિંગ કામ અંગે કૉન્ટ્રાક્ટર મેસર્સ રબકોલ તરફથી આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, મેસર્સ રબકોલની જવાબદાર વ્યક્તિને બોલાવી ચર્ચા કરી યોગ્ય કરવાની કુલપતિશ્રીને સત્તા આપવા મંજૂર કરવું.

૪. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૧. પી.ડબલ્યુ.ડી. અને યુ.જી.સી. ગ્રાન્ટનાં કામો માટે ડિપોઝિટ વર્ક તરીકે જમા કરાવેલ રકમો અંગે વિચારણા કરવા બાબત.

૨. પ્રોજેક્ટનો ખર્ચ મંજૂર થયેલ અંદાજી ખર્ચ કરતાં ઘણો વધુ થાય એમ છે.

આથી ભલામણ કરવામાં આવે છે કે, આ બાબત એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સમક્ષ રજૂ કરી તે મુજબના અભિપ્રાય અનુસાર ઘટતું કરવું.

દીપક સુતરિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ " ચ "

કામકાજ ક્રમાંક ૧૩

ગુજરાત યુનિવર્સિટી બાંધકામ સમિતિની એક સભા તા. ૮-૧૦-૧૯૯૬ને મંગળવારના રોજ બપોરના ૨-૦૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. કુલપતિશ્રી ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતાએ પ્રમુખસ્થાન સંભાળ્યું હતું. તેમાં નીચે મુજબ હાજરી હતી :

૧. કુલપતિશ્રી અને ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી સુધીરભાઈ નાણાવટી	ગેરહાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. પ્રિ. શ્રી ડી. એમ. શીખ	હાજર
૫. ડૉ. બિહારીલાલ કનૈયાલાલ	ગેરહાજર
૬. ચીફ એન્જિનિયર વતી એક્ઝિક્યુટિવ એન્જિનિયરશ્રી શ્રી એન. એમ. પટેલ (પી.ડબલ્યુ.ડી.)	હાજર.

૧. તા. ૨૨-૫-૧૯૯૬ની બાંધકામ સમિતિની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૨૨-૫-૧૯૯૬ની મિનિટ્સ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલનો સર્વિસ ચાર્જ વધારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી સેનેટ હોલનો સર્વિસ ચાર્જ આ સાથે બિડેલ પરિશિષ્ટ-૧ મુજબ તા. ૧૪-૧૦-૧૯૯૬થી લેવાનું રાખવું.

૩. યુનિવર્સિટીના નીચાણવાળા વિસ્તારમાં પરકોલેશન વેલ બનાવી આપવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશનને યુનિવર્સિટી વિસ્તારમાં વધુ પરકોલેશન વેલ યુનિવર્સિટી નક્કી કરે તે જગ્યાએ વિના મૂલ્યે બિનશરતી કરી આપવા વિનંતી પત્ર લખવાનું (ઠરાવવામાં આવ્યું) રાખવું.

૪. ગુજરાત યુનિવર્સિટીના માઈક્રોબાયોલોજી વિભાગના મકાનમાં જી.એમ.ડી.સી. એજન્સીએ વધારાનું બાંધકામ વિનામૂલ્યે બનાવી આપવા તૈયારી બતાવી છે તે અંગે તેમના પત્ર સહિત વિભાગના આવેલ પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, જી.એમ.ડી.સી.નો આવેલ પત્ર તથા વિભાગના વડાશ્રીની ભલામણને ધ્યાનમાં લેતાં માઈક્રોબાયોલોજીના મકાનનું વિકાસ કામ વિનામૂલ્યે અને બિનશરતી બાંધી આપવાની સંમતિ જી.એમ.ડી.સી.ને આપવી.

૫. યુનિવર્સિટી કૅમ્પસ પર ચાલતા ઈન્ફલીબનેટ પ્રોગ્રામને આપેલ મકાનની મુદત વધારવા તથા ઈન્ફલીબનેટ તરફથી વિકાસ માટે અપાતી રકમ નક્કી કરવા બાબતે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ઈન્ફલીબનેટને યુનિવર્સિટી કૅમ્પસ પર હંગામી ધોરણે વાપરવા આપેલ મકાનોની મુદત તા. ૧-૪-૧૯૯૬ના રોજ પૂરી થતાં આજ સુધી મકાનો ખાલી કરી કબજો યુનિવર્સિટીને સોંપેલ નહીં હોવાથી તેમને મકાન વાપરવાની મુદત વધારી આપવી નહીં અને તે મકાનો ખાલી કરવા જણાવવું. વધુમાં તેઓ મકાનો ખાલી કરે ત્યાં સુધી તા. ૧-૪-૧૯૯૬ પછી વાર્ષિક રૂ. આઠ લાખ લેવાનું રાખવું.

૬. યુનિવર્સિટી હેલ્થ સેન્ટરના સ્ટાફ ક્વાર્ટર્સ પર ધાબું કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવાની કે, હાલ આ બાબત મોકૂફ રાખવી.

૭. પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

બી.બી.એ. અભ્યાસક્રમના નવા મકાનના ધાબા ઉપર વોરટ પ્રૂફિંગ, પેરાપેટ, ટોયલેટ બ્લોક તથા વોટર રૂમ બનાવવા માટે પી.ડબલ્યુ.ડી. તરફથી આવેલ અંદાજ મુજબ ખર્ચના થતાં રૂ. ૪૪,૦૦૦ વધારો મંજૂર કરવા બાબત.

(નોંધ.—અગાઉ પી.ડબલ્યુ.ડી. તરફથી આ કામો અંગે રૂ. ૫,૮૦,૦૦૦નો અંદાજ મળેલ હતો.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, બી.બી.એ. અભ્યાસક્રમના મકાન પર વોટર પ્રૂફિંગ, પેરાપેટ તથા મકાન માટે ટોયલેટ બ્લોક અને વોટર રૂમ બનાવવા માટે પી.ડબલ્યુ.ડી. તરફથી રીવાઈઝ્ડ અંદાજ રૂ. ૬,૪,૦૦૦નો આવેલ છે. આ પહેલાં આ અંગેનો મંજૂર થયેલ અંદાજ રૂ. ૫૮,૦૦૦ બાદ કરતાં વધારાનો થનાર ખર્ચ રૂ. ૪૪,૦૦૦ મંજૂર કરવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

દીપક સુતરીયા
કુલસચિવ વતી.

(૨) યુનિવર્સિટી સેનેટ હોલના સુધારેલા સર્વિસ ચાર્જ

વિગત	૪ કલાક સુધીનો ચાર્જ (રૂપિયામાં)			૪ કલાકથી ૮ કલાક માટેનો ચાર્જ (રૂપિયામાં)		
	યુનિ.નાં ભવનો માટે	સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ, શૈક્ષણિક સાહિત્ય ટ્રસ્ટો વગેરે (કુલપતિશ્રીની મંજૂરીને આધીન)	બહારની સંસ્થા માટે	યુનિ.નાં ભવનો માટે	સંલગ્ન કૉલેજો, માન્ય સંસ્થાઓ, શૈક્ષણિક સાહિત્ય ટ્રસ્ટો વગેરે (કુલપતિશ્રીની મંજૂરીને આધીન)	બહારની સંસ્થાઓ માટે
૧. હોલ સર્વિસ ચાર્જ	૧૦૦	૩૦૦	૫૦૦	૧૫૦	૫૦૦	૮૦૦
૨. ઇલેક્ટ્રિક ચાર્જ	૨૫	૧૦૦	૧૨૫	૫૦	૧૫૦	૨૦૦
૩. માઈક	૧૦૦	૧૫૦	૨૫૦	૧૦૦	૨૦૦	૨૫૦
૪. વાયરમેન	૫૫	૫૫	૫૫	૭૫	૭૫	૭૫
૫. પટાવાળા	૩૫	૩૫	૩૫	૫૦	૫૦	૫૦
૬. સ્વીપર	૩૫	૩૫	૩૫	૫૦	૫૦	૫૦
	૩૫૦	૬૭૫	૧,૦૦૦	૪૭૫	૧,૦૨૫	૧૪૨૫

ઉપરોક્ત ચાર્જ તા. ૧૪-૧૦-૧૯૯૬થી અમલમાં આવશે.

સીટ : ગ્રાઉન્ડ ફ્લોર ૨૬૬, બાલ્કની ૬૮૮, કુલ ૯૫૪.

પરિશિષ્ટ " છ "

કામકાજ ક્રમાંક ૧૬

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૮-૧૦-૧૯૯૬ને મંગળવારના રોજ ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સદરહુ સભાનું પ્રમુખસ્થાન પ્રો. ચંદ્રકાન્તભાઈ મહેતા સાહેબે સંભાળ્યું હતું. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી :

૧. પ્રો. ચંદ્રકાન્તભાઈ મહેતા, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩. પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૪. શ્રી નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૬ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

"ફાઈનાન્સ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૬ના સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે ઉપર કુલપતિશ્રીએ સહી કરી."

૨. એન્જિનિયરિંગ વિદ્યાશાખાનાં પરિણામો તૈયાર કરવા માટે ઓ.આર. (ઑફિસ રજિસ્ટર) કૉલેજ કૉપી તથા માર્કશાટ વગેરે સ્ટેશનરી છપાવવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે અંદાજિત રૂ. ૨૦,૦૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સ્ટેશનરી છપાવવા માટે નિયમોનુસાર ભવો મંગાવવાનું રાખવું.

૩. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે ડક્કઉ ક્ષક્કર ખરીદવા બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૫,૫૦૦નો ખર્ચ થશે.

"આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે RIA KIT ખરીદવાનું રાખવું અને તે માટે રૂ. ૫,૫૦૦નો ખર્ચ મંજૂર કરવો."

૬. એસ્ટેટ વિભાગને ઇલેક્ટ્રિક નિભાવ માટે સૂર્યા બનાવટની ૪૦ વોલ્ટની ટ્યૂબરોડ D.G.S. & D rate Contract ના ભાવે ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે રૂ. ૯,૬૯૩નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે એસ્ટેટ વિભાગના ઇલેક્ટ્રિક નિભાવ માટે 'સૂર્યા' બનાવટની ૪૦ વોલ્ટની ૬૫ ૩૦૦ નંગ ટ્યુબ રોડ નંગ એકના રૂ. ૩૨-૩૧ પૈસાના ભારત સરકારશ્રીના D.G.S. & D. rate contractના ભાવે ખરીદવાનું રાખવું અને તે રૂ. ૯,૬૯૩નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના પી. જી. ડિપ્લોમા ઇન ડાઇઝ ઇન્ટરમિડિયેટ નવા અભ્યાસક્રમ માટે ત્રણ નંગ સ્ટીલના કબાટો ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે રૂ. ૧૧,૭૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પીજી ડિપ્લોમા ઇન ડાઇઝ ઇન્ટરમિડિયેટના નવા અભ્યાસક્રમ માટે ત્રણ નંગ સ્ટીલના કબાટો 'એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફોર ધ બ્લાઇન્ડ (અંધશાળા)' પાસેથી નંગ દીઠ રૂ. ૩,૯૦૦ પ્રમાણે રાખવું અને તે માટે રૂ. ૧૧,૭૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૮. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોના બિનશિક્ષક કર્મચારી મહામંડળના તા. ૧૦-૫- ૧૯૯૬ના પત્ર દ્વારા (જે પત્ર પી.જી. વિભાગ તરફથી મળેલો છે) પરીક્ષા માર્કશીટના દર વધારવા અંગેની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મુલત્વી રાખવી.

૯. ગુજરાત યુનિવર્સિટીના ડિસેમ્બર, ૧૯૯૬માં યોજાનાર પદવીદાન સમારંભમાં એનાયત કરવા માટેના ચંદ્રકો તૈયાર કરવા માટે આપેલ જાહેરખબરના અનુસંધાને આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના ડિસેંબર, ૧૯૯૬માં યોજાનાર પદવીદાન સમારંભમાં એનાયત કરવા માટેના ચંદ્રકો તૈયાર કરવા માટેની કામગીરી આવેલ ભાવપત્રકો (ટેન્ડરો)માંથી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી વિઠ્ઠલદાસ સિંઘલ શરાફ-ગ્વાલિયર (એમ.પી.)ને નમૂના મુજબના એક મેડલના રૂ. ૩૦૩- ૦૦ના ટેક્ષ સહિતના ભાવે (એનગ્રેવિંગ તેમ જ બોક્ષ સહિતના) સોંપવાનું રાખવું.

૧૦. યુનિવર્સિટીની પાણીની ટાંકી માટે પમ્પસેટ ખરીદવા માટે જાહેરખબરના અનુસંધાને આવેલ ટેન્ડરોના નિકાલ કરવાની વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૫,૭૦૦-૦૦ પૂરાનો થશે જે રાજ્ય સરકારશ્રીની મળેલ ગ્રાન્ટમાંથી પડશે.)

"આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી પાણીની ટાંકી માટે કિર્લોસ્કર બનાવટનો ૨૦ હોર્સ પાવરની કાર્યક્ષમતાવાળા મોટરપંપ માટે આવેલ ભાવપત્રકો પૈકી સૌથી ઓછા ભાવ [illegible]

વેપારી 'શ્રીજી સેલ્સ ઍન્ડ એન્જિનિયર્સ' પાસેથી ટેક્ષ, ઓક્ટ્રોય, કાર્ટિંગ સહિત ખરીદવાનું રાખવું અને તે માટે રૂ. ૫૭,૦૦૦-૦૦નો થનાર ખર્ચ મંજૂર કરવાનું રાખવું. (આ ખર્ચ રાજ્ય સરકારશ્રીની ગ્રાન્ટ કોડ નંબર ૪૦૧૦૯૪ ખાતે પડશે).

૧૧. યુનિવર્સિટી લાઈબ્રેરીના કેનન બનાવટના ઝેરોક્ષ મશીનનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કરવાની બાબત પર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૪,૦૦૦-૦૦નો ખર્ચ થશે.)

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી લાઈબ્રેરીના કેનન બનાવટના ઝેરોક્ષ મશીનનો વાર્ષિક કોન્ટ્રાક્ટ તા. ૨૧-૪-૧૯૯૬થી તા. ૨૦-૪-૧૯૯૭ સુધી 'મે. પેટશન કૉર્પોરેશન' સાથે કરવો અને તે માટે રૂ. ૪,૦૦૦-૦૦નો થનાર અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૧૨. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના પ્રો. એ. ખે. અગ્રવાલની તેમના પત્ર ક્રમાંક કૉમ્પ્યુટર- ૮૯૩-૯૬ તા. ૧૧-૯-૧૯૯૬ અન્વયેની ભલામણ મુજબ એમ.સી.એ.-ડી.સી.એ. અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે પ્રાયોગિક કાર્ય એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં વલ્લભૅક લેબોરેટરીમાં કરાવવા અંગે સદરહુ કૉલેજ સાથે નક્કી થયેલા દરો મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજના વલ્લભૅક લેબોરેટરીઝમાં રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના એમ.સી.એ.-ડી.સી.એ.ના વિદ્યાર્થીઓને ઍકેડેમિક વર્ષ ૧૯૯૬-૯૭ માટે પ્રાયોગિક કાર્ય કરવા દેવા માટે તા. ૬-૯- ૧૯૯૬ના રોજ આચાર્યશ્રી એલ.ડી. એન્જિનિયરિંગ કૉલેજ તેમ જ પ્રોફેસર ઑફ કૉમ્પ્યુટર એન્જિનિયરિંગ અને રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના પ્રોફેસર શ્રી એ. કે. અગ્રવાલ સાથે થયેલી મીટિંગમાં નક્કી થયેલા નીચેના દરો મંજૂર કરવા તેમ જ અન્ય નક્કી કરેલી શરતો મંજૂર કરવી.

ટીચિંગ સ્ટાફ રૂ. ૩૭-૫૦ એક કલાકના અ વાહન ભથ્થું

લેબોરેટરી આસિસ્ટન્ટ રૂ. ૨૨-૫૦ એક કલાકના

અને (કૉમ્પ્યુટર ઓપરેટર-પ્રોગ્રામર)

પટાવાળા રૂ. ૧૫-૦૦ એક કલાકના

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આ અંગે ૧૯૯૬-૯૭ના ઍકેડેમિક વર્ષ માટે થનાર અંદાજી ખર્ચ રૂ. ૨૫,૦૦૦-૦૦ (અંકે રૂપિયા પચીસ હજાર પૂરા) મંજૂર કરવો.

(નોંધ.—તા. ૬-૯-૧૯૯૬ના રોજ યોજાયેલી મીટિંગની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ " " તરીકે સામેલ છે.)

૧૩. યુનિવર્સિટીના વાણિજ્ય વિદ્યાભવનના પોસ્ટ-ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઇન ઇન્વેસ્ટમેન્ટ ઍન્ડ ફિનાન્સિયલ એનાલિસિસ અભ્યાસક્રમ માટે ૧૯૯૬-૯૭ના વર્ષનું પુનઃનિર્મિત અંદાજપત્ર મંજૂર કરવાની બાબત પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ અભ્યાસક્રમનું સને ૧૯૯૬-૯૭ના વર્ષનું પુનઃનિર્મિત અંદાજપત્ર મંજૂર કરવું.

(નોંધ.—સદરહુ અભ્યાસક્રમના ૧૯૯૬-૯૭ના વર્ષના અંદાજપત્ર તેમજ પુનર્નિર્મિત અંદાજપત્ર **પરિશિષ્ટ** " " તરીકે સામેલ છે.)

૧૪. બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ સને ૧૯૯૬-૯૭ની બેંચના એડમિશન ટેસ્ટ માટે રૂ. ૨,૫૭,૫૯૫-૦૦ પૂરાનો અંદાજી ખર્ચ મંજૂર કરવામાં આવેલ હતો. પરંતુ હવે ખરેખર ખર્ચ રૂ. ૨.૭૪,૩૬૫-૦૦ થતાં વધારાના રૂ. ૧૬,૫૨૦-૦૦નો ખર્ચ મંજૂર કરવા પર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટના પૂર્ણ સમયના સને ૧૯૯૬-૯૮ની બેંચના એડમિશન ટેસ્ટ અંગેના મંજૂર થયેલ બજેટ રૂ. ૨,૫૭,૫૯૫-૦૦ મંજૂર કરવો અને તે મુજબ અંદાજ રૂ. ૨,૭૪,૩૬૫- ૦૦ થશે.

(નોંધ.—સને ૧૯૯૬-૯૮ની બેંચના એડમિશન ટેસ્ટ અંગેના રૂ. ૨,૭૪,૩૬૫-૦૦નું બજેટ **પરિશિષ્ટ** " " તરીકે સામેલ છે.)

૧૫. બી.બી.એ. અભ્યાસક્રમના નવા મકાન માટે ચોવીસ (૨૪) નંગ નવા વિન્ડો એરકંડિશ્નર મશીનો ખરીદવા જાહેર ખબર આપી ભાવો મંગાવેલ તેના અનુસંધાને આવેલ ભાવપત્રકો પરત્વે વિચારણા કરવા બાબત.

(કુલ ખર્ચ રૂ. ૬,૪૦,૦૦૦-૦૦ જેટલો થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, બી.બી.એ.ના નવા અભ્યાસક્રમના નવા મકાન માટે ૨૪ (ચોવીસ) નંગ એરકંડિશ્નર મશીનો ખરીદવા માટે આવેલ ભાવપત્રકો પૈકી ટેક્ષ, ઓક્ટ્રોય અને ઇન્સ્ટોલેશન સાથે સ્ટાન્ડર્ડ બ્રાન્ડોની બનાવટોમાં સૌથી ઓછા ભાવ ટાંકનાર "મેસર્સ સફાયર ટ્રેડર્સ લિમિટેડ" પાસેથી "ફ્રીઝ એર" બનાવટના ૨૪ (ચોવીસ) નંગ વિન્ડો એરકંડિશન મશીનો નંગ દીઠ રૂ. ૨૬,૬૪૮-૦૦ (અંકે

રૂપિયા છવ્વીસ હજાર છસો અડતાલીસ પૂરા) પ્રમાણે ૨૪ (ચોવીસ) નંગ એરકંડિશનર ખરીદવા રૂ. ૬,૩૯,[illegible] ૦૦ પૂરા (અંકે રૂપિયા છ લાખ ઓગણચાલીસ હજાર પાંચસો બાવન પૂરા)નું ખર્ચ મંજૂર કરવું.

૧૬. બી.બી.એ. અભ્યાસક્રમના નવા મકાનની કૉમ્પ્યુટર લેબ તથા ક્લાસ રૂમ માટે વિન્ડો એરકંડિશનર મશીનો તથા કૉમ્પ્યુટર અંગે જરૂરી ઇલેક્ટ્રિક વાયરિંગ કરવા જાહેર ખબર આપી ભાવો મંગાવવા તેમ અનુસંધાને આવેલ ભાવપત્રકો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, બી.બી.એ. અભ્યાસક્રમના નવા મકાન કૉમ્પ્યુટર લેબ માટે વિન્ડો એરકંડિશન તેમ જ કૉમ્પ્યુટર મશીનો અને ક્લાસરૂમ માટે વિન્ડો એરકંડિશનર [illegible] માટે જરૂરી ઈલેક્ટ્રિક વાયરિંગ કરાવવા આવેલ ભાવપત્રકો પૈકી (૧) કેબલ પૂરો પાડી ટેન્ડર મુજબ જમીન નાખી આપવા અને સેક્સન પીલરમાં જરૂરી સાઈઝના ફ્યુઝ પૂરા પાડી, ફિટ કરી આપવાના (ટેન્ડર આઇટમ નં. ૧ અને ૨) કામને સાથે ગણતરીમાં લઈ સૌથી ઓછા ભાવ ટાંકનાર "શીવમ ઇલેક્ટ્રિકલ્સ" પાસેથી અને [illegible] કરાવવા રૂ. ૫૬,૯૫૦ (અંકે રૂપિયા છપ્પન હજાર નવસો પચાસ પૂરા)નું ખર્ચ મંજૂર કરવું અને [illegible] આઇટમ નં. ૧ અને ૨ સિવાય બાકીના કામ (આઈટમ નં. ૩ થી ૧૨)ને એકસાથે ગણતરીમાં લઈ [illegible] ભાવ ટાંકનાર વેપારી "મેસર્સ રોશની ઇલેક્ટ્રિકલ્સ" પાસેથી આઈટમ નં. ૩થી ૧૨નું કામ કરાવવા રૂ. [illegible] (અંકે રૂપિયા સત્યાસી હજાર સાતસો પચાસ પૂરા)નું ખર્ચ મંજૂર કરવું.

કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧૭. (૧) યુનિવર્સિટી રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટર બાટલીબોય બનાવટના એરકંડિશનિંગ પ્લેન્ટ [illegible] ૨નો (All risk Protections) પ્રકારનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૯૬થી તા. ૩૧-૩-૧૯૯૭ [illegible] કરવા ૧૮,૪૦૦નો ખર્ચ મંજૂર કર્યાનું;

(૨) યુનિવર્સિટી બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મેનેજમેન્ટ તથા ઍકેડેમિક સ્ટાફ કૉલેજના [illegible] બનાવટના કોપિયર મશીનનો વાર્ષિક સર્વિસ કોન્ટ્રાક્ટ કોપી દીઠ ૦૦-૨૨ પૈસા પ્રમાણે મે. [illegible] સાથે તા. ૧-૭-૧૯૯૬થી તા. ૩૦-૬-૧૯૯૭ સુધીનો મંજૂર કર્યાનું.

૧૮. યુનિવર્સિટીનાં વિકાસ કામો અંગે યુ.જી.સી. તરફથી મંજૂર થયેલી સાતમી યોજના (બિલ્ડિંગ [illegible] તથા આઠમી યોજના અંગેના હેવાલ પરત્વે ચર્ચાવિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૧૩-૮-૧૯૯૬ની ફાઈનાન્સ સમિતિમાં સદરહુ બાબતે ચર્ચાવિચારણાના અંતે મુલતવી [illegible] આવી હતી. અને આ બાબત આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું તેમ ઠરાવેલ [illegible]

ઉપરોક્ત બાબત પરત્વે ચર્ચાવિચારણાને અંતે ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મુલતવી [illegible]

૧૯. ઇન્ટર્નલ ઑડિટરશ્રી લાખિયા ઍન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરફથી યુનિવર્સિટીના [illegible] વર્ષના (તા. ૧-૪-૧૯૯૪થી તા. ૩૧-૩-૧૯૯૫) સુધીના હિસાબો અંગેના મળેલા ઑડિટ રિપોર્ટ [illegible] ચર્ચાવિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૧૩-૮-૧૯૯૬ની ફાઈનાન્સ સમિતિની સભાની બાબત ક્રમાંક ૩૭થી સદરહુ મુલતવી રાખી [illegible] અને તેને આગામી સભામાં પુનઃ રજૂ કરવાનું ઠરાવેલ હતું.)

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત મુલતવી રાખવી.

૨૦. ભારત સરકારના સાયન્સ અને ટેકનોલોજી વિભાગ, ન્યૂ દિલ્હીના તા. ૨૫-૯-૧૯૯૬ના [illegible] નંબર TU/V/RG-DE-૧૨/૯૬થી ગુજરાત યુનિવર્સિટી અમદાવાદને કસ્ટમ ડ્યુટીમાંથી મુક્તિ આપવા અંગેના [illegible] સર્ટિફિકેટ ઑફ રજિસ્ટ્રેશન ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સર્ટિફિકેટ ઑફ રજિસ્ટ્રેશનની સાભાર નોંધ લેવી અને યુનિવર્સિટી [illegible] દરેક ભવનોના અધ્યાક્ષશ્રીઓને સદરહુ સર્ટિફિકેટ ઑફ રજિસ્ટ્રેશનની નકલ મોકલી આપવાનું રાખવું.

૨૧. વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષશ્રીના તા. ૮-૧૦-૧૯૯૬ના પત્રમાં જણાવ્યા પ્રમાણે વિજ્ઞાન ભવન અને જ ભૂગોળ વિભાગ માટે મોદી ઝેરોક્ષ મશીનો અંગે મેન્યુફેક્ચરર મોદી ઝેરોક્ષ કંપની સાથે મશીન ઝાઝવડી [illegible] રેટ કોન્ટ્રાક્ટ કરવાની દરખાસ્ત પરત્વે વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે મોદી ઝેરોક્ષ મશીનો માટે મોદી ઝેરોક્ષ કંપની સાથે તા. [illegible] તા. ૩૦-૧૦-૧૯૯૭ સુધી એક નકલના ૨૯ (ઓગણત્રીસ) પૈસા મુજબ નક્કી થયેલ શરતો પ્રમાણે રેટ કોન્ટ્રાક્ટ [illegible] કરવાનું રાખવું.

૨૨. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે તા. ૩૦-૯-૧૯૯૫ની ફાઈનાન્સ સમિતિની સભામાં [illegible] નં. ૩ (એ) કે જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તા. ૭-૨-૧૯૯૬ની સભામાં બાબત નં. ૨૫થી [illegible] ભરનાર વેપારી Inon Analyser with accessorics Orion make from M/s. Labtronik Ahmedabad પાસેથી ખરીદવા માટે રૂ. ૧,૫૬,૧૧૧-૦૦ મંજૂર થયેલા છે, તેમાં સરવાળામાં ભૂલનો કારણે [illegible] ૨,૨૮૦-૦૦નો વધારાનો ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે રૂ. [illegible]

વધારાનો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

(નોંધ.–ઉપરોક્ત વધારાના અંદાજી ખર્ચ રૂ. ૨,૨૮૦-૦૦મંજૂર થવાથી કુલ ખર્ચ રૂ. ૧ ,૫૮,૩૯૧-૬૦ પૈસા થવા જશે અને આમ થવાથી ઉપરોક્ત વેપારીના રૂ. ૧,૫૮,૩૯૧-૬૦ પૈસાનો ભાવ અન્ય વેપારીઓની સરખામણીમાં સૌથી નીચો (Lowest) જ રહે છે.

૨૩. એજ્યુકેશન મીડિયા રીસર્ચ સેન્ટર માટે બીટાકેમ એસ.પી. વિડિયો કેસેટ્સ ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.–ફાઈનાન્સ સમિતિની તા. ૪-૯-૧૯૯૫ની સભાની બાબત નં. ૭ મુજબની ભલામણ જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૭-૨-૧૯૯૬ની સભામાં મંજૂર થયેલી છે તે મુજબ Parshwa Electronic Services Ltd. પાસેથી સોની બનાવટની એસ.પી. વિડિયો કેસેટ (૬૦ મિનિટની)નો ભાવ રૂ. ૧,૮૦૫-૦૦ તેમ જ ૩૦ મિનિટની કેસેટનો ભાવ રૂ. ૧,૨૧૦-૦૦ પ્રમાણે અનુક્રમે કુલ ૫૦ અને ૧૦૦ નંગ ખરીદવા રૂ. ૨,૧૧,૨૫૦ની મંજૂરી મેળવેલી તેમાંથી ફાઈનાન્સ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૬ની બાબત ક્રમાંક ૩૫ જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા તા. ૨૨-૮-૧૯૯૬માં મંજૂર થયેલ છે તે મુજબ ૬૦ મિનિટની ૧૦ નંગ તેમ જ ૩૦ મિનિટની ૨૬ નંગ કેસેટો ખરીદવા રૂ. ૪૯,૫૧૦-૦૦ મંજૂર કરેલા છે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, હવે બાકી રહેતી કેસેટો ૬૦ મિનિટની ૪૦ નંગ તેમ જ ૩૦ મિનિટની ૭૪ નંગ તે જ વેપારી Pashwa Electronic Services Ltd. પાસેથી ઉપરોક્ત તે જ ભાવે ખરીદવા અંદાજી ખર્ચ રૂ. ૧,૬૧,૭૪૦-૦૦ મંજૂર કરવો.

૨૪. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે તા. ૧૯-૩-૧૯૯૬ની ફાઈનાન્સ સમિતિની સભામાં બાબત નં. ૧૦થી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી M/s. S. V. Instruments Analytica Pvt. Ltd., New Delhi પાસેથી માઈક્રો સેન્ટ્રીફ્યુઝ સાધનની ખરીદી માટે રૂ. ૪૫,૦૦૦-૦૦ મંજૂર થયેલા છે, તેમાં ફોરેન બેંક ચાર્જીસ તેમ જ સ્ટેટ બેંક ઑફ ઇન્ડિયા, ગુજરાત યુનિવર્સિટી બ્રાન્ચના બેંક ચાર્જીસને કારણે વધારાના રૂ. ૪,૪૩૮-૦૦ પૂરાનો ખર્ચ મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે રૂ. ૪,૪૩૮-૦૦ પૂરાનો વધારાનો અંદાજીત ખર્ચ મંજૂર કરવો.

(નોંધ.–ઉપરોક્ત વધારાના અંદાજી ખર્ચ રૂ. ૪,૪૩૮-૦૦ મંજૂર થવાથી કુલ ખર્ચ રૂ. ૪૯,૪૩૮-૦૦ પૂરા થવા જશે, અને આમ થવાથી ઉપરોક્ત વેપારીના રૂ. ૪૯,૪૩૮-૦૦ પૂરાનો ભાવ અન્ય વેપારીઓની સરખામણીમાં સૌથી નીચો (Lowest) જ રહે છે.

૨૫. ગુજરાત યુનિવર્સિટી સને ૧૯૯૬-૯૭ના વર્ષ માટેની વર્કબુકો છાપવા અંગે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા અંગે.

આ અંગે અંદાજીત રૂ. ૪,૧૫,૮૦૦નો ખર્ચ થશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીના ૧૯૯૬-૯૭ના વર્ષ માટે વર્કબુકો છપાવવા માટે આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવો આપનાર વેપારીઓમાં પરિશિષ્ટ-એમાં જણાવેલ તુલનાત્મક પત્રક મુજબ રણજિત પ્રિન્ટરીને એફ.વાય.બી.એ., બી.એસસી., બી.કૉમ. અંગ્રેજી"એ' સ્ટ્રીમ માટે એક નકલના રૂ. ૪-૧૬ના ભાવે અને એસ.વાય.બી.એ., બી.એસસી. અંગ્રેજી"એ' સ્ટ્રીમ માટે એક નકલના રૂ. ૩-૭૨ના ભાવે અને વેપારી તારણ કોમ્પ્રીન્ટને એફ.વાય.બી.એ., બી.કૉમ. અંગ્રેજી "બી' સ્ટ્રીમ માટે એક નકલના રૂ. ૫-૧૨ પૈસાના ભાવે, અને એફ.વાય.બી.કૉમ., સી.સી. માટે એક નકલના રૂ. ૪-૦૯ પૈસાના ભાવે અને થર્ડ બી.એ., બી.એસસી. અંગ્રેજી માટે એક નકલના રૂ. ૩-૨૮ પૈસાના ભાવે અને એસ.વાય. બી.એ. અંગ્રેજી "બી' સ્ટ્રીમ માટે તારણ કોમ્પ્રીન્ટને એક નકલના રૂ. ૩-૪૦ પૈસાના ભાવથી છાપવા માટેનું મંજૂર કરવું અને તે માટે રૂ. ૪,૧૫,૮૦૦નો ખર્ચ મંજૂર કરવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. પી. જડિયા

કુલસચિવ.

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા બુધવાર, તા. ૧૨-૨-૧૯૯૭ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એસ. બી. વોરાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૧૨-૨-૧૯૯૭
૧.	પ્રો. એસ. બી. વોરા, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. ચંદ્રકાન્ત એચ. મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	પ્રિ. બી. એમ. મોદી	હાજર
૭.	શ્રી નરહરિ હીરાલાલ અમીન	હાજર
૮.	શ્રી જગદીશભાઈ ભાવસાર	હાજર
૯.	શ્રી અરવિંદ શાહ	હાજર
૧૦.	ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૧૧.	પ્રો. વાય. ડી. વ્યાસ	હાજર
૧૨.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	ગેરહાજર
૧૩.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	ગેરહાજર
૧૪.	પ્રો. એન. કે. પાંઠક	હાજર
૧૫.	શ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૬.	ડૉ. આર. કે. પટેલ	હાજર
૧૭.	શ્રી દેવેન્દ્રસિંહ બી. સોલંકી	હાજર
૧૮.	આચાર્ય વાડીભાઈ બી. પટેલ	હાજર
૧૯.	પ્રો. એન. વી. વસાણી	હાજર
૨૦.	શ્રી અમીત ઠાકર	હાજર
૨૧.	શ્રી ડી. એન. પંચાસરા	હાજર
૨૨.	શ્રી પ્રદિપસિંહ જાડેજા	હાજર
૨૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૨૪.	શ્રી એન. આર. શાહ	હાજર
૨૫.	શ્રી સુધીરભાઈ ઇન્દ્રવદન નાણાવટી	ગેરહાજર.

૧. તા. ૮-૧૨-૧૯૯૬ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

તા. ૮-૧૨-૧૯૯૬ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર અધ્યક્ષશ્રીએ સહી કરી.

૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારૂ) :

૨ (૧). સને ૧૯૯૪–૯૫ના બોનસ અંગેના ગુજરાત રાજ્યના નાણાં વિભાગના તા. ૭-૧૧- ૧૯૯૬ના જી. આર. નંબર બી.એન.એસ.-૧૦૯૬-૬૯૬-ચ યુનિવર્સિટી કર્મચારીઓ તથા સંલગ્ન કૉલેજો (લૉ કૉલેજો સહિત) અને માન્ય સંસ્થાના કર્મચારીઓ માટે સ્વીકાર્યાનું. [એક્ઝિ. કાઉન્સિલ ૮-૧૨-૧૯૯૬ બાબત ક્રમાંક ૧૮(૬)].

૨ (૨). "ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના જી.આર. ક્રમાંક પરચ/૧૫૯૪-એમ-૭૭૫ (૫૧/૯૪)-ખ" તા. ૫-૧૧-૧૯૯૬ પ્રમાણે.ગુજરાત યુનિવર્સિટીના શૈક્ષણિક સ્ટાફના કર્મચારીઓને તથા સંલગ્ન કૉલેજો, લૉ કૉલેજો અને સંસ્થાના કર્મચારીઓ માટે મૂળ પગારના ૧૦ ટકા પ્રમાણે વચગાળાની રાહત નં. ૩ (IR-III) સ્વીકાર્યાનું. [એક્ઝિ. કાઉન્સિલ ૮-૧૨-૧૯૯૬ બાબત ક્રમાંક ૧૮(૫)].

૨ (૩). ગ્રેજ્યુઈટી અંગેના રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક નં. NVT-૧૧૯૫- G/૪-P તા. ૧૦-૧-૧૯૯૬ યુનિવર્સિટી કર્મચારીઓ તેમજ સંલગ્ન કૉલેજના કર્મચારીઓ માટે સ્વીકાર્યાનું [એક્ઝિ. કાઉન્સિલ ૮-૧૨-૧૯૯૬ બાબત ક્રમાંક ૧૮(૪)].
(સદરહુ રાજ્ય સરકારના નાણાં વિભાગના ઉપરોક્ત ઠરાવની નકલ આ સાથે **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૨ (૪). એપ્રિલ, ૧૯૯૫માં લેવાયેલ થર્ડ બી.એ.ની પરીક્ષામાં બેઠક નં. ૧૧૨૨૪થી બેઠેલા દહેગામ કેન્દ્રના વિદ્યાર્થી પટેલ મહેશકુમાર ચીમનલાલે ગેરરીતિ આચરેલી તે બાબતમાં હાઈકોર્ટમાં સિવિલ એપ્રિ. નં. ૮૯૯૩/૯૫ થયેલી તે બાબતમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ રોક્યાના તે અંગે થયેલ આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

૨ (૫). મનસુરી અબ્દુલકયામ ફકીરમોહંમદ તથા બીજાઓએ હાઈકોર્ટમાં સિવિલ એપ્લિકેશન નં. ૩૯૨૭/૧૯૮૨ કરેલી તે બાબતમાં યુનિવર્સિટી તરફથી એડવોકેટ રોક્યાના તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાના.

૨ (૬). યુનિવર્સિટીના કર્મચારી શ્રીમતી એ. જે. છાયાને તેમને એકાઉન્ટન્ટ તરીકે નીમવા બાબત હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૫૪૩૪/૧૯૮૩થી દાદ માંગેલ તેનાં અનુસંધાનમાં એડવોકેટ રોક્યાનું અને તે અંગે થયેલ ખર્ચ મંજૂર કર્યાનું.

૨ (૭). યુનિવર્સિટીના રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં જુનિયર સુપ્રિટેન્ડન્ટ તરીકે ફરજ બજાવી નિવૃત્ત થયેલ સ્વ. શ્રી જે. જી. શિંગાડેનાં પત્ની શ્રીમતી એ. જે. શિંગાડેએ તેમના પ્રોવિડન્ટ ફંડ, ગ્રેજ્યુઈટી--રજાનું રોકડમાં રૂપાંતર વગેરે અંગે હાઈકોર્ટમાં સિવિલ એપ્લિકેશન નં. ૨૩૮/૯૫ અને એમ.સી.એ. નં. ૧૭૧-૧૯૯૬થી દાદ માંગેલ તેના અનુસંધાનમાં એડવોકેટ રોક્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

૨ (૮). યુનિવર્સિટીના એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરના સિનિયર આસિસ્ટન્ટ શ્રી કે. આઈ. ભટ્ટને બરતરફ કરેલ છે તેના સંદર્ભમાં તેઓએ ગુજરાત યુનિવર્સિટી સર્વિસ ટ્રીબ્યુનલ, અમદાવાદમાં કેસ મૂકેલ હોઈ યુનિવર્સિટીએ એડવોકેટ રોક્યાનું તથા તેનો આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું. [એક્ઝિ. કાઉન્સિલ ૮-૧૨-૧૯૯૬ બાબત ક્રમાંક ૧૮(૮)].

૨ (૯). ગુજરાત યુનિવર્સિટી અધ્યાપક સંઘે હાઈકોર્ટમાં સિન્ડિકેટના ૧૯૮૪ના અધ્યાપકનો ભરતી અંગેના ક્વોલિફિકેશન અંગે થયેલ ઠરાવ સામે હાઈકોર્ટમાં સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૨૨૧૫-૧૯૮૬થી દાદ માંગેલ તેના અનુસંધાનમાં એડવોકેટ રોક્યાનું તથા આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું.

૨ (૧૦). ડૉ. હેમંત એલ. લેઉઆ અનુસ્નાતક મેડિકલ પ્રવેશના નિયમોમાં વર્ષ ૧૯૯૬થી રીશફલિંગ પ્રવેશ નિયમો રદ કરવા અંગે ગુજરાતની વડી અદાલતમાં સ્પે. સિવિલ એપ્લિ. નં. ૧૦૦૦૯-૯૬થી દાદ માંગેલ છે તે અંગે એડવોકેટને રોક્યાનું અને તે અંગે થનાર ખર્ચ મંજૂર કર્યાનું.

૨ (૧૧). શ્રી ભાસ્કર રવજીભાઈ પટેલે ગુજરાત હાઈકોર્ટમાં ડૉ. એમ. એન. દેસાઈની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઉપરની નિયુક્તિ તથા અન્ય મુદ્દાઓ અંગે કરેલ પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન કેસ નંબર ૭૩૦૭-૧૯૯૬ સંદર્ભે યુનિવર્સિટીએ એડવોકેટ રોક્યાનું તથા તેનો આનુષંગિક ખર્ચ મંજૂર કરવાનું. [એક્ઝિ. કાઉન્સિલ ૮-૧૨-૧૯૯૬ બાબત ક્રમાંક ૧૮(૭)].

૨(૧૨). ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાની જૂન ૧૯૯૭થી બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્રનો વિષય શીખવવા અંગેની ચાલુ જોડાણઅરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વેની એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું.

(સ્થાનિક તપાસસમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે ખેડા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાની નિમણૂક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦-૨-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. (ગૌણ)માં સમાજશાસ્ત્રના અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૨૦૦૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર વર્કલોડ મુજબ જરૂરી લાયકાત ધરાવતા શિક્ષકની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. સમાજશાસ્ત્રના વિષયના પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રોચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે—આવશે.

૨ (૧૩). રજની પારેખ આર્ટ્સ, કે. બી. કૉમર્સ ઍન્ડ બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતની જૂન, ૧૯૯૬થી બી.એ. (મુખ્ય)માં અંગ્રેજીનો વધારાનો વિષય શીખવવા માટેની જોડાણઅરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ પરની ઍકૅડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે આર. પી. આર્ટ્સ, કે. બી. કૉમર્સ અને બી. સી. જે. સાયન્સ કૉલેજ ખંભાતની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૧-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજીનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬- ૧૯૯૭ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર અંગ્રેજી વિષયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. અંગ્રેજી વિષયના રૂ. ૧૫,૦૦૦ની રકમના પુંસ્તકો માટે અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રોચ્યુઈટી ફંડ અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે—આવશે.

૨ (૧૪). આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદની જૂન, ૧૯૯૬થી બી.એસસી. (સ્પે.)માં માઈક્રોબાયોલોજીના વિષયના વધારાના જોડાણ માટેની અરજી પરત્વે નિયુક્ત કરેલ ચકાસણી સમિતિનો હેવાલ સ્વીકાર્યાનું અને તે પરત્વે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીની મુદતના વધારાના જોડાણ અંગેનું જાહેરનામું બહાર પાડ્યાનું.

૨ (૧૫). સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદની બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સનો વિષય શીખવવા માટેની જોડાણઅરજી પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫—૬—૧૯૯૭થી કાયમી મુદતનું જાહેરનામું બહાર પાડ્યાનું..

૨ (૧૬). એચ.એ. કૉમર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૫થી બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના જોડાણ અરજી પરત્વે મૂકવામાં આવેલ જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫—૬—૧૯૯૬થી કાયમી મુદતનું જાહેરનામું બહાર પાડ્યાનું.

૨ (૧૭). જે. એન્ડ જે. સાયન્સ કૉલેજ, નડિયાદની જૂન, ૧૯૯૬થી બી.ઓસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સનો વિષય શીખવવા માટેની જોડામઅરજીપરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૬થી કાયમી જોડાણ આપ્યાનું.

૨ (૧૮). આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદની જૂન, ૧૯૯૫થી બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના વિષય શીખવવા માટેની ચાલુ જોડાણઅરજી પરત્વે મૂકવામાં આવેલી શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫—૬—૧૯૯૫થી તા. ૧૪—૬—૧૯૯૮ સુધીની મુદતનું જાહેરનામું બહાર પાડ્યાનું.

૨ (૧૯). ભવન્સ આઈ. એલ. પંડ્યા આર્ટ્સ, સાયન્સ એન્ડ જશોદાબહેન શાહ કૉમર્સ કૉલેજ, ડાકોર જૂન, ૧૯૯૬થી બી.એસસી. (ગૌણ) કૉમ્પ્યુટર સાયન્સ અને બી.કૉમ. (ગૌણ) કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઓપરેશન્સના અભ્યાસક્રમો શીખવવા માટેની અરજી પરત્વે તા. ૧૫-૬- ૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૨ (૨૦). નર્સિંગ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૬થી બેઝિક (બી.એસસી.) નર્સિંગનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬- ૧૯૯૭ સુધીની મુદતનું તદર્થધોરણે જાહેરનામું બહાર પાડ્યાનું.

૨ (૨૧). એમ. ડી. શાહ કૉમર્સ એન્ડ બી. ડી. પટેલ આર્ટ્સ કૉલેજ, મહુધાની જૂન, ૧૯૯૭થી બી.એ. (પ્રિન્સિ.)માં હિન્દી અને અંગ્રેજીના વિષયો શીખવવા માટેની વધારાના જોડાણ માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨ (૨૨). સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૬થી બી.એસસી. (સ્પે.)માં ઇલેક્ટ્રોનિક્સનો વિષય શીખવવા માટે કાયમી જોડાણ મેળવવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી છે, સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના સાતત્યની દૃષ્ટિએ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સ્થાનિક તપાસસમિતિ નીમ્યાનું;

૨ (૨૩). મહિલા મહાવિદ્યાલય, વડોદરાની વિનયન અને શિક્ષણની વિદ્યાશાખા ધરાવતી કૉલેજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી, મુંબઈમાંથી અલગ થઈ જૂન, ૧૯૯૭થી ગુજરાત યુનિવર્સિટી સાથે ક્રમશ: જોડાણ મેળવવા માટેની અરજી ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ-૩૩ (૧૦) અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સ્વીકાર્યાનું;

૨ (૨૪). અનુસ્નાતક મેડિકલના સુપર સ્પેશ્યાલિટી અભ્યાસક્રમ (ડી.એમ. અને એમ.સી.એચ.) તથા અનુસ્નાતક મેડિકલ (એમ.ડી./એમ.એસ.)ના જાન્યુઆરી, ૧૯૯૭ના પ્રવેશ નિયમોના સુધારા અંગે મેડિકલ ફેકલ્ટીની સભાની તા. ૯-૧૨-૧૯૯૬ની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) મંજૂર કર્યાનું;

(સદરહુ મેડિકલ ફેકલ્ટીની સભા તા. ૯-૧૨-૧૯૯૬ની કાર્યવાહી નોંધ (મિનિટ્સ) પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨ (૨૫). બી.એડ. પ્રવેશ અંગેની સને ૧૯૯૭-૯૮ના વર્ષ માટેની સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીની સમિતિની તા. ૨૧-૧૨-૧૯૯૬ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કર્યાનું;

(તા. ૨૧-૧૨-૧૯૯૬ની સભાની નોંધ પરિશિષ્ટ "૪" તરીકે સામેલ છે.)

૨ (૨૬). (૧) "મણિનગર સાયન્સ કૉલેજ" અમદાવાદનું સંચાલન વિદ્યાસમાજ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવે છે. સદરહુ કૉલેજનું સંચાલન "બાઈ જીવકોર લલ્લુભાઈ ટ્રસ્ટ" અમદાવાદને સોંપવા અંગે ઑર્ડિ. ૧૨૦-બી અનુસાર આવેલ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સમિતિ નિયુક્ત કર્યાનું;

(૨) મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ, શાહઆલમ ટોલનાકા પાછળ, અમદાવાદ ૨૮માંથી સદરહુ કૉલેજ જે એલ. ટ્રસ્ટ દ્વારા બંધાયેલ રામબાગ, મણિનગર ખાતે ઑર્ડિ. ૧૨૦ જે અનુસાર સ્થળાંતર કરવા માટેની અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સમિતિ નિયુક્ત કર્યાનું;

૨ (૨૭). સાગર વેલ્ફેર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ હાલમાં પાલડી વિસ્તારમાં ચાલે છે. ત્યાંથી સ્થળાંતર કરીને વેજલપુર વિસ્તારમાં ખસેડવા માટેની અરજી ઑર્ડિ. ૧૨૦-જે અનુસાર આવી હોઈ સદરહુ અરજી સ્વીકાર્યાનું અને તે પરત્વે સમિતિ નિયુક્ત કર્યાનું.

(નોંધ.–સ્થળાંતરની અરજી પાછી ખેંચી હોઈ આગળની કાર્યવાહી સ્થગિત થઈ છે.)

૨ (૨૮). યુનિવર્સિટીના ઑર્ડિ. ૭૫ અન્વયે જુદી જુદી વિદ્યાશાખાના સને ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષ માટેના સત્રોમાં કરેલ ફેરફાર મંજૂર કરી પ્રરિપત્રિત કર્યાનું. [બાબત ક્રમાંક ૧૮(૧૩) તા. ૮-૧૨-૧૯૯૬].

૨ (૨૯). સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદના નીચે જણાવેલ બે વિદ્યાર્થીઓનું એમ.એસસી. પાર્ટ-૧ પરીક્ષાનું પરિણામ મોડું જાહેર થયું હોઈ એમ.એસસી. પાર્ટ-૨માં મોડો પ્રવેશ આપ્યો હોઈ, ૧૯૯૬-૯૭ના વર્ષના પ્રથમ સત્રની ખૂટતી હાજરી માફ કર્યાનું.

૧. છપરવાલ મમતા વાસુદેવ ૨. શાહ આશીન જતીનકુમાર.

૨ (૩૦). એપ્રિલ-મે, ૧૯૯૬માં લેવાયેલ વિવિધ પરીક્ષામાં મૂલ્યાંકન કેન્દ્રીય પદ્ધતિ કે ઉત્તરવહી ડિસ્પેચિંગના કામ માટે કો-ઑર્ડિનેટર્સની નિમણૂક મંજૂર કર્યાનું.

૨ (૩૧). યુનિવર્સિટી ગ્રંથાલયના નીચેના કર્મચારીઓને બૅચેલર અને માસ્ટર ઑફ લાયબ્રેરી ઍન્ડ ઇન્ફોર્મેશન સાયન્સ માટે સને ૧૯૯૪થી ૧૯૯૭ના શૈક્ષણિક વર્ષો માટે મુલાકાતી વ્યાખ્યાતા તરીકે મંજૂરી આપ્યાનું તથા તે અંગેનું યુનિવર્સિટી ધારાધોરણ અનુસારનું મહેનતાણું મંજૂર કર્યાનું :

(૧) શ્રી આર. એલ. પટેલ, (૨) શ્રી એમ. ડી. વાઘેલા, (૩) શ્રી એ. એચ. પટેલ, (૪) કુ. એસ. કે. પરીખ (સને ૧૯૯૪-૯૫ પૂરતું).

૨ (૩૨). યુનિવર્સિટી ગણિત વિભાગમાં ડીસ્પેચ રાઈડર તરીકે સેવા આપતા શ્રી ડી. જે. પરમારની બિલ્ડિંગ લોન સ્ટે. ૧૮૮(૨) અન્વયે રૂ. ૮૫,૦૦૦ (અંકે રૂપિયા પંચ્યાસી હજાર પૂરા)ની યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર તેઓના પ્રોવિડન્ટ ફંડમાંથી મંજૂર કર્યાનું.

૨ (૩૩). યુનિવર્સિટીના એચ. કે. પ્રોફેશનલ ટ્રેનિંગ સેન્ટરના સિનિયર આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા શ્રી કે આઈ. ભટ્ટની શિસ્ત અને વર્તણૂક અંગેના આક્ષેપસર નિયુક્ત થયેલ તપાસસમિતિનો અહેવાલ સ્વીકારીને તેના આધારે શ્રી કે આઈ. ભટ્ટને નોકરીમાંથી બરતરફ કર્યાનું. [એક્ઝિ. કાઉન્સિલ તા. ૮-૧૨-૧૯૯૬, બાબત ક્રમાંક ૧૮(૨)].

૨ (૩૪). માર્ચ-એપ્રિલ, ૧૯૯૬માં લેવાયેલ વિવિધ પરીક્ષાના પરિણામો પૈકી જે વિદ્યાર્થીઓના પરિણામો, ગુણ ચકાસણી, પુન:મૂલ્યાંકન, અનામત કે અન્ય કારણોસર યુનિવર્સિટી દ્વારા પાસ કે એ.ટી.કે.ટી.માં જાહેર કરેલ છે તેવા વિદ્યાર્થીઓને ખાસ કેસ તરીકે જે તે સંલગ્ન કૉલેજોમાં ઑર્ડિનન્સ ૭૯ અન્વયે તેઓની ખૂટતી હાજરી માફ કરી પ્રવેશ મંજૂર કર્યાનું. [એક્ઝિ. કાઉન્સિલ તા. ૮-૧૨-૧૯૯૬, બાબત ક્રમાંક ૧૮(૯)].

૨ (૩૫). વાણિજ્ય વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં વ્યાખ્યાતા/આચાર્યશ્રીની નિમણૂક માટેની શૈક્ષણિક લાયકાતના પ્રવર્તમાન ધોરણોમાં સી.એ./આઈ.સી.ડબલ્યુ. વિગેરે વ્યવસાયિક પદવી ધરાવતા ઉમેદવારોના કિસ્સામાં એમ.કૉમ.ની પદવી આવશ્યક ગણવા અંગેની જોગવાઈ કર્યાનું. [એક્ઝિ. કાઉન્સિલ તા. ૮-૧૨-૧૯૯૬, બાબત ક્રમાંક ૧૮(૧)].

૨ (૩૬). 'સમર્પણ સેવા ટ્રસ્ટ' વાસન આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરનું સંચાલન કરે છે તેના બદલે સદરહુ કૉલેજનું સંચાલન ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ, ગાંધીનગરને સોંપ્યાનું. [એક્ઝિ. કાઉન્સિલ તા. ૮-૧૨-૧૯૯૬, બાબત ક્રમાંક ૩૫].

(હેવાલની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૨ (૩૭). ફાર્મસી વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં શૈક્ષણિક જગ્યાઓના લાયકાતના ધોરણો એ.આઈ.સી.ટી.ઈ.ની માર્ગદર્શક સૂચના મુજબ નિયત કરવા સારુ તા. ૨૦-૩-૧૯૯૩ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠકમાં કુલપતિશ્રીને સત્તા આપવામાં આવેલ તે પરત્વે કુલપતિશ્રી નિયુક્ત સમિતિની ભલામણ અનુસાર જૂન, ૧૯૯૬થી લાયકાતના ધોરણો સુધારીને અમલમાં મુક્યાનું. [એક્ઝિ. કાઉન્સિલ તા. ૮-૧૨-૧૯૯૬, બાબત ક્રમાંક ૩૬].

(સુધારેલ લાયકાતના ધોરણ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨ (૩૮). ગુજરાત યુનિવ્રસિટીના યુવક મહોત્સવ યોજવા માટે ચાર વિભાગોને અપાતી નાણાકીય સહાયમાં વધારો કર્યાનું :

વિભાગનું નામ	અગાઉ અપાતી સહાય રૂ.	હવે અપાનારી સહાય રૂ.
અમદાવાદ શહેર	૧૫,૦૦૦	૩૦,૦૦૦
એલિસબ્રિજ	૧૫,૦૦૦	૩૦,૦૦૦
દક્ષિણ વિભાગ-૧	૨૫,૦૦૦	૫૫,૦૦૦
દક્ષિણ વિભાગ-૨	૨૫,૦૦૦	૫૫,૦૦૦.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપર્યુક્ત કાર્યો ક્રમાંક ૨(૧)થી ૨ (૩૮)ના કાર્યોની નોંધ લેવામાં આવી અને બાબત ક્રમાંક ૨(૩૮)માં વધુમાં ઠરાવવામાં આવે છે કે ફાર્મસી વિષયના વ્યાખ્યાતાના લાયકાતના ધોરણોના પરિપત્રમાં સુધારો કરવા કુલપતિશ્રીને સત્તા આપવી.

૩. ફાઈનાન્સ સમિતિની તા. ૯-૨-૧૯૯૭ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત તથા તદઅનુસાર ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૪૯, સ્ટે. ૮૯ અનુસાર ગુજરાત યુનિવર્સિટીના સને ૧૯૯૭-૯૮ના વર્ષનું અંદાજપત્ર તથા સને ૧૯૯૬-૯૭ના વર્ષનું પુનર્નિર્મિત અંદાજપત્ર પર કરવામાં આવેલ ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની ઉપર્યુક્ત ભલામણો મંજૂર કરવી, તથા ૧૯૯૭-૯૮ના વર્ષનું અંદાજપત્ર અને ૧૯૯૬-૯૭ના વર્ષનું પુનર્નિર્મિત અંદાજપત્ર યુનિવર્સિટી કોર્ટની આગામી બેઠકમાં રજૂ કરવું.

વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીની નાણાકીય પરિસ્થિતિ અંગે સમીક્ષા કરી આવકના નવા સ્તોત્રો ઉભા કરવાની ભલામણ કરવા અંગે કમિટી નિયુક્ત કરવા વાઈસ-ચાન્સેલરશ્રીને સત્તા આપવામાં આવે છે.

(ફાઈનાન્સ સમિતિની તા. ૯-૨-૧૯૯૭ની સભાની ભલામણો **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૪. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૦ તથા સ્ટેચ્યૂટ ૯૦ અનુસાર તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૬ના રોજ પૂરા થતા વર્ષના યુનિવર્સિટીના ૪૬મા વાર્ષિક હેવાલ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સને ૧૯૯૫-૯૬ના વર્ષનો ૪૬મો વાર્ષિક હેવાલનો સદરહુ મુસદ્દો મંજૂર કરવો અને આગામી કોર્ટની બેઠકમાં રજૂ કરવો.

૫. ૧૯૮૮-૮૯ના વર્ષના ઓડિટ કરેલા વાર્ષિક હિસાબો અને તે પર આવેલ ઓડિટ નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૮૮-૮૯ના વર્ષના ઓડિટ કરેલા વાર્ષિક હિસાબો આગામી યુનિવર્સિટી કોર્ટની બેઠક સમક્ષ રજૂ કરવા.

૬. ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષથી આપણી યુનિવર્સિટી સાથે સંલગ્ન ૬(છ) કૉલેજોને સ્નાતક કક્ષાએ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચાલુ કરવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને આપેલ મંજૂરીની નોંધ લેવા બાબત. [ઈ.સી. તા. ૮-૧૨-૧૯૯૬, બાબત ક્રમાંક ૨૪].

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતની નોંધ લેવામાં આવી.

(જે કૉલેજોને મંજૂરી મળી છે તે કૉલેજનું નામ વિષય તથા મળેલ આર્થિક સહાયની યાદી આ સાથે પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૭. રોયલ સોસાયટી ઑફ કેમિસ્ટ્રી લંડનના તેમના પત્ર તા. ૨૮-૧૧-૧૯૯૬થી પ્રો. વાય કે. અગ્રવાલ રસાયણશાસ્ત્ર વિભાગના વડાને સંશોધન હેતુ માટે ૫૦૦ પાઉન્ડ (પાંચસો પાઉન્ડ) એનાયત થયેલ છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતની નોંધ લેવામાં આવી.

૮. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના આદેશ ક્રમાંક ઉશય-૭-૫૪-ડાનીસ-૯૪-૯૭ ૬૧-૧૫૮૫૫-૬૪ તા. ૫-૧૦-૧૯૯૬ની ૧૯૯૪-૯૫ તથા ૧૯૯૬માંની પરીક્ષાઓની ચુકવણી તેમજ બાકી લહેણી નીકળતા બિલોની ચુકવણી અંગે ખાસ કિસ્સા તરીકે રૂ. ૧,૦૦,૦૦,૦૦૦ (અંકે રૂપિયા એક કરોડ પૂરા) નિભાવ અનુદાન કેટલીક શરતોને આધીન મંજૂર કર્યાનું.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપર્યુક્ત બાબતની નોંધ લેવામાં આવી.

૯. ઇન્ટાસ ફાર્માસ્યુટિકલ્સ લિ., અમદાવાદ કેટલાક Bulk Drugs ના ડેવલપમેન્ટ અને સિનથેસિસ માટે કેમિસ્ટ્રી વિભાગના વડા ડૉ. વાય. કે. અગ્રવાલની મદદ લેવા અંગે જરૂરી મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. વાય. કે. અગ્રવાલને ઉપર્યુક્ત બાબત મંજૂરી આપવામાં આવી.

૧૦. યુનિવર્સિટીના એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ તેમજ એસ્ટાબ્લિસમેન્ટ, મેનેજમેન્ટ કાર્યપદ્ધતિ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક એફ-૩-૨/૮૯ (એમસી) તારીખ ૪-૮-૧૯૯૫થી આવેલ ગાઇડલાઈન અને યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક એફ-૨-૫/૯૩ તા. ૧૧-૧૦-૧૯૯૬માંના ૧થી ૧૦ મુદ્દાઓ પરત્વે તેમ જ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યુ દિલ્હીના પત્ર ક્રમાંક : એફ-૧૬-૧/૯૪ (એમસી) તા. ૬-૬-૧૯૯૬ના પત્રથી લેવલ-૧ના સ્ટાફિંગ પેટર્ન નક્કી કરેલી છે, તે અંગે ચર્ચા વિચારણા કરી ભલામણો કરવા કુલપતિશ્રીએ નીમેલી કમિટીની તા. ૨૯-૧૦-૧૯૯૬ની સભાની કાર્યવાહીની નોંધ અંગે વિચારણા કરવા બાબત. (બાબત ક્રમાંક ૨૫ તા. ૮-૧૨-૧૯૯૬).

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રી નિયુક્ત ઉપર્યુક્ત તા. ૨૯-૧૦-૧૯૯૬ના રોજ મળેલ સભાની બાબત ક્રમાંક ૬ સિવાયની ભલામણો મંજૂર કરવી. બાબત ક્રમાંક ૬ તથા અન્ય આનુષંગિક બાબતો અંગે પુનઃવિચારણા કરવા સમિતિ નિયુક્ત કરવાની કુલપતિશ્રીને સત્તા આપવામાં આવે છે.

(તા. ૨૯-૧૦-૧૯૯૬ની સભાની નોંધ **પરિશિષ્ટ "૮"** તરીકે સામેલ છે.)

૧૧. ફાઇનાન્સ સમિતિની તા. ૪-૧૨-૧૯૯૬ના રોજ મળેલી સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બાબત ક્રમાંક ૨૮, તા. ૮-૧૨-૧૯૯૬).

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૪-૧૨-૧૯૯૬ના રોજ મળેલ ફાઇનાન્સ સમિતિની ભલામણો નીચેના સુધારા સાથે મંજૂર કરવી.

(અ) બાબત ક્ર. ૭ના ઠરાવ પરત્વે પુનઃવિચારણા કરવા આગામી ફાઈનાન્સ સમિતિ સમક્ષ બાબત રજૂ કરવી.
(બ) બાબત ક્ર. ૧૨માં જાહેરખબર આપવાને બદલે વર્તમાન વ્યવસ્થા ચાલું રાખવી.
(ક) બાબત ક્ર. ૧૬માં સિગ્મા કેમિકલ્સ letter of credit સામે ખરીદવાની મંજૂરી આપવી.

(નોંધ.—સભાની ભલામણો **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

૧૨. સ્થાયી સમિતિની તા. ૬-૧૨-૧૯૯૬ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. (ઇ.સી. ૮-૧૨-૧૯૯૬ બા. ૩૪)

સદંરહુ બાબત મોકૂફ રાખવામાં આવી.

૧૩. કેન્ટીન સમિતિની તા. ૨૭-૨-૧૯૯૬ની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત. (બા. ૨૨ તા. ૮-૧૨-૧૯૯૬).

આથી ઠરાવવામાં આવે છે કે કેન્ટીન સમિતિની તા. ૨૭-૨-૧૯૯૬ની સભાની ભલામણો મંજૂર કરવી.

(ભલામણોની નકલ **પરિશિષ્ટ "૯"** તરીકે સામેલ છે.)

૧૪. કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોમાં વ્યાખ્યાતાઓની જગ્યાઓ માટેની શૈક્ષણિક લાયકાતના અગાઉના ધોરણોની મુદત તા. ૩૧-૧૨-૧૯૯૮ સુધી લંબાવી આપવા અંગે કાયદા વિદ્યાશાખાએ તેની તા. ૨૧-૯-૧૯૯૬ની સભામાં કરેલ નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"The Faculty of Law recommends to the University that in view of the non-availability of qualified candidates for the appointment as full-time Law Teacher as per U.G.C. norms, the Gujarat University's letter prescribing the minimum qualifications for the post of lecturer in Law at Sr. No. 2, should be extended for further stipulated period upto 31-12-1998."

આથી ઠરાવવામાં આવે છે કે કાયદા વિદ્યાશાખાની તા. ૨૧-૯-૧૯૯૬ની સભાની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી.

૧૫. ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કૉલેજોમાં બિનશિક્ષક વર્ગના કર્મચારીઓની સિનિયોરિટી ઑર્ડિ. ૧૬૮ની કંડિકા ૯માં નિયત થયેલ છે, જો વિદ્યાશાખા સહિત એક કરતાં વધુ વિદ્યાશાખા ધરાવતી એક જ સંચાલક મંડળ હેઠળની કાયદાની વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની સિનિયોરિટી અલગ રીતે ગણવા અંગે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ અને માન્ય સંસ્થા બિનશિક્ષક કર્મચારી (અમદાવાદ શહેર) મંડળના પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૫- ૧૨-૧૯૯૬ના પત્ર પર વિચારણા કરવા બાબત. (બા. ૨૭, તા. ૮-૧૨-૧૯૯૬)

આથી ઠરાવવામાં આવે છે કે પ્રસ્તુત બાબતે સર્વગ્રાહી વિચારણા કરી અહેવાલ આપવા સારુ નીચેના સભ્યોની સમિતિ નીમવી અને તેના હેવાલ ઉપર ઘટતો નિર્ણય લેવા કુલપતિશ્રીને સત્તા આપવી :

(૧) શ્રી સુધીરભાઈ નાણાવટી (૨) પ્રો. એન. કે. પાઠક (૩) પ્રિ. વી. એચ. દિક્ષીત (૪) શ્રી પ્રબોધ ભટ્ટ.

૧૬. ડૉ. ટી. સી. મિસ્ત્રીના હાથ નીચે એજ્યુકેશન વિષયમાં પીએચ.ડી. માટે નોંધાયેલા જાદવ મીનાક્ષી છોટાલાલના મહાનિબંધ ઉપર આવેલા હેવાલમાં ઑર્ડિ. ૩૨૧(૨) પ્રમાણે Tie (ટાઈ) પડતાં ચોથા રેફરી નીમવાના થાય છે, તે અંગે વિચારણા કરવા બાબત.

(૧)	ડૉ. જે. એમ. ભટ્ટ લોસએન્જેલસ (યુ.એસ.એ.)	થિસિસ સ્વીકારેલ છે.
(૨)	ડૉ. યુ. એ. ઉચાટ, રાજકોટ	સંશોધન કાર્યનો હેવાલ ફરીથી તૈયાર કરીને રજૂ કરવા જણાવેલ છે.

માર્ગદર્શક શિક્ષક ડૉ. ટી. સી. મિસ્ત્રી રેફરી શ્રી યુ. એ. ઉચાટના રિપોર્ટ સાથે સંમત થતા નથી.

આથી ઠરાવવામાં આવે છે કે એક્ષટર્નલ રેફરી ડૉ. યુ. એ. ઉચાટની ભલામણ મુજબ વિદ્યાર્થીને સંશોધન હેવાલ સુધારીને પૂનઃ રજૂ કરવા જણાવવું.

૧૭. યુનિવર્સિટી વિજ્ઞાન ભવનના ભૂગોળ વિભાગમાં કાર્ટોગ્રાફર તરીકે ફરજ બજાવતા શ્રીમતી અવન્તીકા કે. પ્રજાપતિને રૂ. ૨૦૦૦-૬૦-૨૩૦૦-ઇબી-૭૫-૩૨૦૦-૧૦૦-૩૫૦૦ના પગાર ધોરણમાં રૂ. ૨૩૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય (ઇબી) તા. ૩૧-૧૨-૧૯૯૬થી ઓળંગવાની પરવાનગી આપવા બાબત.

શ્રીમતી અવન્તિકા કે. પ્રજાપતિનો ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને તે સંતોષકારક જણાતાં ઠરાવવામાં આવ્યું કે ભૂગોળ વિભાગમાં કાર્ટોગ્રાફર તરીકે રૂ. ૨૦૦૦-૩૫૦૦ના પગારધોરણમાં રૂ. ૨૩૦૦ પછીનો કાર્યક્ષમતા અંતરાય ડિસેમ્બર, ૧૯૯૬થી ઓળંગવાની પરવાનગી આપવી.

૧૮. યુનિવર્સિટી ગ્રંથાલય વિભાગમાં પટાવાળા તરીકે ફરજ બજાવતા શ્રી આંબળા રણજિતસિંહ ગોપાલસિંહની બિલ્ડિંગ લોન સ્ટેચ્યૂટ ૧૮૮(૨) પ્રમાણે પ્રો. ફંડમાંથી રૂ. ૭૦,૦૦૦ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી રણજીતસિંહ ગોપાલસિંહ આંબળાને સ્ટે. ૧૮૮(૨) પ્રમાણે પ્રો. ફંડમાંથી રૂ. ૭૦,૦૦૦ની બિલ્ડિંગ લોન મંજૂર કરવી.

૧૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેના કાર્યો (જાણ સારુ) :

૧૯ (૧). આર. પી. આર્ટ્સ, કે. બી. કૉમર્સ એન્ડ બી. સી. જે. સાયન્સ કૉલેજ, ખંભાતની જૂન, ૧૯૯૬થી બી.એસસી. (સ્પે.)માં માછકોબાયોલોજી વિષયના જોડાણ પરત્વેની શરતોના પરિપાલન માટેની ચકાસણી અંગે નિયુક્ત કરવામાં આવેલ ચકાસણી સમિતિનો હેવાલ સ્વીકાર્યાનું અને તે પરત્વે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીની મુદતનું જાહેરનામું બહાર પાડ્યાનું.

(હેવાલની નકલ પરિશિષ્ટ "ઢ" તરીકે સામેલ છે.)

૧૯ (૨). જોડાણ શરતોના પરિપાલનની ચકાસણી સમિતિની ભલામણ મુજબ સંલગ્ન કૉલેજો પૈકીની આ સાથે સામેલ કૉલેજોનું જોડાણ જૂન, ૧૯૯૬થી એક વર્ષ લંબાવી આપ્યાનું. (ઇ.સી. ૮-૧૨-૧૯૯૬ બા. ૨૯) (પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે).

૧૯ (૩). નર્સિંગ કૉલેજ, અમદાવાદની જૂન, ૧૯૯૬થી બેઝીક (બી.એસસી.) નર્સિંગનો અભ્યાસક્રમ શીખવવા માટેની જોડાણ અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે પરત્વે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું. (ઍકૅડેમિક કાઉન્સિલ બા. ક્ર. ૧૧ તા.૮-૧૨-૧૯૯૬)

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે નર્સિંગ કૉલેજ, અમદાવાદની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૧-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બેઝિક બી.એસસી. નર્સિંગનો અભ્યાસક્રમ શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. નર્સિંગ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીની માન્યતા મેળવવામાં આવે;

૨. નર્સિંગ કાઉન્સિલના નિયમો અનુસાર નીચે મુજબ નિમણૂકો કરવામાં આવે :
૧. પ્રોફેસર-૭, ૨. એસોસિયેટ પ્રોફેસર-૭, ૩. લેક્ચરર-૯, ૪. એસોસિયેટેડ લેક્ચરર/ડેમોન્સ્ટેટર ૧૭-૨૦ (૧ : ૧૦ મુજબ);

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજે છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ. વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવે છે—આવશે.

(હેવાલની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૧૯ (૪). સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતની જૂન, ૧૯૯૬થી તૃતીય વર્ષ એલએલ.બી.ના વિષયો શીખવવા માટેની જોડાણઅરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના હેવાલ પર વિચારણા કરી તે પરત્વે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી મંજૂર કર્યાનું. (ઍકૅ. કાઉ. બાબત ક્રમાંક ૧૦ તા. ૮-૨-૧૯૯૬).

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે સી. વી. શાહ લૉ કૉલેજ, ખંભાતની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૧-૧૯૯૭ સુધીમાં કરે તો તેને થર્ડ એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા, ન્યૂ દિલ્હીની સત્વરે માન્યતા મેળવી તેની જાણ યુનિવર્સિટીને તારીખ ૩૧-૧-૧૯૯૭ સુધીમાં કરવામાં આવે;

૨. આચાર્યની નિમણૂક કરવામાં આવે અને ઑર્ડિ. ૯૬ મુજબ કાર્યભારના સંદર્ભમાં શૈક્ષણિક-બિનશૈક્ષણિક વર્ગના કર્મચારી ગણની નિમણૂક કરવામાં આવે;

૩. કાયદાની વિદ્યાશાખા માટે આગવું સ્વતંત્ર ગ્રંથાલય તૈયાર કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રતિ વર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવે છે—આવશે.

૭. બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના માન્યતા અંગેના તમામ ધારાધોરણોનું પાલન કરવામાં આવે;

(હેવાલની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપર્યુક્ત કાર્યો ક્રમાંક ૧૯(૧)થી ૧૯(૪)ની નોંધ લેવામાં આવી.

૨૦. બહારગામથી આવતા સમિતિના સભ્યોના દૈનિક ભથ્થામાં વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સ્થાનિક સભ્યોનાં દરમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૨-૮-૧૯૯૬ની સભામાં નીચે પ્રમાણે વધારો કરેલ છે :

	જૂના દર	*નવા દર*
૧. સ્થાનિક સભ્યો માટે	૩૦	૪૦
૨. બહારગામના સભ્યો માટે	૭૦	

આથી ઠરાવવામાં આવે છે કે બહારના સભ્યો માટેનાં પ્રવર્તમાન દૈનિક ભથ્થાંના રૂ. ૭૦માં ૧લી માર્ચ, ૧૯૯૭થી વધારો કરીને રૂ. ૯૦નો દર મંજૂર કરવો.

૨૧. શ્રી કેળવણી મંડળ, સાયલી સંચાલિત શ્રી આર્ટ્સ કૉલેજનું નામાભિધાન ""સવિતાબહેન છોટુભાઈ અવિચળભાઈ પટેલ આર્ટ્સ કૉલેજ રાખવા અંગેની સદરહુ સંસ્થાની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.— શ્રી શક્તિકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ, વડોદરા તરફથી રૂ. અગિયાર લાખનું બિનશરતી દાન આપવામાં આવ્યું છે).

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી કેળવણી મંડળ, સાયલી સંચાલિત આર્ટ્સ કૉલેજનું નામાભિધાન "સવિતાબહેન છોટુભાઈ અવિચળભાઈ પટેલ આર્ટ્સ કૉલેજ" રાખવા મંજૂરી આપવી.

૨૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલું કાર્ય (જાણ માટે) :

સને ૧૯૯૫-૯૬ના વર્ષમાં પીએચ.ડી. પદવી માટે નોંધવામાં આવેલા વિદ્યાર્થીઓના નામ સામે જણાવેલ વિષયો અને શીર્ષકો મંજૂર કર્યાના.

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલા ઉપર્યુક્ત કાર્યોની નોંધ લેવામાં આવી.

૨૩ શાહ કે. એસ. આર્ટ્સ, વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજની જૂન, ૧૯૯૬થી બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ગૃહવિજ્ઞાનની અરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ પરત્વે મૂકવામાં આવેલી જોડાણ શરતોનું પરિપાલન કર્યું હોઈ તા. ૧૫-૬-૧૯૯૬થી કાયમી ધોરણે જોડાણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજને બી.એ. (મુખ્ય)માં સંસ્કૃત, મનોવિજ્ઞાન અને ગૃહવિજ્ઞાનના વિષયોનું જૂન, ૧૯૯૬થી કાયમી જોડાણ આપવું.

૨૪. મહિલા મહાવિદ્યાલય, વડોદરાની જૂન, ૧૯૯૭થી શિક્ષણની અને વિનયન વિદ્યાશાખાની અલગ કૉલેજનું જોડાણ એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈમાંથી અલગ થઈ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માટે નિયુક્ત કરેલ નીડ અને સ્થાનિક તપાસસમિતિનો હેવાલ આવ્યો હોઈ તે અંગેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા બાબત.

એકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે મહિલા મહાવિદ્યાલય વડોદરાની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૫-૨-૧૯૯૭ સુધીમાં કરે તો તેને વિનયન અને શિક્ષણ વિદ્યાશાખાની કૉલેજ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી મુંબઈમાંથી અલગ થઈ ગુજરાત યુનિવર્સિટી સાથે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શિક્ષણની વિદ્યાશાખામાં વિદ્યાર્થી પ્રવેશની કાર્યવાહી કેન્દ્રીય પ્રવેશ સમિતિના નિયમોને આધિન રહી કરવાની રહેશે;
૨. નીચેના વિષયોનો સમાવેશ કરવાનો રહેશે, ગુજરાતી, હિન્દી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર અને ઇતિહાસ;
૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમના પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;
૪. ગુજરાત યુનિવર્સિટીના ધારાધોરણોનું પાલન કરવાનું રહેશે, જેમાં;
૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિ વર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાનો રહેશે;
૬. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઈટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કાંઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેના યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;
૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઈત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવે છે–આવશે.
૮. ગુજરાત યુનિવર્સિટી સાથેના જોડાણના કારણે કોઈ પણ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીને વિપરીત અસર થશે નહીં તે માટે બાંયધરી આપવામાં આવે.

(હેવાલની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એકૅડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણો સ્વીકારવી તથા તદ્નુસાર મહિલા મહાવિદ્યાલય, વડોદરાને જુન,.૧૯૯૭થી વિનયન વિદ્યાશાખામાં પ્રથમ વર્ષ વિનયનના અભ્યાસક્રમ માટે અને શિક્ષણ વિદ્યાશાખાના બી.એડ્.ના અભ્યાસક્રમ માટે એક વર્ષ માટે જોડાણ આપવું.

૨૫. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં યુ.જી.સી.ની 'કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ' હેઠળ રીડર ઇન હિન્દીનું પદ આપવા માટે તા. ૧૧-૨-૧૯૯૭ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ એકૅડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ સ્વીકારી હોઈ, તે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૧-૨-૧૯૯૭ના રોજ મળેલ ઉપર્યુક્ત વરણીસમિતિની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર ડૉ. આલોકકુમાર ગુપ્તાને યુ.જી.સી.ની 'કેરિયર એડવાન્સમેન્ટ સ્કીમ' હેઠળ રીડરનું પદ આપવું.

(વરણીસમિતિનો હેવાલ પરિશિષ્ટ "ધ" તરીકે સામેલ છે).

૨૬. યુનિવર્સિટીની સેવામાં જોડાતા શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓની અગાઉની રાજ્ય સરકાર તથા શૈક્ષણિક સંસ્થાઓમાં જમા રજાઓને યુનિવર્સિટી સેવામાં જમા લેવા અંગે (કેરી ફોરવર્ડ) તા. ૮-૧-૧૯૯૪ તથા તા. ૧૨-૨-૧૯૯૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાઓમાં થયેલ ઠરાવો પરત્વે વધુ સ્પષ્ટતા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૮-૧-૧૯૯૪ અને તા. ૧૨-૨-૧૯૯૪ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાઓમાં અનુક્રમે ઠરાવ ક્રમાંક ૯ અને ૧ કરવામાં આવેલ હતા તેમાં સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ રીતે અગાઉની સેવામાં જમા થયેલ રજાઓને યુનિવર્સિટી સેવામાં ગણતરીમાં લેવાથી રાજ્ય સરકારશ્રીના વખતોવખતના નિયમાનુસાર મળવા પાત્ર (લીવ એન્કેશમેન્ટ, રજાના રોકડમાં રૂપાંતર સહિતના) લાભો માટે ગણતરીમાં લેવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./ ૮૪૩૬૯ /૧૯૯૭
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. ૨૫-૩-૧૯૯૭.

એસ. ડી. સ્વામિનારાયણ
કાર્યકારી કુલસચિવ

પરિશિષ્ટ "ક"

બાબત ક્રમાંક ૨ (૩)

COPY

Treatment of Portion of Dearness Allowances Dearness pay for purpose of Death-cum-Retirement Gratuity and raising the maximum limit of Gratuity from Rs. 1 lac to Rs. 2.50 lacs.

Government of Gujarat
Finance Department
Resolution No. NVT-1195/GOI/9-P
Sachivalaya, Gandhinagar
Dated : 10th January, 1996

Read : 1. No. NVT-1187-GOI-4 (2)/PI dated 31-7-1987
2. GOI O.M. No. 7-2-1993 P & PW(D) dated 19-10-1993
3. GOI O.M. No. 7-2-1993 P & PW(D) dated 6-4-1994
4. GOI O.M. No. 7-1-1995 P & PW(F) dated 14-7-1995
5. GR No. NVT-1194/GOI/12/PI dated 19-8-1994.

Resolution

1. At present, the Death-cum-Retirement Gratuity admissible to the State Government employees is wormed out on the basic of last pay drawn as defined under Rule 9(3) A(1) of the B.C.S.Rs. Vol. I which a government employee is drawing immediately before his retirement/death Vide State Government, Resolution No. NVT- 1194/GOI/12/P dated 19-8-1994, a portion of the Dearness Allowance i.e. of 20% of basic pay is treated as Dearness Pay for the purpose of reckoning Death-cum-Retirement Gratuity irrespective of different pay ranges existing for payment of Dearness Allowance.

2. On recommendtion of the Fifth Pay Commission, in its interim-report, Government of India have issued orders for treating Dearness Allowance as linked to the average All India Consumer Index (AICPI) 1201.66 to be a Dearness Pay for reckoning employments for the purpose of retirement gratuity and death Gratuity vide orders referred to at Sr. No. 4 above.

After careful consideration, Government is pleased to decide that Dearness Allowance linked to AICPI. 1201.66 as indicated below shall be treated as Dearness Pay reckoning emoluments for the purpose of Death-cum-Retirement gratuity for the State Government employees who retire or die on or after 1-4-1995.

3.

Pay Range	Dearness Allowance to be added to pay for calculating gratuity
1. Basic pay upto Rs. 3500 p.m.	97% of pay
2. Basic pay above Rs. 3500 p.m. upto 6000 p.m.	73% of pay subject to minimum of Rs. 3395
3. Basic pay above Rs. 6000 p.m.	63% of pay subject to minimum of Rs. 4380.

4. The above rates are inclusive of the Dearness Allowances equivalent to 20% of basic pay already treated as Dearness Pay for the purpose of retirement gratuity/death gratuity with effect from 16th Sept. 1993 in terms of G.R. dated 19-8-1994 referred to at Sr. (5) above.

5. Government is also further pleased to decide that the ceiling on maximum amount of retirement gratuity/death gratuity may be raised from Rs. 1 lac to 2.50 lacs with effect from 1-4-1995.

6. These orders will apply to all employees of State Government, Panchayat employees, teaching and non-teaching staff of non-Government grant-in-aid school/colleges and Universities and all other employees to whom the Staff/Pension Scheme has been made applicable and pension Scheme is in force.

7. The Departments concerned should instruct Heads of Departments/Heads of Officer under its control to forward Service Books of employees who have retired on or after 1-4-1995 to the Director of Pensions and Provident-Fund, Gujarat State, Ahmedabad or District Assistant Examiner Local Fund Accounts for issue or revised Gratuity orders within a period of two months.

by order in the name of Governor of Gujarat.

M. V. Vaghela
Deputy Secretary to Government
Finance Department.

ક્રમાંક : ૧૫/કપય/૯૫-૯૬/ક/૧૭૩/૭૦૧
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી,
બ્લોક નં. ૧૨, ડૉ. જિવરાજ મહેતા ભવન
ગુજરાત રાજ્ય, ગાંધીનગર
તા. ૨૦-૧-૧૯૯૬.

નકલ રવાના :

આચાર્યશ્રી, તમામ બિનસરકારી આર્ટ્સ, સાયન્સ, કૉમર્સ, બી.એડ. તેમ જ લૉ કૉલેજો,

તમામ વિદ્યાપિઠો,

રજિસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સિટીઓ,

જાણ સારુ તેમ જ ઠરાવ સંદર્ભે જરૂરી કાર્યવાહી કરવા માટે ગ્રેચ્યુઇટી રિવાઇઝ કરવાપાત્ર થતી હોય તેવા કેસોમાં (૧) જે તે પેન્શનરની અસલ સેવાપોથી (૨) પેન્શન મંજૂર કર્યાના હુકમની નકલ (૩) રિવાઇઝડ ગ્રેચ્યુઇટી, અંગેની ગણતરી દર્શાવતું પત્રક સહિત અત્રે દરખાસ્ત મોકલવા વિનંતી છે.

સહી
જે. એન. વસોવા
ગ્રેયાન અધિક્ષક, પેન્શન શાખા.

પરિશિષ્ટ "ખ"

બાબત ક્રમાંક ૨ (૧૨)

તા. ૫-૧૨-૧૯૯૬

પ્રતિ,

કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯.

વિષય : ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજની જોડાણ અરજી.

માનનીયશ્રી,

ખેડા આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ખેડાએ આર્ટ્સ વિભાગમાં ગૌણ વિષય તરીકે સમાજશાસ્ત્રના કાયમી જોડાણ માટે કરેલી અરજીના અનુસંધાનમાં નીચેના ત્રણ સભ્યોની ગુજરાત યુનિવર્સિટી પત્ર ક્રમાંક-એકે/૨૧/૨૮૯૬/તા. ૨૩-૫-૧૯૯૬ અન્વયે નિમણૂક કરવામાં આવી હતી :

૧. શ્રી ડી. બી. દેસાઈ, સમાજવિદ્યા ભવન

૨. આચાર્યશ્રી વાડીભાઈ પટેલ, સદ્‌ગુણા સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ, ફૉર ગર્લ્સ

૩. આચાર્યશ્રી એ. યુ. પટેલ, એલ. ડી. આર્ટ્સ કૉલેજ.

ઉપરોક્ત સમિતિમાંથી પ્રથમ બે સભ્યોએ તા. ૨૦-૬-૧૯૯૬ના રોજ ખેડા આર્ટ્સ કૉલેજની રૂબરૂ મુલાકાત લીધી હતી, જ્યારે ત્રીજા સભ્ય અન્યત્ર રોકાણોને કારણે હાજર રહી શક્યા નહોતા, આ મુલાકાતમાં જે કંઈ જરૂરી માહિતી હતી, તે સામેલ કરેલ પત્રમાં છે, કુલ ૧૨ તાસ માટે પ્રો. એન. પી. વર્માની તા. ૧૫-૬-૧૯૯૫થી તા. ૧૪-૬-૧૯૯૭ સુધીની નિમણૂક કરી છે, જે યુનિવર્સિટીના તા. ૧૫-૭-૧૯૯૫ના પત્રના પ્રતિભાવ રૂપે હતી.

અમે ભલામણ કરીએ છીએ કે, સમાજશાસ્ત્ર વિષયનાં બીજાં જરૂરી પુસ્તકો ખરીદવાની શરતે આ કૉલેજે માગેલ જોડાણ આપવું.

આપનો વિશ્વાસુ
ધીરુભાઈ દેસાઈ

પરિશિષ્ટ "ગ"

કામકાજ ક્રમાંક ૨(૨૪)

મેડિકલ ફેકલ્ટીની સભા તા. ૯-૧૨-૧૯૯૬ના રોજ ૪-૩૦ કલાકે અનુસ્નાતક મેડિકલના સુપર સ્પેશિયાલિટી અભ્યાસક્રમ-ડી.એમ., એમ.સી.એચ.ના પ્રવેશ સંબંધી સુપ્રિમ કોર્ટના ચુકાદા અનુસાર મેડિકલ MD/MSના જાન્યુઆરી, ૧૯૯૭ના પ્રવેશ નિયમોમાં સુધારા કરવા અંગે મળેલ, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. કેતન દેસાઈ	ગેરહાજર
૨. ડૉ. એચ. એસ. શાહ	હાજર
૩. ડૉ. એસ. સી. કુકરેટી	હાજર
૪. ડૉ. સી. એ. દેસાઈ	હાજર
૫. ડૉ. આર. કે. પટેલ	ગેરહાજર
૬. ડૉ. યુ. એચ. શાહ	હાજર
૭. ડૉ. એચ. એલ. પટેલ, (ડી.એમ.એમ.સી.એચ. કૉ-ઑર્ડિનેટર)	હાજર

ચર્ચાવિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

૧. DM/M.Ch.ના પ્રવેશ અંગેના ઑર્ડિનાન્સ M.D.-16, M.S.-16માં આ સાથે સામેલ કરેલ મુસદ્દા મુજબ સુધારો સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ કરવો.

૨. DM/M.Ch. પ્રવેશ પરીક્ષા માટેની ઓબ્જેક્ટિવ ટેસ્ટ માટે પ્રશ્નદીઠ હાલ જે ૩. ૧૫ ચૂકવવામાં આવે છે તેના બદલે પ્રશ્ન દીઠ ૩. ૨૫ નિયત કરવા ભલામણ કરવામાં આવે છે (૨૦૦ પ્રશ્નો).

૩. MD/MS-૧૯૯૬ના પ્રવેશ નિયમો O. MD-14, O. MD-14ના પ્રવેશ નિયમ ૧.૧(b)ની નીચેની જોગવાઇ પરત્વે ગુજરાત હાઇકોર્ટમાં થયેલ સ્પે. સિવિલ પિટિશન ક્રમાંક ૫૪૫૧-૯૬ના ચુકાદાના સંદર્ભમાં જાન્યુઆરી, ૧૯૯૭ના પ્રવેશથી તે રદ કરવી.

"Above (a) & (b) will be applicable to the students admitted after 1- 1-1989 in M.B.,B.S. Course."

૪. પ્રવેશની મેરિટ યાદી બનાવવા બાબતના R. 7થી R. 11માં આ સાથે સામેલ મુસદ્દા મુજબ સુધારો કરવો.

ત્યારબાદ સભાનું કામકાજ પુરું થયેલ.

એચ. એસ. શાહ
ડૉ. સી. એ. દેસાઈ
ડૉ. એસ. સી. કુકરેટી
ડૉ. યુ. એચ. શાહ
ડૉ. એચ. એલ. પટેલ.

Amendment to O. M.D. 16 - O. M.S. 16 :

In view of the Supreme Court judgement Dt. 1-5-1996 it is necessary to amend M.D. 16, M.S. 16 wherein selection for superspecialities i.e. M.Ch., and D.M. is prescribed.

The Amended Ordinance will be as under :

O. M.D. 16 - O. M.S. 16 :

Selection for Superspecialities course i.e. M.Ch. & D.M.

The procedure for Selection to these courses will be as follow :

1. First preference will be given to candidates from Gujarat University. Second preference will be given to candidates from other Universities of Gujarat State. Any vacancy remaining after this may be filled by candidates of University situated outside Gujarat State.

2. Post-graduate degree qualification i.e. M.D. or M.S. is essential.

3. The Selection Committee consisting of 3 to 5 members nominated by the Vice-Chancellor will arrange theory examination for the candidates preferably objective. No Practicals will be held. The result of this examination will be the sole criterion for admission and decision of the Committee will be final.

This Ordinances will come in force with immediate effect i.e. dt. 6--10--1996.

R. 7 First candidates belonging to Merit Lists 1.2 followed by 2.2 and similar by 1.3 followed by 2.3 will be called for interview, one by one according to merit and offered subjects belonging to their respective reserved category.

If he selects the subject :

(a) he is allotted that subject and is called again alongwith candidates of Merit List 1.1/(2.1) for selection of Teacher according to general merit, and

(b) his name is deleted from Merit List 1.1/2.1 if it is included in two lists. If he does not accept any of the subjects offered his name is retained in Merit List 1.1/ 2.1 (If included).

R. 8 Conversion of Reserved seats into open Merit (Unreserved) Seats :

When the Merit Lists 1.2, 1.3, followed by 2.2 & 2.3 are exhausted and seats reserved for SC & ST category are still vacant all these seats are converted into open merit seats. Similarly any seat remaining vacant due to non-availability of eligible SEBC candidates including widow and orphan children as per rule 5.0 will be converted to open merit seats.

R. 9 Next, candidates belonging to Merit list 1.1 & 1.4 will be call interview one by one, according to merit. Open Merit seats in those convered from reserved seats and supernumerary seats are offered to open merit candidates. If any Reserve seat is not fill corresponding supernumeerary seat is not offered. Candidates belonging to Merit list 1.4 will be offered the seats as per rule 5.0

R. 10 Simultaneously, candidates of Merit Lists 1.2, 1.3 & 1.4 who had selected their subjects as per R. 7 & R. 9 will be called as per their General Merit level and they will choose their teachers.

R. 11 After Merit list 1.1 (and 1.2, 1.3, 1.4, 2.2, 2.3) are exhausted candidates belonging to merit List 2.1 and 2.4 are called one by one and offered remaining seats of respective category acoording to merit.

R. 12. After Merit List 2.1 & 2.4 are exhausted, candidates belonging to Merit lists 3.2 & 3.3 are called after re-reservation as per provisions in Rule 5.5 (b). They will be dealt with on exactly similar lines as Gujarat University.candidates are dealt with by R. 7 & R. 8 Next candidates belonging to Merit List 3.1 & 3.4 followed by 4.1 are dealt with on exactly similar lines to R. 9 R. 10.

પરિશિષ્ટ "ધ"

બાબત ક્રમાંક ૨ (૨૫)

બી.એડ. પ્રવેશ અંગેની ૧૯૯૭-૯૮ના વર્ષ માટેની આચાર્યશ્રીઓની સમિતિ તા. ૨૧-૧૨-૧૯૯૬ના રોજ બપોરે ૧-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેની કૉલેજોના આચાર્યશ્રીઓએ હાજરી આપી હતી :

૧.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ	હાજર
૨.	પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	હાજર
૩.	એસ. યુ. જી. કૉલેજ ઑફ એજ્યુકેશન	હાજર
૪.	વિવેકાનંદ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	હાજર
૫.	આર. બી. સાગર કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	ગેરહાજર
૬.	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	હાજર
૭.	શ્રીમતી એમ. એન. કે. દલાલ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	હાજર
૮.	આર. પી. અનડા એજ્યુકેશન કૉલેજ, બોરસદ	ગેરહાજર
૯.	શેઠ એમ. એમ. સી. કૉલેજ ઑફ એજ્યુકેશન, ડભોઈ	હાજર
૧૦.	સાર્વજનિક એજ્યુકેશન કૉલેજ, ગોધરા	હાજર
૧૧.	એસ.ટી.ટી. કૉલેજ, ખેડા	હાજર
૧૨.	બી.સી.જે. એજ્યુકેશન કૉલેજ, ખંભાત	હાજર
૧૩.	એસ. ડી. શેઠિયા એજ્યુકેશન કૉલેજ, મુદ્રા	ગેરહાજર
૧૪.	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	હાજર
૧૫.	એમ. એન. શુક્લ એજ્યુકેશન કૉલેજ, અમદાવાદ	હાજર.

સભાનું પ્રમુખસ્થાન બી.એડ. ફેકલ્ટીના ડીન આચાર્યશ્રી બી. એમ. મોદીએ સંભાળ્યું હતું. સદરહુ સભામાં બી.એડ. પ્રવેશ માટે તથા પ્રવેશ અરજીપત્રકમાં નીચે મુજબ સુધારા વધારાકરવા માટે ઠરાવવામાં આવ્યું :

૧. એલિજિબિલિટી સર્ટિફિકેટ માટેનું ફોર્મ તથા રજિસ્ટ્રેશન ફોર્મ નિયત પ્રવેશ ફોર્મની સાથે જ જરૂરી હોય તો છપાવવાનું રાખવું. બી.એડ. પ્રવેશ અરજીપત્રકની કિંમત રૂ. ૪૦ રાખવી.

એલિજિબિલિટી સર્ટિફિકેટ અને રજિસ્ટ્રેશન ફોર્મ તથા પ્રવેશ ફોર્મના કાગળ સારી જાતના રાખવા જેથી તેની લાંબા સમય સુધી સાચવણી થઈ શકે અને શક્ય હોય તો બી.એડ. પ્રવેશ પત્રકો કોમ્પ્યુટરાઇઝ છપાવવાની પદ્ધતિ રાખવી.

૨. કૉલેજમાં પ્રવેશ મેળવતી વખતે યુનિવર્સિટી રજિસ્ટ્રેશન ફી રૂ. ૧૦૦ લેવાની રાખવી અને યુનિવર્સિટી રજિસ્ટ્રેશન ફી માટે નીચે મુજબ ઑર્ડિ. મંજૂર કરવા ઍકેડેમિક અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે, કૉલેજે લીધેલી યુનિવર્સિટી રજિસ્ટ્રેશન ફી પ્રવેશ બાદ ૧ માસમાં જમા કરાવવાની રહેશે, અને તે અંગે યુનિવર્સિટી પરીક્ષા ફોર્મમાં ફેરફારની જરૂર પડે તો તે ફેરફાર કરવો.

Ordinane-Edu. 1 (A) :

A candidate pursuing B.Ed. Course will be required to register himself and pay a fee of Rs. 100 in prescribed form for this purpose.

૩. સને ૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષ માટે બી.એડ. પ્રવેશ સમિતિની રચના કરવાની સત્તા ડીનશ્રીને આપવામાં આવી છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરુ થયું હતું.

પરિશિષ્ટ "ચ"

બાબત ક્રમાંક ૨ (૩૬)

સમર્પણ સેવા ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગરનું જોડાણ ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટને સોંપવા અંગેનો હેવાલ

સમર્પણ સેવા ટ્રસ્ટ સંચાલિત આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ આ વર્ષે જૂન, ૧૯૯૬થી ગાંધીનગરમાં શરૂ કરવામાં આવી છે. આ ટ્રસ્ટ પાસેથી એક બીજું ટ્રસ્ટ, ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ કૉલેજનો વહીવટ લેવા માગે છે અને સમર્પણ સેવા ટ્રસ્ટ કૉલેજનું જોડાણ આ નવા ટ્રસ્ટને સોંપવા માગે છે, આ અંગે ગુજરાત યુનિવર્સિટીએ તા. ૮-૧૦-૧૯૯૬ના પત્રાંક ઍકૅડેમિક/૧૨૫૫/એ-૧૯૯૬થી અમારી સમિતિની નિમણૂક કરી છે. અમારો હેવાલ નીચે મુજબ છે :

૧. સમર્પણ સેવા ટ્રસ્ટ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજનો વહીવટ નવા ટ્રસ્ટને સોંપવા ખુશી છે અને આ અંગેનો ટ્રસ્ટનો ઠરાવ થયેલ છે જે અમે જોયો છે.

૨. ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટ સમર્પણ સેવા ટ્રસ્ટ દ્વારા ગાંધીનગર ખાતે ચાલતી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજનો વહીવટ લેવા તૈયાર છે અને તે અંગે ટ્રસ્ટે કરેલ ઠરાવ અમે જોયો છે.

૩. સમર્પણ સેવા ટ્રસ્ટ દ્વારા યુનિવર્સિટીમાં મુકાયેલા રૂ. ૨૧ લાખની ડિપોઝિટની રકમ હવે નવા ટ્રસ્ટ ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના નામે મૂકવાની રહેશે. આ અંગે જૂનાં ટ્રસ્ટનો પત્ર સામેલ છે.

૪. ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટને આ કૉલેજનો વહીવટ સોંપાય છે ત્યારે ૧૫ જૂન, ૧૯૯૬થી શરૂ થયેલ આ કૉલેજની સઘળી નાણાકીય અને અન્ય જવાબદારીઓ સ્વીકારવાની શરતે અમે સંચાલનના ફેરફાર માટે મંજૂરી આપવા ભલામણ કરીએ છીએ.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
આચાર્ય ડી. એમ. શીખ

પરિશિષ્ટ "છ"

બાબત ક્રમાંક ૨ (૩૭)

Qualification and experience for the teaching posts (Pharmacy)

No.	*Cadre*	*Qualification and Experience.*
1.	Lecturer	Minimum qualification, M.Pharm. in appropriate subject with First Class at B.Pharm. or First Class at M.Pharm. *OR* Ph.D. in Appropriate Subject *OR* First Class Master's Degree in appropriate branch of study in the case of teaching posts in humanities and sciences.
2.	Assistant Professor	(a) Master's Degree in appropriate subject First Class at B.Pharm. or M.Pharm. persons possessing the M.Sc. degree in the relevant subject, who have joined as a lecturer in Pharmacy Degree College of Gujarat State on or before 1-1-1986 are also eligible. (b) 5 Years degree teaching experience/at degree level Research/ Industry. (Which is established and Recognised).
3.	Professor	(a) Ph.D. in appropriate subject with First Class at B.Pharm. or M.Pharm. Persons possessing the M.Sc. Degree in the relevant subject, who have joined as a Lecturer and/or in Pharmacy Degree College of Gujarat State on or before 1-1-1986 are also eligible. and (b) 10 years experience in degree Teaching/ Industry/Research out of which must have 5 years experience of Post Graduate teaching, and 5 years must be at the level of Asstt. Professor or equivalent. (c) Publications in reputed journals.
4.	Principal	*Qualifications Essential* : Same as Professor for degree College and same as Asst. Professors for Diploma College. *Desirable* : Administrative Experience in a responsible position. *Director* : An eminent Educational/Scientist/Technologist.

પરિશિષ્ટ "જ"

બાબત ક્રમાંક ૩

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૯-૨-૧૯૯૭ને રવિવારના રોજ સાંજના ૪ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રા. એસ. બી. વોરાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રા. એસ. બી. વોરા, (કુલપતિશ્રી)	હાજર
૨. ડૉ. ચન્દ્રકાન્તભાઈ મહેતા, (ઉપકુલપતિશ્રી)	ગેરહાજર
૩. પ્રા. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૫. શ્રી નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૪-૧૨-૧૯૯૬ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૪-૧૨-૧૯૯૬ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીનું વર્ષ ૧૯૯૬-૯૭નું પુનર્નિર્મિત અંદાજપત્ર અને વર્ષ ૧૯૯૭-૯૮નું અંદાજપત્ર મંજૂર કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ સાથેના **પરિશિષ્ટ "અ"** મુજબ વર્ષ ૧૯૯૬-૯૭નું પુનર્નિર્મિત અંદાજપત્ર અને ૧૯૯૭-૯૮નાં વર્ષનું યુનિવર્સિટીનું અંદાજપત્ર મંજૂર કરવું.

૩. યુનિવર્સિટી પ્રેસને ૧૯૯૭ના વર્ષની પરીક્ષાઓની ઉત્તરવહીઓ તૈયાર કરવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે રૂ. ૨૧,૫૨,૦૦૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ૧૯૯૭ના વર્ષની પરીક્ષાઓ માટે ૧૬,૦૦,૦૦૦ (સોળ લાખ) ડમી ૨૦ પાનાની સીલાઈવાળી ઉત્તરવહીઓ અને સોળ લાખ ચાર પાનાંની પુરવણી-પ્રાયોગિક ઉત્તરવહીઓ તૈયાર કરવા માટે ૨૦ પાનાંની ઉત્તરવહીઓમાં સૌથી ઓછા ભાવ આપનાર વેપારીશ્રી ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કૉ. ઑ. સ્ટોર્સ લિમિટેડને રૂ. ૧-૧૨ પૈસાના ભાવે કામ સોંપવું.

ચાર પાનાંની પુરવણી ઉત્તરવહીઓમાં ૦-૨૨.૫ પૈસાના (સાડીબાવીસ પૈસા) સૌથી ઓછા ભાવ બાલાજી ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘના છે તે ભાવે ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ સ્ટોર્સ લિમિટેડને કામ સોંપવું. જો તેઓ આ ભાવે કામ કરવા તૈયાર થાય નહીં તો બાલાજી ખાદી ગ્રામોદ્યોગ વિકાસ સંઘને પુરવણીની/ ઉત્તરવહીઓ તૈયાર કરવાનું સોંપવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે આ અંગે કોઈપણ રકમ એડવાન્સમાં આપવા માટેની ભલામણ સ્વીકારવામાં આવી નથી તેમ વેપારીને જણાવવું.

૪. યુનિવર્સિટી પ્રેસને લેસર પ્રિન્ટર રિપેર કરાવવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૮,૦૦૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી પ્રેસનું લેસર પ્રિન્ટર મે. હેક્સા કૉમ્પ્યુટર પ્રા. લિમિટેડ પાસે રિપેર કરાવવું અને આ અંગે રૂ. ૮,૦૦૦ (રૂપિયા આઠ હજાર) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૫. યુનિવર્સિટી કાર્યાલય માટે એક નવું ફેન્કિંગ મશીન ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૧,૧૦,૦૦૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય માટે એક નવું ફેન્કિંગ મશીન ખરીદવું.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગને સાયન્ટિફિક ઇક્વિપમેન્ટ્સ ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે રૂ. ૧,૦૪,૦૨૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે આ સાથેના **પરિશિષ્ટ** "બ"માં જણાવ્યા પ્રમાણેનાં સાયન્ટિફિક ઇક્વિપમેન્ટ્સ ખરીદવાં.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે કોઈ પણ વેપારીની એડવાન્સ આપવાની શરત કે પેમેન્ટ અગેન્સ્ટ ડિલિવરીની શરત માન્ય રાખવામાં આવી નથી.

૭. યુનિવર્સિટી ગ્રંથાલયને ૧૯૯૭ના વર્ષ દરમિયાન પુસ્તકો અને સામયિકોનું બાઇન્ડિંગ કરાવવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયનાં પુસ્તકો બાઇન્ડિંગ કરાવવા માટે સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીઓને નીચે પ્રમાણે કામ સોંપવું :

૧. યોગેશ્વર લૉ હાઉસ : ચામડાની બાંધણી સોનેરી લેટરિંગ સાથેનો ભાવ નંગ દીઠ રૂ. ૪૫
કાપડની બાંધણી સોનેરી લેટરિંગ સાથેનો ભાવ નંગ દીઠ રૂ. ૩૦.

૨. ગાયત્રી બાઇન્ડિંગ વર્કસ : જૂનાં પુસ્તકો કાપડની બાંધણીના ભાવ નંગ દીઠ રૂ. ૧૨-૫૦ પૈસા.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે બિલના પેમેન્ટ માટે વ્યાજ આપવાની ભલામણ કે બીજી કોઈ શરત સ્વીકારવામાં આવતી નથી. સોંપેલું કામ વધુમાં વધુ ૬૦ દિવસમાં કરી આપવાનું રહેશે. તેમ કરવામાં કસૂર થાય તો શરત મુજબ પેનલ્ટી લેવામાં આવશે.

૮. યુનિવર્સિટી ગ્રંથાલયને ઇન્સડોકનું લવાજમ ભરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત. (આ અંગે રૂ. ૨૭,૦૦૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે તા. ૧-૨-૧૯૯૭થી તા. ૩૧-૧-૧૯૯૮ સુધી યુનિવર્સિટી ગ્રંથાલય માટે "ઇન્સડોક"નું લવાજમ ભરવું અને આ અંગે રૂ. ૨૭,૦૦૦ (અંકે રૂપિયા સત્યાવીસ હજાર પૂરાનો) ખર્ચ મંજૂર કરવો.

મે. કીલબર્ન રિપ્રોગ્રાફિક લિમિટેડ કે એક માત્ર ફ્રેન્કિંગ મશીનના વિક્રેતા હોવાથી અને પોસ્ટલ ડિપાર્ટમેન્ટે તે માન્ય કરેલ હોવાથી તેમની પાસેથી મોડેલ-ઇ-૨૧૧-એ૯૦૦ રૂ. ૧,૧૦,૦૦૦ (રૂપિયા એક લાખ દશ હજાર પૂરા)ની કિંમત સુધીમાં ખરીદવું.

વધુમાં ભલામણ કરવામાં આવે છે કે કંપની તેમના ભાવમાં વધુમાં વધુ દશ ટકા સુધીનું ડિસ્કાઉન્ટ આપશે અને યુનિવર્સિટીનાં બે જૂનાં મશીનોને તેઓ પરત લઈ જશે અને તેની કિંમત પણ ઉપરોક્ત કિંમતમાંથી બાદ કરી આપશે.

વધુમાં યુનિવર્સિટીએ લાયસન્સ માટે જે ફી પોસ્ટ-ખાતામાં ભરવાની થશે જે યુનિવર્સિટીમાં જુદી ભરવાની રહેશે. લાયસન્સ મેળવવાની સઘળી કાર્યવાહી કંપનીએ કરવાની રહેશે.

૯. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરને પે-સ્લિપ અને બૅન્ક એડવાઇઝની સ્ટેશનરી ખરીદવા માટે આવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત. (આ અંગે રૂ. ૧૯,૫૫૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે હિસાબ વિભાગ માટે જરૂરી "પે સ્લિપ" અને "બૅન્ક એડવાઇઝ" માટેની સ્ટેશનરી માટે મંગાવેલ ભાવો પૈકી સૌથી ઓછા ભાવ આપનાર વેપારી "મેસર્સ સન શાઇન મલ્ટિ ફાર્મ્સ" પાસેથી કુલ રૂ. ૧૯,૫૫૦ની કિંમતે ખરીદવી.

૧૦. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરને ૧૯૯૭ના વર્ષના માર્ચ/એપ્રિલ પરીક્ષાની ઇન્ટરનલ સ્ટેશનરી ખરીદવા માટે આવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૩૩,૫૪૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આગામી પરીક્ષાઓ માટે ઇન્ટરનલ શીટની કન્ટિન્યુસ સ્ટેશનરી ખરીદવા મંગાવેલ ભાવો પૈકી મેસર્સ ક્રીસ્ટલ ફોર્મસ, અમદાવાદના ભાવ સૌથી ઓછા હોઈ તેમની પાસેથી કુલ ૨૧,૫૦૦ ફોર્મસ થ્રી પાર્ટ (Three Parts)માં રૂ. ૩૩,૫૪૦ (તેત્રીસ હજાર પાંચસો ચાલીસ પૂરા)ની કિંમતે ખરીદવા.

૧૧. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરને વર્ષ, ૧૯૯૭ની માર્ચ-એપ્રિલ પરીક્ષાની માર્ક્સ સ્ટેટમેન્ટ, ઑફિસ રજિસ્ટર અને કૉલેજ કોપી વગેરે સ્ટેશનરી ખરીદવા માટે આવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૧,૮૪,૬૭૭નો અંદાજી ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આગામી પરીક્ષાઓની માર્કસ સ્ટેટમેન્ટ (M.S.) ઑફિસ રજિસ્ટર (O.R.) અને કૉલેજ કોપીની સ્ટેશનરી ખરીદવા મંગાવેલ ભાવો પૈકી માર્ક્સ સ્ટેટમેન્ટની આઇટેમ A અને B માટેના ભાવ મેસર્સ ક્રીસ્ટલ ફોર્મસ, અમદાવાદના અનુક્રમે રૂ. ૯૯,૦૭૨ (નવાણું હજાર બોત્તેર રૂપિયા) અને રૂ. ૭,૮૭૨ (સાત હજાર આઠસો બોત્તેર) સૌથી નીચા હોઈ આઇટેમ A ૨,૮૮,૦૦૦ માર્ક્સ સ્ટેટમેન્ટ અને આઇટેમ B ૨૦,૦૦૦ જનરલ માર્કસ સ્ટેટમેન્ટની સ્ટેશનરી તેમની પાસેથી તેમની ટેન્ડરની શરતોએ ખરીદવી.

આઇટેમ અને માટે અનુક્રમે નીચા ભાવ અનુક્રમે "સન સાઇન મલ્ટિ ફોર્મસ" અને "અવની ફોર્મસ"ના છે. પરંતુ જો "ક્રીસ્ટલ ફોર્મસ" C અને D બંને મળીને કુલ રૂ. ૫૭,૦૦૦ (સત્તાવન હજારમાં) આપવા તૈયાર હોય તો તે બંને આઇટેમો ૩૪,૫૦૦ (ઑફિસ રજિસ્ટર્ડ ફોર્મસ અને ૩૩,૦૦૦ કૉલેજ કોપીના ફોર્મસ તેમની પાસેથી ખરીદવા. જો તે ઑર્ડર ન સ્વીકારે તો આઇટેમ ઊ ઑફિસ રજિસ્ટર કુલ રૂ. ૩૮,૯૮૫ની કિંમતે મે. સનસાઇન મલ્ટી ફોર્મસ પાસેથી અને કૉલેજ કોપી રૂ. ૧૮,૯૪૨ની કિંમતે "મેસર્સ અવની ફોર્મસ" પાસેથી ખરીદવાનું રાખવું.

૧૨. એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરને કોપિયર મશીનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ રિન્યુ કરવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૫,૫૦૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને કોપિયર મશીનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ મે. લિ. ઇલેક્ટ્રોનિક્સ મશીન લિ. કે જેઓ કેનન મશીન બનાવવાના સર્વિસ એજન્ટ છે, તેમના સાથે તા. ૧-૨-૧૯૯૭થી તા. ૩૧-૧-૧૯૯૮ સુધી સર્વિસ કોન્ટ્રાક્ટ કરવો અને આ અંગે રૂ. ૫,૫૦૦ (અંકે રૂપિયા પાંચ હજાર પાંચસો પૂરા)નું ખર્ચ મંજૂર કરવું.

૧૩. યુનિવર્સિટી હોસ્ટેલ માટે ડાયનિંગ ટેબલ નંગ-૮ અને સ્ટીલની ફોલ્ડિંગ ખુરશીઓ નંગ ૪ ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત. (આ અંગે રૂ. ૩૬,૬૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી એસ્ટેટ માટે અંધજન મંડળ, વસ્ત્રાપુર પાસેથી ૪૦ નંગ સ્ટીલની ફોલ્ડિંગ ખુરશી નંગ એકના રૂ. ૨૪૦ના ભાવે ખરીદવા.

૧૪. યુનિવર્સિટી કાર્યાલય માટે ઉનાળાની સીઝન માટે એરકૂલરો ભાડે મેળવવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૨૫,૦૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે કાર્યાલય માટે ઉનાળાની સીઝન માટે એરકૂલર ભાડે મેળવવા ભાવ મંગાવી ફાઇનાન્સ સમિતિ સમક્ષ મૂકવા.

૧૫. યુનિવર્સિટીની બોઇઝ હોસ્ટેલને તથા લેડીઝ હોસ્ટેલને કડિયાકામ કરી રિપેરિંગ તેમ જ વ્હાઇટવોશ કરાવવા અંગેના આવેલ ટેન્ડરો મુજબ કામ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી લેડીઝ હોસ્ટેલ તથા બોઇઝ હોસ્ટેલમાં જરૂરી કડિયાકામ કરાવવું તથા રિપેરિંગ કામ કરાવવું તેમ જ વ્હાઇટવોશ કરાવવા માટે મંગાવેલ ટેન્ડરોમાંથી વેપારી દિવ્યસાગર મજૂર કામદાર સરકારી મંડળી પાસેથી કામ કરાવવું અને આ અંગે રૂ. ૧,૧૪,૫૦૦ (અંકે રૂપિયા એક લાખ ચૌદ હજાર પાંચસો પૂરા) સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે તેર નંગ બેન્ચો ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૨૫,૩૫૦નો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે ૧૩ નંગ બેન્ચો એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફોર ધ બ્લાઇન્ડ પાસેથી રૂ. ૧૯૫૦ નંગની કિંમતે ખરીદવા.

૧૭. પરીક્ષા વિભાગ માટે માર્ચ/એપ્રિલ, ૧૯૯૭ની પરીક્ષાના વિદ્યાર્થીઓની યાદી તથા પરિણામો વગેરે ચોટાડવા માટે પાટિયાં ખરીદવા માટે આવેલ ટેન્ડર ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૧૪,૨૫૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીમાં પરીક્ષા વિભાગ માટે પાટિયાં ખરીદવા માટે ૧૫ નંગ પાટિયાં નંગ દીઠ રૂ. ૯૫૦ની કિંમતે એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફોર ધ બ્લાઇન્ડ પાસેથી ખરીદવા.

વધુમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વધુ પાટિયાંની જરૂરિયાત ઊભી થાય તો નંગ દીઠ રૂ. ૯૫૦ની કિંમતે તેટલા પાટિયાં એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફોર ધ બ્લાઇન્ડ પાસેથી ખરીદવાનું રાખવું.

૧૮. ધારાશાસ્ત્ર ભવન માટે સ્ટીલનાં બે કબાટો ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૮,૪૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સ્કૂલ ઑફ લૉ માટે સ્ટીલનાં કબાટ નંગ ૨ નંગ દીઠ રૂ. ૪,૨૦૦ની કિંમતે એડલ્ટ ટ્રેનિંગ સેન્ટર ફોર ધ બ્લાઇન્ડ પાસેથી ખરીદવા.

૧૯. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે ફર્નિચર ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૧૨,૧૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે વુડન ટેબલ નંગ ૧ રૂ. ૮,૪૦૦ની કિંમતે અને વુડન રેક નંગ ૧ રૂ. ૩,૭૦૦ની કિંમતે અંધજન મંડળ પાસેથી ખરીદવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ખર્ચ ડૉ. એન. કે. યાદવના ગુજકોમાસોલ રિસર્ચ પ્રોજેક્ટ ખાતે પાડવાનું રાખવું.

૨૦. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, ગ્રંથાલય, પ્રેસ તથા વિદ્યાભવનોમાં ફરજ બજાવતા ચોથા વર્ગના કર્મચારીઓ માટે એક જોડ ગરમ ગણવેશ માટેનું કાપડ ખરીદવા માટે આવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૧,૩૬,૫૦૦નો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે એક જોડ ગરમ ગણવેશ આપવા માટે મોડેલા મિલનું ક્વૉલિટી નંબર ૬૧૧ એક મીટરના રૂ. ૧૫૨ના ભાવે ૫૪ ઇંચ પનાનું ૭૮૦ મીટર ગરમ કાપડ મિલ સ્ટાન્ડર્ડ હોવાથી અને કાપડનો નમૂનો સારી જાતનો હોવાથી ગુજરાત યુનિવર્સિટી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો. ઓ. સો. લિ. પાસેથી ખરીદવું.

૨૧. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના સલામતી વિભાગના ચોકીદાર કર્મચારીઓ માટે ખાખી રંગની જરસીઓ અને ખાખી રંગનું ગરમ કાપડ ખરીદવા માટે આવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે ગરમ જરસીઓ માટે રૂ. ૭,૮૦૦ અને ગરમ કાપડ માટે રૂ. ૧૫,૦૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના સલામતી વિભાગના ચોકીદારો માટે સૌથી ઓછો ભાવ આપનાર ગુજરાત પોલીસ ઍન્ડ મિલિટરી સ્ટોર્સ પાસેથી ૩૦ નંગ ખાખી રંગની ગરમ જરસી નંગદીઠ રૂ. ૨૬૦ના ભાવે ખરીદવી. વધુમાં ભલામણ કરવામાં આવે છે કે એક જોડ ખાખી રંગનું ગરમ ગણવેશ માટે સૌથી ઓછા ભાવ ભરનાર ડાહ્યાભાઈ વનમાળીદાસ લાવસી પાસેથી ન્યૂ ઇંડિયા વુલન મિલનું 'સર્જ' કાપડ એક મીટરના રૂ. ૧૮૬ના ભાવે ૯૦ મીટર ખાખી રંગનું ગરમ કાપડ ખરીદવું.

૨૨. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર માટે ઓટો રીફેક્ટોમીટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના આરોગ્ય કેન્દ્ર માટે એક ઓટો રીફેક્ટોમીટર મે. મેડિસન ઇન્સ્ટ્રુમેન્ટસ પાસેથી ખરીદવું અને આ અંગે રૂ. ૩,૩૫,૧૬૦ (ત્રણ લાખ પાંત્રીસ હજાર એકસો સાઇઠ) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૨૩. વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે એક અંગ્રેજી ટાઇપરાઈટર ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના માઇક્રોબાયોલોજી વિભાગ માટે ગોદરેજ બનાવટનું એક અંગ્રેજી ટાઇપરાઈટર કંપની પાસેથી ખરીદવું અને આ અંગે રૂ. ૧૦,૯૦૦ (અંકે રૂપિયા દસ હજાર નવસો પૂરા) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૨૪. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે એક અંગ્રેજી ટાઇપરાઈટર ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે ગોદરેજ બનાવટનું અંગ્રેજી ટાઇપરાઇટર કંપની પાસેથી ખરીદવું અને આ અંગે રૂ. ૧૦,૯૦૦ (અંકે રૂપિયા દસ હજાર પૂરા) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

અને વધુમાં ઠરાવવામાં આવે છે કે આ ખર્ચ ડૉ. વાય. કે. અગ્રવાલના ડી.એસ.ટી. સ્કીમ નીચે પાડવાનું રહેશે.

૨૫. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે પી.એચ.એ. કેમિકલ્સ સીગ્મા ખરીદવા માટે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે પી.એચ.એ. કેમિકલ્સ મે. સીગ્મા કેમિકલ્સ કે જેઓ મેન્યુફેક્ચરર્સ હોવાથી તેમની પાસેથી ખરીદવું. આ અંગે રૂ. ૮,૭૦૦ (અંકે રૂપિયા આઠ હજાર સાતસો) સુધીનું ખર્ચ મંજૂર કરવું.

૨૬. યુનિવર્સિટી સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયામાં યુનિવર્સિટીના જનરલ ફંડ એકાઉન્ટ અને ગ્રાન્ટ એકાઉન્ટના ખાતાઓમાં ચેક ઉપર સહી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના બે સભ્યોની નિમણૂક કરવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ.—ચેકમાં સહી કરવા માટે હાલમાં નીચેની વ્યવસ્થા છે :

રૂ. ૫૦૦ની રકમ સુધીના ચેક ઉપર ચીફ એકાઉન્ટ્સ ઑફિસર (સી.એ.ઓ.) સહી કરી શકશે.

રૂ. ૫,૦૦૦ સુધીની રકમના ચેક ઉપર સી.એ.ઓ. અને ડી.ઓ. સહી કરી શકશે.

રૂ. ૧૦,૦૦૦ સુધીની રકમના ચેક ઉપર સી.એ.ઓ. અને રજિસ્ટ્રાર સહી કરી શકશે.

રૂ. ૧૦,૦૦૦થી ઉપરની રકમના ચેક ઉપર સી.એ.ઓ. અને પી.વી.સી./વી.સી. સહી કરી શકશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રૂ. ૧૦,૦૦૦થી ઉપરની રકમના ચેક ઉપર સહી કરવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલનાં સભ્ય (૧) ડૉ. વાય. કે. અગ્રવાલ (૨) ડૉ. વાય. ડી. વ્યાસને ચેકમાં સહી કરવાની સત્તા આપવી.

૨૭. કુલપતિશ્રીનાં નીચેના કાર્યો (જાણ સારુ) :

૧. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને આર. આઈ. એ. કિટ્સ ખરીદવા માટે થયેલ વધારાનો રૂ. ૬૫૦ પૂરાનો ખર્ચ મંજૂર કર્યાના;

૨. યુનિવર્સિટી રીડર્સ ક્વાર્ટર્સ પાસેના ટ્યુબવેલનો સબમર્શીબલ પંપસેટ રિપેરિંગ કરવા માટે રૂ. ૧૫,૦૦૦નું ખર્ચ મંજૂર કર્યાનું;

૩. યુનિવર્સિટી કાર્યાલયની એમ્બેસેડર ગાડી નં. જી. જે. વી. ૩૪૫૨ને રિપેરિંગ કરાવવા માટે વધારાનો રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ મંજૂર કર્યાના; (અગાઉ રૂ. ૭૦૦૦નો ખર્ચ મંજૂર થયેલ તેથી કુલ ખર્ચ રૂ. ૧૭,૦૦૦ થશે.)

૪. સલામતી વિભાગના ચોકીદાર કર્મચારીઓ માટે ખાખી રંગનું રેમન્ડનું કાપડ ખરીદવા માટે રૂ. ૨૨,૦૦૦ પૂરાનો ખર્ચ મંજૂર કર્યાના;

૫. યુનિવર્સિટી કાર્યાલયના મોટી ઝેરોક્ષ મશીન માટે ફોટોકોપિયર ડ્રમ નંગ-૧ તથા ડેવલપર બોટલ નંગ-૧ કંપનીના ઓથોરાઇઝડ ડીલર મે. કામ્પ્યુસર્વ સિસ્ટમ પ્રા. લિ. પાસેથી ખરીદવા રૂ. ૮,૯૯૪-૬૦ પૈસાનું મંજૂર કર્યાનું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

એન. ડી. ભટ્ટ
કુલસચિવ વતી

પરિશિષ્ટ "ઝ"

બાબત ક્રમાંક ૬

The First Degree Level Approval for introduction of Vocational subject in B.A./B.Sc./ B.Com. from, 1996-97.

Sr. No.	*Name of the Colleges*	*Approval Vocational Subject*	*Sanction the Total Grant (Rupees in Lakhs).*
1.	Shri H. K. Arts College, Ahmedabad	Computer Application	9-00
2.	Vivekanand Vanijya Mahavidyalaya, Ahmedabad.	,,	9-00
3.	I. V. Patel College of Commerce, Nadiad	Tax Procedures and Practices.	3-00
4.	C. B. Patel Arts College Nadiad	Functional Hindi	3-00
5.	R. R. Lalan College, Bhuj (Kutch)	Communicative English	3-00
6.	Petlad Commerce College, Petlad.	Computer Application.	--

પરિશિષ્ટ "ટ"

બાબત ક્રમાંક ૧૦

એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના એસ્ટાબ્લિશમેન્ટ, મૅનેજમેન્ટ તેમજ કાર્યપદ્ધતિ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્રાંક-એફ-૩-૨/૮૯ (એમસી) તા. ૪-૮-૧૯૯૫થી આવેલ ગાઇડ લાઈન્સ અંગે વિચારણા કરી ભલામણો આપવા અંગે કુલપતિશ્રીએ નીમેલી કમિટીની એક સભા તા. ૨૯-૧૦-૧૯૯૬ના રોજ બપોરના ૩-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૨. પ્રિ. જી. એમ. શીખ	હાજર
૩. પ્રો. એસ. બી. વોરા	હાજર
૪. ડૉ. વાય કે. અગ્રવાલ	ગેરહાજર

યુ.જી.સી.એ મોકલેલ ગાઈડ લાઈન્સ મેમોરેન્ડમ ઑફ અન્ડર સ્ટેન્ડિંગના દસ્તાવેજ સાથે વિગતે ચર્ચાવિચારણા કરવામાં આવી તેમજ ભારતની અન્ય એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટર

૧. કલકત્તા પત્ર તારીખ નથી - ડિસેમ્બર ૧૯૯૫
૨. મદુરાઈ પત્ર તા. ૨૯-૧-૧૯૯૬
૩. પૂના પત્ર તા. ૩૧-૧-૧૯૯૬
૪. હૈદરાબાદ પત્ર તા. ૧૭-૨-૧૯૯૬થી આ અંગે મેળવેલી હકીકતોની પણ ચર્ચાવિચારણા કરવામાં આવી.

ચર્ચાવિચારણાને અંતે ભલામણ કરવામાં આવે છે કે યુ.જી.સી.ના મેમોરેન્ડમ ઑફ અન્ડર સ્ટેન્ડિંગ તેમજ ગાઇડલાઈન્સ સ્વીકારવી અને તે પરત્વેની આનુષંગિક કાર્યવાહી શરૂ કરવી, તેમજ સાથે સાથે ઈ.એમ.આર.સી.ના સ્ટાફ મેમ્બર્સને તેનાથી અવગત કરવાનું રાખવું.

તે પછી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પંત્ર ક્રમાંક એફ-૨-૫/૯૩ (એમસી) તા. ૧૧-૧૦-૧૯૯૬માંના તમામ ૧થી ૧૦ મુદ્દાઓ પરત્વે ચર્ચાવિચારણા કર્યા બાદ ભલામણ કરવામાં આવે છે કે

૧. યુ.જી.સી.નાં ધારાધોરણ મુજબ ડાયરેક્ટરની જગ્યા ભરવા અંગે જાહેરખબર આપીને આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.
૨. એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટર અંગેના આવક-ખર્ચના હિસાબો સ્થાપનાકાળ ૧૯૮૪થી તા. ૩૧-૩-૧૯૯૬ સુધી યુ.જી.સી.ને વખતોવખત જે તે સમયે મોકલી આપેલા છે, તે તમામ આવક-ખર્ચના હિસાબો મુકરર ફોર્મમાં તૈયાર કરીને ફરીથી યુ.જી.સી.ને મોકલી આપવાનું રાખવું.
૩. બીટાકેમ પેકેજમાંનાં સાધનો (Audio Vidio Equipments) અંદાજી કિંમત રૂ. ૧૧૨ લાખના ખરીદવા અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીને પત્ર ક્રમાંક ઈ/ઈસી/૨૩૫-૨૩૭/૯૬ તા. ૨-૯-૧૯૯૬થી દરખાસ્ત મંજૂરી માટે મોકલી આપેલી છે, તેની નોંધ લેવી.
૪. એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના નાણાકીય વ્યવહારો અંગે અલગ બૅન્ક ખાતું સ્ટેટ બૅન્ક ઑફ ઇન્ડિયા, યુનિવર્સિટી શાખામાં ખોલવાનું રાખવું અને બૅન્ક એકાઉન્ટના વ્યવહાર માટે નીચે મુજબના અધિકારીઓની ચેકમાં સહી કરાવવાની રાખવી.
   (અ) એકાઉન્ટ પોથી/ક્રોસ ચેકમાં રૂ. ૧૦,૦૦૦ (દસ હજાર) સુધી ડાયરેક્ટર તેમજ રજિસ્ટ્રારશ્રીની સંયુક્ત સહી કરાવવી અને એકાઉન્ટ પેથી ક્રોસ ચેકના રૂ. ૧૦,૦૦૦થી ઉપરના ચેકોમાં ડાયરેક્ટર તેમ જ સંયુક્ત કુલપતિશ્રીની સહી કરાવવી.
   (બ) "સેલ્ફ" તેમજ નામ સહિતના બેરર ચેકમાં રૂ. ૫૦૦ (પાંચસો) સુધી ડાયરેક્ટર તેમજ રજિસ્ટ્રારશ્રી તથા રૂ. ૨૦૦૦ (બે હજાર) સુધી ડાયરેક્ટર તેમ જ કુલપતિશ્રીની સંયુક્ત સહી કરાવવી.
૫. ટેકનિકલ તેમજ નોન-ટેકનિકલ સ્ટાફના કાર્યાલયનો સમય હાલ અનુકૂળતા મુજબ રાખવો. તેમાં ફેરફાર જરૂરી હોય તો ડાયરેક્ટ કુલપતિશ્રીની મંજૂરી મેળવી કરી શકશે.
૬. ઈ.એમ.આર.સી.માં જે કર્મચારીઓને યુનિવર્સિટી દ્વારા મૂકવામાં આવેલા છે તેઓને ત્યાંથી કાર્યાલયમાં ખસેડવાનું રાખવું અને યુ.જી.સી.ના મંજૂર થયેલા વહીવટી માળખાની બહાર અને યુ.જી.સી. કે રાજ્ય સરકારે વિધિસર મંજૂર કરેલ ન હોઈ તેવી જગ્યાઓ પર નિમાયેલા કર્મચારીઓની જગ્યા પરત્વે યોગ્ય કાર્યવાહી કરી રદ કરવી.
૭. ઈ.એમ.આર.સી.ની જીપગાડી નં. જીયુડી-૩૬૪૯ રિપેરિંગ કરાવવા માટે ફાઈનાન્સ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૬ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૨૨-૮-૧૯૯૬ની સભામાં મંજૂરી મળેલી છે, તે મુજબ ત્વરિત કાર્યવાહી કરવાનું રાખવું અને મેટાડોર અંગે ટેકનિકલ અભિપ્રાય મેળવીને તેનો નિકાલ કરવાની કાર્યવાહી શરૂ કરવાની સાથે નવુ વાહન ખરીદવા અંગે હરાજી દ્વારા મળેલાં નાણાં ઓછાં જણાય તો વધારાનાં નાણાંની મંજૂરી યુ.જી.સી. પાસેથી મેળવવાનું રાખવું.
૮. ઈ.એમ.આર.સી.ના પ્રોડક્શન એન્જિનિયરિંગ પ્રવૃત્તિઓ તેમજ રિસર્ચની પ્રવૃત્તિઓ માટે મંજૂર થયેલા સ્ટાફમાંથી એક પટાવાળા કે હેલ્પર ફાળવવાનું રાખવું અને તેમ શક્ય ના હોય તો સત્તાથી મર્યાદામાં રહીને કામચલાઉ પટાવાળા કે હેલ્પર ફાળવવાનું રાખવું.

૯. ઈ.એમ.આર.સી. ખાતે વધારાના એક એકસ્ટર્નલ ટેલિફોન જોડાણ મેળવવા અંગે અરજી કરવાનું રાખવું તેમજ ફેક્સ મશીન ખરીદવા અંગે નિયમોનુસાર આનુષંગિક કાર્યવાહી કરવી.

૧૦. ઈ.એમ.આર.સી.ના દરેક પ્રોડ્યુસરને મહિનામાં બે પ્રોગ્રામ પૂરા કરવાનો લક્ષ્યાંક પૂરો કરે એવો આગ્રહ રાખવો અને પ્રોડક્શન આસિસ્ટન્ટ પણ વધારાના પ્રોગ્રામ કરીને તેઓને એ રીતે મદદરૂપ થવાનું રાખે, જેથી માસિક ૮ પ્રોગ્રામ પૂર્ણ કરવાનો લક્ષ્યાંક સિદ્ધ થઈ શકે.

તે પછી યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના પત્ર ક્રમાંક-એફ-૧૬-૧/૯૪ (એમસી) તા. ૬-૬-૧૯૯૬ના પત્રથી ઈ.એમ.આર.સી. (લેવલ-૧)ના સ્ટાફિંગ પેટર્ન નક્કી કરવામાં આવેલી છે. તેની ચર્ચાવિચારણા કરવામાં આવી અને તેના અંતે ભલામણ કરવામાં આવે છે કે, યુ.જી.સી.ની સ્ટાફિંગ પેટર્ન અંગે નિયામકશ્રીની જગ્યા ભરાયા બાદ ગાઈડ લાઈન મુજબની ત્યાર બાદની આનુષંગિક કાર્યવાહી કરવાનું રાખવું.

(નોંધ.–યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન દ્વારા મંજૂર થયેલ જગ્યાઓ તેમજ નવી ગાઈડ લાઈન મુજબના સ્ટાફિંગ પેટર્ન પ્રમાણેની જગ્યાઓનું તુલનાત્મક પત્રક સામેલ છે.)

ત્યાર બાદ આભાર વિધિને અંતે સભાનું કામકાજ પૂરું થયું હતું.

કે. એસ. શાસ્ત્રી
ડી. એમ. શીખ
એસ. બી. વોરા

Education Media Research Centre

Name & No. of posts as per UGC's letter Dt. 7-8-1984	*Pay-Scale*	*Name & No. of posts as per UGC's letter Dt. 6-6-1996*	*Pay-Scale*	*Position filled*	*Position stands abolished as per old scheme*	*Position to be filled in as per new scheme*
--	--	Director (1)	4500--7300	--	1	
Co-ordinator	3700--5700	--	--	1	--	--
--	--	Producer II (1)	3000--5000	--	--	1
Producer-I (3)	2200--4000	Producer-I (5)	2200--4000	3	--	2
Production Assistant (3)	1640--2900	Production Assistant (3)	1640--2900	2	--	1
Camera Person (3)	2000--3500	Camera Person (2)	2000--3200	3	--	--
Graphic Artist (1)	1640--2900	Graphic Artist (1)	2000--3200	1	--	--
Graphic Assistant (1)	1400--2300	--	--	1	--	--
-	--	Computer Animator (1)	2200--4000	--	--	1
	--	-Unit Assistant (1)	1200--2040	--	--	1
Carpenter (1)	950--1500	Carpenter (1)	950--1500	--	--	1
Unit Peon Helper (2)	950--1500	Unit Peon (Helper) (2)	950--1400	3	--	(One post filled in but not sanctioned)
Floor Assistant-I (1)	1400--2300	--	--	1	--	--
Floor Assistant-II	1200--2040	--	--	1	--	--
Engineer-in-charge (1)	3000--5000	--	--	--	--	--
Engineer-I (2)	2200--4000	Engineer-I (1)	2200--4000	2	--	--
Technical Assistant (4)	1640--2900	Technical Assistant (2)	1640--2900	3	1	--
Technician (4)	1320--2040	Technician (4)	1200--2040	4	--	--

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૧૧

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૪-૧૨-૧૯૯૬ને બુધવારના રોજ સવારના ૧૦-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સદરહુ સભાનું પ્રમુખસ્થાન પ્રો. ચંદ્રકાન્ત મહેતાએ સંભાળ્યું હતું. જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. પ્રો. ચંદ્રકાન્ત મહેતા, કુલપતિશ્રી	હાજર
૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૩. શ્રી નરહરિભાઈ એચ. અમીન	હાજર
૪. ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૮-૧૦-૧૯૯૬ની સભાની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૮-૧૦-૧૯૯૬ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના આગામી પદવી સમારંભ માટેના ડિગ્રી સર્ટિફિકેટો કૉમ્પ્યુટર ઉપર છાપવા અંગે આપેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત..

(આ અંગે રૂ. ૧,૧૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ દસ હજાર પૂરા)નો ખર્ચ થશે તેમ જ ભાવે અંગે કુલપતિશ્રીએ નીમેલી કમિટીની સભા તા. ૧૯-૧૧-૧૯૯૬નો અહેવાલ પણ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.) (અત્રે છાપેલ નથી).

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના આગામી પદવીદાન સમારંભ માટેના સર્ટિફિકેટો કૉમ્પ્યુટર ઉપર છાપવા અંગે આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી શ્રી Shell Consultancy Services Pvt. Ltd.ને તેમની તા. ૧૯-૧૧-૧૯૯૬ની અરજી મુજબ અને ટેન્ડરોની શરતો પ્રમાણે એક ડિગ્રી સર્ટિફિકેટના રૂ. ૪-૭૦ પૈસા (અંકે રૂપિયા ચારને સીત્તેર પૈસા પૂરા) પૂરાના ભાવે કામ સોંપવું અને તે માટે રૂ. ૧,૧૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ દસ હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૩. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓના ગણવેશ માટે કાપડ ખરીદવા અંગે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

[નોંધ. આ અંગે રૂ. ૧,૫૦,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા) ખર્ચ થશે.]

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનાં ચોથા વર્ગના કર્મચારીઓના ગણવેશ માટેનું એન.ટી.સી. કાપડ નીચે જણાવ્યા મુજબના ભાવે નેશનલ ટેક્સટાઈલ કૉર્પોરેશન (ગુજરાત) લિ. પાસેથી તેમના તા. ૨-૧૧-૧૯૯૬ના ક્વૉટેશનના નમૂના મુજબનું ખરીદવાનું રાખવું અને તે માટે રૂ. ૧,૫૦,૦૦૦(અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

કાપડની વિગત	*કુલ જરૂરિયાત*	*એક મીટરનો ભાવ રૂ.*	*૧૨% ડિસ્કાઉન્ટ*	*નેટ રકમ રૂ. (એક મીટરના)*
૧. સફેદ શુર્ટિંગ ટીસી	૭૦૦ મી.	૧૦૫ (૧૩૭ સેમી.)	૧૨% (૧૨.૬૦)	૯૪.૪૦
૨. સફેદ શુર્ટિંગ ટીસી	૧૨૦૦ મી.	૪૨ (૮૯ સેમી.)	૧૨% (૫.૦૪)	૩૬.૯૬
૩. વાદળી રંગન પેન્ટ-શર્ટ માટેનું કાપડ	૨૦૦ મી.	૧૦૫ (૧૩૭ સેમી.)	૧૨% (૧૨.૫૦)	૯૨.૪૦

વધુમાં ઠરાવવામાં આવે છે કે ખાખી રંગના રેમન્ડના કાપડના ગણવેશ માટે કાપડ ખરીદવા રેમન્ડના સોલ એજન્ટ પાસેથી ભાવ મંગાવવાનું રાખવું.

૪. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે ખરીદવાની.....બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાંસ હજાર પૂરા)નો ખર્ચ થશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે ૧૯૯૭ના વર્ષ (૧-૧-૧૯૯૭થી ૩૧-૧૨-૧૯૯૭ સુધી) 'Ria Kits Bhabha Atomic Research Centre, Bombay' પાસેથી તેઓના પત્ર તા. ૧૬-૯-૧૯૯૬ મુજબની વિગતોને આધિન રેટકોન્ટ્રાક્ટ કરવાનું રાખવું અને તે માટે રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો. જે યુ.જી.સી. ડી.એન. ગ્રાન્ટ ખાતે પાડવો.

૫. યુનિવર્સિટીના વિકાસના કામો અંગે યુ.જી.સી. તરફથી મંજૂર થયેલ સાતમી યોજના (બિલ્ડિંગ વર્ક માટે) તથા આઠમી યોજના અંગેના પ્રગતિ અહેવાલ પરત્વે ચર્ચા વિચારણા કરવા માટેની બાબત તા. ૮-૧૦-૧૯૯૬ની ફાઈનાન્સ સમિતિમાં મુલત્વી રહેલી તે પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગેની ચર્ચા વિચારણા માટે નીચેની ફાઈનાન્સ સમિતિના સભ્યો ઉપરાંત નીચેના સભ્યોની સમિતિ નીમવી અને સદરહુ કમિટીનો હેવાલ મેળવીને આગળની કાર્યવાહી કરવાનું રાખવું.

૧. કુલપતિશ્રી
૨. પ્રો. કે. એસ. શાસ્ત્રી
૩. શ્રી નરહરિભાઈ એચ. અમીન
૪. ડૉ. વાય. કે. અગ્રવાલ
૫. ડૉ. યોગેન્દ્ર વ્યાસ
૬. શ્રી એન. કે. પાઠક.

૬. ઇન્ટર્નલ ઑડિટર મે. લાખિયા એન્ડ કું. ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરફથી યુનિવર્સિટીના સને ૧૯૯૪-૯૫ના વર્ષના (૧-૪-૧૯૯૪થી ૩૧-૩-૧૯૯૫)ના હિસાબો અંગેના થયેલ ઑડિટ રિપોર્ટ પરત્વે ચર્ચા વિચારણાની બાબત ફાઈનાન્સ સમિતિની તારીખ ૮-૧૦-૧૯૯૬ની સભામાં મુલત્વી રહેલી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ હેવાલ પરત્વે કાર્યાલયની વિસ્તૃત નોંધ આગામી સભા સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૭. ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના વપરાશ માટે જુદા જુદા પ્રકારની સ્ટેશનરી કલ્પતરુ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાંથી ખરીદવા અંગે ડેબિટ એકાઉન્ટ ખોલાવવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના વપરાશ માટે જુદા જુદા પ્રકારની સ્ટેશનરી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ દ્વારા સંચાલિત કલપતરુ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાંથી ખરીદવાનું રાખવું અને તે માટે ડેબિટ એકાઉન્ટ ઈત્યાદિ જરૂરી કાર્યવાહી કરવાનું રાખવું અને સદરહુ એકાઉન્ટ દ્વારા ખરીદી માટેના દરેક પ્રસંગે કાર્યાલયની નિયમોનુસાર મંજૂરી મલ્યા બાદ ચીફ એકાઉન્ટ ઑફિસરની તેમ જ સંયુક્ત સહીથી સદરહુ એકાઉન્ટ ઓપરેટ થાય તેમ જોવું.

૮. વિજ્ઞાન વદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગને ગેસ સિલિન્ડર ખરીદવા માટે આવેલ ભાવપત્રકો ઉપર વિચારણા કરવા બાબત.

આ અંગે રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર પૂરા)નો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગ માટે ગેસ સિલિન્ડર ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયા દ્વારા સંચાલિત ભારત પમ્પસ એન્ડ કૉમ્પ્રેસર્સ લિ., અલ્હાબાદ પાસેથી ખરીદવાનું રાખવું એ માટે રૂ. ૧૦,૦૦૦ (અંકે રૂપિયા દસ હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૯. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગને કૉમ્પ્યુટર સહિત વૈજ્ઞાનિક સાધનો ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(આ અંગે રૂ. ૧૯,૮૨,૮૫૧ (અંકે રૂપિયા ઓગણીસ લાખ બ્યાંસી હજાર આઠસો એકાવન પૂરા)નો ખર્ચ થશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ વૈજ્ઞાનિક સાધનસામગ્રી ખરીદવા માટે જાહેરખબરથી ભાવ મંગાવેલા અને આવેલા ટેન્ડરો પૈકી સાથેના પરિશિષ્ટ " " મુજબનો ખરીદી સંબંધિત વેપારીની શરતને આધિન કરવાનું રાખવું. અને તે અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૧૯,૮૨,૮૫૧ (અંકે રૂપિયા ઓગણીસ લાખ બ્યાંસી હજાર આઠસો એકાવન પૂરા)નો ખર્ચ મંજૂર કરવો, જે યુ.જી.સી. ગ્રાન્ટમાંથી પાડવાનું રાખવું.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના સ્ટેટિસ્ટિક્સ વિભાગને કૉમ્પ્યુટર અને હાર્ડવેર ખરીદવા માટે પાર્થ કૉમ્પ્યુટર્સના રિવાઇઝ્ડ કોટેશન ઉપર વિચારણા કરવા અંગે.

આ અંગે ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત અંગે ઘટિત તપાસ કરીને હેવાલ આપવા નીચેના સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. વાય. કે. અગ્રવાલ
૨. શ્રી આર. પી. સોની
૩. ડૉ. એ. વી. ગજ્જર
૪. કુલસચિવશ્રી

૧૧. એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરને ટી.વી. કાર્યક્રમ બનાવવા માટે કૉમ્પ્યુટર ગ્રાફિક્સ કામ અંગેની બાબત ઉપર વિચારણા કરવા માટે.

(આ માટે રૂ. ૪૫,૦૦૦નો ખર્ચ થશે.)

આ અંગે કાર્યાલય પાસેથી વિસ્તૃત નોંધ મેળવીને આગામી ઘટિત કાર્યવાહી કરવાની સત્તા કુલપતિશ્રીને આપવી.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે વિદેશથી આવતા સાધનો, સેપર પાર્ટ્સ અને કેમિકલ્સ વગેરે કસ્ટમમાંથી છોડાવવા માટે એજન્ટો નિમણૂક કરવા માટે આવેલ ભાવપત્રકો ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કાર્યાલય, ભવનો તેમ જ તમામ વિભાગો માટે વિદેશથી આવતા સાધનસામગ્રી કસ્ટમમાંથી છોડાવવા માટે એજન્ટની નિમણૂક કરવા માટે વર્તમાનપત્રમાં જાહેરખબર આપી ભાવો મેળવવાનું રાખવું.

૧૩. ગુજરાત યુનિવર્સિટીના ચોથાવર્ગના કર્મચારીઓને ગણવેશ માટે સિલાઈની રકમ રોકડમાં આપવા માટે તા. ૧૫-૧-૧૯૯૩ના ગુજરાત સરકારશ્રીના જી.આર. ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓને ગણવેશ માટેની સિલાઈની રકમ રાજ્ય સરકારશ્રીના સામાન્ય વહીવ વિભાગના ઠરાવ ક્રમાંક-સીએલઓ-૧૦૯૨-૧૭૫૭-ખ-૩ તા. ૧૫-૧-૧૯૯૩ મુજબની શરતોને આધિન દર્શાવેલ દર મુજબ સિલાઈનું બિલ રજૂ કરે ચૂકવવાનું રાખવું.

૧૪. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે Data aqvisition System and accessories and C Band Microwave Beanche ખરીદવા અંગે તા. ૩૦-૯-૧૯૯૫ના ફાઇનાન્સ સમિતિની બાબત ક્રમાંક-૩(૭)માં સુધારી કરવા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે Data aqvisition System and accessories અંગે આવેલ ભાવપત્રકો પૈકી સૌથી ઓછો અને વિભાગની જરૂરિયાત મુજબ ભાવ ભરનાર વેપારી મે. મેઘા સ્ટાર, અમદાવાદ પાસેથી તેઓ EMD રૂ. ૫,૦૦૦ પૂરાં ભરે તે શરતે ખરીદવું અને તે અંગે થનાર ખર્ચ રૂ. ૯૪,૧૨૦ (અંકે રૂપિયા ચોરાણુ હજાર એકસો વીસ પૂરા) તમામ ટેક્ષ સહિત,મંજૂર કરવો અને C Band Microwave Beanche મે. ઇન્ડિયન ટ્રેડિંગ કોર્પોરેશન પાસેથી ખરીદવું અને તે અંગે થનાર ખર્ચ રૂ. ૧,૧૯,૮૦૮ (અંકે રૂપિયા એક લાખ ઓગણીસ હજાર આઠસો આઠ પૂરા) તમામ ટેક્ષ સહિત અંદાજી ખર્ચ મંજૂર કરવો.

૧૫. વાણિજ્ય વિદ્યાભવન માટે ઝેરોક્ષ નકલો કઢાવવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)નો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વાણિજ્ય વિદ્યાભવન માટે તા. ૧-૧-૧૯૯૭થી તા. ૩૧-૧૨-૧૯૯૭ સુધી રેટ કોન્ટ્રાક્ટ પદ્ધતિથી ઝેરોક્ષ નકલો કઢાવવા માટે આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીશ્રી કૌશિક આર. શાહ જે. કે. ઝેરોક્ષ, નવરંગપુરા, અમદાવાદને સાદો ઝેરોક્ષ નકલ કઢાવવાના ભાવ એક નકલના રૂ. ૦-૫૦ પૈસા અને જમ્બો ઝેરોક્ષ કઢાવવાના ભાવ એક નકલના રૂ. ૧-૫૦ પૈસાના ભાવે ઝેરોક્ષ નકલો સંમતિ આપે તો કઢાવવા અંગેની કામગીરી સોંપવી અને તે માટે રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે Sigma Chemical ખરીદવા માટે આવેલ ટેન્ડર ઉપર વિચારણા કરવા અંગે.

(આ અંગે રૂ. ૮,૭૦૦ (અંકે રૂપિયા આઠ હજાર સાતસો પૂરા)નો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને Sigma Chemical ખરીદવાનું મંજૂર કરવું અને તે માટે રૂ. ૮,૭૦૦ (અંકે રૂપિયા આઠ હજાર સાતસો પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે Spectro Photometer Cells—Cuvettes ખરીદવા માટે આવેલ ટેન્ડર ઉપર વિચારણા કરવા અંગે.

(આ અંગે રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે Spectro Photometer Cells (Cuvettes) ખરીદવા અંગે Hiten Techno-Products Corporation, Bombay વેપારી જે એ માત્ર અધિકૃત વિક્રેતા પાસેથી ખરીદવાનું રાખવું અને તે માટે રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૧૮. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેના કાર્યો (જાણ સારું) :

૧૮ (૧). યુનિવર્સિટીની એમ્બેસેડર ગાડી જી. જે. આઈ-આર-૬૪૨૧ના સિપેરિંગ કામ અંગે મોનલ ઑટોમોબાઇલના ભાવપત્રક મુજબ રૂ. ૧૧,૫૦૦ (અંકે રૂપિયા અગિયાર હજાર પાંચસો પૂરા)નો ખર્ચ મંજૂર કર્યાનું;

૧૮ (૨). મધ્યસ્થ મુલ્યાંકન કેન્દ્રો ઉપર માર્ચ/એપ્રિલ, ૧૯૯૬માં લેવાયેલ પરીક્ષાની ઉત્તરવહીઓ યુનિવર્સિટીના જુદા જુદા કેન્દ્રો ઉપરથી યુનિવર્સિટી કાર્યાલયના ભોંયરામાં ખસેડવા અંગે ઉષાબહેન પ્રવીણચન્દ્ર પુરોહિતનું આવેલ ભાવપત્રક સ્વીકારીને ખર્ચ રૂ. ૧૧,૦૦૦ (અંકે રૂપિયા અગિયાર હજાર પૂરા)નો મંજૂર કર્યાના;

૧૮ (૩). વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગ માટે તા. ૧૯-૩-૧૯૯૬ની ફાઇનાન્સ સમિતિની બાબત ક્રમાંક ૭થી એક નંગ કોમ્પ્યુટર ખરીદવા માટે રૂ. ૬૬,૧૫૦ (અંકે રૂપિયા છાસઠ હજાર એકસો પચાસ પૂરા)નો ખર્ચ મંજૂર કરેલ હતો તે મુજબ બીજુ એક કોમ્પ્યુટર ખરીદવાનું અને તે માટે રૂ. ૬૬,૧૫૦ (અંકે રૂપિયા છાસઠ હજાર એકસો પચાસ પૂરા)નો ખર્ચ મંજૂર કર્યાનું;

૧૮ (૪). યુનિવર્સિટીની પાણીની ટાંકીએ નવા ટ્યુબવેલ માટે ખરીદ કરેલ પાઇપમાં મંજૂર થયેલ ખર્ચ રૂ. ૩૨,૧૫૪ (અંકે રૂપિયા બત્રીસ હજાર એકસો ચોપન પૂરા)માં રૂ. ૨૮૬નો વધારો મંજૂર કર્યાનું (આમ કુલ ખર્ચ રૂ. ૩૨,૪૪૦ (અંકે રૂપિયા બત્રીસ હજાર ચારસો પૂરા)નો થાય છે.

૧૯. યુનિવર્સિટી પાણીની ટાંકીના નવા ટ્યુબવેલના GWRDC રેટ કોન્ટ્રાક્ટ મુજબ સાબર પ્રા. લિ. પાસેથી ખરીદાયેલા નવા સબમર્શિબલ પમ્પસેટ અંગે ભાવ તફાવતના કારણે થયેલ વધારાના ખર્ચ રૂ. ૭,૨૯૮-૯૪ પૈસા (અંકે રૂપિયા સાત હજાર બસ્સો અઠ્ઠાણુ અને ચોરાણું પૈસા પૂરા) મંજૂર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ. ફાઇનાન્સ સમિતિની તા. ૪-૯-૧૯૯૫ બાબત ક્રમાંકે ૨૭થી ખર્ચ રૂ. ૫૧,૫૮૦ પૈસા મંજૂર થયેલા છે અને વધારાનો ખર્ચ રૂ. ૭,૨૯૮-૯૪ પૈસા ઉમેરતા કુલ ખર્ચ રૂ. ૬૦,૫૫૪-૫૭ પૈસા થવા જશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગે થયેલ વધારાનો ખર્ચ રૂ. ૭,૨૯૮-૯૪ પૈસા મંજૂર કરવો.

૨૦. યુનિવર્સિટી ગ્રંથાલયના કોમ્પ્યુટરાઇઝેશન માટે યુ.જી.સી. તરફથી મળેલ ગ્રાન્ટ રૂપિયા ૬.૫ લાખની મર્યાદામાં સાધનસામગ્રી પીસીએલ વેપારી પાસેથી ખરીદવા અંગે ફાઇનાન્સ સમિતિ તા. ૩-૨-૧૯૯૬થી મળેલ મંજૂરીના સંદર્ભમાં ઝડપી કાર્યવાહી પૂરી થાય તે માટે કુલપતિશ્રીએ નીમેલી પેટાસમિતિની સભાની તા. ૩-૫-૧૯૯૬ની કાર્યવાહી નોંધના પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ પેટા-સમિતિની ભલામણો મંજૂર કરવી અને તે મુજબની ખરીદી અંગેની કાર્યવાહી કરવી.

૨૧. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર માટે યુ.જી.સી.ની આઠમી પંચવર્ષિય યોજના હેઠળ આંખના દૃષ્ટિ શક્તિ માટે સાધનસામગ્રી Autorefractermeter ખરીદવા અંગે તા. ૮-૧૦-૧૯૯૫ તેમ જ તા. ૧૭-૧૦-૧૯૯૬ના રોજ જાહેરખબર દ્વારા મંગાવેલ ભાવોમાંથી વેપારી (૧) Medison Instrument, Ahmedabad (૨) Gordhandas Desai Pvt. Ltd. Barodaના અનુક્રમે આવેલા ભાવપત્રકો પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે નિષ્ણાત અભિપ્રાય માટે સદરહુ બાબત હેલ્થ સેન્ટર સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મૂકવી અને હેવાલ મેળવવો.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

પ્રુ. જે. ત્રિવેદી
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૧૩

યુનિવર્સિટી કેન્ટીન ઉપર સામાન્ય દેખરેખ રાખવા માટે કુલપતિશ્રીએ નીમેલ સમિતિની એક સભા તા. ૨૭-૧૨-૧૯૯૬ને મંગળવારના રોજ બપોરે ૪-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં કુલપતિશ્રીના પ્રમુખસ્થાને મળી હતી તેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. ચંદ્રકાન્ત મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩. શ્રી એ. આર. શાહ	ગેરહાજર
૪. પ્રિ. નટુભાઈ ઠક્કર	હાજર
૫. શ્રી આર. એચ. વ્યાસ	ગેરહાજર
૬. શ્રી શરદભાઈ પટેલ	હાજર
૭. શ્રી અનવિંદભાઈ શાહ	હાજર

૧. તા. ૨૪-૪-૧૯૯૫ની કેન્ટીન કમિટીની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

તા. ૨૪-૪-૧૯૯૫ના રોજ મળેલ કેન્ટીન કમિટીની મિનિટ્સ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી કેન્ટીનના મ્યુનિસિપલ ટેક્ષના બિલો અંગે વિચારણા કરવા બાબત.

આથી ચર્ચાવિચારણા કર્યા બાદ ઠરાવવામાં આવ્યું કે, મ્યુ. કૉર્પોરેશન સાથે જરૂરી બધી જ કાયદેસરની કાર્યવાહી કરવી.

૩. યુનિવર્સિટી કેન્ટીનનો હાલનો કોન્ટ્રાક્ટ તા. ૩૧-૩-૧૯૯૬ના રોજ પૂરો થતો હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી બાબુભાઈ ખોડાભાઈ પટેલને કેન્ટીન કોન્ટ્રાક્ટની મુદત હાલના ચાલુ ભાવે તથા કોન્ટ્રાક્ટની મૂળ શરતોને આધિન તા. ૩૧-૩-૧૯૯૭ સુધી લંબાવવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલ ઉચ્ચક રૂ. ૭૫૦-૦૦ લેવામાં આવે છે તે વીજળી વપરાશના તા. ૧-૪-૧૯૯૬થી અમલમાં આવે એ રીતે આ ચાર્જમાંથી માફી આપવા એક્ઝિ. કાઉન્સિલને ભલામણ કરવી.

૪. પ્રમુખશ્રીની પરવાનગીથી કેન્ટીન અંગે યુનિવર્સિટી કર્મચારીઓએ કરેલી ફરિયાદનો પત્ર સભા સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

કેન્ટીનના માલિક શ્રી બાબુભાઈ ખોડાભાઈ પટેલ તથા વહીવટ સંભાળતા શ્રી નારણભાઈ પટેલનું પત્રમાં જણાવેલ ફરિયાદ તરફ ધ્યાન દોરવામાં આવ્યું આ અંગે એમને તાકીદ કરવામાં આવી તથા ફરી ફરિયાદ ન આવે તે પ્રમાણે ફરિયાદના દરેક મુદ્દાનો નિકાલ લાવવા જણાવ્યું. આમાં ચા-કોફીની ક્વોલિટી સુધારવા, સભ્યો સાથે સારુ વર્તન રાખવું તથા ચોખ્ખાઈ રાખવાની ખાસ સૂચના આપવામાં આવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

દીપક સુતરિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "ઠ"

કામકાજ ક્રમાંક ૧૯(૧)

SCHOOL OF SCIENCES, GUJARAT UNIVERSITY, AHMEDABAD

The local Inspection Committee has visited the Shri R. P. Arts, Shri K. B. Commerce College and Smt. B. C. J. Science College, Khambhat on 24th January, 1997.

It was found that a separate laboratory for Microbiology consisting of Microbiology Lab., Lecturer room, Aspetic laboratory, preparation room, instrument room, store room, and microbiology staff room have been constructed and was fully equipped. The twenty students are admitted this year with Botany as a first subsidiary subject and physics as a second subsidiary subject.

The staff has been appointed. The details of the staff books, equipment, chemicals etc are enclosed herewith for perusal. The college full fills the University conditions.

On the basis of the fulfillments of the University and facilities it is recommended for the affiliation in microbiology.

Y. K. Agrawal
Professor & Head

પરિશિષ્ટ "ણ"

કામકાજ ક્રમાંક ૧૯(૨)

પત્રક-(અ) :

જાહેરનામાં બહાર પાડવાનાં છે તેની યાદી :

૧. જે. એલ. આર્ટ્સ એન્ડ એ.સી. એસ. એચ. ગાર્ડી કૉમર્સ કૉલેજ, કાંકણપુર
૨. કે. સી. શેઠ આર્ટ્સ કૉલેજ, બીરપુર
૩. સિદ્ધાર્થ લૉ કૉલેજ, ગાંધીનગર
૪. આર્ટ્સ કૉલેજ, સાધલી
૫. એફ. ડી. આર્ટ્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ
૬. આર્ટ્સ કૉલેજ, પાવી-જેતપુર
૭. આર. એચ. પટેલ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૮. આર્ટ્સ કૉલેજ ફોર વિમેન, ગાંધીનગર
૯. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, વસો
૧૦. માલવણ આર્ટ્સ કૉલેજ, માલવણ
૧૧. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ઝાલોદ
૧૨. રાષ્ટ્રભાષા વિનયન અને વાણિજ્ય મહાવિદ્યાલય, અમદાવાદ
૧૩. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, આંકલાવ
૧૪. સાબરમતી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૧૫. સાયન્સ કૉલેજ, પીપલિયા
૧૬. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર (સમર્પણ સેવા ટ્રસ્ટ વાસન સંચાલિત)
૧૭. સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદ
૧૮. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ગોધરા
૧૯. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ
૨૦. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૧. આર્ટ્સ, સાયન્સ એન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા
૨૨. ફાર્મસી કૉલેજ, આદિપુર
૨૩. વિવેકાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદ

૨૪. વિવેકાનંદ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૨૫. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા
૨૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર
૨૭. નિરમા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી, અમદાવાદ
૨૮. ગુજરાત કૉલેજ (સાંજની), અમદાવાદ
૨૯. શ્રી એ. પી. આર્ટ્સ ઍન્ડ સ્વ. એન. પી. પટેલ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૩૦. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઓડ
૩૧. ઇજનેરી કૉલેજ, ગાંધીનગર
૩૨. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ,પીપલિયા
૩૩. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ
૩૪. કે. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્મસી, ગાંધીનગર
૩૫. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, ડભોઈ
૩૬. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ
૩૭. ગુજરાત કૉલેજ, અમદાવાદ (થિયેટર ઇન આર્ટ્સ)
૩૮. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ
૩૯. આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ખંભાત
૪૦. સાયન્સ કૉલેજ, ધોળકા
૪૧. શ્રી એમ. પી. આર્ટ્સ ઍન્ડ એમ. એચ. કૉમર્સ કૉલેજ ફોર વિમેન, અમદાવાદ
૪૨. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કપડવંજ
૪૩. મણિનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ
૪૪. ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ કૉલેજ, ગાંધીનગર
૪૫. શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલી
૪૬. એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૪૭. બી. વી. ડી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ
૪૮. સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ
૪૯. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ
૫૦. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મહુધા.

પરિશિષ્ટ "ત"

કામકાજ ક્રમાંક ૧૯(૩)

બેઝિક બી.એસસી. (નર્સિંગ)ના અભ્યાસક્રમ માટે જૂન, ૧૯૯૨થી જોડાણ આપવા અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

આપના પત્ર તા. ૨૭-૮-૧૯૯૬ નં. સિ. ૨૧/૩૩૫૯૯/૧૯૯૬ ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના અનુસંધાનમાં જણાવવાનું કે, આપે નીમેલી સ્થાનિક તપાસસમિતિ તા. ૩-૯-૧૯૯૬ના રોજ મળેલી સમિતિના સભ્યો દ્વારા ફેરચકાસણી કરીને નીચે પ્રમાણે હેવાલ રજૂ કરવામાં આવે છે :

ડૉ. સી. એ. દેસાઈ સમિતિના શ્રેયાન સભ્ય હોઈ કંચનબહેન એસ. શાહ સાથે પૂરતી ચકાસણી કરી કયાં કારણોસર જોડાણ મળતું નથી તેની ઊંડી તપાસ કરી ત્યારે જાણવા મળ્યું કે, ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબ

૧. પ્રોફેસર - ૭

૨. એસોસિયેટેડ પ્રોફેસર - ૭

૩. લેક્ચરર - ૯

૪. એસોસિયેટેડ લેક્ચરર/ ડેમોન્સ્ટ્રેટર ૧૭/૨૦

૧ : ૧૦ હોવી જોઈએ પરંતુ પ્રોફેસર તેમજ એસોસિયેટેડ પ્રોફેસરની એક પણ પોસ્ટ સરકારશ્રી તરફથી મંજૂર કરવામાં આવી નથી. આ ઉપરાંત ગુજરાતની બીજી નર્સિંગ સ્કૂલોમાં વિદ્યાર્થીઓ ઉપલબ્ધ છે. માટે આ પોસ્ટો તાત્કાલિક મંજૂર કરવા સરકારશ્રીને, ભલામણ કરવામાં આવે છે.

આ ઉપરાંત લેક્ચરર (સિનિયર) વર્ગ-૧ અને આસિસ્ટન્ટ લેક્ચરર વર્ગ-૨માં ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબ ૨૩ જગ્યાઓ જરૂરી છે. તેને બદલે ૧૯ મંજૂર થયેલ છે. જ્યાં સુધી પૂરતો ટીચિંગ સ્ટાફ મંજૂર કરવામાં ન આવે ત્યાં સુધી Affiliation યુનિવર્સિટી આપી શકે નહીં.

આ ઉપરાંત હાલના તબક્કે જે સ્ટાફ છે, તેના પર છેલ્લાં સાડાત્રણ વર્ષથી ટીચિંગનું ભારણ વધી ગયું છે, જેથી સ્ટાફમાં ઘણો જ અસંતોષ ફેલાયેલ છે.

આ અંગે સરકારશ્રી દ્વારા ટીચિંગ સ્ટાફમાં પ્રોફેસર, એસોસિયેટેડ પ્રોફેસરની ભરતી માટેનાં તાત્કાલિક પગલાં ભરવાં જોઈએ. જેથી કરીને ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલના નિયમ મુજબ ક્વોલિફાઈડ ટીચિંગ સ્ટાફ મળી રહે.

ઉપર જણાવ્યા મુજબની જગ્યાઓની ટીચિંગ સ્ટાફની ભરતી થાય તો જ પ્રિન્સિપાલ યુનિવર્સિટીને લેખિત જાણ કરી શકે. આ ઉપરાંત યુનિવર્સિટી જૂન, ૧૯૯૨થી એફિલિયેશન આપી શકે.

આ ઉપરાંત બીજા કોઈ વ્યવસ્થામાં દા. ત. કૉલેજના પ્રવચન ખંડો, પ્રયોગશાળાઓ, ઑફિસો, પરીક્ષાખંડ, હોસ્ટેલની પૂરતી સગવડ સાથે હોસ્ટેલની સગવડ છે. હોસ્ટેલમાં નવેમ્બર, ૧૯૯૫થી નર્સિંગ વિદ્યાર્થિનીઓનું રસોડું ચાલુ કરવામાં આવ્યું છે અને હાલના તબક્કે ચાલુ છે. લાઇબ્રેરીમાં વિષયવાર પુસ્તકોનો વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ગ્રાન્ટની પણ રૂ. ૫૦ હજારથી વધારીને રૂ..૧ લાખ કરવામાં આવી છે. આ ઉપરાંત જુદાં જુદાં ૨૧ જર્નલો મંગાવવામાં આવે છે.

મુખ્યત્વે કરીને પોસ્ટ બેઝિક બી.એસસી. નર્સિંગ કોર્સ ૧૯૯૩થી બંધ કરવામાં આવ્યો છે અને તેનો સ્ટાફ બેઝિક બી.એસસી.માં તબદીલ કરવામાં આવ્યો છે. પરંતુ તે અપૂરતો હોવાથી યુનિવર્સિટી તરફથી માન્યતા મળતી નથી.

ખાસ કરીને જણાવવાનું કે, હાલના તબક્કે ૧૯૯૫ પછી કોઈ નવી નિમણૂક કરવામાં આવી નથી. સરકારશ્રીમાં આ બાબતે વારંવાર લખાણ કરવામાં આવ્યું છે તેમ જ રૂબરૂ રજૂઆત પણ કરવામાં આવી છે. પરંતુ તેના પર પૂરતું ધ્યાન આપવામાં આવ્યું નથી.

જેને લઈને નર્સિંગના ક્ષેત્રે ટીચિંગ તેમ જ ક્લિનિકલમાં ઘણી જ મુશ્કેલી જોવામાં આવે છે. ટીચિંગ સ્ટાફ અપૂરતો હોવાથી ક્લિનિકલ ફિલ્ડમાં સુપરવિઝનમાં પૂરતું ધ્યાન અપાતું નથી અને તૈયાર થતી નર્સિંગ વિદ્યાર્થિનીઓની પૂરતી શૈક્ષણિક જરૂરિયાતો સંતોષાતી નથી.

જો આ નર્સિંગ કૉલેજને ભારતમાં પ્રથમ સ્થાન આપવું હોય તો આઈ.એન.સી. પ્રમાણે તાત્કાલિક સ્ટાફની મંજૂરી સરકારશ્રી તરફથી મેળવવી ઘણી જ અગત્યની છે. અને ભર્યા પછી યુનિવર્સિટીને લેખિત જાણ કરવાની રહેશે જેથી એફિલિયેશન મળી શકે.

આભારસહ,

ડૉ. સી. એ. દેસાઈ
ડીન, બી. જે. મેડિકલ કૉલેજ
કંચનબહેન એસ. શાહ
નર્સિંગ નિષ્ણાત,
નર્સિંગ સુપરિ. ઑફ નર્સિંગ સર્વિસીસ
મેડિકલ એજ્યુકેશન ગુજરાત (રિટાયર્ડ).

પરિશિષ્ટ "થ"

કામકાજ ક્રમાંક ૧૯(૪)

સી. બી. શાહ લૉ કૉલેજ, ખંભાત તૃતીય વર્ષ એલએલ.બી.ના જોડાણ અંગેની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

૧. કૉલેજને દ્વિતીય વર્ષ એલએલ.બી.નું કાયમી જોડાણ મળેલું છે. કૉલેજે તૃતીય વર્ષ એલએલ.બી.ના જોડાણ માટે અરજી કરી છે.

૨. તૃતીય વર્ષ એલએલ.બી. માટે ૧૯૮૧ સુધીના જોડાણ અંગેનો પત્ર સ્થાનિક તપાસસમિતિમાં રજૂ કર્યો હતો. કૉલેજને તા. ૧૪-૬-૧૯૮૯ સુધીનું તૃતીય વર્ષ એલએલ.બી.નું જોડાણ મળેલું, તેવી રજૂઆત આચાર્યશ્રીનો કાર્યભાર સંભાળતા અધ્યાપક શ્રી ઠાકોર દ્વારા કરવામાં આવી હતી. પરંતુ ૧૯૮૧ પછીની મંજૂરી આપતો પત્ર તેઓશ્રી રજૂ કરી શક્યા નથી.

૩. હાલમાં તૃતીય વર્ષ એલએલ.બી.માં વિદ્યાર્થીઓની કુલ સંખ્યા ૧૭ છે.

૪. પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ તેમ જ તૃતીય વર્ષ એલએલ.બી.માં દરેક વર્ષમાં એક એક વર્ગ છે.

૫. ઑર્ડિ. ૯૬ તેમ જ ત્રણેય વર્ષનાં પેપરોના સંદર્ભમાં કાર્યભારને જોતાં હાલમાં શિક્ષકોની વ્યવસ્થા છે તે અપૂરતી જણાય છે.

૬. ઘણા સમયથી કૉલેજમાં આચાર્યશ્રીની જગ્યા ખાલી છે. આચાર્યશ્રીની નિમણૂક અંગેની કાર્યવાહી આદરી તેની નિમણૂક અંગે પગલાં લેવાની ભલામણ છે.

શ્રી જે. કે. ઠાકોર એકમાત્ર પૂર્ણ સમયના વ્યાખ્યાતા છે તેઓશ્રી લાંબા સમયથી કૉલેજના આચાર્યશ્રીનો કાર્યભાર સંભાળે છે.

૭. શ્રી એ. બી. શેલત, શ્રી ડી. કે. વ્યાસ અને કુ. રશ્મિબહેન જે. બારોટ ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે કાર્ય કરે છે. આમાંથી માત્ર શ્રી એ. બી. શેલતની નિમણૂકની મંજૂરી યુનિવર્સિટી તરફથી મેળવી છે. શ્રી ઠાકોરના જણાવ્યા પ્રમાણે બાકીના વ્યાખ્યાતાઓની વ્યવસ્થા એડહોક ધોરણે કરવામાં આવી છે.

૮. શિક્ષણના સાતત્યને ધ્યાનમાં લેતાં તેમજ યુનિવર્સિટી ઑર્ડિ. ૯૬ના કાર્યભાર પ્રમાણેની જરૂરિયાતના સંદર્ભમાં કમિટિનું સૂચન છે કે યુનિવર્સિટીના નિયમાનુસાર અધ્યાપકોની નિમણૂક અંગેની તાત્કાલિક કાર્યવાહી હાથ ઉપર લઈ જરૂરી જગ્યાઓ તાત્કાલિક ભરવી.

૯. કૉલેજને પોતાનું સ્વતંત્ર આગવું ગ્રંથાલય નથી. હાલમાં કેન્દ્રીય ગ્રંથાલયમાંથી વિદ્યાર્થીઓને ગ્રંથાલય સુવિધા ઉપલબ્ધ છે. આ અંગે કમિટીનું સૂચન છે કે કૉલેજે આગવી ગ્રંથાલય સુવિધા માટે યોગ્ય વ્યવસ્થા કરવી તેમજ તે માટે શૈક્ષણિક લાયકાત ધરાવતા યોગ્ય ગ્રંથપાલની નિમણૂક માટે વ્યવસ્થા કરવી.

૧૦. વિશેષમાં તૃતીય વર્ષ એલએલ.બી.નો અભ્યાસક્રમ વ્યવસાયિક અભ્યાસક્રમ હોવાથી નિયમાનુસાર બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની માન્યતા મેળવી લેવી અતિ આવશ્યક અને અનિવાર્ય છે.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લેતાં તેમજ પેરેગ્રાફ ૫, ૭, ૮ અને ૯ના સંદર્ભમાં દર્શાવવામાં આવેલ શરતોનું અસરકારક રીતે પાલન કરવાની શરતે યુનિવર્સિટી તેમજ બાર કાઉન્સિલની માન્યતા અંગેના નિયમોનું પાલન થાય તે શરતે કૉલેજને તૃતીય વર્ષ એલએલ.બી.ના અભ્યાસક્રમનું જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

પ્રિ. વી. સી. પટેલ
પ્રો. એન. કે. પાઠક

પરિશિષ્ટ "દ"

કામકાજ ક્રમાંક ૨૪

મહિલા મહાવિદ્યાલય (એસ.એન.ડી.ટી.) વડોદરાનું ક્રમશ: જોડાણ ગુજરાત યુનિવર્સિટીમાં આપવા અંગેનો હેવાલ

એસ.એન.ડી.ટી. (મુંબઈ) યુનિવર્સિટી સાથે સંલગ્ન વડોદરાની કૉલેજ મહિલા મહાવિદ્યાલયે ક્રમશ: એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાંથી અલગ થઈ ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા માટે કરેલ અરજીના સંદર્ભે સમિતિના સભ્યો તરીકે અમો તા. ૧૭-૧-૧૯૯૭ના રોજ તે સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી હતી. સંસ્થાના ટ્રસ્ટીશ્રી, આચાર્યશ્રી અને કરમચારીગણે (શૈક્ષણિક અને બિનશૈક્ષણિક) રૂબરૂ ઉપસ્થિત રહી જરૂરી માહિતી પૂરી પાડી હતી. સંસ્થાના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ આ પ્રકારે ગુજરાત યુનિવર્સિટીના જોડાણ અંગે પોતાની સંમતિ આપેલ છે. સદર કૉલેજમાં બે વિદ્યાશાખાઓ, વિનયન અને શિક્ષણની (એજ્યુકેશન) છે. નીચેની શરતોએ સદરહુ જોડાણ આપવા ભલામણ છે :

૧. શિક્ષણની વિદ્યાશાખાનો અભ્યાસક્રમ એક જ વર્ષનો હોય છે. અને જોડાણ ૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષથી માગેલ હોવાથી નીચેની બાબતો અંગે સંસ્થા પાસેથી બાંયધરી લેવી :
   (ક) ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણની વિદ્યાશાખામાં કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ હોવાથી સદર કૉલેજે પણ તેના વિદ્યાર્થી પ્રવેશની કાર્યવાહી કેન્દ્રીય પ્રવેશ સમિતિના વિષયોને આધીન રહી કરવાની રહેશે. આ અંગે સંસ્થાના શિક્ષકગણ અને પ્રવેશ ક્ષમતાની વિગતો વિષયવાર (મેથડ) કેન્દ્રીય પ્રવેશ સમિતિને તાત્કાલિક પૂરી પાડે પાડવી.
   (ખ) ગુજરાત યુનિવર્સિટીના ધારાધોરણોનું તે સંસ્થાએ પાલન કરવાનું રહેશે જેમાં ગ્રંથાલય અંગેના આવર્તક ખર્ચ અને અન્ય સગવડોનો સમાવેશ થાય છે.
   (ગ) આવા ફેરફારને (જોડાણ અંગેના) કોઈ શૈક્ષણિક કે બિનશૈક્ષણિક કર્મચારીને વિપરીત અસર થશે નહીં.

૨. વિનયન વિદ્યાશાખામાં ક્રમશ: જોડાણ આપવાનું હોવાથી શૈક્ષણિક વર્ષ ૧૯૯૭-૯૮થી પ્રથમવર્ષ વિનયનનું જોડાણ નીચેની શરતોએ આપવું :
   (ક) ગુજરાત યુનિવર્સિટીના અભ્યાસક્રમ માળખા અનુસાર આ સંસ્થાએ માગ્યા મુજબ નીચેના વિષયોનું મુખ્ય અને ગૌણ તથા દ્વિતીય ગૌણ વિષયના શિક્ષણ માટેનું જોડાણ આપવું :
      (૧) ગુજરાતી, (૨) હિન્દી, (૩) સમાજશાસ્ત્ર, (૪) અર્થશાસ્ત્ર, (૫) ઇતિહાસ.
   (ખ) સંસ્થાએ ઉપર મુજબના માંગેલ વિષયોના જોડાણ અંગે ગ્રંથાલયમાં નિયમાનુસારનો આવર્તક ખર્ચ દર વર્ષે કરવાનો રહેશે. (વિષય દીઠ).
   (ગ) જોડાણના આ ફેરફારને કારણે કોઈ પણ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીને વિપરીત અસર થશે નહીં.

૩. જોડાણની પ્રક્રિયા ક્રમશ: કરવાની હોવાથી શૈક્ષણિક વર્ષ ૧૯૯૮-૯૯થી દ્વિતીય વર્ષ બી.એ.નું જોડાણ અને ૧૯૯૯–૨૦૦૦થી થર્ડ બી.એ.નું જોડાણ મેળવવા માટે નિયમાનુસારની અરજી કરવાની રહેશે.

આ સંસ્થા ભૌગોલિક દૃષ્ટિએ એમ.એસ. યુનિવર્સિટી વડોદરાના ક્ષેત્રમાં આવે છે. પરંતુ શિક્ષણના માધ્યમ અંગેના પ્રશ્નો આ કૉલેજમાં હોવાથી તેમણે ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાવા માટે એસ.એન.ડી.ટી. યુનિવર્સિટી ઉપરાંત એમ. એસ. યુનિવર્સિટીમાંથી "નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ" મેળવી રજૂ કરેલ છે. અને રાજ્ય સરકાર તરફથી મળેલ પત્ર પણ આ અંગેનો રજૂ કરેલ છે જેથી ઉપર મુજબની જોડાણની કાર્યવાહી કરવા સમિતિની ભલામણ છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
શ્રી આર. એચ. વ્યાસ
પ્રિ. બી. એમ. મોદી
સ્થાનિક તપાસસમિતિના સભ્યો

પરિશિષ્ટ "ધ"

કામકાજ ક્રમાંક ૨૫

Confidential :

Ameeting of the Selection Committee for recommending name for Promotion to the Post of Reader in Hindi, under the Career Advancement Scheme of University Grants Commission, in the Uni. School of Languages, Gujarat University, Ahmedabad-380 009 was held on Tuesday, the 11th February, 1997 at 2 p.m. Shri S. B. Vora, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1.	Prof. S. B. Vora, Vice-Chancellor	Present
2.	Dr. Chandrakant Mehta, Pro-Vice-Chancellor,	Present
3.	Prof. B. S. Patel	Present
4.	Prof. Mahavirsinh Chauhan	Present
5.	Prof. B. S. Agrawal	Present
6.	Prof Raghuvir Chaudhary	Present (Invitee).

The following candidate was called for interview :

(1) Shri A. C. Gupta.

After evaluating the work of the Candidate concerned including their Research Publications, Books Reviews, Curriculum Development, Teaching Aids, Innovation in teaching methods, Equipment Developed etc. and interviewing them and judging the merits of the Candidates, the Committee recommends as under :

Dr.Aalok Kumar Gupta is found suitable for the post of Reader in Hindi under the career Advancement Scheme of U.G.C.

Prof. S. B. Vora
(Vice-Chancellor)
Dr. Chandrakant Mehta
(Pro-Vice-Chancellor)
Prof. B. S. Patel
Prof. Mahavirsinh Chauhan
Prof. B. S. Agrawal.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભા ગુરુવાર, તા. ૨૭-૩-૧૯૯૭ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એસ. બી. વોરાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમાંક	સભ્યનું નામ	તા. ૨૭-૩-૧૯૯૭
૧. *	પ્રો. એસ. બી. વોરા, કુલપતિશ્રી	હાજર
૨.	ડૉ. ચંદ્રકાન્ત એચ. મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ઉચ્ચતર શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૪.	તાંત્રિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૫.	નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુજરાત રાજ્ય	ગેરહાજર
૬.	પ્રિ. બી. એમ. મોદી	હાજર
૭.	શ્રી નરહરિ હીરાલાલ અમીન	ગેરહાજર
૮.	શ્રી જગદીશભાઈ ભાવસાર	હાજર
૯.	શ્રી અરવિંદ શાહ	હાજર
૧૦.	ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૧૧.	પ્રો. વાય. ડી. વ્યાસ	હાજર
૧૨.	આચાર્ય હર્ષદભાઈ મોતીભાઈ દેસાઈ	હાજર
૧૩.	આચાર્ય હરિશંકર પ્રભાશંકર પંડ્યા	હાજર
૧૪.	પ્રો. એન. કે. પાઠક	હાજર
૧૫.	શ્રી કૃષ્ણચંદ્ર સોમનાથ શાસ્ત્રી	હાજર
૧૬.	ડૉ. આર. કે. પટેલ	હાજર
૧૭.	શ્રી દેવેન્દ્રસિંહ બી. સોલંકી	હાજર
૧૮.	આચાર્ય વાડીભાઈ બી. પટેલ	હાજર
૧૯.	પ્રો. એન. વી. વસાણી	ગેરહાજર
૨૦.	શ્રી અમીત ઠાકર	ગેરહાજર
૨૧.	શ્રી ડી. એન. પંચાસરા	હાજર
૨૨.	શ્રી પ્રદીપસિંહ જાડેજા	ગેરહાજર
૨૩.	ડૉ. એમ. એન. દેસાઈ	હાજર
૨૪.	શ્રી એન. આર. શાહ	હાજર
૨૫.	શ્રી સુધીરભાઈ ઇન્દ્રવદન નાણાવટી	હાજર.

૧. તા. ૧૨-૨-૧૯૯૭ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૧૨-૨-૧૯૯૭ના રોજ મળેલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભાની નોંધ નીચેના સુધારાવધારા સાથે અધ્યક્ષશ્રીએ મંજૂર કરી :

(૧) બાબત ક્રમાંક ૩ના ઠરાવમાં નીચેનું વાક્ય ઉમેરવું :

"તા. ૯-૨-૧૯૯૭ની ફાઇનાન્સ સમિતિની બાબત ક્રમાંક ૩ બહુમતીથી મંજૂર કરવામાં આવે છે."

(૨) બાબત ક્રમાંક ૨૪ના ઠરાવના ફકરા-૩માં "વખતોવખત મૂકેલી શરતો"ની જગ્યાએ "યુનિવર્સિટીની નિયત શરતો" શબ્દો મૂકવા.

૨. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની એક જગ્યા માટે તા. ૨૩-૩-૧૯૯૭ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૩-૧૯૯૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૩-૧૯૯૭ની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર લેક્ચરર ઇન લેબર વેલ્ફેરની એક જગ્યા ઉપર શ્રી ગીતા લાલની રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૦૦૦ના પગારધોરણમાં બે વર્ષનાં અજમાયશી સમય માટે નિમણૂક કરવી તથા પ્રતિભા યાદી ઉપર ડૉ. સુજાતા સોની ઓનાટુનું નામ રાખવું.

(વરણી સમિતિની નકલ **પરિશિષ્ટ "૧"** તરીકે સામેલ છે.)

૩. કૉમર્સ ભવનમાં લેક્ચરર ઇન કૉમર્સની બે જગ્યા માટે તા. ૨૩-૩-૧૯૯૭ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૩-૧૯૯૭ની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૩-૧૯૯૭ની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર લેક્ચરર ઇન કૉમર્સની એક બિનઅનામત જગ્યા ઉપર શ્રી પંડ્યા હેમલ ભરતની રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૦૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી"

વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું કે અનુસૂચિત જનજાતિની એક અનામત જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

(વરણી સમિતિની નકલ **પરિશિષ્ટ "૨"** તરીકે સામેલ છે.)

૪. ભાષા-સાહિત્ય ભવનમાં લેક્ચરર ઇન ઇંગ્લિશની એક જગ્યા માટે તા. ૨૩-૩-૧૯૯૭ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૩-૧૯૯૭ની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૩-૧૯૯૭ની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર લેક્ચરર ઇન અંગ્રેજીની એક જગ્યા ઉપર શ્રી દર્શના ત્રિવેદીની બે વર્ષના અજમાયશી સમય માટે રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૦૦૦ના પગારધોરણમાં નિમણૂક કરવી."

(વરણી સમિતિની નકલ **પરિશિષ્ટ "૩"** તરીકે સામેલ છે.)

૫. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગમાં લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની પાંચ જગ્યા માટે તા. ૨૨-૩-૧૯૯૭ના રોજ મળેલ વરણીસમિતિની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૩-૧૯૯૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૩-૧૯૯૭ની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર લેક્ચરર ઇન કેમિસ્ટ્રીની બે બિનઅનામત જગ્યાઓ ઉપર (૧) ડૉ. ચારુલત્તા વ્યાસ તથા (૨) ડૉ. પદ્માવતી દેવરકોડા અન્નપૂર્ણાની બે વર્ષના અજમાયશી સમય માટે રૂ. ૨૨૦૦-૭૫-૨૮૦૦-૧૦૦-૪૦૦૦ના પગારધોરણમાં નિમણૂક કરવી વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું કે અનુસૂચિત જનજાતિની બે અનામત જગ્યાઓ તથા અનુસૂચિત જાતિની એક અનામત જગ્યા માટે પુનઃ જાહેરખબર આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

(વરણી સમિતિની નકલ **પરિશિષ્ટ "૪"** તરીકે સામેલ છે.)

૬. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગમાં રીડર ઇન કેમિસ્ટ્રીની ચાર જગ્યા માટે તા. ૨૨-૩-૧૯૯૭ના રોજ મળેલ વરણીસમિતિની સભાની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૩-૧૯૯૭ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૩-૧૯૯૭ની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર રીડર ઇન કેમિસ્ટ્રીની બે બિનઅનામત જગ્યાઓ ઉપર (૧) ડૉ. પ્રદીપ ટી. દેવતા તથા (૨) ડૉ.

વિનોદકુમાર જૈનની રૂ. ૩૭૦૦-૧૨૫-૪૯૫૦-૧૫૦-૫૭૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવા સારુ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

વધુમાં એમ પણ ઠરાવવામાં આવ્યું કે અનુસૂચિત જાતિની એક અનામત જગ્યા માટે જરૂરી ખબર આપવ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

(વરણી સમિતિની નકલ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૭. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગમાં પ્રોફેસર ઇન કેમિસ્ટ્રીની એક જગ્યા માટે તા. ૨૨-૩-૧૯૯૭ના રોજ મળેલ વરણીસમિતિની સભાની ભલામણ અન્વયે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૩-૧૯૯૭ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

"આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૩-૧૯૯૭ની એકેડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર પ્રોફેસર ઇન કેમિસ્ટ્રીની જગ્યા પર ડૉ. મેનન શોભના કે.ની રૂ. ૪૫૦૦-૧૫૦-૫૭૦૦-૨૦૦-૭૩૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવા સારુ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી."

(વરણી સમિતિની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૮. કુલપતિશ્રીનું કામ (જાણ સારુ) :

નીચેની જગ્યાઓ ભરવા માટે વરણીસમિતિની રચના કર્યાનું :

ભવન	વિષયનું નામ
કૉમર્સ ભવન	લેક્ચરર ઇન કૉમર્સ
વિજ્ઞાન વિદ્યાભવન	(૧) લેક્ચરર ઇન કેમિસ્ટ્રી
	(૨) રીડર ઇન કેમિસ્ટ્રી
	(૩) પ્રોફેસર ઇન કેમિસ્ટ્રી
ભાષા-સાહિત્ય ભવન	લેક્ચરર ઇન ઇંગ્લિશ
સમાજવિદ્યા ભવન	લેક્ચરર ઇન લેબર વેલ્ફેર

આથી ઠરાવવામાં આવે છે કે કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપર્યુક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૯. ફાઇનાન્સ સમિતિની તા. ૫-૩-૧૯૯૭ અને તા. ૬-૩-૧૯૯૭ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની ઉપર્યુક્ત સભાઓની ભલામણો મંજૂર કરવી.

(ફાઇનાન્સ સમિતિની સભાઓની કાર્યવાહીની નોંધ પરિશિષ્ટ '૭' તરીકે સામેલ છે.)

ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૧૦. નવગુજરાત કૉમર્સ કૉલેજ, અમદાવાદનું નામાભિધાન "ડૉ. એમ. સી. શાહ કૉમર્સ કૉલેજ" કરવા અંગે વિદ્યાભવન ટ્રસ્ટની ઑડિ. ૧૨૦ (એન) અન્વયે આવેલ અરજી પરત્વે વિચારણા કરવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે નવગુજરાત કૉમર્સ કૉલેજનું નામ જૂન, ૧૯૯૭થી "ડૉ. એમ. સી. શાહ કૉમર્સ કૉલેજ" કરવા અંગેની વિદ્યાભવન ટ્રસ્ટની દરખાસ્ત મંજૂર કરવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. એક્ઝિ. કાઉ./૭૯૬૭/૧૯૯૭ — એમ. પી. જડિયા

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય — કુલસચિવ

અમદાવાદ-૩૮૦ ૦૦૯

તા. ૨૦-૫-૧૯૯૭

પરિશિષ્ટ "૧"

કામકાજ ક્રમાંક ૨

Confidential

A metting of the Selection Committee for recommending name for appointment to the one Post of Lecturer in Labour Welfare (Open candidate) in the University School of Social Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Sunday the 23rd March, 1997 at 4-00 p.m. Prof. S. B. Vora, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1. Prof. S. B. Vora, Vice-Chancellor
2. Prof. C. H. Mehta, Pro-Vice-Chancellor
3. Prof. Narayan Sheth, Expert
4. Prof. Varsha N. Anjaria, Expert.
5. Prof. V. P. Bhardwaj, Invitee.

The following candidates were called for interview :

1.	Patel Piyush A.	Present
2.	Jadeja Mayursinh J.	Present
3.	Lal Geeta K.	Present
4.	Gandhi Pushpa L.	Present
5.	Shukla Mimansa D.	Present
6.	Karia Bhavesh H.	Present
7.	Pande Manoj S.	Absent
8.	Raval Kinnari D.	Present
9.	Patel Narendranath K.	Absent
10.	Raval Gargi N.	Present
11.	Rajgor Shaileshkumar R.	Absent
12.	Patel Sanjay I.	Absent
13.	Onattu Sujatha S.	Present
14.	Thakore Digvijaysinh G.	Present
15.	Safi Ketankumar G.	Present
16.	Shah Mita S.	Present
17.	Bhatia Dipakkumar R.	Present
18.	Arya Anita O.	Present
19.	Mehta Mahendra D.	Absent

After interviewing the candidates who were present and considering their relative merits, the Committee recommends as under in order of preference :

1. Ms. Gita Lal
2. Ms. Onattu Sujatha S.

Prof. S. B. Vora
(Vice-Chancellor)
Prof. C. H. Mehta
(Pro-Vice-Chancellor)
Prof. Narayan Sheth
Prof. Varsha N. Anjaria

પરિશિષ્ટ "૨"

કામકાજ ક્રમાંક ૩

Confidential

A metting of the Selection Committee for recommending names for appointment to the two Posts of Lecturer in Commerce (One post is reserved for S.T. candidate and other post is Open) in the University School of Commerce, Gujarat University, Ahmedabad-380 009 was held on Sunday the 23rd March, 1997 at 9-30 a.m. Prof. S. B. Vora,. Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1. Prof. S. B. Vora, Vice-Chancellor
2. Prof. C. H. Mehta, Pro-Vice-Chancellor
3. Prof. M. N. Vora, Expert
4. Prof. T. Madhvam, Expert.
5. Prof. B. H. Desai, Invitee.

The following candidates were called for interview :

1.	Pandya Hemal Bharat	Present
2.	Dhandhukiya Dipak Hasmukhray	Absent
3.	Patel Shaileshkumar Parashotamdas	Present
4.	Trivedi Chirag Jitendrabhai	Present
5.	Vyas Viralkumar Umiyashankar	Present
6.	Patel Veena Raójibhai	Present
7.	Hariramani Seema Gopichand	Absent
8.	Patel Jayeshkumar Babubhai	Absent
9.	Parghi Prakashkumar Bhursing	Absent
10.	Bukhari Vahedjalal Babarali	Present
11.	Mehta Anand Dinesh	Present
12.	Chudasama Dilipsinh Natubha	Present
13.	Sharma Manisha	Absent
14.	Pathan Raziyabanu Abdullatif	Absent
15.	Pandya Jayaraj Krishnakant	Absent
16.	Thakkar Pravinkumar Natvarlal	Present
17.	Iyer Priya Vaidyanathan	Present
18.	Somani Minaxi Bharat	Absent
19.	Gohil Anilkumar Amrutlal	Present
20.	Brahmbhatt Jayprakash Shankarlal	Present
21.	Muchhal Mamta	Present
22.	Juthani Swati N.	Present
23.	Makwana Kamlaben Devjibhai	Present
24.	Patel Saileshkumar Dashrathlal	Absent

After interviewing the candidateds who were present and considering their relative merits, the Committee recommends as under :

No S.T. candidate appeared for interview so committee recommend to re-advertise the post.

For open category the committee recommend the following in order of preference

1. Pandya Hemal Bharat
2. Trivedi Chirag Jitendrabhai

Prof. S. B. Vora
Vice-Chancellor
Prof. C. H. Mehta
Pro-Vice-Chancellor
Prof. M. N. Vora
Prof. T. Madhvam

પરિશિષ્ટ "૩"

કામકાજ ક્રમાંક ૪

Confidential

A metting of the Selection Committee for recommending names for appointment to the Post of Lecturer in English in the University School of Languages, Gujarat University, Ahmedabad-380 009 was held on Sunday the 23rd March, 1997 at 1-30 p.m. Prof. S. B. Vora, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1. Prof. S. B. Vora, Vice-Chancellor
2. Prof. C. H. Mehta, Pro-Vice-Chancellor
3. Prof. I. H. Pandya, Expert
4. Prof. P. K. Mehta, Expert.
5. Prof. M. A. Malagi Invitee.

The following candidates were called for interview :

1.	Balaji Ranganathan	Present
2.	Macwan Sanjaykumar J.	Absent
3.	Naik Vihang A.	Present
4.	Mukherjee Sanjay	Present
5.	Sinha Anita	Present
6.	Parmar Hitesh V.	Absent
7.	Dave Mihir M.	Absent
8.	Nanavati Devang S.	Present
9.	Damor Nutan B.	Present
10.	Kapadia Swati S.	Present
11.	Khushu - Lahiri Rajyashree	Present
12.	Peethala Sushma	Present
13.	Baxi Sonal	Present
14.	Shukla Anant R.	Absent
15.	Rajsekhar Raji	Present
16.	Trivedi Darshana G.	Present
17.	Mokashi Punekar Rohini	Present
18.	Joshi Jagdishkumar S.	Absent
19.	Mandavia Seema K.	Absent
20.	Arora Vandana R.	Present
21.	Gupta Neerja A.	Present
22.	Nityanandam Indira	Present
23.	Harishankar V. Bharathi	Present
24.	Chakrabarti Tapas	Present

After interviewing the candidates who were present and considering their relative merits, the Committee recommends for Selection as under in order of preference :

1. Ms. Darshana Trivedi
2. Ms. Swati Kapadia.

Prof. S. B. Vora
(Vice-Chancellor)
Prof. C. H. Mehta
(Pro-Vice-Chancellor)
Prof. I. H. Pandya
Prof. P. K. Mehta

પરિશિષ્ટ "૪"

કાર્યવાહી ક્રમાંક ૫

Confidential

A metting of the Selection Committee for recommending names for appointment to the Five Posts of Lecturer in Chemistry (One post is researved for S.C. candidate, two posts for S.T. candidates and the other two posts are open) in the University School of Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Saturday the 22nd March, 1997 at 12-30 p.m. Prof. S. B. Vora, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1. Prof. S. B. Vora, Vice-Chancellor
2. Prof. C. H. Mehta, Pro-Vice-Chancellor
3. Prof. H. M. Chawla, Expert
4. Prof. S. M. Khopkar, Expert
5. Prof. A. C. Shah, Expert
6. Prof. Y. K. Agrawal Invitee.

The following candidates were called for interview :

1.	Dave Hiteshkumar B.	Absent
2.	Lali Varghese	Present
3.	Prajapati Sengita B.	Absent
4.	Khare Ravi	Absent
5.	Tripathi Praveenkumar	Absent
6.	Patel Angit G.	Absent
7.	Sharma Anjali	Present
8.	Maisuria Mukesh M.	Present
9.	R. Sripriya	Absent
10.	Suthar Bhavna R.	Present
11.	Barad Yogendrasinh H.	Present
12.	Srivastav Charulata	Absent
13.	Parikh Bharatkumar M.	Present
14.	Sheladiya Bharat D.	Absent
15.	Soni Anilkumar J.	Absent
16.	Mehta Tushar B.	Present
17.	Shah Sanjaykumar S.	Absent
18.	Shah Alpekkumar R.	Present
19.	Parikh Kalpesh S.	Present
20.	Patel Chetan H.	Present
21.	Harjinder Kaur	Absent
22.	R. Valarivan	Present
23.	Borad Mukeshkumar J.	Present
24.	Patel Dineshchandra K.	Present
25.	Patel Chiragkumar A.	Present
26.	Sharma Anu R.	Absent
27.	Dave Pragnesh N.	Present
28.	Vyas Dipeshkumar V.	Present
29.	Solanki Manojkumar R.	Absent
30.	Menon Deepa K.	Absent
31.	Patel Bipinkumar B.	Present
32.	Rajwanshi Poonam	Present
33.	Patel Vikramkumar D.	Absent
34.	Patel Riteshkumar B.	Absent
35.	Raval Jiten M.	Absent
36.	Rana Hemangini B.	Present
37.	Shobha Choudhary	Present
38.	Dahal Sanjay	Present
39.	Shah Nimesh P.	Present
40.	Devarakonda Annapurna P.	Present
41.	Srivastava Reeta	Present
42.	Dhanani Jignesh B.	Present
43.	Parmar Nilesh L.	Present

44.	Vikal Kavita	Present
45.	Sarkar Joy	Absent
46.	Samnani Prakash B.	Present
47.	Jethani Asha T.	Present
48.	Dalal Mahesh K.	Present
49.	Parmar Kokilaben A.	Present
50.	Amin Sushila B.	Present
51.	Manjula Rani	Present
52.	Sharma Sangita	Absent
53.	Vallabhanani Sree L.	Absent
54.	Shah Amnishkumar M.	Absent
55.	Shah Hemantkumar A.	Absent
56.	Vyas Jigneshkumar J.	Present
57.	Gorgamwala Vijay S.	Present
58.	Vaghela Manishkumar R.	Absent
59.	Raj Mahendrakumar M.	Present
60.	Yadava Madhuri	Present
61.	Solanki Dipakkumar M.	Present
62.	Rajyaguru Shivani A.	Present
63.	Hirani Tarulata B.	Absent
64.	Sita Singh	Absent
65.	Chauhan Dhirajlal D.	Absent
66.	Baraiya Hiteshkumar S.	Absent
67.	Vyas Charulata V.	Present
68.	Gamit Ashvinkumar N.	Absent
69.	Jakhaniya Vasudev B.	Present
70.	Singh Surendra P.	Absent
71.	Solanki Viththalbhai M.	Present
72.	Patel Dineshkumar M.	Present
73.	Baldaniya Bharatbhai B.	Present
74.	Shah Denish H.	Absent
75.	Patel Jashavantkumar K.	Present
76.	Panchal Dasharathkumar K.	Present
77.	Patel Rajeshkumar T.	Present
78.	Patel Charulataben L.	Absent
79.	Vijayvargiy Manoj R.	Present
80.	Dabhi Yogeshkumar M.	Present
81.	Makwana Narendra G.	Absent
82.	Srivastava Neena	Present
83.	Banik Pompa D.	Absent
84.	Baushar Kavita U.	Present
85.	Patel Jitendra H.	Absent
86.	Patel Hitendra C.	Present
87.	Dasadia Kumar N.	Present
88.	Guru Anuradha	Present
89.	Patel Babubhai M.	Present
90.	Harsh Sunita	Present

After interviewing the candidates who were present and considering their relative merits, the Committee recommends as under :

No candidate for S.T. Category appeared for interview.

S.C. candidate not selected because they could not answer basic Questions asked for School/ Graduate level. Post be readvertised.

For open category following candidates selected in order of preference :

(1) Dr. Charulata Vyas (2) Dr. Deverkonda Annapurna P. (3) Sushila B. Amin.

Prof. S. B. Vora
(Vice-Chancellor)
Prof. C. H. Mehta
(Pro-Vice-Chancellor)
Prof. H. M. Chawla
Prof. S. M. Khopkar
Prof. A. C. Shah

પરિશિષ્ટ "૫"

કાર્યકાજ ક્રમાંક ૬

Confidential

A metting of the Selection Committee for recommending names for appointment to the Four Posts of Reader in Chemistry (One post is researved for S.C. candidate, and the other one post is researved for corrosion and the other two posts are open) in the University School of Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Saturday the 22nd March, 1997 at 10-00 a.m. Prof. S. B. Vora, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee members was as under :

1. Prof. S. B. Vora, Vice-Chancellor
2. Prof. C. H. Mehta, Pro-Vice-Chancellor
3. Prof. H. M. Chawla, Expert
4. Prof. S. M. Khopkar, Expert
5. Prof. A. C. Shah, Expert
6. Prof. Y. K. Agrawal, Invitee.

The following candidates were called for interview :

1. Basin Chandra P.	Present
2. Shah Sanjaykumar S.	Present
3. Amin Sushila S.	Present
4. Deota Pradeep T.	Present
5. Parikh Kalpesh S.	Absent
6. Jain Vinodkumar	Present
7. Gandhi Anilkumar H.	Present
8. Harsh Sunita	Present

After interviewing the candidates who were present and considering their relative merits, the Committee recommends as under :

1. Dr. Pradeep Deota
2. Dr. V. K. Jain.

Only two names recommended, the remaining post to be readvertised.

No S.C. candidate had appeared, so the post to be readvertised.

Prof. S. B. Vora
(Vice-Chancellor)
Prof. C. H. Mehta
(Pro-Vice-Chancellor)
Prof. H. M. Chawla
Prof. S. M. Khopkar
Prof. A. C. Shah

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૭

Confidential

A metting of the Selection Committee for recommending name for appointment to the One Post (Open) of Professor in Chemistry in the University School of Sciences, Gujarat University, Ahmedabad-380 009 was held on Saturday the 22nd March, 1997 at 9-00 a.m. Prof. S. B. Vora, Vice-Chancellor, Gujarat University presided.

The attendance of the Selection Committee was as under :

1. Prof. S. B. Vora, Vice-Chancellor
2. Prof. C. H. Mehta, Pro-Vice-Chancellor
3. Prof. A. C. Shah, Expert
4. Prof. S. M. Khopkar, Expert
5. Prof. H. M. Chawla, Expert
6. Prof. Y. K. Agrawal, Invitee.

The following candidates were called for interview :

1. Vora Chandravadan R.	Present
2. Menon Sobhana V.	Present
3. Chudasama Uma V.	Absent.

After interviewing the candidates who were present and considering their relative merits, the Committee recommends as under :

Menon Sobhana K.

Prof. S. B. Vora
(Vice-Chancellor)
Prof. C. H. Mehta
(Pro-Vice-Chancellor)
Prof. A. C. Shah
Prof. S. M. Khopkar
Prof. H. M. Chawla
Prof. Y. K. Agrawal

પરિશિષ્ટ '૭'

કામકાજ ક્રમાંક ૯

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૫-૩-૧૯૯૭ ને બુધવાર અને તા. ૬-૩-૧૯૯૭ ને ગુરુવારના રોજ ૩-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એસ. બી. વોરાએ સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રા. એસ. બી. વોરા, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. ચન્દ્રકાન્તભાઈ એચ. મહેતા, ઉપકુલપતિશ્રી	ગેરહાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૫. શ્રી નરહરિભાઈ એચ. અમીન	હાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૯-૨-૧૯૯૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૯-૨-૧૯૯૭ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. વિજ્ઞાન વિદ્યાભવનના સ્ટેટિસ્ટિક્સ વિભાગને કૉમ્પ્યુટર અને હાર્ડવેર ખરીદવા માટે નીમવામાં આવેલ કમિટીના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના સ્ટેટિસ્ટિક્સ વિભાગને કૉમ્પ્યુટર તથા હાર્ડવેર ખરીદવા અંગે નીમવામાં આવેલ કમિટીનો રિપોર્ટ સ્વીકારવો અને તે કમિટિની ભલામણ પ્રમાણે સાથે સામેલ કરેલ **પરિશિષ્ટ 'અ'** મુજબ ખરીદવાનું રાખવું.

૩. યુનિવર્સિટીની એન્જિનિયરિંગ પરીક્ષાઓનાં પરિણામો માર્ચ, ૧૯૯૭થી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી એક વર્ષ માટે તૈયાર કરવા અંગેની કાર્યવાહી Pips Pvt. Ltd. ને સોંપવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૭૫,૦૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની એન્જિનિયરિંગ પરીક્ષાઓનાં પરિણામો માર્ચ, ૧૯૯૭થી ફેબ્રુઆરી, ૧૯૯૮ સુધી એક વર્ષ માટે જૂના ભાવ મુજબ આ સાથે સામેલ કરેલ **પરિશિષ્ટ 'બ'** મુજબના ભાવે કામગીરી સોંપવી અને તે માટે રૂ. ૭૫,૦૦૦ (અંકે રૂપિયા પંચોતેર હજાર) પૂરાનો ખર્ચ મંજૂર કરવો.

૪. વિજ્ઞાન વિદ્યાભવન માટે પાંચ નંગ વિન્ડો એરકન્ડિશનર મશીનો ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(આ અંગે રૂ. ૧,૩૩,૨૪૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે પાંચ નંગ એરકન્ડિશનર મશીનો જે બી.બી.એ.ના નવા મકાન માટે ૨૪ નંગ વિન્ડો એરકન્ડિશન મશીનો નંગ દીઠ રૂ. ૨૬,૬૪૮ (ટેક્ષ, ઓક્ટ્રોય તથા ઇન્સ્યોરન્સ સાથે) ફ્રીઝચેર કોર્પોરેશન (હૈદ્રાબાદ) તથા મે. શેફાપર ટ્રેડર્સ પ્રા. લિ., અમદાવાદ મારફતે ઇન્સ્યોરન્સ વગેરે સાથે ખરીદવા ફાઇનાન્સ સમિતિના તા. ૮-૧૦-૧૯૯૬ના બાબત ક્રમાંક ૧૫થી મંજૂર થયેલ આ તે જ ભાવે તે જ વેપારી પાસેથી આ પાંચ ૧.૫ ટન કાર્યક્ષમતાવાળા ફ્રીઝચેર બનાવટના વિન્ડો એરકન્ડિશનર મશીનો ખરીદવાનું રાખવું અને વધુમાં હમણાં છેલ્લા નવા બજેટમાં એરકન્ડિશનર મશીનો પરની એક્સાઇઝ ડ્યુટી ઘટી હોવાથી તેનો લાભ મળે તે માટેની જરૂરી કાર્યવાહી કરી ખરીદવાનું રાખવું.

૫. યુનિવર્સિટીની પાણીની ટાંકી માટે કિર્લોસ્કર બનાવટનો પમ્પસેટ ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે રૂ. ૫૭,૦૦૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની પાણીની ટાંકી માટે કિર્લોસ્કર બનાવટનો પમ્પસેટ સૌથી ઓછા ભાવ ટાંકનાર વેપારી "મે. શ્રીજી સેલ્સ એન્ડ એન્જિનિયર્સ' પૂરો પાડી શકે તેમ ન હોવાથી તેમણે ભરેલ ઇએમડી રૂ. ૫૦૦ પૂરા જપ્ત કરી સેકન્ડ લોએસ્ટ ભાવ ટાંકનાર વેપારી "મે. એફિશિયન્ટ એન્જિનિયર્સ ઇન્ડિયા પ્રા. લિ.' કે જેઓ કિર્લોસ્કર બનાવટના ઓર્થોરાઇઝ્ડ ડિસ્ટ્રિબ્યુટર છે તેમની પાસેથી તેઓએ સૌથી ઓછા ભાવે એટલે કે રૂ. ૫૭,૦૦૦ની કિંમતે પમ્પસેટ આપવાની સંમતિ દર્શાવેલ હોવાથી તેમની પાસેથી ખરીદવાનું રાખવું.

૬. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને Electron Microscopeનો સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(આ અંગે રૂ. ૫૨,૦૦૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગમાં આવેલ Electron Microscope EM 900નો વાર્ષિક કૉન્ટ્રાક્ટ તા. ૧-૧૨-૧૯૯૬થી તા. ૩૦-૧૧-૧૯૯૭ સુધીનો તોશનીવાલ બ્રધર્સ (બોમ્બે) પ્રા. લિ. સાથે કરવા રૂ. ૫૨,૦૦૦ પૂરાનું ખર્ચ મંજૂર કરવાનું રાખવું.

૭. વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે કૉમ્પ્યુટર PC/AT-150/MT/Z GIST CARD Inkjet Printer Dot matrix Printer Floppy Drive, Stabilizer ખરીદવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(આ અંગે રૂ. ૧,૩૨,૮૭૦ પૂરાનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકશાસ્ત્ર વિભાગ માટે આ સાથે સામેલ કરેલ **પરિશિષ્ટ 'ક'**માં જણાવ્યા પ્રમાણે સૌથી ઓછો ભાવ ભરનાર વેપારીઓ પાસેથી ઉપરોક્ત સાધનો ખરીદવા અને આ અંગે અંદાજિત ખર્ચ રૂ. ૧,૩૨,૮૭૦ મંજૂર કરવો આ ખર્ચ યુ.જી.સી.ની ઓપ્થોસ્ફેટિક સાયન્સની યોજના ખાતે પાડવાનું રાખવું.

૮. યુનિવર્સિટીના માર્ચ, ૧૯૯૭ના કોન્વોકેશન માટેના અંદાજ ૩૫૦૦થી ૪૦૦૦ જેટલા ડિગ્રી સર્ટિફિકેટો તૈયાર કરાવવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(આ અંગે રૂ. ૧૬,૫૦૦ જેટલો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના માર્ચ, ૧૯૯૭ના પદવીદાન સમારંભ માટેના ડિગ્રી સર્ટિફિકેટો કૉમ્પ્યુટર ઉપર છાપવા અંગે અગાઉના જાન્યુઆરી, ૧૯૯૭ના પદવીદાન સમારંભ માટેના ડિગ્રી સર્ટિફિકેટો કૉમ્પ્યુટર ઉપર છાપવા અંગેની જે કામગીરી વેપારીશ્રી Shell Consultancy Service Pvt. Ltd.ને ટેન્ડરની શરતો પ્રમાણે એક ડિગ્રી સર્ટિફિકેટના રૂ. ૪-૭૦ પૈસા (અંકે રૂપિયા ચારને સિત્તેર પૈસા) પૂરાના ભાવે સોંપવામાં આવેલ તેઓને જ એટલે કે Shell Consultancy Service Pvt. Ltd.ના આ જ ભાવે કામગીરી કરવાનું કામ સોંપવાનું રાખવું અને તે માટે રૂ. ૧૬,૫૦૦ પૂરાનો ખર્ચ મંજૂર કરવો.

૯. વિજ્ઞાન વિદ્યાભવન માટે તા. ૧-૪-૧૯૯૭થી તા. ૩૧-૩-૧૯૯૮ સુધી કેમિકલ્સ ગ્લાસવેર, પ્લાસ્ટિકવેર, સ્લાઇડ્સ વોટમેન ફિલ્ટર પેપર્સ વગેરે ખરીદવા અંગે રેટ કોન્ટ્રાક્ટસ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મુકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઆટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમજ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમજ બિનશિક્ષક વર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમજ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષક વર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

(હેવાલની નકલ **પરિશિષ્ટ "૧૪"** તરીકે સામેલ છે.)

૨ (૪૯). બી.ડી.એસ.ના અભ્યાસક્રમોમાં ફરજિયાત ઇન્ટર્નશિપ દાખલ થતાં ઑર્ડિ. ૩૭૩ની પેટાકંડિકા ૫ મુજબ ફરજિયાત રોટેટિંગ હાઉસમેનશિપ માટેની માન્યતા આપવા ડીનશ્રી, સરકારી ડેન્ટલ કૉલેજ ઍન્ડ હોસ્પિટલ, અમદાવાદ તરફથી આવેલ અરજી અનુસાર અગાઉનાં ૧૭ કેન્દ્રો રદ કરી નવાં ૩૨ કેન્દ્રોને માન્યતા આપવાની વિનંતી સ્વીકારી પરિપત્રિત કર્યાનું.

(નોંધ.—આ સાથેના **પરિશિષ્ટ "૧૫"** મુજબ કેન્દ્રોને માન્યતા આપવામાં આવી છે.)

૨ (૫૦). શૈક્ષણિક વર્ષ ૧૯૯૭-૯૮થી નીચે દર્શાવેલ કૉલેજોમાં તેમનાં નામ સામે દર્શાવેલ પદવી વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની મંજૂરી આપ્યાનું :

ક્રમ	*કૉલેજનું નામ*	*પદવી*	*વિષય*
૧.	પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ	એમ.કૉમ.	આંકડાશાસ્ત્ર
૨.	એમ. એમ. ગાંધી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, કાલોલ	એમ.એ.	સંસ્કૃત મુખ્ય ગુજરાતી-ગૌણ
૩.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, નવરંગપુરા, અમદાવાદ	એમ.એસસી.	રસાયણશાસ્ત્ર (પુનઃ શરૂ કરવા)

૨ (૫૧). શૈક્ષણિક વર્ષ ૧૯૯૭-૯૮થી નીચે દર્શાવેલ કૉલેજોમાં તેમનાં નામ સામે દર્શાવેલ પદવી વિષયમાં સમિતિના હેવાલ મુજબ અનુસ્નાતક કેન્દ્ર શરૂ કરવાની મંજૂરી નહીં આપ્યાનું :

ક્રમ	*કૉલેજનું નામ*	*પદવી*	*વિષય*
૧.	પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા	એમ.એસસી.	માઇક્રોબાયોલોજી
૨.	કૉલેજ ઑફ એજ્યુકેશન, પેટલાદ	એમ.એડ.	એજ્યુકેશન
૩.	શેઠ પી. ટી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ગોધરા	એમ.એ.	મુખ્ય-અંગ્રેજી, ગૌણ-ગુજરાતી

૨ (૫૨). જૂન, ૧૯૯૭થી સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, વાસદ ખાતે ઇજનેરી વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા માટેની જોડાણઅરજી પરત્વે નિયુક્ત કરેલ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ સ્વીકાર્યાનું અને તે પરત્વેની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલ વતી સ્વીકાર્યાનું.

(ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ તથા હેવાલની નકલ **પરિશિષ્ટ "૧૬"** તરીકે સામેલ છે.)

૨ (૫૩). યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના શિક્ષણશાસ્ત્ર વિભાગમાં રીડર ઇન એજ્યુકેશનની ફરજ બજાવતા શ્રી કે. એ. ગાંધીને શિસ્ત અને વર્તણૂક અંગેના પ્રાથમિક તપાસ હેવાલના સંદર્ભમાં તા. ૧૨-૬-૧૯૯૭થી ફરજમોકૂફી (સસ્પેન્શન હેઠળ) કર્યાનું તેમજ શ્રી ગાંધીનો આવેલ ખુલાસો ધ્યાનમાં રાખીને શિક્ષાત્મક પગલાં તરીકે સખત ચેતવણીરૂપ ઠપકાની યાદી પાઠવીને ફરજ ઉપર તા. ૨૮-૭-૧૯૯૭થી પુનઃ લીધા અંગેનું.

૨ (૫૪). બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને શિક્ષણની કૉલેજોને આપવાની સહાયક ગ્રાન્ટના માળખામાં સુધારા કરવાના સંદર્ભમાં શૈક્ષણિક કર્મચારીગણની સંખ્યાબળની ગણતરીના હેતુ માટે વ્યાખ્યાતાનો કાર્યભાર અંગેના રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૨-૯-૧૯૯૭ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૫૮૮-૦૫૮૦૯-૫૯-૮૮-ખ સ્વીકાર્યાનું તથા તેને પરિપત્રિત કર્યાનું.

(નોંધ –ઉપરોક્ત ઠરાવની નકલ **પરિશિષ્ટ "૧૭"** તરીકે સામેલ છે.)

કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૨(૧)થી ૨(૫૪) સુધીનાં કાર્યોની નોંધ લેવામાં આવી.

(આ. ક્ર. ૨(૨), ૨(૩), ૨(૪), ૨(૫), ૨(૭), ૨(૧૮), ૨(૨૦), ૨(૨૧), ૨(૨૨), ૨(૨૩), ૨(૨૯), ૨(૩૨), ૨(૩૩), ૨(૪૮), ૨(૪૯), ૨(૫૨), ૨(૫૪)-નાં પરિશિષ્ટ જે તે બાબત નીચે દર્શાવેલ ક્રમમાં સામેલ છે.)

૩ (૧). ભારત સરકારના સાયન્સ ઍન્ડ ટેકનોલોજી વિભાગ, ન્યૂ દિલ્હીના તા. ૨૪-૬-૧૯૯૭ના ક્રમાંક એસ.આર.યુ.આર./૩૬/૯૬થી ડૉ. એમ. એન. દેસાઈને તેમના પ્રોજેક્ટ "Corrosion Inhibitors for non-Ferrous metals and Alloys" માટે બે વર્ષ માટેની રૂ. ૨,૦૯,૩૦૦ (રૂપિયા બે લાખ નવ હજાર ત્રણસો પૂરા)ની આર્થિક સહાય મળેલ છે તે અંગે નોંધ લેવા બાબત.

આમ ઠરાવવામાં આવે છે કે ભારત સરકારશ્રીના સાયન્સ ઍન્ડ ટેક્નોલોજી વિભાગ, ન્યૂ દિલ્હીના તા. ૨૪-૬-૧૯૯૭ના પત્રની સાભાર નોંધ લેવામાં આવી.

૩ (૨). જય રિસર્ચ ફાઉન્ડેશન, વલવાડા, જિ. વલસાડના (વાપી) તા. ૨૭-૬-૧૯૯૭ના પત્રાંક જેઆરએફ/બીવીડી/૯૭-૯૮/૦૧૭થી બે વર્ષની સમયમર્યાદા પ્રોજેક્ટ "Studies on antifertility effects of some plant products in mammals" પરત્વે ડૉ. એન. જે. ચિનોય, ઝૂલોજી વિભાગના વડા તેમજ અધ્યક્ષ વિજ્ઞાનભવનની સાથમાં રહીને કામગીરી કરવા સંબંધી કુલ રૂ. ૫૦,૩૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)ની પ્રતિવર્ષ આર્થિક સહાય મંજૂર કરવામાં આવેલી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જય રિસર્ચ ફાઉન્ડેશન, વલવાડા, જિ. વલસાડ (વાપી)ના
ા. ૨૭-૬-૧૯૯૭ના પત્રની સાભાર નોંધ લેવામાં આવી.

૩.(૩). શ્રીમતી એસ. એચ. એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, ખંભાત તરફથી જૂન, ૧૯૯૭થી મહિલા વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા આવેલ જોડાણઅરજી પરત્વે યુનિવર્સિટીએ નીડ સ્વીકારી ન હતી તે સામે સંસ્થાએ રાજ્ય સરકારના શિક્ષણ વિભાગમાં કરેલ અપીલ સરકારશ્રીએ તેના તા. ૯-૭-૧૯૯૭ના પત્રાંક ગજય ૧૫૯૬-૨૨૦૪-ખથી નામંજૂર કરી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે રાજ્ય સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા. ૯-૭-૧૯૯૭ના પત્રની નોંધ લેવામાં
ાવી.

૩ (૪). યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના એડિશનલ સેક્રેટરી ડૉ. જી. જી. દંડાપતના ડી.ઓ. પત્ર ક્રમાંક એફ ૧૫-૧/૯૦/એસ.યુ.૧/ તા. ૩૧-૩-૧૯૯૭થી ૮મી યોજના હેઠળ બિલ્ડિંગના રૂ. ૪૦ લાખ તેમજ કૅમ્પસ ડેવલપમેન્ટના રૂ. ૧૦ લાખ એમ મળીને કુલ રૂ. ૫૦ લાખનું એલોકેશન યુ.જી.સી.એ મંજૂર કરેલું, તે યુનિવર્સિટીની વિનંતીથી "બુક્સ ઍન્ડ ઇક્વિપમેન્ટ"ના હેડ નીચે રીએલોકેશનથી અનુક્રમે રૂ. ૨૦ લાખ તેમજ રૂ. ૩૦ લાખ મંજૂર કરેલ છે અને યુ.જી.સી.એ ૭મી યોજના હેઠળ બિલ્ડિંગના કામ પેટે જે ગ્રાન્ટ રૂ. ૨૧,૩૮,૭૧૧-૫૦ પૈસા તેમજ કૅમ્પસ ડેવલપમેન્ટના રૂ. ૧૦,૦૦,૦૦૦ ગ્રાન્ટ મળેલી છે તે ઉપરોક્ત "બુક્સ ઍન્ડ ઇક્વિપમેન્ટ"ની ગ્રાન્ટ રૂ. ૫૦,૦૦,૦૦૦ની સામે એડજસ્ટ કરીને બાકીની ગ્રાન્ટ રૂ. ૧૮,૬૧,૨૮૮-૫૦ પૈસા અલગ રીતે ચૂકવી આપવા અંગેના આદેશો આપેલા છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના એડિશનલ ચીફ સેક્રેટરી ડૉ. જી. જી. દંડાપતના
. ૩૧-૩-૧૯૯૭ના પત્રની સાભાર નોંધ લેવામાં આવી.

(યુ.જી.સી.ના પત્રની નકલ **પરિશિષ્ટ "૧૮"** તરીકે સામેલ છે.)

૩ (૫). યુ.જી.સી.ના તા. ૨૮-૨-૧૯૯૭ના પત્રાંક ડી.ઓ.એન.એફ. ૨૭/૪/૯૬/એએસસી/ઇઆર/થી એકૅડેમિક સ્ટાફ કૉલેજની મુદત તારીખ ૩૧-૩-૧૯૯૭ સુધીની હતી તે વધારીને તા. ૩૦-૯-૧૯૯૭ સુધીની કરી છે, તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૮-૨-૧૯૯૭ના પત્રની સાભાર નોંધ
ામાં આવી.

૩ (૬). ૧૯૯૬ના વર્ષ માટેનો શ્રી હરિઓમ આશ્રમ પ્રેરિત એલેમ્બિક સંશોધન એવોર્ડ સર્જિકલ ઍન્ડ એલાઈડ બ્રાન્ચીઝના વિષય માટેનો ડૉ. રાજેશ સી. શાહને જાહેર કર્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતની સહર્ષ નોંધ લેવામાં આવી.

**૪. યુનિવર્સિટીનાં જુદા જુદાં ભવનોમાં ફરજ બજાવતા નીચેનાં શિક્ષકોનો બે વર્ષનો અજમાયશી સમય તેમનાં નામ
ી દર્શાવેલ તારીખે પૂરો થતો હોઈ તે તારીખથી કાયમ કરવા બાબત :**

ંક	*શિક્ષકનું નામ*	*હોદ્દો*	*વિભાગ*	*અજમાયશી સમય પૂરો થયાની તારીખ*	*કાયમ કરવાની તારીખ*
..	શ્રી પિકેશ એસ. પંડ્યા	લેક્ચરર ઇન હિસ્ટ્રી	સમાજવિદ્યા ભવન	૨૮-૨-૧૯૯૭	૧-૩-૧૯૯૭
.	શ્રી અંજના બી. શાહ	લેક્ચરર ઇન હિસ્ટ્રી	સમાજવિદ્યા ભવન	૨૨-૨-૧૯૯૭	૨૩-૨-૧૯૯૭
.	સીંગ અભયકુમાર	રીડર ઇન હિસ્ટ્રી	સમાજવિદ્યા ભવન	૨૮-૨-૧૯૯૭	૧-૩-૧૯૯૭
.	શ્રી એચ. સી. સરદાર	લેક્ચરર ઇન કૉમર્સ	કૉમર્સ ભવન	૨૮-૩-૧૯૯૭	૨૯-૩-૧૯૯૭
..	શ્રી સ્વાતિ એન. જુઠાણી	ટી.આર.એ.	બી. કે. સ્કૂલ	૯-૩-૧૯૯૭	૧૦-૩-૧૯૯૭
.	શ્રી એમ. એન. પટેલ	લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ	સ્ટેટિસ્ટિક્સ	૫-૪-૧૯૯૭	૬-૪-૧૯૯૭

	શ્રી ઉષા પાલ	રીડર ઇન કેમિસ્ટ્રી	રસાયણ વિભાગ	૧૫-૨-૧૯૯૬	૧૬-૨-૧૯૯૬
૮.	શ્રી એન. કે. શાહ	રીડર ઇન કેમિસ્ટ્રી	રસાયણ વિભાગ	૧૫-૨-૧૯૯૬	૧૬-૨-૧૯૯૬
૯.	શ્રી જે. એમ. ભટ્ટ	ટી.આર.એ.	બી. કે. સ્કૂલ	૧૫-૬-૧૯૯૭	૧૬-૬-૧૯૯૭
૧૦.	શ્રી એ. સી. ગુપ્તા	રીડર ઇન હિંદી	ભાષાભવન	૧૪-૭-૧૯૯૭	૧૫-૭-૧૯૯૭

ઉપરોક્ત સભ્યોના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા અને તે સંતોષકારક જણાતાં તેમની સામે જણાવેલ જગ્યા પર દર્શાવેલ તારીખથી કાયમ કરવાં.

૯. **ફાઇનાન્સ સમિતિની તા. ૨૧-૫-૧૯૯૭ના રોજ મળેલ સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે ફાઈનાન્સ સમિતિની તા. ૨૧-૫-૧૯૯૭ના રોજ મળેલ સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(નોંધ.–સભાની ભલામણો **પરિશિષ્ટ "૧૯"** તરીકે સામેલ છે.)

૧૦. **યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓના પ્રશ્નો પર વિચારણા કરવા માટેની સ્થાયી સમિતિની તારીખ ૧૭-૪-૧૯૯૭ના રોજ મળેલ સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે સ્થાયી સમિતિની તા. ૧૭-૪-૧૯૯૭ના રોજ મળેલ સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(નોંધ.–ઉપરક્ત સ્થાયી સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૨૦"** તરીકે સામેલ છે.)

૧૧. **તા. ૨૬-૬-૧૯૯૭ની યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત**

(૧) આંતર યુનિવર્સિટીઓમાં ભાગ લેવા જનાર ગુજરાત યુનિવર્સિટીની ટુકડીઓના ખેલાડીઓને તેમજ ટીમ મેનેજર/કોચને તેમજ તાલીમ શિબિરના કોચીઝને આપવામાં આવતા ટી.એ., ડી.એ.માં તા. ૮-૧૨-૯૬ની એક્ઝિક્યુટિવ કાઉન્સિલની સભામાં સુધારો કરવામાં આવેલ છે જેનો લાભ ટીમ સાથે જનાર યુનિવર્સિટી સ્ટાફને પણ આપવાનું રાખવું.

(૨) યુનિવર્સિટીની જુદી જુદી રમતોની આંતર વિભાગીય હરીફાઈઓના પંચોને આપવામાં આવતા ફીના નીચા ધોરણોનો સુધારો કરવાનું મંજૂર કરવા આ બોર્ડ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરે છે.

૧૨. **વિભાગીય સ્પર્ધાઓના આયોજકોને થતા વેતન અને મુસાફરી ખર્ચ અંગેના નિયમો :**

ક્રમાંક	રમતનું નામ	હાલનું વેતન	સુધારેલ વેતન
૧.	ફૂટબોલ, હોકી, વોલીબોલ, બાસ્કેટબોલ (ઓફિશિયલ્સ મેચના)	રૂ. ૨૦	રૂ. ૪૦
	કબડ્ડી, ખો-ખો		
૨.	ક્રિકેટ (એમ્પાયર્સ) રોજના	રૂ. ૪૦	રૂ.૬૦
૩.	વોલીબોલ, કબડ્ડી, ખો-ખો બાસ્કેટબોલ (ટેબલ મેચના)	રૂ. ૧૫	રૂ. ૨૦
	(ઓફિસિયલ્સ, ટાઇમકીપર, સ્કોરર્સ, લાઇનમેન વગેરે)		
૪.	ટેનિસ, ટેબલ-ટેનિસ, બેડમિન્ટન, ચેસ, (ઓફિસિયલ્સ સેસનના)	રૂ. ૨૦	રૂ. ૪૦
	દોડ, કૂદકા, એથલેટિક્સ, વેઇટલિફ્ટિંગ,		
	આર્ટ ફોર્મ્સ, સ્વિમિંગ વગેરે		
૫.	ચેસ (સ્કોરર્સ રોજના)	રૂ. ૨૦	રૂ. ૪૦
૬.	કેરમ્સ (સ્કોરર્સ મેચના)	રૂ. ૪	રૂ. ૮
૭.	પ્રો. ઇન-ચાર્જ ઓફ ધી રાઉન્ડ (સેશન/સીટિંગ)	રૂ. ૨૦	રૂ. ૪૦
૮.	ચેસ સિવાયની રમતો માટે પસંદગી-મુકાબલા	રૂ. ૬	રૂ. ૧૦
	આંતર મેનેજ તાલીમ શિબિર દરમ્યાન ગ્રાઉન્ડમેનને		
	મેદાન તૈયાર કરવાના તથા પાણી પાવાના થઈને એક સીટિંગના		
૯.	દિવસના ગ્રાઉન્ડમેનને મેદાન તૈયાર કરવાની મજૂરીના	રૂ. ૨૦	રૂ. ૩૦
	મેનેજ પાણી પાવાના રોજના (પસંદગી-મુકાબલા/ટુર્નામેન્ટ દરમ્યાન)		

૧૦. આંતર વિભાગીય હરીફાઈઓ માટે બહારગામથી આવનાર કે બહારગામ જનાર સભ્યને હરીફાઈના સ્થળે જવા-આવવાનું યુનિવર્સિટી નિયમ પ્રમાણે ટી.એ., ડી.એ. ઉપરાંત જે તે રમત માટે મંજૂર થયેલ મહેનતાણું ચૂકવવામાં આવશે.

૧૧. યુનિવર્સિટી ટીમની પસંદગી કરવા માટેની યુનિવર્સિટીની પસંદગી સમિતિના બહારગામથી આવતા સભ્યોને યુનિવર્સિટી નિયમ પ્રમાણે ટી.એ., ડી.એ. આપવા ઉપરાંત દરેક સેશન દીઠ રૂ. ૨૦ જ્યારે સ્થાનિક સભ્યોને યુનિવર્સિટી નિયમ મુજબ કેન્વયેન્સ એલાવન્સ આપવાનું રાખવું અને યુનિવર્સિટીના સ્ટાફને પણ આ લાભ આપવાનું રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૬-૬-૧૯૯૭ની યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્પોર્ટ્સની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો.

૮. તા. ૨૬-૫-૧૯૯૭ની બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલફેર સભાની નીચેની ભલામણ અનુસાર સાંસ્કૃતિક પ્રવાસમાં જોડાનાર વિદ્યાર્થીઓને રૂ. ૫૫ના બદલે રૂ. ૭૫ દૈનિક ભથ્થું આપવા અંગે વિચારણા કરવા બાબત.

ભલામણ

"વધુમાં ચર્ચાવિચારણાને અંતે ઠરાવ્યુ કે સાંસ્કૃતિક પ્રવાસ દરમિયાન રહેઠાણ ખર્ચ પેટે દૈનિક રૂ. ૫૫ ચૂકવવામાં આવે છે તેને બદલે સભામાં થયેલ ચર્ચાના અનુસંધાનમાં રૂ. ૭૫ દૈનિક રહેઠાણ ખર્ચ ચૂકવવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને કુલપતિશ્રી ભલામણ કરે છે. જ્યારે ભોજન ખર્ચ અગાઉ પ્રમાણે જ વિદ્યાર્થીઓને ભોગવવાનો રહેશે. આ વિદ્યાર્થી સભ્યોએ તરીકે તાલીમના સ્વરૂપે જ આ કાર્યક્રમને અનુસરવાનું રહેશે."

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૬-૫-૧૯૯૭ની બોર્ડ ફૉર સ્ટુડન્ટ્સ વેલફેરની સભાની ઉપરોક્ત ભલામણોનો સ્વીકાર કરવો.

૯. પ્રો. જે. જે. ચિનોય મેમોરિયલ લેક્ચર સીરીઝ માટે રૂ. ૩૫,૦૦૦નું પ્રદાન ડૉ. એ. ડી. મનસુરી, જ્યોર્જિયા યુ.એસ.એ. તરફથી ડૉ. જે. જે. ચિનોય મેમોરિયલ લેક્ચર સીરીઝ માટે ઉપરોક્ત પ્રદાન આપવાની તૈયારી દર્શાવી છે. તેના વાર્ષિક વ્યાજ રૂ. ૩૫૦૦માંથી ૫% વહીવટી ફાળો બાદ કરતાં રૂ. ૩૩૨૫ની બચતમાંથી સાયન્ટિફિક લેક્ચર દીઠ રૂ. ૨૦૦ ઓનરેરિયમ આપવાનું તેમજ ટી.એ., ડી.એ. ઉપરાંત અન્ય આગતાસ્વાગતા માટેનો ખર્ચ શરતોને આધિન પ્રદાન સ્વીકારવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ડૉ. એ. ડી. મનસુરી, જ્યોર્જીયા, યુ.એસ.એ. તરફથી ડૉ. જે. જે. ચિનોય મેમોરિયલ લેક્ચરર સીરીઝ માટે મળેલ ઉપરોક્ત પ્રદાનનો શરતોને આધીન સ્વીકાર કરવો.

૧૦. યુનિવર્સિટીનાં નીચેનાં ભવનોમાં ખાલી પડેલ શૈક્ષણિક જગ્યાઓ માટે યોજાયેલ ઇન્ટર્વ્યૂ અંગે વરણીસમિતિની ભલામણો અન્વયે તા. ૨૮-૯-૧૯૯૭ના રોજ મળેલ ઍકેડેમિક કાઉન્સિલની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત :

ક્રમાંક	*વિભાગ*	*હોદ્દો અને વિષય*	*વરણીસમિતિની સભાની તારીખ*
૧.	એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટર	ડાયરેક્ટર	૧૨-૭-૧૯૯૭
૨.	કાયદાશાસ્ત્ર ભવન	પ્રોફેસર ઇન લૉ	૧૨-૭-૧૯૯૭
૩.	મનોવિજ્ઞાન ભવન	રીડર ઇન સાયકોલોજી	૧૨-૭-૧૯૯૭
૪.	વિજ્ઞાન વિદ્યાભવન	લેક્ચરર ઇન બોટાની	૧૨-૭-૧૯૯૭
૫.	ભાષા-સાહિત્ય ભવન	પ્રોફેસર ઇન સંસ્કૃત	૨૬-૭-૧૯૯૭
૬.	ભાષા-સાહિત્ય ભવન	રીડર ઇન સંસ્કૃત	૨૬-૭-૧૯૯૭
૭.	મનોવિજ્ઞાન ભવન	રીડર ઇન ફિલોસોફી	૨૬-૭-૧૯૯૭
૮.	વિજ્ઞાન વિદ્યાભવન	રીડર ઇન લાઈફ સાયન્સ	૨૬-૭-૧૯૯૭
૯.	વિજ્ઞાન વિદ્યાભવન	રીડર ઇન ફિઝિક્સ	૨૬-૭-૧૯૯૭
૧૧.	સમાજવિદ્યા ભવન	લેક્ચરર ઇન ઇકોનોમિક્સ	૨૬-૭-૧૯૯૭
૧૨.	સમાજવિદ્યા ભવન	પ્રોફેસર ઇન સોશિયોલોજી	૨૭-૭-૧૯૯૭
૧૩.	ગ્રંથાલયશાસ્ત્ર ભવન	લેક્ચરર ઇન લાઇબ્રેરી ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સ	૨૭-૭-૧૯૯૭
૧૪.	બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	પ્રોફેસર ઇન બિઝનેસ મૅનેજમેન્ટ	૨૭-૭-૧૯૯૭
૧૫.	બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટ	ટીચિંગ રિસર્ચ એસોસિએટ	૨૭-૭-૧૯૯૭
૧૬.	વિજ્ઞાન વિદ્યાભવન (ગણિત વિભાગ)	લેક્ચરર ઇન મૅથેમેટિક્સ	૧૬-૮-૧૯૯૭
૧૭.	વિજ્ઞાન વિદ્યાભવન	લેક્ચરર ઇન ઝૂલોજી	૧૬-૮-૧૯૯૭
૧૮.	એમ.સી.એ. અભ્યાસક્રમ	લેક્ચરર ઇન કૉમ્પ્યુટર સાયન્સ	૧૬-૮-૧૯૯૭
૧૯.	ભાષા-સાહિત્ય ભવન	લેક્ચરર ઇન ઉર્દૂ	૧૬-૮-૧૯૯૭

૧૦ (૧૦). સમાજ વિદ્યાભવન ખાતે રીડર ઇન ઇકોનોમિક્સની જગ્યા ભરવા સારુ તા. ૫-૧૦-૧૯૯૭ના રોજ મળેલ ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર શ્રી કે. એમ. ભટ્ટની રીડરના પગારધોરણ રૂ. ૩૭૦૦--૫૭૦૦માં બે વર્ષના અજમાયશી સમય માટે ગુજરાત હાઈકોર્ટના વચગાળાના આદેશ મુજબ તદ્‌ર્થ ધોરણે નિમણૂક કરવા તથા સદરહુ ગુજરાત હાઈકોર્ટની રિટ પિટિશન સ્પે. સિવિલ એપ્લિકેશન નં. ૬૧૬૯/૧૯૯૭ના ચુકાદાને આધીન રહેશે તેમ સ્પષ્ટ ઉલ્લેખ નિમણૂકપત્રમાં કરવાની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ પર વિચારણા કરવા સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે :-

(૧) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર એજ્યુકેશનલ મીડિયા રિસર્ચ સેન્ટરમાં ડાયરેક્ટરની જગ્યા પર શ્રી ધીરેન અવાશિયાની નિમણૂક રૂ. ૪૫૦૦-૭૩૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૨) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર પ્રોફેસર ઇન લૉની જગ્યા પર શ્રી એચ. એસ. પાઠકની નિમણૂક રૂ. ૪૫૦૦-૭૩૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૩) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર સદરહુ જગ્યાની પુન: જાહેરખબર આપવી.

(૪) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર સદરહુ જગ્યાની પુન: જાહેરખબર આપવી.

(૫) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર પ્રોફેસર ઇન સંસ્કૃતની જગ્યા પર શ્રી ભટ્ટ વસંતકુમાર એમ.ની નિમણૂક રૂ. ૪૫૦૦—૭૩૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૬) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર રીડર ઇન સંસ્કૃતની જગ્યા પર શ્રી ચોક્સી કમલેશકુમાર સી.ની નિમણૂક રૂ. ૩૭૦૦—૫૭૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૭) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર રીડર ઇન ફિલોસોફીની જગ્યા પર શ્રી ત્રિવેદી ભાવના પી.ની નિમણૂક રૂ. ૩૭૦૦—૫૭૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૮) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર રીડર ઇન લાઇફ સાયન્સની જગ્યા પર શ્રી જૈન નયનકુમાર કે.ની નિમણૂક રૂ. ૩૭૦૦—૫૭૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૯) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર રીડર ઇન ફિઝિક્સની જગ્યા પર શ્રી જોટાણીયા રાજશ્રી બી.ની નિમણૂક રૂ. ૩૭૦૦—૫૭૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૧૦) આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણનો ચર્ચાવિચારણાને અંતે બહુમતીથી (બે સભ્યશ્રીઓનો વિરોધ હતો) સ્વીકાર કરવામાં આવ્યો.

(૧૧) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર લેક્ચરર ઇન ઇકોનોમિક્સની બે જગ્યા પર (૧) શ્રી પ્રજાપતિ પ્રદીપ પી. અને (૨) શ્રી પરદેશી સંજયકુમાર આર.ની નિમણૂક રૂ. ૨૨૦૦—૪૦૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૧૨) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર સદરહુ જગ્યાની પુન: જાહેરખબર આપવી.

(૧૩) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર લેક્ચરર ઇન લાઇબ્રેરી ઍન્ડ ઇન્ફર્મેશન સાયન્સની જગ્યા પર શ્રી ગઢવી ગીતા એન.ની નિમણૂક રૂ. ૨૨૦૦-૪૦૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૧૪) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર પ્રોફેસર ઇન બિઝનેસ મૅનેજમેન્ટની જગ્યા પર શ્રી સી. ગોપાલકૃિષ્નની નિમણૂક રૂ. ૪૫૦૦—૭૩૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૧૫) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર (૧) શ્રી પરીખ માર્ગી સુનિલ, (૨) શ્રી જૈન ઈંગીતા, (૩) શ્રી નાયર સતીશ કે.ની પસંદગીના ક્રમાનુસાર બી. કે. સ્કૂલ ઑફ બિઝનેસ મૅનેજમેન્ટમાં ટીચિંગ રિસર્ચ ઍસોસિયેટની એક જગ્યા પર રૂ. ૨૨૦૦—૪૦૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(૧૬) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર લેક્ચરર ઇન મૅથેમેટિક્સની બે જગ્યા પર (૧) શ્રી શ્રીમાળી નરેન્દ્ર પી. અને (૨) શ્રી ઠાકર કૌશિક વી.ની નિમણૂક રૂ. ૨૨૦૦–૪૦૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૧૭) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર (૧) શ્રી ચંડેલ દિવ્યા, (૨) શ્રી શાહ કમલેશકુમાર ડી.ની પસંદગીના ક્રમાનુસાર લેક્ચરર ઇન ઝૂલોજીની એક જગ્યા પર શ્રી રૂ. ૨૨૦૦-૪૦૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે નિમણૂક કરવી.

(૧૮) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર લેક્ચરર ઇન કૉમ્પ્યુટર સાયન્સની બે જગ્યા પર (૧) શ્રી લોબો ફ્લેવીયા મોનિકા અને (૨) શ્રી પરીખ જ્યોતિની નિમણૂક રૂ. ૨૨૦૦-૪૦૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(૧૯) તા. ૫-૧૦-૧૯૯૭ની ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ સ્વીકારવી તથા તદનુસાર લેક્ચરર ઇન ઉર્દૂની જગ્યા પર શ્રી અન્સારી કરીમુલ્લા એમ.ની નિમણૂક રૂ. ૨૨૦૦-૪૦૦૦ના પગારધોરણમાં બે વર્ષના અજમાયશી સમય માટે કરવી.

(વરણીસમિતિની ભલામણો **પરિશિષ્ટ "૨૧/૧ થી ૨૧/૧૯"** તરીકે સામેલ છે.)

૧૧. સર્વશ્રી અતુલ ભટ્ટ, ઓધવજી બલર, ડૉ. અતુલ મુન્શી, ડૉ. રાઘવજી બલર, મહેન્દ્ર બલર, જનક બલર તથા કમલ બલર તરફથી એમ.ડી. પેથોલોજી પરીક્ષામાં સૌથી વધુ ગુણાંકન સાથે પ્રથમ પ્રયત્ને પાસ થનારને "ડૉ. દામોદર બલર સ્મૃતિચંદ્રક" આપવા માટે રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)નું પ્રદાન નીચેની શરતોએ સ્વીકારવાની વિચારણા કરવા બાબત :

શરતો

૧. ડૉ. દામોદર સ્મૃતિચંદ્રક આ યુનિવર્સિટીની વર્ષમાં બેવાર લેવાતી એમ.ડી. પેથોલોજીની પરીક્ષા અર્થાત ઑક્ટોબર તથા માર્ચ-એપ્રિલની પરીક્ષા પૈકી પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીને એનાયત કરવામાં આવશે. જો એક કરતાં વધુ વિદ્યાર્થી સરખા ગુણ મેળવે તો થિયરી તથા પ્રેક્ટિકલના ગુણને ગણતરીમાં લઈ થિયરીમાં જેણે વધુ ગુણ મેળવ્યા હશે તેને ચંદ્રક એનાયત કરવામાં આવશે.

૨. સદરહુ ચંદ્રક વિજેતાનું નામ જે તે પરીક્ષાના પરિણામ વખતે શક્ય હશે ત્યાં સુધી જાહેર કરવામાં આવશે, અને પદવીદાન સમારંભ વખતે ચંદ્રક એનાયત કરવામાં આવશે, તેમજ પ્રતિવર્ષ દાતાને તેની જાણ કરવામાં આવશે.

૩. સદરહુ ચંદ્રક એનાયત કરવામાં વિજેતાની નાત-જાત કે વર્ગનો ભેદ રાખવામાં આવશે નહીં.

૪. સદરહુ ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોમાં યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલને વખતોવખત કોઈ શરતો ઉમેરવાનું કે તેમાં ફેરફાર કરવાનું આવશ્યક જણાશે તો તેમ કરવા તેને અબાધિત અધિકાર રહેશે.

૫. આ સખાવતની વાર્ષિક આવકમાંથી પાંચ ટકા કપાત વહીવટી ખર્ચ તરીકે યુનિવર્સિટીના જનરલ ફંડમાં લઈ જવામાં આવશે.

આથી ઠરાવવામાં આવે છે કે સર્વશ્રી અતુલ ભટ્ટ,,ઓધવજી બલર, ડૉ. અતુલ મુન્શી, ડૉ. રાઘવજી બલર, મહેન્દ્ર બલર, જનક બલર, તથા કલમ બલર, તરફથી મળેલ "ડૉ. દામોદર બલર સ્મૃતિચંદ્રક" માટેના પ્રદાનનો ઉપરોક્ત શરતોને આધીન સ્વીકાર કરવો.

૧૨. કુલપતિશ્રીએ મંજૂર કરેલાં નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧૨ (૧). ફાઈનાન્સ સમિતિની તા. ૩૧-૩-૧૯૯૭ની સભાએ પરીક્ષાના કામ અંગે ટેક્ષીઓ ભાડે લેવા અંગે તેમ જ યુનિવર્સિટીની ટપાલો કુરિયર દ્વારા પહોંચાડવા અંગે કુલપતિશ્રીને આપેલ સત્તા અન્વયે સદરહુ સભાની નોંધ મંજૂર કર્યાનું;
(સદરહુ ફાઈનાન્સ સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૨૨"** તરીકે સામેલ છે.)

૧૨ (૨). યુનિવર્સિટી કાર્યાલયમાં-ભવનોમાં ફરજ બજાવતા કર્મચારીઓની દર્શાવેલ તારીખોએ જે તે પગારધોરણમાં આવતાં કાર્યક્ષમતા અંતરાય ઓળંગવા માટે પરવાનગી આપ્યાનું;
(નોંધ.–સદરહુ યાદી **પરિશિષ્ટ "૨૩"** તરીકે સામેલ છે.)

૧૨ (૩). એમ.કૉમ. ભાગ ૨ માર્ચ-એપ્રિલ, ૧૯૯૭માં લેવાયેલ પરીક્ષામાં પરીક્ષાર્થી શ્રી રાવલ અભય કાંતિલાલે બેઠક નંબર ૫૭૮ કોસ્ટિંગ પેપર ૪માં પુનર્મૂલ્યાંકન કરાવેલ તેમાં 'નો મીસ્ટેક' જણાવેલ. એ વિદ્યાર્થીએ કોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૫૪૮૦ ઑફ ૧૯૯૭થી રિટ પિટિશન કરેલ હોઈ તે અંગે યુનિવર્સિટી વતી એડવોકેટ રોક્યનું અને તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૨ (૪). અનુસ્નાતક ડેન્ટલના જુલાઈ, ૧૯૯૭ના પ્રવેશ સંદર્ભમાં ડૉ. શીતલ કે. શાહે ગુજરાત યુનિવર્સિટી વિરુદ્ધ એસ.સી. નં. ૬૪૯૯/૯૭થી ગુજરાત હાઈકોર્ટમાં દાદ માગેલ છે. તે અંગે યુનિવર્સિટી વતી વકીલ રોક્યાનું તથા તે અંગે થનાર આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૨ (૫). બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રચના અંગેના ઑર્ડિનન્સ-૭ની કલમ VI અને VII અન્વયે અનુક્રમે યુનિવર્સિટીના બંને વિભાગમાંથી (અમદાવાદ વિભાગ અને દક્ષિણ વિભાગ) નીચે પ્રમાણે એક એક વ્યાખ્યાન શિક્ષક અને એક એક વિદ્યાર્થી પ્રતિનિધિની નિમણૂક કર્યાનું;

ક્રમ	અમદાવાદ વિભાગ	દક્ષિણ વિભાગ
૧. ઑર્ડિ.-૭ની કલમ-VI	શ્રી ડી. કે. વાળા	શ્રી એન. એલ. પટેલ
વ્યાયામ શિક્ષક	વિવેકાનંદ કૉલેજ	આર્ટ્સ-સાયન્સ કૉલેજ, છોટાઉદેપુર
૨. ઑર્ડિ.-૭ની કલમ-VII	શ્રી ચિંતન પટેલ	કુ. કેના ધોળકિયા
વિદ્યાર્થી પ્રતિનિધિ	સેંટ ઝેવિયર્સ કૉલેજ	આર. આર લાલન કૉલેજ, ભૂજ

૧૨ (૬). માન્ય સંસ્થાઓને માન્યતા આપવાની અરજી સાથે રૂ. ૧૦,૦૦૦ની ફી તથા માન્યતા રિન્યુ કરાવવાની ફી રૂ. ૨,૦૦૦ની જોગવાઈ કરવા ઑર્ડિ. ૧૨૦-સી(બી)માં સુધારો કર્યાનું અને તેને અમલમાં મુક્યાનું;

(નોંધ.–સુધારેલ ઑર્ડિ. ૧૨૦-સી આ સાથે **પરિશિષ્ટ "૨૪"** તરીકે સામેલ છે.)

૧૨ (૭). કેન્ટીન સમિતિની તા. ૧૪-૨-૧૯૯૭, તા. ૬-૩-૧૯૯૭, તા. ૧૫-૩-૧૯૯૭ તથા તા. ૨૬-૩-૧૯૯૭ની સભાની ભલામણો મંજૂર કર્યાનું;

(કેન્ટીન સમિતિની સભાની તા. ૧૪-૨-૧૯૯૭, તા. ૬-૩-૧૯૯૭, તા. ૧૫-૩-૧૯૯૭, તા. ૨૬-૩-૧૯૯૭ની મિનિટ્સ **પરિશિષ્ટ "૨૫"** તરીકે સામેલ છે.)

૧૨ (૮). તા. ૨૮-૫-૧૯૯૭ના રોજ મળેલ પ્રકાશન વહીવટી સમિતિની નોંધ મંજૂર કર્યાનું;

(નોંધ.–સદરહુ સમિતિની નોંધ **પરિશિષ્ટ "૨૬"** તરીકે સામેલ છે.)

૧૨ (૯). બી.ઇ. સિવિલ એન્જિનિયરિંગની અભ્યાસ સમિતિની તા. ૯-૭-૧૯૯૭ની સભામાં બી.ઇ. (સિવિલ) કન્સ્ટ્રક્શન ટેકનોલોજી એન્ડ મૅનેજમેન્ટ વિષયનો નવો અભ્યાસક્રમ સેમે. ૩થી ૮ તા. ૧૦-૯-૧૯૯૭ની ઇજનેરી વિદ્યાશાખાએ મંજૂર કરી ૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષથી અમલમાં લેવા કરેલ ભલામણ સ્વીકાર્યાનું;

(નવો અભ્યાસક્રમ **પરિશિષ્ટ "૨૭"** તરીકે સામેલ છે.)

૧૨ (૧૦). બી.ઇ. ઇન્ફર્મેશન ટેક્નોલોજીની એડહોક સમિતિની તા. ૯-૭-૧૯૯૭ની સભાએ પ્રથમ વર્ષ બી.ઇ. (ઇન્ફર્મેશન ટેક્નોલોજી)ના (૧) એપ્લિકેશન પેકેજીઝ-૧ અને (૨) પ્રોગ્રામિંગ લેંગ્વેજ-૨ વિષયોના નવા અભ્યાસક્રમ તા. ૧૦-૯-૧૯૯૭ની ઇજનેરી વિદ્યાશાખાએ મંજૂર કરી જૂન ૧૯૯૭થી અમલમાં લેવાની કરેલ ભલામણ સ્વીકાર્યાનું;

(નવો અભ્યાસક્રમ **પરિશિષ્ટ "૨૮"** તરીકે સામેલ છે.)

૧૨ (૧૧). શૈક્ષણિક વર્ષ ૧૯૯૭-૯૮થી બૅચેલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (બી.બી.એ.)નો સ્નાતક કક્ષાનો સેલ્ફ ફાઈનાન્સ અભ્યાસક્રમ શરૂ કરવા સારુ નીચે દર્શાવેલ સંસ્થાઓ તરફથી આવેલ જોડાણ અરજીઓ ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૩૩ અને ઑર્ડિ. ૧૨૦ અનુસાર સમયમર્યાદા બાદ આવી હોઈ સદરહુ ધારાની જોગવાઈ અનુસાર શિક્ષણના વૈવિધ્યની દૃષ્ટિએ સદરહુ અરજીઓ સ્વીકાર્યાનું અને તે અન્વયે નીડ તથા સ્થાનિક તપાસસમિતિ નિયુક્ત કર્યાનું તે સ્થાનિક તપાસસમિતિના હેવાલના આધારે આ સાથે સામેલ ઍકેડેમિક કાઉન્સિલની ભલામણો સ્વીકાર્યાનું અને તે અન્વયે નિયત શરતોનું પરિપાલન સદરહુ સંસ્થાઓએ કરેલ હોઈ ૧૯૯૭-૯૮ના વર્ષ માટેનું જોડાણનું જાહેરનામું બહાર પાડ્યાનું;

૧. ગુજરાત લૉ સોસાયટી, અમદાવાદ

૨. સોમલલિત એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, અમદાવાદ

૩. સરદાર વલ્લભભાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદોવાદ.

(નોંધ.–હેવાલની નકલ તથા ઍકેડેમિક કાઉન્સલની ભલામણો **પરિશિષ્ટ "૨૯"** તરીકે સામેલ છે.)

૧૨(૧૨). (અ) તા. ૧૫-૪-૧૯૯૭ની બાંધકામ સમિતિની સભાની ભલામણો ક્રમાંક ૨, ૩, ૪, ૫ તથા ૮ મંજૂર કર્યાનું અને (બ) બાંધકામ સમિતિની સભા તા. ૧૫-૪-૧૯૯૭ની ભલામણ ક્રમાંક ૧, ૬, ૭ તથા ૯ અંગે વિચારણા કરવા બાબત.

(બાંધકામ સમિતિની નકલ **પરિશિષ્ટ "૩૦"** તરીકે સામેલ છે.)

કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૧૨(૧)થી ૧૨(૧૨)(અ) સુધીનાં કાર્યોની નોંધ લેવામાં આવી.

બાબત ક્રમાંક ૧૨(૧૨)(બ) બાંધકામ સમિતિની તા. ૧૫–૪–૧૯૯૭ની સભાની ભલામણો ૧, ૬, ૭ તથા ૯નો સ્વીકાર કરવો.

૧૩. આ યુનિવર્સિટીમાંથી બી.બી.એ.ની પરીક્ષા પાસ કરેલ વિદ્યાર્થીઓને એમ.કૉમ.માં ફક્ત બિઝનેસ મૅનેજમેન્ટ વિષયમાં પ્રવેશપાત્ર ગણવા અંગે ઑર્ડિ. એમ.કૉમ. ૧માં સુધારો કરવા ઍકૅડેમિક કાઉન્સિલે કરેલ ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલે કરેલ ઉપરોક્ત ભલામણનો સ્વીકાર કરવો.

(નોંધ.–સુધારવામાં આવનાર ઑર્ડિ. એમ.કૉમ. ૧ આ સાથે **પરિશિષ્ટ "૩૧"** તરીકે સામેલ છે.)

૧૪. યુનિવર્સિટી ધારાની સ્ટે. ૧૪(૧)માં સુધારો કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. ધારાના સ્ટે. ૧૪(૧)માં સુધારો કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવી.

(સ્ટે. ૧૪(૧)નો સૂચિત સુધારો **પરિશિષ્ટ "૩૨"** તરીકે સામેલ છે.)

૧૫. યુનિવર્સિટી ધારાના સ્ટે. ૪ (૧)(૨) અને (૯)માં સુધારો કરવા યુનિવર્સિટી કોર્ટને ભલામણ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિ. ધારાના સ્ટે. ૪ (૧), (૨) અને (૯)માં સુધારો કરવા યુનિ. કોર્ટને ભલામણ કરવી.

(સ્ટે. ૪ (૧)(૨) અને (૯)નો સૂચિત સુધારો **પરિશિષ્ટ "૩૩"** તરીકે સામેલ છે.)

૧૬. આ યુનિવર્સિટીની માન્ય સંસ્થાઓના નિયામક અને રીડરની નિમણૂક કરવા માટેના પ્રવર્તમાન લાયકાતનાં ધોરણોમાં સુધારો કરવા માટે ઍકૅડેમિક કાઉન્સિલે કરેલી ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણનો સ્વીકાર કરવો.

(લાયકાતનાં ધોરણો આ સાથેના **પરિશિષ્ટ "૩૪"** તરીકે સામેલ છે.)

૧૭. બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને અધ્યાપન કૉલેજોને આપવાની સહાય-ગ્રાન્ટના માળખામાં સુધારણા-બિનશૈક્ષણિક કર્મચારીઓના મહેકમ ઇત્યાદિ બાબત પર શિક્ષણ વિભાગના તા. ૨૧-૬-૧૯૯૭નાં ઠરાવ ક્રમાંક એનજીસી- ૧૫૯૬-૧૯૪૯-૧૫૯૬-ખ પરત્વે વિચારણા કરવા બાબત. .

આથી ઠરાવવામાં આવે છે કે શિક્ષણ વિભાગના તા. ૨૧-૬-૧૯૯૭નાં ઉપરોક્ત ઠરાવની સાભાર નોંધ લેવામાં આવી.

(નોંધ.–રાજ્ય સરકારશ્રીના સદરહુ ઠરાવની નકલ **પરિશિષ્ટ "૩૫"** તરીકે સામેલ છે.)

૧૮. સેક્શન ઑફિસર સુધીની જગ્યાઓ કે જેનું પગારધોરણ રૂ. ૨,૦૦૦-૩,૫૦૦ સુધીનું છે, ત્યાં સુધીના અને તેની નીચેના પગારધોરણની જગ્યાઓ માટે કાર્યક્ષમતા અંતરાય (ઈ.બી.) ઓળંગવાની બાબતને મંજૂર કરવા અંગે કાયમી ધોરણે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબતે કાયમી ધોરણે નિર્ણય લેવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૯. કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેનાં કાર્યો (જાણ સારુ) :

૧૯ (૧). એલએલ.એમ. ભાગ–૨ મે, ૧૯૯૭માં લેવાયેલ પરીક્ષામાં પરીક્ષાર્થી શ્રી વ્રજલાલ કે. સાપોવાડિયાએ બેઠક નં. ૨૮૫ નાપાસ થતાં નામદાર હાઈકોર્ટમાં સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન નં. ૬૨૦૬ ૧૯૯૭થી રિટ પિટિશન કરેલ હોઈ, તે અંગે યુનિવર્સિટી વતી એડવોકેટ રોક્યાનું અને તે અંગેનું આનુષંગિક ખર્ચ મંજૂર કર્યાનું;

૧૯ (૨). તોલાની કૉલેજ ઑફ આર્ટ્સ અને સાયન્સ (આદિપુર-કચ્છ)માં માન્ય અનુસ્નાતક શિક્ષકની અનઉપલબ્ધિના કારણે ૧૯૯૮-૯૯ના વર્ષથી હિન્દી વિષયનું અનુસ્નાતક કેન્દ્ર ક્રમશ: બંધ કરવાની પરવાનગી આપ્યાનું;

૧૯ (૩). પોસ્ટ-ગ્રેજ્યુએટ એડવાન્સ ડિપ્લોમા કોર્સ ઇન બાયોમેડિકલ ટેક્નોલોજીનો કોર્સ ૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષથી સ્વનિર્ભર રીતે શરૂ કરવા સમિતિની તા. ૨૦-૮-૧૯૯૭ની સભામાં કરેલ ભલામણ ઍકૅડેમિક કાઉન્સિલ વતી સ્વીકારીને મંજૂર કર્યાનું.

(નવો અભ્યાસક્રમ **પરિશિષ્ટ "૩૬"** તરીકે સામેલ છે.)

કુલપતિશ્રીએ મંજૂર કરેલાં ઉપરોક્ત ક્રમાંક ૧૯(૧)થી ૧૯(૩) સુધીનાં કાર્યોની નોંધ લેવામાં આવી.

૨૦. રાજ્યની યુનિવર્સિટીઓની બિનસરકારી કાયદા વિદ્યાશાખાની સંલગ્ન કૉલેજોને શૈક્ષણિક વર્ષ ૧૯૯૬-૯૭થી અનુદાનપાત્ર ગણવા બાબત ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૫-૯-૧૯૯૭ના ઠરાવ ક્રમાંક એન.જી.સી. ૧૫૯૬સી.સી. ૧૩૧/ખની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૫-૯-૧૯૯૭ના ઠરાવની સાભાર નોંધ લેવામાં આવી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન લૉ કૉલેજોને પરિપત્ર દ્વારા જણાવવું કે ૧૯૯૬-૯૭ના વર્ષમાં પ્રથમ સત્રમાં વિદ્યાર્થીઓ પાસેથી લેવાયેલ રૂ. ૧૦૦ની વહીવટી ખર્ચની ફી જે તે વિદ્યાર્થીના બીજા સત્રની ફીમાં મજરે આપવી તથા આ વર્ષના બીજા સત્રથી આ વધારાની ફી લેવાનું બંધ કરવું.

(સદરહુ માહિતી **પરિશિષ્ટ "૩૭"** તરીકે સામેલ છે)

૨૧. તા. ૩-૧૦-૧૯૯૭ના રોજ મળેલ ફાઈનાન્સ સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ફાઇનાન્સ સમિતિની તા. ૩-૧૦-૧૯૯૭ની રોજ મળેલ સભાની ભલામણોનો સ્વીકાર કરવો.

(સમિતિની ભલામણો **પરિશિષ્ટ "૩૮"** તરીકે સામેલ છે.)

ત્યારબાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબતો રજૂ કરવામાં આવી.

૨૨. ઇ.એમ.આર.સી.માં પ્રોડ્યુસર તરીકે ફરજ બજાવતાં શ્રી રાજેશ ઝવેરીની નિમણૂક સ્ટેટ ઇન્સ્ટિટ્યૂટ ઑફ એજ્યુકેશનલ ટેક્નોલોજી, પટના (બિહાર)ના ડાયરેક્ટર તરીકે થયેલી હોવાથી તેઓએ તા. ૨૧-૮-૧૯૯૭થી હવાલો સંભાળી લીધો છે. તેના સંદર્ભમાં તેમની તા. ૨૩-૯-૧૯૯૭ની અરજીમાં તા. ૨૧-૮-૧૯૯૭થી તા. ૨૦-૨-૧૯૯૮ (૬ માસ) સુધી લીયન મંજૂર કરવા અંગે કરેલી વિનંતી માન્ય રાખીને સદરહુ સમય માટે લીયન મંજૂર કર્યાનું.

કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૨૩. અનુસ્નાતક મેડિકલના મદદનીશ અનુસ્નાતક શિક્ષકની માન્યતા મેળવવા માટેના ઑર્ડિનાન્સ ૬૫-એમ(૨)-ની નોંધ (i) ના (ii) અને (iii)માં સુધારો કર્યાના.

કરેલ સુધારાને નીચે મુજબ વંચાણે લેવું :

(ii) Two year's experience as a Registrar/Residence in the same branch in a teaching institution, where he/she is working his/her speciality.

(iii) If the teacher's has not worked as a Registrar/Residence for the requisite period the experience at a Junior Lecturer (Tutor) be considered adequate.

કુલપતિશ્રીએ મંજૂર કરેલ ઉપરોક્ત કાર્યની નોંધ લેવામાં આવી.

૨૪. ઇન્ટરનેશનલ ઍસોસિએશન ઑફ યુનિવર્સિટીઝ દ્વારા બૅંગકોક, થાઇલેન્ડમાં Fourth Mid-term Conference જેમાં "Universities responsibilities to Society"ના વિષય પરત્વે તા. ૧૨થી ૧૪ નવેમ્બર, ૧૯૯૭ દરમિયાન યોજાનાર કોન્ફરન્સમાં ભાગ લેવા કુલપતિશ્રી એસ. બી. વોરાને મળેલ આમંત્રણનો સ્વીકાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૫૩,૭૫૦ થવા જશે. જે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનએસાઇન ગ્રાન્ટમાંથી નિયમાનુસાર મળશે.)

ઉપરોક્ત વિષય પરત્વે તા. ૧૨થી ૧૪ નવેમ્બર, ૧૯૯૭ દરમિયાન યોજાનાર કૉન્ફરન્સમાં ભાગ લેવા કુલપતિશ્રી એસ. બી. વોરાને મળેલ આમંત્રણનો સ્વીકાર કરવો તથા આ અંગે થનાર અંદાજી ખર્ચ રૂ. ૫૩,૭૫૦ મંજૂર કરવો.

૨૫. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કૉલેજીસ આચાર્ય મંડળના પ્રમુખશ્રીની તા. ૧-૧૦-૧૯૯૭ની રજૂઆત પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આચાર્ય મંડળની સદરહુ દરખાસ્તનો સ્વીકાર કરવો અને સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીનો તથા ઉ. શિ. કમિ.શ્રીને પરિપત્ર દ્વારા જણાવવું કે સંલગ્ન કૉલેજના આચાર્યશ્રીને રાજ્ય સરકારના નિયમાનુસાર ઘરભાડા ભથ્થું આપવા રૂ. ૧,૦૦૦ જે વધુ હોય તે ચૂકવવાનું રાખવું તથા યુનિવર્સિટીના જે કેમ્પસમાં આચાર્યને ભાડામુક્ત રહેઠાણ આપવાની જોગવાઇ રદ કરવી.

(નોંધ.—રાજ્ય સરકારશ્રીની અનુમતી મળ્યેથી ઉપરોક્ત ફેરફારનો અમલ થશે.)

(આચાર્ય મંડળની રજૂઆત **પરિશિષ્ટ "૩૯"** તરીકે સામેલ છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

સેનેટ. કા.ઈ./ ૧૩૬૪૫ /૧૯૯૮

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,

અમદાવાદ-૩૮૦ ૦૦૯, તા. ૧૭–૧–૧૯૯૮

એમ. પી. જડિયા
કુલસચિવ

પરિશિષ્ટ '૧/૧'

કામકાજ ક્રમાંક ૨(૨) (૧)

સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદમાં બી.એસસી. (સ્પે.)માં ઇલેક્ટ્રોનિક્સના વિષય શીખવવા માટેનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક-ઍકૅડેમિક/૨૧/૧૬૪૦૩/૧૯૯૬, તા. ૫-૧૨-૧૯૯૬ના સંદર્ભમાં અમે તારીખ ૧૦-૧૨-૧૯૯૬ના રોજ સેન્ટ ઝેવિયર્સ કૉલેજની મુલાકાત લીધી હતી. ટી.વાય. બી.એસસી. (ઇલેક્ટ્રોનિક્સ) કક્ષાએ ૨૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે સદરહુ કૉલેજમાં પૂરતા પ્રમાણમાં સ્ટાફ, પૂરતા પ્રમાણમાં પ્રયોગશાળાની જગ્યા અને સાધનો હોવાનું અમે નોંધ્યુ છે. વળી, સદરહુ વિષયનાં પુસ્તકો પણ કૉલેજના ગ્રંથાલયમાં પૂરતા પ્રમાણમાં હોવાનું માલૂમ પડ્યું હતું. હાલમાં પણ કામચલાઉ ધોરણે આ કૉલેજમાં ટી.વાય.બી.એસસી. કક્ષાએ ૨૦ વિદ્યાર્થીઓને ઇલેક્ટ્રોનિક્સમાં શિક્ષણ આપવામાં આવી રહ્યું છે, અને છેલ્લાં ૫ વર્ષમાં કૉલેજનાં આ વિષયનાં યુનિવર્સિટી પરીક્ષાનાં પરિણામો પણ ઘણાં જ સંતોષકારક જણાયાં છે આ બધી બાબતોને ધ્યાનમાં લેતાં અમે સમિતિના સભ્યો સર્વાનુમતે સેંટ ઝેવિયર્સ કૉલેજને ટી.વાય. બી.એસસી. કક્ષાએ ઇલેક્ટ્રોનિક્સ વિષયમાં ૨૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવા માટે કાયમી જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

ડૉ. વી. બી. ગોહિલ
પ્રિ. સી. બી. ગેમાવત
પ્રિ. વાડીભાઈ પટેલ.

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૮-૨-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એસસી.(સ્પે.)માં ઇલેક્ટ્રોનિક્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૬થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૨. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૩. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૪. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

પરિશિષ્ટ "૧/૨"

કામકાજ ક્રમાંક ૨(૨) (૨)

જે. એલ. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાંકણપુરનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

તા. ૧૮-૨-૧૯૯૭ના રોજ અમે ઉપરોક્ત સંસ્થાની રૂબરૂ મુલાકાત લીધી હતી. સંસ્થાના સંચાલક શ્રી ભરતભાઈ શાહ તથા કૉલેજના આચાર્યશ્રી પાસેથી જરૂરી માહિતી મેળવી હતી. આ ઉપરાંત કૉલેજના અધ્યાપકોના પ્રતિભાવ પણ મેળવ્યા હતા અને કૉલેજ-લાઇબ્રેરીની મુલાકાત લીધી હતી. કૉલેજ પાસે પોતાની માલિકીનું યોગ્ય સગવડવાળું મકાન ઉપલબ્ધ છે.

જૂન, ૧૯૯૪થી જે શરતોને આધીન યુનિવર્સિટી સાથે સંસ્થાને જોડાણ આપવામાં આવ્યું હતું, તે શરતોનું પાલન નીચેની બાબતોમાં થયેલ જણાય છે :

૧. કાર્યભારને અનુલક્ષીને જરૂરી અધ્યાપકવર્ગ તથા ગ્રંથપાલ સહિતની નિમણૂક.

૨. કાર્યાલયમાં ત્રીજા તથા ચોથા વર્ગના કર્મચારીગણની નિમણૂક.

૩. બિનશિક્ષક કર્મચારીઓને બૅંક ઍડવાન્સ દ્વારા ચુકવણી.

કૉલેજની લાઇબ્રેરીમાં જે તે વિષયના સંદર્ભમાં રેફરન્સ પુસ્તકો ખરીદવા માટે તથા વિષયને લગતાં મેગેઝિન મંગાવવા માટે કૉલેજના આચાર્યશ્રીએ ખાતરી આપેલ છે.

આ સંજોગોમાં યુનિવર્સિટી સાથેના કૉલેજના જોડાણ માટેની અરજી મંજૂર રાખવા તથા તેને વર્ષ, ૧૯૯૭ માટે જોડાણ આપવા ભલામણ કરીએ છીએ.

ડૉ. રઘુવીર ચૌધરી
ડૉ. ભૈરવ દેસાઈ
પ્રા. સી. એચ. ઠાકર.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી જે. એલ. કે. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાંકણપુર, નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૪-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. (મિન્સિ.)માં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં ઇતિહાસ, માનસશાસ્ત્ર, અંગ્રેજી, અર્થશાસ્ત્ર; બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. ઍકા. ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં ઍડ. સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમો શીખવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑ. ૧૨૦ એ-અનુસાર કાર્યભારના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂકો કરવામાં આવે તથા મહેકમના સંદર્ભમાં બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂકો કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોદખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

પરિશિષ્ટ "૧/૩"

કામકાજ ક્રમાંક ૨(૨) (૩)

એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ (જિ. પંચમહાલ)નો કાયમી જોડાણ માટેની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટીની સ્થાનિક સમિતિ દ્વારા એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ જિ. પંચમહાલના કાયમી જોડાણના સંદર્ભમા સમિતિના સભ્યોએ તા. ૩૦-૧-૧૯૯૭ને શુક્રવારના રોજ રૂબરૂ જઈને આ અંગેની માહિતી પ્રાપ્ત કરી હતી.

આ કૉલેજની શરૂઆત તા. ૭-૭-૧૯૯૦થી થઈ હતી. યુનિવર્સિટીએ તા. ૧૪-૬-૧૯૯૭ સુધી આ બન્ને કૉલેજના જોડાણની મંજૂરી આપેલ છે. હવે કાયમી જોડાણ માટેની અરજી મળવાથી તે અંગે જાતતપાસ કરીને જોડાણની મંજૂરી મેળવવા માટે કૉલેજની માગણી છે.

હાલ આર્ટ્સ એન્ડ કૉમર્સ એમ બંને કૉલેજમાં તમામ વર્ગો એફ.વાય. બી.એ.થી ટી.વાય. બી.એ. તેમ જ એફ. વાય. બી.કૉમ.થી ટી.વાય. બી.કૉમ. સુધી ચાલે છે. વર્ગો અને તે માટેના વિષયોની માહિતી **પરિશિષ્ટ** ''માં દર્શાવ્યા પ્રમાણેની છે :

કૉલેજના મકાન તેમ જ વિશાળ કમ્પાઉન્ડ વગેરેની સુંદર વ્યવસ્થા છે. જે બંને કૉલેજો માટે યોગ્ય છે. પ્રત્યેક વર્ગ માટે પણ અભ્યાસ માટેની પૂરતી સગવડો છે. લગભગ ગ્રામ્ય વિસ્તારની આ કૉલેજોના વિદ્યાર્થીઓ માટેની પૂરતી અનુકૂળતાઓ છે. વર્ગો, અભ્યાસક્રમો, પુસ્તકાલય, શૈક્ષણિક અને બિનશૈક્ષણિક સ્ટાફ વગેરે માટેની માહિતી **પરિશિષ્ટ** ' 'માં દર્શાવેલી છે. યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર જરૂરી કાર્યવિધિ સંસ્થાએ કરેલી છે અને તે માટેની વિગતો યુનિવર્સિટીને તેમ જ સંસ્થાના સભ્યોને પણ દર્શાવેલી છે. ઉપરોક્ત માહિતીની જાતતપાસ કરતી વખતે રૂબરૂ મુલાકાત સમયે નીચે પ્રમાણેની વિગતો પ્રાપ્ત કરાઈ છે :

દર્શાવેલી તમામ માહિતીની ચકાસણી માટે યુનિવર્સિટી દ્વારા નીમવામાં આવેલી આ સમિતિએ જુદા જુદા પાસાઓનો અભ્યાસ કર્યો હતો. આ મુલાકાત સમયે કૉલેજમાં આચાર્યશ્રી, ટ્રસ્ટના મંત્રીશ્રી તથા પ્રમુખશ્રી હાજર રહ્યા હતા. તેમની સાથે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો. તેમણે રજૂ કરેલ કેટલાક મુદ્દાઓ નીચે પ્રમાણે છે:

૧. જો કાયમી જોડાણ આપવામાં આવે તો કૉલેજો ગ્રાન્ટને પાત્ર બને. સંસ્થા પરનું ભારણ ઘટે અને કૉલેજોનો સારો વિકાસ થઈ શકે.

૨. કૉલેજો દ્વારા ટેસ્ટ પરીક્ષાઓ તેમ જ યુનિવર્સિટી પરીક્ષાઓ સમયસર અને વ્યવસ્થિત રીતે લેવામાં આવે છે. આ માટે કોઈ મુશ્કેલી નથી.

૩. વર્ષના અંતે વિદ્યાર્થીઓ પાસેથી અધ્યાપકગણ માટેની એક અભિપ્રાય મોજણી કરવામાં આવે છે. તેમાં એક અને અનેક પાસાઓને વિસ્તૃત રીતે આવરી લેવામાં આવે છે અને તેની તપાસ નિરપેક્ષ રીતે કરાય છે. આ એક પ્રશંસનીય બાબત છે.

૪. વિદ્યાર્થીઓ અને અધ્યાપકો તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ મોટે ભાગે નજીકનાં સ્થળોએથી આવતા હોવાથી અધ્યાપકો માટે અલગ નિવાસસ્થાન તેમ જ વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની જરૂર પડતી નથી.

૫. સમિતિના સભ્યોએ બે મુખ્ય મુદ્દા પર ભાર મૂક્યો હતો જેની વિગતો નીચે પ્રમાણે છે :

(અ) શૈક્ષણિક સ્ટાફના સભ્યો સાથે ખાનગી રીતે વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો અને તેમની પાસેથી વિગતો માગી હતી. પગાર, પ્રૉવિડન્ટ ફંડ વગેરે માટે કોઈપણ અધ્યાપકને કશી જ મુશ્કેલી પડતી નથી, તેવું સ્પષ્ટ નિદાન મળ્યું હતું. શૈક્ષણિક સ્ટાફને અન્ય કોઈ સગવડ નથી તેવું જાણવા મળ્યું છે.

(બ) પુસ્તકાલયની વિગતવાર તપાસ કરવામાં આવી હતી. તેના અંતે જાણવા મળ્યું છે કે પુસ્તકો પૂરતી સંખ્યામાં છે. યુનિવર્સિટી અને સમિતિએ પાઠવેલી વિગતો પ્રમાણેનાં પુસ્તકોની સંખ્યા મહદંશે પૂરતા પ્રમાણમાં છે.

ઉપરની માહિતીને આધારે સમિતિના સભ્યો વિચારવિમર્શ કરીને નીચેનાં અવલોકનો રજૂ કરે છે :

અવલોકનો

(૧) શૈક્ષણિક સ્ટાફ પૂરતી સંખ્યામાં નથી, તેથી તેની ભરતી કરવા માટેના નિર્ણય સત્વરે લઈને તે અંગેની તમામ જરૂરી વ્યવસ્થા કરવી જોઈએ. આ અંગે સંસ્થાએ પણ જણાવેલ છે કે આવી ભરતી તેઓ તુરત જ કરશે. પૂરતા સ્ટાફ વગર સંસ્થાઓ સારી રીતે ચાલે તે અશક્ય છે. સમિતિ આ મુદ્દાને સૌથી મહત્ત્વનો ગણે છે અને યુનિવર્સિટી આ માટે વિશેષ ભાર મૂકશે તેવી અપેક્ષા છે.

(૨) બિનશૈક્ષણિક સ્ટાફ પર્યાપ્ત સંખ્યામાં છે પરંતુ હેડક્લાર્કની નિમણૂક જરૂરી છે.

(૩) પુસ્તકાલયની વ્યવસ્થા છે પણ તે પર્યાપ્ત નથી. વિશેષ જર્નલો, પ્રકાશનો, પુસ્તિકાઓ મેળવવાં જોઈએ. વિષયવાર પુસ્તકોની ફાળવણી દર્શાવાઈ છે પરંતુ વધુ પુસ્તકો અને ખાસ કરીને તો અર્થશાસ્ત્ર, એકાઉન્ટ્સ, આંકડાશાસ્ત્ર જેવા વિષયોમાં પ્રાપ્ત એવાં આધુનિક પાઠ્યપુસ્કતોની ઘણી જરૂરિયાત છે. આંકડાશાસ્ત્રમાં મોટે ભાગે માત્ર ગુજરાતી પુસ્તકો છે અને તે પણ મર્યાદિત છે, તેમાં વિશેષ ઉમેરો કરવાની જરૂર છે. આ વગર કોઈપણ સંસ્થા આગળ આવી જ ના શકે. યુનિવર્સિટી જેવી સંસ્થા માટે કાયમી જોડાણ કરવાની માગણી કરે ત્યારે આ મુદ્દા પર પણ આ સમિતિએ વિશેષ ભાર મૂક્યો છે.

(૪) ભવિષ્યમાં કૉમ્પ્યુટરના અભ્યાસ અંગેની સગવડ ઊભી થાય તો વિદ્યાર્થીઓ અને અધ્યાપકો માટે વધુ સારુ બની શકે.

(૫) હાલ સ્ટાફ માટે કે વિદ્યાર્થીઓ માટે રહેઠાણની વ્યવસ્થા નથી. ભવિષ્યમાં આયોજનની દૃષ્ટિએ આ માટે વિચારણા કરી શકાય.

(૬) અંતિમ તારણ :

ઉપર દર્શાવેલા સમગ્ર મુદ્દાઓને આવરી લઈને આ સમિતિ એવા અંતિમ નિષ્કર્ષ પર આવે છે કે આ બંને કૉલેજોએ કાયમી જોડાણ માટેની જે અરજી કરેલી છે તેને માન્ય રાખવી જોઈએ. અને આ સંસ્થાઓને કાયમી જોડાણ આપવું જોઈએ. આવું જોડાણ આપતી વખતે ઉપરનાં અવલોકનોના બે મહત્ત્વના મુદ્દાઓ સ્ટાફની ભરતી તેમજ પુસ્તકાલયની પૂરતી વ્યવસ્થા કરવા માટે વિશેષ પર્યાપ્ત સગવડો ઊભી કરીને આપવામાં આવશે તો એક સારા ટ્રસ્ટ દ્વારા ઊભી થયેલી આ બેઉ સંસ્થાઓ પૂરતો વિકાસ સાધી શકશે અને આ ગ્રામ્ય વિસ્તારની જરૂરિયાતોને સંતોષી શકશે.

ડૉ. બી. એચ. દેસાઈ
ડૉ. બી. બી. જાની
ડૉ. સી. એચ. ઠાકર.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

'આથી ઠરાવવામાં આવે છે કે એમ. એમ. ગાંધી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, કાલોલ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૪-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. (પ્રિન્સિ.)માં ગુજરાતી, સંસ્કૃત, સમાજશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં મનોવિજ્ઞાન, અર્થશાસ્ત્ર; બી.કૉમ. (મુખ્ય)માં ઍડ. ઍકાઉન્ટ ઍન્ડ ઑડિટિંગ; બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્ર, એસ.પી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑ. ૧૨૦ એ-અનુસાર કાર્યભારના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે. બિનશિક્ષકવર્ગના કર્મચારીગણમાં હેડક્લાર્કની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકાલયમાં વિશેષ જર્નલો, પ્રકાશનો, પુસ્તિકાઓ વસાવવામાં આવે, ખાસ કરીને અર્થશાસ્ત્ર, ઍકાઉન્ટ, આંકડાશાસ્ત્રના વિષયનાં વધુ પુસ્તકો વસાવવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. કર્મચારીગણ અને વિદ્યાર્થીઓ માટે રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

પરિશિષ્ટ '૧/૪'

કામકાજ ક્રમાંક ૨(૨) (૪)

ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટીની મહેમદાવાદ ખાતે સૂચિત આર્ટ્સ, કૉમર્સ કૉલેજ અંગેનો હેવાલ

ભાગ-૧

ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક : એકૅડેમિક/૧૨૩૫-૪૦, તા. ૨૫-૪-૧૯૯૭ અન્વયે મહેમદાવાદ ખાતે સદરહુ સંસ્થાની મુલાકાત અમે તા. ૨૯-૪-૧૯૯૭ના રોજ નીડ અને સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે લીધી હતી. મુલાકાત સમયે સંસ્થાના પ્રમુખ, જનરલ સેક્રેટરી અને સંચાલક મંડળના અન્ય આગેવાનો હાજર રહ્યા હતા. અને અમને જરૂરી વિગતો અને માહિતી પૂરી પાડી હતી.

આ અગાઉ ગુજરાત યુનિવર્સિટીએ મહેમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની કૉલેજની જરૂરિયાત સ્વીકારી ન હતી. સદરહુ સંસ્થાની અપીલના સંદર્ભમાં ગુજરાત સરકારે જૂન, ૧૯૯૭થી કૉલેજ શરૂ કરવા માટે સૈદ્ધાંતિક પૂર્વમંજૂરી આપેલ, જેના અનુસંધાનમાં સંસ્થાની મુલાકાત અમે લીધી હતી.

આ સંદર્ભમાં નીચેની શરતોએ સદરહુ કૉલેજને (૧૯૯૭-૯૮)ના શૈક્ષણિક એક વર્ષ માટે જોડાણ આપવા માટે ભલામણ કરીએ છીએ.

(૧) ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રારના નામે રૂ. ૨૩,૦૦,૦૦૦ (ત્રેવીસ લાખ)ની ડિપોઝિટ મૂકવા માટેની રકમ યુનિવર્સિટીમાં ભરવામાં આવે. આ રકમ તા. ૧૩-૫-૧૯૯૭ સુધીમાં ભરવાની રહેશે.

(૨) અન્ય શરતો જેનું પરિપાલન સંસ્થાએ તા. ૩૧-૫-૧૯૯૭ સુધીમાં કરવાનું રહેશે :

૧. ગ્રંથાલયમાં વિનયન માટે રૂ. ૧૦,૦૦૦ અને વાણિજ્ય માટે રૂ. ૧૦,૦૦૦ પુસ્તકો વસાવવામાં આવે;

૨. વર્ગ ખંડો પર્યાપ્ત સ્વરૂપમાં ઉપલબ્ધ છે પરંતુ તેમાં જરૂરી પાટલીઓ, ખુરશીઓ, ટેબલ, બ્લેકબોર્ડ, લાઈટ, પંખા, વગેરેની પૂરતી સુવિધા કરવામાં આવે;

૩. અપેક્ષિત કાર્યભાર જોતાં નીચે જણાવ્યા મુજબના જુદા જુદા વિષયો માટેના અધ્યાપકોની નિમણૂક કરવામાં આવે અને ગ્રંથપાલ તથા શારિરીક શિક્ષણના ડાયરેક્ટરની નિમણૂક કરવામાં આવે;

(અ) અંગ્રેજીના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા
(બ) ગુજરાતીના ખંડ સમયના એક વ્યાખ્યાતા
(ક) અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા
(ડ) સંસ્કૃતના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા
(ઇ) સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા
(ફ) એકાઉન્ટન્સી/કૉમર્સના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા
(ગ) આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા
(હ) એક ગ્રંથપાલ
(ઇ) શારીરિક શિક્ષણના ડાયરેક્ટર.

૪. બિનશૈક્ષણિક કર્મચારીઓની નીચે મુજબની નિમણૂકો કરવામાં આવે :

(અ) સિનિયર ક્લાર્ક-એક
(બ) જુનિયર ક્લાર્ક-બે
(ક) પટાવાળા, સફાઈ કામદાર, ચોકીદાર કુલ પાંચની નિમણૂક કરવાની થાય.

૫. આચાર્યની નિમણૂક કરવામાં આવે. આચાર્ય જે વિષયના અધ્યાપક હોય તે વિષયમાં અન્ય અધ્યાપકની નિમણૂક કાર્યભારને આધારે કરવાની રહેશે.

(૩) સંસ્થાએ યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પણ પાલન કરવાનું રહેશે.

(૪) નવી કૉલેજો માટે યુનિવર્સિટીએ નક્કી કરેલ અન્ય વધારાની શરતોનું પાલન પણ આ સંસ્થાએ કરવાનું રહેશે.

ભાગ-૨ : યુનિવર્સિટીએ ગુજરાત સરકારને કાર્યવાહી કરવા માટે લખવાની બાબત

ખેડા ખાતેની ખેડા આર્ટ્સ, કૉમર્સ કૉલેજમાં શૈક્ષણિક વર્ષ ૧૯૯૬-૯૭ દરમિયાન પ્રથમ વર્ષ બી.એ.માં માત્ર ૮૬ અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં માત્ર ૨૪ વિદ્યાર્થીઓ હતા. આ સંદર્ભમાં જૂન, ૧૯૯૭થી મહેમદાવાદ ખાતે નવી કૉલેજ શરૂ થતાં અને આ બંને કૉલેજો વચ્ચેનું અંતર ૧૨ કિલોમીટર હોવાને કારણે ખેડા આર્ટ્સ, કૉમર્સ કૉલેજની વિદ્યાર્થી સંખ્યા ઉપર વિપરીત અસર ચોક્કસ થશે જ. આવી વિપરીત અસરને કારણે ખેડા આર્ટ્સ, કૉમર્સ કૉલેજની વિદ્યાર્થી સંખ્યા ઘટતાં તે કૉલેજ Viable ન પણ રહે, તે સંજોગોમાં તેની ગ્રાન્ટ કપાવી જોઈએ

નહીં અને શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ પર પણ તેની વિપરીત અસર પડવી જોઈએ નહીં અને રાજ્ય સરકારે આવી વિપરીત અસર ન પડે તે માટે કાર્યવાહી કરવી.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. દર્શનસીંગ શીખ
પ્રો. વાય. કે. અગ્રવાલ
પ્રો. આર. એચ. વ્યાસ
પ્રિ. એચ. એમ. દેસાઈ.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પરિપાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૯૭ સુધીમાં અને શરત ક્રમાંક-૧૩નું પરિપાલન તા. ૧૩-૫-૧૯૯૭ સુધીમાં કરે તો તેને મહેમદાવાદ ખાતે પ્રથમ વર્ષ વિનયન અને પ્રથમ વર્ષ વાણિજ્યમાં એક એક વર્ગનું તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬- ૧૯૯૮ સુધીનું નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. નીચે મુજબ શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે :

ક્રમ શિક્ષક કર્મચારીઓ	*સંખ્યા*
૧. આચાર્ય	૧
૨. અંગ્રેજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧
૩. ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા	૧
૪. અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧
૫. સંસ્કૃતના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧
૬. સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧
૭. કૉમર્સ-અકાઉન્ટના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧-૫
૮. આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	૫
૯. ગ્રંથપાલ	૧
૧૦. વ્યાયામ શિક્ષક	૧
બિનશિક્ષક કર્મચારીઓ :	
સિનિયર ક્લાર્ક	૧
જુનિયર ક્લાર્ક	૨
પટાવાળા, સફાઈ કામદાર, વૉચમેન	૫

આચાર્ય જે વિષયના અધ્યાપક હોય તે વિષયમાં અન્ય અધ્યાપકની નિમણૂક કાર્યભારને આધારે કરવાની રહેશે.

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થીદીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય તેવા અભ્યાસખંડો;
૨. વર્ગ-ખંડ અને ટ્યુટોરિયલ માટેના જરૂરી ખંડો;
૩. શિક્ષક માટેનો ખંડ-એટેચ્ડ ટોઇલેટની વ્યવસ્થા સાથે;
૪. અભ્યાસ ખંડોમાં જરૂરી પાટલીઓ, ખુરશી, ટેબલ, બ્લેકબોર્ડ, લાઈટ, પંખાની પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે;
૫. કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો ખંડ;
૬. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય વગેરે સુવિધા સહિતનો);
૭. પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડવાળા સુસજ્જ વાચન ખંડ સહિત ગ્રંથાલય;
૮. આચાર્ય માટેનો ખંડ—એટેચ્ડ ટોયલેટની વ્યવસ્થા સાથે;
૯. કૉલેજના કાર્યાલય માટેનો ખંડ;
૧૦. પીવાના પાણી માટેનો ખંડ;
૧૧. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે વિદ્યાશાખા દીઠ આવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

૧. પુસ્તક માટે ₹. ૧૦,૦૦૦

૨. સામાયિકો માટે ₹. ૧,૨૫૦

૩. સંદર્ભગ્રંથો માટે ₹. ૧,૨૫૦

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧૦૦૦ ચો. વાર જેટલી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડા મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫ (અઢી) ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. "ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે" તે મુજબનું સંસ્થાએ બાંયધરીપત્ર આપવાનું રહેશે;

૧૧. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેનો ઓપન ઇન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૨. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે, કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે;

૧૩. ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રારના નામે ₹. ૨૩ લાખ (ત્રેવીસ લાખ)ની ડિપૉઝિટ મૂકવા માટેની રકમ યુનિવર્સિટીમાં જમા કરવામાં આવે. આ રકમ તા. ૧૩-૫-૧૯૯૭ સુધીમાં યુનિવર્સિટીમાં ભરવાની રહેશે. ત્યાર બાદ શરતોને આધિન જોડાણ આપવામાં આવશે. આ ડિપૉઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર ન થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે.

૧૪. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક-બિનશિક્ષક કર્મચારીની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં, તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે, ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

પરિશિષ્ટ "૧/૫"

કામકાજ ક્રમાંક ૨(૨) (૫)

આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ કૉલેજ, બોરસદમાં કૉમ્પ્યુટર મેથડ્સ, કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઓપરેશન્સ, કૉમ્પ્યુટર પ્રોગ્રામિંગ વિષયનું કાયમી જોડાણ આપવા અંગે નિમાયેલ તપાસસમિતિનો હેવાલ.

અમો સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ કૉલેજ, બોરસદની તા. ૧૩-૧૨-૧૯૯૬ના રોજ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આચાર્યશ્રી એલ. પી. જોષીએ હાજર રહી માહિતી પૂરી પાડી હતી જે નીચે પ્રમાણે છે :

૧. કૉમ્પ્યુટરની પ્રયોગશાળામાં એક ૪૮૬ સરવર પ્રિન્ટર સાથે અને ત્રણ ૩૮૬ નોડની લાન સિસ્ટમ (Lan System) ગોઠવવામાં આવી છે. ઉપરાંત બે પીસી-એક્સટી અલાયદા પણ ગોઠવવામાં આવ્યા છે.

૨. આ પ્રયોગશાળાનો ઉપયોગ ત્રણે વિદ્યાશાખાના આ વિષયના વિદ્યાર્થીઓ કરે છે.

૩. ૧૯૯૬-૯૭ના વર્ષ દરમિયાન ફર્સ્ટ બી.કૉમ.માં ૨૬, સેકન્ડ બી.કૉમ.માં ૧૬, ફર્સ્ટ બી.એ.માં ૮, ફર્સ્ટ બી.એસસી.માં ૬ અને સેકન્ડ બી.એસસી.માં ૧ વિદ્યાર્થીને કૉમ્પ્યુટર સાયન્સના વિષયમાં પ્રવેશ આપવામાં આવ્યો છે.

૪. પ્રાયોગિક કાર્ય પ્રતિમશીન બે વિદ્યાર્થીઓની બેચ બનાવીને કરાવવામાં આવે છે.

૫. પૂર્ણ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રી વિજયકુમાર ભોઈ અને પૂર્ણ સમયના પ્રોગ્રામર તરીકે કીર્તિકુમાર પ્રજાપતિ સેવાઓ આપે છે. તેમની નિમણૂક ધારાધોરણ પ્રમાણે જણાઈ છે.

૬ કૉમ્પ્યુટર સાયન્સ વિષયનાં આશરે ૬૦ જેટલાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે.

હાલની ત્રણેય વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ માટે આ વિષયની ઉપલબ્ધ સવલતોને ધ્યાનમાં લઈ સમિતિ નીચેની શરતોએ આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ ત્રણેય વિદ્યાશાખા માટે કાયમી જોડા આપવા ભલામણ કરે છે :

૧. કૉમ્પ્યુટરની પ્રયોગશાળામાંનાં મશીનોને અપગ્રેડ કરાવી એક સરવર વત્તા પાંચ નોડની સવલત ઊભી કરવામાં આવે અને તેમાં પર્યાપ્ત મેમરી મૂકવામાં આવે જેથી વિન્ડોઝ સહિત અન્ય સોફ્ટવેરનું નિદર્શન અભ્યાસક્રમની જરૂરિયાત પ્રમાણે થઈ શકે.

૨ કૉમ્પ્યુટર સાયન્સનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો તાત્કાલિક ખર્ચ કરવામાં આવે અને પ્રતિવર્ષ રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે. આ વિષયનાં ચાર જેટલાં સામયિકો નિયમિત મંગાવવામાં આવે.

૩. ભવિષ્યમાં પ્રતિમશીન એક વિદ્યાર્થીની બેચ બનાવી પ્રાયોગિક કાર્ય કરાવવાનું લક્ષ રાખવામાં આવે.

૪. કૉમ્પ્યુટરના ફાજલ સમયનો ઉપયોગ ફક્ત આંતરિક વહીવટી તેમ જ શૈક્ષણિક કાર્ય માટે જ કરવામાં આવે.

ડૉ. વાય. કે. અગ્રવાલ
શ્રી આર. પી. સોની
ડૉ. સરલા અચ્યુથન.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે પટેલ જે. બી. આર. આર્ટ્સ પટેલ એ. એમ. આર. કૉમર્સ અને પટેલ જે. પી. કે. દાગોલવાળા સાયન્સ કૉલેજ, બોરસદ નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. (ગૌણ)માં કૉમ્પ્યુટર મેથડ્સ, બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન અને બી.એસસી. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૨૦૦૦ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. કૉમ્પ્યુટરની પ્રયોગશાળામાં મશીનોને અપગ્રેડ કરાવી એક સરવર વત્તા પાંચ નોડની સવલત ઊભી કરવામાં આવે અને તેમાં પર્યાપ્ત મેમરી મૂકવામાં આવે જેથી વિન્ડોઝ સહિત અન્ય સોફ્ટવેરનું નિદર્શન અભ્યાસક્રમની જરૂરિયાત પ્રમાણે થઈ શકે;

૨. પ્રાયોગિક કાર્ય માટે ભવિષ્યમાં પ્રતિમશીન એક વિદ્યાર્થીની બેચ રાખવામાં આવે;

૩. કૉમ્પ્યુટરના ફાજલ સમયનો ઉપયોગ ફક્ત આંતરિક વહીવટ તેમ જ શૈક્ષણિક કાર્ય માટે જ કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૫. કૉમ્પ્યુટર વિષયનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો તાત્કાલિક અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખા દીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. કૉમ્પ્યુટર વિષયનાં પુસ્તકો માટે પ્રતિવર્ષ રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે અને ચાર સામાયિકો નિયમિત વસાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૯. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

પરિશિષ્ટ "૧/૬"

કામકાજ ક્રમાંક ૨(૨) (૬)

સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

બાબત : એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલમાં કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન્સ ગૌણ વિષયના ચાલુ જોડાણ અંગે.

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે એમ. એન્ડ વી. આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલની તારીખ ૮-૫-૧૯૯૭ના રોજ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આચાર્યશ્રી આર. એ. સુતરિયાએ હાજર રહી પૂરી પાડેલી માહિતી નીચે મુજબ છે :

૧. કૉમ્પ્યુટર પ્રયોગશાળામાં બે એક્સટી, એક પીસી અને ૮૦ કૉલમનું એક પ્રિન્ટર વસાવવામાં આવ્યા છે.

૨. પૂર્ણ સમયના પ્રોગ્રામર તેમ જ ખંડ સમયના વ્યાખ્યાતાની જગ્યાઓ હજુ ભરવામાં આવી નથી.

૩. કૉમ્પ્યુટર સાયન્સના આશરે ૧૧૧ જેટલાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે.

૪. ૧૯૯૫-૯૬ના વર્ષમાં એફ.વાય. બી.કૉમ.માં ૮ અને એસ.વાય. બી.કૉમ.માં પણ ૮ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. ૧૯૯૬-૯૭ના વર્ષમાં એફ.વાય. બી.કૉમ.માં ૧૭ અને એસ.વાય. બી.કૉમ.માં ૨ વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવેલ હતો.

૫. યુનિવર્સિટી દ્વારા પત્રાંક એકે/૨૧/૮૦૪૬૨/૧૯૯૭ તા. ૧૩-૧-૧૯૯૭થી કૉલેજને સ્ટાફની નિમણૂક જૂન ૧૯૯૭ સુધી કરવા અન્યથા જૂન, ૧૯૯૭થી વિદ્યાર્થીઓને પ્રવેશ નહિ આપવા જણાવવામાં આવ્યું છે.

૬. કૉલેજ ફરીથી આ સંદર્ભમાં ટૂંકમાં જ જાહેરખબર આપી સ્ટાફની નિમણૂક કરવામાં આવશે તે લેખિત બાંહેધરી આપવામાં આવી છે. આ જોતાં સમિતિ નીચેની ભલામણ કરે છે :

"કૉલેજ તરફથી નીચેની શરતોનું તાત્કાલિક પાલન થાય તો જ જૂન, ૧૯૯૭માં પ્રથમ વર્ષ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો અને એડહોક જોડાણ વધુ એક વર્ષ માટે લંબાવવું."

(૧) અભ્યાસક્રમને સુસંગત સોફ્ટવેરના નિદર્શન માટે પર્યાપ્ત મેમરી સહિત એક સરવર અને ઓછામાં ઓછા પાંચ નોડ (પેન્ટિયમ અથવા ૪૮૬) તેમ જ ૧૩૨ કૉલમનું પ્રિન્ટર તાત્કાલિક વસાવવા

(૨) પૂર્ણ સમયના પ્રોગ્રામર તેમ જ ખંડ સમયના વ્યાખ્યાતાની તાત્કાલિક નિમણૂક કરવી.

ડૉ આર. જે. સોની

શ્રી પી. જે. મહેતા

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"એવી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧-૭-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૩૦-૬-૧૯૯૮ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. પૂર્ણ સમયના કૉમ્પ્યુટરના પ્રોગ્રામર અને ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક તા. ૧-૭-૧૯૯૭ પહેલાં તાત્કાલિક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેતી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પ્રયોગશાળામાં એક (૪૮૬ અથવા પેન્ટીયમ) સરવર ઓછામાં ઓછા પાંચ (૪૮૬ અથવા ૩૮૬) નોડ ૧૩૨ કોલમના પ્રિન્ટર સાથે વસાવવામાં આવે;

૪. પ્રયોગશાળામાં અભ્યાસક્રમને સુસંગત વિન્ડોઝ આધારીત સોફ્ટવેરનું નિદર્શન કરી શકાય તેમ જ વિદ્યાર્થીઓને પૂરતો સમય આપી શકાય તે માટે પર્યાપ્ત મેમરી સહીત એક સરવર અને પાંચ નોડનું (પેન્ટીયમ અથવા ૪૮૬) અપગ્રેડેશન નવી ખરીદી કરી આયોજન કરવામાં આવે;

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. પ્રાયોગિક કાર્ય પ્રતિમશીન એક વિદ્યાર્થી મુજબ ગોઠવવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ, બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું

બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૮. કૉમ્પ્યુટર વિષયના પુસ્તકો અને સામાયિકો માટે પ્રતિ વર્ષ રૂ. ૩,૦૦૦નો ખર્ચ કરવામાં આવે;

૯. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે;

૧૦. કૉમ્પ્યુટરનો ઉપયોગ આંતરિક શૈક્ષણિક તેમજ વહીવટી કાર્યો માટે જ કરવામાં આવે.

ઉપરોક્ત શરતોના સંતોષકારક પરિપાલનનો હેવાલ યુનિવર્સિટીને રજૂ કરવા તથા યુનિવર્સિટી તરફથી જોડાણ મંજૂર કરવામાં ના આવે ત્યાં સુધી પ્રથમ વર્ષમાં આ વિષયમાં એકપણ વિદ્યાર્થીને પ્રવેશ નહિ આપવા આથી સૂચના આપવામાં આવે છે."

પરિશિષ્ટ "૧/૭"

કામકાજ ક્રમાંક ૨(૨) (૭)

સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

બાબત : શ્રીમતી એસ. સી. પટેલ ફરતી કૂઇવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈમાં કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન ગૌણ વિષયનું નવું જોડાણ આપવા અંગેનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ.

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે શ્રીમતી એસ. પી. પટેલ ફરતી કૂઇવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈની તા. ૮-૫-૧૯૯૭ના રોજ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આચાર્યશ્રી એલ. એમ. પટેલે હાજર રહી પૂરી પાડેલી માહિતી નીચે પ્રમાણે છે :

૧. કૉલેજે પોતાની કૉમ્પ્યુટરની વાતાનુકૂલિત પ્રયોગશાળા ઊભી કરી છે અને તેમાં બે પીસી/એક્સટી, બે પીસી ૩૮૬ અને એક પ્રિન્ટર વસાવેલા છે.

૨. સદરહુ વિષયના પ્રાયોગિક કાર્ય માટે સુસંગત પ્રકારના જેમાં વિન્ડોઝ તેમ જ તેને લગતા સોફ્ટવેરનું નિદર્શન થઈ શકે તેવા એક સરવર અને પાંચ નોડનું અપગ્રેડેશન/નવી ખરીદી કરી આયોજન કરવાની ખાતરી આપી છે.

૩. યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર એક પૂર્ણ સમયના પ્રોગ્રામર અને એક ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક વચગાળાના સમયમાં તાત્કાલિક કરવા અંગે પણ કૉલેજે પૂરતી તૈયારી દર્શાવી છે.

૪. કૉમ્પ્યુટર સાયન્સ વિષયના આશરે ૪૦ જેટલા પુસ્તકો પેટે કૉલેજે રૂ. ૬,૮૦૦ જેટલો ખર્ચ કરેલ છે.

૫. વિદ્યાર્થીઓને આ વિષય લેવામાં રસ છે અને આ વિષય દાખલ કરવાથી અન્ય વિષયની સંખ્યા પર અસર થવાની શક્યતા નથી.

કૉમ્પ્યુટર વિષયની પ્રયોગશાળા તેમ જ અન્ય સવલતો તાત્કાલિક ઊભી કરવા અંગેની કૉલેજની તૈયારી જોતાં નીચેની શરતોએ એડહોક ધોરણે કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન્સ વિષયનું જોડાણ જૂન, ૧૯૯૭થી બે વર્ષ માટે આપવા સમિતિ ભલામણ કરે છે :

૧. ઉપર જણાવ્યા પ્રમાણે એક સરવર અને પાંચ નોડ જેમાં વિન્ડોઝનું નિદર્શન/પ્રાયોગિક કાર્ય સહેલાઈથી કરી શકાય તે રીતે પ્રયોગશાળામાં ઇક્વિપમેન્ટ ખરીદી તાત્કાલિક આયોજન કરવામાં આવે;

૨. એક ખંડ સમયના વ્યાખ્યાતા અને એક પૂર્ણ સમયના પ્રોગ્રામરની યુનિવર્સિટીના ધારાધોરણ પ્રમાણે વિષય શરૂ કરતાં પહેલાં નિમણૂક કરવામાં આવે;

૩. દરેક વર્ષમાં વધુમાં વધુ ૩૦ વિદ્યાર્થીઓને મેરિટના ધોરણે પ્રવેશ આપવામાં આવે;

૪. પુસ્તકો પેટે પ્રથમ વર્ષ રૂ. ૫,૦૦૦ની અનાવર્તક અને પછીના વર્ષોમાં રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે. ચાર જેટલા સામયિકો નિયમિત રીતે મેળવવામાં આવે;

૫. પ્રયોગશાળામાં નિભાવખર્ચ પેટે પ્રતિ સત્ર રૂ. ૩૦૦ની ફી લઈ શકાશે.

શ્રી આર. પી. સોની

ડૉ. સરલા અચ્યુત

કૉમ્પ્યુટર મેથડ્સ તથા કૉમ્પ્યુટર સાયન્સ વિષય માટે ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણો

"આથી ઠરાવવામાં આવે છે કે શ્રીમતી એસ. સી. પટેલ ફરતી કૂઇવાલા કૉમર્સ કૉલેજ, ડભોઈમાં નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તારીખ ૧-૭-૧૯૯૭ સુધીમાં કરે તો બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઓપરેશનના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૯ સુધીનું નવું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન વિષય માટે (૧) પૂર્ણ સમયના પ્રોગ્રામરની અને (૨) ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામા આવે;

૨. પ્રયોગશાળામાં અભ્યાસક્રમને અનુરૂપ વિન્ડોઝ આધારિત સોફ્ટવેરનું નિદર્શન કરી શકાય તેમજ વિદ્યાર્થીઓને પુરતો સમય આપી શકાય તે માટે એક સરવર અને પાંચ નોડનું અપગ્રેડેશન/નવી ખરીદી કરી આયોજન કરવામાં આવે,

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો માટે પ્રથમ વર્ષ રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. કૉમ્પ્યુટર સાયન્સના વિષયના પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. કૉમ્પ્યુટર સાયન્સના વિષય સંબંધી સામયિકો મંગાવવામાં આવે;

૭. ચુણવણીના ધોરણે અન્ય વિષયના કાર્યભારને અસર ન થાય તે રીતે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૮. પ્રતિ મશીન દીઠ બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે;

૯. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુલ રૂ. ૩૦૦ ફી સત્રદીઠ રાખવામાં આવે;

૧૦. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૧. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

પરિશિષ્ટ '૧/૮'

કામકાજ ક્રમાંક ૨(૨) (૮)

સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

બાબત : એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં ગૌણ વિષય કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન્સના જોડાણ અંગેની તપાસસમિતિનો હેવાલ.

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે અમદાવાદની એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજની તારીખ ૧૦-૩-૧૯૯૭ના રોજ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આચાર્યશ્રી કાપડિયાએ હાજર રહી માહિતી પૂરી પાડી હતી.

સમિતિની અગાઉની તા. ૭-૩-૧૯૯૬ની મુલાકાતના હેવાલમાં જણાવ્યા પ્રમાણે નીચેની શરતોનું પાલન થયા પછી કાયમી જોડાણ અંગે વિચારણા થઈ શકે :

૧. પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે;

૨. કૉમ્પ્યુટર સાયન્સ વિષયના પુસ્તકો પેટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તેમજ ચાર જેટલા સામયિકો નિયમિત મંગાવવામાં આવે;

દરમિયાન એડહોક જોડાણ એક વર્ષ માટે લંબાવવા ભલામણ છે.

આર. પી. સોની

ડૉ. સરલા અચ્યુતન

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એન. સી. બોડીવાલા કૉમર્સ કૉલેજ, અમદાવાદની નિમણૂકો અંગેની શરત સહીતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું એક વર્ષ માટે જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમ્પ્યુટર પ્રોગ્રામરની તથા ખંડ સમયના વ્યાખ્યાતાની યુનિવર્સિટી નિયમોનુસાર નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચની આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. સદરહુ વિષયના પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા ચાર સામયિકો નિયમિત રીતે વસાવવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પ્રોગ્રામિંગના કાર્ય માટે પ્રતિ સપ્તાહ દરમિયાન પ્રતિ વિદ્યાર્થી બે કલાક નિયમિત ફાળવવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે.

૮. કૉમ્પ્યુટરનો ઉપયોગ આંતરિક વહીવટ અને શૈક્ષણિક કાર્ય પૂરતો જ કરવો;

૯. મશીનોના નિભાવ માટે વિદ્યાર્થી દીઠ રૂ. ૩૦૦ ફી લેવામાં આવે;

૧૦. પ્રયોગશાળામાં અભ્યાસક્રમોને અનુરૂપ વિન્ડોઝ આધારિત સોફ્ટવેરનું નિદર્શન કરી શકાય તેમ જ વિદ્યાર્થીઓને પૂરતો સમય આપી શકાય તે માટે એક સરવર અને પાંચ નોડઅપ ગ્રેડેશન નવી ખરીદી કરી આયોજન કરવામાં આવે;

પરિશિષ્ટ '૧/૯'

કામકાજ ક્રમાંક ૨(૨) (૯)

હાલોલની એમ. ઍન્ડ વી., આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજીનું કાયમી જોડાણ આપવા બાબતે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ઉપરોક્ત કૉલેજને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી વિષયનું કાયમી જોડાણ આપવાના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિના બંને સભ્યોએ કૉલેજની રૂબરૂ મુલાકાત લીધી હતી, તે સમયે કૉલેજના આચાર્યશ્રી સુતરિયા તથા સંચાલક મંડળના પ્રમુખશ્રી ઉપસ્થિત હતા.

કૉલેજ પાસે પૂરતા પ્રમાણમાં ઓરડાઓ છે કૉલેજ પાસે હાલમાં બે પૂર્ણ સમયના વ્યાખ્યાતા છે. કૉલેજમાં એફ.વાય. બી.એ., એસ.વાય. બી.એ., ટી.વાય. બી.એ. એફ.વાય. બી.કૉમ., એસ.વાય. બી.કૉમ. અને ટી.વાય. બી.કૉમ. એમ દરેકનો એક વર્ગ છે, એફ. વાય. બી.કૉમ.ના Commercial Communicationના ત્રણ તાસ ગણતરીમાં ફરજિયાત અંગ્રેજીના કુલ ૨૧ તાસ થાય, એફ.વાય. બી.એ. અને એસ.વાય. બી.એ.ના મુખ્ય અંગ્રેજીના ૫ + ૩ = ૧૫ તાસ થાય. તેથી ઉપરોક્ત ૨૧ + ૧૫ = ૩૬ તાસનો કાર્યભાર થાય. આ સિવાયનો કાર્યભાર ગણતરીમાં લેવો ઘટે.

ઉપરોક્ત બાબતો અને કાયમી, જોડાણ આપવા માટેની અરજી સાથે કૉલેજે રજૂ કરેલી વિગતોને ધ્યાનમાં લઈને આ ઉપરોક્ત કૉલેજને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી વિષયનું કાયમી જોડાણ નીચેની શરતે/શરતોએ આપવાની ભલામણ કરવામાં આવે છે :

૧. કૉલેજે યુનિવર્સિટીના નિયમો અનુસાર જરૂરી શૈક્ષણિક સ્ટાફની નિયુક્તિ કરવાની રહેશે.

૨. કૉલેજે ૩૧મી જૂલાઈ સુધીમાં વર્ગવાર, વિષયવાર વિદ્યાર્થી સંખ્યાની જાણ યુનિવર્સિટીને કરવી.

ડૉ. એ. આર. શુક્લ
પ્રિ. જી. એન. પટેલ

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે એમ. ઍન્ડ વી. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, હાલોલમાં નિમણૂકો અંગેની શરત સહીતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૫-૭-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિનન્સ ૧૨૦ અનુસાર શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રોવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક- બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે;

૬. ૩૧મી જુલાઈ, ૧૯૯૭ સુધીમાં વર્ગવાર વિષયવાર, વિદ્યાર્થી સંખ્યાની જાણ યુનિવર્સિટીને અચૂક કરવી.

પરિશિષ્ટ '૧/૧૦'

કામકાજ ક્રમાંક ૨(૨) (૧૦)

બાબત : શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ બોડેલીમાં કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન્સ ગૌણ વિષયના ચાલુ જોડાણ અંગે.

અમે સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે શેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલીની તા. ૮-૫-૧૯૯૭ના રોજ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન આચાર્યશ્રી સી. એન. પટેલે હાજર રહી પૂરી પાડેલી માહિતી નીચે મુજબ છે :

૧. કૉમ્પ્યુટરની પ્રયોગશાળામાં બે પીસી ૩૮૬, એક પીસી અને એક પ્રિન્ટર વસાવવામાં આવેલાં છે.

૨. પ્રથમ વર્ષમાં આ વિષયમાં ૧૯૯૬-૯૭ના વર્ષમાં ૧૭ વિદ્યાર્થીઓ અને બીજા વર્ષમાં ૧૩ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવ્યો છે.

૩. આ વિષયનાં લગભગ ૧૦૦ જેટલાં પુસ્તકો વસાવવામાં આવ્યાં છે.

૪. પૂર્ણ સમયના પ્રોગ્રામરની જગ્યા (એસ.ટી. માટે હોઈ) જાહેરખબર આપવા છતાં ઉમેદવારો ન મળવાને કારણે ભરી શકાઈ નથી, કૉલેજના જણાવ્યા પ્રમાણે આ ભરતી માટે તેમના પ્રયત્નો ચાલુ છે.

૫. ખંડ સમયના વ્યાખ્યાતા તરીકે શ્રી વ્યાસ સેવાઓ આપે છે અને વધુમાં પ્રાયોગિક કાર્ય કરાવવામાં પણ સેવાઓ આપે છે.

ઉપરોક્ત હકીકતના સંદર્ભે સમિતિ નીચે પ્રમાણે ભલામણ કરે છે :

૧. પ્રયોગશાળામાં અભ્યાસક્રમને અનુરૂપ વિન્ડોઝ આધારિત સોફ્ટવેરનું નિદર્શન કરી શકાય તેમ જ વિદ્યાર્થીઓને પૂરતો સમય આપી શકાય તે માટે એક સરવર અને પાંચ નોડ માઉસ સાથે પેન્ટિયમ અથવા ૪૮૬ પ્રકારના પર્યાપ્ત મેમરી સાથે વસાવવાનું તરત આયોજન કરવામાં આવે.

૨. કૉમ્પ્યુટર પ્રોગ્રામરની પૂર્ણ સમયની જગ્યા પર ઘનિષ્ટ પ્રયત્નો કરીને તાત્કાલિક ભરતી કરવામાં આવે.

૩. પુસ્તકો અને ચાર જેટલાં સામયિકો માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે.

૪. પ્રતિમશીન એક વિદ્યાર્થી પ્રમાણે પ્રાયોગિક કાર્ય કરાવવામાં આવે.

૫. ઉપરોક્ત ૧થી ૪ શરતોનું એક વર્ષમાં પાલન કરવામાં આવે અને ત્યાં સુધી એડહોક જોડાણ એક વર્ષ માટે એટલે કે જૂન, ૧૯૯૮ સુધી લંબાવવામાં આવે.

શ્રી આર. પી. સોની
શ્રી બી. વી. મહેતા

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે સેઠ ટી. સી. કાપડિયા આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, બોડેલી નિમણૂકો અંગેની શરત સહીતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૭-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.કૉમ. (ગૌણ)માં કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશનના અભ્યાસક્રમો શીખવવા માટે તારીખ ૧૫-૯-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું વધારાનું-ચાલુ-કાયમી જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. કૉમ્પ્યુટર ઇન બિઝનેસ ઑપરેશન વિષય માટે (૧) પૂર્ણ સમયના પ્રોગ્રામરની નિમણૂક કરવામાં આવે અને (૨) ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂકો કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. કૉમ્પ્યુટર સાયન્સ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૨,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. પ્રયોગશાળામાં અભ્યાસક્રમને અનુરૂપ વિન્ડોઝ આધારિત સોફ્ટવેરનું નિદર્શન કરી શકાય તેમ જ વિદ્યાર્થીઓને પૂરતો સમય આપી શકાય તે માટે એક સરવર અને પાંચ નીડ માઉસ સાથે પેન્ટિયમ અથવા ૪૮૬ પ્રકારનાં પર્યાપ્ત મેમરી સાથે વસાવવાનું તરત આયોજન કરવામાં આવે;

૬. કૉમ્પ્યુટર સાયન્સના વિષય સંબંધી સામયિકો મંગાવવામાં આવે;

૭. ગુણવત્તાના ધોરણે અન્ય વિષયના કાર્યભારને અસર ન થાય તે રીતે ૩૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે;

૮. પ્રતિમશીન બે વિદ્યાર્થીઓની બૅચ રાખવામાં આવે;

૯. કૉમ્પ્યુટર વિષય શીખવવા માટે કુલ રૂ. ૩૦૦ સત્રદીઠ રાખવામાં આવે;

૧૦. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૧૧. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે.

પરિશિષ્ટ '૨/૧૧'

કામકાજ ક્રમાંક ૨(૨) (૧૧)

ગોધરાની પી. ટી. આર્ટ્સ ઍન્ડ [illegible] કૉલેજને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજીનું કાયમી જોડાણ આપવા બાબતે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ઉપરોક્ત કૉલેજને બી.એ.(મુખ્ય)માં અંગ્રેજીનું કાયમી જોડાણ આપવાના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિના બંને સભ્યોએ કૉલેજની મુલાકાત લીધી હતી. તે સમયે કૉલેજના આચાર્યશ્રી, અંગ્રેજી વિભાગના વડા તથા પ્રો. ગાંધી ઉપસ્થિત હતા.

કૉલેજ પાસે પૂરતી જરૂરિયાતો સાથેની Language Laboratory છે. પર્યાપ્ત શૈક્ષણિક સ્ટાફ કાયમી ધોરણે છે. ૧૯૯૬-૯૭ના વર્ષ દરમિયાન એફ.વાય. બી.એ., એસ.વાય. બી.એ., તથા ટી.વાય. બી.એ.માં સ્પે. અંગ્રેજી વિષય રાખનાર વિદ્યાર્થીઓની સંખ્યા અનુક્રમે ૬૯, ૫૨ અને ૩૩ હતી. કૉલેજના પુસ્તકાલયમાં અંગ્રેજી વિષયનાં જરૂરી પુસ્તકો પૂરતા પ્રમાણમાં છે.

ઉપરોક્ત બાબતો અને કાયમી જોડાણ આપવા માટેની અરજી સાથે કૉલેજે રજૂ કરેલી વિગતોને ધ્યાનમાં લઈને આ કૉલેજને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજીનું કાયમી જોડાણ આપવાની ભલામણ કરવામાં આવે છે.

ડૉ. એ. આર. શુક્લ
પ્રિ. જી. એન. પટેલ
કન્વિનર
સ્થાનિક તપાસસમિતિ

પરિશિષ્ટ '૧/૧૨'

કામકાજ ક્રમાંક ૨(૨) (૧૨)

શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજ સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

શાહ કે. એસ. આર્ટ્સ ઍન્ડ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજની આવેલી અરજીના સંદર્ભમાં ગુજરાત યુનિવર્સિટીએ નિમેલી સ્થાનિક તપાસસમિતિએ ઉપરોક્ત કૉલેજમાં તા. ૨૧-૩-૧૯૯૭ના રોજ રૂબરૂ મુલાકાત લીધી હતી અને તે અંગેનો હેવાલ નીચે પ્રમાણે છે :

૧. કૉલેજના આચાર્ય, અધ્યાપકો તેમ જ નોન-ટીચિંગ સ્ટાફ સાથે વિચારવિનિમય કરવામાં આવ્યો હતો.

૨. કૉલેજનું મકાન સારુ અને પૂરતી સગવડવાળું છે.

૩. લાઇબ્રેરીના વ્યવસ્થા સારી છે જે તે વિષયોને સ્પર્શતાં પુસ્તકો સારા પ્રમાણમાં છે, સામયિકો, જર્નલો એકંદરે સંતોષકારક અને નિયમિત આવે છે, લાઇબ્રેરી તેમ જ કૉલેજની વધુ પ્રગતિ થાય તે માટે કૉલેજના આચાર્ય ખૂબ જ સક્રિય જણાય છે.

૪. આર્ટ્સ વિભાગમાં (બી.એ. કક્ષા સુધી) અંગ્રેજી, સંસ્કૃત, ગૃહવિજ્ઞાન અને મનોવિજ્ઞાનના વિષયો માટે કાયમી જોડાણ આપવાની ભલામણ કરવામાં આવે છે.

૫. કૉમર્સ વિભાગમાં (પ્રથમ વર્ષ બી.કૉમ.માં) જૂન, ૧૯૯૭થી અમલમાં આવે તે રીતે આંકડાશાસ્ત્ર વિષય લેનાર વિદ્યાર્થીઓ મળી રહે તે અપેક્ષાએ તા. ૧૪-૬-૧૯૯૮ સુધી આંકડાશાસ્ત્રનું ગૌણ વિષય તરીકે નવું જોડાણ કામચલાઉ આપવાની ભલામણ છે, આ જોડાણથી બીજા વિષયો પર અને તે વિષયના કાર્યભાર પર અસર થશે નહીં.

આ વિષયમાં કાર્યભાર વધે તે અંગેની આવશ્યક સરકારી મંજૂરીની અપેક્ષાએ ભલામણ છે.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે શાહ કે. એસ. આર્ટ્સ વી. એમ. પારેખ કૉમર્સ કૉલેજ, કપડવંજની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તારીખ ૫-૭-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં અંગ્રેજી, બી.કૉમ. (ગૌણ)માં આંકડાશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિનન્સ-૧૨૦ (એ) અનુસાર કાર્યભારના સંદર્ભમાં જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકાલયમાં અંગ્રેજી અને આંકડાશાસ્ત્ર વિષયનાં પુસ્તકો વસાવવામાં આવે અને અંગ્રેજી અને આંકડાશાસ્ત્રનાં પુસ્તકો માટે રૂ. ૧૦,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે.

પરિશિષ્ટ "૧/૧૩"

કામકાજ ક્રમાંક ૨(૨) (૧૩)

મહુધા કૉમર્સ અને આર્ટ્સ કૉલેજનો હેવાલ

મહુધા કૉમર્સ અને આર્ટ્સ કૉલેજ જૂન, ૧૯૯૭થી સમાજશાસ્ત્ર (મુખ્ય) અને (બિઝનેસ મૅનેજમેન્ટ (ગૌણ) વિષયો બંધ (ક્રમશ:) કરવાની જાણ કરતો પત્ર યુનિવર્સિટીને ઑર્ડિ. ૧૨૦- એફ મુજબ તા. ૧૨-૭-૧૯૯૬ના રોજ લખ્યો છે. આ પત્ર અનુસાર સમાજશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા કુ. શીલ્પા સી. વ્યાસ દ્વારા ૧૯૯૪માં ટ્રિબ્યુનલમાં અરજી કરીને સ્ટે. મેળવેલ છે. આ અનુસાર કૉલેજ કોઈ પણ વિષયમાં (જાહેરાતમાં સમાવિષ્ટ) ભરતી કરી શકતી નથી. એના પરિણામે કૉલેજને એડહોક અધ્યાપન વ્યવસ્થા કરવી પડે છે. એનો ખર્ચ તેઓને પોષાતો નથી. તેઓ જણાવે છે કે સરકાર એડહોક ખર્ચ પેટે ગ્રાન્ટ આપે તો અમને વિષય બંધ કરવાનું જરૂરી લાગતું નથી.

અમે આ અંગે તા. ૧૦-૬-૧૯૯૭ના રોજ કૉલેજની રૂબરૂ મુલાકાત લીધી હતી અને આચાર્યશ્રીને મળ્યા હતા.

૧૯૯૬-૯૭ના વર્ષમાં સમાજશાસ્ત્ર વિષયમાં એફ.વાય. બી.એ. (મુખ્ય)માં ૩૯, એસ.વાય. બી.એ. (મુખ્ય)માં ૨૩ અને ટી.વાય. બી.એ. (મુખ્ય)માં ૩૨ વિદ્યાર્થીઓ છે. ગ્રામ્ય વિસ્તારની દૃષ્ટિએ આ સંખ્યા ઘણી જ સારી ગણી શકાય. વિદ્યાર્થીઓ અને અધ્યાપકો આ વિષય ચાલુ રહે એમ ઇચ્છે છે.

૧૯૯૬-૯૭ના વર્ષમાં બિઝનેસ મૅનેજમેન્ટ વિષયમાં એફ.વાય. બી.કૉમ.માં ૧૦ અને એસ.વાય. બી.કૉમ.માં ૧૨ વિદ્યાર્થીઓ છે. આ કૉલેજની વાણિજ્ય વિદ્યાશાખાના સંખ્યા જોતાં આ સંખ્યા સારી ગણાય.

ટ્રિબ્યુનલની મુદત તા. ૪-૭-૧૯૯૭ છે એટલે કાર્યવાહી શરૂ થઈ ગણાય.

અમે આ બન્ને વિષયો ૧૯૯૭-૯૮ના વર્ષ માટે બંધ કરવાની મંજૂરી ન આપવાની અને તે વિષયો ચાલુ રાખવાની ભલામણ કરીએ છીએ.

એ. આર. શાહ
આર. એચ. વ્યાસ

પરિશિષ્ટ "૧/૧૪"

કામકાજ ક્રમાંક ૨(૨) (૧૪)

The committee has visited the K. B. Institute of Pharmaceutical Education and Research, Gandhinagar on 1st May, 1997.

The members took a round of the laboratories, library etc. The members have also visited the New Premises (Proposed Pharmacy Building). The new building is almost in completion and most adequate for the Pharmacy Institution. The laboratory facilities are good. The Hostels are also ready and found that it is already occupied by the Pharmacy College Students.

The committee recommend the affiliation to 3rd year B.Pharm. Course with the following conditions :

(a) The following staff should be appointed :

(A) Teaching

No	*Subject*	*Professors*	*Reader*	*Lecturer*
1.	Pharmaceutics/ Pharmaceutical Technology	1	1 + 1*	1 (Note.--*Vacant-post).
2.	Pharmaceutical Chemistry	1	1	1
3.	Pharmacognosy	-	1	1
4.	Pharmacology	-	1	-
	Total...	2	4 + 1*	3

(B) Non Teaching Posts :

1.	Lab Assistant	2
2.	Lab Attender	2
3.	Animal House-Keeping	1
4.	Sweeper	1

(b) Equipments : The apparatus equipments should be purchased as per the list attached. (Appendix -I).

(c) The college should also be shifted to the new building e.g. by the academic year stating from, 1997.

The final affiliation would be granted after receiving the fulfillment report.

Prof. K. S. Shastri
Dr. Y. K. Agrawal
Prin. D. M. Sikh.

Appendix - I
List of the Equipments

(1) pH meter
(2) Conductivity bridge
(3) Colorimeter
(4) Laminar flow
(5) Organ bath
(6) HPLC
(7) IR or FT-IR
(8) Signal pan balance
(9) Quick fit glass wares volumetric flask, round bottom flask, condensers etc.
(10) TLC Plates etc
(11) Rotary shaker
(12) Water bath/heating mantel
(13) Glasswares for pharmaceutics
(14) Dissolution apparatus
(15) Tablet mechine
(16) Capsule filling mechine
(17) Injection filling mechine
(18) Disintrigation apparatus
(19) Microscope.

આથી ઠરાવવામાં આવે છે કે કે. બી. ઇન્સ્ટિટ્યૂટ ઑફ ફાર્માસ્યુટિકલ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ, ગાંધીનગર નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૨૫-૭-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ અને થર્ડ બી.ફાર્મ.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

નીચે પ્રમાણે નિમણૂકો કરવામાં આવે :

ક્રમ	વિષય	પ્રોફેસર	રીડર	લેક્ચરર
૧.	ફાર્માસ્યુટિકલ ફાર્માસ્યુટિક્સ ટેક્નોલોજી	૧	૧ + ૧	૧
૨.	ફાર્માસ્યુટિકલ કેમિસ્ટ્રી	૧	૧	૧
૩.	ફાર્માકોગ્નોસી	-	૧	૧
૪.	ફાર્માકોલોજી	-	૧	-

(બ) નોન-ટીચિંગ પોસ્ટ :

૧.	લેબ. આસિસ્ટન્ટ (૨), લેબ એટેન્ડન્ટ	૨
૨.	એનિમલ હાઉસ કીપિંગ	૧
૩.	સફાઈકામદાર	૧

૩. એ.આઈ.સી.ટી. યાદી મુજબ પ્રયોગશાળા માટે આ સાથે સામેલ યાદી મુજબનાં સાધનો વસાવવામાં આવે.

૪. ફાર્મસી માટે જર્નલ્સ ખરીદવામાં આવે અને જરૂરી પુસ્તકો વસાવવામાં આવે.

૫. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૭. ગુજરાત સરકાર, ભારત સરકારે અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક- બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે.

પરિશિષ્ટ "૧/૧૫"

કામકાજ ક્રમાંક ૨(૨) (૧૫)

સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

આચાર્યશ્રી, સરસપુર આર્ટ્સ તથા કૉમર્સ કૉલેજ, અમદાવાદ તરફથી તેમની કૉલેજમાં આગામી સત્રથી ભૂગોળ વિષયને પ્રથમ ગૌણ વિષય તરીકે તથા સંસ્કૃત વિષયને દ્વિતીય ગૌણ વિષય તરીકે શરૂ કરવા માટેની જોડાણ અરજી કરવામાં આવી હતી.

આ જોડાણ તથા માન્યતા આપવા માટેની શક્યતાઓ માટે માનનીય કુલપતિશ્રીએ બે સભ્યોની સ્થાનિક તપાસસમિતિની નિમણૂક કરી હતી. આ સભ્યોનાં નામ નીચે મુજબ છે :

૧. ડૉ. વિજયભાઈ પંડ્યા ભાષા-સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯

૨. ડૉ. ના. ગ. દીક્ષિત ભૂગોળ ભવન " "

આ બન્ને સભ્યોએ તા. ૧૮-૬-૧૯૯૭ના રોજ સવારે ૧૧-૩૦ કલાકે સરસપુર આર્ટ્સ તથા કૉમર્સ કૉલેજની મુલાકાત લીધી હતી. અને જોડાણ સંબંધિત બાબતોની માહિતી મેળવી હતી. તપાસસમિતિની મુલાકાત દરમિયાન આચાર્યશ્રીએ જાતે હાજર રહીને સભ્યોએ માગેલી માહિતી પૂરી પાડી હતી.

આ તપાસ દરમિયાન નીચેની હકીકત સ્પષ્ટ થઈ હતી જેની નોંધ આ સાથે સર્વાનુમતે કરવામાં આવી છે:

૧. ભૂગોળ :

(ક) "હાલ ભૂગોળ વિષયનું અધ્યાપન પ્રથમ તથા દ્વિતીય વર્ષ બી.એ.માં દ્વિતીય ગૌણ વિષય તરીકે કરાવવામાં આવે છે. છેલ્લાં ત્રણ વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની સંખ્યા સરેરાશ ૭૦ રહી છે. તેવી જ રીતે સેકન્ડ બી.એ.માં વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦થી વધુ રહી છે. આથી ભૂગોળ વિષયનું પ્રથમ ગૌણ વિષય તરીકેનું જોડાણ આપવાથી પૂરતી સંખ્યામાં વિદ્યાર્થીઓ માટે પ્રવેશ શક્ય બનશે."

(ખ) ભૂગોળ વિષયના અધ્યાપન માટે હાલ એક ખંડકાલીન અધ્યાપકની નિમણૂક થયેલી છે. તેમનો સાપ્તાહિક કાર્યભાર ૬/૨ એમ કુલ ૮ તાસનો છે. સૂચિત જોડાણ માન્ય થયેથી કુલ કાર્યભાર વધશે જેથી ઓછામાં ઓછા એક પૂર્ણકાલીન વ્યાખ્યાતાની જરૂર ઊભી થશે.

(ગ) ભૂગોળ વિષયક પુસ્તકોની સંખ્યા વિદ્યાર્થીઓની સંખ્યાને અનુલક્ષીને સંતોષકારક જણાઈ છે. વધારાનાં પુસ્તકો વસાવવાની આચાર્યશ્રીએ ખાતરી આપી છે.

(ઘ) ભૂગોળના અધ્યાપનમાં જરૂરી બને તેવાં દૃશ્ય-શ્રાવ્ય સાધનો સંખ્યામાં ઉપલબ્ધ છે.

૨. સંસ્કૃત :

(ક) "સંસ્કૃત વિષયનું અધ્યાપન હાલ પ્રથમ વર્ષ બી.એ. કક્ષાએ માત્ર ફરજિયાત વિષય તરીકે કરાવવામાં આવે છે. જે આચાર્યશ્રીએ આપેલી માહિતી મુજબ ઘણા વિદ્યાર્થીઓ સંસ્કૃત વિષયને દ્વિતીય ગૌણ વિષય તરીકે રાખવા ઉત્સુક છે."

(ખ) "હાલ સંસ્કૃતના અધ્યાપન માટે એક ખંડકાલીન અધ્યાપકની નિમણૂક થયેલી છે તેમનો કાર્યભાર ૬/૨ એમ ૮ છે. સૂચિત જોડાણ મંજૂર કરવાથી કાર્યભાર વધવાથી એક પૂર્ણકાલીન વ્યાખ્યાતાની જરૂર ઊભી થશે."

(ગ) વધારાનાં પુસ્તકો વસાવવાની આચાર્યશ્રીએ ખાતરી આપી છે.

ઉપરોક્ત વિગતોને આધારે આ સ્થાનિક તપાસસમિતિ સરસપુર આર્ટ્સ તથા કૉમર્સ કૉલેજ, અમદાવાદને વર્ષ ૧૯૯૭-૯૮થી ભૂગોળ વિષયનું પ્રથમ ગૌણ વિષય તરીકેનું અને સંસ્કૃત વિષયનું દ્વિતીય ગૌણ વિષય તરીકેનું જોડાણ તથા માન્યતા આપવાની ભલામણ કરે છે, આ જોડાણ માટે કૉલેજે નીચે જણાવેલી શરતો પરિપૂર્ણ કરવાની રહેશે :

શરતો

૧. ભૂગોળ તથા સંસ્કૃત વિષયો માટેનાં વધારાનાં પુસ્તકોની ખરીદી બનતી ત્વરાએ કરશે.

૨. ભૂગોળ તથા સંસ્કૃત વિષયમાં પ્રત્યેકમાં એક પૂર્ણકાલીન વ્યાખ્યાતાની નિમણૂક કરશે.

આ બંને શરતોનું પાલન થયાની જાણ કૉલેજે ગુજરાત યુનિવર્સિટીને તાત્કાલિક કરવાની રહેશે.

તા. ૧૮-૬-૧૯૯૭
સ્થળ : અમદાવાદ

સમિતિના સભ્યો
ડૉ. વિજયભાઈ પંડ્યા
ડૉ. ના. ગ. દીક્ષિત

ઍકૅડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે સરસપુર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદમાં નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૦ ઑગસ્ટ, ૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. પ્રથમ (ગૌણ)માં ભૂગોળના એસ. બી. (ગૌણ) સંસ્કૃતના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું વધારાનું જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. સંસ્કૃત વિષય તથા ભૂગોળ વિષયમાં પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

૩. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૪. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. ભૂગોળ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૧૫,૦૦૦નો અનાવર્તક ખર્ચ કરવામાં આવે તથા સંસ્કૃત વિષયનાં પુસ્તકો ખરીદવામાં આવે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૭. ગુજરાત સરકાર ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે.

૮. ભૂગોળ વિષય માટે રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે (સાધનો, ઇક્વિપમેન્ટ, નકશા ઇત્યાદિ માટે);

૯. ભૂગોળ માટે રૂ. ૧૫,૦૦૦નાં પુસ્તકો વસાવી તેની યાદી યુનિવર્સિટીને મોકલવી."

પરિશિષ્ટ '૧/૧૬'

કામકાજ ક્રમાંક ૨(૨) (૧૬)

ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા મહિલા કૉમર્સ કૉલેજ, ગાંધીનગરનો સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટીના તા. ૧૮-૩-૧૯૯૭ના પત્રાંક ઍકેડેમિક ૨૧/૨૭૬૪૮/૧૯૯૭ અનુસાર સ્થાનિક તપાસસમિતિના નીચેના સભ્યોએ :

૧. ડૉ. કે. એમ. કુલકર્ણી
રીડર, ભૂગોળ ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૩૮૦ ૦૦૯
૨. પ્રો. બી. એસ. પરમાર
એચ. કે. આર્ટ્સ કૉલેજ, આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯.

બી.એ. કક્ષાએ ભૂગોળ વિષયને મુખ્ય વિષય તરીકે આપવા કાયમી જોડાણ આપવા માટે સોમવાર તા. ૨૩ જૂન, ૧૯૯૭ના રોજ સવારે ૯-૩૦ કલાકે ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરની મુલાકાત લીધી. સ્થાનિક તપાસસમિતિના સભ્યો કૉલેજના આચાર્યશ્રી એસ. સી. પટેલ અને ભૂગોળ વિભાગના અધ્યાપકો પ્રો. શ્રીમતી ફાલ્ગુની પટેલ અને શ્રી જયમલભાઈ રંગીયાને આ સંદર્ભમાં મળ્યા અને જુદી જુદી બાબતો અંગે ચર્ચા કરી. જેવી કે ભૂગોળને મુખ્ય વિષય તરીકે રાખતા વિદ્યાર્થીઓની સંખ્યા, વિભાગમાં અધ્યાપકોની સંખ્યા, હાલમાં કુલ કાર્યભાર પ્રયોગશાળાની જગ્યા, સાધનો (મોજણી માટેનાં સાધનો, હવામાનનાં સાધનો), ટોપીશાટ્સ હવામાન, નકશા, લાઇબ્રેરીની સગવડ (ભૂગોળ વિષયનાં પ્રાપ્ત એવાં અંગ્રેજી અને ગુજરાતી માધ્યમનાં પુસ્તકો) વગેરેની માહિતી મેળવી નીચેની માહિતી તારવવામાં આવી :

૧. ભૂગોળને મુખ્ય વિષય તરીકે રાખતા વિદ્યાર્થીઓની સંખ્યા પ્રથમ વર્ષ બી.એ.માં ૨૭, બીજા વર્ષમાં ૨૧ અને ત્રીજા વર્ષમાં ૨ છે, જે દર્શાવે છે કે વધુ ને વધુ વિદ્યાર્થીઓ આ વિષય લઈ રહ્યા છે.
૨. એ જ રીતે ભૂગોળ વિષયને ગૌણ અને દ્વિતીય ગૌણ વિષય તરીકે રાખવા વિદ્યાર્થીઓની સંખ્યા પ્રથમ વર્ષ બી.એ. કક્ષાએ અનુક્રમે ૩૪ અને ૪૨ અને દ્વિતીય વર્ષ બી.એ. કક્ષાએ ૨૬ અને ૩૫ છે.
૩. હાલમાં ભૂગોળ વિભાગમાં બે પૂરા સમયના વ્યાખ્યાતાઓ છે. વધતા કાર્યભારને પહોંચી વળવા ૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષ દરમિયાન કૉલેજ એક પૂરા સમયના અને એક ખંડ સમયના અધ્યાપકની ભરતી કરનાર છે. આ માટે સરકારમાંથી મંજૂરી મેળવવાની દિશામાં પ્રક્રિયા ચાલુ છે.
૪. ભૂગોળ વિભાગે પ્રયોગાત્મક કાર્ય માટે પ્રયોગશાળાની કામચલાઉ વ્યવસ્થા કરેલ છે. ચાલુ વર્ષમાં લાઇબ્રેરી નવા મકાનમાં લઈ જવાથી ભૂગોળની પ્રયોગશાળા માટે તે જગ્યા ઉપલબ્ધ બનશે. જરૂરી ફર્નિચરનો ઑર્ડર કૉલેજના સત્તાવાળા દ્વારા અપાશે.
૫. મોજણી માટેનાં સાધનો જેવાં કે, પ્લેન ટેબલ, ચેઇન-ટેપ અને કંપાસ ખરીદવામાં આવ્યાં છે. ઉપરાંત થર્મોમીટર્સ, એનેરોઇડ બેરોમીટર, દીવાલ ટાંગવાના નકશા વગેરે ખરીદવામાં આવ્યાં છે. રંગીન ટી.વી. ખરીદવામાં આવ્યું છે અને ટૂંક સમયમાં વી.સી.આર. તથા શૈક્ષણિક, ભૌગોલિક વિડિયો કેસેટ્સ ખરીદવામાં આવશે. ઘણા સારા એટલાસ ખરીદાયા છે.

ભૂગોળ વિભાગનો સમગ્ર રીતે છેલ્લા એક વર્ષ દરમિયાન વિકાસ જોતાં, અને સ્થાનિક તપાસસમિતિના સભ્યો બી.એ.એ હવે પછીના ત્રણ વર્ષ માટે (એપ્રિલ, ૨૦૦૦ સુધી) ભૂગોળ વિષયને મુખ્ય વિષય તરીકે શીખવવા માટેની મંજૂરી આપવા ભલામણ કરીએ છીએ. ત્યાં સુધીમાં કૉલેજે વધુ મોટી જગ્યામાં કાયમી પ્રયોગશાળા, પૂરતું ફર્નિચર, પ્રયોગાત્મક કાર્યનાં સાધનો, વધુ સંખ્યામાં ટોપોશીટ, વધુ શૈક્ષણિક સ્ટાફ, લેબોરેટરી આસિસ્ટન્ટ, ખડકો, નકશા, ડિશપ્લે કરવા માટેના ઘોડા, નકશા માટેનાં વિશિષ્ટ કબાટો, ડ્રેસિંગ ટેબલો, ડ્રોઇંગ બોર્ડ્સ તથા શૈક્ષણિક પ્રવાસ માટેનું બજેટ વગેરે પૂરાં પાડવાનાં રહેશે. ઇ.સ. ૨૦૦૦ની પ્રગતિને ધ્યાનમાં લઈને કાયમી જોડાણ અંગે વિચારી શકાય. હાલમાં અમે, ગુજરાત યુનિવર્સિટીને બી.એ. કક્ષાએ ભૂગોળ વિષય તરીકે ત્રણ વર્ષ રાખવાની મંજૂરી આપવા ભલામણ કરીએ છીએ.

કે. એમ. કુલકર્ણી
બી. એસ. પરમાર

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે ઉમા આર્ટ્સ એન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગરમાં નિમણૂકો અંગેની શરત સહિત નીચે જણાવેલ શરતોનું પાલ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૭-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં ભૂગોળના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૨૦૦૦ સુધીનું ત્રણ વર્ષ માટે ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑર્ડિ. ૧૨૦-એ અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. ભૂગોળ વિષયનાં પુસ્તકો માટે રૂ. ૫,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૫. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રેચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૬. ભૂગોળના અલાયદા સુસજ્જ પ્રાયોગિક ખંડની જરૂરી ફર્નિચર સહિતની વ્યવસ્થા કરવામાં આવે;

૭. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે.

૮. ભૂગોળના વિષય માટે રૂ ૫૦,૦૦૦નો ખર્ચ કરવામાં આવે (સાધનો, ખડકો, ડ્રેસિંગ ટેબલ, શૈક્ષણિક પ્રવાસ, ઇક્વિપમેન્ટ, નકશા ઇત્યાદિ માટે);

૯. જરૂરી કદ, હવાઉજાસ સાથેનો, પ્રાયોગિક સાધનોથી સુસજ્જ અલાયદો પ્રાયોગિક ખંડ કાયમી ધોરણે કરવો;

૧૦. જોડાણની મૂળ શરત મુજબ ભૂગોળ માટે રૂ. ૧૫,૦૦૦નાં જે પુસ્તકો વસાવેલ હોય તેની યાદી યુનિવર્સિટીને મોકલવી.

૧૧. પ્રાયોગિક ખંડમાં વિદ્યાર્થીઓને બેસવા જરૂરી ફર્નિચર સત્વરે વસાવવામાં આવે."

પરિશિષ્ટ '૧/૧૭'

કામકાજ ક્રમાંક ૨(૨) (૧૭)

આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુવાલનો હેવાલ

અમે તા. ૧૮-૬-૧૯૯૭ના રોજ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુવાલ, જિ. વડોદરાની રૂબરૂ મુલાકાત લીધી હતી.

અમે વ્યવસ્થાપક સમિતિના સભ્યો, આચાર્યશ્રી, અધ્યાપકો અને બિનશૈક્ષણિક કર્મચારીઓને અલગ અલગ મળ્યાં હતાં.

અમને નીચે પ્રમાણે ક્ષતિ જણાઈ છે :

૧. કર્મચારીઓનો (શૈક્ષણિક અને બિનશૈક્ષણિક) પગાર માર્ચ, ૧૯૯૭ સહિત આજદિન સુધી થયો નથી.
૨. ડી.એ.નો વધારો તા. ૧-૧-૧૯૯૭થી આપ્યો છે પરંતુ પાછલા બે હપ્તાનું એરિયર્સ બાકી છે.
૩. વચગાળાની રાહત તા. ૧-૧-૧૯૯૭થી પગારમાં આપી છે પરંતુ એરિયર્સ બાકી છે.
૪. સ્ટાફરૂમમાં અધ્યાપકોને બેસવા સહિતની સુવિધાઓ ઉપલબ્ધ નથી.
૫. સમાજશાસ્ત્રના અધ્યાપકને ફરજિયાત ગુજરાતી વિષય ભણાવવા દબાણ કર્યું છે.
૬. ૧૯૯૬-૯૭ના વર્ષમાં અર્થશાસ્ત્ર (મુખ્ય) એફ.વાય. બી.એ.માં આપવામાં આવ્યું ન હતું. આ અંગે યુનિવર્સિટી સમક્ષ કોઈ રજૂઆત થઈ નથી કે કાર્યવાહી કરવામાં આવી ન હતી.
૭. ગુજરાતીમાં હજી એક પૂર્ણ સમયના તથા એક ખંડ સમયના વ્યાખ્યાતાની જગ્યા ભરવાની બાકી છે. આ ઉપરાંત અંગ્રેજી ખંડ સમયના, અર્થશાસ્ત્રમાં એક પૂર્ણ સમયના અને એક ખંડ સમયના, કૉમર્સમાં એક પૂર્ણ સમયના, એક ખંડ સમયના, વેપારી કાયદોમાં એક ખંડ સમયના આંકડાશાસ્ત્રની જગ્યા ભરવાની રહે છે.

એવી જ રીતે બિનશૈક્ષણિક જગ્યાઓમાં સિનિયર ક્લાર્ક-૨, જુનિયર ક્લાર્ક-૧, ગ્રંથપાલ- ૧ની જગ્યાઓ ભરવાની બાકી રહે છે :

— અમે વ્યવસ્થાપક સમિતિને તથા આચાર્યશ્રીને જણાવ્યું છે કે તા. ૩૦-૬-૧૯૯૭ સુધીમાં બાકી લેણાની રકમ પગાર સહિત ચૂકવી દેવી.
— આ વ્યવસ્થા પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રથમ વર્ષ આર્ટ્સ અને કૉમર્સમાં પ્રવેશ આપવો નહીં.

અમે (—) આ અંગે તાર રજિસ્ટ્રાર દ્વારા કૉલેજને પહોંચે એવી ભારપૂર્વક ભલામણ કરીએ છીએ.

આર. એચ. વ્યાસ
એ. આર. શાહ

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

૧

આથી ઠરાવવામાં આવે છે કે આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મુવાલમાં નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૭-૧૯૯૭ સુધીમાં કરે તો તેને બી.એ. (મુખ્ય)માં ગુજરાતી, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર; બી.એ. (ગૌણ)માં સંસ્કૃત; બી.કૉમ. (મુખ્ય)માં એસ.પી.ના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૯ સુધીની ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓનો પગાર તા. ૩૦-૬-૧૯૯૭ સુધીમાં બાકી પગાર સહિત ચૂકવી દેવો;

ખાસ નોંધ.—ઉપર જણાવેલ આ વ્યવસ્થા પૂર્ણ ન થાય ત્યાં સુધી પ્રથમ વર્ષ આર્ટ્સ અને કૉમર્સમાં પ્રવેશ આપવો નહીં.

૨. ડી.એ.ના પાછલા બે હપ્તાનું એરિયર્સ બાકી છે તે ચૂકવી દેવાની ખાતરી આપવામાં આવે;
૩. સ્ટાફ રૂમમાં અધ્યાપકોની બેસવા સહિતની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે;
૪. ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા, ગુજરાતીના પૂર્ણ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

અર્થશાસ્ત્રના એક પૂર્ણ સમયના, ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે, કૉમર્સના એક પૂર્ણ સમયના અને ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે, વેપારી કાયદાના એક ખંડ સમયના અને એક આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતાની નિમણૂક કરવામાં આવે;

બિનશૈક્ષણિક જગ્યાઓ :

સિનિયર ક્લાર્ક ૨ (બે)

જુનિયર ક્લાર્ક ૧ (એક)

ગ્રંથપાલ ૧ (એક)ની નિમણૂક કરવામાં આવે;

૫. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૬. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૭. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક- બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇ. અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડ-ખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે આવશે."

પરિશિષ્ટ '૨'

કામકાજ ક્રમાંક ૨ (૩)

જૂન, ૧૯૯૭થી જુદી જુદી સંસ્થાઓ તરફથી નવી કૉલેજ શરૂ કરવા અંગે આવેલ અરજીઓ પરત્વે નિયુક્ત કરેલ "જરૂરિયાત નક્કી કરવા" (નીડ કમિટી) માટેની સમિતિની સભા તા. ૮-૧-૧૯૯૭ના રોજ બપોરે ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૨. શ્રી ડી. એમ. શીખ	ગેરહાજર
૩. પ્રો. એસ. બી. વોરા	ગેરહાજર
૪. પ્રો. વાય. કે. અગ્રવાલ	હાજર
૫. આચાર્યશ્રી એચ. એમ. દેસાઈ	હાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન પ્રો. કે. એસ. શાસ્ત્રીએ સંભાળ્યું હતું. ત્યાર બાદ સભામાં નીચે પ્રમાણે કામગીરી હાથ ધરવામાં આવી :

૧. મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, એક્સેલન્સ એજ્યુકેશન મુવમેન્ટ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી વાણિજ્ય, વિજ્ઞાન અને ફિઝિકલ એજ્યુકેશનની કૉલેજો શરૂ કરવા અંગે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

શરૂઆતમાં સંચાલક મંડળની મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી આશ્વનભાઈ શ્રીવાસ્તવ તથા ટ્રસ્ટના અન્ય સભ્યોએ રૂબરૂ રજૂઆત માટે બોલાવવામાં આવ્યા.

સમિતિએ કૉલેજ શરૂ કરવાના સ્થળ, નાણાકીય પરિસ્થિતિ તેમજ અન્ય ભૌતિક સુવિધાઓ અંગે સંચાલક મંડળની રજૂઆતો સાંભળી.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે યુનિવર્સિટીએ તેમને લખેલ પત્રમાં જણાવેલ માહિતી અપૂરતી હોવાથી, તેમને જરૂરી માહિતી તાકીદે પૂરી પાડવા જણાવવામાં આવ્યું.

સદરહુ માહિતી આવ્યા બાદ વિચારણા કરવાનું રાખવું.

૨. એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી સાથે સંલગ્ન મહિલા મહાવિદ્યાલય, વડોદરા સંચાલિત કૉલેજને આ યુનિવર્સિટી સાથે જોડાણ મેળવવા અંગે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

શરૂઆતમાં ઉપરોક્ત સંસ્થા તરફથી હાજર રહેલ ઇનચાર્જ આચાર્યશ્રી શાંતિભાઈ પટેલ, માજી આચાર્ય શ્રીમતી ચન્દ્રિકાબહેન પટેલ તથા પ્રાધ્યાપિકા શ્રીમતી ઇન્દિરાબહેન શાહની રજૂઆત સમિતિએ સાંભળી.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે ઉપરોક્ત કૉલેજની સ્થળ પર નીડ સમિતિએ તાકીદે મુલાકાત લઈ હેવાલ આપવો. અને સદરહુ નીડ સમિતિ પર આમંત્રિત તરીકે એજ્યુકેશન વિદ્યાશાખાના ડીનશ્રી બી. એમ. મોદીને પણ નીમવા.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સમિતિના સભ્યો એક બીજા સાથે પરામર્શ કરી સ્થળ પર જવાની તારીખ નક્કી કરશે.

૩. મંત્રીશ્રી, શિવશક્તિ સ્ટડી સર્કલ, ભૂજ તરફથી વિનયન/વાણિજ્ય વિદ્યાશાખાની મહિલા માટે કૉલેજ શરૂ કરવા આવેલી અરજી પર વિચારણા કરવા બાબત.

ઉપરોક્ત ટ્રસ્ટના સંચાલક મંડળને આજે તા. ૮-૧-૧૯૯૭ના રોજ નીડ સમિતિ સમક્ષ રૂબરૂ રજૂઆત કરવા માટે બોલાવેલ. પરંતુ સદરહુ સંસ્થાના કોઈ પણ હોદ્દેદાર સમિતિ સમક્ષ ઉપસ્થિત થયા નથી. પરંતુ સદરહુ સંસ્થાના ઓનરરી સેક્રેટરીએ તા. ૮-૧-૧૯૯૭ના રોજ યુનિવર્સિટીને લખેલ પત્ર સમિતિ સમક્ષ રજૂ કર્યો.

ત્યાર બાદ ઠરાવવામાં આવ્યું કે સંસ્થાના તા. ૮-૧-૧૯૯૭નો પત્ર વંચાણમાં લેતાં એસ. એન. ડી. ટી. યુનિવર્સિટી, મુંબઈ સાથે જોડાણ મેળવવાની જાણ કરી છે તેથી તેઓની કૉલેજ જોડાણ માટેની અરજી પરત્વે નીડ સમિતિએ કંઈ કરવાપણું રહેતું નથી.

૪. મંત્રીશ્રી, શ્રીમતી એસ. એમ. એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, ખંભાત તરફથી જૂન, ૧૯૯૭થી વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખામાં માત્ર મહિલા કૉલેજ શરૂ કરવા આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ સંસ્થાને તા. ૨૭-૧૧-૧૯૯૬ના રોજ આ સમિતિ સમક્ષ કરેલ રજૂઆત તથા યુનિવર્સિટીને મોકલેલ માહિતી ઇત્યાદિ દસ્તાવેજી પુરાવાઓ જોતાં તેમ જ હાલ આ યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવતી ખંભાતની આર્ટ્સ, કૉમર્સ કૉલેજમાં એફ.વાય. બી.એ.માં મહિલા વિદ્યાર્થીઓની ૮૨ની સંખ્યા તથા એફ.વાય. બી.કૉમ.માં ૧૦૧ મહિલા વિદ્યાર્થીઓની સંખ્યા જોતાં આ સંસ્થાએ માત્ર મહિલા કૉલેજ માટે માગેલ નવી કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત આ સમિતિને લાગતી નથી. તે અંગે સમિતિ અલગ હેવાલ આપશે. ત્યારબાદ આગળ કાર્યવાહી કરવી.

૫. મૅનેજિંગ ટ્રસ્ટીશ્રી, શ્રી ઉમિયા પરિવાર ચેરિટી ટ્રસ્ટ, ચંદ્રાલા, તા. દહેગામ, જિ. અમદાવાદ તરફથી જૂન, ૧૯૯૭થી માત્ર મહિલાઓ માટે વિનયન વિદ્યાશાખાની કૉલેજ શરૂ કરવા આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૧૧-૧૯૯૬ના રોજ આ સમિતિ સમક્ષ સંસ્થાના હોદ્દેદારોએ કરેલ

રજૂઆત, આવેલ માહિતી ઇત્યાદિ બાબતોને લક્ષમાં લેતાં આ સમિતિને નવી કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત જણાતી નથી.

સદરહુ બાબત અંગે સમિતિ અલગ હેવાલ આપશે.

૬. મંત્રીશ્રી, વકીલ કેશવલાલ મોતીલાલ એજ્યુકેશન સોસાયટી, કઠલાલ તરફથી જૂન, ૧૯૯૭થી વિનયન અને વાણિજ્ય કૉલેજ શરૂ કરવા અંગે આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૨૭-૧૧-૧૯૯૬ના રોજ આ સમિતિ સમક્ષ સંચાલક મંડળના હોદ્દેદારોએ કરેલ રૂબરૂ રજૂઆત, યુનિવર્સિટીને પૂરી પાડેલ માહિતી, ભૌતિક સુવિધાઓ, નાણાકીય પરિસ્થિતિ ઇત્યાદિ પાસાંઓને લક્ષમાં લેતાં નીડ સમિતિએ તાકીદે સ્થળ પર મુલાકાત લઈ હેવાલ આવે પછી નિર્ણય લેવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સમિતિના સભ્યો એક બીજા સાથે પરામર્શ કરી સ્થળ પર મુલાકાતે જવાની તારીખ નક્કી કરી જાણ કરશે.

૭. એક્ઝિક્યુટિવ સેક્રેટરી, ડૉ. બી. આર. આંબેડકર એજ્યુકેશન સોસાયટી, અમદાવાદ તરફથી ગાંધીનગર ખાતે જૂન, ૧૯૯૭થી વિનયન તેમજ વાણિજ્ય વિદ્યાશાખાની નવી કૉલેજ શરૂ કરવા આવેલ અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત સંચાલક મંડળે તા. ૨૭-૧૧-૧૯૯૬ના રોજ આ સમિતિ સમક્ષ કરેલ રજૂઆત, યુનિવર્સિટી પાસે પડેલ માહિતી, નાણાકીય પરિસ્થિતિ, ભૌતિક સુવિધાઓ ઇત્યાદિ પાસાંઓ લક્ષમાં લેતાં સમિતિને સ્થળ પર જઈ તાકીદે મુલાકાત લઈ હેવાલ આપવો. સદરહુ હેવાલ આવ્યા બાદ આગળ કાર્યવાહી કરવાનું રાખવું.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સમિતિના સભ્યો એકબીજા સાથે પરામર્શ કરી સ્થળ પર મુલાકાતે જવાની તારીખ નક્કી કરી જાણ કરશે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયેલું જાહેર કરવામાં આવ્યું.

પ્રો. કે. એસ. શાસ્ત્રી

અધ્યક્ષ

નીડ સમિતિનો હેવાલ

ટ્રસ્ટી શ્રી શ્રીમતી એમ. એમ. એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, ખંભાત તરફથી જૂન, ૧૯૯૭થી ખંભાત ખાતે વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાની મહિલા કૉલેજ શરૂ કરવા માટે અરજી કરી છે. આ સંદર્ભમાં ફેકલ્ટીઓએ નિયુક્ત કરેલ સમિતિની સભા તા. ૮-૧-૧૯૯૭ના રોજ ૩-૩૦ કલાકે મળી હતી.

સમિતિ નીચેનાં કારણોસર નવી કૉલેજને જોડાણ આપવાની ભલામણ કરતી નથી :

૧. ખંભાતમાં જ હાલની આર્ટ્સ અને કૉમર્સના પ્રથમ વર્ષ વિનયનમાં મહિલા વિદ્યાર્થીઓની સંખ્યા ૮૨ અને પ્રથમ વર્ષ વાણિજ્યમાં મહિલા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૧ છે. અને કૉલેજની બંને વિદ્યાશાખામાં સદરહુ વર્ષમાં પ્રથમ વર્ષમાં કુલ સંખ્યા ૧૮૩ છે. આથી માત્ર મહિલાઓ માટે નવી કૉલેજ શરૂ કરવાની જરૂરિયાત જણાતી નથી.

૨. ખંભાતની હાલની આર્ટ્સ, કૉમર્સ કૉલેજ અને આ માગેલ સંસ્થાની કૉલેજના સ્થળ વચ્ચે જૂજ અંતર છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી

પ્રિ. એચ. એમ. દેસાઈ

પ્રો. વાય. કે. અગ્રવાલ

નીડ સમિતિનો હેવાલ

મંત્રીશ્રી ઉમિયા પરિવાર ચેરિટી ટ્રસ્ટ, મુ. પો. ચંદ્રાલા, તા. દહેગામ, જિ. અમદાવાદ તરફથી જૂન, ૧૯૯૭થી મહિલાઓ માટે વિનયન વિદ્યાશાખામાં નવી કૉલેજ શરૂ કરવા માટેની અરજી કરી છે. આ સંદર્ભમાં નીમેલ નીડ સમિતિની સભા તા. ૮-૧-૧૯૯૭ના રોજ ૩-૩૦ કલાકે મળી હતી.

સમિતિ નીચેનાં કારણોસર નવી કૉલેજને જોડાણ આપવાની ભલામણ કરતી નથી :

૧. ચંદ્રાલાની નજીક તલોદ, પ્રાંતિજ અને હિંમતનગર અને ગાંધીનગરમાં હાલ પૂરતા પ્રમાણમાં વિનયન વિદ્યાશાખાની કૉલેજો છે. ત્યાં વિદ્યાર્થિનીઓને પ્રવેશ માટે પૂરતી તકો રહેલી છે. તેથી સૂચિત નવી મહિલા વિનયન કૉલેજ શરૂ કરવાની ભલામણ કરતી નથી.

૨. ચંદ્રાલા ખાતે માગવામાં આવેલ નવી કૉલેજથી ગાંધીનગર અને હિંમતનગર વચ્ચેનું અંતર માત્ર અંદાજે ૧૫થી ૬૦ કિલોમીટર જેટલું જ છે.

પ્રો. કે. એસ. શાસ્ત્રી

પ્રિ. એચ. એમ. દેસાઈ

પ્રો. વાય. કે. અગ્રવાલ

પરિશિષ્ટ '૩'

કામકાજ ક્રમાંક ૨ (૪)

ધી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટીની મહેમદાવાદ ખાતે સૂચિત આર્ટ્સ, કૉમર્સ કૉલેજનો હેવાલ

ભાગ-૧ :

ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક ઍકેડેમિક/૧૨૩૫-૪૦ તા. ૨૫-૪-૧૯૯૭ અન્વયે મહેમદાવાદ ખાતે સદરહુ સંસ્થાની મુલાકાત અમે તા. ૨૯-૪-૧૯૯૭ના રોજ નીડ અને સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે લીધી હતી. મુલાકાત સમયે સંસ્થાના પ્રમુખ, જનરલ સેક્રેટરી અને સંચાલક મંડળના અન્ય આગેવાનો હાજર રહ્યા હતા અને અમને જરૂરી વિગતો અને માહિતી પૂરી પાડી હતી.

આ અગાઉ ગુજરાત યુનિવર્સિટીએ મહેમદાવાદ ખાતે વિનયન અને વાણિજ્યની કૉલેજની જરૂરિયાત સ્વીકારી ન હતી. સદરહુ સંસ્થાની અપીલના સંદર્ભમાં ગુજરાત સરકારે જૂન, ૧૯૯૭થી કૉલેજ શરૂ કરવા માટે સૈદ્ધાંતિક પૂર્વમંજૂરી આપેલ, જેનાં અનુસંધાનમાં સંસ્થાની મુલાકાત અમે લીધી હતી.

આ સંદર્ભમાં નીચેની શરતોએ સદરહુ કૉલેજને એક વર્ષ (૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષ માટે) જોડાણ આપવા માટે ભલામણ કરીએ છીએ :

(૧) ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રારના નામે રૂ. ૨૩,૦૦,૦૦૦ (રૂપિયા ત્રેવીસ લાખ)ની ડિપોઝિટ મૂકવા માટેની રકમ યુનિવર્સિટીમાં ભરવામાં આવે. આ રકમ તા. ૧૩-૫-૧૯૯૭ સુધીમાં ભરવાની રહેશે.

(૨) અન્ય શરતો જેનું પરિપાલન સંસ્થાએ તા. ૩૧-૫-૧૯૯૭ સુધીમાં કરવાનું રહેશે :

૧. ગ્રંથાલયમાં વિનયન માટે રૂ. ૧૦,૦૦૦ અને વાણિજ્ય માટે રૂ. ૧૦,૦૦૦નાં પુસ્તકો વસાવવામાં આવે;

૨. વર્ગ ખંડો પર્યાપ્ત સ્વરૂપમાં ઉપલબ્ધ છે પરંતુ તેમાં જરૂરી પાટલીઓ, ખુરશીઓ, ટેબલ, બ્લેકબોર્ડ, લાઈટ, પંખા વગેરેની પૂરતી સુવિધા કરવામાં આવે;

૩. અપેક્ષિત કાર્યભાર જોતાં નીચે જણાવ્યા મુજબના જુદા જુદા વિષયો માટેના અધ્યાપકોની નિમણૂક કરવામાં આવે અને ગ્રંથપાલ તથા શારીરિક શિક્ષણના ડાયરેક્ટરની નિમણૂક કરવામાં આવે;

(અ) અંગ્રેજીના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા

(બ) ગુજરાતીના ખંડ સમયના એક વ્યાખ્યાતા

(ક) અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા

(ડ) સંસ્કૃતના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા

(ઇ) સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા

(ફ) એકાઉન્ટન્સી–કૉમર્સના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા

(ગ) આંકડાશાસ્ત્રના એક ખંડ સમયના વ્યાખ્યાતા

(હ) એક ગ્રંથપાલ

(ઈ) શારીરિક શિક્ષણના ડાયરેક્ટર.

૪. બિનશૈક્ષણિક કર્મચારીઓની નીચે મુજબની નિમણૂકો કરવામાં આવે :

(અ) સિનિયર ક્લાર્ક–એક

(બ) જુનિયર ક્લાર્ક–બે

(ક) પટાવાળા

સફાઈ કામદાર — કુલ પાંચની નિમણૂક કરવાની થાય

ચોકીદાર

૫. આચાર્યની નિમણૂક કરવામાં આવે. આચાર્ય જે વિષયના અધ્યાપક હોય તે વિષયમાં અન્ય અધ્યાપકની નિમણૂક કાર્યભારને આધારે કરવાની રહેશે.

(૩) સંસ્થાએ યુનિવર્સિટીનાં ધારાધોરણોનું પણ પાલન કરવાનું રહેશે.

(૪) નવી કૉલેજો માટે યુનિવર્સિટીએ નક્કી કરેલ અન્ય વધારાની શરતોનું પાલન પણ આ સંસ્થાએ કરવાનું રહેશે.

ભાગ-૨ : યુનિવર્સિટીએ ગુજરાત સરકારને કાર્યવાહી કરવા માટે લખવાની બાબત.

ખેડા ખાતેની ખેડા આર્ટ્સ, કૉમર્સ કૉલેજમાં શૈક્ષણિક વર્ષ ૧૯૯૬-૯૭ના વર્ષ દરમિયાન પ્રથમ વર્ષ બી.એ.માં માત્ર ૮૬ અને પ્રથમ વર્ષ બી.કૉમ.માં માત્ર ૨૪ વિદ્યાર્થીઓ હતા. આ સંદર્ભમાં જૂન, ૧૯૯૭થી મહેમદાવાદ ખાતે નવી કૉલેજ શરૂ થતાં અને આ બંને કૉલેજો વચ્ચેનું અંતર ૧૨ કિલોમીટર હોવાને કારણે ખેડા આર્ટ્સ, કૉમર્સ

કૉલેજની વિદ્યાર્થી સંખ્યા ઉપર વિપરીત અસર ચોક્કસ થશે જ. આવી વિપરીત અસરને કારણે ખેડા આર્ટ્સ, કૉમર્સ કૉલેજની વિદ્યાર્થી સંખ્યા ઘટતાં તે કૉલેજ Viable ન પણ રહે તે સંજોગોમાં તેની ગ્રાન્ટ કપાવી જોઈએ નહીં અને શૈક્ષણિક તેમ જ બિનશૈક્ષણિક કર્મચારીઓ પર પણ તેની વિપરીત અસર પડવી જોઈએ નહીં અને રાજ્ય સરકારે આવી વિપરીત અસર ન પડે તે માટે કાર્યવાહી કરવી.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. દર્શનસીંગ શીખ
પ્રો. વાય. કે. અગ્રવાલ
પ્રો. આર. એચ. વ્યાસ
પ્રિ. એચ. એમ. દેસાઈ

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી મહેમદાવાદ એજ્યુકેશન સોસાયટી, મહેમદાવાદ તરફથી શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પરિપાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૯૭ સુધીમાં અને શરત ક્રમાંક-૧૩નું પરિપાલન તા. ૧૩-૫-૧૯૯૭ સુધીમાં કરે તો તેને મહેમદાવાદ ખાતે પ્રથમ વર્ષ વિનયન અને પ્રથમ વર્ષ વાણિજ્યમાં એક એક વર્ગનું તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીમાં નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. નીચે મુજબ શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે :

ક્રમ	*શિક્ષક કર્મચારીઓ*	*સંખ્યા*
૧.	આચાર્ય	૧
૨.	અંગ્રેજીના પૂર્ણ સમયના એક વ્યાખ્યાતા	૧
૩.	ગુજરાતીના બે પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧
૪.	અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧
૫.	સંસ્કૃતના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧
૬.	સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧
૭.	કૉમર્સ-એકાઉન્ટના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧ + ૧
૮.	અંકગણિતશાસ્ત્રના બે પૂર્ણ સમયના વ્યાખ્યાતા	૧
૯.	ગ્રંથપાલ	૧
૧૦.	વ્યાયામ શિક્ષક	૧

ક્રમ	**બિનશિક્ષક કર્મચારીઓ**	**સંખ્યા**
૧.	સિનિયર ક્લાર્ક	૧
૨.	જૂનિયર ક્લાર્ક	૨
૩.	પટાવાળા, સફાઈ કામદાર, વૉચમેન	કુલ ૫

આચાર્ય જે વિષયના અધ્યાપક હોય તે વિષયમાં અન્ય અધ્યાપકની નિમણૂક કાર્યભારને આધારે કરવાની રહેશે.

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થીદીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય તેવા અભ્યાસખંડો;
૨. વર્ગખંડ અને ટ્યુટોરિયલ માટે ખંડમાં જરૂરી ખંડો;
૩. શિક્ષક માટેનો ખંડ-એટેચ્ડ ટોયલેટની વ્યવસ્થા સાથે;
૪. અભ્યાસખંડોમાં જરૂરી પાટલીઓ, ખુરશી, ટેબલ, બ્લેક બોર્ડ, લાઈટ, પંખાની પર્યાપ્ત સુવિધા ઉપલબ્ધ કરવામાં આવે;
૫. કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો ખંડ;
૬. વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય, વગેરે સહિતનો);
૭. પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એક સાથે બેસીને વાંચી શકે તેટલી બેઠકવ્યવસ્થાવાળો સુસજ્જ વાચન ખંડ સહિત ગ્રંથાલય;
૮. આચાર્ય માટેનો ખંડ-એટેચ્ડ ટોયલેટની વ્યવસ્થા સાથે;

૯. કૉલેજના કાર્યાલય માટેનો ખંડ;

૧૦. પીવાના પાણી માટેનો ખંડ;

૧૧. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે વિદ્યાશાખાદીઠ આવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

ક્રમ	*આર્ટ્સ-કૉમર્સ*	*વિદ્યાશાખાદીઠ*
૧.	પુસ્તકો માટે	રૂ. ૧૦,૦૦૦
૨.	સામયિકો માટે	રૂ. ૧,૨૫૦
૩.	સંદર્ભગ્રંથો	રૂ. ૧,૨૫૦

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો.વાર જેટલી જગા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડા મુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫ (અઢી) ટકાના દરે ગ્રૅચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી, ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમજ શારીરિક ખોડખાંપણ ધરાવતાં ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે તે મુજબનું સંસ્થાની બાંહેધરી પત્ર આપવાનું રહેશે;

૧૧. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઑપન ઇન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૨. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે, કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાને યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે;

૧૩. ગુજરાત યુનિવર્સિટીના રજિસ્ટ્રારના નામે રૂ. ૨૩ લાખ (ત્રેવીસ લાખ)ની ડિપૉઝિટ મૂકવા માટેની રકમ યુનિવર્સિટીમાં જમા કરવામાં આવે આ રકમ તા. ૧૩-૫-૧૯૯૭ સુધીમાં યુનિવર્સિટીમાં ભરવાની રહેશે. ત્યારબાદ શરતોને આધીન જોડાણ આપવામાં આવશે. આ ડિપૉઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર ન થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે;

૧૪. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક-બિનશિક્ષક કર્મચારીની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં, તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે. ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે.

પરિશિષ્ટ '૪'

કામકાજ ક્રમાંક ૨ (૫)

એક્સલન્સ એજ્યુકેશન મુવમેન્ટ ટ્રસ્ટ તરફથી કૉમર્સ કૉલેજ શરૂ કરવા અંગેની અરજી પર હેવાલ

એક્સલન્સ એજ્યુકેશન મુવમેન્ટ ટ્રસ્ટ તરફથી અમદાવાદમાં કૉમર્સ કૉલેજ શરૂ કરવા અંગે નિમાયેલ નીડ અને સ્થાનિક તપાસસમિતિના સભ્યો તરીકે અમે આ ટ્રસ્ટ જ્યાં આ કૉલેજ શરૂ કરવા માગે છે, તે ભાવિન વિદ્યાવિહારના મકાનની મુલાકાત તા. ૨૭-૧-૧૯૯૭ના રોજ લીધી હતી. આ સમયે એક્સલન્સ એજ્યુકેશન મુવમેન્ટ ટ્રસ્ટના સંચાલકો તેમ જ ભાવિન વિદ્યાવિહારના સંચાલકો હાજર રહ્યા હતા. અમારો હેવાલ નીચે પ્રમાણે છે:

અમદાવાદ શહેરમાં કૉમર્સ વિદ્યાશાખામાં અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ મેળવવા માગતા વિદ્યાર્થીઓની સંખ્યા વધતી જાય છે અને શહેરની બધી કૉલેજોની અંગ્રેજી માધ્યમની ક્ષમતા કરતાં પ્રવેશ મેળવવા માગતા વિદ્યાર્થીઓની સંખ્યા વધુ છે. આ સંદર્ભમાં કૉમર્સ વિદ્યાશાખામાં અંગ્રેજી માધ્યમ દ્વારા ભણી શકે તેવી સંસ્થાની જરૂર છે. આ ટ્રસ્ટ ગુજરાતી માધ્યમ દ્વારા પણ શિક્ષણ આપશે, તેવું સંચાલકોએ અમારી સમક્ષ સ્વીકાર્યું છે.

શરૂઆતના એક વર્ષ દરમિયાન આ સંસ્થાએ ભાવિન વિદ્યાવિહારના મકાનમાં કૉલેજ શરૂ કરવાનું સ્વીકાર્યું છે અને ભાવિન વિદ્યાવિહારના સંચાલકોએ આ અંગે અમને લેખિત બાંહેધરી આપી છે.

પહેલાં આ મકાનમાં નિરમા દ્વારા સંચાલિત ઇજનેરી કૉલેજ બેસતી હતી. યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર આ મકાનમાં જરૂરી વર્ગખંડો, ટ્યુટોરિયલ ખંડો, લાઇબ્રેરી, અધ્યાપક ખંડ, લેડીઝ રૂમ, કાર્યાલય, આચાર્ય ખંડ, વગેરેની સુવિધાઓ ઊભી કરવામાં આવશે, તેમ સંચાલકોએ અમને જણાવ્યું છે.

આથી ૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષ માટે અંગ્રેજી માધ્યમના એક વર્ગની તેમ જ ગુજરાતી માધ્યમના એક વર્ગની પરવાનગી આપવાની અમે ભલામણ કરીએ છીએ અને ૧૫ જૂન, ૧૯૯૭થી ૧૪ જૂન, ૧૯૯૮ સુધી યુનિવર્સિટીના પ્રવર્તમાન નિયમો અને શરતો અનુસાર આ કૉલેજને જોડાણ આપવાની ભલામણ કરીએ છીએ.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
આચાર્ય ડી. એમ. શીખ
પ્રિ. એચ. એમ. દેસાઈ
પ્રો. આર. એચ. વ્યાસ
પ્રો. વાય. કે. અગ્રવાલ

એક્ઝિક્યુટિવ કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે એક્સેલન્સ એજ્યુકેશન મુવમેન્ટ ટ્રસ્ટ, અમદાવાદ તરફથી શિક્ષકગણની નિમણૂકો અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું પરિપાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૧-૫-૧૯૯૭ સુધીમાં સુધીમાં કરવામાં તો તેને અમદાવાદ ખાતે વાણિજ્ય વિદ્યાશાખા હેઠળ પ્રથમ વર્ષ વાણિજ્યમાં અંગ્રેજી માધ્યમનો એક વર્ગ તથા ગુજરાતી માધ્યમનો એક વર્ગ તારીખ ૧૫-૬-૧૯૯૭થી તારીખ ૧૪-૬-૧૯૯૮ સુધીમાં નવું જોડાણ આપવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી.

૧. નીચે મુજબ શિક્ષક-બિનશિક્ષક કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે :

ક્રમ	શિક્ષક કર્મચારીઓ	સંખ્યા
૧.	આચાર્ય	૧ (એક)
૨.	કૉમર્સ-એકાઉન્ટ, અંગ્રેજી, અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એક-એક દરેક વિષય
૩.	આંકડાશાસ્ત્ર કૉમ્પ્યુટરના ખંડ સમયના વ્યાખ્યાતા	એક-એક
૪.	કૉમ્પ્યુટર પ્રોગ્રામર પૂર્ણ સમયના	૧ (એક)
૫.	ગ્રંથપાલ	૧ (એક)
૬.	વ્યાયામ શિક્ષક	૧ (એક)
ક્રમ	**બિનશિક્ષક કર્મચારીઓ**	**સંખ્યા**
૧.	સિનિયર ક્લાર્ક	૧
૨.	જુનિયર ક્લાર્ક	૨
૩.	પટાવાળા, સફાઈ કામદાર, વૉચમેન	૫

૨. કૉલેજના મકાનમાં ઓછામાં ઓછી નીચે પ્રમાણેની જોગવાઈ યુનિવર્સિટીના પ્રચલિત ધારાધોરણ પ્રમાણે કરવામાં આવે :

૧. વિદ્યાર્થીદીઠ ૮ ચો. ફૂટ લેખે જરૂરી સંખ્યામાં શૈક્ષણિક દૃષ્ટિએ યોગ્ય તેવા અભ્યાસખંડો;

૨. વર્ગખંડ અને ટ્યુટોરિયલ માટે જરૂરી ખંડો;

૩. શિક્ષક માટેનો ખંડ

૪. કૉલેજના કુલ વિદ્યાર્થીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા જેટલા વિદ્યાર્થીઓ બેસી શકે તેવો વિદ્યાર્થી માટેનો ખંડ;

૫. વિદ્યાર્થિનીઓની સંખ્યાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થિનીઓ માટેનો ખંડ (સંલગ્ન શૌચાલય, વગેરે સુવિધા સહિતનો);

૬. પ્રત્યેક વિદ્યાશાખાના ઓછામાં ઓછા ૧૦ ટકા વિદ્યાર્થીઓ એકસાથે બેસીને વાંચી શકે તેટલી સગવડતાવાળો સુસજ્જ વાચન ખંડ સહિત ગ્રંથાલય;

૭. આચાર્ય માટેનો ખંડ;

૮. કૉલેજના કાર્યાલય માટેનો ખંડ;

૯. પીવાના પાણી માટેનો ખંડ;

૧૦. શૌચાલય વગેરેની યોગ્ય વ્યવસ્થા;

૩. ઓછામાં ઓછા પચ્ચીસ વિદ્યાર્થીઓ રહી શકે તેવા છાત્રાલયની જોગવાઈ કરવામાં આવે તથા તેના ગૃહપતિ માટે ભાડામુક્ત રહેઠાણની યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે;

૪. ગ્રંથાલય માટે અનાવર્તક ખર્ચ નીચે મુજબ કરવામાં આવે :

૧. પુસ્તકો માટે	રૂ. ૧૦,૦૦૦
૨. સામયિકો માટે	રૂ. ૧,૨૫૦
૩. સંદર્ભ ગ્રંથો માટે	રૂ. ૧,૨૫૦

૫. ઓછામાં ઓછા ૧૦,૦૦૦ ચોરસવાર જેટલા ક્ષેત્રફળના રમતગમતના મેદાનની જોગવાઈ કરવામાં આવે, જે પૈકી કૉલેજના મુખ્ય મકાનની બની શકે તેટલી નજીકમાં ઓછામાં ઓછી ૧,૦૦૦ ચો.વાર જેટલી જગ્યા હોવી આવશ્યક ગણાશે;

૬. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ આચાર્ય માટે કૉલેજ નજીક ભાડામુક્ત રહેઠાણની વ્યવસ્થા કરવામાં આવે;

૭. આચાર્યને હોદ્દાની રૂએ વ્યવસ્થાપક સમિતિના સભ્ય બનાવવામાં આવે;

૮. યુનિવર્સિટીના ધારાધોરણ મુજબ શિક્ષકોને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષકોના વાર્ષિક મૂળ પગારના ૨.૫ (અઢી) ટકાના દરે ગ્રેચ્યુઇટી ફંડ ઊભું કરવામાં આવે;

૯. કૉલેજના સંચાલનમાં જે ખામી થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે;

૧૦. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે તે મુજબનું સંસ્થાનું બાંહેધરીપત્ર આપવાનું રહેશે;

૧૧. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદારો સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી, (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના ઑપન ઇન્ટરવ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે;

૧૨. યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે;

૧૩. સંસ્થાએ રૂ. ૨૦ લાખની (અંકે રૂપિયા વીસ લાખ પૂરા) ડિપૉઝિટ તરીકે યુનિવર્સિટીમાં તા. ૧૦-૫-૧૯૯૭ સુધીમાં જમા કરાવવાની રહેશે ત્યાર બાદ શરતોને આધિન જોડાણ આપવામાં આવશે. આ ડિપૉઝિટ સંસ્થા ગ્રાન્ટપાત્ર ન થાય ત્યાં સુધી યુનિવર્સિટીમાં જમા રહેશે;

૧૪. જોડાણ આપ્યા બાદ કૉલેજ ગ્રાન્ટપાત્ર થાય તેટલા સમયગાળા દરમિયાન જો કૉલેજ તરફથી યુનિવર્સિટીએ નિયત કર્યા પ્રમાણે શિક્ષક-બિનશિક્ષક કર્મચારીની વર્ષના મોટા ભાગ દરમિયાન નિમણૂક કરવામાં આવશે નહીં, તો જ્યારે પણ સંસ્થા ગ્રાન્ટને પાત્ર થશે; ત્યારે આવી નિમણૂકો નહીં કરીને બચત કરેલ રકમ જેટલી રકમ અનુદાનમાંથી કપાત કરવાની ભલામણ સરકારને યુનિવર્સિટી કરી શકશે."

પરિશિષ્ટ '૫'

કામકાજ ક્રમાંક ૨ (૭)

વકીલ કે. એચ. એજ્યુકેશન સોસાયટી, કઠલાલ ખાતે સૂચિત આર્ટ્સ-કૉમર્સ કૉલેજ શરૂ અંગેનો હેવાલ

ગુજરાત યુનિવર્સિટીના પત્રાંક ઍકૅડેમિક/૭૩૪૧-૪૫ તા. ૨૫-૪-૧૯૯૭ અન્વયે નીડ સમિતિ તરીકે અમે આ સૂચિત કૉલેજની તપાસ માટે કઠલાલ ખાતે તા. ૨૭-૪-૧૯૯૭ના રોજ ગયા. આ કૉલેજ શરૂ થવાની છે તે સ્કૂલની મુલાકાત લીધી હતી. આ મુલાકાત વખતે સદરહુ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી દીપકભાઈ એસ. પરીખ, મંત્રીશ્રી રાજેશભાઈ એન. શાહ અને સંચાલકમંડળના અન્ય સભ્યો પણ હાજર રહ્યા હતા અને અમને જરૂરી વિગતો અને માહિતી પૂરી પાડી હતી. અમારો હેવાલ નીચે પ્રમાણે છે :

કઠલાલથી મહુધા ૧૧થી ૧૨ કિલોમીટર દૂર છે. મહુધા ખાતેની કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ.ના વર્ગમાં કુલ ૧૫૬ વિદ્યાર્થીઓ છે, જ્યારે પ્રથમ વર્ષ બી.કૉમ.ના વર્ગમાં માત્ર ૪૪ વિદ્યાર્થીઓ છે. આમ આ કૉલેજમાં પ્રથમ વર્ષ બી.એ., બી.કૉમ.ના વર્ગોમાં હાલમાં વધુ ૨૦૦ વિદ્યાર્થીઓની પ્રવેશની ક્ષમતા છે.

આ ઉપરાંત મહુધા ખાતેની કૉલેજના વિદ્યાર્થીઓની કુલ સંખ્યા માત્ર ૫૪૦ છે, જે કૉલેજ માટેની મહત્તમ સંખ્યા ૧૨૫૦થી ઘણી ઓછી છે.

આ સંદર્ભમાં અમે કઠલાલ ખાતે વિનયન અને વાણિજ્ય કૉલેજની કોઈ જરૂર જોતા નથી, તેથી અમે આ સૂચિત કૉલેજ માટે આ કારણથી ભલામણ કરતા નથી.

પ્રો. કે. એસ. શાસ્ત્રી
પ્રિ. ડી. એમ. શીખ
પ્રો. વાય. કે. અગ્રવાલ
પ્રો. આર. એચ. વ્યાસ
પ્રિ. એચ. એમ. દેસાઈ

પરિશિષ્ટ "૬"

કામકાજ ક્રમાંક ૨ (૧૮)

ગુજરાત રાજ્ય સંશોધન શિષ્યવૃત્તિ યુ.જી.સી. તથા અન્ય સંસ્થાઓ દ્વારા મળતી રિસર્ચ ફેલોશિપ ફાળવવા અંગે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે નીમેલ સમિતિની સભા તા. ૬-૮- ૧૯૯૭ના રોજ બપોરના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, તેમાં નીચેના સભ્યો હાજર રહ્યા હતા :

ક્રમ	*સભ્યનું નામ*	*તા. ૬-૮-૧૯૯૭*
૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	હાજર
૩.	ડૉ. એન. જે. ચિનોય	હાજર
૪.	ડૉ. બી. એચ. દેસાઈ	હાજર
૫.	ડૉ. ધવલભાઈ મહેતા	હાજર
૬.	શ્રી ડી. એમ. શીખ	ગેરહાજર

સભાગૃહની સંમતિથી સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રીએ સંભાળ્યુ હતું.

ત્યાર બાદ નીચેની બાબતો અંગે વિચારણા કરવામાં આવી :

૧. ગુજરાત રાજ્યની સંશોધન શિષ્યવૃત્તિ અંગે વર્ષ ૧૯૯૫-૯૬ માટે આવેલ ચાર અરજીઓ પૈકી ગુણવત્તાના ધોરણે ત્રણ એવોર્ડ માટે રાજ્ય સરકારને ભલામણ કરવા પરત્વે વિચારણા અંગે :

નોંધ.—(૧) રાજ્ય સરકારશ્રી તરફથી આવેલ પત્ર આ સાથે **પરિશિષ્ટ 'અ'** તરીકે સામેલ છે.

(૨) આવેલ અરજીઓનું તારણ આ સાથે **પરિશિષ્ટ 'બ'** તરીકે સામેલ છે.

ઠરાવવામાં આવ્યું કે ૧૯૯૫-૯૬ માટે આવેલ ચાર અરજીઓ પૈકી ક્રમાંક ૧થી ૩ એટલે કે (૧) કુ. શિતલ બી. લોઢિયા, (૨) જોગાણી સ્નેહલ કે. અને (૩) વ્યાસ ધવલ એસ.ને રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ આપવા અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા તેમ જ રાજ્ય સરકારશ્રીને મોકલવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

૨. ગુજરાત રાજ્યની સંશોધન શિષ્યવૃત્તિ અંગે વર્ષ ૧૯૯૬-૯૭ માટે આવેલ અરજીઓ પૈકી ગુણવત્તાના ધોરણે ત્રણ એવોર્ડ માટે રાજ્ય સરકારને ભલામણ કરવા પરત્વે વિચારણા બાબત.

નોંધ.—(૧) રાજ્ય સરકારશ્રી તરફથી મળેલ પત્ર આ સાથે **પરિશિષ્ટ 'ક'** તરીકે સામેલ છે.

(૨) આવેલ અરજીઓનું તારણ **પરિશિષ્ટ 'ડ'** તરીકે સામેલ છે.

ઠરાવવામાં આવ્યું કે ૧૯૯૬-૯૭ માટે આવેલ ૯ અરજીઓ પૈકી ક્રમાંક ૨થી ૪ને એટલે કે (૧) કુ. એમ. અપર્ણા એસ. મૂર્તિ, (૨) શ્રીમતી શાહ મોનિકા કે. અને (૩) કુ. કુરિયન એલીસ મામેનને રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ આપવા અને તે અંગે જરૂરી કાર્યવાહી કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે સંલગ્ન કૉલેજોમાંથી સંશોધન કાર્ય કરતા ઉમેદવારોને પણ તેમની મેરિટ મુજબ રાજ્ય સરકારની સંશોધન શિષ્યવૃત્તિ માટે આવરી લેવા.

૩. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેબર વેલ્ફેર ડિપાર્ટમેન્ટમાં રીડર શ્રીમતી જે. બી. ઠાકોરના માર્ગદર્શન હેઠળ સંશોધનનું કાર્ય કરેલ કુ. ફરેકા ડેવીલ સુજાતા મેથીઆસને પ્રથમ તબક્કે તા. ૨૩-૩-૧૯૯૨થી એક વર્ષ માટે તથા બીજા તબક્કે બીજા વર્ષ માટે તા. ૨૬-૩-૧૯૯૩થી તા. ૩૧-૩-૧૯૯૪ સુધી જુનિયર રિસર્ચ ફેલોશિપ મંજૂર કરવામાં આવી હતી અને ત્રીજા તબક્કે ત્રીજા વર્ષ માટે તા. ૧-૪-૧૯૯૪થી તા. ૨૫-૩-૧૯૯૫ સુધી સુધારેલ દરે સિનિયર રિસર્ચ ફેલોશિપ મંજૂર કરેલ હતી. તેઓએ તેમની થિસિસ તા. ૧૭-૮-૧૯૯૫ના રોજ સુપરત કરેલ છે. આથી તેઓને તા. ૨૬-૩-૧૯૯૫થી તા. ૧૭-૮-૧૯૯૫ સુધીની સિનિયર રિસર્ચ ફેલોશિપ સુધારેલા દરે ચૂકવવાની થાય, જે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સમાજવિદ્યા ભવનમાં લેબર વેલ્ફેર ડિપાર્ટમેન્ટમાં રીડર શ્રીમતી જે. બી. ઠાકોરના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય કરેલ કુ. ફરેકા ડેવીડ સુજાતા મેથીયાસને તા. ૨૬-૩-૧૯૯૫થી તા. ૧૭-૮-૧૯૯૫ સુધી સિનિયર રિસર્ચ ફેલોશિપ સુધારેલા દરે એટલે કે પ્રતિમાસ રૂ. ૨,૮૦૦ ચૂકવવાની રાખવામાં આવે છે.

૪. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના બોટાની વિભાગના વડા ડૉ. ઓ. પી. સક્સેનાના માર્ગદર્શન હેઠળ સંશોધનનું કાર્ય કરતાં કુ. શ્રબાની બોઝે ફેલોશિપનાં ત્રણ વર્ષ પાસ કરેલ છે. તેમના માર્ગદર્શકશ્રી દ્વારા આવેલ ૧૯૯૫નો પ્રોગ્રેસ રિપોર્ટ સંતોષકારક હોવાનું જણાવાયું છે તથા તા. ૧૫-૧૨-૧૯૯૫થી એક વર્ષ માટે ફેલોશિપ લંબાવવા ભલામણ કરેલ છે જે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં બોટાની વિભાગના વડા ડૉ. ઓ. પી. સક્શેનાના માર્ગદર્શન હેઠળ સંશોધનકાર્ય કરતાં કુ. શ્રબાની બોઝને તા. ૧૫-૧૨-૧૯૯૫થી એક વર્ષ માટે શિષ્યવૃત્તિ આપવા માટે ભલામણ કરવામાં આવે છે.

૫. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય વિભાગના ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૦-૮-૧૯૯૪થી સંશોધન કાર્ય કરતા શ્રી સપાટવાલા યાહ્યા કે જેઓ પ્રજ્ઞાચક્ષુ છે; તેઓને પ્રથમ તબક્કે તા. ૨૨-૬-૧૯૯૫થી તા. ૨૧-૬-૧૯૯૬ સુધી એક વર્ષ માટે જુનિયર રિસર્ચ ફેલોશિપ મંજૂર કરવામાં આવી હતી. તેઓશ્રીના માર્ગદર્શકશ્રીએ ૧૯૯૫-૯૬ના વર્ષ દરમિયાનનો પ્રોગ્રેસ રિપોર્ટ મોકલાવેલ છે, જે સંતોષકારક હોવાનું જણાવેલ છે. તથા તેઓશ્રીને વધુ એક વર્ષ માટે ફેલોશિપ ચાલુ રાખવા અંગે ભલામણ કરેલ છે, જે પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ભાષા-સાહિત્ય ભવનના ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ સંશોધનકાર્ય કરતાં શ્રી સપાટવાળા યાહ્યાને તા. ૨૨-૬-૧૯૯૬થી એક વર્ષ માટે જુનિયર રિસર્ચ ફેલોશિપ ચાલુ રાખવી.

૬. યુનિવર્સિટીના ભાષા-સાહિત્ય ભવનના ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ તા. ૧૦-૮-૧૯૯૪થી સંશોધન કાર્ય કરતા શ્રી સપાટવાલા યાહ્યા કે જેઓ પ્રજ્ઞાચક્ષુ છે; તેમણે રીડર્સ એલાવન્સની માગણી કરેલ. યુ.જી.સી.ના નિયમોમાં પ્રજ્ઞાચક્ષુ વિદ્યાર્થીઓ માટે રીડર્સ એલાવન્સની કોઈ જોગવાઈ નહીં હોવાથી તેમનો કેસ યુ.જી.સી.ને મોકલેલ. યુ.જી.સી.એ તેમના તા. ૯-૫-૧૯૯૭ના પત્રથી રૂ. ૬૦૦ પ્રતિમાસ રીડર્સ એલાવન્સ આપવા જણાવેલ છે, તે પરત્વે વિચારણા કરવા બાબત.

(યુ.જી.સી.નો તા. ૯-૫-૧૯૯૭નો પત્ર આ સાથે **પરિશિષ્ટ 'ફ'** તરીકે સામેલ છે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શન હેઠળ સંશોધન કાર્ય કરતા શ્રી સપાટવાળા યાહ્યા કે જેઓ પ્રજ્ઞાચક્ષુ છે; તેમને યુ.જી.સી.ના તા. ૯-૫-૧૯૯૭ના પત્રથી કરેલ સ્પષ્ટતા મુજબ તા. ૨૨-૯-૧૯૯૫થી રૂ. ૬૦૦ પ્રતિમાસ રીડર્સ એલાવન્સ, તેઓએ સંશોધન કાર્ય તારીખ ૧૦-૮-૧૯૯૪થી શરૂ કર્યું ત્યારથી આપવાનું મંજૂર કરવું.

૭. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના પ્રો. આઈ. એચ. શેઠના માર્ગદર્શન હેઠળ તારીખ ૧૧-૮-૧૯૯૫થી સંશોધન કાર્ય કરતાં શ્રીમતી તુમાલા વસુધા તરફથી યુ.જી.સી.ની જુનિયર રિસર્ચ ફેલોશિપ મેળવવા આવેલ અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ગણિત વિભાગના પ્રો. આઈ. એચ. શેઠના માર્ગદર્શન હેઠળ તા. ૧૧-૮-૧૯૯૫થી સંશોધન કાર્ય કરતાં શ્રીમતી તુમાલા વસુધાને જુનિયર રિસર્ચ ફેલોશિપ એક વર્ષ માટે આપવી.

૮. ત્યાર બાદ પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત કુલપતિશ્રીના કાર્ય તરીકે રજૂ કરવામાં આવી :

યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં સી. એસ. આઈ. આર. તરફથી શ્રી રામપર પકેડીવાળા કે. જોહરની જુનિયર રિસર્ચ ફેલોશિપની મુદત તા. ૧-૭-૧૯૯૬થી તા. ૨૮-૨-૧૯૯૭ સુધી મંજૂર કર્યા અંગે અને તેની જાણ એક્ઝિક્યુટિવ કાઉન્સિલને કરવા અંગે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ્રી એન. ડી. ભટ્ટ
કુલસચિવવતી

પરિશિષ્ટ 'અ'

ક્રમાંક-હ(૨) સ્કો/સં. શિ/૯૫/૧૩૧૩૭

ઉચ્ચશિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, તા. ૬-૯-૧૯૯૫.

પ્રતિ :

કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા, અમદાવાદ-૯.

આચાર્યશ્રી,
સરકારી વિજ્ઞાન કૉલેજો,

વિષય : સને ૧૯૯૫-૯૬ના વર્ષમાં સરકારી કૉલેજો અને યુનિવર્સિટીઓના સંશોધન શિષ્યવૃત્તિઓના નવા એવોર્ડ મંજૂર કરવા બાબત.

સંદર્ભ : ૧. શિ: વિ.ના તા. ૨૪-૧૨-૧૯૭૬નો ઠ. ક્ર. એસસીએચ-૧૦૮૫-૪૪૮૯૭-૧.
૨. શિ. વિ.ના તા. ૩-૭-૧૯૮૭નો ઠ. ક્ર. એસસીએચ-૧૦૮૫-૪૪૯૯૭-છ,
૩. શિ. વિ.ના તા. ૮-૬-૧૯૯૦નો ઠ. ક્ર. એસસીએચ-૧૧૮૮-૩૦૭૦-છ.

શ્રીમાન,

જયભારતસહ ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૮-૬-૧૯૯૦ના ઠ. ક્ર. એસસીએચ-૧૧૮૮-૩૦૭૦-છ અન્વયે ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી વિજ્ઞાન કૉલેજો અને યુનિવર્સિટીઓને રૂ. ૧,૦૦૦ની ૨૬ શિષ્યવૃત્તિઓ મંજૂર કરવામાં આવેલ છે. મૂળ ઠરાવમાં સંઘાણે રાખેલ અન્ય નિયમો યથાવત રહેશે.

સાત યુનિવર્સિટીઓ માટે યુનિવર્સિટી દીઠ ત્રણ બેઠકો પ્રમાણે ૨૧ બેઠકો અને સરકારી કૉલેજોમાં કુલ પાંચ બેઠકો ફાળવવામાં આવે છે, જે મેરિટક્રમ પ્રમાણે મંજૂર કરવામાં આવશે; પરંતુ કૉલેજ દીઠ વધુમાં વધુ એક શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવશે.

૧૯૯૫-૯૬ના વર્ષની સંશોધન શિષ્યવૃત્તિ તેના પ્રવર્તમાન નિયમો અનુસાર લાયકાતવાળા વિદ્યાર્થીઓની અરજીઓ મેરિટ ગુણવત્તાના આધારે ભલામણ કરી આ કચેરીને મોડામાં મોડી તા. ૩૦-૧૧-૧૯૯૫ સુધીમાં મોકલવા વિનંતી છે ત્યાર બાદ આવેલ દરખાસ્ત કોઈ પણ સંજોગોમાં મંજૂર કરવામાં આવશે નહીં.

રિસર્ચ ફેલોશિપ સંશોધન શિષ્યવૃત્તિ પ્રમાણે વિજ્ઞાનના વિષયો રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને માઇક્રોબાયોલોજી માટે સંશોધન શિષ્યવૃત્તિ મળે છે. હ્યુમિનિઝ અન્ય શિક્ષણ શાખાઓના અભ્યાસ માટે તે આપવામાં આવતી નથી, આ અંગેના નિયમો અગાઉ મોકલવામાં આવેલ છે.

દરખાસ્ત મોકલતાં પહેલાં પ્રત્યેક અરજીપત્રકો ઉપર જણાવેલ દરેક વિષયો આવરી લેવાય તે રીતે પ્રત્યેક યુનિવર્સિટીએ ત્રણ અરજીપત્રકો મિરિટક્રમ પ્રમાણે ગોઠવીને ભલામણ કરવી, જેથી પાછળથી કોઈ પણ વિષય રહી ગયો હોય તો અન્યાય થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય નહીં.

ઉમેદવારની ઉંમર ૨૫ વર્ષ કરતાં વધુ હોવી ન જોઈએ. કૃષિ સંસ્થાઓમાં સંશોધન અંગેનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સંશોધન શિષ્યવૃત્તિમાં સમાવેશ કરવામાં આવતો નથી. ફક્ત વિજ્ઞાનના વિષયો માટે જ મંજૂર કરવામાં આવે છે.

પ્રત્યેક અરજી ભલામણ કરતાં પહેલાં મેરિટ ગુણવત્તાના ધોરણે ગોઠવીને ભલામણ કરવી, એટલે કે પીએચ.ડી.ના અભ્યાસના સંશોધન કાર્યમાં દાખલ થયા તારીખ, જન્મતારીખ વર્ષ સાથે અવશ્ય જણાવવી, અરજીપત્રકમાં કુલ ગુણ, મેળવેલ ગુણ, ટકાવારી અને મેળવેલ વર્ગ ખાસ જણાવવો. અધૂરી વિગત (ઝેરોક્ષ પ્રમાણિત નકલો અવશ્ય સામેલ રાખવી) ઉપર જણાવેલ સમયમર્યાદા પછી આવેલ અરજીપત્રકોનો એવોર્ડમાં સમાવેશ કરવામાં આવશે નહીં અને આ અંગેની સઘળી જવાબદારી જે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

વધુમાં સને ૧૯૯૫-૯૬માં જે વિદ્યાર્થીઓની સંશોધન શિષ્યવૃત્તિ તાજી કરાવવાની થતી હોય તેવા વિદ્યાર્થીઓના પ્રગતિ હેવાલ માહિતી સાથે તેમ જ સંશોધન અંગેના રિપોર્ટ સાથેની દરખાસ્ત આ કચેરીને તારીખ ૩૧-૧૦-૧૯૯૫ સુધીમાં અચૂક મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
હિસાબી અધિકારી (૨)
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પરિશિષ્ટ 'ખ'

ગુજરાત રાજ્ય સંશોધન શિષ્યવૃત્તિ માટે આવેલ અરજીઓનું તારણ

ક્રમ	નામ	જન્મ તારીખ	વિષય	પીએચ.ડી. રજિ. નં. તારીખ	સંશોધન કાર્ય શરૂ કર્યા તારીખ	શૈક્ષણિક લાયકાત	મેળવેલ ગુણ કુલ ગુણ	ટકાવારી	મેળવેલ વર્ગ
૧.	કુ. શિતલ વી. લોઢિયા	૧૫-૩-'૭૧	ભૂગોળ	૪૨૭૭ ૭-૪-'૯૫	૭-૪-'૯૫	એમ.એસસી. ગુજરાત યુનિ.	૫૯૨ ૯૦૦	૬૫.૭૮%	પ્રથમ
૨.	જોગાણી સ્નેહલ કીર્તિકુમાર	૫-૬-'૭૨	રસાયણશાસ્ત્ર	૪૨૭૦ ૧૨-૧-'૯૫	૧૨-૧-'૯૫	એમ.એસસી. ગુજરાત યુનિ.	૫૬૪ ૯૦૦	૬૨.૬૭%	પ્રથમ
૩.	વ્યાસ પ્રવલ સુધન્વાભાઈ	૨૮-૨-'૭૩	વનસ્પતિશાસ્ત્ર	૪૩૨૭ ૨૨-૬-'૯૫	૨૨-૬-'૯૫	એમ.એસસી. ગુજરાત યુનિ.	૫૫૬ ૯૦૦	૬૧.૮૯%	પ્રથમ
૪.	બિહોલા દેવેન્દ્રસિંહ દિલીપસિંહ	૪-૧-'૭૧	વનસ્પતિશાસ્ત્ર	૪૧૮૭ ૫-૭-'૯૪	૫-૭-'૯૪	એમ.એસસી. ગુજરાત યુનિ.	૫૪૯ ૯૦૦	૬૧%	પ્રથમ

પરિશિષ્ટ 'ક'

ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી, ગુજરાત રાજ્ય,
બ્લોક નં. ૧૨, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, તા. ૨-૮-૧૯૯૬.

પ્રતિ :

કુલસચિવશ્રી,
ગુજરાત યુનિવર્સિટી
નવરંગપુરા, અમદાવાદ-૯.

કુલસચિવશ્રી,
ગુજરાત રાજ્યની બધી જ યુનિવર્સિટીઓ

વિષય : સને ૧૯૯૬-૯૭ના વર્ષમાં સરકારી કૉલેજો અને યુનિવર્સિટીઓના સંશોધન શિષ્યવૃત્તિઓના નવા ઓર્ડર મંજૂર કરવા બાબત.

સંદર્ભ : ૧. શિ. વિ.નો તા. ૨૪-૧૨-૧૯૮૬નો ઠ. ક. એસસીએચ-૧૦૮૫-૪૪૮૯૭-૧.
૨. શિ. વિ.નો તા. ૬-૬-૧૯૮૭નો ઠ. ક. એસસીએચ-૧૦૮૫-૪૪૯૯૭-૬૭,
૩. શિ વિ.નો તા. ૮-૬-૧૯૯૮નો ઠ. ક. એસસીએચ-૧૧૮૮-૩૦૭૦-૬૭.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના તા. ૮-૬-૧૯૯૦ના ઠ. ક. એસસીએચ-૧૧૮૮-૩૦૭૦-૬૭ અન્વયે ગુજરાત રાજ્યમાં આવેલ સરકારી વિજ્ઞાન કૉલેજો અને યુનિવર્સિટીઓને રૂ. ૧,૦૦૦-ની ૨૬ શિષ્યવૃત્તિઓ મંજૂર કરવામાં આવેલ છે, મુળ ઠરાવમાં સંઘાણે રાખેલ અન્ય નિયમો યથાવત રહેશે.

સાત યુનિવર્સિટીઓ માટે યુનિવર્સિટી દીઠ ત્રણ બેઠકો પ્રમાણે ૨૧ બેઠકો અને સરકારી કૉલેજોમાં કુલ પાંચ બેઠકો ફાળવવામાં આવે છે, જે મેરિટક્રમ પ્રમાણે મંજૂર કરવામાં આવશે; પરંતુ કૉલેજ દીઠ વધુમાં વધુ બે શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવશે.

૧૯૯૬-૯૭ના વર્ષની સંશોધન શિષ્યવૃત્તિ તેના પ્રવર્તમાન નિયમો અનુસાર લાયકાતવાળા વિદ્યાર્થીઓની અરજીઓ મેરિટ ગુણવત્તાના આધારે ભલામણ કરી આ કચેરીને મોડામાં મોડી તા. ૩૦-૧૧-૧૯૯૬ સુધીમાં મોકલવા વિનંતી છે. ત્યાર બાદ આવેલ દરખાસ્ત કોઈ પણ સંજોગોમાં મંજૂર કરવામાં આવશે નહીં.

રિસર્ચ ફેલોશિપ સંશોધન શિષ્યવૃત્તિ પ્રમાણે વિજ્ઞાનના વિષયો રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર અને માઇક્રોબાયોલોજી માટે સંશોધન શિષ્યવૃત્તિ મળે છે. હ્યુમિનિઝ અન્ય શિક્ષણ શાખાઓના અભ્યાસ માટે તે આપવામાં આવતી નથી, આ અંગેના નિયમો અગાઉ મોકલવામાં આવેલ છે.

દરખાસ્ત મોકલતાં પહેલાં પ્રત્યેક અરજીપત્રકો ઉપર જણાવેલ દરેક વિષયો આવરી લેવાય તે રીતે પ્રત્યેક યુનિવર્સિટીએ ત્રણ અરજીપત્રકો મિરિટક્રમ પ્રમાણે ગોઠવીને ભલામણ કરવી, જેથી પાછળથી કોઈ પણ વિષય રહી ગયો હોય તો અન્યાય થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય નહીં.

ઉમેદવારની ઉંમર ૨૫ વર્ષ કરતાં વધુ હોવી ન જોઈએ. કૃષિ સંસ્થાઓમાં સંશોધન અંગેનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સંશોધન શિષ્યવૃત્તિમાં સમાવેશ કરવામાં આવતો નથી. ફક્ત વિજ્ઞાનના વિષયો માટે જ મંજૂર કરવામાં આવે છે.

પ્રત્યેક અરજી ભલામણ કરતાં પહેલાં મેરિટ ગુણવત્તાના ધોરણે ગોઠવીને ભલામણ કરવી, એટલે કે પીએચ.ડી.ના અભ્યાસના સંશોધન કાર્યમાં દાખલ થયા તારીખ, જન્મતારીખ વર્ષ સાથે અવશ્ય જણાવવી. અરજીપત્રકમાં કુલ ગુણ, મેળવેલ ગુણ, ટકાવારી અને મેળવેલ વર્ગ ખાસ જણાવવો. અધૂરી વિગત (ઝેરોક્ષ પ્રમાણિત નકલો અવશ્ય સામેલ રાખવી) ઉપર જણાવેલ સમયમર્યાદા પછી આવેલ અરજીપત્રકોનો એવોર્ડમાં સમાવેશ કરવામાં આવશે નહીં અને આ અંગેની સઘળી જવાબદારી જે તે યુનિવર્સિટીના કુલસચિવશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

વધુમાં સને ૧૯૯૬-૯૭માં જે વિદ્યાર્થીઓની સંશોધન શિષ્યવૃત્તિ તાજી કરાવવાની થતી હોય તેવા વિદ્યાર્થીઓના પ્રગતિ હેવાલ માહિતી સાથે તેમ જ સંશોધન અંગેના રિપોર્ટ સાથેની દરખાસ્ત આ કચેરીને તારીખ ૩૦-૯-૧૯૯૬ સુધીમાં અચૂક મોકલી આપવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,
હિસાબી અધિકારી
ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરી
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

परिशिष्ट 'ड'

ગુજરાત રાજ્ય સંશોધન શિષ્યવૃત્તિ માટે આવેલ અરજીઓનું તારણ

ક્રમ	નામ	જન્મ તારીખ	વિષય	પીએચ.ડી. રજિ. નં. તારીખ	સંશોધન કાર્ય શરૂ કર્યા તારીખ	શૈક્ષણિક લાયકાત	મેળવેલ ગુણ કુલ ગુણ		ટકાવારી	મેળવેલ વર્ગ
૧.	કુ. રાવલ સરોજ ભાનુપ્રસાદ (વયમર્યાદાને કારણે પાત્ર થતાં નથી.)	૨૩-૧૨-'૬૮	વનસ્પતિશાસ્ત્ર	૪૪૪૧ ૧૦-૭-'૯૬	૨૦-૭-'૯૬	એમ.એસસી. ગુજરાત યુનિ.	૬૦૪ ૯૦૦		૬૭.૧૧%	પ્રથમ
૨.	કુ. એમ. અપર્ણા એસ. મૂર્તિ	૧૫-૪-'૭૪	આંકડાશાસ્ત્ર	૪૪૩૮ ૧૮-૧૨-'૯૬	૧૮-૧૨-'૯૬	એમ.એસસી. સૌરાષ્ટ્ર યુનિ.	૧૦૪૭ ૧૬૦૦		૬૫.૪૪%	પ્રથમ
૩.	શ્રીમતી શાહ મોનિકા	૨૬-૩-'૭૨	રસાયણશાસ્ત્ર	૪૪૧૬ ૧૯-૯-'૯૬	૨-૮-'૯૬	એમ.એસસી. ગુજરાત યુનિ.	૫૫૯ ૯૦૦		૬૨.૧૧%	પ્રથમ
૪.	કુ. કુરિયન એલિસ મામેન	૨૨-૮-'૭૨	પ્રાણીશાસ્ત્ર	૪૪૩૭ ૬-૧૨-'૯૬	૧૫-૭-'૯૬	એમ.એસસી. ગુજરાત યુનિ.	૫૪૫ ૯૦૦		૬૦.૫૫%	પ્રથમ
૫.	કુ. અનિતા એસ. નાયર	૨-૫-'૭૨	પ્રાણીશાસ્ત્ર	૪૪૧૭ ૧૯-૧૦-'૯૬	૮-૭-'૯૬	એમ.એસસી. ગુજરાત યુનિ.	૫૪૦ ૯૦૦		૬૦%	પ્રથમ
૬.	શ્રીમતી નેહા પ્રવીણભાઈ ત્રિવેદી (વયમર્યાદાને કારણે પાત્ર થતાં નથી.)	૩૦-૧૨-'૬૭	પ્રાણીશાસ્ત્ર	૪૩૪૬ ૨૨-૧૧-'૯૫	૨૨-૬-'૯૫	એમ.એસસી. ગુજરાત યુનિ.	૫૨૭ ૯૦૦		૫૮.૫૩%	બીજો
૭.	કુ. સિસિલી ઓગસ્ટીન (એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં સંશોધન કાર્ય કરે છે.)	૧૬-૫-'૭૩	રસાયણશાસ્ત્ર	૪૪૨૩ ૨૮-૧૧-'૯૬	જુલાઈ, '૯૬	એમ.એસસી. ગુજરાત યુનિ.	૫૧૬ ૯૦૦		૫૭.૩૩%	બીજો
૮.	પટેલ અશોકકુમાર મથુરભાઈ (વયમર્યાદાને કારણે પાત્ર થતા નથી.)	૧-૫-'૬૯	વનસ્પતિશાસ્ત્ર	૪૪૧૯ ૧૮-૧૦-'૯૬	૧૮-૧૨-'૯૬	એમ.એસસી./ એમ.ફિલ. ગુજરાત યુનિ.	૫૦૧ ૯૦૦	૨૪૦ ૪૦૦	૫૫.૬૬% ૬૦%	બીજો પ્રથમ
૯.	કુ. પરીખ વૈશાલી એ.	૩-૧૧-'૯૪	રસાયણશાસ્ત્ર	-	-	એમ.એસસી. ગુજરાત યુનિ.	૪૯૮ ૯૦૦		૫૫.૩૩%	બીજો

Appendix "E"

University Grants Commisson
Bhadurshah Zafar Marg,
New Delhi - 110 002

No. F-5-17/80(SA-I) 9 May, 1997

To

The Registrar,
Gujarat University,
Ahmedabad-9.

Sub : Release of Grant of Reader Allowance.

Sir,

I am directed to draw your attention to this office letter of even No. Dated 15-1-1997 on the above subject. & to inform you that blind scholars are eligible for getting reader allowance of Rs. 600 P.M. You are therefore requested to release the same amount to Sh. Yahya Sapatwala out of the grant of Rs. 2,77,132 sanctioned vide this office letter of even No. dated 4-7-1995.

Yours faithfully,
M. N. Gupta
Under Secretary.

પરિશિષ્ટ "૭"

કામકાજ ક્રમાંક ૨ (૨૦)

શૈક્ષણિક સંસ્થાઓમાં અનુસૂચિત જનજાતિની અનામત જગ્યાઓ પર અનુ. જનજાતિના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાબત. અનુ. જનજાતિના ક્વોટાની ખાલી રહેતી બેઠકો પર વિચરતી અને વિમુક્ત જાતિના ઉમેદવારોને લાભ આપવા બાબત

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (આદિજાતિ પ્રભાગ)
ઠરાવ ક્રમાંક-પરચ/૨૪૯૦/મ. ૧૦૮/પા. ફા./મુખ્ય/ચ-
સચિવાલય, ગાંધીનગર
તા. ૩૦-૫-૧૯૯૭

વંચાણે લીધા :

૧. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૧૬-૬-૧૯૯૫ના ઠરાવ ક્ર.-પરચ/૨૪૯૦/મ.૧૦૮/ચ.
૨. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૮-૬-૧૯૯૬ના ઠરાવ ક્ર.-પરચ/૨૪૯૦/મ.૧૦૮/ચ.
૩. સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા. ૨૮-૬-૧૯૯૭નાં ઠરાવ ક્ર.-પરચ/૨૪૯૦/મ.૧૦૮/ચ.

ઠરાવ :

ઉપર વંચાણે લીધેલ (૨)માં જણાવેલ તા. ૧૪-૯-૧૯૯૫ના ઠરાવની જોગવાઈ ધ્યાનમાં લઈ વિચરતી અને વિમુક્ત જાતિની રજૂઆતો અન્વયે વંચાણે લીધેલ સંદર્ભ (૩)ના ઠરાવમાં નીચે મુજબની જોગવાઈ કરવામાં આવી હતી.

શૈક્ષણિક વર્ષ ૧૯૯૬-૯૭ પૂરતા અનુ. જનજાતિના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાદ અનુ. જનજાતિના ક્વોટાની ખાલી રહેતી જગાઓ પર વિચરતી અને વિમુક્ત ૩૮ જાતિઓના ઉમેદવારોને મેડિકલ અને એન્જિનિયરિંગ ઉપરાંત અન્ય વિદ્યાશાખાઓ કે જ્યાં અનુ. જનજાતિના ઉમેદવારોને પ્રવેશ અપાઈ ગયા બાદ અનુ. જનજાતિના ક્વોટામાંથી ખાલી રહેતી જગ્યાઓ ઉપર વિચરતી અને વિમુક્ત ૩૮ જાતિઓના ઉમેદવારોને અન્ય વિદ્યાશાખાઓમાં કે જ્યાં અનુ. જનજાતિના ક્વોટા ઉપલબ્ધ છે તે તમામ વિદ્યાશાખાઓમાં અગ્રતા આપવી બીજા શબ્દોમાં કહીએ તો તા. ૧૪-૭-૧૯૯૫ના ઠરાવની જોગવાઈ સને ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષ માટે ચાલુ રાખવામાં આવે છે."

પ્રસ્તુત બાબતે વિચરતી અને વિમુક્ત જાતિની ૩૮ જાતિઓ + ૧ જંગી જાતિના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જાતિમાં સમાવેશ થતી કુલ ૩૯ વિચરતી અને વિમુક્ત જાતિઓને આ લાભો મળવાની રજૂઆત અંગે ૧૯૯૭-૯૮ના શૈક્ષણિક વર્ષ પૂરતી તા. ૧૪-૭-૧૯૯૫ના ઠરાવની જોગવાઈ ચાલુ રાખવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમો અને તેમના નામે.

પી. કે. ચાવડા
નાયબ સચિવ,
આદિજાતિ વિકાસ વિભાગ

પરિશિષ્ટ "૮"

કામકાજ ક્રમાંક ૨ (૨૧)

તા. ૬-૧-૧૯૯૬થી માન્યતા મેળવેલ શિક્ષકોની યાદી

ક્રમાંક	કૉલેજનું નામ	શિક્ષકનું નામ	વિષય-હોદ્દો	માન્યતા નંબર અને તારીખ
૧	૨	૩	૪	૫
૧.	નવજીવન સાયન્સ કૉલેજ, દાહોદ, પંચમહાલ	ગોયલ સુદીપકુમાર સોહનલાલ	ભૌતિક વિજ્ઞાનના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૧૫૪-૫૫ તા. ૬-૧-૧૯૯૫
૨.	શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ	મકવાણા સત્યમ્, આત્મારામભાઈ	રસાયણશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૨૯૩-૯૪ તા. ૮-૧-૧૯૯૬
૩.	આર. જી. સાયન્સ કૉલેજ, અમદાવાદ	કુમાર તૃપ્તિ અજિતસિંહ	,, ,,	એકે.અધ્યા./૮/૨૨૨૯૨-૯૩ તા. ૮-૧-૧૯૯૬
૪.	શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ	પંડ્યા મનોજકુમાર મહેન્દ્રપ્રસાદ	સમાજશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૨૯૧-૯૨ તા. ૮-૧-૧૯૯૬
૫.	સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	ચૌધરી કપિલકુમાર અમૃતભાઈ	સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૩૦૧-૦૨ તા. ૮-૧-૧૯૯૬
૬.	સી. સી. શેઠ કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	પાત્રેદાર અનુરાધા વિનય	બિઝનેસ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૩૦૩-૦૪ તા. ૮-૧-૧૯૯૬
૭.	યુનિ ટ્રસ્ટ સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ, નડિયાદ	ડોડિયા ભગવાનભાઈ થોભણભાઈ	સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૨૯૭-૯૮ તા. ૮-૧-૧૯૯૬
૮.	શ્રી લુણાવાડા આર્ટ્સ, સાયન્સ અને કૉમર્સ કૉલેજ, લુણાવાડા	ચૌધરી જશવંતકુમાર પ્રેમજીભાઈ	ઇતિહાસના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૨૯૫-૯૭ તા. ૮-૧-૧૯૯૬
૯.	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ગુપ્તા નીરજા દવે	અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૩૧૮-૨૦ તા. ૮-૧-૧૯૯૬
૧૦.	શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ	ચૌધરી જયંતિભાઈ અભેરાજભાઈ	રસાયણશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૩૨૦-૨૧ તા. ૮-૧-૧૯૯૬
૧૧.	,, ,,	વાઘેલા ધવલ કનૈયાલાલ	બાયોલોજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૩૨૨-૨૩ તા. ૮-૧-૧૯૯૬
૧૨.	,, ,,	પટેલ અતુલકુમાર કાંતિલાલ	રસાયણશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૨૩૪૨-૪૩ તા. ૮-૧-૧૯૯૬
૧૩.	અમદાવાદ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	પાઠક રમેશકુમાર ચિમનલાલ	બિઝનેસ લૉના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૩૧૨૨૧-૨૨ તા. ૨૫-૧-૧૯૯૬
૧૪.	વિવેકાનંદ કૉલેજ ઑફ આર્ટ્સ, અમદાવાદ	જોશી તૃપ્તિબહેન અરવિંદભાઈ	અંગ્રેજીના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૪૦૦૮-૦૯ તા. ૨૫-૧-૧૯૯૬
૧૫.	પેટલાદ કૉમર્સ કૉલેજ, પેટલાદ	પટેલ અરવિંદભાઈ ડાહ્યાભાઈ	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૪૦૧૧-૧૨ તા. ૨૫-૧-૧૯૯૬
૧૬.	શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ મહેતા આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	પ્રજાપતિ ભીખુભાઈ મંગળદાસ	રાજ્યશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૩૪૪૯-૫૦ તા. ૩૧-૧-૧૯૯૬
૧૭.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	ગોયલ રમેશચંદ્ર કિશોરીલાલ	ફાર્માકોલોજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૪૧૬૯ તા. ૩૦-૧-૧૯૯૬
૧૮.	શ્રીમતી આર. ડી. શાહ આર્ટ્સ અને શ્રીમતી વી. ડી. શાહ કૉમર્સ કૉલેજ, ધોળકા	મેકવાલ નીલેશભાઈ રાયમુન્દભાઈ	અંગ્રેજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૪૨૦૭ તા. ૩૧-૧-૧૯૯૬
૧૯.	એમ. એમ. ગાંધી આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, કલોલ	પઢિયાર માનસંગભાઈ ચંદુભાઈ	એકાઉન્ટ/કૉમર્સના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૨૯૨૫૯-૬૦ તા. ૩૧-૧-૧૯૯૬

૧	૨	૩	૪	૫
૨૦.	શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ મહેતા આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	પલાસ ભાઈચંદ કાળુભાઈ	માનસશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૨૬૧-૬૨ તા. ૩૧-૧-૧૯૯૬
૨૧.	બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	દેસાઈ દીપ્તિબહેન મહેશભાઈ	હોમ સાયન્સના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૨૬૩-૬૪ તા. ૩૧-૧-૧૯૯૬
૨૨.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ અમદાવાદ	પટેલ અશ્વિનકુમાર હરિભાઈ	શારીરિક શિક્ષણના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૨૬૫-૬૬ તા. ૩૧-૧-૧૯૯૬
૨૩.	એલ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	જોશી રેખા હરિવલ્લભ	અંગ્રેજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૨૬૭-૬૮ તા. ૩૧-૧-૧૯૯૬
૨૪.	,, ,,	શાહ નેહા ઘનશ્યામભાઈ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૨૬૯-૭૦ તા. ૩૧-૧-૧૯૯૬
૨૫.	આઈ. એમ. નાણાવટી લૉ કૉલેજ, અમદાવાદ	જાની દક્ષેશ ઇશ્વરલાલ	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૨૭૧-૭૨ તા. ૩૧-૧-૧૯૯૬
૨૬.	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	ચૌહાણ જગજિતસિંહ રણજિતસિંહ	શારીરિક શિક્ષણના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૨૭૩-૭૪ તા. ૩૧-૧-૧૯૯૬
૨૭.	શ્રી જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ	અધારા દુર્લભજી ખીમજીભાઈ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૬૭-૬૮ તા. ૧-૨-૧૯૯૬
૨૮.	સી. એસ. એસ. દેસાઈ આર્ટ્સ કૉલેજ અને એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ બાલાશિનોર	મહેતા રાજેશકુમાર રમેશચન્દ્ર	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૬૯-૭૦ તા. ૧-૨-૧૯૯૬
૨૯.	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	રાવલ અલ્પેશ જશવંતરાય	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૭૧-૭૨ તા. ૨-૨-૧૯૯૬
૩૦.	સાબરમતી આર્ટ્સ કૉમર્સ કૉલેજ, અમદાવાદ	ત્રિવેદી ગૌરાંગકુમાર ચંદ્રશંકર	અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૭૩-૭૪ તા. ૧-૨-૧૯૯૬
૩૧.	સરદાર વલ્લભભાઈ કૉમર્સ કૉલેજ, ભૂજ	બાગુલ વસંતભાઈ ગુલાબભાઈ	કૉમર્સના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૭૫-૭૬ તા. ૧-૨-૧૯૯૬
૩૨.	શેઠ આર. એ. કૉલેજ ઑફ આર્ટ્સ એન્ડ કૉમર્સ, અમદાવાદ	પટેલ મહેશકુમાર અંબાલાલ	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૭૭-૭૮ તા. ૧-૨-૧૯૯૬
૩૩.	પારેખ બ્રધર્સ સાયન્સ કૉલેજ, કપડવંજ	બિહોલા દેવેન્દ્રસિંહ દિલિપસિંહ	બાયોલોજીના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૭૮-૭૯ તા. ૧-૨-૧૯૯૬
૩૪.	,, ,,	પટેલ દિગ્વંશકુમાર જશવંતભાઈ	ફિઝિક્સના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૮૦-૮૧ તા. ૧-૨-૧૯૯૬
૩૫.	,, ,,	શાહ ધર્મેશકુમાર ગોવિંદલાલ	રસાયણશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૮૨-૮૩ તા. ૧-૨-૧૯૯૬
૩૬.	,, ,,	ડાંગિયા મહેશકુમાર વાસુદેવભાઈ	રસાયણશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૩૮૪-૮૫ તા. ૧-૨-૧૯૯૬
૩૭.	ભવન્સ શેઠ આર. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	પટેલ અલકેશકુમાર અંબાલાલ	અંગ્રેજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૨૩૧૭-૧૮ તા. ૮-૨-૧૯૯૬
૩૮.	શ્રીમતી સુશીલાબહેન રમણીકલાલ મહેતા આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	પટેલ અર્પિતા ગોવિંદલાલ	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૪૩૪-૩૫ તા. ૩-૨-૧૯૯૬
૩૯.	સી. બી. પટેલ આર્ટ્સ કૉલેજ, નડિયાદ	પટેલ ભરતભાઈ કાશીભાઈ	માનસશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૪૬૪૬-૪૭ તા. ૫-૨-૧૯૯૬

૧	૨	૩	૪	૫
૪૦.	ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર	માછી દિનેશકુમાર રામભાઈ	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૪૬૪૮-૪૯ તા. ૬-૨-૧૯૯૬
૪૧.	તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર-(કચ્છ)-૩૭૦૨૦૫	ભોયે સુરેશભાઈ જયસુખભાઈ	કૉમર્સ વિષયના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૪૬૧૪-૧૫ તા. ૭-૨-૧૯૯૬
૪૨.	ગુજરાત વિજ્ઞાન અને વિનયન કૉલેજ, અમદાવાદ	ભટ્ટ નિકુંજ ચંદ્રકાન્ત	કેમિસ્ટ્રીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૩૪૦૦૬-૦૭ તા. ૨૫-૧-૧૯૯૬
૪૩.	સી.એન.એસ.એચ. આર્ટ્સ કૉલેજ ઍન્ડ દોશી કૉમર્સ કૉલેજ, બાલાસિનોર	ભટ્ટ હાર્દિકકુમાર સુરેશભાઈ	અંગ્રેજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૫૧૭૮-૭૯ તા. ૧૬-૨-૧૯૯૬
૪૪.	શ્રી માલવણ આર્ટ્સ કૉલેજ, માલવણ	ગઢવી વિમલકુમાર જશવંતસિંહ	હિન્દીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૫૧૮૦-૮૧ તા. ૧૬-૨-૧૯૯૬
૪૫.	,, ,,	પટેલ ચિમનભાઈ મોતીભાઈ	સંસ્કૃતના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૫૧૮૨-૮૩ તા. ૧૬-૨-૧૯૯૬
૪૬.	સાબરમતી આર્ટ્સ, કૉમર્સ કૉલેજ, અમદાવાદ	પટેલ અર્પિતાબહેન ગોવિંદલાલ	સંસ્કૃતના ખંડ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૫૧૮૪-૮૫ તા. ૧૬-૨-૧૯૯૬
૪૭.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	ભાવસાર નિશાબહેન દોલતરામ	એકાઉન્ટ્સના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૬૨૦૫-૦૬ તા. ૧૬-૨-૧૯૯૬
૪૮.	મણીનગર સાયન્સ કૉલેજ, અમદાવાદ	સોધેલિયા નટવરસિંહ	ગણિતશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૩૫૬૪-૬૫ તા. ૨૩-૨-૧૯૯૬
૪૯.	એસ. ડી. શેઠિયા કૉલેજ ઑફ એજ્યુકેશન, મુન્દ્રા	ફફલલાલજી વેરશી	શિક્ષણના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૩૫૬૬-૬૭ તા. ૨૩-૨-૧૯૯૬
૫૦.	,, ,,	કામોલ કમલબહેન દલસુખભાઈ	,, ,,	ઍકે.અધ્યા./૮/૨૩૫૬૮-૬૯ તા. ૨૩-૨-૧૯૯૬
૫૧.	,, ,,	ભણસારી ગીતાબહેન ગિરધરલાલ	,, ,,	ઍકે.અધ્યા./૮/૨૩૫૭૦-૭૧ તા. ૨૩-૨-૧૯૯૬
૫૨.	સી. ઍન્ડ એસ. એચ. દેસાઈ આર્ટ્સ કૉલેજ અને એલ. કે. દોશી કૉમર્સ કૉલેજ, બાલાશિનોર	ગઢવી સુરેશકુમાર અજિતસિંહ	અંગ્રેજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૫૬૬૬-૬૭ તા. ૧૬-૨-૧૯૯૬
૫૩.	શ્રી સ્વામિનારાયણ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	કાદરી રિઝવાન નિઝામુદ્દીન	ઇતિહાસના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૩૧૨૪૫-૪૬ તા. ૨૭-૨-૧૯૯૬
૫૪.	તોલાણી કૉમર્સ કૉલેજ, આદિપુર-કચ્છ	શ્રીમતી ચંદા એમ. અસનાની	કૉમ્પ્યુટર સાયન્સના ખંડ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૮૨૦૨૨-૨૩ તા. ૨૮-૨-૧૯૯૬
૫૫.	ભવન્સ આર. એ. કૉલેજ ઑફ સાયન્સ, અમદાવાદ	પટેલ રમેશચંદ્ર હરગોવિંદભાઈ	ફિઝિકલ ટ્રેનિંગ ઇન્સ્ટ્રક્ટરના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૮૨૦૨૪-૨૫ તા. ૨૮-૨-૧૯૯૬
૫૬.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	ભટ્ટ નયના બાબુભાઈ	કાયદાના ખંડ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૫૯૫૦-૫૧ તા. ૨૯-૨-૧૯૯૬
૫૭.	ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	પટેલ દીપકકુમાર ચંદુલાલ	કેમિસ્ટ્રીનાના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૨૬૬૩૪-૩૫ તા. ૧૨-૩-૧૯૯૬
૫૮.	શ્રી લુણાવાડા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા	શાહ ધર્મેશકુમાર ગોવિંદલાલ	રસાયણશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૯૨૬૨૫-૨૬ તા. ૧૪-૨-૧૯૯૬
૫૯.	,, ,,	શુક્લ હેમાંગિની શરદચંદ્ર	ગણિતના ખંડ સમયના વ્યાખ્યાતા	ઍકે.અધ્યા./૮/૯૨૬૨૭-૨૮ તા. ૧૪-૩-૧૯૯૬

૧	૨	૩	૪	૫
૬૦.	શ્રી જે. બી. ઠક્કર કૉમર્સ કૉલેજ, ભૂજ	પરમાર લલિતકુમાર	એકાઉન્ટન્સીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૭૬૬૯-૭૦ તા. ૨૩-૩-૧૯૯૬
૬૧.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	શ્રીમતી અનુરાધા વી. પાગેદાર	બિઝનેસ લૉના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૭૩૭૧-૭૨ તા. ૨૩-૬-૧૯૯૬
૬૨.	શ્રી લુણાવાડા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા	પ્રજાપતિ મહેન્દ્રકુમાર પ્રાગજીભાઈ	ભૌતિકશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૯૧૨૩૧-૩૨ તા. ૨૬-૩-૧૯૯૬
૬૩.	જે. ઍન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ	મહેતા યજ્ઞેશભાઈ મનુભાઈ	આચાર્યશ્રી	અકે.અધ્યા./૮/૯૧૨૩૩-૩૪ તા. ૨૬-૩-૧૯૯૬
૬૪.	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, નડિયાદ	રાજશ્રી નીલેશચંદ્ર પંડ્યા	અંગ્રેજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૯૧૨૧૬-૧૭ તા. ૨૬-૩-૧૯૯૬
૬૫.	વાય. એસ. આર્ટ્સ ઍન્ડ કે. એસ. શાહ કૉમર્સ કૉલેજ, દેવગઢબારિયા	કાપડિયા કૃષ્ણકાંત લક્ષ્મણભાઈ	અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૯૧૨૧૮-૧૯ તા. ૨૬-૩-૧૯૯૬
૬૬.	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	પટેલ હીરાલાલ સૅંધાભાઈ	આચાર્યશ્રી	અકે.અધ્યા./૮/૯૧૨૨૦-૨૧ તા. ૨૬-૩-૧૯૯૬
૬૭.	વૈદ્યશ્રી એમ. એમ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, અમદાવાદ	ચંદુભાઈ જીવણભાઈ વળવી	શિક્ષણના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૯૧૨૨૨-૨૩ તા. ૨૬-૩-૧૯૯૬
૬૮.	ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	દાંડેકર અમિતાબહેન રામચંદ્ર	સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા પાશ્ચાદ્‌વર્તી માન્યતા	અકે.અધ્યા./૮/૯૧૨૨૪-૨૫ તા. ૨૬-૩-૧૯૯૬
૬૯.	સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર	દ્વવે ગાયત્રી રાતેલાલ	ગુજરાતીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૯૧૨૨૬-૨૭ તા. ૨૬-૩-૧૯૯૬
૭૦.	એલ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	મોદી પ્રદીપકુમાર કનૈયાલાલ	એકાઉન્ટન્સીના ખંડ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૯૧૨૨૮-૨૯ તા. ૨૬-૩-૧૯૯૬
૭૧.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	પટેલ શશીકોલ ડાહ્યાભાઈ	ફાર્માસ્યુટિકલના કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા તા. ૩૦-૮-૧૯૭૧થી પાશ્ચાદ્‌વર્તી માન્યતા	અકે.અધ્યા./૮/૯૧૨૭૩-૭૪ તા. ૨૭-૩-૧૯૯૬
૭૨.	આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ કૉલેજ, ખંભાત	ગોસાઈ કપિલપૂરી ત્રિકમપૂરી	કૉમ્પ્યુટર સાયન્સના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૯૧૨૭૯-૮૦ તા. ૨૭-૩-૧૯૯૬
૭૩.	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	ખુશનુમા પર્સિયન બનાજી	મનોવિજ્ઞાનના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૨૭૬૬૧-૬૨ તા. ૩૦-૩-૧૯૯૬
૭૪.	ગુજરાત આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ	શર્મા અનિતા આર.	ફિઝિક્સના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૩૧૨૭૮-૭૯ તા. ૩-૪-૧૯૯૬
૭૫.	ગુજરાત કૉલેજ, અમદાવાદ વિનયન (સાંજની)	પટેલ મુકુંદભાઈ હરિભાઈ	ગુજરાતીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૧૫૦-૫૧ તા. ૪-૪-૧૯૯૬
૭૬.	ગુજરાત કૉલેજ, અમદાવાદ વિનયન (સાંજની)	વાઘેલા બહાદુરસિંહ કેશુજી	અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૧૫૨-૫૩ તા. ૪-૪-૧૯૯૬
૭૭.	ગુજરાત કૉલેજ, અમદાવાદ વિનયન (સાંજની)	ભદોરિયા સુભાષભાઈ બિહારીસિંહ	હિન્દીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૧૫૪-૫૫ તા. ૪-૪-૧૯૯૬
૭૮.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, મિયાંગામ-કરજણ	શાહ રાજુકુમાર પ્રવીણચંદ્ર	મનોવિજ્ઞાનના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	અકે.અધ્યા./૮/૧૫૬-૫૭ તા. ૪-૪-૧૯૯૬

૧	૨	૩	૪	૫
૭૯.	એલ. એમ. કૉલેજ ઑફ ફાર્મસી, અમદાવાદ	શાહ બકુલાબહેન કાંતિલાલ	આસિ. પ્રોફેસર ૧-૧-૧૯૯૪થી પાશ્ચાદ્‌વર્તી માન્યતા	એકે.અધ્યા./૮/૩૧૨૮૦-૮૧ તા. ૪-૪-૧૯૯૬
૮૦.	સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ	શર્મા અનિતા રમેશચંદ્ર	ફિઝિક્સના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૫૩૯-૪૦ તા. ૧૧-૪-૧૯૯૬
૮૧.	સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કૉલેજ, ખેડા	તલાજીય મનેઝકુમાર છેલભાઈ	શિક્ષણના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૩૨૨-૨૩ તા. ૧૧-૪-૧૯૯૬
૮૨.	શ્રી લુણાવાડા આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા	વ્યાસ વંદના છેલભાઈ	વનસ્પતિશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૬૮૯-૯૦ તા. ૧૨-૪-૧૯૯૬
૮૩.	શ્રી આર. કે. પરીખ આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજ, પેટલાદ	પટેલ ઉમેશભાઈ નવનીતલાલ	ભૌતિકશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૬૯૧-૯૨ તા. ૧૨-૪-૧૯૯૬
૮૪.	આર્ટ્સ, સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા	ખાંડેકર નિખિલ શ્રીરામ	અંગ્રેજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૭૯૭-૯૮ તા. ૧૬-૪-૧૯૯૬
૮૫.	શ્રીમતી એસ. બી. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રી આર. એન. અમીન કૉમર્સ કૉલેજ, વસો	વ્યાસ હેમલત્તા ઘનશ્યામભાઈ	ગુજરાતીના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૭૯૯-૮૦૦ તા. ૧૬-૪-૧૯૯૬
૮૬.	મહર્ષિ વેદ વિજ્ઞાન અકાદમી, અમદાવાદ	ડૉ. મહેતા રશ્મિકાન્ત પદ્મકાંત	નિયામકશ્રી	એકે.અધ્યા./૮/૭૯૩-૯૪ તા. ૧૬-૪-૧૯૯૬
૮૭.	શ્રીમતી સરલાબહેન વી. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રી આર. એન. અમીન કૉમર્સ કૉલેજ, વસો	વિરોલા સુભાષચંદ્ર વિકટરભાઈ	સમાજશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૯૧૦-૧૧ તા. ૧૬-૪-૧૯૯૬
૮૮.	દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વિરમગામ	પટેલ હેમંતકુમાર નિરંજનભાઈ	ગૃહવિજ્ઞાનના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૮૧૨-૧૩ તા. ૧૬-૪-૧૯૯૬
૮૯.	ઉમા આર્ટ્સ ઍન્ડ નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ, ગાંધીનગર	પટેલ સુધાબહેન ગાંડાભાઈ	અર્થશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૮૧૪-૧૫ તા. ૧૬-૪-૧૯૯૬
૯૦.	શ્રીમતી એસ. વી. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રી આર. એન. અમીન કૉમર્સ કૉલેજ, વસો	મેકવાન અશોકકુમાર પાલિભાઈ	અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૫૦૩૧૬-૧૭ તા. ૧૬-૪-૧૯૯૬
૯૧.	સી. યુ. શાહ સિટી કૉમર્સ કૉલેજ, અમદાવાદ	પરમાર અજિતકુમાર જીવણલાલ	શારીરિક શિક્ષણના અધ્યાપક	એકે.અધ્યા./૮/૮૩૧-૩૨ તા. ૧૭-૪-૧૯૯૬
૯૨.	શ્રીમતી એસ. બી. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રી આર. એન. અમીન કૉમર્સ કૉલેજ, વસો	પરમાર ચંદ્રકાંત	અર્થશાસ્ત્રના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૮૩૩-૩૪ તા. ૧૭-૪-૧૯૯૬
૯૩.	આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ઝાલોદ	રામી કિશોર જે.	ઇતિહાસના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૫૦૬૪૮-૪૯ તા. ૩૦-૪-૧૯૯૬
૯૪.	શ્રી પી. એન. પંડ્યા આર્ટ્સ, એમ. પી. પંડ્યા સાયન્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, લુણાવાડા	પટેલ સુરેશકુમાર કાંતિલાલ	આંકડાશાસ્ત્રના ખંડ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૫૦૬૫૦-૫૧ તા. ૨૬-૪-૧૯૯૬

૧	૨	૩	૪	૫
૯૫.	શ્રીમતી એસ. વી. પટેલ આર્ટ્સ ઍન્ડ શ્રી આર. એમ. અમીન કૉમર્સ કૉલેજ, વસો	મહેતા ઉર્વી નવીનચંદ્ર	અંગ્રેજીના પૂર્ણ સમયના વ્યાખ્યાતા	એકે.અધ્યા./૮/૫૦૬૫-૬૬ તા. ૨૬-૪-૧૯૯૬
The committee recommands the transfer of the present Maninagar Science College to the new premises of the Vidya Samaj, C/o. Maninagar Science College, Behind Shahalam Tolnaka, Ahmedabad on the same conditioned as mentioned in their proposal to Shri J. L. Trust, Rambag, Maninagar and also the transfer of the name of the trust.

Prof. N. V. Vasani
Prof. Y. K. Agrawal
Prof. R. H. Vyas

પરિશિષ્ટ "૧૨"

કામકાજ ક્રમાંક ૨ (૩૨)

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૨૮–૭–૧૯૯૭ને શુક્રવારના રોજ ૧૧ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એસ. બી. વોરાએ સંભાળ્યુ હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. એસ. બી. વોરા, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. ડૉ. વાય, કે. અગ્રવાલ	હાજર
૫. શ્રી નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર

શ્રી નરહરિભાઈ અમીન તેઓના અન્ય રોકાણોના કારણે આવી શક્યા ન હતા.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૫-૭-૧૯૯૭ અને તા. ૬-૭-૧૯૯૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૫-૭-૧૯૯૭ અને તા. ૬-૭-૧૯૯૭ની સભાની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીની જૂની ઉત્તરવહીઓનો નિકાલ કરવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આવેલા ટેન્ડરોનું કાર્યાલયે તૈયાર કરેલ તુલનાત્મક પત્રકમાં સૌથી વધુ ભાવ ભરનાર વેપારી શ્રી લલીતકુમાર લક્ષ્મણભાઈ સોમલાવાળા હતા, જેઓએ કિલોના રૂ. ૬-૮૭ પૈ. ભરેલા છે. પરંતુ સદરહુ વેપારી શ્રી લલીતકુમાર લક્ષ્મણભાઈ સોમલાવાળાને જૂની ઉત્તરવહીઓ માટેના નિકાલ માટે તા. ૮-૫-૧૯૯૬ના રોજ ઑર્ડર આપેલો તે બાબતમાં તેઓએ કરેલી ગેરરીતિઓ ધ્યાન ઉપર આવતાં; તેઓનો ઑર્ડર રદ કરીને રૂપિયા દશ હજાર ડિપોઝિટ જપ્ત કરીને તેઓને કાર્યાલયે પત્ર ક્રમાંક હિસાબ/સ્ટોર્સ/૪૧૯૧/૯૬ તા. ૫-૬-૧૯૯૬થી જાણ કરેલી હતી. તે વિગતો જોતાં તેઓનું ભરેલું ટેન્ડર ધ્યાનમાં લીધું નથી. તે પછીના સૌથી વધુ ભાવ ભરનાર વેપારી, પાવર સેલ્સ કાર્પોરેશને રૂ. ૧૦,૦૦૦ નિયત ડિપોઝિટ ભરેલ નહીં હોવાથી તેઓનું પણ ટેન્ડર ધ્યાનમાં લીધું નથી અને તે પછીના વેપારીઓના ભરેલા ભાવો તુલનાત્મક પત્રકમાં દર્શાવ્યા છે તેના સંદર્ભમાં આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, જૂની ઉત્તરવહીઓનો નિકાલ કરવા માટે આવેલ ટેન્ડરો પૈકી તે પછી સૌથી વધુ ભાવ ભરનાર વેપારીશ્રી ભરતભાઈ મણિલાલ પટણીને એક કિલોના રૂ. ૬-૭૮ પૈસા પૂરાના ભાવથી વેચાણ આપવાનું રાખવું અને તેઓને પત્ર લખીને પંદર દિવસની સમયમર્યાદામાં જૂની ઉત્તરવહીઓ ઉપાડી જવાનું તાત્કાલિક જણાવવાનું રાખવું અને જો આ સમયમાં ઉત્તરવહીઓ ન ઉપાડે તો તેમની ડિપોઝિટ જપ્ત કરીને તેમના પછીના વધુ ભાવ આપનાર વેપારીને ઉપાડી જવા માટે જણાવવાનું રાખવું.

(તુલનાત્મક પત્રક **પરિશિષ્ટ 'અ'** તરીકે સામેલ છે.)

૩. યુનિવર્સિટીનો જૂનો રેકોર્ડ, અન્ય વેસ્ટ સ્વિપિંગ તથા પ્રેસની કતરણ, છાપેલા ફર્મા તથા અન્ય વેસ્ટ પેપરનો નિકાલ કરવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીનો જૂનો રેકોર્ડ, વસ્ટ સ્વિપિંગ તથા પ્રેસની કતરણ, છાપેલા ફર્મા તથા અન્ય વેસ્ટ પેપરનો નિકાલ કરવા માટે આવેલ ટેન્ડરો પૈકી આઈટમ નં. ૧થી ૬ માટે સૌથી વધુ ભાવ આપનાર વેપારી પાવર સેલ્સ કૉર્પોરેશન, તેમજ આઇટમ નં. ૭ માટે વધુ ભાવ આપનાર શક્તિ મહિલા એજ્યુકેશન ટ્રસ્ટને વેચાણ આપવાનું રાખવું અને તેમને પત્ર લખીને પંદર દિવસની સમયમર્યાદામાં ઉપરોક્ત વસ્તુઓ ઉપાડી જવાનું તાત્કાલિક જણાવવાનું રાખવું અને જો આ સમયમાં ન ઉપાડે તો તેમની ડિપોઝિટ જપ્ત કરીને તેમના પછીના વધુ ભાવ આપનાર વેપારીને ઉપાડી જવા માટે જણાવવાનું રાખવું.

(નોંધ.–તુલનાત્મક પત્રક **પરિશિષ્ટ 'બ'** તરીકે સામેલ છે.)

૪. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોમાં રહેલ ટાઈપ-રાઇટર મશીનોનો સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૨-૧૯૯૭થી તા. ૩૧-૧૨-૧૯૯૭ સુધી રીન્યુ કરી આપવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોમાં રહેલ ટાઇપરાઇટર મશીનોનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૨-૧૯૯૭થી તા. ૩૧-૧૨-૧૯૯૭ સુધી કે. એન. શિંગાળા પાસે માસિક રૂ. ૧૦૦૦ પૂરાથી સર્વિસ ચાર્જથી સોંપવો.

૫. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના વપરાશ માટે વર્ષ ૧૯૯૭-૯૮ માટેની સ્ટેશનરી ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આ અંગે રૂ. ૫,૪૫,૦૦૦ જેટલો ખર્ચ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોના વપરાશ માટે વર્ષ ૧૯૯૭-૯૮ માટેની સ્ટેશનરી ખરીદવા માટે વર્તમાનપત્રમાં જાહેરખબરથી ટેન્ડરો મંગાવેલ અને તે પૈકી આવેલ ટેન્ડરો ઉપરથી કાર્યાલયે તૈયાર કરેલ તુલનાત્મક પત્રક મુજબ સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીઓની ચીજવસ્તુઓનું પ્રત્યક્ષ નિરિક્ષણ કરવું અને જરૂરિયાત નક્કી કરીને અંદાજી ખર્ચ વગેરે કાઢીને એક સર્વાંગી હેવાલ તૈયાર કરવા માટે નીચે જણાવેલ ત્રણ સભ્યોની સમિતિ નીમવાનું રાખવું અને તેનો હેવાલ આગામી ફાઇનાન્સ સમિતિ સમક્ષ મૂકવાનું રાખવું :

૧. ડૉ. વાય. કે. અગ્રવાલ, સભ્ય
૨. કુલસચિવશ્રી
૩. વિકાસ અધિકારીશ્રી
૪. મુખ્ય હિસાબી અધિકારીશ્રી
૫. પ્રેસ મૅનેજરશ્રી.
૬. વિજ્ઞાન વિદ્યાભવન માટે આઠમી પંચવર્ષીય યોજના હેઠળ (બજેટ હેડ નં. ૦૪૦૩૨૧૬) રૂપિયા વીસ લાખની કિંમતનાં સાધનો ખરીદવા માટે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે વર્તમાનપત્ર દ્વારા જાહેરખબરથી ટેન્ડર મંગાવેલ અને આવેલ ટેન્ડરોમાંથી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીઓ પાસેથી રૂ. ૧૫,૦૦,૦૦૦ (અંકે રૂપિયા પંદર લાખ પૂરા)ની મર્યાદામાં વૈજ્ઞાનિક સાધનસામગ્રી ખરીદવાનું રાખવું.

(તુલનાત્મકપત્રક ઉપરથી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારીઓની વિગતો દર્શાવતું પત્રક પરિશિષ્ટ તરીકે સામેલ છે.)

૭. એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરને કેસેટ્સ ઇ.ટી. ઍન્ડ ટી. કૉર્પોરેશન લિ. પાસેથી ખરીદવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.–ફાઇનાન્સ સમિતિના ઠરાવ ક્રમાંક ફા. સ. નં. ૭, તા. ૪-૯-૯૫; ફા. સ. ઠ. નં. ૩૫, તા. ૧૩-૮-૯૬; ફા. સ. નં. ૨૩, તા. ૮-૧૦-૯૬ આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧,૬૧,૭૪૦ થવા જશે.)

આથી ઠરાવવામાં આવે છે કે પાર્શ્વ ઇલેક્ટ્રોનિક્સ સર્વિસીસ પ્રા. લિ. પાસેથી બીટાકેમ એસ. વી. વિડીયો કેસેટ ખરીદવા અંગે પત્ર ક્રમાંક ઇક્યુ-૩૫૫ તા. ૫-૨-૧૯૯૭ તેમજ સ્મૃતિપત્ર ક્રમાંક ઇક્યુ ૩૭૫ તા. ૬-૩-૧૯૯૭થી ઑર્ડર આપેલ હોવા છતાં પણ બીટાકેમ એસ. પી. વિડીયો કેસેટ પૂરી પાડેલ નહીં હોવાથી, બાબતની અગત્યતા, સમયમર્યાદા જોતાં તેઓને આપેલ ઑર્ડ ૨૬ કરવો અને એક્ઝિક્યુટિવ કાઉન્સલને ભલામણ કરવામાં આવે છે કે તે પછી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી ઇટી ઍન્ડ ટી (ભારત સરકારનું સાહસ) તેમના નવા ક્વોટેશન તા. ૧૩-૩-૧૯૯૭ મુજબ પાર્શ્વ ઇલેક્ટ્રોનિક્સ સર્વિસીસ પ્રા. લિ. ના ભરેલા ભાવે ૬૦ મિનિટ્સની ૪૦ નંગ, એક નંગના ૧૮૦૫ અને ૩૦ મિનિટ્સની ૭૪ નંગ, એક નંગના રૂ. ૧૨૧૦ પ્રમાણે બીટાકેમ એસ. પી. વિડીયો કેસેટ્સ ઇ.ટી. ઍન્ડ ટી. પાસેથી અંદાજી ખર્ચ રૂ. ૧,૬૧,૭૪૦ની મર્યાદામાં ખરીદવાનું રાખવું.

૮. યુનિવર્સિટીના એમ.સી.એ./ડી.સી.એ. અભ્યાસક્રમ ચલાવતા વિભાગ માટે કૉમ્પ્યુટરની ખરીદી અંગે ફાઇનાન્સ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૬ની સભામાં રચાયેલી સતિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની એમ.સી.એ./ડી.સી.એ. અભ્યાસક્રમ ચલાવતા વિભાગ માટે કૉમ્પ્યુટરની ખરીદી અંગે ફાઇનાન્સ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૬ની સભામાં રચાયેલ સમિતિનો હેવાલ સ્વીકારવો અને તે મુજબ કૉમ્પ્યુટરની ખરીદી અંગે રૂ. ૩,૦૦,૦૦૦નો અંદાજી ખર્ચ મંજૂર કરવો.

(નોંધ.–૧. સદરહુ ખર્ચ યુ.જી.સી.ની ઇક્વિપમેન્ટ ગ્રાન્ટ ખાતે પડશન ૨. સમિતિનો હેવાલ **પરિશિષ્ટ 'ક'** તરીકે સામેલ છે.)

૯. વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગની યુ.જી.સી.ની ડી.એસ.એ. યોજના (ફેઝ-૨) હેઠળ ૧૯૯૬-૯૭ના વર્ષ માટે રૂ. ૫૦,૦૦૦નાં પુસ્તકોની ખરીદી કરવા મંજૂરી આપવા અંગે વિભાગના વડાની આવેલી દરખાસ્ત ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગની યુ.જી.સી.ની ડી.એસ.એ. યોજના (ફેઝ-૨) હેઠળ ૧૯૯૬-૯૭ના વર્ષ માટે રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં પુસ્તકો ખરીદવા અંગે યુનિવર્સિટીના લાઇબ્રેરિયનશ્રીના પુસ્તકોની ખરીદી અંગેના સામાન્ય નિયમોના સંદર્ભમાં નોંધ મેળવીને રૂ. ૫૦,૦૦૦ની મર્યાદામાં જે તે નક્કી થયેલાં પુસ્તકો ખરીદવાનું રાખવું.

૧૦. યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાં ફેઝ ૨ બનાવટનાં વિન્ડો એરકન્ડિશનર મશીનો કુલ નંગ ૧૬ માટે ફ્રીઝએરનું ઑથોરાઇઝ્ડ સર્વિસ સ્ટેશન ધરાવતા વેપારી "મે. ચેઇઝ પ્રોડક્ટસ" સાથે તા. ૧-૪-૧૯૯૭થી તા. ૩૧-૩-૧૯૯૮ સુધી એક વર્ષ માટે ઑલ રીસ્ક પ્રોટેક્શન મુજબ વાર્ષિક કૉન્ટ્રાક્ટ કરવા અંગે તેઓના ક્વોટેશન પત્ર તા. ૪-૩-૧૯૯૭ ઉપર વિચારણા કરવા બાબત.

(આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૪૪,૨૦૦ થવા જશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના જુદા જુદા વિભાગોમાંના ફીઝએર બનાવટનાં વિન્ડો એરકન્ડિશનર મશીનો કુલ નંગ-૧૬ માટે વાર્ષિક રેઇટ કૉન્ટ્રાક્ટ કરવા માટે ફ્રિઝએરનું ઑથોરાઇઝ્ડ સર્વિસ સ્ટેશન મે. ચેઇઝ પ્રોડક્ટસ ધરાવે છે કે કેમ ? તેની લેખિત ખાતરી મેન્યુફેક્ચરર ફ્રિઝએર પાસેથી કરાવીને તે પછી જ ચેઇઝ પ્રોડક્ટસ સાથે તા. ૧-૪-૧૯૯૭થી તા. ૩૧-૩-૧૯૯૮ સુધી એક વર્ષ માટે ઑલ રીસ્ક પ્રોટેક્શન મુજબ વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવો અને તે માટે રૂ. ૪૪,૨૦૦ પૂરાનો ખર્ચ મંજૂર કરવાનું રાખવું.

૧૧. યુ.જી.સી.ની આઠમી પંચવર્ષીય યોજના હેઠળ 'અધર' હેડ નીચે આરોગ્યકેન્દ્ર માટે સાધનસામગ્રી ખરીદવા યુ.જી.સી.ના ફાળા તરીકે રૂ. ૫ લાખ અને રાજ્ય સરકારશ્રીના રૂ. ૧.૨૫ લાખ એમ કુલ રૂ. ૬.૨૫ લાખની મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી રૂ. ૬ લાખ વપરાઈ ગયા બાદ રૂ. ૨૫,૦૦૦ બાકી બચેલ ગ્રાન્ટમાંથી ૧.૫ ટનનું વોલ્ટાસ બનાવટનું એક વિન્ડો એરકન્ડિશનર મશીન અગાઉ ફાઇનાન્સ સમિતિ તા. ૧૩-૮-૧૯૯૬માં મંજૂર થયેલા વોલ્ટાસ કંપનીના રેબ કૉન્ટ્રાક્ટ મુજબના ભાવે ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી હેલ્થસેન્ટર માટે ૧.૫ ટન કાર્યક્ષમતાવાળું વોલ્ટાસ બનાવટનું એક નંગ વિન્ડો એરકન્ડિશનર મશીન અગાઉ તા. ૧૩-૮-૧૯૯૬ની ફાઇનાન્સ સમિતિમાં મંજૂર થયેલ ભાવે અંદાજી ખર્ચ રૂ. ૨૫,૦૦૦ (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પૂરા)ની મર્યાદામાં ખરીદવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મ. પ. જડિયા
કુલસચિવ

परिशिष्ट 'अ'

કામની વિગત :

અગાઉના તુલનાત્મક તારણ મુજબ અનુક્રમ નંબર (૨) ધરાવતા વેપારી મે. લલીતકુમાર લક્ષ્મણભાઈ સોમલાવાળાનો ભાવ સૌથી વધારે એટલે કે એક કિલોના રૂ. ૬-૮૭ પૈસા છે પરંતુ તેમણે ડિપોઝિટ ભરેલ નથી તેમ જ અગાઉના વર્ષે આ જ પાર્ટીને ઑર્ડર આપવામાં આવેલ હતો અને તેમણે વજનમાં આપણી સાથે છેતરપિંડી કરેલ હતી, જે આપશ્રીની જાણ સારુ. ત્યાર બાદ તેમના પછી સૌથી વધારે ભાવ રૂ. ૬-૮૦ પૈસા ભરનાર વેપારી અનુક્રમ નંબર (૩) ધરાવતા વેપારી પાવર સેલ્સ કૉર્પોરેશન છે. પરંતુ તેમણે ડિપોઝિટ ભરેલ નથી તેથી ત્યાર બાદ તેમના પછી સૌથી વધારે ભાવ ભરનાર અનુક્રમ નંબર (૪) ધરાવતા વેપારી ભરતભાઈ મણિલાલ પટણી છે, કે જેમનો એક કિલોનો ભાવ રૂ. ૬-૭૮ પૈસા છે અને તેમણે ડિપોઝિટ પણ ભરેલ છે. તો તેમને જૂની ઉત્તરવહીઓ ઉપાડી જવા અંગેનો ઑર્ડર આપવા માટે આ બાબતને આગામી ફાઇનાન્સ સમિતિ સમક્ષ મૂકવા માટે આદેશ અર્થે સવિનય સાદર રજૂ.

परिशिष्ट 'ब'

કામની વિગત : જૂની ઉત્તરવહીઓના ટેન્ડર અંગે. અર્નેસ્ટ મની રૂ. ૧૦,૦૦૦.

મે. સાહેબ,

ગુજરાત યુનિવર્સિટીનો જૂની ઉત્તરવહીઓનો નિકાલ કરવા અંગે દૈનિકપત્રમાં જાહેરાત આપી ભાવ મંગાવવામાં આવ્યા હતા. જેના અનુસંધાનમાં પાંચ વેપારીઓએ ભાવ આપ્યા છે, જેનું તારણ નીચે પ્રમાણે છે:

ક્રમ વેપારીનું નામ	*એક કિલોનો ભાવ રૂ. પૈસા*	*ડિપોઝિટની નોંધ, રસીદ નંબર અને તારીખ*
૧. મંગળદાસ ઍન્ડ સન્સ	૬–૭૭	ભરેલ નથી
૨. મે. લલીતકુમાર લક્ષ્મણભાઈ સોમલાવાળા	૬–૮૭	અગાઉ જમા છે તેવું જણાવે છે.
૩. પાવર સેલ્સ કૉર્પોરેશન	૬–૮૦	ભરેલ નથી
૪. ભરતભાઈ મણિલાલ પટણી	૬–૭૮	૧૩૨/તા. ૧૦-૩-૧૯૯૭
૫. અનિલ એન્ટરપ્રાઇઝ	૬–૬૫	૧૩૧/તા. ૧૦-૩-૧૯૯૭

परिशिष्ट 'क'

Minutes of the Meeting

The Finance Committee in its meeting of Aug. 13, 1996 had appointed a Committee consisting of the following for helping with the purchase decisions for the Deptt. of Computer Science, Rollwala Computer Centre after taking into account the changes in the market conditions. The members of the Committee are :

Principal D. M. Sikh
Professor J. S. Shah
Professor D. J. Patel
Shri M. P. Jadia
Dr. A. K. Aggarwal.

The committee invited M/S Karnavati Computers, whose quotation was the lowest and asked him to supply the selected items. The party however claimed that he had forgotton to add octroi duty and as such he expressed his inalibility to supply the selected items at the rates quoted by him.

It was then decided in a meeting held on Jan. 2, 1997 to ask all the parties, which had quoted earlier, to resubmit their bids. These bids, were received and were opened by the Deputy Registrar Mr. H. M. Vora. A comparative statement was accordingly prepared.

The committee at its meetting held at the University Office, studied the case and made the following summary :

Item	*Lowest Price*	*No. of Units*	*Party which quoted the lowest*
Hardware Purchase :			
A Pentium based File Server	1,34,400	2	Gujarat Small Industries Corporation
B Pentium based Nodes	88,200	2	,, ,, ,,
D CD-ROM Drives	20,400	4	,, ,, ,,
E 9-pin DMP Printer	27,540	2	Zenith Computers
F 2 kVA CVT	10,000	1	Karnavati Infotech

Since the CVT is to be used to supply power to the Server and the Nodes and since a fault in the CVT unit can cause problems in computers the following recommendations are made :

Items A : B and D be purchased from M/S GSIC at Rs. 2,43,000.

Item F : M/S GSIC be asked to supply it at Rs. 10,000, the lowest price quoted by M/S Karnavati Infotech.

In case M/S GSIC agrees the item D may also be purchased from M/S GSIC at Rs. 10,000.

Otherwise M/S GSIC be asked to supply the said item at Rs. 12,000 only since it is not desirable to purchase the CVT from one vendor and the computers from another vendor.

Item E : It is recommended that the order for these two printers may be given to M/S Zenith Computers since their price is the lowest. The details are as follows :

9-pin DMP Printer TVSE MSP-255 : Rs. 27,540

Software Purchase :

Item G : TURBOANALYST (a Software Package from TELCO) : It is recommended that the TURBOANALYST may be purchased from M/S T.M. systems which offers the lowest price of Rs. 15,907-50.

Thus the total cost may be Rs. 2,96,447-50 (or Rs. 2,000 more if the CVT is procurable from GSIC at Rs. 12,000).

A. K. Agrawal
D. M. Sikh
D. J. Patel
J. J. Shah

પરિશિષ્ટ '૧૩'

કામકાજ ક્રમાંક ૨ (૩૩)

ફાઇનાન્સ સમિતિની એક સભા તા. ૬-૬-૧૯૯૭ ને શુક્રવારના રોજ સાંજના ૫ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એસ. બી. વોરાસાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. એસ. બી. વોરા, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. ચન્દ્રકાન્તભાઈ એમ. મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૫. શ્રી નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર.

૧. ફાઇનાન્સ સમિતિની તા. ૨૧-૫-૧૯૯૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઇનાન્સ સમિતિની તા. ૨૧-૫-૧૯૯૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨ વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગમાં રિસર્ચ લેબોરેટરી માટે Filter Assay with holder for spectro Photometer Iasco-model UV-7800 ઇક્વિપમેન્ટ મે. Anatek Service, મુંબઈ જેઓ માત્ર મેન્યુફેક્ચરર છે; તેઓની પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા બાબત.

આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૧૫,૦૦૦ થશે.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગમાં રિસર્ચ લેબોરેટરી માટે Filter Assay with holder for spectro photometer iasco-model UV- 7800 ઇક્વિપમેન્ટ મે. Anatek Service, મુંબઈ કે જેઓ માત્ર મેન્યુફેક્ચરર હોવાથી તેમની પાસેથી ખરીદવું અને તે માટે રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૩. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં Purchase of Uninterruptel power supply systems ખરીદવા અંગે જાહેરખબરથી ટેન્ડરો મંગાવેલ અને આવેલા ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આ અંગે રૂ. ૪૬,૭૮૪નો ખર્ચ થશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં Purchase of Uninterruptel power supply systems ખરીદવા અંગે આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછો ભાવ આપનાર મે. પેકાર્ડ પાવર, અમદાવાદ પાસેથી તેમના યુપીએસ સ્પેસિફિકેશન પ્રમાણે હોવાથી બે નંગ ૯૦૦ વીએ અને એક નંગ ૧.૪ એવીએ ટેન્ડરની શરતો પ્રમાણે ખરીદવા અને તે માટે કુલ રૂ. ૪૬,૭૮૪ પૂરાનો ખર્ચ મંજૂર કરવો.

૪. ગુજરાત યુનિવર્સિટી આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ અંગ્રેજી વર્કબુકોના છાપકામ માટે જાહેરખબરથી ટેન્ડરો મંગાવેલ અને આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(નોંધ.—જુદી જુદી આર્ટ્સ, સાયન્સ, કૉમર્સની અંગ્રેજીની વર્કબુકો કુલ નંગ ૧,૩૭,૦૦૦ના છાપકામ માટે અંદાજી ખર્ચ રૂ. ૫,૧૬,૮૦૦ થવા જશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની આર્ટ્સ, કૉમર્સ અને સાયન્સ અંગ્રેજી વર્કબુકોના છાપકામ માટે મંગાવેલ ટેન્ડરો પૈકી જાસ્મિન ઓફસેટના નમૂનાનો કાગળ હલકો તથા વજનમાં ૮૦ કે. જી.નો હોવાથી જાસ્મિન ઓફસેટના ભાવે તારણ કોમ્પ્રીન્ટ અને રણજિત પ્રિન્ટરી સાથે નેગોસિયેટ કરી આમ જોતાં જેના ભાવ ઓછા આવે તે પ્રેસને કામ સોંપવા માટે કુલપતિશ્રીને સત્તા આપવી.

૫. યુનિવર્સિટીની પાણીની ટાંકીએ ૪" ડાયામીટરની કોલમ પાઈપ આશરે ૧૨૫મી MEI બનાવટનું એટીએસ આઇમ સ્ટાર્ટર ૬૦ એચપી માટે અને ૪૦ એચપીનો એક મર્શિબલ પંપ સેટ કેએસબી ખરીદવા અંદાજી ખર્ચ રૂ. ૧,૮૦,૦૦૦ થશે. આ અંગે જરૂરી બજેટ જોગવાઈ કરવા તથા ખરીદી અંગે આગળની કાર્યવાહી કરવા વિચારણા અર્થે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની પાણીની ટાંકીએ ૪" ડાયામીટરની કોલમ પાઈપ આશરે ૧૨૫ મી. MEI બનાવટનું એટીએસ ઓઇમ સ્ટાર્ટર ૬૦ એચપી માટે અને ૪૦ એચપીનો એક મર્શિબલ પંપ સેટ એએસવી ખરીદવા અંદાજી ખર્ચ રૂ. ૧,૮૦,૦૦૦ થશે આ અંગે બજેટ જોગવાઈ વધારવાનું મંજૂર રાખવું.

૬. યુનિવર્સિટીના સમાજવિદ્યા ભવનના "ઉષા" બનાવટના વોટર કૂલરનું કૉમ્પ્રેસર બળી જતાં કંપની રિપેર કોમ્પ્રેસર નાખી વોટર કૂલર રિપેર કરવા અંગે કુલ ખર્ચ રૂ. ૫,૫૫૦ થાય તેમ છે જે અંગે વિચારણા અર્થે. વોટરકૂલર વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટમાં નથી.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનનું "ઉષા" બનાવટનું વોટરકૂલર મે. વર્ષા ફ્રીઝ પાસે તેમના તા. ૧૩-૫-૧૯૯૭ના ક્વોટેશન મુજબ રૂ. ૫,૫૫૦ના ખર્ચે રિપેર કરાવવાનું રાખવું.

૭. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર માટે તા. ૨૮-૩-૧૯૯૭ની ફાઇનાન્સ સમિતિ બાબત ક્રમાંક ૧૧થી "વોલ્ટાસ" બનાવટનું ૧.૫ ટન કાર્યક્ષમતાવાળું વિન્ડો એરકન્ડિશનર મશીન રૂ. ૨૫,૦૦૦ની મર્યાદામાં ખરીદવાનું મંજૂર થયેલ, પરંતુ વિન્ડો એરકન્ડિશનર મશીન રેટ કૉન્ટ્રાક્ટ ભાવે રૂ. ૨૭,૪૬૨ની કિંમતનું થાય છે. તેથી "વોલ્ટાસ" બનાવટને બદલે હાલમાં બી.બી.એ.ના નવા મકાન માટે "ફ્રીઝચેર" બનાવટના ૧.૫ ટન કાર્યક્ષમતાવાળા "ફ્રીઝચેર" બનાવટના મશીનોના ભાવે એટલે કે રૂ. ૨૫,૬૭૫ની કિંમતે ફ્રીઝચેર કૉર્પોરેશન તથા સફાયર ટ્રેડર્સ લિ. પાસેથી ખરીદવા વિચારણા અર્થે.

(નોંધ.– યુનિવર્સિટી હેલ્થ સેન્ટર માટે યુ.જી.સી.ની આઠમી યોજના હેઠળ ઇક્વિપમેન્ટ ગ્રાન્ટ પેટે મળેલ રૂ. ૨૫,૦૦૦ની સિલક છે જે જાણ સારુ.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર માટે અગાઉ તા. ૨૮-૩-૧૯૯૭ની ફાઇનાન્સ સમિતિમાં બાબત ક્રમાંક ૧૧થી "વોલ્ટાસ" બનાવટનું ૧.૫ ટન કાર્યક્ષમતાવાળું વિન્ડો એરકન્ડિશનર મશીન ખરીદવા રૂ. ૨૫,૦૦૦નું ખર્ચ મંજૂર થયે તેને બદલે બી.બી.એ.ના નવા મકાન માટે ખરીદી કરેલ ફ્રીઝેએર બનાવટના ૧.૫ ટન કાર્યક્ષમતાવાળા વિન્ડો એરકન્ડિશનર મશીન તા. ૮-૧૦-૧૯૯૬ની ફાઇનાન્સ સમિતિના ભાવે મે. ફ્રીઝેએર કૉર્પોરેશન તથા સફાયર ટ્રેડર્સ લિ. પાસેથી રૂ. ૨૫,૬૭૫ની કિંમતે ખરીદવાનું રાખવું.

૮. યુનિવર્સિટીની ૧૯૯૭-૯૮ના વર્ષની સ્ટેશનરી ખરીદવા માટે તા. ૨૮-૩-૧૯૯૭ની ફાઇનાન્સ સમિતિએ નીમેલ પાંચ સભ્યોની સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીની ૧૯૯૭-૯૮ના વર્ષની સ્ટેશનરી ખરીદવા માટે તા. ૨૮-૩-૧૯૯૭ની ફાઇનાન્સ સમિતિએ નીમેલ પાંચ સભ્યોની સમિતિનો હેવાલ સ્વીકારવો અને તે મુજબ સ્ટેશનરી ખરીદવાનું રાખવું.

૯. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

૧. યુનિવર્સિટીની પાણીની ટાંકીએ અન્ડરગ્રાઉન્ડ ટાંકી પાસેના ટ્યુબવેલના સબમર્સિબલ પમ્પસેટમાં યાંત્રિક ખામી થતાં તાત્કાલિક રિપેરિંગનું કામ કરાવવા માટે મે. જયંત પાઈપ સિન્ડિકેટ જેઓ જીએસ.ટી. પાઈપના ડિસ્ટ્રિબ્યુટર છે તેઓની પાસેથી પાઈપ ખરીદવા અંગે રૂ. ૧૦,૮૨૫નું ખર્ચ મંજૂર કર્યાનું;

૨. પરીક્ષા વિભાગના ઉષા વોટરકૂલરના રિપેરિંગ મે. ચેઇઝ પ્રોડક્ટ પાસેથી રૂ. ૭,૦૦૦નો ખર્ચ મંજૂર કર્યાનું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

મ. પ. જડિયા
કુલસચિવ

પરિશિષ્ટ "૧૪"

કામકાજ ક્રમાંક ૨ (૪૮)

એમ. એસ. ભગત ઍન્ડ સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદના ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસના કાયમી જોડાણ અંગે સ્થાનિક તપાસસમિતિનો હેવાલ

૧. આ કૉલેજ ધી નડિયાદ એજ્યુકેશન સોસાયટી નડિયાદ, દ્વારા ચલાવવામાં આવે છે.

૨. કૉલેજને પ્રથમ વર્ષ, દ્વિતીય વર્ષ તેમજ તૃતીય વર્ષ એલએલ.બી.નું કાયમી જોડાણ મળેલું છે.

૩. ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસ (ડી.ટી.પી.) અભ્યાસક્રમ અંગે યુનિવર્સિટીના તા. ૩-૧-૧૯૯૭ પત્રાંક નં. ઍકે./૨૧/૩૯૧૫૬/૧૯૯૭થી ચાલુ એડહોક જોડાણ તા. ૧૪-૬- ૧૯૯૭ સુધી મળ્યું છે. જૂન, ૧૯૯૭ના શૈક્ષણિક વર્ષથી ડી.ટી.પી. અભ્યાસક્રમના કાયમી જોડાણ અંગે અરજી કરી છે.

૪. આ કૉલેજમાં અત્યારે પ્રિ. જી. એમ. પટેલ તેમજ પૂર્ણ સમયના વ્યાખ્યાતાશ્રી વી. આઈ. પટેલ અને ખંડ સમયના વ્યાખ્યાતાશ્રી કે. એમ. પટેલ આ અભ્યાસક્રમમાં શૈક્ષણિક કાર્ય કરે છે. આ સર્વેની નિમણૂક યુનિવર્સિટી તરફથી માન્ય થઈ છે. આ વ્યવસ્થા માગેલ જોડાણના અભ્યાસક્રમ માટે પૂરતી છે.

૫. આ કૉલેજનું પોતાનું પૂરતી સગવડવાળું અલાયદું મકાન છે.

૬. કૉલેજનું સાધનસામગ્રી અને ફર્નિચરવાળુ પુસ્તકાલય છે. અભ્યાસક્રમ અનુરૂપ પુસ્તકો તેમજ ઑલ ઇન્ડિયા રિપોર્ટર, ગુજરાત લૉ રિપોર્ટ, લૉ હેરલ્ડ ઉપરાંત આ પુસ્તકાલયમાં ટેક્ષએવર જેવાં ટેક્ષેશન લૉનાં સામયિકો ઉપલબ્ધ છે.

૭. ૧૯૯૨માં ડી.ટી.પી.નો અભ્યાસક્રમ શરૂ થયો ત્યારથી આજ સુધીમાં આ અભ્યાસક્રમમાં ઉત્તરોત્તર વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થયો હોવાનું જણાયું છે. ઉપરાંત ડી.ટી.પી.માં ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

ઉપરોક્ત સમગ્ર બાબતોને ધ્યાનમાં લેતાં તેમ જ યુનિ. સાથે જોડાયેલી કાયદા વિદ્યાશાખાની આ વિસ્તારની કૉલેજોમાંથી આ એક માત્ર કૉલેજ છે. જેમાં ૧૯૯૨માં ચાલુ એડહોક જોડાણ મેળવ્યા પછી ડી.ટી.પી.ના અભ્યાસક્રમનું શિક્ષણ યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે સંતોષકારક રીતે આપવામાં આવે છે. તેથી કમિટિ આ કૉલેજને ડી.ટી.પી.ના અભ્યાસક્રમ માટે જૂન, ૧૯૯૭ના વર્ષથી કાયમી જોડાણ આપવાની સર્વાનુમતે ભલામણ કરે છે.

એચ. એસ. પાઠક

એન. કે. પાઠક

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સી. એસ. સોનાવાલા લૉ કૉલેજ, નડિયાદને નીચે જણાવેલ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૧૫-૫-૧૯૯૭ સુધીમાં કરે તો તેને ડિપ્લોમા ઇન ટેક્ષેશન લૉઝ ઍન્ડ પ્રેક્ટિસના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૯ સુધીનું ચાલુ જોડાણ આપવા માટે એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવી :

૧. ઑ. ૧૨૦-એ-અનુસાર જરૂરી શિક્ષકગણની નિમણૂક કરવામાં આવે;

૨. ગ્રંથાલય માટે અત્યાર સુધી વખતોવખત મૂકેલી શરતોના સંદર્ભમાં કૉલેજે પોતાના ભંડોળમાંથી કરેલ કુલ ખર્ચનો આંકડો મોકલવામાં આવે અને અત્યાર સુધીની શરતોના સંદર્ભમાં ખર્ચ કરવામાં ઊણપ રહેલી જણાય તો તેટલી રકમનાં પુસ્તકોની ખરીદી કરીને તેમ કર્યાની જાણ કરવામાં આવે;

૩. પુસ્તકો અને સામયિકો માટે પ્રત્યેક વિદ્યાશાખાદીઠ પ્રતિવર્ષ ઓછામાં ઓછા રૂ. ૪,૦૦૦નો આવર્તક ખર્ચ કરવામાં આવે;

૪. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, પ્રૉવિડન્ટ ફંડ, ગ્રૅચ્યુઇટી અને ઘરભાડા ભથ્થું આપવામાં આવે તથા તેમને તેમ જ છૂટા થયેલા શિક્ષકવર્ગના તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને વેતન, વળતર કે અન્ય કાંઈ લેણું ચૂકવવાનું બાકી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે અને જો કોઈ લેણું ચૂકવવાનું બાકી હોય તો તે ચૂકવી આપવામાં આવે તેમ જ વિદ્યાર્થીની સંખ્યાને લક્ષમાં લઈ મહેકમ અંગેનાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ બિનશિક્ષકવર્ગના પર્યાપ્ત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવે અને મહેકમના સંદર્ભમાં કોઈ નિમણૂક બાકી રહેવા પામી નથી તેવું પ્રમાણપત્ર આપવામાં આવે;

૫. ગુજરાત સરકાર, ભારત સરકાર અને યુ.જી.સી.એ વિદ્યાર્થી-પ્રવેશ, શિક્ષક-બિનશિક્ષકવર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુ. જાતિ, અનુ. જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં યુનિવર્સિટીએ વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવે છે-આવશે."

પરિશિષ્ટ "૧૫"

કામકાજ ક્રમાંક ૨ (૪૯)

વિષય : બી.ડી.એસ. અભ્યાસક્રમ માટેના ઇન્ટરર્નશિપ સેન્ટર તરીકે માન્યતા આપવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વેના આપના તા. ૨૮-૭-૧૯૯૭ના પત્રાંક ૪૮૮૦ના જવાબમાં કુલપતિશ્રીના આદેશાનુસાર જણાવવાનું કે બી.ડી.એસ.ના અભ્યાસક્રમમાં ફરજિયાત ઇન્ટર્નશિપ માટે ઑર્ડિ. ૩૭૩ની પેટાકંડિકા (૫) મુજબ નીચેનાં કેન્દ્રોને માન્યતા આપવામાં આવી છે :

૧. ડીન, સરકારી દંત મહાવિદ્યાલય અને ઋગ્ણાલય, અમદાવાદ
૨. ડીન, તબીબી મહાવિદ્યાલય, વડોદરા
૩. ડીન, સરકારી તબીબી મહાવિદ્યાલય, સુરત
૪. ડીન, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર
૫. ડીન, મેડિકલ કૉલેજ, ભાવનગર
૬. ડીન, મેડિકલ કૉલેજ, રાજકોટ
૭. જનરલ હોસ્પિટલ, ગાંધીનગર
૮. જનરલ હોસ્પિટલ, મહેસાણા
૯. સરકારી હોસ્પિટલ, વિસનગર, જિ. મહેસાણા
૧૦. સરકારી હોસ્પિટલ, પાટણ, જિ. મહેસાણા
૧૧. જનરલ હોસ્પિટલ, પાલનપુર, જિ. બનાસકાંઠા
૧૨. જનરલ હોસ્પિટલ હિંમતનગર, જિ. સાબરકાંઠા
૧૩. કોટેજ હોસ્પિટલ, ભીલોડા, જિ. સાબરકાંઠા
૧૪. જનરલ હોસ્પિટલ, ખેડા
૧૫. જનરલ હોસ્પિટલ, નડિયાદ, જિ. ખેડા.

પરિશિષ્ટ "૧૬"

કામકાજ ક્રમાંક ૨(૫૨)

સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, વાસદ દ્વારા જૂન, ૧૯૯૭થી ઇજનેરી કૉલેજ શરૂ કરવા માટેની અરજી અંગેની તપાસસમિતિનો હેવાલ

સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, વાસદ તરફથી તા. ૩૦-૧૨-૧૯૯૬ના રોજ વાસદ ખાતે એક ઇજનેરી કૉલેજ જૂન, ૧૯૯૭થી શરૂ કરવા માટેની અરજી યુનિવર્સિટીને મળી હતી.

તા. ૫-૭-૧૯૯૭ના રોજ ગુજરાત યુનિવર્સિટીની સમિતિએ ટ્રસ્ટીઓ અને ફાઉન્ડેશનના સભ્યો સાથે આ કૉલેજ તેઓ જે સ્થળે સ્થાપવા માગે છે તે માટેના સૂચિત સ્થળની મુલાકાત લીધી હતી.

સંસ્થાએ મોકલેલ (૧) આ કૉલેજ માટેનો પ્રોજેક્ટ રિપોર્ટ (૨) બિડાણ તરીકે મોકલેલ ગુજરાત રાજ્ય સરકારનું પ્રોવિઝનલ એન.ઓ.સી. સર્ટિફિકેટ (૩) અન્ય માહિતી અને રૂબરૂમાં થયેલ ચર્ચાઓ ઉપરથી સમિતિનો અભિપ્રાય છે, કે ઉચ્ચ શિક્ષણ અને વ્યાવસાયિક શિક્ષણને લગતા કેટલાક સર્વસામાન્ય મુદ્દાઓ તેમજ આ સંસ્થાને લગતા મુદ્દાઓ નીચે પ્રમાણે છે :

૧. હાલ ગુજરાત યુનિવર્સિટીમાં સંલગ્ન કૉલેજો બે પ્રકારની છે, સરકારી અને અનુદાનપાત્ર બિનસરકારી કૉલેજો. આ સૂચિત નવી વ્યવસ્થામાં કાયમી ધોરણે અનુદાન સિવાયની વ્યાવસાયિક સંસ્થાઓ શરૂ થશે.

૨. સંસ્થાએ ઇજનેરી વિદ્યાશાખા માટેનું કામચલાઉ મકાન ઊભું કર્યું છે.

૩. ફીનું ધોરણ હાલની વ્યવસ્થામાં યુનિવર્સિટી નક્કી કરે છે. આ સૂચિત નવી વ્યવસ્થા ગુજરાત રાજ્ય સરકારના સચિવ, યુનિવર્સિટીના કુલપતિશ્રી, તેમજ ડાયરેક્ટર ઑફ ટેક્નોલોજી, ટેક્નિકલ એજ્યુકેશનની બનેલી સમિતિ વખતોવખત નક્કી કરશે.

૪. ફીનું ધોરણ બે પ્રકારનું રહેશે, ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે બીજી સરકારી કે અનુદાનપાત્ર કૉલેજોમાં પ્રવર્તમાન ધોરણ પ્રમાણે રહેશે, જ્યારે બાકીના ૫૦ ટકા વિદ્યાર્થીઓ માટે ફીનું ધોરણ ઊંચું રહેશે, જેમાં સંસ્થાનો તમામ આવર્તક ખર્ચ ઉપરાંત અનાવર્તક ખર્ચાનો પણ કેટલોક ભાગ સમાવાય તેવી જોગવાઈ છે. ૫૦ ટકા બેઠકોને "Free Seats" કહેવામાં આવશે, અને બાકીના ૫૦ ટકા બેઠકો "Payment Seats" રહેશે. બંનેનાં ફીનાં ધોરણોમાં ઘણો મોટો તફાવત રહેશે.

૫. અનામત વિદ્યાર્થીઓના પ્રવેશ અંગે ગુજરાત યુનિવર્સિટીના નિયમો તથા રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના તા. ૮-૭-૧૯૯૫ના ઠરાવ ક્રમાંક જીઈસી-૧૧૯૭-એસ તથા વખતોવખત નિયત કરેલાં ધારાધોરણો અનુસાર રહેશે.

૬. ફીનાં બે ધોરણોને કારણે સંભવિત આનુષંગિક પ્રશ્નો અને તે માટેની જરૂરી જોગવાઈઓ અંગે વિચારણા.

ઉપરની સર્વસામાન્ય બાબતો સહિત સમગ્ર યોજનાને ધ્યાનમાં રાખી ઍકેડેમિક કાઉન્સિલ અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલ આ સંસ્થાના જોડાણ અંગે વિચારણા કરી તેમાં નીચેની બાબતોને લક્ષમાં લે તેમ જ દર્શાવેલ શરતોએ જોડાણની વિચારણા કરવા આ સમિતિ ભલામણ કરે છે :

(૧) એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડ્ઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગખંડો માટે, લેબોરેટરી માટે, વર્કશોપ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે ગર્લ્સ રૂમ, બોયઝ રૂમ, ટોયલેટ્સ તથા અન્ય સુવિધાઓવાળા) વ્યવસ્થા તા. ૩૦-૭-૧૯૯૭ સુધીમાં કરવામાં આવે.

(૨) કૉલેજ માટે અન્ય જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી, વર્કશોપનાં જરૂરી ઇક્વિપમેન્ટ્સ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડ્ઝ મુજબ વસાવવામાં આવે.

(૩) એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ, સ્ટાન્ડર્ડ્ઝ અનુસાર સુવિધાવાળી હોસ્ટેલની તથા રમત-ગમત માટેના મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે.

(૪) એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડ્ઝ અનુસાર જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણૂકો કરવાની રહે.

(૫) એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડ્ઝ અનુસાર કૉમ્પ્યુટિંગ ફેસિલિટિઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અન જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે.

(૬) યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે તથા વાર્ષિક મૂળ પગારના પાંચ ટકાના દરે ગ્રૅચ્યુઈટી/પેન્શન અને નિવૃત્તિના લાભો માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે.

(૭) કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

(૮) 'ગુજરાત સરકાર, ભારત સરકાર અને એ.આઈ.સી.ટી.ઈ.એ વિદ્યાર્થી પ્રવેશ શિક્ષક-બિનશિક્ષક વર્ગના કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં રાજ્ય સરકારે વખતોવખત નિયત કરેલ ધારાધોરણોનો અમલ કરવામાં આવશે' તે મુજબનો સંસ્થાનો બાંયધરીપત્ર.

(૯) આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના (ઓપન) ઈન્ટર્વ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે.

(૧૦) યુનિવર્સિટીના નિયમાનુસારની વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે. કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સમસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

(૧૧) સંસ્થાએ રૂ. ૨૦ (વીસ) લાખની રકમ ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે. આ ડિપોઝિટ ઓછામાં ઓછા સાત વર્ષ યુનિવર્સિટીમાં જમા રહેશે.

ઉપરની સૂચિત સઘળી શરતો અનુસારની વ્યવસ્થા તા. ૩૦-૭-૧૯૯૭ સુધીમાં સંસ્થાએ કરવાની રહેશે.

પ્રિ. એચ. એમ. દેસાઈ
પ્રિ. વાય કે. અગ્રવાલ

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી, વાસદ નિમણૂકો અંગેની શરત સહિતની નીચે દર્શાવેલ ૧થી ૧૦ શરતોનું પાલન એક્ઝિક્યુટિવ કાઉન્સિલને સંતોષ થાય તે રીતે તા. ૩૦-૭-૧૯૯૭ સુધીમાં કરે તે શરતે તેને ઇજનેરી વિદ્યાશાખામાં ફર્સ્ટ ઇયર બી.ઇ.ના નીચે દર્શાવેલ અભ્યાસક્રમો સહિત (વિદ્યાર્થી સંખ્યા) શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૯૭થી તા. ૧૪-૬-૧૯૯૮ સુધીનું નવું જોડાણ આપવામાં આવે છે.

ક્રમાંક	અભ્યાસક્રમો (બ્રાન્ચ)	વિદ્યાર્થી સંખ્યા
૧.	કેમિકલ એન્જિનિયરિંગ	૬૦
૨.	મિકેનિકલ એન્જિનિયરિંગ	૬૦
૩.	ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ	૬૦
૪.	સિવિલ એન્જિનિયરિંગ	૬૦
૫.	ઇલેક્ટ્રોનિક્સ ઍન્ડ કૉમ્યુનિકેશન	૬૦
	કુલ	૩૦૦

૧. એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડ્ઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળા મકાનની (વર્ગખંડો માટે, લેબોરેટરી માટે, વર્કશોપ માટે, આચાર્ય માટે, સ્ટાફ માટે ગર્લ્સ રૂમ, બોયઝ રૂમ, ટોયલેટ્સ તથા અન્ય સુવિધાઓવાળા) વ્યવસ્થા તા. ૩૦-૭-૧૯૯૭ સુધીમાં કરવામાં આવે.

૨. કૉલેજ માટે જરૂરી ભૌતિક સાધનો, લેબોરેટરી, વર્કશોપ માટેનાં જરૂરી ઇક્વિપમેન્ટ્સ, ફર્નિચર વગેરે એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડ્ઝ મુજબ વસાવવામાં આવે.

૩. એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ, સ્ટાન્ડર્ડ્ઝ અનુસાર જરૂરી સુવિધાઓવાળી હોસ્ટેલની તથા રમતગમત માટેના મેદાન અને સાધનોની વ્યવસ્થા કરવામાં આવે.

૪. એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડ્ઝ અનુસાર જ જરૂરી શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીગણની નિમણૂકો કરવામાં આવે.

૫. એ.આઈ.સી.ટી.ઈ.ના નોર્મ્સ અને સ્ટાન્ડર્ડ્ઝ અનુસાર કૉમ્પ્યુટિંગ ફેસિલિટિઝ, ગ્રંથાલય અને ગ્રંથાલયમાં પુસ્તકો અને જર્નલોની વ્યવસ્થા કરવામાં આવે.

૬. યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ શિક્ષકોને તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓને પગારધોરણ, મોંઘવારી ભથ્થું, ઘરભાડા ભથ્થું તથા સીટી કોમ્પનસેટરી એલાવન્સ તથા પ્રૉવિડન્ટ ફંડનો લાભ આપવામાં આવે તથા શિક્ષક તેમ જ બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે વાર્ષિક મૂળ પગારના પાંચ ટકાના દરે ગ્રેચ્યુઈટી/પેન્શન અને અન્ય નિવૃત્તિના લાભો માટે જરૂરી ફંડ ઊભું કરવામાં આવે.

૭. કૉલેજના સંચાલનમાં જે ખાધ થાય તે પૂરી કરવાની સંચાલક મંડળ તરફથી બાંયધરી આપવામાં આવે.

૮. ગુજરાત સરકાર, ભારત સરકાર અને એ.આઈ.સી.ટી.ઈ. મુજબ વિદ્યાર્થી પ્રવેશ, શિક્ષકવર્ગના

કર્મચારીગણની નિમણૂક, ભરતી, બઢતી ઇત્યાદિ અંગે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને બક્ષીપંચ દ્વારા આવરી લેવાયેલ સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત જ્ઞાતિ તેમ જ શારીરિક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારોની અનામત જગ્યા ભરવામાં સરકારનાં વખતોવખત નિયત કરેલ ધારાધોરણનો અમલ કરવામાં આવશે, તે મુજબનો સંસ્થાનો બાંયધરીપત્ર.

૯. આ યુનિવર્સિટીની સ્થાનિક તપાસસમિતિ સાથે અરજીકર્તા મંડળના હોદ્દેદાર સાથે થયેલી સ્પષ્ટતા અન્વયે (૧) આચાર્યશ્રી (૨) શૈક્ષણિક તથા (૩) બિનશિક્ષકવર્ગના કર્મચારીઓની નિમણૂક માટેના (ઓપન) ઈન્ટર્વ્યૂ યુનિવર્સિટી કાર્યાલયમાં રાખવામાં આવે.

૧૦. યુનિવર્સિટીના નિયમાનુસાર વરણીસમિતિ ઉપરાંતના સભ્યો વરણીસમિતિ ઉપર કુલપતિશ્રી નિયુક્ત કરશે, કુલપતિશ્રી દ્વારા નિયુક્ત આવા સભ્યોનાં નામ સંસ્થાએ યુનિવર્સિટી પાસેથી મેળવી લેવાનાં રહેશે.

૧૧. સંસ્થાએ રૂ. ૨૦ (વીસ) લાખની રકમ તા. ૨૫-૭-૧૯૯૭ સુધીમાં ડિપોઝિટ તરીકે યુનિવર્સિટીમાં જમા કરાવવાની રહેશે, આ ડિપોઝિટ ઓછામાં ઓછા સાત વર્ષ યુનિવર્સિટીમાં જમા રહેશે.

૧૨. સંસ્થાએ ઇજનેરી વિદ્યાશાખા માટેનું નવું મકાન એ.આઈ.સી.ટી.ઇ.ની ભલામણ મુજબની સુવિધાવાળું બે વર્ષમાં તૈયાર કરવાનું રહેશે.

૧૩. આ સાથે સામેલ તપાસસમિતિના હેવાલની ભલામણ ક્રમાંક ૩, ૪, ૫ અને ૬ અનુસાર કાર્યવાહી કરવાની રહેશે.

પરિશિષ્ટ "૧૭"

કામકાજ ક્રમાંક ૨(૫૪)

બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને અધ્યાપન કૉલેજોને આપવાની સહાયક ગ્રાન્ટના માળખામાં સુધારણા

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૮-૫૮૦૯ (૫૯/૮૮)-૫,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨-૯-૧૯૯૭

વંચાણે લીધાં :

(૧) શિક્ષણ વિભાગનો તા ૧૫-૧૧-૧૯૮૯નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-એમ-૧૦૨૬-ખ,

(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૬-૮-૧૯૯૦નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-એમ-૧૦૨૬-ખ

(૩) શિક્ષણ વિભાગનો તા. ૨૨-૮-૧૯૯૧નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-એમ-૧૦૨૬-૯૦-ખ

(૪) શિક્ષણ વિભાગનો તા. ૨૦-૪-૧૯૯૩ તથા તા. ૨૩-૭-૯૩નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-એમ-૧૦૨૬-૯૦-ખ

(૫) શિક્ષણ વિભાગનો તા. ૯-૬-૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-એમ-૧૦૨૬-૯૦-ખ

(૬) શિક્ષણ વિભાગનો તા. ૨૭-૭-૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-એમ-૧૦૨૬-૯૦-ખ

(૭) શિક્ષણ વિભાગનો તા. ૨૮-૬-૧૯૯૫નો સરકારી ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-એમ-૧૦૨૬-ખ

(૮) શિક્ષણ વિભાગનો તા. ૨૮-૬-૧૯૯૬નો સરકારી ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૮-ખા-૯૬૧(૫૯/૮૮)-ખ.

ઠરાવ :

૧. આમુખ (૮)માં દર્શાવેલ આ વિભાગના તા. ૨૮-૬-૧૯૯૬ના ઠરાવ ક્રમાંક : એનજીસી- ૧૫૮૮-ખા-૯૬૧(૫૯/૮૮)-ખ, ના અનુસંધાને બિનસરકારી વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય અને અધ્યાપન કૉલેજો માટે ગ્રાન્ટ પેટર્ન અંગેના આ વિભાગના તા. ૧૫-૧૧-૧૯૮૯ના ઠરાવમાં શૈક્ષણિક કર્મચારીવર્ગના સંખ્યાબળની ગણતરી-ના હેતુ માટે વ્યાખ્યાતાનો કાર્યભાર સપ્તાહદીઠ ટ્યુટોરિયલ સિવાય ૧૮ તાસ (પિરિયડ)ની જોગવાઈનો અમલ કરવો અને ૧૯૯૭-૯૮ માટે વધુ ૧ (એક) શૈક્ષણિક વર્ષ માટે સ્થગિત કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ હુકમો આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગના તા. ૩૦-૮- ૧૯૯૭ના રોજ મળેલ સમિતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સહી
(આઈ. એમ. કુરેશી)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

પરિશિષ્ટ "૧૮"

કામકાજ ક્રમાંક ૩ (૪)

Dr. G. G. DANDAPAT
Additional Secretary

University Grants Commission
Bahadur Shah Zafar Marg,
New Delhi–110 002
31st March, 1997

D.O. No. F. 15–1/90 (SU–I)

Dear Dr. Vohra,

Kindly refer to your Office Letter No. Acc–2/84054/1997 dated 13th March, 1997 regarding re-allocation of VIII Plan Development Grants (copy enclosed). In this connection, I would like to say that the request of the university to divert the grant of Rs. 40 lakh allocated for building projects and Rs. 10 lakh for other items under the VIII Plan Development Scheme to books/ journals and equipment, Rs. 20 lakh for books/journals and Rs. 30 lakh for equipment as stated in your office letter referred to above has been acceded to. In view of this, the revised allocations for books/journals and equipment work out to Rs. 50 lakh (Rupees Fifty Lakh) and Rs. 60 lakh (Rupees Sixty Lakh) respectively. As such, the balance grants payable for books/journals and equipment come to Rs. 20 lakh and Rs. 35 lakh respectively.

As per our records, a grant of Rs. 21,38,711–50 (Rupees twenty one lakh thirty eight thousand seven hundred eleven and paise fifty only) was paid to your university for construction of buildings during the VII Plan period. But it is learnt from your representative who visited the UGC office recently in connection with the release of VIII Plan Development grants to your university that this amount has not been utilised by your university. As such, this amount is adjusted against the amount of Rs. 35 lakh now payable to your university for equipment. Also the grant of Rs. 7 lakh for other item (Campus Development) already paid to your university vide this letter No. F. 15–1(2)/90 (SU–I) dated 23–11–1992 is adjusted against the grant of Rs. 20 lakh now payable to your university for books/journals. After adjustment the balance grants payable to your university work out to Rs. 13 lakh (Rupees thirteen lakh) for Books/Journals and Rs. 13,61,288–50 (Rupees thirteen lakh sixty one thousand two hundred eighty eight and paise fifty only) for equipment. The balance grants for books/journals and equipment have since been released. The university is given time upto 30th September, 1997 to utilise the total grant of Rs. 50 lakh (Rupees fifty lakh) paid for books/journals and Rs. 60 lakh (Rupees sixty lakh) paid for equipment.

With regards,

Yours sincerely,
G. G. Dandapat

Dr. S. B. Vora
Vice-Chancellor
Gujarat University
Ahmedabad–380 009

પરિશિષ્ટ "૧૯"

કામકાજ ક્રમાંક ૫

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૨૧-૫-૧૯૯૭ ને બુધવારના રોજ ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભાનું પ્રમુખસ્થાન કુલપતિશ્રી પ્રો. એસ. બી. વોરા સાહેબે સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રો. એસ. બી. વોરા, કુલપતિશ્રી	હાજર
૨. ડૉ. ચંદ્રકાન્તભાઈ મહેતા, ઉપકુલપતિશ્રી	ગેરહાજર
૩. પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪. ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૫. શ્રી નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૩૧-૩-૧૯૯૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૩૧-૩-૧૯૯૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવામાં આવી અને તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીની લિફ્ટનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૯૭થી તા. ૩૧-૩-૧૯૯૮ સુધી રીન્યુ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આ અંગે રૂ. ૫,૫૦૦નો ખર્ચ થશે.

(નોંધ.—ગયા વર્ષે આ સર્વિસ કૉન્ટ્રાક્ટ માટે રૂ. ૪,૫૦૦નો ખર્ચ મંજૂર કરવામાં આવેલ હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીની લિફ્ટનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૪-૧૯૯૭થી તા. ૩૧-૩-૧૯૯૮ સુધી **Trio Elevators Pvt. Ltd.**નો રીન્યુ કરવો અને તે માટે ગયા વર્ષ પ્રમાણેનો રૂ. ૪,૫૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૩. યુનિવર્સિટી કાર્યાલયનાં વાહનો માટે પેટ્રોલ પૂરાવવા માટે પેટ્રોલ પંપ સાથે એકાઉન્ટ ખોલવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(નોંધ.—આ અંગે એક જ એમ્બેસેડર ગાડી માટે રૂ. ૧૧,૨૫૦ પૂરા અંદાજિત ડિપોઝિટ તથા ઓપરેટિંગ ચાર્જ રૂ. ૧૫૦ પૂરા માસિક ભરવાના થાય જે પેટ્રોલ ખર્ચ સામે એડજસ્ટ થાય.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં વાહનોમાં પેટ્રોલ ભરાવવા માટેનો કરાર એસોસિયેટ પેટ્રોલ પંપ, સી જી. રોડ, અમદાવાદ અથવા તો સ્ટેડિયમ પેટ્રોલ પંપ, સ્ટેડિયમ, અમદાવાદ એ બેમાંથી એક જગ્યાએ વ્યવસ્થા કરવા માટે વાઈસ-ચાન્સેલર સાહેબને સત્તા આપવામાં આવે છે.

૪. યુનિવર્સિટી ગ્રંથાલયમાં રહેલ કેનન બનાવટના એન.પી. ૧૫૦ ફોટો કૉપિયર મશીન માટે ફોટો કૉપિયર ડ્રમ અને ડ્રમ ક્લીનિંગ બ્લેડ બદલવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

નોંધ.—આ અંગેનો ખર્ચ બજેટહેડ નં. ૪૬૦૧૦૦૦માં પડશે (**Furniture Repairs/Maintanance**).

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલયમાં રહેલ કેનન બનાવટના એન.પી. ફોટો કૉપિયર મશીન માટે ફોટો કૉપિયર ડ્રમ અને ડ્રમ ક્લીનિંગ બ્લેડ "**Bee Electronic Machines Ltd.**" કે જેઓ કેનન કૉપિયર બનાવનાર અને વિક્રેતા હોવાથી તેમની પાસેથી ખરીદવાનું રાખવું અને તે માટે રૂ. ૮,૫૪૦ પૂરાનો ખર્ચ મંજૂર કરવો.

૫. યુનિવર્સિટી કાર્યાલયની ઈસીબી ૩૦૧૪ નંબર ધરાવતી એમ્બેસેડર ગાડીને રિપેરિંગ કરાવવા અથવા વેચાણમાં મૂકવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોક્ત બાબત અંગેની વિચારણા હાલ મોકૂફ રાખવી અને તેને પછીની ફાઈનાન્સ સમિતિમાં સર્વગ્રાહી અને તમામ ગાડીઓ માટેની નોંધ સામે પુનઃ રજૂ કરવાનું રાખવું.

૬. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં રહેલ બાટલીબોયના બે એરકૂલ્ડ પેકેજ યુનિટનો સર્વિસ કૉન્ટ્રાક્ટ બાટલીબોય ઍન્ડ કંપની પાસે તા. ૧-૪-૧૯૯૭થી તા. ૩૧-૩-૧૯૯૮ સુધી રીન્યુ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(આ અંગે રૂ. ૧૮,૪૦૦નો ખર્ચ થશે.)

(નોંધ.—ગયા વર્ષના સર્વિસ કૉન્ટ્રાક્ટના ખર્ચની રકમ જેટલી જ આ વર્ષની રકમ છે. કોઈ વધારો નથી).

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરમાં રહેલ બાટલીબોયના બે એરકૂલ્ડ પેકેજ યુનિટનો સર્વિસ કૉન્ટ્રાક્ટ બાટલીબોય ઍન્ડ કંપની પાસે તા. ૧-૪-૧૯૯૭થી તા. ૩૧-૩-૧૯૯૮ સુધી રીન્યુ કરવો અને તે માટે રૂ. ૧૮,૪૦૦ પૂરાનો ખર્ચ મંજૂર કરવો.

૭. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના લેબોરેટરી ડાયરેક્ટર બંગલે "ઈન્સ્ટોલ કરેલ મશીન **Microvat-II**"નું રિપેરિંગ મે. ડિઝિટલ ઇક્વિપમેન્ટ લિમિટેડ, અમદાવાદ પાસેથી કરાવવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(નોંધ.–આ અંગે રૂ. ૨૫,૫૦૦નો ખર્ચ થશે. જે ખર્ચ આ મશીનનો ઉપયોગ બી.બી.એ.ના વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલમાં થતો હોવાથી બી.બી.એ.ના હેડ નીચે પાડવા અધ્યક્ષશ્રીએ સંમતિ આપેલી છે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરના લેબોરેટરી ડાયરોક્ટર બંગલે ઇન્સ્ટોલ કરેલ મશીન Microvat-II તે મે. ડિઝિટલ ઇક્વિપમેન્ટ લિમિટેડ, અમદાવાદ પાસેથી રિપેરિંગ કરાવવાનું રાખવું અને તે માટે રૂ. ૨૫,૫૦૦ પૂરાનો ખર્ચ મંજૂર કરવો અને આ ખર્ચ બી.બી.એ.ના હેડ નીચે પાડવાનું રાખવું.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગની ખુરશીઓ તથા સ્ટૂલને અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદ પાસે રિપેરિંગ તથા નેતર ભરાવવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

નોંધ.–(૧) આ અંગે બજેટમાં રૂ. ૩૦,૦૦૦ના ખર્ચની જોગવાઈ છે. અત્યાર સુધી કોઈ ખર્ચ થયેલ નથી.

(૨) આ અંગેનો ખર્ચ કોડ નં. ૧૧૩૪૦૦માં પડશે.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગની ખુરશીઓ તથા સ્ટૂલને અંધજન મંડળ, વસ્ત્રાપુર પાસે રિપેરિંગ કરાવવું અને તે માટે રૂ. ૬,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૯. એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના બીટાકેમ વિડિયો ટેપરેકોર્ડરને સર્વિસ કરાવવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે. (આ અંગે રૂ. ૧૨,૦૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે એજ્યુકેશન મીડિયા રિસર્ચ સેન્ટરના બીટાકેમ ટેપરેકોર્ડર અને અન્ય સાધનો સોની જાપાન બનાવટનાં છે. આ સાધનોમાં ગેરંટી પિરિયડ પૂરો થયો હોવાથી ભારત ખાતેના ઓથોરાઈઝડ ડિસ્ટ્રીબ્યુટર્સ મે. ટેલિરેડ પાસે સર્વિસ કરાવવાનું રાખવું અને તે માટે રૂ. ૧૨,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનની સેન્ટ્રલ લેબોરેટરી માટે આઠમી પંચવર્ષીય યોજના હેઠળ X-ray Differactometer including Cooling System, Computer Software complete system અને Osmometer vapor pressure with Universal Thermometer and Xy records ખરીદવા માટે જાહેરખબરથી ટેન્ડરો મંગાવેલ અને આવેલા ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે રૂ. ૨૮,૦૦,૦૦૦નો ખર્ચ થશે. જે યુ.જી.સી. ઇક્વિપમેન્ટ ગ્રાન્ટ ખાતે પડશે).

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આવેલ ટેન્ડરો પૈકી સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી M/A. Richseifert GRBH Germany (Lab Tronic) કંપની (મેન્યુફેક્ચર) પાસેથી "XRF-7 with control and detector Electronics, Scintilation Counter BDH 16 RD, Personal Computer 500 ZEGO, colour Printer, Model Analyzer and search with closed circuit cool system DM 1, 32, 750 - 'For Ahmedabad." રૂ. ૨૮,૦૦,૦૦૦ની કિંમતથી ડાયરેક્ટ LC ખોલાવી ખરીદ કરવાનું રાખવું.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે Transparent Quartz Tubes ખરીદવા માટેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે Transparent Quartz Tubes, Hitan Tecno-Products Corporation, Mumbai જેઓ એકમાત્ર મેન્યુફેક્ચરર છે તેઓની પાસેથી ખરીદવાનું રાખવું અને તે માટે રૂ. ૧૫,૦૦૦ પૂરાનો ખર્ચ મંજૂર કરવો.

૧૨. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે વિભાગના વડાના તા. ૭-૫-૧૯૯૭નાં પત્ર મુજબ M.Equip-Tronics, મુંબઈ, મેન્યુફેક્ચરર પાસેથી Equipments ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(નોંધ.–આ અંગે રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ થશે. પી.જી. ડિપ્લોમા ઇન ડ્રગ્સ ફાર્માસ્યુટિકલ ખાતે પડશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, Equip Tronics મુંબઇ, જેઓ સોલ મેન્યુફેક્ચરર છે, તેઓની પાસેથી રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)ના દર્શાવેલ ઇક્વિપમેન્ટ્સ ખરીદવાનું મંજૂર કરવાનું રાખવું.

૧૩. વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે વિભાગના વડાના પત્ર તા. ૭-૫-૧૯૯૭ મુજબના Different Types of Electrodes Equip-Tronics કંપની મુંબઈ મેન્યુફેક્ચરર પાસેથી ખરીદવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(નોંધ.–આ અંગે રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ થશે જે વિભાગના લેબોરેટરી ખર્ચ ખાતે પડશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણ વિભાગ માટે Equip-Tronics કંપની મુંબઈ પાસેથી સોલ મેન્યુફેક્ચરર હોવાથી તેમની પાસેથી તે જ પ્રકારના ઇન્સ્ટ્રુમેન્ટ હોવાથી અને આ જ મેન્યફેક્ચરર એક જ હોવાથી Equip-Tronics કંપની જ માત્ર આનું પ્રોડક્શન કરતી હોવાથી તેની પાસેથી રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા)ના સદરહુ વિવિધ પ્રકારના ઇલેક્ટ્રોડ ખરીદવાનું રાખવું.

૧૪. આરોગ્ય કેન્દ્રને પેટીકેશની મર્યાદા રૂ. ૫૦૦થી વધારીને રૂ. ૧૦૦૦ કરી આપવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે આરોગ્ય કેન્દ્રને તાકીદની જરૂરિયાત જેવી કે સમયસર દવાઓ, ગેસ ઇત્યાદિના ભાવમાં થયેલ વધારાથી રૂ. ૫૦૦ની પેટીકેશ અપર્યાપ્ત જણાય તો તે વધારીને રૂ. ૧૦૦૦ (અંકે રૂપિયા એક હજાર પૂરા) મંજૂર કરવા.

૧૫. કુલપતિશ્રીનું કાર્ય (જાણ સારુ) :

(૧) યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનો વગેરેના ઇન્ટરકોમ ટેલિફોન એક્ષચેન્જ તથા ટેલિફોન લાઈન અને ઇન્સ્ટ્રુમેન્ટનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ એસ. જે. કૉર્પોરેશન સાથે તા. ૧-૪- ૧૯૯૭થી તા. ૩૧-૩-૧૯૯૮ સુધી અગાઉના વર્ષના ભાવે રૂ. ૬,૯૮૦નું વાર્ષિક અંદાજી ખર્ચ મંજૂર કર્યાનું.

(૨) યુનિવર્સિટીના બી.બી.એ.ના નવા મકાનમાં કૉમ્પ્યુટર લેબ તથા ક્લાસરૂમના એરકન્ડિશનિંગ માટે જરૂરી વાયરિંગ કરવા ફાઈનાન્સ સમિતિની તા. ૭-૧૦-૧૯૯૬ની સભામાં બાબત ક્રમાંક ૧૬થી અને એક્ઝિક્યુટિવ કાઉન્સિલની તા. ૮-૧૨-૧૯૯૬ની સભામાં બાબત ક્રમાંક ૧૬થી સદરહુ કામ અંગે મંગાવેલ ટેન્ડરોમાં અનુક્રમ નંબર ૩થી ૧૨ને એકસાથે ગણતરીમાં લઈ સૌથી ઓછો ભાવ ટાંકનાર વેપારીશ્રી મે. રોશની ઇલેક્ટ્રિકલ પાસેથી રૂ. ૮૭,૭૫૦નું ખર્ચ મંજૂર થયેલ પરંતુ આઈટમ નંબર ૩થી ૧૨ ને એકસાથે ગણતરીમાં લેતાં સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. રિદ્ધિ એન્જિનિયર્સ કંપનીનો ભાવ રૂ. ૮૪,૮૩૦ થતો હોવાથી તેઓને કામ સોંપ્યાનું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું.

મ. પ. જડિયા
કુલસચિવ

પરિશિષ્ટ "૨૦"

કામકાજ ક્રમાંક ૬

સ્થાયી સમિતિની એક સભા તા. ૧૭-૪-૧૯૯૭ ને ગુરુવારના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી લયમાં મળી હતી, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૧૭-૪-૧૯૯૭
૧.	પ્રો. એસ. બી. વોરા, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. ચંદ્રકાન્ત મહેતા, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	પ્રિ. ડી. એમ. શીખ	હાજર
૫.	પ્રિ. ડૉ. એચ. એમ. દેસાઈ	હાજર
૬.	શ્રી નરહરિભાઈ એચ. અમીન	ગેરહાજર
૭.	શ્રી અરવિંદભાઈ એસ. શાહ	હાજર
૮.	ડૉ. એમ. બી. દેસાઈ	ગેરહાજર
૯.	પ્રો. એ. આર. શાહ	ગેરહાજર
૧૦.	શ્રી બી. જે. પંડ્યા	હાજર

૧. તા. ૬-૧૨-૧૯૯૬ના રોજ મળેલી સ્થાયી સમિતિની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે તા. ૬-૧૨-૧૯૯૬ની સભાની નોંધ વંચાણમાં લઈને મંજૂર કરવામાં આવી તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. રાજ્ય સરકાર પ્રમાણે વાયરમેન/હેલ્પરને પગારધોરણ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે પગારધોરણને સુધારવાથી આ બાબત તેમ જ તેની પાછળ ક્રમાંક ૪, ૯, ૧૧, ૧૮ તેમ જ ૧૭ ઉપર સંપૂર્ણ અભ્યાસ કરી સર્વગ્રાહી વિસ્તૃત રિપોર્ટ અત્રેની સભામાં રજૂ કરવા માટે ની સમિતિની રચના કરવામાં આવી.

ક્રમાંક	સભ્યનું નામ
૧.	પ્રિ. ડી. એમ. શીખ
૨.	શ્રી અરવિંદભાઈ એસ. શાહ
૩.	પ્રિ. એચ. એમ. દેસાઈ

(કુલપતિશ્રી અને વિકાસ અધિકારીશ્રી સમિતિને જરૂરી સહાય કરશે).

૩. હિસાબ વિભાગમાં એકાઉન્ટ ઑફિસર તરીકે ફરજ બજાવતા શ્રી યુ. જે. ત્રિવેદીને તેઓની અગાઉની શિક્ષણ વિભાગમાં એકાઉન્ટન્ટની જગ્યામાંથી નિમણૂક પગારધોરણ રૂ. ૫૦૦-૯૦૦ના મૂળ પગાર તેઓની ાઉની જગ્યા કેશિયરમાં મળતો મૂળ પગાર પરીક્ષા ભથ્થાં સહિત રક્ષિત કરીને આપેલો છે. તેના બદલે પરીક્ષા ું અલગ રીતે આપવા બાબતે તેઓની તા. ૭-૪-૧૯૯૭ની અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત વહીવટી રાહે જોઈ-તપાસીને ઘટિત નિર્ણય લેવાની સત્તા ાતિશ્રીને આપવી.

૪. યુનિવર્સિટીના કૉમ્પ્યુટર સેન્ટરમાં જુદી જુદી કેડરોનાં યુ.જી.સી.ના સૂચવ્યા પ્રમાણેનાં પગારધોરણ આપવા ારણા કરવા બાબત.

બાબત ક્રમાંક ૨માં નિયુક્ત કમિટી સમક્ષ રજૂ કરવાનું રાખવું.

૫. યુનિવર્સિટીના બિનશિક્ષક કર્મચારીઓને વધુ અભ્યાસ કરવા માટે ડ્યુટીલિવ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબત હાલ પૂરતી મુલતવી રાખવી.

૬. યુનિવર્સિટીમાં હાલ વધારાની કામગીરી માટે રજાના દિવસે બદલાની રજા આપવામાં આવે છે તેને બદલે દિવસનો પગાર આપવા વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, આ બાબતમાં વિસ્તૃત ચર્ચાવિચારણા કરી તથા સર્વે ઓને ધ્યાનમાં રાખી હાલમાં બદલાની રજા મેળવ્યા પછી ૬ માસમાં જે ભોગવી નાખવાની પ્રથા છે તેને બદલે ચઢેલી ો આઠ માસ (૮ માસ)માં અને એકીસાથે ચાર રજાઓ ભોગવી શકે તેમ મંજૂર કરવામાં આવ્યું.

૭. હંગામી કર્મચારીઓના દૈનિક વેતનમાં વધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ તુરત મુલતવી રાખવી.

૮. યુનિવર્સિટી ગ્રંથાલયમાં ફરજ બજાવતા પટાવાળા એટેન્ડન્ટનું નામાભિધાન આપવા તથા પગારધોરણ વા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબત હાલ પૂરતી મુલતવી રાખવી.

૯. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ કે જેઓ કાચા ઝૂંપડામાં રહે છે, તેઓને ઘરભાડા ભથ્થું આપવા વિચારણા કરવા બાબત.

ઉપરની કામકાજની યાદી ક્રમાંક ૨માં નીમેલી સમિતિને આ કામ સોંપવાનું રાખવું.

૧૦. કૉમ્પ્યુટર સેન્ટરમાં ફરજ બજાવતાં અલકા બી. ગાંધીને મશીન એલાવન્સની રકમ વધારી આપવાની બાબતમાં તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

રાજ્ય સરકારમાં મશીન એલાવન્સ અંગેના જે કોઈ નિયમો જી.આર. હોય તો તે મંગાવી, આવ્યેથી પુનઃ રજૂ કરવાનું રાખવું.

૧૧. યુનિવર્સિટી સ્ટેનોગ્રાફર ગ્રેડ ૨ના કર્મચારીઓને રાજ્ય સરકારના જી.આર. મુજબ રૂ. ૧૬૦૦-૨૬૦૦ને બદલે ૧૬૪૦-૨૯૦૦નું પગારધોરણ આપવા અંગે આવેલી સંયુક્ત અરજી પર વિચારણા કરવા બાબત.

કામકાજની યાદી ક્રમાંક ૨માં દર્શાવેલ સમિતિને આ કામ સોંપવાનું રાખવું.

૧૨. શ્રમિક વિદ્યાપીઠનાં પ્રોગ્રામ ઑફિસર કુ. સ્મિતા કડીકરને યુનિવર્સિટીના કાયમી કર્મચારીઓને મળતી રજાઓ પ્રમાણે રજાઓ આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ સાથે સંકળાયેલ બીજા જે કોઈ કરમચારીઓ હોય તો તેની ખાતરી કરીને તેમ જ આ બાબત કોર્ટ મેટરમાં નથી, તેમ પણ ખાતરી કરીને પછી પુનઃ રજૂ કરવાનું રાખવું.

૧૩. કાર્યકારી સિક્યોરિટી અધિકારી તરીકે ફરજ બજાવતા શ્રી હુકમસિંહ પી. ચૌહાણને વાહનભથ્થું ચૂકવવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, કાર્યકારી સિક્યોરિટી અધિકારીશ્રી હુકમસિંહ પી. ચૌહાણને તથા હાલમાં યુનિવર્સિટી પ્રેસ મેનેજરશ્રીની કાર્યકારી જવાબદારી અદા કરતા શ્રી એસ. એચ. દેસાઈને વાહનભથ્થું આપવાની બાબતમાં વિસ્તૃત ચર્ચાવિચારણા કરવામાં આવી અને સર્વે પાસાંઓનો વિચાર કરીને તેઓને વાહનભથ્થું આપવું નહીં, પરંતુ તેઓની કામગીરી, સમયમર્યાદા, સમયસૂચકતા, પરીક્ષાની અગત્યની કામગીરી અને જરૂરી ઉપસ્થિતિ અને કામની આવશ્યકતાઓ ઇત્યાદિ જોતાં તેઓને રીક્ષા ખર્ચ પેટે માસિક રૂ. ૧૨૫ (અંકે રૂપિયા એકસો પચીસ પૂરા)ની મર્યાદામાં યુનિવર્સિટીમાંથી ખર્ચ પેટે આપવાનું રાખવું.

૧૪. આઈ.એ.એસ. ટ્રેઈનિંગ સેન્ટરમાં ફરજ બજાવતા સિનિયર ક્લાર્ક શ્રી આર. એસ. પંચાલ અને જુનિયર ક્લાર્ક શ્રી યુ. કે. પુરોહિતને કાયમી કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આઈ.એ.એસ. ટ્રેઈનિંગ સેન્ટરમાં ફરજ બજાવતા સિનિયર ક્લાર્ક શ્રી આર. એસ. પંચાલ અને જુનિયર ક્લાર્ક શ્રી યુ. કે. પુરોહિતને કાયમી કરવા અંગેની ભલામણ ગ્રાહ્ય રાખવી નહીં.

૧૫. પી.એ.ટુ વાઈસ ચાન્સેલર તરીકે ફરજ બજાવતા શ્રી એમ. ડી. માંકડને રૂ. ૨૨૦૦-૪૦૦૦નું પગારધોરણ આપવા અંગેની બાબતમાં આવેલ તેમની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે આ બાબત પર વિસ્તૃત ચર્ચાવિચારણા કરીને તેનો સર્વગ્રાહી હેવાલ ઉપરની કામકાજની યાદી ક્રમાંક ૨માં દર્શાવેલ સમિતિને સોંપવાનું રાખવું.

૧૬. યુનિવર્સિટીના સફાઈ કામદારોને પટાવાળામાં બઢતી આપવા અંગે રાજ્ય સરકારના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૧૭. યુનિવર્સિટી કર્મચારીઓને રાજ્ય સરકારશ્રીના કર્મચારીઓ માફક બિલ્ડિંગ લોન આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કર્મચારીઓને બિલ્ડિંગ લોન આપવાની બાબતમાં અગાઉ એચ.ડી.એફ.સી. સાથે પત્રવ્યવહાર થયેલ છે તથા થયેલી વાતચીત બાબતમાં આગળની કાર્યવાહી કરવાનું રાખવું.

રાજ્ય સરકારના કર્મચારીઓને જે ધોરણે મકાન પેશગી મળે છે તે ધોરણે યુનિવર્સિટી કર્મચારીઓને મકાન પેશગી મળે તે અંગે એક રિવોલ્વિંગ ફંડ ઊભું કરવા અગાઉ રાજ્ય સરકારશ્રી સમક્ષ રજૂઆત કરેલી છે, તે અંગે પુનઃ રજૂઆત કરવાનું રાખવું.

૨. કાર્યભાર મુજબ યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂક કરવામાં આવે.

૩. લાયકાત ધરાવતા ડાયરેક્ટરની નિમણૂક કરવામાં આવે.

૪. જરૂર મુજબ બિનશૈક્ષણિક સ્ટાફની નિમણૂક કરવામાં આવે.

૫. અભ્યાસક્રમને લગતાં પુસ્તકો, જર્નલ્સ, કૉમ્પ્યુટર્સ, ઓવરહેડ પ્રોજેક્ટર, વી.સી.આર., ટી.વી. તથા શૈક્ષણિક કેસેટ જેવાં સાધનો વસાવવામાં આવે. પુસ્તકો-જર્નલ્સ માટે રૂ. ૫૦,૦૦૦નો આવર્તક ખર્ચ કરવાનો રહેશે. કૉમ્પ્યુટરની સગવડના સંદર્ભમાં સંસ્થા પાસે ૨૦ મોનિટર્સ પ્રિન્ટર સહિત ઉપલબ્ધ હોવા જોઈએ.

૬. સંસ્થાના મકાનમાં યુનિવર્સિટીનાં ધારાધોરણ મુજબ ભૌતિક સુવિધાઓની જોગવાઈ કરવામાં આવે.

૭. પ્રેક્ટિકલ સ્ટડીઝ માટે જુદા જુદા સારા ઔદ્યોગિક એકમો, મોટા વ્યાપારી એકમો, સહકારી એકમો વગેરેનો સંપર્ક સાધી વ્યવસ્થા ગોઠવવાની જવાબદારી સંસ્થાએ અદા કરવાની રહેશે, અને તેની યાદી યુનિવર્સિટીને મોકલવાની રહેશે.

૮. અભ્યાસક્રમના શિક્ષણનું માધ્યમ અંગ્રેજી રાખવામાં આવે.

૯. આ અભ્યાસક્રમ, ગ્રાન્ટ સિવાયનો હોઈ જે કોઈ ખર્ચ કરવો પડે તે ખર્ચની બાંયધરી સંસ્થાએ આપવાની રહેશે.

૧૦. યુનિવર્સિટી સૂચવે તે રીતે પેન્શન, પ્રોવિડન્ટ ફંડ તથા ગ્રેચ્યુઈટી માટે જોગવાઈ કરવાની રહેશે.

વિશેષ નોંધ.—બી.બી.એ.ના અભ્યાસક્રમ માટે નીચે પ્રમાણે લઘુતમ વ્યવસ્થા કરવાની રહેશે :

શૈક્ષણિક સ્ટાફ (ત્રણ વર્ષ માટે)

ક્રમ	જગ્યા	રકમ
૧. ડાયરેક્ટર	૧	લઘુતમ કુલ વેતન-માનદ વેતન દર માસે રૂ. દશ હજાર
૨. લેક્ચરર	પ્રથમ વર્ષે ૨ બીજા વર્ષે કુલ ૩ (૨+૧) ત્રીજા વર્ષે કુલ ૪ (૩+૧)	લઘુતમ વેતન-માનદ વેતન દર માસે રૂ. ૭,૫૦૦
૩ વિઝિટિંગ ફેકલ્ટી		રૂ. ૧૫૦ (વ્યાખ્યાન, સેશન દીઠ)
૪ ટી.એ., ડી.એ. વિઝિટિંગ ફેકલ્ટી		નિયમ પ્રમાણે

૧૧. સંસ્થાએ એ.આઈ.સી.ટી.ઈ.ના રિજીયોનલ ઑફિસર અને ટ્રસ્ટના સંયુક્ત નામે મૂકેલ રૂ. વીસ લાખની ડિપોઝિટ યુનિવર્સિટીની પૂર્વ મંજૂરી વગર ઉપાડી શકાશે નહીં.

બેચેલર ઑફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશનના પ્રથમ વર્ષમાં પ્રવેશ આપવાના નિયમો

૧. પ્રવેશ પાત્રતા બાબત :

બી.બી.એ.ના પ્રથમ વર્ષમાં પ્રવેશ માટે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ ૧૨ની પરીક્ષા સામાન્ય કે વિજ્ઞાન પ્રવાહમાં (૧) અંગ્રેજી અને (૨) મેથેમેટિક્સ અથવા સ્ટેટિસ્ટિક્સ અથવા એકાઉન્ટન્સી (બુકકીપિંગ અને એકાઉન્ટ્સ) વિષયો સાથે દ્વિતીય વર્ગમાં (બિનઅનામત ઉમેદવાર માટે) તથા અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ઉમેદવારો માટે ૪૦ ટકા ગુણ સાથે પ્રથમ પ્રયત્ને પાસ કરેલ હોવી જોઈએ (વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓના પ્રેક્ટિકલના ગુણ ગણતરીમાં લેવાશે નહીં).

૨. બી.બી.એ.ના વર્ગમાં મહત્તમ ૭૫ (પંચોતેર) (ડિવિઝન દીઠ) વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે તેમજ વિદ્યાર્થીદીઠ વાર્ષિક ટ્યૂશન ફી રૂ. દશ હજાર નિયત કરવામાં આવે છે. કલમ ૪(૨)માં જણાવેલ ડાયરેક્ટરશ્રીની બેઠકો પર એન.આર.આઈ./એન.આર.આઈ સ્પોન્સર વિદ્યાર્થીઓની ફી ૩,૦૦૦ ડોલર અથવા તેની સમકક્ષ થનાર રકમ જેટલી રાખવાની રહેશે.

૩. **પ્રવેશ માટે બેઠકોની ફાળવણી :** પ્રવેશ માટે બેઠકોની ફાળવણી કરવા સારુ સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના બી.બી.એ.ના પ્રવેશ માટે પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની પ્રવેશ અરજીઓની યાદી તૈયાર કરી જે તે પ્રવાહમાં મળેલ અરજીઓના પ્રોરેટા પ્રમાણે બેઠકોની સામાન્ય પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહમાં ફાળવણી કરવી અને જે તે પ્રવાહની પ્રવેશ યાદીમાંથી પ્રોરેટા પ્રમાણે ફાળવેલ બેઠકોના પ્રમાણમાં મેરિટના ધોરણે પ્રવેશ યાદી તૈયાર કરવી.

૪. **અનામત બેઠકોની ફાળવણી :** અનામત બેઠકોની ફાળવણી રાજ્ય સરકારના વખતોવખતના નિયમો અનુસાર અનામત રાખી રાખવાની રહેશે.

૧. સંસ્થાની કુલ પ્રવેશ બેઠકોમાંથી નીચે પ્રમાણે અનામત બેઠકો ફાળવવાની રહેશે :

(અ) અનુસૂચિત જાતિ માટે ... ૭ ટકા

(બ) અનુસૂચિત જનજાતિ માટે ... ૧૩ ટકા

(ક) બક્ષી પંચની જાતિ માટે ... ૨૭ ટકા

૨. ઉપર (૧) ઉપરાંત સંસ્થાની કુલ પ્રવેશ બેઠકો પૈકી વધુમાં વધુ ૧૦ ટકા બેઠકો ડાયરેક્ટરશ્રી પોતાના સ્વવિવેક અનુસાર ભરી શકે તે માટે અધિકાર રહેશે, જે પૈકી ૧ ટકો સીટ સાંસ્કૃતિક/રમતગમત ક્ષેત્રે સિદ્ધિઓવાળા તેમજ વિશિષ્ટ સંજોગો ધરાવતા ઉમેદવારો વડે ભરી શકાશે. આ બેઠકો પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓની યાદીના અરજદારો પૈકીથી જ ભરી શકાશે, આ પૈકી કોઈ બેઠક ખાલી રહેતી હોય તે ખુલ્લી બેઠક તરીકે ભરી શકાશે.

૩. પ્રવેશ યાદીમાંથી પ્રથમ બિનઅનામત બેઠકો ગુણાનુક્રમ પ્રમાણે ભરવાની રહેશે, તેમાં જો અનામત પ્રવેશાર્થીઓનો સમાવેશ થતો હશે તેમાં પ્રવેશાર્થીઓની પ્રવેશ અનામત બેઠક પર ગણાશે નહીં.

૪. ઉપર (૨) મુજબ બિનઅનામત બેઠકો પર પ્રવેશ અપાઈ જાય બાદ બાકી રહેલી ગુણાનુક્રમ યાદીમાંથી ગુણાનુક્રમે જે તે અનામત કક્ષાના પ્રવેશાર્થીઓએ તેમની અનામત બેઠકોની સંખ્યાની મર્યાદામાં પ્રવેશ અપાશે.

૫. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટેની અનામત બેઠકો સિવાયની બેઠકો માટે પ્રવેશાર્થી ગુણાનુક્રમ યાદી પર બાકી રહેતો હોય અને કોઈ બેઠક ખાલી ન રહેતી હોય તો યુનિવર્સિટીની પૂર્વમંજૂરી મેળવ્યા બાદ અને બેઠક વડે ગુણાનુક્રમ યાદીમાંના બિનઅનામત પ્રવેશાર્થીઓ વડે ગુણાનુક્રમે ભરવામાં આવશે. અનુસૂચિત જનજાતિ માટે અનામત રાખેલી જગ્યાઓ પૂરેપૂરી ન ભરાય તો ખાલી રહેલી જગ્યાઓ બિનઅનામતથી ભરી શકાશે.અનુસૂચિત જાતિ માટેની બેઠકો પૂરેપૂરી ન ભરાય તો ખાલી રહેલી જગ્યાઓ બિનઅનામતથી ભરી શકાશે.

૫. ગુણાનુક્રમ પ્રવેશ યાદી બનાવવા અંગે–

૧. પ્રવેશ માટે નિયત સમયમર્યાદામાં આપેલ તમામ નિયમ અનુસરી અરજીઓના આધારે એક સળંગ ગુણાનુક્રમ યાદી બનાવવાની ફરજિયાત રહેશે.

૨. પ્રાયોગિક પરીક્ષાના ગુણ સિવાયના ગુણને ધ્યાનમાં લઈ વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓની ગુણાનુક્રમ યાદી તૈયાર કરવી.

૬. પ્રવેશ આપવાની પ્રવિધિ બાબત :

૧. સંસ્થામાં પ્રવેશ આપવાનો અધિકાર ફક્ત ડાયરેક્ટરશ્રી જ છે, અને ડાયરેક્ટરશ્રીની સહી-સિક્કાથી અપાયેલ પ્રવેશ અધિકૃત ગણાશે.

૨. પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કર્યા પહેલાં પ્રવેશના નિયમો નોટિસબોર્ડ ઉપર મૂકવાના રહેશે.

૩. પ્રવેશ અંગેના નિયમોનું ઉલ્લંઘન કરીને પ્રવેશ અપાયો હશે, તે અંગેની કાયદાકીય તેમજ યુનિવર્સિટી સંબંધિત સઘળી જવાબદારી ડાયરેક્ટરશ્રીની રહેશે.

૪. પ્રવેશ સંબંધી કોઈ વિવાદ હશે, તો તે અંગે કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે અને સૌને બંધનકર્તા રહેશે.

૫. આ નિયમો બીજા કોઈ હુકમો ન થાય ત્યાં સુધી અમલમાં રહેશે.

પાર્ટ-૨ :

બી.બી.એ. પ્રવેશ અંગેની શરતો અને સ્પષ્ટતાઓ

૧. બી.બી.એ.ના અભ્યાસક્રમ માટે ફીનું ધોરણ વિદ્યાર્થીદીઠ મહત્તમ વાર્ષિક ટ્યૂશન ફી રૂ. દશ હજાર નિયત કરવામાં આવે છે, યુનિવર્સિટીએ નિયત કરેલ ફીનું ધોરણ મહત્તમ મર્યાદામાં છે, તેથી વિશેષ ફી વસૂલ કરી શકાશે નહીં.

૨. ઉપર નિયત કરેલ ફીમાં તમામ પ્રકારની તાલીમ વિષયક ખર્ચનો સમાવેશ થાય છે.

૩. પ્રત્યક્ષ તાલીમ માટે કે નિદર્શન માટે અન્યત્ર જવાનું થાય ત્યારે તે અંગેનું ખર્ચ વિદ્યાર્થી ભોગવશે.

૪. સદર ફીના ધોરણોની સામાન્ય રીતે ૩ વર્ષ બાદ સમીક્ષા હાથ ધરવામાં આવશે.

૫. નીમવામાં આવેલ શૈક્ષણિક સ્ટાફ/બિનશૈક્ષણિક સ્ટાફને દર માસે ચૂકવવાની રકમ (પગાર-ભથ્થાં પેટે) બૅન્ક મારફતે ચૂકવવાની રહેશે.

૬. આ અભ્યાસક્રમ સ્વનિર્ભર ધોરણે લાંબો સમય ચાલુ રહેશે કે કેમ તે ખાસ સમિતિ સામાન્ય રીતે ચોથા વર્ષે સમીક્ષા કરશે, અને જો ચાલુ રહેવાની સંભાવના લાગશે તો ડાયરેક્ટર સહિતનો શૈક્ષણિક સ્ટાફ મુદતી સેવાને બદલે નિયમિત સેવાને ધોરણે રાખવાનો રહેશે.

૭. લાયક અરજદારોની અરજીઓને સાયન્સ અને કૉમરેસ વગેરે પ્રમાણે વર્હેચી પ્રોરેટા પ્રમાણે પ્રવેશ આપવાનો રહેશે.

પરિશિષ્ટ "૩૦"

કામકાજ ક્રમાંક ૧૨ (૧૨)

ગુજરાત યુનિવર્સિટીની બાંધકામ સમિતિની એક સભા તા. ૧૫-૪-૧૯૯૭ ને મંગળવારના રોજ બપોરના ૩-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. કુલપતિશ્રી એસ. બી. વોરા સાહેબે પ્રમુખસ્થાન સંભાળ્યું હતું. સભામાં હાજરી નીચે મુજબ હતી :

ક્રમ	સભ્યનું નામ	તા. ૧૫-૪-૧૯૯૭
૧.	કુલપતિશ્રી	હાજર
૨.	ઉપકુલપતિશ્રી	હાજર
૩.	પ્રો. કે. એસ. શાસ્ત્રી	હાજર
૪.	પ્રો. ડી. એમ. શીખ	હાજર
૫.	શ્રી બિહારીલાલ કનૈયાલાલ શેઠ	હાજર
૬.	શ્રી સુધીરભાઈ નાણાવટી	ગેરહાજર
૭.	શ્રી ચીફ એન્જિનિયર	ગેરહાજર.

૧. તા. ૮-૧૧-૧૯૯૬ની બાંધકામ સમિતિની મિનિટ્સ મંજૂર કરવા બાબત.

બાંધકામ સમિતિની તા. ૮-૧૧-૧૯૯૬ની મિનિટ્સ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટીના બી.બી.એ.ના મકાનના કૉમ્પ્યુટર રૂમમાં ફોલ્સ સીલિંગ કરવા માટે મંગાવેલ ટેન્ડરમાં સૌથી ઓછા ભાવ ભરનાર વેપારી મે. જે. બી. સી. કન્સ્ટ્રક્શનને આ કામના ભાવપત્રક તેમણે ભરેલ નથી તેમ જણાવી ના પાડતાં તે પછીના ક્રમે સેકન્ડ લોએસ્ટ વેપારી મે. ક્રિષ્ના કન્સ્ટ્રક્શન પાસે તેમના ટેન્ડર ભાવે રૂ. ૧,૨૩,૦૦૦ના ખર્ચે આ કામ કરાવવા વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, બી.બી.એ.ના મકાનના કૉમ્પ્યુટર રૂમમાં ફોલ્સ સીલિંગ કરવા સેકન્ડ લોએસ્ટ પાર્ટીના મે, ક્રિષ્ના કન્સ્ટ્રક્શન પાસે તેઓએ તા. ૩૦-૫-૧૯૯૭ના રોજ ભરેલ ટેન્ડરના ભાવો તથા શરતોને આધીન કામ કરાવવાનું રાખવું.

ખર્ચ અંદાજે રૂ. ૧,૨૩,૦૦૦ થશે.

(સદરહુ કાર્ય કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે).

૩. યુનિવર્સિટીનાં જુદાં જુદાં મકાનોનાં ધાબાં ઉપર વોટર પ્રૂફિંગનું કામ કરવા આવેલ ટેન્ડર ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે, વોટર પ્રૂફિંગના કામ માટે આવેલ ટેન્ડરમાં સૌથી ઓછા ભાવ ટાંકનાર મે. માઇક્રોપ્રોટેક્ટ કંપની પાસે એમણે ભરેલ યુનિવર્સિટી ટેન્ડરોની શરતોને આધીન કામ કરવાનું રાખવું. ખર્ચ અંદાજી રૂ. ૪,૦૮,૦૦૦ થશે.

(સદરહુ કાર્ય કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે.)

૪. યુનિવર્સિટી કર્યાલયના મકાન પાસે વિદ્યાર્થીઓને ઉપયોગી જરૂરી માહિતી જેવી કે સીટ નંબર, રિઝલ્ટ, ટાઈમટેબલ વગેરે સ્ટેન્ડ સાથે મૂકવા તથા બોટાની વિભાગ ખાતે સાઈકલ સ્ટેન્ડ બનાવવા દૈનિકપત્રમાં જાહેરાત આપી મંગાવેલ ભાવપત્રકો ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય પાસે વિદ્યાર્થીને લગતી જરૂરી માહિતી સાથે સ્ટેન્ડ મૂકવા તથા બોટાની પાસે સાઈકલ સ્ટેન્ડ બનાવવા માટે મંગાવેલ ટેન્ડરમાં ઓછામાં ઓછા ભાવ ટાંકનાર લો રિઝાઈન પાસે કામ કરાવવાનું રાખવું. ખર્ચ અંદાજી રૂ. ૫૭,૮૫૦ થશે.

(સદરહુ કાર્ય કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે.)

૫. ગુજરાત યુનિવર્સિટી બી.બી.એ. અભ્યાસક્રમ તથા મકાનમાં આવેલ કૉમ્પ્યુટર રૂમમાં એલ્યુમિનિયમ પાર્ટિશન કરવા જાહેરાત આપી મંગાવેલ ભાવપત્રક ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આવેલ ટેન્ડરમાં ઓછામાં ઓછા ભાવ ટાંકનાર પાર્ટી શ્રી રામોલી કન્સ્ટ્રક્શન પાસે કામ કરાવવાનું રાખવું. ખર્ચ અંદાજી રૂ. ૪૭,૬૦૦ થશે.

(સદરહુ કાર્ય કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે.)

૬. યુનિવર્સિટી કૅમ્પસ ઉપર એપ્રોચ રોડ ઉપર બે જુદી જુદી જગ્યાએ ટ્રાફિક નિવારવા અર્થે જરૂરી વ્યવસ્થા કરવા વિચારણા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસ ઉપર ટ્રાફિક નિવારવા માટે ગુજરાત યુનિવર્સિટી સ્ટેટ બૅન્ક તથા બોયઝ હોસ્ટેલ વચ્ચેનો રોડ ગુજરાત યુનિવર્સિટી તરફથી આવતા રસ્તા ઉપર આગળ પાઇપ મૂકી ટ્રાફિક રોકવો તથા યુનિવર્સિટી લાંઇબ્રેરી તથા કૉમર્સ વિભાગ વચ્ચે ફેન્સિંગ કરી બે ગેટ મૂકી ટ્રાફિક નિવારવા માટે વ્યવસ્થા કરવાનું રાખવું. ખર્ચ અંદાજી રૂ. ૫,૦૦૦ ફક્ત મજૂરીનો થશે.

૭. ગુજરાત યુનિવર્સિટી એચ. કે. સેન્ટરની બધી જ બારીઓ તૂટી ગયેલ છે, તે નવી બનાવવા અંદાજી ખર્ચ રૂ. ૩૦,૦૦૦ છે, બારીઓની સાઈઝ મોટી છે, અને જૂની હતી તે પ્રમાણે બનાવવી કે બીજી રીતે ગોઠવી બનાવવી તે અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે આ અંગે પ્રો. દર્શનસિંગ શીખ તથા યુનિવર્સિટી એન્જિનિયર સ્થળ ઉપર જઈ કઈ રીતે બનાવવી તે જોઈ તેના હેવાલ પર વાઈસ-ચાન્સેલરશ્રીને નિર્ણય લેવાની સત્તા આપવાનું રાખવું.

પ્રમુખશ્રીની પરવાનગીથી નીચેની બાબત રજૂ કરવામાં આવી :

૮. સાતમી યોજના અન્વયે પી.ડબલ્યુ.ડી.માં ડિપોઝિટ વર્ક તરીકે જમા કરાવેલ રકમ પરત લેવા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ડિપોઝિટ વર્ક પેટે જમા કરાવેલ રકમ પરત મેળવવા કાર્યવાહી કરવાનું રાખવું.

(સદરહુ કાર્ય કુલપતિશ્રીએ મંજૂર કરેલ છે.)

૯. યુનિવર્સિટી લાઇબ્રેરી પાસે તથા બી. કે. સ્કૂલના ઝાંપા પાસે યુનિવર્સિટીનાં ભવનો તથા યુનિવર્સિટી વિસ્તારનો નકશો મૂકવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિદ્યાર્થીઓ તથા બહારથી આવતી વ્યક્તિઓને જુદા જુદા વિભાગની તથા યુનિવર્સિટી વિસ્તારની માહિતી સરળતાથી મળી રહે તે માટે યુનિવર્સિટી લાઇબ્રેરી તથા બી. કે. સ્કૂલના ઝાંપા પાસે યુનિવર્સિટી વિસ્તારનો નકશો મૂકવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું. હતું.

દીપક સુતરિયા
કુલસચિવ વતી.

પરિશિષ્ટ "૩૧"

કામકાજ ક્રમાંક ૧૩

O. M.Com. 1 :

(1) Candidates for the degree of Master of Commerce must have passed the examination for the degree of Bachelor of Commerce of This University or an examination recognised as equivalent thereto :

Moreover, candidates who have passed Bachelor of Business Administration B.B.A. Degree of this University or an examination *recognised equivalent thereto will be eligible for admission into O. M.Com. 1 with Business Management subject only.*

Provided, however, that a candidate who has passed the Bachelor of Arts/Science/ Commerce Degree examination in Pass Class shall offer at the M.A./M.Sc./M.Com. degree examination, the same subject or subjects with which he has Passed the Bachelor Degree Examination.

and

(2) Must have Passed the M.Com. Degree Examination in both Part I and Part II after keeping, as per requirements laid down in that behalf, two terms for each of the parts viz., Part I and Part II Examinations.

પરિશિષ્ટ "૩૨"

કામકાજ ક્રમાંક ૧૪

Statute 14 :

(1) Every candidate in an election to the Court, by the Constituency of Registered Graduates shall, before nomination, deposit with the Registrar the sum of Rs. 500 in cash, or in Government Promissory Notes of equal value at the market rate of the day, the candidate shall not be duly nominated unless the said deposit has been made.

પરિશિષ્ટ "૩૩"

કામકાજ ક્રમાંક ૧૫

Statute 4 :

(1) All graduates of this University who desire to be registered as Registered Graduates shall on payment of a fee of Rs. 25 at the time of their first graduation, be enrolled as registered graduates for a period of five years beginning from the 1st of January of the following year in which they have taken the degree.

(2) In addition, the following persons shall, on submission of an application and payment of Rs. 25 be enrolled as Registered Graduates for a period of five years.

(9) On the expiry of the period of registration, the registration can be renewed for a further period of five years by applying in a prescribed form and paying a re-registration fee of Rs. 25 only, or if it is so desired, it can be renewed for a further period of 20 years by applying in a prescribed form and paying a fee of Rs. 100 only. The form and fee for re-registration should be sent so as to reach the University office before the 1st of December of the year in which the registration expires.

પરિશિષ્ટ "૩૪"

કામકાજ ક્રમાંક ૧૬

The following are the minimum qualifications for the post of a Director of the recognised Research Institute of the University.

1(a) Bachelor's and Master's Degree in the Second Class in the subject or subjects related to the research area of the Institute.

OR

(b) Bachelor's and Master's Degree in the subject or subjects related to the research area of the Institute and having Ph.D. degree in the subject.

OR

(c) Master's Degree in the subject or subjects related to the research area of the Institute from a foreign University.

2(a) Must have successfully guided at least two students for the Ph.D. Degree.

OR

(b) Published at least seven Research papers in the subject or subjects related to the research area of the Institute in reputed Journals.

OR

(c) Ph.D. Degree and at least five Research papers in the subject in reputed research journals.

OR

(d) Successfully guided fifteen dissertations at post-graduate level.

3(a) 10 years of teaching experience at a University or a college level, out of which 5 years experience should be at Post-graduate level.

OR

(b) 10 years research experience in the institute of repute out of which at least five years experience should be after completing Ph.D. with a proof thereof.

OR

(c) Ph.D. Guide with at least 5 years administrative experience.

The foliowing shall be the minimum qualifications for the post of a Reader in the recognised Research Institute of the University.

1(a) Bachelor's and Master's degree at least with Second Class in the subject or subjects related to the research area of the Institute.

OR

(b) Bachelor's and Master's Degree in the subject or subjects related to the research area of the Institute and having Ph.D. degree in the subject or subjects related to the research area of the Institute, or Master's Degree in the subject or subjects related to the research area of the Institute from a foreign University.

and

2. Three research papers in the subject or subjects related to the research area of the Institute published in reputed research journal.

OR

Successfully guided ten dissertations at Post-graduate level in the subject or subjects related to the research area of the Institute.

3(a) Five years of teaching experience at a University or a college out of which three years experience should be at Post-graduate level.

OR

(b) Five years research experience in the institute of repute out of which at least three years experience should be after completeing Ph.D. with a proof thereof.

પરિશિષ્ટ "૩૫"

કામકાજ ક્રમાંક ૧૭

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૯૬-૧૯૪૯-૧-૯૬-ખ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૧-૬-૧૯૯૭

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગના તા. ૧૫-૧૧-૧૯૮૯નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-એમ-૧૦૨૬-ખ.
(૨) શિક્ષણ વિભાગના તા. ૨૩-૧૨-૧૯૯૧નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-૪૦૨૨-૫૯-૮૮-ખ.
(૩) શિક્ષણ વિભાગના તા. ૨૮-૭-૧૯૯૫નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૯૬-૧૯૪૯-ખ.
(૪) શિક્ષણ વિભાગના તા. ૨૭-૬-૧૯૯૬નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૯૬-૧૯૪૯-ખ.

ઠરાવ :

શિક્ષણ વિભાગના તા. ૨૩-૧૨-૧૯૯૧ના ઠરાવ તથા રાજ્ય સરકારની કરકસરની નીતિને ધ્યાને લઈ તેમ જ કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારી મહામંડળ તરફથી થયેલ રજૂઆતને ધ્યાને લઈ રાજ્ય સરકારે એક સબ-કમિટીની રચના કરેલ હતી, જે કમિટિની ભલામણો ઉપર કાળજીભર વિચારણા કરી શિક્ષણ વિભાગના આમુખ-૪માં દર્શાવેલ તા. ૨૭-૬-૧૯૯૬ના ઠરાવથી બિનસરકારી કૉલેજોના સહાયક ગ્રાન્ટના માળખા તથા બિનશૈક્ષણિક કર્મચારીઓના મહેકમનો માપદંડ નક્કી કરવામાં આવેલ છે, સદરહુ માપદંડ પ્રમાણે જગ્યાઓ ભરવા માટે પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે :

(૧) સદરહુ તા. ૨૭-૬-૧૯૯૬ના ઠરાવની જોગવાઈ મુજબ બિનસરકારી કૉલેજોમાં જગ્યાઓ મળવાપાત્ર થાય તો તે જગ્યાઓ અન્ય જગ્યાએથી ફાજલ થતાં કર્મચારીઓને સમાવવાના રહેશે તથા નવી જગ્યા મંજૂર કરતાં પહેલાં નાણા વિભાગની મંજૂરી અચૂક મેળવવાની રહેશે. આ સંદર્ભમાં બાકી દરખાસ્તની ચકાણી તેમ જ નવી જગ્યાઓની મંજૂરી અંગે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી તેમ જ નાણા સલાહકાર શ્રી (શિ. વિ.)ની એક સમિતિની રચના કરવામાં આવે છે. સદરહુ સમિતિએ આ અંગેના કેસોની ચકાસણી કરી જરૂરી નિર્ણય લેવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(આઈ. એમ. કુરેશી)
સેક્શન અધિકારી,
શિક્ષણ વિભાગ

પરિશિષ્ટ '૩૬'

કામકાજ ક્રમાંક ૧૯ (૩)

Dept. of Zoology, School of Sciences, Gujarat University, Ahmedabad-9

Appendix-II

Syllabus for Post-Graduate Advance Diploma course in Biomedical Technology

Paper I : Instrumentation and Methdology
Paper II : Semenology, Haematology and Clinical Biochemistry
Paper III : Diagnostic Techniques--Radioimmunoassay and Chromo-some analysis.

Paper I--Instrumentation and Methodology

Microscopy, General principles. Light microscopy, Electron microscopy, fluorescence, Phase contrast, Polarized and Confocal microscopy, Histology. Tissue fixation techniques, sectioning, microtome types, and their uses. General staining of Cell and Cell organelles. Cytochemical staining methods-DNA, RNA, Proteins, Lipids, Enzymes. Techniques to study the cell Smear, Squash etc., Centrifugation, Electropgoresis, Spectrophotometry, Autoradiography, Tissue culture, Sterilization technique, Cultivation of pathogens, sensitivity of pathogens, Cryostat, etc. pH meter, Principles of Radiation biology, Ultrasound.

Paper II : Semenology, Haematology and Clinical Biochemistry

Ultrastructure of sperms, Semen biochemistry, Sperm functional tests, Sperm banks, Capacitation, Folliculogenesis, Ovalation, Fertilization, In vitro fertilization, Assisted reproductive technology IVF, GIFT etc., AIDS, Immuno reproduction, haematocrit, Differential count, ESR, Hb estimation, blood cell abnormalities, Blood groups, blood coagulation, Blood sugar, acetone.

--Liver function tests, Urine analysis microscopic qualitative & quantitative.
--Kidney function test.
--Heart function test.
--Serology-Serum parameters. lipid profile, protein Electrolytes estimation
--Enzymes of clinical importance
--Other specialized tests.

Paper III--Diagnostic Techniques--Radiommunoassay and Chromosome Analysis

Principles of immunology,-Radioimmunoassay, Radioreceptor assay, ELISA, Study of endocrine glands, histology, Types, chemical nature, synthesis, metabolism, control and function of different hormones, Mechanism of hormone action, Signal transduction, Receptors, Types, Location, metabolism and recycling, Second massengers, Hormones and Biotechnology, Clinical endocrinology.

Cell nucleus, Nucleic acids : Types, different species, structure, organization, function, synthesis, DNA isolation, sequencing, DNA repair.

Chromosomes : Types of chromosomes, heterochromation, euchromatin, Chromosome structure. Study of sex chromatin and its importance Chromosome banding techniques : G-banding, C-banding, R-banding, q-banding, high resolution banding, study of nucleolar organizer region of chromosome and its importance, Late replicating Banding, Study of sister chromatid exchange, FISH techniques, Flow cytometry. Sex determination and sex linked inheritance. Principles of cytogenetics. Human chromosome and abnormalities. Identification of chromosomes and karyotyping. Prenatal diagnostic techniques, transdermal amniocentesis and chorionic biopsy. Human pedigree analysis. Genetic engineering and recombinant DNA, Southern, Northern and Western blots, PCR RELP analysis, DNA finger printing, Gene therapy and application.

Practicals I to III will be based on theory papers.

પરિશિષ્ટ "૩૭"

કામકાજ ક્રમાંક ૨૦

રાજ્યની માન્યતા પ્રાપ્ત કાયદાની કૉલેજોને અનુદાનપાત્ર ગણવા બાબત

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ, ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૯૬-સી.સી-૧૩૧-ખ,
સચિવાલય, ગાંધીનગર, તા. ૫-૯-૧૯૯૭

વંચાણે લીધા :

(૧) શિક્ષણ વિભાગનો તા. ૧૪-૯-૧૯૮૮નો ઠરાવ ક્રમાંક : એમઆઈએસ-૧૧૮૭-૫૫૮૪૩-ખ.
(૨) શિક્ષણ વિભાગનો તા. ૧૬-૬-૧૯૮૯નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૪-૧૧૮૯-ખ.
(૩) શિક્ષણ વિભાગનો તા. ૧૫-૧૧-૧૯૮૯નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૯-એમ-૧૦૨૬-ખ.
(૪) શિક્ષણ વિભાગનો તા. ૧૨-૭-૧૯૯૦નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૮૪-સીએમ-૧૬૭(૫૦/૮૮)-ખ.
(૫) શિક્ષણ વિભાગનો તા. ૨૨-૭-૧૯૯૨નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૯૨-૧૮૫૬-ખ.
(૬) શિક્ષણ વિભાગનો તા. ૩૦-૬-૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : એનજીસી-૧૫૯૨-સીએમ-૪૧૮૩(૯૨)/૮૩/૯૨-ખ.

પ્રસ્તાવના :

રાજ્યમાં આવેલ કાયદાની કૉલેજોને અનુદાનપાત્ર ગણવા ઘણા સમયથી રાજ્ય સરકાર સમક્ષ રજૂઆતો કરવામાં આવેલ, પરંતુ જે તે સમયે પોલ-કમિટીની ભલામણ અનુસાર કાયદાની કૉલેજોને અનુદાનપાત્ર ન ગણવાનું રાજ્ય સરકારે પ્રથમથી જ ઠરાવેલ હતું. ત્યારબાદ જુદી જુદી સંસ્થાઓ તથા કૉલેજો તરફથી અનુદાનની માગણીઓ પણ રજૂ થયેલ હતી તથા આ કૉલેજના કર્મચારીઓ તરફથી સીધા પગાર હેઠળ આવરી લેવાની માગણી થતાં રાજ્ય સરકારે બિનશૈક્ષણિક કર્મચારીઓને સીધા પગાર હેઠળ આવરી લીધેલ અને જો કાયદાની કૉલેજો ખોટ કરતી હોય તો તેવી ખોટ સરભર કરવા વધુમાં વધુ રૂપિયા ૧૦૦ વિદ્યાર્થીદીઠ દરેક સત્રમાં વાર્ષિક સહાય આપવાનું સરકારે ઠરાવેલ હતું.

રાજ્યની કાયદાની કૉલેજોને અનુદાન મળતું ન હોવાથી અને શ્રી મનુભાઈ પ્રાગજી વશી વિરુદ્ધ મહારાષ્ટ્ર સરકારના કેસમાં સુપ્રિમ કોર્ટના ચુકાદાને ધ્યાને લઈ ગુજરાત રાજ્યના બાર કાઉન્સિલ ઑફ ગુજરાત નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્પે. સિ.એ. નં. ૧૦૧૪૧/૯૬ દાખલ કરવામાં આવેલ. જે અંગે નામદાર હાઈકોર્ટ તરફથી રાજ્યની અન્ય ફેકલ્ટીની કૉલેજોની જેમ કાયદાની કૉલેજોને ૧૯૯૬-૯૭ના વર્ષથી અનુદાનને પાત્ર ગણવા આદેશ કરેલ. ઉપરોક્ત હુકમ સમયે રાજ્ય સરકારે નામદાર સુપ્રિમ કોર્ટમાં અપીલ દાખલ કરેલ. જે નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા તા. ૯-૭-૧૯૯૭ના રોજ રદ કરવામાં આવેલ. નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાની નકલ તા. ૨૧-૭-૧૯૯૭ના રોજ મળેલ.

ઉપરોક્ત હકીકતે નામદાર ગુજરાત હાઈકોર્ટની સ્પે. સિ.એ. નં. ૧૦૧૪૧/૯૬માં અપાયેલ આદેશ મુજબ રાજ્યની કાયદાની કૉલેજોને ૧૯૯૬-૯૭ના નાણાકીય વર્ષથી અનુદાનપાત્ર ગણવાની રહે છે.

ઠરાવ :

રાજ્યની અન્ય વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન કૉલેજોને અનુદાનપાત્ર ગણવામાં આવેલ છે તે મુજબ રાજ્યની માન્યતાપ્રાપ્ત બિનસરકારી કાયદાની કૉલેજોને પણ ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષથી નીચે દર્શાવેલ શરતોને આધિન અનુદાનપાત્ર ઠરાવવામાં આવે છે.

(ક) સને ૧૯૯૬-૯૭ના શૈક્ષણિક વર્ષથી રાજ્યની માન્યતાપ્રાપ્ત કાયદાની કૉલેજોને ગ્રાન્ટ ઇન એઈડ હેઠળ સમાવવાની રહેશે.

(ખ) જે સંસ્થા-કૉલેજોએ કાયમી ધોરણે ગ્રાન્ટ ન લેવાની શરતે જોડાણ મેળવેલ છે તેવા કિસ્સાઓ અલગ રીતે વિચારવાના રહેશે.

(ગ) રાજ્યની કાયદાની કૉલેજો કે જે રાજ્ય સરકાર-અન્ય સક્ષમ સત્તાધિકારી કે જેમાં બાર કાઉન્સિલ ઑફ ઇન્ડિયા દ્વારા યોગ્ય રીતે માન્ય થયેલ હોય અને યોગ્ય સત્તાધિકારી અને યુનિવર્સિટી દ્વારા જે ધોરણો નક્કી કરવામાં આવેલ હોય તે પરિપૂર્ણ કરતી હોય તેવી કૉલેજો અનુદાનને પાત્ર રહેશે.

(ઘ) અનુદાનને પાત્ર કાયદાની કૉલેજોએ માન્યતા કે સંલગ્નતા આપનારા તંત્રોએ શિક્ષક, કર્મચારીવર્ગની ભરતી, સેવાની શરતો, પાઠ્યક્રમ, શિક્ષણનો દરજ્જો અને શિસ્ત સંબંધમાં નિયત કરેલ તમામ નિયમો અને વિનિમયો ચુસ્તપણે પાલન કરવાના રહેશે.

(ચ) રાજ્યની કાયદાની કૉલેજોને ગ્રાન્ટ ઇન એઈડ હેઠળ સમાવવાનો નિર્ણય કરાયેલ હોઈ હવે બિનસરકારી કાયદાની કૉલેજોમાં વિદ્યાર્થીદીઠ જે આર્થિક સહાય આપવાનું ધોરણ વિભાગના તા. ૧૨-૭-૧૯૯૦ના ઠરાવથી કરવામાં આવેલ તે રદ કરવામાં આવે છે.

(છ) બિનસરકારી કાયદાની કૉલેજોના બિનશૈક્ષણિક કર્મચારીઓની સીધા પગારધોરણની યોજનામાં સમાવેશ કરાતાં આવી કૉલેજો પાસેથી લેણી નીકળતી રકમને ૧૯૯૬-૯૭ના તથા ત્યાર પછીના વર્ષ માટે મળવાપાત્ર અનુદાનની રકમ સામે સરભર કરવાની રહેશે.

૨. કાયદાના શિક્ષણમાં ઉચ્ચ ગુણવત્તા જળવાઈ રહે તે માટે સંબંધિત યુનિવર્સિટી બાર કાઉન્સિલ ઑફ ઈન્ડિયા, બાર કાઉન્સિલ ઑફ ગુજરાત અને અન્ય સંબંધિત સંસ્થા અને વ્યક્તિઓનું માર્ગદર્શન મળી રહે તે માટે તેઓના પ્રતિનિધિઓની એક સલાહકાર સમિતિની રચના કરી તેઓનો હેવાલ અભિપ્રાય મેળવીને કાયદાના ક્ષેત્રમાં ઉચ્ચ પ્રકારનું શિક્ષણ મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

૩. રાજ્યની માન્યતા પ્રાપ્ત કાયદાની કૉલેજો કે જેને અનુદાનપાત્ર ગણવામાં આવેલ છે તેવી કૉલેજો તરફથી ઉપર રખાયેલ શરતોનું પરિપાલન થાય છે કે કેમ તેની ચકાસણી સંબંધિત યુનિવર્સિટી અને ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીએ કરવાથી રહે છે.

૪. રાજ્યની અનુદાનને પાત્ર થતી કાયદાની કૉલેજોને અનુદાન ચૂકવવા માટે ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય ગાંધીનગરને અધિકૃત કરવામાં આવે છે અને માન્યતાવાળી કાયદાની કૉલેજોને બાકી ચૂકવવાપાત્ર થતી અનુદાનની રકમ તાત્કાલિક ચૂકવવામાં આવે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ૨૨૦૨-સામાન્ય શિક્ષણ-૦૩-યુનિ. અને ઉચ્ચ શિક્ષણ-૧૦૪-બિનસરકારી કૉલેજો અને સંસ્થાઓને સહાય" ખાતે ઉધારવાનો રહેશે અને તે હેઠળ મંજૂર થયેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

૬. આ ઠરાવથી શિક્ષણ વિભાગની સમાનાંકી ફાઈલ ઉપર નાણા વિભાગની તા. ૨-૮-૧૯૯૭ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(શ્રીમતી આર. પી. જોષી)
ઉપસચિવ, શિક્ષણ વિભાગ.

પરિશિષ્ટ "૩૮"

કામકાજ ક્રમાંક ૨૧

ફાઈનાન્સ સમિતિની એક સભા તા. ૩-૧૦-૧૯૯૭ ને શુક્રવારના રોજ બપોરના ૩-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી જેમાં સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

ક્રમ	*સભ્યનું નામ*	*તા. ૩-૧૦-૧૯૯૭*
૧.	પ્રો. એસ. બી. વોરા, કુલપતિશ્રી	હાજર
૨.	પ્રો. કે. એસ. શાસ્ત્રી, ઉપકુલપતિશ્રી	હાજર
૩.	શ્રી યોગેન્દ્ર વ્યાસ	હાજર
૪.	ડૉ. વાય. કે. અગ્રવાલ	હાજર
૫.	શ્રી નરહરિ અમીન	ગેરહાજર.

૧. ફાઈનાન્સ સમિતિની તા. ૬-૬-૧૯૯૭ની સભાની કાર્યવાહીની નોંધ મંજૂર કરવા બાબત.

ફાઈનાન્સ સમિતિની તા. ૬-૬-૧૯૯૭ની સભાની કાર્યવાહીની નોંધ વંચાણમાં લઈ મંજૂર કરવામાં આવી અને તે પર કુલપતિશ્રીએ સહી કરી.

૨. યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર માટે ૧૯૯૭-૯૮ના વર્ષની દવાઓ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરો દ્વારા જુદી જુદી કંપની સાથે રેઈટ કૉન્ટ્રાક્ટ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—કાર્યાલયે જાહેરખબરથી મંગાવેલ અને ભાવપત્રકોનું તારણપત્રક **પરિશિષ્ટ "અ"** (છાપેલ નથી) તરીકે સામેલ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી આરોગ્ય કેન્દ્ર માટે દવાઓ ખરીદવા માટે મંગાવેલ ટેન્ડરોમાં આ સાથેના સૌથી ઓછા ભાવ દર્શાવતું પરિશિષ્ટ "અ" અને "બ" આ સાથે સામેલ છે (છાપેલ નથી) તે મંજૂર કરી તા. ૧-૧૦-૧૯૯૭થી તા. ૩૦-૧૦-૧૯૯૮ સુધીનો કૉન્ટ્રાક્ટ મંજૂર કરવા એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ છે.

૩. યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોમાં આવેલ ચોવીસ નંગ વોટર કૂલરોનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ ફક્ત લેબર કામ (માલસામાન સિવાય) કરવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(**નોંધ.**-આ અંગે ફક્ત લેબર કૉન્ટ્રાક્ટ કરવાનો છે. આ અંગે રૂ. ૭,૨૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોવીસ વોટર કૂલરોનો તા. ૧-૧૦-૧૯૯૭થી તા. ૩૦-૯-૧૯૯૮ સુધીનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ મે. વેધરક્રાફ્ટ લિમિટેડ સાથે ટેન્ડરમાં જણાવેલ શરતો અને ભાવે કૉન્ટ્રાક્ટ કરવો અને આ અંગે અંદાજે રૂ. ૭,૨૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૪. યુનિવર્સિટી કાર્યાલય તથા ભવનોમાં રહેલ ૨૬ નંગ વિન્ડો એરકન્ડિશનરોને વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ ફક્ત લેબર કામનો (માલસામાન સિવાય) કરવા માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(નોંધ.-આ પ્રકારનો કૉન્ટ્રક્ટ પ્રથમ વખત આપીએ છીએ. આ અંગે રૂ. ૬,૨૪૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલયના તથા ભવનોના ૨૬ નંગ વિન્ટા એરકન્ડિશનરોનો મે. સિન્ધિ એન્જિનિયર સાથે તા. ૧-૧૦-૧૯૯૭થી તા. ૩૦-૯-૧૯૯૮ સુધી કૉન્ટ્રાક્ટ ટેન્ડરની શરતો મુજબ કરવો અને આ અંગે રૂ. ૬,૨૪૦નો ખર્ચ મંજૂર કરવો.

૫. યુનિવર્સિટી કૅમ્પસ પરના વિવિધ વિભાગનો પર્સનલ કૉમ્પ્યુટર પ્રિન્ટર અને આનુષાંગિક સાધનોના મેન્ટેનન્સ કૉન્ટ્રાક્ટ જાહેરાત આપી મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કૅમ્પસ પરના વિવિધ વિભાગોનો પર્સનલ કૉમ્પ્યુટર પ્રિન્ટર અને આનુષાંગિક સાધનોના મેન્ટેનન્સ કૉન્ટ્રાક્ટ માટે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવી.

૧. શ્રી. આર. પી. સોની
૨. શ્રી વાય. કે. અગ્રવાલ
૩. કુલસચિવશ્રી.

ઉપરોક્ત સમિતિનો હેવાલ આવ્યેથી તે મંજૂર કરવાની બાબત પર કુલપતિશ્રીને સત્તા આપવાની ભલામણ કરવામાં આવે છે.

૬. યુનિવર્સિટીમાં બગીચા તથા સફાઈકામ માટે સફાઈ કામદાર, માળી, મજૂર વગેરે રાખવા માટેનો કૉન્ટ્રાક્ટ તા. ૧-૯-૧૯૯૭થી તા. ૩૧-૮-૧૯૯૮ સુધી એક વર્ષ માટે ગયા વર્ષની જેમજ રીન્યુ કરાવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.-ગયા વર્ષે જેમ જય યોગેશ્વર સેવા ટ્રસ્ટને કૉન્ટ્રાક્ટ આપવામાં આવેલ હતો. આ કૉન્ટ્રાક્ટ તારીખ ૧-૯-૧૯૯૬થી તા. ૩૧-૮-૧૯૯૭ સુધી કરવામાં આવેલ હતો. જેનો કુલ ખર્ચ રૂ. ૧,૯૪,૪૦૦ થયેલ હતો.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના બગીચા તથા સફાઈ કામ માટે માળી, મજૂર તથા સફાઈ કામદાર માટે ૨૦ વ્યક્તિ રાખવી અને આ અંગે એકેક વ્યક્તિના રૂ. ૯૦૦ લેખે મે. જય યોગેશ્વર સેવા ટ્રસ્ટ સાથે તા. ૧-૧૦-૧૯૯૭થી તા. ૩૦-૯-૧૯૯૮ સુધી સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવો.

૭. યુનિવર્સિટીમાં સિક્યોરિટી માટે માણસો રાખવા માટે વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૯- ૧૯૯૭થી તા. ૩૧-૮-૧૯૯૮ સુધી એક વર્ષ માટે ગયા વર્ષની પાર્ટી સાથે જ રીન્યુ કરવાની બાબત ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ગયા વર્ષે આ કૉન્ટ્રાક્ટ શ્રી ખ્યાતિ સિક્યોરિટી સર્વિસને આપવામાં આવેલ હતો. આ કૉન્ટ્રાક્ટર તા. ૧-૯-૧૯૯૬થી તા. ૩૧-૮-૧૯૯૭ સુધી કરવામાં આવેલ હતો. જેનો કુલ ખર્ચ માસિક રૂ. ૧૦,૮૦૦નો વ્યક્તિદીઠ રૂ. ૯૦૦ લેખે ૧૨ માણસોનો થયેલ હતો.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીમાં ૧૨ વ્યક્તિ સિક્યોરિટી માટે રાખવા પ્રતિ માસ રૂ. ૯૦૦ (અંકે રૂપિયા નવસો)નાં દરે મે. ખ્યાતિ સિક્યોરિટી સર્વિસને તા. ૧-૧૦-૧૯૯૭થી તા. ૨૦-૯-૧૯૯૮ સુધીનો વાર્ષિક કૉન્ટ્રાક્ટ કરવો.

૮. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગનો રેમી ઇક્વિપમેન્ટનો ૧૯૯૬-૯૭ના વર્ષ માટેનો સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આ અંગે રૂ. ૮,૫૦૦ પૂરાનો ખર્ચ થશે.

(**નોંધ.**—અગાઉના વર્ષ માટે પણ રેમી પાસે કૉન્ટ્રાક્ટ થયેલ હતો. જેનો ખર્ચ રૂ. ૮,૫૦૦ થયેલ હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે ઝૂલોજી વિભાગના રેમી ઇક્વિપમેન્ટ્સ માટે રેમી સેલ્સ ઍન્ડ એન્જિનિયરિંગ સાથે તા. ૧-૧૦-૧૯૯૭થી તા. ૩૦-૯-૧૯૯૮ સુધી કૉન્ટ્રાક્ટ કરવો અને અત્યાર સુધીમાં થયેલ રૂ. ૮,૫૦૦ (રૂપિયા આઠ હજાર પાંચસો પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૯. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે આર.આઈ.એ. કીટ્સ અને **PHA-P SRAC** પાસેથી ખરીદવા અંગે વિચારણા કરવા અંગે.

(**નોંધ.**-આ અંગે રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર)ના ખર્ચની મંજૂરી આપવા જણાવેલ છે).

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના પ્રાણીશાસ્ત્ર વિભાગ માટે આર.આઈ.એ. કીટ્સ ખરીદવા તથા પીએચએ. કેમિકલ્સ ખરીદવા માટે રૂ. ૫૦,૦૦૦ (અંકે રૂપિયા પચાસ હજાર પૂરા) સુધીના ખર્ચની મંજૂરી આપવી.

૧૦. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે કાયનોગ્રાફ એસેસરીઝ મે. પોપ્યુલર સાયન્સીસ એપરેટ્સ વર્કશોપ ડેટ પાસેથી ખરીદવા અંગેની વિચારણા કરવા અંગે.

(**નોંધ.**-આ અંગે એકજ ભાવપત્રક આવેલ છે. કુલ ખર્ચ રૂ. ૬,૦૦૦ થશે).

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગ માટે કાયનોગ્રાફ એસેસરીઝ મે. ધી પોપ્યુલર સાયન્સીઝ એપરેટ્સ વર્કશોપ ડેટ પાસેથી ખરીદવાનું મંજૂર કરવો અને તે અંગે રૂ. ૬,૦૦૦નો ખર્ચ મંજૂર રાખવામાં આવે છે.

૧૧. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગ માટે મે. જે. કુન્દન ઍન્ડ કંપની, મુંબઈ પાસેથી કેમિકલ્સ ખરીદવા અંગે વિચારણા કરવા અંગે.

(**નોંધ.**-આ અંગે એકજ ભાવપત્રક આવેલ છે. કુલ ખર્ચ રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર) થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગ માટે મે. જે. કુન્દન ઍન્ડ કંપની, મુંબઈ પાસેથી કેમિકલ્સ રૂ. ૧૫,૦૦૦ (અંકે રૂપિયા પંદર હજાર)ના ખર્ચે ખરીદવાનું રાખવું.

૧૨. યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે ગરમ વાદળી રંગના કાપડમાંથી અસ્તર સાથે ગરમ કોટ અને ગરમ પેન્ટ શીવડાવવા માટે મંગાવવામાં આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત. આ અંગે અંદાજી ખર્ચ રૂ. ૩૯,૨૫૦ (અંકે રૂપિયા ઓગણચાલીસ હજાર બસો પચાસ પૂરા)નો થશે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટીના ચોથા વર્ગના કર્મચારીઓ માટે ગરમ કોટ અને ગરમ પેન્ટ અસ્તર સાથે વાળી રંગના કાપડમાંથી શીવડાવવા માટે મંગાવેલ ટેન્ડરોમાંથી સૌથી ઓછો ભાવ ભરનાર વેપારી શ્રી સવૈયાનાથ બાલ એમ. યુ. પાસે શીવડાવવાનું રાખવું અને તે માટે રૂ. ૩૯,૨૫૦ (અંકે રૂપિયા ઓગણચાલીસ હજાર બસો પચાસ પૂરા)નો ખર્ચ મંજૂર કરવો.

૧૩. સલામતી વિભાગના કર્મચારીઓ માટે ગણવેશનું ખાખી રંગનું રેમન્ડનું કાપડ ખરીદવા અંગે મંગાવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(આ અંગે રૂપિયા બાવીસ હજાર છસોનો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે સલામતી વિભાગના કર્મચારીઓ માટે ગણવેશનું ખાખી રંગનું રેમન્ડનું કાપડ ખરીદવા માટે આવેલ ટેન્ડરોમાંથી શ્રી ડાહ્યાભાઈ વનમાળીદાસ લાવસી પાસેથી ખરીદવાનું રાખવું. અને તે અંગે રૂ. ૨૨,૬૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૧૪. યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોમાં રહેલ ડુપ્લિકેટિંગ મશીનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

(**નોંધ.**-અગાઉના વર્ષોમાં મે. ગેસ્ટેટનર કંપની સાથે સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવામાં આવતો હતો. અને આ વર્ષે

પણ તેમની સાથે જ સર્વિસ કૉન્ટ્રાક્ટ કરવાનો છે. (પરંતુ ગેસ્ટેટનરકંપનીએ આ માટે રૂપિયા ૯,૮૫૫)નો ખર્ચ બતાવેલ છે. જે ગયા વર્ષની જેટલી જ રકમ છે. પરંતુ આ વર્ષે અડધા મશીનો બંધ હોવાથી રૂપિયા ૪,૫૦૦નો ખર્ચ મંજૂર કરવા અંગે).

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય તથા વિભાગોમાં રહેલ ડુપ્લિકેટિંગ મશીનોનો વાર્ષિક કૉન્ટ્રાક્ટ તા. ૧-૧૦-૧૯૯૭થી તા. ૩૦-૯-૧૯૯૮ સુધી ગેસ્ટેટનર કંપની સાથે કરવો અને તે અંગે રૂ. ૪,૫૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૧૫. વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગના વોલ્ટાસ બનાવટના વોટર કૂલર વોલ્ટાસ લિમિટેડ કંપની પાસે રિપેર કરાવવા બાબત અંગે વિચારણા કરવા અંગે.

(**નોંધ.**—આ અંગે રૂ. ૮,૫૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના કેમિસ્ટ્રી વિભાગના વોલ્ટાસ બનાવટના વોટરકૂલર વોલ્ટાસ લિમિટેડ કંપની પાસેથી રિપેર કરાવવા અને તે અંગે રૂ. ૮,૫૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૧૬. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને બેકમેન મોડલ ૫૫૦૦ ગામાકુટાનો તા. ૧-૯-૧૯૯૭થી તા. ૩૧-૮-૧૯૯૮ સુધીનો વાર્ષિક કૉન્ટ્રાક્ટ વિપ્રો બાયોમેર સાથે કરવાની બાબત ઉપર વિચારણા કરવા અંગે. (આ અંગે રૂ. ૧૧,૦૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને બેકમેન મોડલ ૫૫૦૦ ગામાકુટાનો તા. ૧-૯-૧૯૯૭થી તા. ૩૧-૮-૧૯૯૮ સુધીનો વાર્ષિક મેન્ટેનન્સ સર્વિસ કૉન્ટ્રાક્ટ વિપ્રો બાયોમેર સાથે કરવો. અને તે અંગે રૂ. ૧૧,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૧૭. રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરની નવી આલ્ફા સિસ્ટમ અને માઈક્રોવેક્ષ મશીનોના મેન્ટેનન્સ માટે મંગાવેલ ટેન્ડરો ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે સૌથી ઓછો ત્રિમાસિક ચાર્જ રૂ. ૧,૫૦,૦૦ (અંકે રૂપિયા એક લાખ પચાસ હજાર પૂરા) મે. ડિઝિટલ ઇક્વિપમેન્ટ ઈન્ડિયાનો છે પરંતુ તેમાં પ્રિન્ટ્રોનિક્સ પ્રિન્ટરનું મેન્ટેનન્સ કરશે નહી તેમજ માઈક્રોવેક્ષ ચાલુ કરવા અલગ ચાર્જ લેશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે રોલવાલા કૉમ્પ્યુટર સેન્ટરની નવી આલ્ફા સિસ્ટમના મેન્ટેનન્સ અંગે ટેન્ડરો ભરનાર ત્રણેય પાર્ટીઓને નીચેના સભ્યોની સમિતિ સમક્ષ રૂબરૂ બોલાવી બધાજ સાધનો મેન્ટેનન્સ તેમજ ભાવો અંગે સ્પષ્ટતા મેળવી ભલામણ સમિતિને આપવાનું રાખવું.

૧. ડૉ. વાય. કે. અગ્રવાલ

૨. શ્રી આર. પી. સોની

૩. કુલસચિવશ્રી.

સમિતિની ભલામણ આવે નિર્ણય લેવાની કુલપતિશ્રીને સત્તા આપવી.

૧૮. વિજ્ઞાન વિદ્યાભવનના કૉમ્પ્યુટરની ખરીદી અંગે ફાઈનાન્સ સમિતિની તા. ૪-૯-૧૯૯૫ની સભામાં બાબત ક્રમાંક ૪થી રૂપિયા ૮,૦૦,૦૦૦નું ખર્ચ કરવાની મંજૂરી મળેલ છે જે એક્ઝિક્યુટિવ કાઉન્સિલે તેની તા. ૭-૨-૧૯૯૬ની સભામાં બાબત ક્રમાંક ૨૪થી મંજૂરી આપેલ છે. પરંતુ સદરહુ કૉમ્પ્યુટરો ખરીદવામાં થોડો સમય પસાર થયો હોવાથી તેમજ હાલમાં તેની કિંમતમાં ઘટાડો થયો હોવાથી તે બાબત પુન:વિચારણીય થતાં અને આ અંગે માન્ય કુલપતિશ્રીએ કમિટીની રચના કરી સદરહુ કમિટી તા. ૨૮-૮-૧૯૯૭ના રોજ મળેલ અને તેની ભલામણો અનુસાર ભાવમાં ઘટાડો થયેલ હોવાથી તેમજ પુન:વિચારણા કરવાની હોવાથી આ બાબત અંગે વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનમાં કૉમ્પ્યુટર ખરીદવાની બાબત ઉપર પુન:શોર્ટ નોટિસથી ભાવો ઇત્યાદિ મેળવીને પુન: કાર્યવાહી કરવાનું રાખવું.

૧૯. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગની વર્લ્ડ બેન્ક લેખનો ઉપયોગ યુનિવર્સિટીના એમ.સી.એ., ડી.સી.એ.ના વિદ્યાર્થીઓનો ઉપયોગ કરવા માટે મંજૂરી આપવા માટે અને તે અંગે થનાર ખર્ચ એક વર્ષનો રૂ. ૧,૧૫,૦૦૦ (અંકે રૂપિયા એક લાખ પંદર હજાર પૂરા)નો થશે જે મંજૂર કરવા આદેશ અર્થે.

અને

૨૦. એમ.સી.એ., ડી.સી.એ.ના અભ્યાસક્રમના વિદ્યાર્થીઓ માટે લેબોરેટરી કામના ૧ કલાકના રૂપિયા ૬૦ના દરે અધ્યાપન કાર્ય માટે ટીચિંગ વર્ક ચૂકવવા અંગે મંજૂરી અર્થે.

(**નોંધ.**—હાલનો દર રૂ. ૩૭-૫૦ પૈ. છે. આ ઉપરથી દરેક વ્યક્તિને રૂ. ૪૦ મુસાફરી ભથ્થું આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગની વર્લ્ડ બેન્ક લેખનો ઉપયોગ યુનિવર્સિટીના એમ.સી.એ., ડી.સી.એ.ના ઉપયોગ માટે વિદ્યાર્થીઓને જવાની મંજૂરી આપવી.

વધુમાં એમ.સી.એ., ડી.સી.એ.ના વિદ્યાર્થીઓ માટે ખર્ચ લેબોરેટરી કામના ૧ કલાકના રૂ. ૬૦ તથા રૂ. ૪૦

મુસાફરી ભથ્થું આપવાનું ઠરાવવામાં આવે છે.

૨૧. કૉમ્પ્યુટર વિભાગને ઈન્ટરનેટ ફેસિલિટી આપવા અંગે, વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે વાર્ષિક રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ ખશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કૉમ્પ્યુટર વિભાગને ઇન્ટરનેટ ફેસિલિટી આપવા અંગે મંજૂર કરવામાં આવે, અને રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૨૨. કૉમ્પ્યુટર વિભાગના કૉમ્પ્યુટરને અપગ્રેડ આધુનિક બનાવવા તથા ચાલુ કરાવવા માટે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—આ અંગે રૂ. ૨,૮૦,૦૦૦ (રૂપિયા બે લાખ એંસી હજાર)નો ખર્ચ થશે.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કૉમ્પ્યુટર વિભાગના કૉમ્પ્યુટરને અપગ્રેડ આધુનિક બનાવવા તથા ચાલુ કરવા માટે નિયમિત ધોરણે ટેન્ડરો મંગાવીને કાર્યવાહી કરવાનું રાખવું.

૨૩. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને ૧૯૯૭-૯૮ના વર્ષ માટે પુસ્તકો ખરીદવા રૂ. ૫૦,૦૦૦ સુધીનો ખર્ચ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને ૧૯૯૭-૯૮ના વર્ષ માટે યુનવર્સિટી લાઇબ્રેરી દ્વારા પુસ્તકો ખરીદવા માટે રૂ. ૫૦,૦૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૨૪. વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને મોદી ઝેરોક્ષ મશીનના ૧૯૯૭-૯૮ના વર્ષનો મેન્ટેનન્સ કરવા માટે વિચારણા કરવા અંગે.

(આ અંગે રૂ. ૬,૦૦૦નો ખર્ચ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવનના ઝૂલોજી વિભાગને મોદી ઝેરોક્ષ મશાનનો વાર્ષિક સર્વિસ કૉન્ટ્રાક્ટ તા. ૧-૧૦-૧૯૯૭થી તા. ૩૦-૯-૧૯૯૮ સુધી કરવાનું રાખવું. તથા તે અંગે થનાર રૂ. ૬,૦૦૦નો ખર્ચ મંજૂર કરવાનું રાખવું.

૨૫. ગુજરાત યુનિવર્સિટીનો ડિસેંબર, ૧૯૯૭માં યોજાનાર પદવીદાન સમારંભમાં એનાયત કરવા માટેના ચંદ્રકો તૈયાર કરવા અંગે આવેલ ટેન્ડરોનો નિકાલ કરવા બાબત.

(**નોંધ.**--ગયા વર્ષે વિઠ્ઠલદાસ સિંઘલ, ગ્વાલિયરને રૂ. ૩૦૩ના ભાવે ઓર્ડર આપવામાં આવેલ હતા.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ગુજરાત યુનિવર્સિટીનો વાર્ષિક પદવીદાન સમારંભ ડિસેંબર, ૧૯૯૭માં યોજાનાર છે તેમાં આપવાના ચંદ્રકો તૈયાર કરવા માટે શ્રી વિઠ્ઠલદાલ સિંઘલ, ગ્વાલિયરને રૂ. ૩૦૯ના ભાવે આપવાનું રાખવું.

૨૬. કુલપતિશ્રીએ મંજૂર કરેલ કાર્ય (જાણ સારુ) :

૧. યુનિવર્સિટીની પાણીની ટાંકીના [illegible]ના તાકીદના કામ માટે રૂ. ૨૦,૯૫૦ પૂરાનો ખર્ચ મંજૂર કર્યાના.

૨. યુનિવર્સિટીની પાણીની ટાંકીના પંપ સેટને રિપેરિંગ કરાવવા માટે રૂ. ૮,૪૫૦ પૂરાનો ખર્ચ મંજૂર કર્યાના.

૩. યુનિવર્સિટીની જીજે-૧-આર-૬૪૨૧ નંબર ધરાવતી એમ્બેસેડર ગાડીને રિપેરિંગ કરાવવા માટે રૂપિયા ૧૧,૫૦૦ પૂરાનો ખર્ચ મંજૂર કર્યાના.

૪. આરોગ્ય કેન્દ્ર માટે કૉમ્પ્યુટરના કેબલ નાંખવા માટે રૂ. ૩,૦૮૦ પૂરાનો ખર્ચ મંજૂર કર્યાના.

૫. એસ્ટેટ વિભાગને અકસ્માત થવાથી થયેલ ઈલેક્ટ્રિકના રિપેરિંગ કામ તાત્કાલિક અમદાવાદ ઈલેક્ટ્રિક કંપની પાસેથી કરાવવા માટે રૂ. ૨૦,૦૦૦નાં ખર્ચ મંજૂર કર્યાના.

૬. યુનિવર્સિટી કાર્યાલયની જીસીબી ૩૦૧૪ નંબર ધરાવતી એમ્બેસેડર કારને રિપેરિંગ કરાવવા માટે રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ મંજૂર કર્યાના.

૭. હેન્ડ બુક પાર્ટ-૨નું ગુજરાતી તરજૂમો કરાવવા માટે રૂ. ૧૦,૦૦૦નો ખર્ચ મંજૂર કર્યાના.

૮. એસ્ટેટ વિભાગને ગ્રંથાલય તથા વિજ્ઞાન ભવન તરફનો વીજળી પુરવઠો બંધ થતાં તે કામ અમદાવાદ ઈલેક્ટ્રિસિટી પાસે કરાવવા રૂ. ૭,૫૦૦નો ખર્ચ મંજૂર કર્યાના.

૯. યુનિવર્સિટીના એમ.સી.એ., ડી.સી.એ. અભ્યાસક્રમ ચલાવતાં વિભાગ માટે કૉમ્પ્યુટર ખરીદવા અંગે ફાઈનાન્સ સમિતિની તા. ૧૩-૮-૧૯૯૬ની સભામાં રચાયેલી સમિતિના હેવાલ અનુસાર મૌલિક કૉમ્પ્યુટર પાસેથી ખરીદવાનું નક્કી કરવામાં આવ્યું હતું. પરંતુ તેને થોડો સમય થતાં માલની ડિલિવરી આપવાની ના પાડતાં સેકન્ડ પાર્ટી પી.સી.એલ.ને પૂછતાં તેઓએ પણ ઓક્ટ્રોય સાથે માલ પૂરો પાડવાની ના પાડેલ. આ સંજોગોમાં થર્ડ પાર્ટીને જી.એસ.આઈ.સી.એ. રૂ. ૨૭,૫૪૦ (અંકે રૂપિયા સત્તાવીસ હજાર પાંચસો ચાલીસ પૂરા) ઓક્ટ્રોય સાથે માલ આપવાની ખાતરી આપતાં તેમની પાસેથી માલ ખરીદવાનું મંજૂર કર્યાના.

૨૭. ઝૂલોજી વિભાગના યુ.જી.સી. મેજર રિસર્ચ પ્રોજેક્ટ (હાઈલેન્ડ લેક્ચરર) માટે અદ્યતન સામગ્રી ખરીદવા માટે મે. એસ. વી. એનાલિટિક પ્રા. લિ., ન્યૂ દિલ્હી પાસેથી ખરીદવાનું ફાઈનાન્સ સમિતિની તા. ૧૯-૩-૧૯૯૬ની સભામાં બાબત ક્રમાંક ૧૦થી મંજૂર કરેલું છે. આ સાધનસામગ્રી માટે મે. એસ. વી. એનાલિટિકલ પ્રા. લિ.ના

નામની એલ.સી. ખોલાવવાને બદલે મે. સિગ્મા લેબોર મેન્યુફ્યુગન, જી.એમ.બી.એચ.ના નામની એલ.સી. ખોલાવવાની બાબતમાં પ્રોજેક્ટ ઇન્વેસ્ટીગેટરના આવેલ પત્ર તા. ૩૦-૯-૧૯૯૭ પરત્વે મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.– ૧. સદરહુ સાધનની અંદાજી કિંમત રૂ. ૫૦,૦૦૦ થાય છે.

૨. અગાઉ મે. સ્પીન કૉ-બાયોટેક, મદ્રાસ અને મે. માઈક્રો બાયોટેક, મુંબઈએ વિનિમય દર વધવાને કારણે માલ પૂરો પાડવાની અશક્તિ દર્શાવેલ છે. તેના તા. ૧૯-૩-૧૯૯૬માં નોંધ લીધી છે તે જાણ સારૂ.)

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે ઝૂલોજી વિભાગના યુ.જી.સી. મેજર રિસર્ચ પ્રોજેક્ટ (ડૉ. હાઈલેન્જ લેક્ચરર) માટે અદ્યતન સાધનસામગ્રી ખરીદવા માટે સીગ્મા લેબોર મેન્યુફ્યુગન, જી.એમ.બી.એચ.ના નામની એલ.સી. ખોલાવવાની મંજૂરી આપવામાં આવે છે.

૨૮. એફ.વાય.બી.કૉમ.ના એકાઉન્ટન્સીની વર્કબુકો છાપવા અંગે તથા તે માટે રૂ. ૧ ,૩૭,૫૦૦નો ખર્ચ મંજૂર કરવા વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે એફ.વાય.બી.કૉમ. એકાઉન્ટન્સીની વર્કબુકો છાપવાનું મંજૂર કરવું. અને તે અંગે રૂ. ૧,૩૭,૫૦૦નો ખર્ચ મંજૂર કરવો.

૨૯. યુનિવર્સિટી ગ્રંથાલયના કૉમ્પ્યુટર રૂમ માટે એક નંગ વિન્ડો એરકન્ડિશનર મશીન ખરીદવા અંગેની બાબત ઉપર વિચારણા કરવા અંગે.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી ગ્રંથાલય માટે એક નંગ વિન્ડો એરકન્ડિશનર ૧.૫ ટનની કેપેસિટીવાળું મે. સેફાયર ટ્રેડર્સ લિમિટેડ પાસેથી ફ્રીઝર બનાવટનું રૂ. ૨૫,૫૯૮નું કિંમત સુધીમાં ખરીદવું.

૩૦. પેટ્રોલ-ડીઝલના ભાવ વધારાના કારણે યુનિવર્સિટીને ગાડીઓ પૂરી પાડતા શ્રી પી. એમ. પુરોહિતની તા. ૪-૯-૧૯૯૭ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે કૉન્ટ્રાક્ટરને પેટ્રોલ- ડીઝલના ભાવ વધારાના કારણે ઓબ્ઝર્વર્સ કમિટી તા. ૩૦-૯-૧૯૯૭ની ભલામણ અનુસાર (૧) ડીઝલની ગાડી માટે ૧ કિલો મીટરના દરમાં રૂ. ૦-૨૧ પૈસા (એકવીસ પૈસા)નો ભાવ વધારો આપવો. (૨) પેટ્રોલની ગાડી માટે ૧ કિલોમીટરના દરમાં ૦-૧૪ પૈસા (ચૌદ પૈસા)નો ભાવ વધારો આપવો.

આ ભાવ વધારો જે દિવસથી ભાવ વધારો થયો ત્યારથી આપવાની ભલામણ કરવામાં આવે છે.

૩૧. યુનિવર્સિટી કાર્યાલય તથા બીજા ભવનના વાહનો જેના રિપેરિંગ અંગે ખર્ચ આવે તેમ હોવાથી અને તે વાપરવા સસ્તી પડે તેમ નહી હોવાથી તે વાહનોના નિકાલ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી એક્ઝિક્યુટિવ કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે કે યુનિવર્સિટી કાર્યાલય, શ્રમિક વિદ્યા કેન્દ્ર અને ઈ.એમ.આર.સી.ના બંધ વાહનો અંગેની ખરીદ કિંમત, કુલ ચાલેલ કિલોમીટર અને થયેલ રિપેરિંગ ખર્ચ અંગેની માહિતીનો અભ્યાસ કરતાં યુનિવર્સિટી કાર્યાલયની એમ્બેસેડર ગાડી જીજેવી ૯૪૫૨ યુનિવર્સિટી શ્રમિક વિદ્યા કેન્દ્રની એમ્બેસેડર ગાડી જીજેજે ૭૭૯૦ અને ઈ.એમ.આર.સી.ની મેટાડોર જીયુડી ૫૩૭૮નો નિકાલ રાજ્ય સરકારના જી.આર. મુજબ કરવાનું રાખવું.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

એમ. પી. જડિયા
કુલસચિવ.

પરિશિષ્ટ "૩૯"

કામકાજ ક્રમાંક ૨૫

માનનીય કુલપતિશ્રી

આચાર્યોને હાલમાં મૅનેજમેન્ટ તરફથી ૧૦૦ ચોરસવારનું મકાન અથવા ઘરભાડા ભથ્થું આપવાની જે જોગવાઈ છે તેના બદલે અન્ય કર્મચારીઓની જેમ ઘરભાડા ભથ્થું પગાર સાથે સરકારશ્રી તરફથી મળે તેવી જોગવાઈ કરવા વિનંતી છે. આમાં જે આચાર્યોને મકાનની સગવડ મૅનેજમેન્ટ તરફથી મળેલ હોય તેમને મકાન રાખવાની કે ઘરભાડા ભથ્થું લેવાનું Option આપવું જોઈએ. એટલે કે જોડાણની શરતમાં ભાડામુક્ત મકાન આપવાની જોગવાઈ રદ કરવી.

દર્શનસિંગ શીખ
પ્રમુખ, ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન
કૉલેજ આચાર્ય મંડળ

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯